ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની [illegible] ગ્રંથમાળા નં. [illegible]

ગુજરાતી ભાષાનો કોશ.

વ્યંજન [ભાગ—મ થી].

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ તૈયાર કરાવેલો.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી માટે [illegible]

[illegible]

[illegible] હરિ [illegible] પારેખ. [illegible]

[illegible] અમદાવાદ.

આવૃત્તિ [illegible] પ્રત ૧૧[illegible]

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

કિંમત એક રૂપિયો.

મ, પું૦ [सं.] ગુજરાતી ભાષાનો છત્રીસમો મૂળાક્ષર અને વ્યંજનોમાંનો પચ્ચીસમો અનુનાસિક ઓષ્ઠસ્થાની વ્યંજનવર્ણ. (૨) અ૦ મા, નહિ; ના. ઉ૦ માણેરા મત રોય, મ કર આંખો રાતીઓ, કુલમાં લાગે ખોડ, મરતાં મા ન સંભારીએ.

મઇ, સ્ત્રી૦ મે; મા; માતા. (૨) બાઇ.

મઇયા, સ્ત્રી૦ મૈયા; મા; માતાઃ—અંબામઇયા. (૨) બાઈ.

મઉ, સ્ત્રી૦ મો; ભૂખે મરતા કંગાલ લોકની ટોળી તે. (૨) દરિદ્રીઓ; કંગાલો ને ભૂખડું લોકોઃ—મારવાડની મઉ. (૩) વિ૦ પોચું; નરમ સ્વભાવનું; વળી જાય એવું નરમ.

મઉથવું, ક્રિ૦ અ૦ નરમ થવું; નમી જવું; કંગાલ થઇ જવું. (૨) દોરાવું; ધપવું.

મકનું, વિ૦ મનસ્વી; મનમાં આવે તેમ મહાલનારૂં; મસ્ત; ગાંડું; ઉન્મત્તઃ—મકનો હાથી.

મકર, પું૦ [अ. मक्र] ઢોંગાઇ; છળકપટ; ફેલ; દંભ. (૨) ખંધાઇ; ઠગાઇ. મકરબાજ=ઢોંગો; દંભી; ફેલકરીને ધૂતીખાનારો.

મકર, પું૦ [सं.] મગ્ગર; તિમિંગલ; મોટો મચ્છ. (૨) દસમી રાશિ. મકરાકર=દરિયો.

મકરકેતન, પું૦ [सं.] કામદેવ.

મકરધ્વજ, પુ૦ [सं.] કામદેવ.

મકરવા, પુ૦ શેલડીના કકડા; શરમા; ગડેરી.

મકરસંક્રમણ, ન૦ [सं.] સૂર્યનું મકરરાશિમાં જવું તે; મકરના સૂર્ય થવા તે.

મકરસંક્રાન્તિ, સ્ત્રી૦ [सं.] મકરસંક્રમણ; સૂર્યનો મકરપ્રવેશ તે; ઉત્તરાયન.

મકરંદ, પું૦ [सं.] ફૂલમાંની રજોટી તે. (૨) પુષ્પમધુ. (૩) આંબાની એક જાત.

મકરાકર, પું૦ [सं.] મગ્ગરનું ઘર—તે દરિયો—સમુદ્ર; સાગર.

મકરાકૃત, વિ૦ [सं.] મકરના જેવા વાંકાઘાટનું; વળેલું; મકરના જેવા આકારનું. ઉ૦ મકરાકૃત કુંડળ કાને શોભે.

મકરી, સ્ત્રી૦ મગરી; એક મોટી માછલી.

મકલાવું, ક્રિ૦ અ૦ રાજી થવું; હરખાવું; મંદ હાસ્ય કરવું; ખુશી થવું.

મકસદ, સ્ત્રી૦ [अ. मकसद] ઇરાદો; હેતુ; ધારણા; ઉદ્દેશ; આશય; મતલબ.

મકસુદ, અ૦ મુદ્દામ; ખસુસ; ખાસ; જાણી બુઝીને; હેતુસર.

મકાઇ, પું૦ એક જાતનું મોટા દાણાનું અનાજ. (૨) મકાઇડોડા.

મકાત, સ્ત્રી૦ [अ.] આવક ઉપર લેવાતી જકાત તે; દાણ; હાંસલ. (૨) દાણ લેવાનો એકહથ્થુ હક તે.

મકાતી, વિ૦ મકાત લેનાર; દાણી; હાંસલ વસુલ કરવાનો જેણે એકલે હાથે બધો ઇજારો રાખેલો હોય તે. (૨) જકાતી અમલદાર.

મકાન, ન૦ [अ.] રહેવાનું ઠેકાણું; ઘર. (૨) મુસાફર વગેરેને વિશ્રામ લેવા કે રહેવા માટે બાંધેલું રહેઠાણ; ઉતારો. (૩) ઇમારત; મંદિર.

મકાર, પું૦ [सं] મ એવો અક્ષર અને ઉચ્ચાર તે. (૨) જેની શરૂઆતમાં મ આવતો હોય એવો શબ્દ.

મકે, જુઓ મકાઈ.

મકોડી, સ્ત્રી૦ મંકોડી; કાળા રંગની મોટી કીડી; કીડીની જાતનું જીવડુંઃ—કીડીમંકોડી.

મકોડો, પું૦ મંકોડો; કાળા રંગનો કીડીની જાતનો જીવડો. એને ગળપણ બહુ ભાવે છે. ગોળનાં માટલાં આગળ તે વારંવાર જણાય છે. ખેતરોમાં અને ગુંદરવાળાં ઝાડો ઉપર પણ મકોડા થાય છે. એ બચકું ભરે છે તે છોડતો નથી, ખેંચતાં પોતે વચમાંથી તૂટી જાય તોપણ મૂકતો નથી.

મક્કમ, વિ૦ [अ.] દૃઢ; નહિ ઢીલું—નરમ; મજબુત; જબરૂં. (૨) ધૈર્યવાન; ધીટ; પાકું; ન હઠે—છુટે કે નરમ પડે એવું જે તે.

મક્કમપણું, ન૦ નહિ ડગમગવાપણું; ધીટતા; મજબુતાઇ.

મક્કર, જુ૦ મકર.

મક્તબ, સ્ત્રી૦ [अ.] નિશાળ; પાઠશાળા.

મક્તું, વિ૦ મગતું; મોકળું; પહોળું; વિશાળ.

મક્તો, પું૦ [अ.] ઇજારો; એક હત્થુ કરેલો હક તે. (૨) કરાર.

મક્ષિકા, સ્ત્રી૦ [सं.] માખ; માખી.

મખ, પું૦ [सं.] યાગ; યજ્ઞ.

મખમલ, સ્ત્રી૦ [अ. मखमल] એક જાતનું રેશમી વસ્ત્ર.

મખાતર, ન૦ નિમિત્ત; મિષ; બહાનું.

મખ્ખીચૂસ, વિ૦ અતિ કંજુસ; સૂમ; કૃપણ; બખીલ.

મગ, પું૦ [सं. मुग्द] એક જાતનું કઠોળ. (૨) માર્ગ. (૩) તરફ; ભણી:-આખી મગ ચાલ. રૂ૦ પ્ર૦ મગ ને અડદ ભેગા ભરડવા=ખીચડો કરી નાંખવો; જેમ ગમે તેમ બોલવું-કરવું તે. મોંમાં મગ ભરવા=મૌન રહેવું; બોલવુંજ નહિ તે. મગનું નામ મરી=સારૂં કે ખોટું કંઇપણ કહેવું જ નહિ તે; ખોટું થતું હોય તોપણ કંઇ બોલ્યા ચાલ્યા વગર જોયાજ કરવું. કહે૦ એ પાણીએ મગ નહિ ચઢે=એનાથી કંઈ વળશે નહિ. એથી કદી પણ ધારેલું કામ સિદ્ધ થશે નહિ એમ. મગ કસાર બાફણાં=લાકડાં, છાણાં વગેરે બળતણ. મગ બાફણાં=મનમાં ને મનમાં મુંઝાવું તે; હૃદય શેકવાં તે. (૨) રૂસણાં; અણમનાં રહેવું તે. મનમાં ક્લેશ-સંતાપ થવો તે; હૃદય પરિતાપ.

મગજ, ન૦ માથાની ખોપરીમાંનો સમજણ અને જુસ્સાને લગતા તંતુઓનો સમૂહ; ઇંદ્રિયોની મારફત મળતા જુદાજુદા જ્ઞાનને ધારણ કરનારો-પોચો ને લોચા જેવો માથામાંનો ઘણાક તંતુવાળો અવયવોનો પિંડ તે; ભેજું; માથું. (૨) ફળ-બી વગેરેની મીજ તે. (૩) ચણાના લોટનો ખાવાનો એક પદાર્થ; ચણાની સુખડી. રૂ૦ પ્ર૦ મગજ મારી=માથાકૂટ; વિચાર કરવાની-વિવાદ ચલાવવાની મહેનત તે; માથાઝીક. ક્રિ૦ પ્ર૦ મગજ ખસવું=ગાંડું થવું. મગજ ફરવું=ગુસ્સાથી, તાપથી અને બીજાં ઉગ્ર કારણોથી માથું ભમી જવું તે. મગજ ફોડવું=કંટાળો આપવો; માનસિક મહેનત લેવી-આપવી તે. કહે૦ મગજનો ફાટેલો=ઉદ્ધત; ઉચ્છૃંખલ; બેતમા. મગજમાં રાઈ હોવી-પોતાનાં ધન અને બળનો ગર્વ હોવો તે. મગજનું ચસકેલું=ગાંડું; ઘેલું; ચળેલું.

મગજી, સ્ત્રી૦ અમુક એકજ રંગના કપડાનો સાંધો લેતાં વચમાં બીજા રંગના કપડાની ચિંદરડીની ઝીણી પાતળી કિનાર લેવી તે. મુગજી:-મગજીની સિલાઈ હવે નીકળી ગઈ, પણ એમાંએ બહુ કારીગરી હતી. સ્ત્રીઓની ચોળીઓ અને પુરૂષોના બનાતના ડગલાઓના સાંધાપર મગજી મેલવામાં આવતી.

મગડો, પું૦ ગુલબાસનું બી.

મગણ, પું૦ [सं.] ત્રણ ગુરૂ અક્ષરનો સમૂહ-ગણ તે. ઉ૦ માતાજી તે મગણ, જકાત જગણ ગણ જાણો. પિંગળ.

મગતરૂં, ન૦ ઝીણું પાંખવાળું એક જીવડું; એક જાતનો પાણી ને ભેજવાળી જગામાં થતો મચ્છર; ડાંસ. (૨)માખનું નાનું બચ્ચું. આ જીવ નાના ને નાજુક હોય છે પણ તેમની સંખ્યા એટલી બધી હોય છે કે, તેમના ઉડવાનો અવાજ હવાને ધ્વનિત કરી મૂકે છે. મગતરૂં એક ક્ષુદ્ર જંતુ હોવાથી બળહીન ને નિર્બળને માટે પોતાની મોટાઈ ને બળ બતાવવામાં વપરાય છેઃ-જા જા, નહિતર મગતરાની માફક મસળી નાંખીશ.

મગતું, વિ૦ મોકળું; લાંબુપહોળું એવું તે;

વિશાળ; પહોળું; ઘણા લોકોનો–જણનો સમાસ થાય એવું:–અહિં રમો ખૂબ મગતું છે.

મગદળ, ન૦ મગની દાળ શેકી તથા દળીને બનાવેલી કુલેર તે. ઉત્તરાયન ઉપર બ્રાહ્મણને મગદળ ખવરાવવામાં આવે છે. મગનો લાડુ–દળ તે.

મગદળિયું, વિ૦ જેને મગદળ ભાવતું હોય તે. (૨) જેમા મગદળ રાખવામાં આવતું હોય તે. (૩) મગદળવાળું.

મગદળિયો, પુ૦ કસરત કરનારાઓને હાથના માંસપિંડો મજબુત કરવા માટે ફેરવવાનો ઘંટાકાર ભારે–દળવા લાકડાનો ઘાટ તે અખાડે મલ મણમણ સવા મણના મગદળિયા કરે છે.

મગદુર, સ્ત્રી૦ [अ.] શક્તિ; તાકાત. (૨) ગજુ, ધારણા શક્તિ; ક્ષમતા; સહન કરવાપણું તે:–એની મગદુર નથી કે તમારી સામુ જોઇ શકે, કિંવા ધાર્યું કામ કરી શકે.

મગધ, પુ૦ [सं] ગંગાતીરે ઉપરનો પટણાની આસપાસનો મુલક તે. આગલા વખતમાં મગધ સર્વોપરિ દેશ ગણાતો હતો. એમાં ઈ. સ. પૂર્વે નંદ, ચંદ્રગુપ્ત, અને અશોક જેવા ચક્રવર્તી રાજાઓ થયા હતા. મહાકવિ કાલિદાસના વખતમાં પણ મગધના રાજાઓ સર્વોપરિ ગણાતા હતા.

મગન. વિ૦ રાજી; ખુશી; રળિયાત. ક્રિ૦ પ્ર૦ મગન થવું રાજી થવુ, હરખાવું. (૨) માન, જગા; આસન.

મગફળી. સ્ત્રી૦ ભોંયસિંગ.

મગર, અ૦ [फा.] પણ; લેકીન. (૨) મચ્છ.

મગરમચ્છ, પું૦ નદી, તળાવ અને દરિયામાં થતું એક જાતનુ મોટુ મચ્છ તે, મગર.

મગરમસ્ત, વિ૦ ગળું ને ગરદન એક થઈ ગયેલાં હોય એવું સ્થૂલ–હૃષ્ટપુષ્ટ; જાડું. (૨) હુંપણાથી બહેકેલું; અહંકારી; ગર્વી, મદોન્મત્ત; ઉદ્ધત.

મગરિયું, ન૦ છાપરૂ ચાળનારને ઉપર ચઢવા માટે રાખવામા આવતું છાપરામાંનું જે બારૂ તે; છાપરામાંની નાની દાદરબારી.

મગરૂબ, વિ૦ [फा.] અભિમાની; ગર્વી; અહંકારી, હુંપણામા મસ્ત તે. મગરૂર.

મગરૂર, વિ૦ મગરૂબ; ગર્વી; અભિમાની.

મગરૂરી, સ્ત્રી૦ અભિમાન, ગર્વ. (૨) પતરાજ; મગરૂબી.

મગાવવું, ક્રિ૦ સ૦ અણાવવું; લવરાવવું; મંગાવવું. (૨) યાચના કરાવવી.

મગિયું. વિ૦ મગ જેવડુ; મગ જેટલુ નાનુ ને નાજુક:–મગિયા ઘુઘરીઓ.

મગિયું. ન૦ સ્ત્રીઓને પહેરવાનુ સુતરેલ પોત ને રેશમી કોરનુ લુગડુ. ચંદરકળા, દેશી સાડી.

મગોટું, ન૦ મગનું ગોતર, મગના છોડપાનની પાંદડી તે.

મઘર. પું૦ [सं. मकर] મગરમચ્છ; મુસવાળ.

મગ્ન. વિ૦ [सं.] ડુબેલુ; ગરક થયેલુ, રચ્યુપચ્યુ, તરબોળ, એકતાન. (૨) આનદી; પ્રસન્ન.

મઘમઘવું. ક્રિ૦ અ૦ સોડમ ઉડી રહેવી, વાસ વાસ ફેલાઈ રહેવી; ફોરવું; સુગંધ પ્રસરી રહેવી. ઉ૦ મઘમઘી રહી છે મેડી સારી. તારી વેણીની વાસે પ્યારી. બહેક બહેક થઇ રહેવુ તે.

મઘમઘાટ, પુ૦ સુગંધિદાર મસાલાની અથવા ફુલ વગેરેની વાસ ઉડી રહેવી તે, વાસંવાસ થઇ રહેવું તે, ખુશબોનું બહેક બહેક થઇ રહેવું તે.

મઘરી, સ્ત્રી૦ મગરની માદા, એક જાતની માછલી, મુસવાળ

મઘવા, પું૦ [सं.] ઇન્દ્ર; દેવરાજ.

મઘા; સ્ત્રી૦ [सं.] એક નક્ષત્ર. મઘાની ભો-

રણી=મઘા નક્ષત્રનું વાવેતર તે.

મચક, સ્ત્રી૦ નહિ પાછું હઠવું તે; ધ્યાન પર નહિ લેવું તે. તે મચક નહિ આપે એવો હઠીલો છે.

મચકો, પું૦ સ્ત્રીએ ચાલતાં મરડાવું તે; લહેકો; ચાળો; ઠમકો. અચકવું અને વળી લટકો કરી-પગ તથા અંગ મરડીને ચાલવું તે; છણકો કરીને હિંડવું તે. ઉ. અચકો મચકો કારેલી. મુખ, અંગ અને ગતિની એક સાયેજ કરવામાં આવેલી હલક તે:- ઓત્ તારો મચકો!

મચકોડ, પું૦ મરડાવું તે; અંબળાઇ જવું તે; પગ-હાથ વગેરેનું જરાક વાંક ખાઈ મરડાવું તે.

મચકોડવું, ક્રિ૦ સ૦ અભાવ-તિરસ્કાર દર્શક ચાળા સાથે મોં ફેરવી નાંખવું; અભાવ-તિરસ્કાર-કંઇ નહિ, એમ ચાળો કરીને દેખાડવું; મોઢું કટાણું કરવું:- ભલેને એ મોઢું મચકોડીને જાય, એનેજ ઘર માંડવું પડશે. (૨) આંમળવું; ઉલટી બાજુ તરફ વળે-અંબળાય એમ કરવું; લચકાવવું.

મચકોડાવું, ક્રિ૦ અ૦ વંકાવું. (૨) અંબળાવું.

મચડવું, ક્રિ૦ સ૦ દાબીને વાંકું કરવું; આંબળવું; મરડવું:-હાથ મચડવો.

મચમચાવવું, ક્રિ૦ સ૦ ઉઘાડ વાસ કરવું; નીચું ઉચું કરવું; મટમટાવવું:- આંખ મચમચાવવી. (૨) હાથવતે ભીના કપડાને ધોવાને છબછબ કરવું; હાથવતે પત્થર ઉપર ભીના લુગડાને ધીરેધીરે પછાડવું:- લુગડું-પંચિયું મચમચાવવું.-ધોવું.

મચવું, ક્રિ૦ અ૦ માવું; સમાવું:-ભોંયમાં પાણી મચે છે. (૨) કામમાં ગુંથાવું; ખંતથી લાગવું; ઘૂમવું. (૩) લડાઇમાં-કાર્યમાં ચાલુ રહ્યા કરવું. (૪) જમાવ થવો; જુગતે જુગતું મળી રહેવું. (૫) ભીડંભીડા-પડાપડી થઇ રહેવી. (૬) ઉશ્કેરાયેલી હાલતમાં આવવું; મસ્તીમાં આવવું. જોરથી તાનભેર-ચાલી રહેવું-લાગુ રહેવું.

મચાવવું, ક્રિ૦ સ૦ જમાવવું; જોરભેર ચલાવવું:-તેણે ધૂમ મચાવી.=આનંદભેર કોઈ વસ્તુ-વગેરેને પ્રવર્તાવવાં:- ધમ્માચકડી ચલાવવી. તાન જમાવવું; ખૂબ આનંદ રંગ ઉડાડવો. (૨) ઉઠાવવું.

મચિયેર, સ્ત્રી૦ મોરસની જાતનો એક છોડવો.

મચ્છ, પુ૦ (ન૦) [**સં. मत्स्य**] માછલું. (૨) વરસાદના દિવસોમાં આકાશમાં જણાતી સાત રંગની કમાન તે; મેઘધનુષ; ઇન્દ્રચાપ. (૩) કમાનનો વચલો ટેકો. (૪) દશાવતારમાંનો એક અવતાર:-મચ્છાવતાર તે. ક્રિ૦ પ્ર૦ મચ્છ તણાવા-ખેંચાવા= ઝીણો વરસાદ પડયા પછી તડકો નીકળતાં સૂર્ય હોય તેની સામી બાજુએ પાણીના કણમાંથી પસાર થતા કિરણોને લીધે સાત રંગનો ધનુપાકાર થાય છે તે:-મચ્છ તણાય એટલે વરસાદ થાય, એમ જાણવું.

મચ્છર, પુ૦ [**સં. मत्सर**] ઇર્ષા; અદેખાઈ. (૨) લાડકા અભિમાનનો તોર તે; ઉન્માદ; ગર્વના આવેશ. (૩) ગર્વ; અભિમાન; દર્પ. ઉ૦ નાણુદી શું મચ્છર આવડો. મામેરૂં.

મચ્છર, પું૦ ડાંસ; પાણી ઉપર અને ભેજવાળી જગાઓમાં થતું એક ઉડતું જીવડું.

મચ્છરદાની, સ્ત્રી૦ મચ્છરને અટકાવે તેવો પલંગ પર નાંખવાનો જાળીદાર કપડાનો પડદો.

મચ્છી, સ્ત્રી૦ માછલી.

મચ્છીમાર, પુ૦ માછી; માછલાં મારનારો. (૨) માછલાં મારવાનો ધંધો કરનારી એક જાતિ.

મછણુ, ન૦ જમ્યા પછી મોઢું ધોવું તે; ચળુ.

મછરાળ, વિ૦ જેને મચ્છર ચઢેલો હોય તે; અહંકારથી ઉન્મત્ત થયેલું; તોરી; મસ્ત; ગર્વી; ઉદ્ધત; ઝનુની; છાકટું. ઉ૦ વાંકીને વરણાગણી રૂડી ને રસાળ; સલુણીને સલક્ષણી, માનની મદમછરાળ. સામળભટ્ટ.

મછરૂં, ન૦ મચ્છર; ડાસ; નાની માંખ જેવું ઉડતું જીવડું.

મછવો, પું૦ નાનું વહાણ; હોડી; પનાઇ.

મજ, સ૦ મુજ; મારૂં.

મજક, જુ૦ મચક.

મજકુર, પું૦ [अ. मजकुर] બીના; હેવાલ; હકીકત; વર્ણન. (૨) વિષય; મતલબ; બાબત; જીકર. (૩) ઉપર કહેલું–અથવા લખેલું તે.

મજનુ, વિ૦ [फा. मज़्नुन] પ્રેમઘેલું; કામોન્મત્ત; આસક્ત. (લેલીનો આશક.) :–લેલીમજનુ.

મજબુત વિ૦ [अ मजबूत] નહિ તૂટે–ફૂટે એવું; ટકે એવું; સુસ્તકીન; જબરૂં; કઠણ; સખત; ચીવટ. (૨) નહિ ડગે એવું દૃઢ; પાકું. (૩) દાખલા દલીલવાળુ; નહિ તૂટે એવું; અપ્રતિહત. (૪) એક નિશ્ચયનું; દૃઢ. (૫) અસરકારક. (૬) નહિ છુટે–સરે એવું:–મજબુત ગાંઠ. નહિ ઢીલું–પોચું એવું; મજબુત બાંધાનું.

મજબુતી, સ્ત્રી૦ મક્કમપણું; દૃઢતા; મજબુત હોવાપણું તે. મજબુત હાલત. (૨) તટવા–ફૂટવાપણું નહિ તે; કાઠિન્ય. (૩) બળ; જોર. (૪) ધીરજ; હામ; નહિ ડગુમગું થવાપણું તે. ક્રિ૦ પ્ર૦ મજબુતી આપવી=બળ–દૃઢતા આપવી; મક્કમતા આપવી; જોર આપવું; ટકાવ થાય એમ કરવું તે; સ્થિરતા.

મજમલે, અ૦ [अ मिन+जुमला] મજમલ્લે; જુમલે; એકંદરે; કુલ. મજમલે માસ એકના દોકડા દસ વ્યાજના ચઢેજાય.

મજમુ, વિ૦ [अ. मजमुअ] ભાગિયા ભાગવાળું; સહિયારૂં; મજિયારૂં.

મજમુદાર, પું૦ [फा.] પરગણાનો હિસાબ રાખનારો; પરગણાનો વસુલાતી વડો; મહાલકરી.

મજમુદારી, સ્ત્રી૦ મજમુદારનું કામ અને ઓધ્ધો તે. (૨) પંતિયાળું.

મજરે, અ૦ [अ. मजरा] પાછળથી ભેગું ગણી લેવું એમ; પેટે; સાટે; આગલા સાથે. ક્રિ૦ પ્ર૦ મજરે આપવું=પાછલા હિસાબની સાથે વાળી આપવું–હિસાબમાં ગણીલેવું; મજરે લેવું=વાળીલેવું.

મજરો, પું૦ મુજરો.

મજલ, સ્ત્રી૦ [अ. मनज़िल] પગપાળો. સ્વાર કે ગાડાવાળો એક ઠેકાણેથી મુસાફરી શરૂ કરી સાંજે જ્યાં જઇને ઉતારો લે તેટલું અંતર તે; મજલ; ટપ્પો; અંતરાળ. (૨) કુચ; પંથ; મુસાફરી; હિંડવું તે. (૩) મુસાફર મુસાફરીનું પોતાથી કપાય તેટલું છેટું કાપી જ્યાં વિશ્રામ લેવા થોભે તે સ્થાન; મુકામ; ઉતારો. (૪) એકકે ફેરે જેટલો માર્ગ કપાય તેટલો તે; લાંબી વાટની વચમા વચમાં થોભવાની સગવડ સાથે કરેલા અમુક અમુક અંતરના વિભાગ તે, એક એક મજલ કહેવાય છે:–સુરતથી મુંબાઇ ગાડા વાટે આઠ મજલ છે. (૫) એક દિવસની મુસાફરી તે મજલ. મજલ કાપવી=છેટું કમી કરવું; અમુક અંતરે જઇ પહોંચવું:–આવરદાની મોટી મજલ તો કાપી નાંખી.

મજલો, પું૦ માળ; મેડો.

મજહબ, પું૦ [अ] ધર્મ; મત; પંથ; ઇશ્વિર સંબંધી અમુક તરેહનું જે મંતવ્ય તે.

મજા, સ્ત્રી૦ જુ. મઝા.

મજાક, સ્ત્રી૦ [**अ. मज़ाह**] કોઇના ચાળા પાડી અથવા બોલીને હસાહસ કરવી તે; ચેષ્ટા; મશ્કરી; ઠઠ્ઠો; ટોળ. ક્રિ૦ પ્ર૦ મજાક કરવી=મશ્કરી કરવી; ચિઢાય તેમ કરવું.

મજાગરૂં, ન૦ મિજાગરૂં; બરડવું.

મજાલ, ન૦ શક્તિ; બળ; જોર.

મજિયારૂં, વિ૦ ઘણાઓની ભાગીદારીવાળું; સંયુક્ત; એકત્ર; નહિ જુદું; ભેગું; એક સાથે વસતું:–મજિયારૂં કુટુંબ=અવિભક્ત કુટુંબ. (૨) પંતિયાળું; સહિયારૂં:–મજિયારો વેપાર.

મજિયારો, પું૦ ઘણા ભાગિયા–ભાગીઓવાળો સંયુક્ત વહીવટ–વ્યાપાર તે:–હજી અમારો મજિયારો વહેંચાયો નથી.

મજીઠ, સ્ત્રી૦ [**सं. मंजिष्ठा**] એક જાતની વનસ્પતિનાં મૂળિયાં. એમાંથી લાલ રંગ નીકળે છે. મજીઠ દવા તરીકે પણ વપરાય છે.

મજીઠિયું, વિ૦ મજીઠના રંગનું; પાકા લાલ રંગનું; સહેજ ઘેરો લાલ રંગ તે મજીઠનો રંગ અને તેના જેવું ઘેરા લાલ રંગનું તે. મજીઠનો રંગ પાકો ને ઘેરો ચઢે છે:–એ ચુડીઓ મજીઠિયા ને એ પોથીના રંગમાં રંગવાની છે.

મજુર, પું૦ [**फा. मज़ूर**] અમુક દામ લઇને મહેનતનું કામ કરનારો; ઉંચકવું, ખોદવું ઘડવું વગેરે મહેનતનાં કામ કરનારો માણસ તે. વૈતરો; ભારવાહ; બિગારી; હેલકરી; વેઠિયો; એવદાર; રોજિયો.

મજુરણ, સ્ત્રી૦ દામ–હવાલજમ લઇ મહેનતનું કામકાજ કરનારી સ્ત્રી; મજુરી કરનારી સ્ત્રી.

મજુરી, સ્ત્રી૦ [**फा.**] ભાર ઉપાડવો, ખોદવું, ભરવું, ઘડવું વગેરે મહેનતનું જે કામ તે–મજુરી; હેલ; વૈતરૂં; વેઠ. (૨) મહેનત; શ્રમ. (૩) મહેનતનું કામ કરવાના બદલાનું નાણું; મહેનતાણું; હેલ. (૪) મજુરનું કામ તે. ક્રિ૦ પ્ર૦ મજુરી કરવી=મહેનતનું કામ કરવું; મહેનત લેવી; શ્રમલેવો.

મજુસ, સ્ત્રી૦ મોટી પેટી; પટારો.

મજુસા, સ્ત્રી૦ મજુસ; પેટી.

મજેનું, વિ૦ સુંદર; ખુશ થવાય એવું.

મજો, સ્ત્રી૦ મઝા.

મજ્જન, ન૦ [**सं.**] બુડવું તે; ડુબકુબાં થઈ રહેવું તે. (૨) નહાવું તે; સ્નાન; અંગોળ. (૩) ઉકડવું; ચકચકાટ કરવું તે; ઉજળું–સ્વચ્છ થવું તે.

મજ્જા, સ્ત્રી૦ [**सं.**] હાડકામાંનું સત્ત્વ–માંસનું સત્ત્વ. મેદ; હાડકામાંની ચરબી. (૨) મગજ; મિંજ; ગર. (૩) ઝાડનો જે મુખ્ય પોષક રસ તે.

મઝા, સ્ત્રી૦ [**फा. मज़ह**] ગમતી મોજ મળતાં મનમાં આનંદ આનંદ લાગવો તે; દિલ ખુશ થવું તે; ગમ્મત પડવી; આનંદથી તૃપ્ત થવાવું તે; મનની કુંપળીઓ રસ ઝીલવામાં આનંદ આનંદ મય થઇ રહેવી તે; રમુજ; ખુશ કારકપણું (૨) સ્વાદ; રસાસ્વાદ. (૩) લહેઝત. આનંદનો અનુભવ કરવો તે:–બાપના રાજ્યમાં મઝા કરો:–જેને લાગણી નથી તેને તો તુરંગમાં અને ઘરમાં બધે મઝા છે. આનંદમયતા. ખુશ ખુશાલી. તબિયત મઝામાં છે?. (૪) મશ્કરી; મજાક; ચેષ્ટા; ટોળ; તપાસો:–એની જરા મઝા કરો. ક્રિ૦ પ્ર૦ મઝામાં રહેવું=ગમ્મતમાં–આનંદમાં નિશ્ચિંત રહેવું. મઝા કરવી=આનંદરંગ ઉડાડવા.

મઝાનું, વિ૦ મજાનું; મઝેનું; દિલ ખુશ કરે એવું; આનંદ–ગમ્મત–રૂચિ ઉપજાવે એવું. (૨) સ્વાદિષ્ટ; રસપૂર્ણ. (૩) સુંદર; સારૂં:–આ અક્ષર મઝાના છે. ખાસું. (૪) ઠીક; વારૂ.

મઝેદાર, વિ૦ મઝા પડે એવું; લહેઝતદાર; સુંદર; મજેનું.

મઝેદારી, સ્ત્રી૦ મઝા કરવી–માણવી તે; રંગ રાગ–હાસ્યવિનોદ અને મોજમઝા કરવી તે; તાનબાજી–ખુશીખુશાલીમાં–મનને સુખાનંદ અનુભવાવવાં તે; ચમન.

મટ, સ્ત્રી૦ એક સરત–એક ધ્યાન થઇ રહેવું તે; આંખ પણ નહિ મટમટાવતાં અને કશો આડો અવળો વિચાર પણ મનમાં નહિ આણતાં એકલી શાંતિ ઉપર મન રાખી બદ્ધદૃષ્ટિ રહેવું તે; નિષ્ક્રિય થઇ પડી રહેવું તે; નિરાંતે–જંપવું તે.:–મટ મરીને સૂઇ જા. ક્રિ૦ પ્ર૦ મટ મારવી=દુઃખાદિકનો વિચાર નહિ લાવતાં અને આમ તેમ ડોળા ફાડીને જો જો નહિ કરતા એક ધ્યાન અને એકજ આંતરિક સરતે શાંત રહેવું– જંપ વાળવો તે; આંખ મીચી સહન કરવું–વહી–સહી લેવું તે. (૨) આંખને નહિ હલાવવી–ટપટપાવવી તે; બંધ તો બંધ અને ખુલ્લી તો ખુલ્લી જ રાખ્યા કરવી તે. (૩) પલકારો; નેત્રસ્પંદ. (૪) મટકો; ચાળો.

મટક, સ્ત્રી૦ ચાલનો–પગલાં માંડવાનો જે મોહક ચાળો-અભિનય તે; ગતિમરોડ. –લટક મટક ચાલે. (૨) આંખ–ભમરનું ફરકવું તે; નેત્રસ્પંદ. ઉ૦ ભ્રૂકુટીની મટકમાં ચાલ તણી લટકમા, મોહ ભર્યાં વચનમાં.

મટકાવવું, ક્રિ૦ સ૦ મટમટાવવું. (૨) આંખનાં પોપચાં હલાવી–ભમરની હિલચાલે વાત કરવી ? ઉ૦ ભ્રૂકુટીમાં મટકાવી (ભ્રૂકુટીથી ભરમાવી) ભુરકી નાંખ મારે દયા.

મટકી, સ્ત્રી૦ નાની માટલી; પાણી છાશ વગેરે ભરવાની માટીની ઘડુલી–દહોણી.

મટકું, ન૦ માટીનું ઘડા જેવું વાસણ; નાનું માટલું; ઢોચકું; હાંલ્લું. (૨) આંખનું ઉઘાડમીચ થવું તે; પાંપણોનું બીડાવું ને ઉઘાડવુ તે; નેત્રસ્પંદ; પલકારો.:–તે એક ટસે મારી સામું જોઇ રહ્યો–ઘણીવાર થઈ તોપણ એની આંખે એક મટકું પણ માર્યું નહિ.

મટકો, પું૦ અંગને મોહક મરોડ દઇને ચાલવાની છટા તે; અંગ મરડીને ચાલવાની રીત; ચાલનો ચાળો; ગમનાભિનય. ઉ૦ લટકો મટકો ને ચટકો તમારો.

મટમટાવવું, ક્રિ૦ સ૦ આંખ મીચવી ઉઘાડવી તે; પોપચાં નીચાં ઉંચાં કરવાં.– આંખ મટમટાવ એટલે કસ્તર નીકળી જશે.

મટવું, ક્રિ૦ અ૦ દુઃખ જતું રહેવું; સારૂં–સાજું થવું; વ્યાધિ જઇ સુખ થવું; અસલ હાલતમાં આવવું; ફેર પડવો. (૨) ટળવું; જવું; દૂરથવું:–ચાલો પીડા મટી.

મટાડવું, ક્રિ૦ સ૦ મટી જાય એમ કરવું; વ્યાધિ–દુઃખ દૂર કરવું; સાજું કરવું. (૨) ટાળવું; દૂર કરવું.:–આ પીડા મટાડો.

મટુકી, સ્ત્રી૦ માટીનો નાનો ઘડો અથવા માટલી તે; હાંલ્લી. (૨) દહોણી; ગોરસી.

મટોડી, સ્ત્રી૦ માટી; મટોડું.

મટોડું, ન૦ જમીન ખોદતાં નીકળતો જે પદાર્થ–પૃથ્વીના બંધારણનો ભુકો તે; ભોંયનો ચીકણો, પોચો અને ગાંગડીદાર ભુકો તે; ભૂમિનો ગળ; મટોડી; માટી. (૨) કચરો; રજ; ધૂળ વગેરે તે.

મઠ, પુ૦ મગથી નાના ને ભુરા રંગના દાણાનું કઠોળ.

મઠ, પું૦ [સં] આશ્રમ; વિદ્યાર્થીઓ અને સાધુસંન્યાસીઓને રહેવાનું દેવસ્થાનવાળું સ્થળ–રહેઠાણુ; મોટા વાડાવાળું અને અંદર અડાળીઓ તથા એકાદ મંદિરવાળું સંત સાધુને રહેવાનું સ્થાન.

મઠારવું, જુઓ મઠેરવું.

મઠિયું, ન૦ મઠની ખારી તીખી અને શેકીને ખાવાની ખાખરી; મઠનો પાપડ.

મઠેરણી, સ્ત્રી૦ મઠેરવું તે; હલકે હાથે ટી-

પીને ઘાટ કાઢવો—સુંદર બનાવવું તે; ઘડીને, છોલીને ઘસીને અથવા બીજી રીતે તૈયાર થયેલા ઘાટને સુશોભિત કરવાનું કામ તે. (૨) ઠીકઠાક કરવું તે; ટાપટીપ. (૩) રંદો; સફાઇ લાવવાનું ઓજારઃ નાની હથોડી—કુંભારનો ટપલો વગેરે તે.

મઠેરવું, ક્રિ૦ સ૦ ટીપી—ચોળી મસળી, લાંબું ટુંકું કરીને ઘાટમાં આણવું; ટીપીને ઠીકઠાક કરવું=માટી—ધાતુનાં વાસણ અને દાગીનાને. (૨) ધીરેથી ચોળવું, કસણવું:—કણક મઠેરવી. (૩) ટાપટીપ કરવી; ઘર ઘરેણાં અને અંગને ઘાટમાં—સફાઇમાં—સુંદરતામાં આણવાં. (૪) મારવું; ટીપવું.:—નિશાળમાં લઇ જાઓ એને જરા મઠેરજો. (૫) તૃપ્તિથી સવાદે ખાવું.:—એ બે જણ તો સારી પેઠે મઠેરીને બેઠા છે.

મઠો, પું૦ પાણી નિતાર્યા વગર દહિંને છણીને બનાવેલી જાડી છાશ તે; દહિં ભાગી—છણીને બનાવેલું ગાઢું પેય.

મઠોટી, જુ૦ મથોટી.

મડ, સ્ત્રી૦ મરડાટ; આડ; વિરૂદ્ધતા; આડખીલી.:—એકલા એનીજ મડ છે.

મડદું, ન૦ મૃતદેહ; શબ; મડું; મુડદું; લાસ. માણસનું મડદું ને જનાવરની લાસ.

મડધો, પું૦ શરીરે હૃષ્ટપુષ્ટ—જાડું ને જોરાવર હોય તે; ખાઇપીને ઢીંગું થયેલું તે; શરીરે ખૂબ ભરાએલું ને કદાવર તે.:—એ તો હમણાં ખાઈ પીને મોટો મડધો બની છે. (૨) બેપિયાનો ઉપરી; મોટો મલ્લ.

મડપ, પું૦ એક જાતનો છોડ; ભાજી તે.

મડમ, [अं] યુરોપિયન સ્ત્રી; બાનુ; ગોરી સ્ત્રી.

મડવું, ક્રિ૦ સ૦ મરડવું. (૨) મઢવું.

મડિયાં, ન૦ મરડીને પહેરવાનાં પોલાં કલ્લાં.

મડિયો, પું૦ મરડિયો; કાચા પત્થરનો કાંકરો. એનો પકવીને ચુનો થાય છે.

મડું, ન૦ ઠંસાઈ ગયેલું મડદું; શબ; મૃતદેહ—કલેવર.:—મડાપચ્ચીસી. રૂ૦ પ્ર૦ મડાગાંઠ=છૂટે નહિ એવી ગાંઠ તે. જેમ મડદાનાં અંગ વાળ્યાં વળતાં નથી તેમ મરતા માણસે ભેરવેલી બાથ પણ છોડાવી છૂટતી નથી તે ઉપરથી મડાગાંઠ.

મઢ, પુ૦ દરબાર ગઢનો આગલો ઉંચો મેડાદાર ભાગ તે; સુંદર મોટું મકાન; મહેલ. (૨) ડહેલું. (૩) પોળ; શેરી; ઘરોનો સમુદાય. ઉ૦ ગઢમઢ પોળ પ્રાકાર; સાત ભુમિયા ઉત્તમ આવાસ. ઐતિ. રાસ.

મઢવું, ક્રિ૦ સ૦ પતરાં, લુગડાં; ચામડાં કે તારથી લપેટવું; અસલ ચીજ ઢંકાઈ જાય એમ કરવું; વિંટાળવું; જરાએ દેખાય નાહ એમ ઢાંકી દેવું. (૨) ઉપર ચઢાવવું; આચ્છાદન કરવું. (૩) શણગારવું; ધારણ કરાવવું; જડીને ભરચક કરી નાંખવું; અસ્તર કરવું.:—માતાજીના દહેરાનાં દ્વાર સોને મઢેલાં છે.

મઢાવવું, ક્રિ૦ પ્ર૦ મઢે એમ કરાવવું; મઢાવરાવવું; ઢંકાવવું; ચઢાવરાવવું; ઢાંકી દેવરાવવું; વિંટળાવવું; ઉપર ચઢાવવું; ઢંકાવવું; શણગારવું.:—ચુડીઓ મઢાવવી=ચુડા ઉપર ચીપ ચઢાવરાવવી. મંદિરનાં બારણાં ચાંદીને પતરે મઢાવજો.

મઢી, સ્ત્રી૦ નાની કુટી; ઝુંપડી; દેવસ્થાનનુ કે એકાદ સંત સાધુ રહે એવું નાનું રહેઠાણ—કે—બાંધકામ તે; પર્ણશાળા; ઉટજ.:—સતીની મઢી, સાધુની મઢી.

મઢુલી, સ્ત્રી૦ નાની ઝુંપડી; મઢી; ઝુંપડી; ઉટજ; પર્ણશાળા.

મણ, પું૦ [सं.] ચાળીસ શેરનું એક માપ—વજન તે; ચાળીસ ભાર વજન તે મણ. એક વજન—તોલ. ગુજરાતમાં ચાળીસ તોલાનો શેર ને ચાળીસ શેરનો મણ, એવું મણનું તોલ ગણાય છે. કેટલેક ઠેકાણે ૨૮ અને ૮૦ શેરનો મણ તોળાય છે.

મણકો, પું૦ [सं. मणि] કિંમતી પથ્થરનો, કાચનો, લાકડાનો કે કોઈ વનસ્પતિના બીજનો વચમાં વેહ પાડેલો ગોળ દાણો;

કણુ.:–માળાના મણુકા. (૨) અંકોડો; ગંઠોડો.:–કરોડનો મણુકો; હાડકાંની સાંધવાળી ગાંઠ તે. કહે૦ બધાય માળાના મણુકા=એક સરખા એમ. એ તો બધાય માણસો સારા હો કે ખોટા પણ એકજ માળાના મણુકા.

મણિ, પું૦ [सं] સૌથી ઉચામાં ઉચું રત્ન–જવાહીર તે; હીરો; ધોળા રંગનો તેજદાર કિમતી પત્થર. (૨) કિમતી–મોંઘી ચીજ–દાગીનો તે. મોતી, પ્રવાલ વગેરે. (૩) કાચ–ચળકતા પત્થર, અકીક વગેરેનો નાનો ગોળ કણુ–દાણો તે: મણકો; રૂદ્રાક્ષ વગેરેનો મણકો–દાણો તે. (૫) શિર–ટોચનો જે સુંદર ગોળાકાર; છત્રાકાર તે; ફૂલ; તોરો; શિખરાંત તે.:–લિંગમણિ. (૬) ઉત્તમ ચીજ–માણસ–પુરૂષ તે. (૭) મહોરો.

મણિધર, પું૦ [सं.] નાગ; સાપ. જેને માથે મણિ હોય એવો સાપ તે; મોટો સાપ.

મણિબંધ, પું૦ [सं.] કોણી ઉપરનો હાથનો ભાગ, જ્યાં કડું પહેરવામાં આવે છે તે ભાગ. (૨) પોંચી; કાંડું.

મણીકો, પું૦ મણ ભાર વજનનો જોખ–કાટલું તે; જેથી મણ તોળાય અથવા જેથી એક મણ પ્રવાહી તોળાય અથવા મપાય તેવું કાટલું અથવા ભરત તે.

મત, પું૦ [सं.] અભિપ્રાય; આશય; ઉદ્દેશ; હેતુ. (૨) અનુમોદન; સંમતિ; પસંદગી. (૩) વિચાર મંતવ્ય. તત્ત્વજ્ઞાનના જુદા જુદા પક્ષોમાંનો પ્રત્યેક પક્ષ તે:–સાંખ્યમત; યોગમત; નાસ્તિકમત, વગેરે. (૪) એકાદો ધર્મમાર્ગ અથવા પંથ તે.:–બૌદ્ધમત; જૈનમત; સંપ્રદાય. (૫) મનનો ઠરાવ; મળતાપણું. (૬) હઠ; આગ્રહ.:–મતમાં માર્યો ગયો. પોતાના અમુક વિચાર ઉપર મુસ્તાક રહેવું તે. મતિયો=આગ્રહી.:–હવે મત ના કર્યા કરો. (૭) અ૦ મા, નહિ; નકારાર્થે–કે૦ માણેરા મત રોય, મ કર આંખો રાતીઓ.

મતમતાંતર, ન૦ [सं] મત મત વચ્ચેનો જે ભેદ તે; ભિન્ન ભિન્ન સંપ્રદાય ધાર્મિક–તાત્વિક વિચારો–મંતવ્યો વગેરે વચ્ચેનું અંતર–ભેદ તે. (૨) જુદા જુદા ધર્મ માર્ગો તે.

મતલબ, સ્ત્રી૦ અર્થ; સમજણ. (૨) ઉદ્દેશ; આશય; હેતુ. (૩) ઇચ્છા; મુરાદ; ભાવના. (૪) સાર; તાત્પર્યાર્થ; અંતરની વાત.

મતલબી, વિ૦ અર્થસાધુ; સ્વાર્થી; પોતાની મતલબ સાધનાર.

મતવાદ, પુ૦ [सं] પોતાના મતનો આગ્રહ તે; પોતાના વિચાર માટેની ચીવટાઈ.

મતવાદી, વિ૦ મતનો આગ્રહી; પોતાના વિચારને મજબુત રીતે વળગી રહેનાર.

મતવાલી, વિ૦ [हिं] મદભર; મદની ભરેલી; ફાંકડી–સ્ત્રી.

મતવાલું, વિ૦ પુષ્કળ; ઘણુંજ; અતિશય.:–નદીએ મતવાલું પાણી આવ્યું છે.

મતસરવણી, સ્ત્રી૦ છોકરીઓનું એક વ્રત.

મતંગ, પું૦ [सं.] હાથી; ગજ.

મતંગજ, પું૦ [सं.] હાથી; ગજ.

મતા, સ્ત્રી૦ [अ.] માલમિલકત; પુંજી; ધન દોલત. (૨) માલ; સાર; સત્વ. (૩) મૂલ; કિમ્મત; વિશાત; જીવ; દમ. (૪) જણશ; વસ્તુ.

મતાદાર, પું૦ જેને સાક્ષી તરીકે સહી કરવાનો હક–અધિકાર હોય તે; પટેલ વસુલાત લઇ તેનું ભરણું સરકારને મોકલે તેનો સાક્ષીદાર તે. દરેક ગામમાં પટેલ અને મતાદાર હોય છે. મતાદારને વારી પ્રમાણે મુખીપણું મળે છે. (૨) સહી સાખ કરનારો.

મતાદારી, સ્ત્રી૦ મતાદારનું કામ તે; મતાદારપણું.

મતાભિમાન, ન૦ [सं.] પોતાના અથવા પોતાને માન્ય હોય એવા મતને માટે

અભિમાન તે; સ્વધર્માભિમાન; સાંપ્રદાયિક મમત્વ. (૨) પોતાના વિચાર માટેનો આગ્રહ તે; જીદ.

મતાભિમાની, વિ૦ સ્વમત માટે જેને આગ્રહ હોય તે. (૨) પોતાના–સ્વધર્માભિમાની. પોતાના સંપ્રદાય–પંથને માટે જેને પૂર્ણ ભક્તિ અને આગ્રહ હોય તે. પોતાના મત માટે ગર્વ રાખનાર; આગ્રહી; જિદ્દી; હઠીલું.

મતારો, પું૦ ખાધેલપીધેલ ઘરડો બુઢ. (૨) વૃદ્ધ; ઘરડો ડોસો.

મતાલા, પું૦ આળસને લીધે શરીર જે કસમોડા ખાય તે; આળસનાં આંકડાં.

મતિ સ્ત્રી૦ **[સં.]** બુદ્ધિ; સમજણ; જ્ઞાન શક્તિ. (૨) સિદ્ધ વિચાર; અભિપ્રાય. (૩) ઇચ્છા; મનનું વલણ; ભાવના. ઉ૦ વ્યવહાર મતિ જેની, વિદ્યા ને ધન સંગ્રહે. ક્રિ૦ પ્ર૦ મતિ બગડવી=બુદ્ધિ–સન્નિષ્ઠા બગડવી, સમજ જતીરહેવી.

મતિભ્રમ, પું૦ **[સં.]** જેની બુદ્ધિ ફરી ગઈ હોય તે; અસ્થિરમન થઈ જવું તે; બુદ્ધિ ફરી જવી તે; બેસમજ. (૨) સન્મતિનો નાશ થઇ જવો તે. બુદ્ધિમાં થયેલો જે વિકાર–અસ્થિરતા તે. (૩) ગાંડપણ.

મતિમંદ, વિ૦ **[સં.]** જેની અક્કલ બહેર મારી ગઇ હોય એવું; જડ–બુધી; કમઅક્કલ; ઓછી બુદ્ધિનું.

મતિમાન, વિ૦ **[સં.]** બુદ્ધિમાન; અક્કલી; ચતુર; હોંશિયાર.

મતિયું; વિ૦ મતવાળું; આગ્રહી; હઠીલું; પોતાના મતને છોડેજ નહિ એવું હઠી–જિદ્દી.

મતીરૂ, ન૦ કાકડી; ચીભડું.

મતીલું, વિ૦ પોતાના મતને પકડી રહેનાર; આગ્રહી; હઠીલું.

મતું, ન૦ સાખ મૂકવી તે; ચીઠી અથવા દસ્તાવેજની જમણી બાજુએ 'ઉપર લખ્યું તે ખરૂં છે' એવી સહી–સાખ કરી આપવી તે; સાખ. (૨) 'મારો મત–સંમતિ છે' એવું દર્શાવનારી સહી; હસ્તાક્ષર.

મત્કુણ, પું૦ **[સં.]** માકણ.

મત્ત, વિ૦ **[સં.]** કેફ જેને ચઢેલી હોય એવું; કેફની નીશામાં હોય તેવું, છાકટું. (૨) ઘેલું; ગાંડું; જેને સારાસાર વિવેક રહેલો હોય નહિ એવું. (૩) ઉદ્ધત; ઉન્મદ; અભિમાની; ગર્વી. (૪) મદવાળું; જેને ચરબી ચઢી હોય એવું; ચકચૂર; ઘેંઘટ.

મત્સર પું૦ **[સં.]** કોઇનું સારૂં જોયું–સાંભળ્યું ખમાય નહિ એવો જે સ્વભાવ તે; દ્વેષ, ઇર્ષ્યા; અદેખાઈ. (૨) અભિમાન અહંકારનો છાકટો તે; ઇર્ષાનો ઉકાંટો; તુંડાઇ; અહંકારનો તોર તે. ઉ૦ નણંદી શું મત્સર આવડો.

મત્સરી, વિ૦ મત્સરવાળું; જેને મચ્છર હોય તે; બેપરવાહ; ઇર્ષા–દ્વેષ અને અદેખાઈના અંશવાળું; પોતાના સુખ વૈભવમાં કોઇને ગણે નહિ એવું.

મત્સ્ય, ન૦ **[સં.]** માછલું; જળમાં રહેનારૂં એક પ્રાણી. એ નાનાં મોટાં અને વિવિધ પ્રકારનાં થાય છે. મીઠા પાણીમાં અને દરિયામાં એકે ઠેકાણે થાય છે.

મત્સ્યગંધા, સ્ત્રી૦ **[સં.]** માછલાના જેવી જેના શરીરમાંથી ગંધ નીકળતી હતી એવી ગંગા ઉપર રહેનાર એક માછીની છોકરી; વ્યાસમાતા; પાંડવોની દાદી.

મત્સ્યાવતાર, પું૦ **[સં.]** વિષ્ણુના દશાવતારમાંનો પહેલો અવતાર તે. આ વિષય ઉપર સંસ્કૃતમાં એક પુરાણ લખાયેલું છે.

મથક, ન૦ જ્યાં મોટો વેપાર ચાલતો હોય તે બંદર અથવા શહેર. (૨) જ્યાં વિદ્યાભ્યાસ અને જ્ઞાન વિષયક ચર્ચાઓ વગેરે ચાલતું હોય તે સ્થાન. (૩) જ્યાં મોટે ભાગે લશ્કરનો પડાવ પડી રહેતો હોય તે સ્થાન; છાવણી. (૪) કોઇ પણ

૧૦૨૧૩

વસ્તુ કે પ્રાણી વગેરેનો જ્યાં પડાવ રહેતો હોય-વસ્તી-વાસ હોય તે સ્થાન; મુખ્ય સ્થાન; રહેઠાણ; ઘર; મોટું-વડું સ્થાન-ઠેકાણું તેઃ-ચોરનું મથક.

મથન, ન૦ [**सं**] મથવું તે; વલોવવું તે; માથાકુટ; ગડમથલ; ઉદ્યોગ; પ્રયાસ; શ્રમ; મહેનત. (૨) અમુક કાર્ય ઘડવા-ઘટાવવાને માટે ખૂબ મહેનત લઈ આમ તેમ યત્ન કર્યા કરવો તે.

મથની, સ્ત્રી૦ જેમાં દહિં વલોવવામાં આવે છે તે પાત્ર-ગોળી. (૨) દહિં ભાગવાનું ફુલકાંવાળું ઓજાર.

મથવું, ક્રિ૦ સ૦[**सं. मन्थ**] વલોવવું, ઘુમરડવું; ડહોળાવું; રોળવું; ઘોળાવું. (૨) ક્રિ૦ અ૦ ખૂબ મહેનત લેવી; ઉદ્યમ-યત્ન કરવો; ગડમથલ કરવી; ગોથાં મારવાં. એકાદું કાર્ય પોતાની ઇચ્છા પ્રમાણે પાર ઉતારવાને માટે આમતેમ ખૂબ મથન કર્યા કરવું-ઘણો પરિશ્રમ લેવો અને આમતેમ ગોઠવી-મચરડી તેને ઠેકાણે લાવવાને યત્ન કરવો તેઃ-સુતાર બિચારો બહુ મથ્યો પણ એકકે સાલ બેઠું નહિ.

મથાવવું, ક્રિ૦ સ૦ મહેનત-માથાકુટ કરાવવી; ખૂબ પ્રયાસ કરાવવો; મથવા દેવું. (૨) થકવવું; હરાવવું ન ફાવવા દેવું.

મથાળી, સ્ત્રી૦ પાઘડી. (૨) શિખર: શિખર વાળવું-મથાળું બાંધવું તે.

મથાળું, ન૦ ઉપરનો-શિખરનો ભાગ તે: ઉપલું બંધારણ તે; ઉપલો ઘાટ; શિખર. (૨) કોઇ લેખ-વિષયનું સ્વરૂપ દર્શાવનારૂં તેનું ટુંકું અને સૌ પહેલાં લખવાનું નામ તે: મોટા વિષયનો ભાવાર્થદર્શક મુખલેખ. (૩) આશરો; અંદાજ; સરેરાશ. આપવા લેવાના કામમાં બંધાતી હદ; તેનો કંઇક અંદાજ જણાવવો તે; ઠરાવવું તેઃ-પહેલાં મથાળું બાંધો પછી ભાવ કરીએ. (૪) પાઘડી.

મથિત, વિ૦ [**सं.**] મથેલું; ડહોળેલું; વલોવેલું.

મથોટી, સ્ત્રી૦ શિંગડાના મૂળનો ભાગ તે; શિંગડાનું મથક.

મથોડું, ન૦ માથું બુડી જાય એટલું તે; માણસ ઉભું ને ઉભું બુડી જાય એટલું ઉંડાણ તે; છફુટ જેટલું ઉંડાણઃ-બે મથોડાં પાણી છે.

મદ, પું૦ [**सं.**] ગર્વ; અભિમાન; અહંભાવ. (૨) ધન, યૌવન, બળ, અધિકાર વગેરેનો જુસ્સો-તોર તે; ઉન્મત્તતા; ખુમારી. (૩) ઇશ્કનો ઉન્માદ; સ્વરૂપાદિનો અહંભાવ તે; મરડ; જુસ્સો. (૪) કેફ; નીશો; ઘેન. (૫) જુવાની ખીલવાથી હાથીના ગંડસ્થળમાંથી નીકળતો પરસેવો; મધ; મધુ. (૬) બહેકાટ; તોર; છાક.

મદકલ, વિ૦ મદ-યૌવનના ગર્વથી ઉન્મત્ત; મદભરેલું. (૨) ઘેલું.

મદગળ, પું૦ હાથી; ગજ.

મદત, સ્ત્રી૦ [**अ.**] સહાયતા; કુમક; મદદ.

મદતિયું, વિ૦ મદદ કરનારૂં; સાહાયકારક.

મદદ, સ્ત્રી૦ સાહાય; કુમક. (૨) આશરો; ઓથ; ટેકો. ક્રિ૦ પ્ર૦ મદદ કરવી=સાહાય કરવી; કામમાં ટેકો આપવો. મદદ લેવી=સહાયતા લેવી; કુમક લેવી.

મદદગાર, વિ૦ મદદ કરનાર; મદદનીસ.

મદદનીસ, વિ૦ મદદગાર.

મદન, પું૦ [**सं.**] સ્ત્રી પુરુષના મનમાં ઉત્પન્ન થતી સંગ ઇચ્છા તે. કામ; કામદેવ; સ્મર. રૂ૦ પ્ર૦ મદન પુતળું=કામદેવ જેવો રૂપાળો.

મદનફળ, ન૦ મિંઢળ.

મદનબાણ, ન૦ [**सं.**] કામદેવનું એક બાણ; પુષ્પ.

મદમત્ત, વિ૦ મદથી-ગર્વથી ઘેલું થયેલું એવું; ઉદ્ધત; ઉન્મત્ત. (૨) કેફથી-ગર્વથી-પુષ્ટિ પામવાથી ખૂબ ખીલેલું.

મદમાતું, વિ૦ અંકુશમાં ન રહે એવું; મન,

રૂપ, બળ અને યૌવનથી બહેકેલું–ખીલેલું; પ્રફુલ્લ; ઉન્મત્ત. (૨) પુષ્ટ થયેલું; જેને ચરબી ચઢી હોય એવું; કદે વધેલું; જાજરમાન.

મદરેશા, સ્ત્રી૦ [**अ.**] નિશાળ; પાઠશાળા.

મદવિકાર, પું૦ કેફની ખુમારી તે; ગર્વાદિકને લીધે સ્વભાવમાં થયેલો અહંભાવનો જે ફેરફાર તે.(૨) ચરબીનો વિકાર તે. ઉન્મત્તતા; ઉદ્ધતાઈ.

મદાર, પું૦ [**फा.**] આધાર; આશ્રય; ભરોંસો; વિશ્વાસ. (૨) હેતુ; કારણ. એની પર મદાર બાંધી બેસી રહેવાય નહિ.

મદારત, સ્ત્રી૦ બરદાસ્ત; પરોણા ચાકરી; ખાતરદારી.

મદારી, પું૦ રિંછ,અને માંકડાં વગેરે પશુઓને કેળવી લોકોને તેમના ખેલ કરી બતાવનાર; કલંધર; પશુઓ અને જંગલી પ્રાણીઓને કેળવનાર; વાદી. (૨) હાથ ચાલાકીના ખેલો કરી બતાવનાર; ગારૂડી; બાજીગર.

મદાંધ, વિ૦ [**सं**] મદ–અહંકાર–ગર્વથી આંધળું; મદથી વિવેક ભૂલી ગયેલું. ઉ૦ મદાંધ થઈ ન મારશો, જરૂર જીવ જાણીને. ક૦ દ૦ ડા૦

મદિરા, સ્ત્રી૦ [**सं.**] પીવાનો દારૂ; આસવ; સુરા; મધુ.

મદિરાક્ષી, સ્ત્રી૦ [**सं.**] મદિરાના જેવા રંગવાળી આંખોની; કેફવાળી આંખની; મદિરાની માફક મુગ્ધ બનાવે એવી મોહક ને માદક આંખવાળી સ્ત્રી.

મદી, વિ૦ મદવાળું; ચઢી ગયેલા જુસ્સાવાળું.

મદોન્મત્ત, વિ૦ [**सं.**] મદ–ગર્વથી ઉન્મત્ત થઈ ગયેલું હોય એવું તે; ઉચ્છૃંખલ; ઉન્મત્ત; ઉદ્ધત. (૨) ચરબીથી ભરેલું–પુષ્ટ; શરીરે ખૂબ ખીલેલું–ફાલેલું હોય એવું કદાવર; મધુર અંગનું.

મદ્ય, ન૦ [**सं.**] દારૂ; સુરા; આસવ. (૨) મધુ; મધ.

મદ્યપ, પું૦ [**सं.**] દારૂ પીનારો; દારૂડિયો.

મદ્યપાન, ન૦ [**सं.**] દારૂ પીવો તે. ઉ૦ પીએજ શુદ્ધ દૂધ જે, કલાલની દુકાનમાં; છણાય વાત છેક ને મનાય મદ્યપાનમાં.

મદ્યપી, પું૦ દારૂડિયો.

મદ્ર, પું૦ હિંદુસ્તાનના એક પ્રાચીન વિભાગ–દેશનું નામ. મદ્રદેશ.

મદ્રાસી, વિ૦ મદ્રાસનું–મદ્રાસ સંબંધી.

મધ, ન૦ [**सं. मधु**] માખો અને ભમરીઓએ ફૂલોમાંનો મીઠો રસ એકઠો કરીને બનાવેલું ગાઢું ને ગળ્યું ચાસણી જેવું પ્રવાહી; માખોએ એકઠો કરેલો ફૂલનો રસ. રૂ૦ પ્ર૦ મધ જેવું=મીઠું; પ્રિય; રૂચિકર. મધ મૂકીને ચાટવું=પંપાળી રાખવું; કામમાં નહિ આવવું તે; રાખી મૂકવું. મધવાળી જીભ=ખુશામતિયા બોલી. મધમાં હાથ મેલાવવો=લાલચ દેખાડવી.

મધપુડો, પું૦ માખીઓ અને ભમરા–ભમરીઓ જેમાં ફૂલનો રસ ભરી રાખે છે અને ઈંડા મૂકે છે તે તેમનું મીણનું ઘર; ખાજલી; ખાનાં ખાનાં વાળી મોટા છાણા જેવી–વાદળી જેવી માખીઓએ બનાવેલી રહેવા તથા મધ ભરવાની બનાવટ.ઉ૦ મધપુડો રૂડો રચે, માખી રાખી માપ.

મધમાખ, સ્ત્રી૦ ફૂલોનો રસ એકઠો કરનારી માખી તે.

મધમાખી, સ્ત્રી૦ મધમાખ.

મધભાગ, પું૦ [**सं. मध्यभाग**] વચમાંનો અવયવ–ભાગ તે.

મધરાત, સ્ત્રી૦ [**सं. मध्यरात्रि**] રાતનો વચલો ભાગ તે; અરધી રાત.

મધવો, પું૦ ખાઈ પીને તાજું થયેલું; પુષ્ટ; જાડું; સ્થૂલ:–સાંઢ ખાઈ પીને મોટો મધવો થઈ જો.

મધુ, ન૦ [**સં.**] માખોએ ફૂલનો રસ એકઠો કરીને બનાવેલું મીઠું પ્રવાહી; મધ; મકરંદ. (૨) સુરા; મદ્ય; દારૂ:-મધુપાન. (૩) સુગંધિદાર મીઠો અને માદક નિર્યાસ. એક જાતનો રસ; મદ; વૃક્ષાદિકનો પ્રવાહી નિગાળ. (૪) અમૃત; સુધા. (૫) મહુડાનું ઝાડ. (૬) વસંતઋતુ. (૭) વિ૦ગળ્યું; મીઠું.

મધુકર, પું૦ [**સં.**] મધમાખ; ભમરો; મધ બનાવનારૂં નાનું પાંખવાળું જીવડું; ષટ્પદ.

મધુકરી, સ્ત્રી૦ ભમરી; મધમાખી. (૨) માખો જેમ ફૂલે ફૂલ ફરીને મધ એકઠું કરે છે તેમ ઘેરે ઘેર ફરીને ભિક્ષા એકઠી કરવી તે; માધુકરી; વિદ્યાર્થીએ રાંધેલો ખોરાક એકઠો કરી આણવો તે.

મધુપ, પું૦ [**સં.**] મધુ પીનારો તે; ભમરો. (૨) દારૂડિયો.

મધુપર્ક, પું૦ [**સં.**] દહિં, ઘી, પાણી; મધ અને ખાંડનું મિશ્રણ તે; અતિથિ અને જમાઇને પોતાને ઘેર આવતાં સત્કાર કરી અર્પણ કરવાનું દ્રવ્ય તે; વિવાહ વખતે જમાઇને મધુપર્ક અર્પણ કરીને સત્કાર કરવામાં આવે છે.

મધુપાન, ન૦ [**સં**] દારૂ પીવો તે; મદ્યપાન.

મધુપાની, વિ૦ મદ્ય પીનાર; દારૂડિયો.

મધુપ્રમેહ, પું૦ મીઠી પેશાબનું દરદ; મૂત્રમાં ખાંડ જવી તે; અને ઘણી વાર પેશાબ થયા કરવો તે-મૂત્રપિંડનું એક દરદ.

મધુમક્ષિકા, સ્ત્રી૦ [**સં.**] મધમાખ.

મધુમાસ, પું૦ [**સં.**] વસંતઋતુ.

મધુર, વિ૦ [**સં.**] સ્વાદે ગળ્યું ને મીઠું. (૨) કાનને પ્રિય લાગે એવું:-મધુર ગાયન. (૩) નાક-ઘ્રાણેન્દ્રિયને પ્રિય-સારૂં લાગે એવું:-મધુરશ્વાસ. (૪) આંખને ગમે એવું; સુંદર; મોહક; મજેનું-મધુરમૂર્ત્તિ-મધુર દર્શન. (૫) પ્રેમ-વહાલ ઉપજે એવું; મીઠા બોલીનું.

મધુરતા, સ્ત્રી૦ [**સં.**] મિઠાશ; ગળપણ. (૨) મનોહરતા; સુંદરતા. (૩) પ્રિય લાગવાપણું; આહ્લાદકપણું; મનને ખુશકારક લાગવાપણું તે.

મધુરા, સ્ત્રી૦ [**સં.**] સાકર. (૨) જેઠીમધ. (૩) સુવા.

મધુરૂં, વિ૦ મીઠું; રૂચિકર; મન, કાન, નાક, અને આંખ વગેરેને ગમે એવું; મોહક;સુંદર, મજેનું. વહાલ ઉપજાવે એવું; પ્રિય લાગતું. ઉ૦ મધુરી મેના! સૌ સાંભરે છે, પરંતુ આ પિંજર દુઃખ દે છે.

મધુવન, ન૦ [**સં**] વૃંદાવન.

મધૂક, પું૦ [**સં.**] મહુડો; જેને મહુડાં થાય છે તે ઝાડ.

મધોમધ, અ૦ વચમાં; વચ્ચે; મધ્યે.

મધ્ય, વિ૦ [**સં.**] વચલું; ઉપરનું કે નીચેનું નહિ એવું; વચમાં આવેલું:-મધ્યદેશ. મધ્યલોક. (૨) ના૦ વચલો ભાગ. (૩) કમ્મર-કટિપ્રદેશ.

મધ્યબિંદુ, ન૦ [**સં.**] ગોળ-વર્તુલમાંનું વચલું બિંદુ-ટપકું તે; વર્તુલમાંનું તે બિંદુ કે જેમાંથી નીકળેલી પરિધિને અડતી બધી લીટીઓ સરખી હોય; કેન્દ્ર.

મધ્યમ, વિ૦ વચલું; સારૂં તેમજ નરતું એવું; બે છેડાની વચમાંનું તે. (૨) ના૦ સાત સૂરમાંનો એક સૂર; ચોથો સૂર.

મધ્યમસર, અ૦ સારૂં તેમજ છેક નરતું પણ નહિ એમ; વચલા માર્ગનું એમ; અંદાજસર; એક અંત તરફનું નહિ પણ મધ્યે હોય એ રીતનું તે; મોટું નાનું અથવા બહુ ઉંચું પણ નહિ એવા સમતોલ-માપ-વિવેકસર.

મધ્યમા, સ્ત્રી૦ [**સં.**] વચલી આંગળી. (૨) જુવાનીમાં આવેલી સ્ત્રી. (૩) વાણી ઉચ્ચરવાની ચાર રીતિઓમાંની ત્રીજી રીત તે; વચલી શબ્દોચ્ચાર પદ્ધતિ. પરા,

પશ્યંતિ, મધ્યમા અને વૈખરી. નહિ નવોઢા નહિ પ્રૌઢા એવી જે નાયિકા તે.

મધ્યરાત્ર, સ્ત્રી૦ [**સં.**] અડધી રાત; મધરાત.

મધ્યરેખા, સ્ત્રી૦ [**સં.**] પૃથ્વીના ગોળાના ઉત્તર દક્ષિણ બે સરખા ભાગ કરનારી જે લીટી તે; વિષુવવૃત્ત.

મધ્યસ્થ, વિ૦ [**સં.**] વચલું; વચમાંનું. (૨) એક્કે પક્ષનું નહિ એવું તે; તટસ્થ. (૩) ના. બેઉ પક્ષનું સાંભળી તોલ કરનારો લવાદ; પંચ; સમાધાનિયો. મધ્યસ્થી=લવાદી; સમાધાન કરવાને વચમાં પડવું તે.

મધ્યસ્થળ, ન૦ [**સં.**] વચલો પ્રદેશ; મધ્ય ભાગ. (૨) કટિપ્રદેશ.

મધ્યા, સ્ત્રી૦ નાની પણ નહિ અને આધેડ પણ નહિ એવી જુવાન સ્ત્રી તે; મધ્યમા.

મધ્યાન, જુ. મધ્યાહ્ન.

મધ્યાહ્ન, પું૦ [**સં.**] દિવસનો વચલો સમય તે; બપોર; દહાડાનો વચલો ભાગ; સૂર્ય આકાશની મધ્યે આવેલો હોય તે વખત.

મધ્યે, અ૦ વચ્ચે; અંતરાળે; અંદર; માં.

મન, ન૦ [**સં. મનસ્**] મનુષ્ય-પ્રાણીના દેહમાંનો તે અવયવ અથવા ઇંદ્રિય, કે જે બીજી ઇંદ્રિયોને તેમનાં કાર્ય કરવાની પ્રેરણા કરે છે; જ્ઞાનેદ્રિય; સમજવાની, વિચારવાની અને ઇચ્છા કરવાની જ્યાંથી લાગણીઓ ઉદ્‌ભવે છે તે ઇંદ્રિય. (૨) સંકલ્પ વિકલ્પવાળી પ્રાણીઓની જે વૃત્તિ તે. (૩) જ્યાંથી લાગણીઓનો જુસ્સો ઉભરાય છે તે અવયવ; દિલ; હૈયું; કાળજું; ચિત્ત; અંતઃકરણ; મગજ. (૪) ઇચ્છા; મરજી; ભાવ:-એને ભણવાનું મન છે. કેરી ખાવાનું મન છે. (૬) ધારણા; વિચાર. (૭) સ્મરણ શક્તિ. (૮) સત્યનું જ્ઞાન તે. ક્રિ૦ પ્ર૦ મન કરવું=ભાવ ઇચ્છા કરવી. મન થવું=ભાવ થવો. મન મારવું=લાગણીના જુસ્સાને દબાવી રાખવો. મનમાનવું=પ્રસન્ન થવું; સંતોષ લેવો; કબૂલ કરવું. ઉ૦ મન માને નહિ સોફેરો સમજાવું તોય શું થાય. મન ખાટું કરવું=નાખુશ કરવું. મન મોરવું=પસ્તાવો કરવો. મન મનાવવું=રાજી-ખુશી કરવું; સંતોખવું, સમજાવવું. મનમાં આવવું=સમજવું, મરજી થવી; મનને ખરું લાગવું; લક્ષ ખેંચાવું. મનવાળવું=સંતોષે બેસવું; થયું-ભોગવ્યું-અનુભવ્યું અને હવે મન કરવાની જરૂર નથી એમ માની લેવું તે. મન ઉઠવું=મન ઉતરી જવું; અભાવ-વિરાગ આવવો; નહિ ગમવું, નહિ ગોઠવું તે; ઇચ્છા જતી રહેવી. મન જોવું=સામાનો ભાવ જોવો-શું વૃત્તિ છે તે સમજી લેવું. મન બેસવું=પ્રીતિ લાગવી; ગોઠવું; ગમવું. મન ઘાલવું=લક્ષપર લેવું; ધ્યાન આપવું. મન ઉંચું થવું=નાખુશ થવું; દિલ દુખાવું; સ્નેહ તૂટવો. મન બાળવું=જીવ બાળવો, સંતાપવું; નાખુશ કરવું; ચિંતા-શોક કરાવવો. લાગણી-દયાની પ્રીતિની ભાવના પ્રકટ કરવી-થવી તે. મનમાં લાવવું=ખોટું લગાડવું; દરકાર કરવી; ગણવું. રૂ૦ પ્ર૦ મોટા મનનું=ઉદાર; પરોપકાર બુદ્ધિનું. મોકળું મન=ખુલ્લું-ઉદાર મન; સંકોચ વગરનું મન તે. મનનું પોચું=ગરીબ; દીન; બીકણ. કહે૦ મન જાણે પાપ, ને મા જાણે બાપ. મન હોય ચંગા તો કથરોટમાં ગંગા. મન કહે હું માળિયે બેસું, અને કર્મ કહે હું કોઠીમાં પેસું.

મનકલ્પિત, વિ૦ [**સં.**] મનની કલ્પનાનું; તરંગ રૂપ; ખાલી જુઠો; બનાવટી; ખોટું; તરંગી; માત્ર વિચારનું-ખરું નહિ તે. (૨) અસલ; નવીજ બનાવટ હોય એવું; જોડી કાઢેલું-મન કલ્પિત વાત-કવિતા.

મનકામના, સ્ત્રી૦ [**સં.**] ભાવના; ઇચ્છા; વાંછા; મુરાદ.

મનખા-દેહ, પું૦ [**સં. મનુષ્યદેહ**] માણસનું શરીર તે; મનુષ્ય દેહ. (૨) માણસનો અવતાર તે; માણુસપણું.

મનખો, પું૦ માણુસનો અવતાર; નરદેહ. (૨) જીવન; જિંદગી. (૩) માણુસપણું.

મનગમતું, વિ૦ મનને ગમે તેવું; પસંદ; ગોઠતું; દિલચાહનાવાળું. ઉ૦ મનગમતાને દીધી માબાપે, વિધિએ ત્યારે આ વિજોગ કરાવ્યો. (૨) સુંદર; રમ્ય; પ્રિય લાગે એવું. (૩) ભાવતું; રસભર; રૂચતું.

મનડું, ન૦ મન.

મનન, ન૦ [**સં.**] વિચાર્યા કરવું તે; મનમાં ને મનમાં ગોખ્યા કરવું તે; ચિંતન. મનનશીલ=વિચાર કરનાર.

મનપૂર્વક, અ૦ મનથી; જાણીબુજીને.

મનફેર, વિ૦ જરાકજ ફેર હોય તેવું; નહિ જેવા તફાવતનું; સહેજ ફેર હોય એવું.

મનભાવતું, વિ૦ રૂચતું; ખાવા ગમે એવું. (૨) ગમતું; ગોઠતું; મનપસંદ.

મનમાનતું, વિ૦ મનને પસંદ પડે તેવું; મનને પ્રિય. (૨) જોઇએ તેટલું; પુરૂ પડી રહે એટલું.

મનમાન્યું, વિ૦ જોઇએ તેટલું; પુષ્કળ; ખૂબ. (૨) મન તૃપ્ત થાય-સંતોખે એટલું અને એવું.

મનમેળાપી, વિ૦ મળતાવડું; મન મેળવી દે એવું.

મનમોજી, વિ૦ મનમાં જેમ આવે તેમ કરનાર–વર્તનાર; તરંગી; આનંદી– વિલક્ષણ.

મનમોહન, વિ૦ મન મોહ પામે એવું; દિલ પસંદ; ચિત્તને વશ કરી લે એવું.

મનવાળિયું, મન વાળવા જેવું; મનને મનાવવા જેવું.

મનવર, સ્ત્રી૦ પરોણા ચાકરી; સરભરા; બંદોબસ્ત.

મનવવું, ક્રિ૦ સ૦ મનાવવું; રીસ ઉતારવી; ખુશી કરવું; રીસ ટાળવી; સામાના મનનું સમાધાન કરવું; રાજી કરવું. ઉ૦ તમારીમે મનવી હું નહિં મનાઉં, મારારાજ.

મનવળવું, ક્રિ૦ અ૦ મનને સંતોષ થઈ જવો; ભાવનાનો લય થવો; ઇચ્છા મટી જવી. (૨) માની લેવું; મનથી સમાધાન થવું.

મનવા, પું૦ માનવ; મન જેનું નાયક છે એવો જીવાત્મા; માણસ; મનવાળો જીવ. ઉ૦ ચૌદ ભુવનનો નાથ કરશે તે થાશે, તારાં ધાર્યાં એળે જાશે, મનવા! ચૌદ ભુવનનો૦.

મનવાંછિત, વિ૦ મનથી ઇચ્છેલું હોય એવું; આકાંક્ષિત; ઇપ્સિત; ઇચ્છિત. મનથી જે સુભાગ્યની ઇચ્છા વગેરે હોય તે. ઉ૦ મનવાંછિત તારાં ફળશે.

મનવાર, સ્ત્રી૦ [**અં.**] મોટું લશ્કરી વહાણ; લડાઇનું વહાણ.

મનવેગી, વિ૦ મનના જેવા વેગવાળું; મન જેમ પળ–વિપલમાં અનહદ છેટે જતું રહે છે તેવી અતિ જલદ ગતિવાળું.

મનાશિલ, પું૦ [**સં.**] પત્થરમાંથી બનેલો એક લાલ રંગનો ધાતુ જેવો ઝેરી ક્ષાર; લાલ રંગનો સોમલ તે–મનશિલ.

મનસબદાર, પું૦ લશ્કરની ટુકડીનો ઉપરી; લશ્કરી અમલદાર.

મનસબદારી, સ્ત્રી૦ મનસબદારનું કામ તે. (૨) મનસબદારનો ઓદ્ધો તે.

મનસા, પું૦ [**સં.**] મનથી; મનવડે. (૨) આંતરિક ઇચ્છા; ઉંડી ભાવના; મન.

મનસિજ, અ૦ [**સં.**] કામદેવ; સ્મર.

મનસુબો, પું૦ [**આ.**] ધારણા બાંધવી તે; કામ કરવા માટેનો વિચાર તે; ઇરાદો; ઉદ્દેશ; હેતુ; મતલબ. (૩) તદબીર; યુક્તિ; ઘાટ.

મનસ્વિતા, સ્ત્રી૦ મનમાં તરંગ આવે તેમ વર્તવાપણું; સ્વચ્છંદતા. (૨) ઇચ્છા; અપેક્ષા.

મનસ્વી, વિ૦ [**સં.**] મનમાં આવતા તરંગો પ્રમાણે ચાલનારૂં-તરંગી; સ્વચ્છંદી. (૨) જ્ઞાની; મન જેને વશ હોય તે;ચતુર.

મનહર, પું૦ એક રાગ; કવિત. એને આઠ ચરણ હોય છે અને પહેલામાં સોળ અને બીજામાં પંદર અક્ષર, એ ક્રમે બધાં ચરણની રચના હોય છે. ઉ૦ મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન, મોટા મોટા મહીપતિ મહીપતરામને. ક. દ. ડા. (૨) વિ૦ મનોહર; સુંદર; મનને હરી લે એવું.

મના, સ્ત્રી૦ [**આ.**] કોઇ કામ કરવાની-જવા આવવાની ના પાડવી તે; નકારો; અટકાવ; પ્રતિબંધ; ના.

મનાઇ, સ્ત્રી૦ મના; બંધી; નિષેધ; નકારતા. મનાઈ હુકમ=ચાલતું કામ એકદમ અટકાવવાનો હુકમ તે.

મનામણું, ન૦ મનાવવું તે; રીસ ઉતારવાને સમજાવવું તે; મનાય તે માટે કરવાનું જે સાંત્વન-આરાધન-નમન તે; વિરૂદ્ધતા રીસ-ખોટું લાગ્યું હોય તે વગેરે અભાવ, અપ્રીતિ અને મૈત્રીભંગ વગેરે મટાડવા-ટાળી નાંખવા માટે સામાના મનનું સમાધાન કરવાની જે ક્રિયા-નમી પડવું, માફી માગવી વગેરે તે. (૨) લાડ; સલુક; સમાધાની. રિસામણાં મનામણાં, એમ કહેવાય છે; કાલાવાલા; પ્રણિપત.

મનારો, પું૦ [**આ.**) મિનારો; થાંભલા જેવું ઘણું ઉંચું ચણતર તે; ટાડો. (૨) તગરડી.

મનાવણું, ન૦ મનામણું.

મનાવવું, ક્રિ૦ સ૦ રીસે ભરાયું હોય, સ્નેહ-મૈત્રી તોડી ગયું હોય કે સહવાસથી અળગું થઈ ગયું હોય તેના મનનું સમાધાન કરવું તે; રીસ ઉતરાવવી, સમજાવવું; લડાવી લાવવું; માને એમ કરવું; મેળાપ-સંપ કરવો; મન રાજી કરવું; સાંત્વન કરવું; આરાધવું; કાલાવાલા કરી ખુશ કરવું. ક્રિ. પ્ર૦ મન મનાવવું=રાજી કરવું. ઉ૦ કુંઅર ઉચળે તો ભલે ઉચળે, તું કાં ઉચળે ડુંગર રાણા, કાલે કુંઅરને મનાવસું ને તું તો પડયો રે પા'ણા.

મનાવું, ક્રિ૦ અ૦ રીસ-ગુસ્સો તજી દઇ મળી જવું; ફરીને પ્રીતિ-સ્નેહ-સંબંધ બાંધવો; માનવું.

મનિયાર, પું૦ ચુડગર; ચુડીઓ બનાવી વેચનાર; મનીહાર. (૨) ભવાઇમાંનો એક વેષ.

મનિયારૂં, ન૦ મનિયારનું કામ-ધંધો તે; હાથીદાંત વહેરવાનું-ચુડીઓ ઉતારવાનું અને તેનાં રમકડાં ને ઘાટ બનાવવાનું કામ તે.

મની, સ્ત્રી૦ મીની; બિલાડી. ઉ૦ મની મળે તો મહા સુખ થાય. મિનડી; મિંદડી.

મની-ઓડર, પું. [**અં. Money-order**] ટપાલ ખાતાની એક ઠેકાણેથી બીજે ઠેકાણે વટાવ લઈ રૂપિયા મોકલી આપવાની ગોઠવણ-રીત તે; ટપાલ મારફતે નાંણું મોકલવાની ધરા તે. (૨) ટપાલ મારફતે મોકલેલાં-આવેલાં નાંણું તે; હુંડી.

મનીષા, સ્ત્રી૦ [**સં.**] બુદ્ધિ; મતિ. (૨) જ્ઞાન; સમજ.

મનીહાર, પું૦ મનિયાર; ચુડગર.

મનીશ, ન૦ મનુષ્ય; માણસ; આદમી.

મનુ, પું૦ [**સં.**] એક ઋષિ. (૨) મનુષ્યોનો વડો-રાજા; અમુક કાળ લગી જે મનુષ્યોનું શાસન કરે છે તે મહાપુરૂષ; લોકનિયંતા. (૩) કલ્પના ચૌદમા ભાગ જેટલો કાળ તે. (૪) માનવ ધર્મશાસ્ત્ર બનાવ-

નાર=હિંદુઓનો મૂળ કાયદાશાસ્ત્રી.

મનુજ, ન૦ [સં.] માણસ; મનુષ્ય. (૨) મનુનો વસ્તાર-માણસ જાતિ તે.

મનુષ્ય, ન૦ [સં.] બે પગ ઉપર ટટાર રહી ચાલનારું એક બુદ્ધિશાળી પ્રાણી; માણસ; આદમ. (૨) પુરુષ; નર; આદમી.

મનુષ્યગણ, પું૦ [સં.] જ્યોતિષ પ્રમાણે સત્તાવીસ નક્ષત્રોના દેવ, રાક્ષસ ને મનુષ્ય એવા ત્રણ વર્ગમાંનો છેલ્લો વર્ગ તે. નવ નક્ષત્રો દરેક ગણનાં ગણાય છે અને તે તે નક્ષત્રવાળો માણસ તે તે ગણનો ગણાય છે. એ ગણાનુસાર સ્વભાવ અને પ્રારબ્ધ કહેવાય છે. મનુષ્યયજ્ઞ=માણસને જમાડી તૃપ્ત કરવો તે; અતિથિને જમાડીથી સંતુષ્ટ કરવારૂપ યજ્ઞ તે. મનુષ્યલોક=મૃત્યુલોક; આ પૃથ્વી ઉપર રહેનારાં માણસો તે; આ લોક; પૃથ્વી.

મનુષ્યતા, સ્ત્રી૦ માણસપણું; મનુષ્યત્વ.

મનુષ્યત્વ, ન૦ [સં.] માણસાઇ; મનુષ્યતા.

મનુહાર, પું૦ મનામણાંની આજીજી-કાલાવાલા કરવા તે; ખાતર; પ્રાર્થના; આરાધના.

મને, અ૦ મના; મનાઈ.

મનોગત, પું૦ [સં.] મનમાં રહેલું હોય તે; મનમાંનો વિચાર-હેતુ-અર્થ તે; વિચાર; કલ્પના; અભિપ્રાય. (૨) ઇચ્છા; ભાવ.

મનોગતિ, સ્ત્રી૦ મનનો વેગ તે. (૨) મનની પહોંચ-ગ્રહણશક્તિ તે.

મનોજ્ઞ, વિ૦ મનોહર; સુંદર, મઝાનું. ઉ૦ મનોજ્ઞ કસ્તૂરિમૃગાભિસારથી.

મનોજ્ઞતા, સ્ત્રી૦ મનોહરતા; સૌંદર્ય.

મનોધર્મ, પું૦ [સં.] મનનું જે સ્વાભાવિક લક્ષણ તે; મનનું મનપણું તે. મનોધર્મમાં પ્રીતિ, ક્રોધ, અહંભાવ; વિચાર; સ્મરણ શક્તિ વગેરેનો સમાવેશ થાય છે. મનનો વિકાર-મનની શક્તિ વગેરે તે.

મનોનિગ્રહ, પું૦ [સં.] મનને વશ રાખવું તે; મનને કબજે રાખવું તે; સંયમ.

મનોભંગ, પું૦ મન-ભાવનાનો ઉત્સાહ ભાગી જવો તે; મનનું પાછા પડી જવું તે; નાસીપાસી; ઉત્સાહભંગ, તેમજ આશા-ઈચ્છાભંગ તે.

મનોભાવ, પું૦ [સં.] મનની જે ઇચ્છા-કાંક્ષા તે; મનમાંની લાગણી; વૃત્તિ; દિલની મતલબ. (૨) મનની-જે આંતરિક પ્રીતિ તે.

મનોભૂ, પું૦ [સં.] કામદેવ; મદન; સ્મર.

મનોમય, વિ૦ [સં.] મન સંબંધી; મન રૂપ એવું; મનનું; માનસિક. મનોમય-કોશ=દેહના પાંચ કોશોમાંનો 'હું છું, અને શરીરની સત્તા મારા હાથમાં છે,' એવું જ્ઞાન તે; કર્મેંદ્રિય ઉપર જેને અધિકાર છે એવો શરીરમાંનો અંતઃકરણ વિશેષ વિભાગ તે.

મનોયત્ન, ન૦ મનવડે-સ્વતઃ જેને બેસાડવાનો યત્ન કરવો તે; જાતે જે યત્ન કરવો તે; પ્રયોગપાઠ; અમુક નિયમ કર્યા કે જાણ્યા પછી તે પ્રમાણે કરી જોવું તે; અભ્યાસપાઠ; ધડો, રીત્યનુસાર હિસાબ પોતાની મેળે ગણવાનું કાર્ય-પ્રયોગ તે. પહેલા મનોયત્નના પાંચ દાખલા ગણી લાવ.

મનોરંજક, વિ૦ મનને રંજન કરે એવું; દિલ ખુશ કરે એવું; મનોહર.

મનોરંજન, વિ૦ મન ખુશ થાય એવું; મન રાજી થાય એવું; પ્રિય લાગે-પ્રીતિભાવ ઉપજાવે એવું.

મનોરથ, પું૦ [સં.] મનનો જે ભાવ-ઇચ્છા, કાંક્ષા તે; મનની ધારણા. (૨) મનના તરંગ-બુટ્ટા તે; ભાવનાઓના તરંગ અથવા વિચાર તે.

મનોરમ, વિ૦ [સં.] મનને રમાડે-આનંદ ઉપજાવે, ગમ્મત આપે એવું; સૌંદર્ય

અને ગુણથી જોનારને આનંદ આપે–રાજી–પ્રસન્ન કરે એવું.

મનોરમ્ય, વિ૦ મન રીઝે–રળિયાત થાય એવું; સુંદર; મઝેનું.

મનોવિકાર, પું૦ [सं.] કામ ક્રોધાદિકનો જુસ્સો ચઢી આવવો તે; મનની સ્વાભાવિક સ્થિતિમાં વિકાર થવો તે; રાગ દ્વેષાદિકની લાગણીઓ ઉછળી આવી મનનું બદલાવું તે; લાગણીઓનો ઉછાળો–ભાવના વગેરે થઈ આવવાં તે.

મનોવૃત્તિ, સ્ત્રી૦ [सं.] મનનું અમુક બાબત તરફનું વલણ તે; સંકલ્પાદિક રૂપ મનમાં ઉપજતી ચેતના તે; ઇચ્છા; ભાવના.

મનોવેગ, પું૦ મનનો વેગ–ઝંડપ તે. (૨) મનમાં પ્રકટેલો લાગણીનો તીવ્ર જુસ્સો-ઉભરો તે; મનની ધારણાસિદ્ધિને માટે થઈ આવતી તાલાવેલી તે.

મનોહર, વિ૦ [सं.] મનને હરી લે એવું; મોહ પમાડે એવું; સુંદર; રૂપાળું; ખૂબસુરત; મનોજ્ઞ. (૨) મધુરૂં; પ્રિય લાગે–દિલ રીઝવે એવું.

મનોહારી, વિ૦ મનોહર; સુંદર; દિલ રીઝવે એવું. (૨) આકર્ષક; ખેંચાણકારક.

મન્મથ, પું૦ [सं.] મનને મથી નાંખનાર, તે; કામદેવ; સ્મર.

મન્ય, વિ૦ [सं.] માનનાર.–પંડિતમન્ય.

મન્યુ, પું૦ [सं.] ક્રોધ; ગુસ્સો. (૨) મનસ્તાપ; રાગ.

મન્વંતર, પું૦ [सं.] કલ્પના ચૌદ મનુઓમાંના કોઈ પણ બે મનુ વચ્ચેનો વખત–કાળ તે; એક મનુની કારકિર્દીનો કાળ. આ કાળ ૩૦૬૭૨૦૦૦૦ વર્ષનો ગણાય છે. હાલ વૈવસ્વત મનુ ચાલે છે.

મપારો, પું૦ અનાજ વગેરે જોખનારો અથવા ભરનારો તે; જોખો; પાલીવડે અનાજ ભરીને માપનાર–વેપારી. મપારાની નાત અને અટક છે. (૨) ધપ્પો.

મપાવવું, ક્રિ૦ સ૦ ભરાવવું; તોળાવવું; વજન કરાવવું; માપ કઢાવવું; લંબાઈ પહોળાઈ, ઉંડાણ ને ઉંચાણ, જથો અને વજન અમુક રીતે કેટકેટલાં છે તેનું પ્રમાણ કઢાવવું તે; માપ–પ્રમાણ કાઢવું. (૨) કિમ્મત કરાવવી તોલ કરાવવું:–બોલ્યા ઉપરથીજ એમની બુદ્ધિ મપાઇ ગઈ.

મપાવું, ક્રિ૦ અ૦ ભરાવું; તોળાવું; માપ થવું; પ્રમાણ નીકળવું.

મફત, અ૦ [फा.] બદલા વગર; ફોકટ; વગર પૈસે. (૨) અમસ્તુ; જૂજ કિમ્મતે.

મફતિયું, વિ૦ મફતનું; બદલામાં કંઇ મળે નહિ એવું; ફોગટિયું.

મફલીસ, વિ૦ ગરીબ; કંગાલ.

મબલક, વિ૦ [फा.] ઘણું; અતિશય;પુષ્કળ.: ફળવૃક્ષ પણ મબલક હતાં. પ્રિયદર્શના.

મબારખી, સ્ત્રી૦ નાનાં છોકરાંને થતો એક રોગ. ઢોરને પણ આ રોગ થાય છે.

મભમ, વિ૦ [आ. मुबहम] બાધેભારે; અસ્પષ્ટ; સંદિગ્ધ; ગમે તેનું નામ દઈ અદ્ધર જણાવેલું; ઉપલક–સંકેતમાં જણાવેલું હોય-રાખેલું હોય તેવું; અનિશ્ચિત સ્થિતિમાં એમનું એમ રહેવા દીધેલું હોય એવું; નિર્ણય નહિ કરેલો હોય એવું; અદબદ.

મમ, સ૦ [सं.] મારૂં; મુજ.

મમઇ, સ્ત્રી૦ માની મા; દાદી.

મમત, પું૦ [सं. ममत्व] પોતાપણાનું અભિમાન અને આગ્રહ તે; પોતાના મતને પકડી રાખવો તે. (૨) પોતાનાં માણસો આમજનો ઉપરનું મારાપણું તે; પોતાનાં માટે સ્નેહ ભાવ તે. (૩) આગ્રહ; હઠ; જીદ; બહોંશ. ક્રિ૦ પ્ર૦ મમત કરવો=પોતાના મતને વળગી રહીને આગ્રહથી તે પાર ઉતારવાનો યત્ન કરવો; પોતાનો વિચાર પાર પાડવાનો આગ્રહ રાખવો તે; પોતાપણાના અભિમાનમાં તણાવું; બહોંશ કરવી. મમત મૂકવો=આગ્રહ છોડી દેવો.

મમતા, સ્ત્રી૰ મારાપણાની માયા તે; સ્નેહ; પ્રીતિ. (૨) મારૂં છે એમ માનવું તે; મારાપણાનું અભિમાન; મમત્વ. (૩) આગ્રહ; હઠ. ક્રિ૰પ્ર૰ મમતા રાખવી=માયા રાખવી. મમતામમતી=ચઢાઉતરી; ચઢાચઢ; હરિફાઈ; સ્પર્ધા.

મમતાળુ, વિ૰ મમતાવાળુ; માયાળુ; સ્નેહાળ; પ્રેમી. (૨) દયાળુ.

મમતાળુપણું, ન૰ મમતા; માયા રાખવી તે; પ્રેમીપણું. (૨) દયાળુતા.

મમતી, વિ૰ હઠીલું; આગ્રહી; પોતાના મતને વળગી રહેનારૂં.

મમતીલું, વિ૰ મમતી; હઠીલું; આગ્રહી; જિદ્દી.

મમત્વ, ન૰ [**સં.**] મારાપણું; હુંપણાનું અભિમાન તે. (૨) પોતાનાં સંબંધી પરનું વહાલ તે; 'મારૂં' એવા સ્વાભિમાનપૂર્વક સ્નેહ કરવો તે. (૩) હઠ; આગ્રહ; જીદ; મારાપણાનો આગ્રહ તે.

મમરા, પું૰ ચોખાની ધાણી; ખારામાં પલાળીને શેકેલા ચોખાની ધાણી. (૨) મમરો=મર્મનું વચન; ફડદું. ક્રિ૰ પ્ર૰ મમરો મૂકવો=ઠંડું પડતાં પડતાં પાછું જાગ્રત થાય ઉશ્કેરાય એમ કરવું તે; ચઢાવવું; રંજક મૂકવી; બે જણને કલહ થાય એવું મર્મનું વચન-ફડદું મૂકવું. રૂ૰પ્ર૰ કાનમાં મમરો મૂકવો=છૂપી ઉશ્કેરણી આપવી; છુપી સલાહ આપવી.

મમળાવવું, ક્રિ૰ સ૰ ઓગાળવા માટે મોઢામાં આમતેમ ફેરવ્યા કરવું (નહિ ચાવી જવું) રસ કરવાને મોંમાં હલાવવું; દાંતથી નહિ ભાગતાં મોંમાં ફેરવી રસ કરીને ચૂસવું.

મમાવો, પું૰ માનો બાપ તે; દાદો.

મમ્મો, પું૰ [**સં.**] મ એવો ઉચ્ચાર ને અક્ષર તે. રૂ૰ પ્ર૰ મમ્મો ચચ્ચો=અપ શબ્દ; સામાને ખરાબ લાગે એવું બોલવું તે; ગાળ. તું કંઇ મમ્મો ચચ્ચો બોલતો નહિ. મમ્મો ચચ્ચો બોલવો=નઠારી ગાળ બોલવી-દેવી તે; આડુંતેડું બોલવું.

મય, વિ૰ [**સં.**] ભરપુર; વિંટાયેલું; સમાન હોય એવું:-જળમય; આનંદમય; સુવર્ણમય.

મયા, સ્ત્રી૰ માયા, વહાલ; સ્નેહ. (૨) દયા; કૃપા.

મયૂખ, ન૰ [**સં.**] કિરણ; કર; રશ્મિ.

મયૂર, પું૰ [**સં.**] મોર; એક મોટું સુંદર પિંછાંવાળું પંખી; કલાપિ; કેકી.

મયૂરી, સ્ત્રી૰ ઢેલ; મોરની માદા.

મય્યત, ન૰ મરણું; મરણ; મૈયત.

મર, અ૰ છો; છોને; ભલે; હશે; ગમેતેમ કરે તેની દરકાર નહિ, એવા અર્થમાં વપરાય છે. મર જાય. મરને:-મરને માથાં ફૂટે.

મરકત, પું૰ [**સં.**] લીલા રંગનો કિમતી પથરો; પાનું; એક જાતનું રત્ન.

મરકલડું, ન૰ હસતા મોંનો લટકો; મલકાતા મોંનો ચાળો; મંદહાસ્ય પૂર્વક કરેલું નખરૂં. ઉ૰ મરકડલે મુખ મધુરે વચને, મરજાદા મન આણીજી, શાક પાક પીરૂને નવ પીરસ્યાં, આધો પાલવ તાણીજી. પ્રેમાનંદ.

મરકી, સ્ત્રી૰ ઘણાં મરણ થાય એવો મરજ; એક સરખા ચિહ્નવાળા રોગે ઘણાં મરણ થવાં તે, અને તે રોગ; ચેપી-ઉડતો રોગ; મરણજ થાય એવો જીવલેણ રોગ તે; થોડા વખતમાં ઘણાઓના જીવ લઇ નાંખે એવો ભયંકર આજાર:-કોગળિયું; ગાંઠિયો તાવ; ટૂંટિયું; ઇન્ફ્લુએન્ઝા; બળિયાં વગેરે-રોગો તે. ક્રિ૰ પ્ર૰ મરકી ચાલવી-ફાટવી=પ્રજામાં ઘણાં મરણ થાય એવા રોગનું એકદમ પ્રસરવું-ફેલાવું. (૨) મરચી; અડદના લોટની જલેબી:-અમદાવાદની મરકી વખણાય છે.

મરગ, પું૰ [**સં. મૃગ**] હરિણ; કુરંગ; મૃગ; છિકારૂં. ઉ૰ મરગ મરતી વેળાએ પોકાર્યો, રઘુપતિરામ હ્રદેમાં રહેજોરે. મરઘ-મરઘલી-લો. ઉ૰ અમે ચઢિયા સકાર, મારેલ મરઘલો, તેના ઉડયા તરશકર, લોહિયાળાં લુગડાં. ભાખણથી ને માણકહેના સોરઠા.

મરઘી, સ્ત્રી૰ થોડું ઉડી શકે એવું એક પંખી; કુકડી; મરઘડી; મરઘાની માદા. કહે૰ મરઘીનું મોત ઢપલે=ગરીબ સહેજે નાશ પામે.

મરઘું, ન૰ મરઘી ને મરઘો એકે તે; કુકડું; મરઘડું.

મરઘો, પું૰ કુકડો; મરઘડો; મરઘીનો નર; તામ્રચૂડ. મરઘાલડાઇ.

મરચી, સ્ત્રી૰ મરચાનો છોડ; જેને મરચાં થાય છે તે છોડ. (૨) કાને પહેરવાનું એક ઘરેણું; મોતીના લુમખાંવાળી વાળી. (૩) મરકી–મરચી=અડદના લોટની જલેબી.

મરચું, ન૰ મરચીનું ફળ; એક જાતની તીખી વનસ્પતિશિંગ. (૨) વિ૰ તીખા–આકળા સ્વભાવનું.–નાનો પણ મરચું છે, અર્થાત્ તીખો છે. રૂ૰ પ્ર૰ મરચું મીઠું ભભરાવવું=વધારીને–ટકા ચઢાવીને વાત કરવી.

મરજ, પું૰ [आ. मरज़] આજાર, વાવર. (૨) વ્યાધિ; રોગ. મરણ થાય એવા રોગનો ઉપાડ તે..

મરજાદ, સ્ત્રી૰ [सं. मर्यादा] લાજ; અદબ; વિવેકી વર્તન. (૨) સભ્યતા; વિવેક. (૩) હદ.

મરજાદા, સ્ત્રી૰ લાજ, વિવેક; અદબ. (૨) હદ; સીમા.

મરજાદી, વિ૰ પુષ્ટિમાર્ગના આચારવિચારે ચાલનારૂં; પુષ્ટિમાર્ગના આચારના નિયમે વર્તનાર તે.

મરજી, સ્ત્રી૰ [आ. मर्जि] ઇચ્છા; ખુશી; ખાએશ. (૨) તબિયત; મિજાજ. મરજીરખું= મનરાખનારૂં; ખુશામતિયું. ક્રિ૰ પ્ર૰ મરજી રાખવી=સામા માણસની ઇચ્છાને અનુસરવું; સામાની ખુશી હોય એમ કર્યા કરવું તે. કહે૰ મરજી પ્રમાણે થતું હોય તો સૌ પાલખીમાં બેસે.

મરજીવો, પું૰ મોતીની છીપો કાઢવા માટે પાણીમાં ડુબકી મારનારો; મરણની દરકાર રાખ્યા વગર કામ કરનારો; મરણિયો; મરણથી નહિ ડરનારો. (૨) જીવ સટોસટનું કામ કરનારો.

મરડ, પું૰ મરડાટ; કરડાકીનું બોલવું તે; સ્વાભિમાનથી બીજાને મહેણા રૂપ લાગે એવું મર્મ વચન કહેવું તે; ટકોર; ઉપાલંભ; મહેણું; ટાણો:–એ તો મરડમાં બોલે છે. (૨) ગર્વ; શેખી; ટેકનો ફાંકો. (૩) કાંકરો; જેનો ચુનો થાય છે તેનાના નાના કંકરાવાળી સહેજ ઉજળી ને ચીકણી માટી તે..

મરડવું, ક્રિ૰ સ૰ વાંકું વાળવું; વળે એમ આંબળવું; ઉલટી બાજુ તરફ ફેરવવું. (૨) આડું પડવું; હરકત કરવી. (૩) દોરી ખેંચવી; કુંચી ફેરવવી. (૪) તાબે કરવું.

મરડાટ, પું૰ સ્વાભિમાનપૂર્વક ટેકમાં રહેવું તે; ગર્વી ટેક. (૨) રીસને લીધે આડું બોલવું અને ચાલવું તે; વળ–કસનું બોલવું–મહેણારૂપે–ટકોરમાં બોલવું તે. (૩) મરડ; મરડાતાં ચાલીને લટકો–ચાળો કરવો તે; રૂપાદિકના ગર્વમાં અને સામા ઉપરની રીસમાં અકડાઇને હિંડવું–બોલવું વગેરે ભાવો તે. (૪) વિરૂદ્ધતા.

મરડાવું, ક્રિ૰ અ૰ વાંકાવળવું. (૨) રીસમાં આડા ચાલવું. (૩) નખરાં કરવાં. (૪) જુદા પડવું; સામા પડવું; મુખ–મત–ફેરવી દેવો.

મરડાશિંગ, સ્ત્રી૰ એક જાતની આંબળાવાળી શિંગ. દવા તરીકે વપરાય છે.

મરડિયો, પું૰ માટીમાં થતો કાચા પત્થરનો કાંકરો તે; કંકર; મરડ. ઉ૰ કહે નરભો ખરને લાભ શો, મિસરી ભર કે મરડિયો.

મરડો, પું૰ વારંવાર અમળાઇને ઝાડો આવે ને જળસ–આમ પડે એવો એક રોગ;આમ.

મરણ, ન૰ [सं.] પ્રાણી–મનુષ્ય વગેરેના દેહમાં જે ચૈતન્ય હોય છે તે જતું રહેવું તે; નિર્જીવ થવું તે; મોત; મૃત્યુ; જીવ

જવો તે. (૨) મોટું સંકટ-પીડા તે. ક્રિ૦ પ્ર૦ મરણ આવવું=મોત [illegible] મરણ થાય એવું સંકટ આવવું. મરણ થવું=જીવજવો. મરણ સાચવવું=મરતા માણસની સારવાર તેમજ મરણોત્તર ક્રિયા બરોબર કરવી તે. રૂ૦ પ્ર૦ મરણ વખતે આડે આવવું=મરણ સમે સહાય રૂપ કે પીડા રૂપ થવું; મરણ થતાં યાદ આવવું; મરતાં દુઃખ પડવું, વગેરે.

મરણઘાત, સ્ત્રી૦ મરણજ થાય એવો પ્રસંગ-અકસ્માત તે; પ્રાણહાનિનો પ્રસંગ તે.

મરણતોલ, વિ૦ મરણ થાય તેવું; મરણજ ન હોય તેવું. (૨) મરૂં મરૂં થઈ રહેલું હોય એવું; મરી ગયેલું હોય એવું:-મરણતોલ માર માર્યો. મરણ=તોલ માંદો થઈ ગયો હતો.

મરણપોક, સ્ત્રી૦ મરતા માણસના કાનમાં મોં ઘાલી તેનું નામ દઈને મોટેથી રોવું તે.

મરણાંત, અ૦ [સં.] મરણ થાય ત્યાં લગી; મરતા સુધી.

મરણિયું, વિ૦ જીવપર આવેલું; મરવાને તૈયાર થયેલું; જેણે મરણજ આદર્યું હોય એવું. કહે૦ એક મરણિયો સોને ભારે.

મરણું, ન૦ મરણ મૃત્યુ:-દરબારમાં જુવાન મરણું થયું છે. (૪) મરવું તે. ઉ૦ મરણાં મોંઘાં છે દુઃખિયાંને.

મરતબો, પું૦ [अ. मरतब] દરજ્જો; પદવી; અધિકાર; મોભો; મોટાનું માન ને અદબ રાખવી તે. (૨) મરજાદ; અદબ; વજન; ભારબોજ. ક્રિ૦ પ્ર૦ મરતબો સાચવવો=મોટાઇને ઘટિત અદબ રાખવી તે.

મરદ, પું૦ [फा मर्द] નર; પુરૂષ. (૨) પતિ; ધણી. (૩) પુરૂષાતનવાળો માણસ તે; શૂરવીર; બહાદુર નર. કહે૦ મરદની ગરદમાં રહીએ પણ નામરદની સોડમાં નારહીએ=મરદની સામા થવું સારૂં પણ નામરદને આશરે રહેવું ખોટું, એમ.

મરદવું, ક્રિ૦ સ૦ [सं. मर्द्] મર્દન કરવું; ચોળવું; ઘસવું. (૨) મસળવું.

મરદંગ, સ્ત્રી૦ મૃદંગ; એક ચર્મવાદ્ય.

મરદાઈ, સ્ત્રી૦ મરદપણું; પુરૂષાતન; બહાદુરી. (૨) પુરૂષાર્થ; પરાક્રમ; વીરતા.

મરદાનગી, સ્ત્રી૦ મરદપણું; બહાદુરી.

મરદાની, વિ૦ [फा.] મરદને શોભે તેવું; મરદને યોગ્ય. (૨) નિડર; હિમ્મતનું:-મરદાની કસરતો કરવી.

મરદામી, સ્ત્રી૦ મરદાઈ; પુરૂષાતન; બહાદુરી.

મરદી, સ્ત્રી૦ મરદાઈ. (૨) પુરૂષત્વ; વીરપણું.

મરદુમી, સ્ત્રી૦ મરદાઈ.

મરદેઆદમી, પું૦ બહાદુર માણસ; વીરનર. (૨) ખાનદાન કુટુંબનો માણસ.

મરનાર, વિ૦ મરણની દરકાર નહિ કરનાર; મરણથી નહિ ડરનાર; મરવાને તૈયાર તે. કોણ મરનાર છે? મરનારૂં. (૨) મરણ પામેલું તે; મુએલું તે; મુએલું; મૃત; મરી ગયેલું; જેનો જીવ દેહમાં રહેલો નથી તે. કહે૦ મરનારને ઉંચકનારની શી ફિકર=પોતાનું શું થશે તે જેને જોવું નથી તેને શું ? એવા અર્થમાં.

મરની, અ૦ ચાલ્યો જા; દૂર ખસ; જતો રહે.-અહિંથી દૂર મરની. (૨) ભલે; છો.

મરને, અ૦ ભલે; છો; ખેર.:-મરને ગમે તે થાય, આપણે શું ?

મરવત, સ્ત્રી૦ સ્નેહ; પ્રીતિ. (૨) લાજ; વિનય; સભ્યતા.

મરવું, ક્રિ૦ અ૦ પ્રાણીનું ચૈતન્ય મુક્ત થવું; જીવ જતો રહેવો; ગુજરીજવું; મરણ પામવું. (૨) સુકાઈ કરમાઈ-જવું.:-પાંચ છોડમાંના ત્રણ મરી ગયા. (૩) ધાતુ વગેરેની ખાખ થવી:-તાંબું મરે તો સોનું થાય. (૪) ચાલતું બંધથવું; ઉપડીજવું; નહિ ચાલુ રહેવાવું:-આ સોગટી મરે નહિ તે સંભાળજો. (૫) આવવું-જવું:-એને અહિં મરવા દો=આવવા દો, ત્યાં

મરવા દો=જવા દો. (૬) અધીરથવું. (૭) રિબાવું; પીડાવું; દુઃખી થવું:–ભૂખે મરવું. (૮) લાગણી જતીરહેવી; અસર ઓછી થઈજવી. ભૂખ મરીગઈ. (૯) પચવું; ભરાવું; રચવું:–પાણી મરે છે. (૧૦) નુકસાન ખમવું–ખોટ આવવી, દબાવું:–ભાવથી વેપારી મુઆ.

મરવો, પું૰ નાની કાચી કેરી; કુમળું નાનું આમ્રફળ. ઉ૰ બાગ આવશો આજ, તો મરવા દઉં મહારાજ. ક. દ. ડા. (૨) કોઈપણ કુમળું ફળ.

મરસિયા, [**अ. मर्‌सिया**] શોકનાં ગીત; વિલપન; પરજિયા; રાજિયા. મહોરમમાં અલીના વંશજો તેને યાદ કરીને રડતાં અને કૂટતાં જે શોકના ગીતોદ્‌ગાર કાઢે છે તે–લોદણોના મરસિયા.

મરહુમ, વિ૰ [**फा. मर्‌हुम**] મરણ પામેલું; મરી ગયેલું હોય તે; ગત–થયેલું; સ્વર્ગસ્થ.:–મરહુમ લાલશંકર ઉમિયાશંકરની કારકિર્દી બહુ ઉજ્વળ હતી.

મરાઠણ, સ્ત્રી૰ મરાઠેણ; મરાઠાની–મહારાષ્ટ્રની સ્ત્રી તે.

મરાઠા, પું૰ મહારાષ્ટ્રના રહેનારાઓ તે; દખ્ખણના લોક.

મરાઠી, વિ૰ મહારાષ્ટ્રનું–સંબંધી.:–મરાઠી ભાષા.

મરામત, સ્ત્રી૰ [**अ. मरम्मत**] ઠીક ઠાક કરાવવું તે; ભાગ્યુંતૂટયું સમરાવવું તે; દુરસ્તી; સમરામણ–ણી. ઠીક–દુરસ્ત કરવું–બગડયું હોય તે સુધરાવવું–સુધારી લેવું તે; ટાપટીપ–સુશોભિત કરવું તે.

મરામતી, વિ૰ મરામતનું; ઠીકઠાક કરાવવું પડે એવું. (૨) મરામત કરનાર.

મરાવવું, ક્રિ૰ પ્રે૰ મારે એમ કરાવવું; ઠોકાવવું; ઝુડાવવું; હણાવવું; ઘાત કરાવવો.

મરાસ, ન૰ વારસો; કુટુંબીઓમાં જે ખરા હક્કનું ભોક્તા હોય તે.

મરિયું, ન૰ મરી; એક જાતનાં ધોળાં ને ગોળ તીખાંબિયાં. (૨) નાનો પણ આકરો અને તીખો ક્યું કે નાનો અંકુર તે.:–એ તો મરિયું છે–સહેલ ધારતો નહિ. મરી જેવું તીખું–કડક એમ.

મરી, ન૰ [**सं. मरिच**] એક વેલનાં તીખાં ને તમતમાં કાળાં તુવેર જેવડાં ગોળ બી; તીખાં; મરિયાં; મરિચ. રૂ૰ પ્ર૰ મરી ફાકવાં=ચઢી ચઢીને તીખું બોલવું. મરી મસાલો=ગરમ મસાલો. બહલામણ; ભંભેરણી, ચઢાવો; વધારો. મરી મસાલો ભભરાવવો=વધારીને વાત કહેવી; અતિશયોક્તિ કરવી.

મરીચિ, ન૰ [**सं.**] કિરણ.

મરીચિકા, સ્ત્રી૰ [**सं.**] મૃગજળ; ઝાંઝવાં.

મરીજવું, ક્રિ૰ અ૰ ગુજરીજવું; પ્રાણ–જીવ જવો; દેહાંત થવો; સ્વર્ગે જવું. (૨) સુકાવું; કરમાવું; નાશ પામવું.:–એવો વા વાયો કે બધાં ઝાડ મરી ગયાં. (૩) રીબાવું; પીડાવું; દુઃખી થવું:–ભૂખે મરી ગયા. (૪) લાગણી જતી રહેવી; નહિ અસર થવી; અસર રહિત થવું; ભૂખ મરી ગઈ. (૫) જતું રહેવું; કમી–ઓછું થવું:–મન મરી ગયું. (૬) નકામું થઈ જવું:–ચામડી મરી ગઈ. નિરર્થક થઈ જવું. (૭) ચાલતું બંધ પડવું; ઉપડી જવું:–આ સોગટી મરી ગઈ. (૮) અંદર ને અંદર સમાવું; પચવું; રચવું. (૯) નુકસાનમાં આવવું; દબાવું; ખોટ તળે આવવું:–ભાવ ઘટયા તો પછી વેપારી મરી ગયા, એમ જાણજો. રૂ૰ પ્ર૰ મરી પડવું=ફીદા થઈ જવું; મોહી પડવું; વારી જવું. મરી ફીટવું=મરીને માર્ગ આપવો; ઘેલા થઈ જવું; કહે૰ મરીને કંઈ માળવો લેવાય ? મરતાને મર ના કહેવું. મરતોએ નથી ને માંચો મૂકતોએ નથી=કંટાળારૂપ અપ્રિય થઈ પડવું. મુઈ ભેંસના મોટા ડોળા.

મરૂ, અ૦ નાનાં-વહાલાં માણસ પ્રતિ પ્રેમમાં ઉચ્ચરાતો નિરર્થક ઉદ્‌ગાર; ભલા, અરેરે! હું તારે માટે જે હોય તે સહું; મને મારી નહિ પણ તારીજ દરકાર-વહાલપ વિશેષ છે, એવો-ઓવારણિયો અર્થ બતાવે છે. પારસી બૈરાંમાં વાક્યે વાક્યે વપરાય છેઃ- મરૂ, તમે કેમ આવ્યા નહિ? ઉ૦ ક્ષર શરીર આ પાપ પાંજરૂં, સ્મરણ તેહનું શું કરો મરૂ. વારી જાઉના અર્થમાં પણ વપરાય છે. મરૂ આપે શા માટે તસ્દી લીધી. (૨) ઉજડ; રેતાળ; જળરહિત. મરૂભૂમિ. (૩) મારવાડ.

મરૂડિયો, પું૦ ચુડગર; મનિયાર. કહે૦ હું ચુડો પહેરવા ગઈ ત્યારે મરૂડિયો માંદો પડયો=ભાગ્ય બે ડગલાં આગળનું આગળ.

મરૂડી, સ્ત્રી૦ સાધુ-બાવાની નાની ઝુંપડી; પર્ણકુટી; મઢુલી.

મરૂત, પું૦ [સં.] પવન; વાયુ.

મરેઠણ, સ્ત્રી૦ મરાઠણ; મહારાષ્ટ્રની સ્ત્રી.

મરેઠી, વિ૦ મરાઠી. (૨) એક ઓષધિ; એક જાતનો છોડ.

મરેઠો, પું૦ મહારાષ્ટ્રનો વતની.

મરો, પું૦ મરણ; મોત; ઘણાં મરણાં થવાં તે. (૨) મોત જેવું દુઃખ; મોટી પીડા કે દુઃખ તે; માઠીદશા; હેરાનગતી. કહે૦ બ્રાહ્મણનો વરો અને કુતરાંનો મરો.

મરોડ, પુ૦ વલણ; આકાર; ઝોક=અક્ષરનો મરોડ, (૨) અંગ મરડીને લટકે ચાલવું તે; છેલાઈ; વરણાગી. (૩) ટેક; માનાભિમાન. (૪) રાંટ; વિરૂદ્ધતા.

મરોડવું, ક્રિ૦ સ૦ મરડવું; મચરડવું; આંબળવું; બીજી બાજુ તરફ વાળવું-ફેરવવું. (૨) વાળી નાંખવું; ઉલટી બાજુ તરફ ફેરવવું; વિચાર બદલાવવો. (૩) ઉલટાવવું; ફેરવવું.

મરોડી, સ્ત્રી૦ ખચ ઉઘાડવાનો પેચ-ફેરવાળો સ્ક્રૂ-આંકડી તે.

મર્કટ, ન૦ [સં.] માંકડું; વાંદરૂં; વાનર; કપિ. (૨) વિ૦ દુર્બળ; સુકલકડી; એકવડા બાંધાનું. કહે૦ મર્કટને નિસરણી આપવી=ખૂબ ચઢાવવું-કૂદવાનું કરી આપવું. મર્કટને વળી મદિરા પીએ. વગેરે.

મર્ત્ય, વિ૦ [સં.] મરણશીલ; મરનારૂં; જેને મરણ લાગેલું છે એવું. (૨) ના૦ જેને મરણ આવે છે એવું-માણસ; મનુષ્ય જાતિ-લોક તે. મર્ત્યલોક=પૃથ્વી અને તે પરનાં પ્રાણીઓ વગેરે; મરણ ધર્મવાળી જીવસૃષ્ટિ.

મર્ત્યલોક, પું૦ [સં.] મૃત્યુલોક; માનવ સૃષ્ટિ; મનુષ્યલોક.

મર્દ, વિ૦ બહાદુર; હોશિયાર; શૂરવીર. (૨) ના૦ પુરૂષ; નર; આદમી; માણસ.

મર્દન, ન૦ [સં.] ચોળવું તે; રગડવું-મસળવું તે. તેલ અને ઓષધ વગેરે ઘસીને માલેસ કરવાં તે. (૨) ગદડવું તે; ગદડાટ; ખુંદવું તે. ઉ૦ મર્દન કરો મહારાજ! મર્દન કરીને ઉભા રહ્યા. થાળ.

મર્દવું, ક્રિ૦ અ૦ ચોળવું; રગડવું; મસળવું. (૨) ગદડવું; ખુંદવું. (૩) દાબી દેવું; ધીરે ધીરે નરમ કરવું; પીડવું; કમજોર કરવું. (૪)ખસ્ટ પાડવું; હરાવવું, હલકું પાડવું; માન ભાગવું. ઉ૦ માંડી યત્નથી ગાધિરાજ સુતના, માંડયો તને મર્દવા, તારૂં નાક લીધું સ્વયંવર વિષે, મારી વળી તાડકા.

મર્મ, પું૦ [સં] શરીરમાંનો અતિ નાજુક અવયવ તે; સંધિસ્થાન; શરીરનો નાજુક ભાગ. (૨) ગૂઢાર્થ; ગુપ્તાર્થ; મનમાંની છાની વાત કે વિચાર તે. (૩) ભાવ; રહસ્ય; હેતુ; છુપોભેદ. (૪) ઉંડી સમજ; અંદર રહેલું જે સત્ય-હેતુ વગેરે તે; કર્તવ્યાદિકનું અંતઃકરણમાં રહેલું જે રહસ્ય તે. (૫) ઇંગિત; અભિપ્રાય; મત-

લક્ષ; સંતલસ. (૬) દાવ; પેચ; મનમાંનો છુપો ભેદ તે. મર્મવચનઃ કટાક્ષનું વેણુ; મહેણું.

મર્મજ્ઞ, વિ૦ [सं] મર્મજાણનાર; મનનો જાણકાર; સામાના પેટમાં શું છે તે સમજી જનાર. ઉ૦ મર્મજ્ઞ મર્મના ગોમા. (૨) રસિક; રસ જાણનાર; ચતુર; ઉંડો અર્થ-ભાવ અથવા હેતુ વગેરે તરત સમજીજનાર.

મર્મર, પુ૦ ખરી પડેલાં સુકાં પાંદડાં ઉપર થઈને વહાતા પવને કરીને થતો ઝીણો અવાજ તે; પાંદડાંનો ખડખડાટ. (૨) પાછળથી બડબડવું તે.

મર્મવચન, ન૦ [सं] જેમાં ગૂઢાર્થ રહેલો હોય એવું-રાંટનું મહેણારૂપ વચન તે; બોલી; કરડાગી. વ્યંગવચન; ટાણું; ઠેક; કટાક્ષમાં સામા માણસને લાગણી થાય એવું વચન કહેવું તે.

મર્મસ્થળ, ન૦ [सं] શરીરના કેટલાક અતિ નાજુક ભાગ-અવયવો તે; જ્યાં ને જેની પર આઘાત લાગવાથી જીવ જાય એવો નાજુક અવયવ તે. ખોપરી, લમણાં, સાંધા ઇંદ્રિયોનાં સ્થાન વગેરે. (૨) અંતઃકરણ.

મર્મસ્થાન, ન૦ [सं] શરીરમાંનું નાજુક સ્થાન તે. અંતઃકરણ, કાળજું ને માથું, વગેરે.

મર્માળ, વિ૦ મર્માળુ; મર્મથી ભરેલ ગૂઢાર્થ યુક્ત.

મર્માળુ, વિ૦ જેમાં મર્મ રહેલો હોય એવું; મર્મવાળું.

મર્યાદ, સ્ત્રી૦ [सं, मर्यादा] અદબ; વિવેકાચાર; સભ્યતા. (૨) હદ; સીમા.

મર્યાદશીલ, વિ૦ વિનયી; સભ્ય; વિવેકી; માન-અદબ રાખનારૂં; નમ્રતા અને વિવેકવાળું.

મર્યાદા, સ્ત્રી૦ [सं] વિવેક; વિનય; અદબ; મોટપણુ જોઈ માન રાખીને વર્તવાની જે રીત તે; સભ્યાચાર. (૨) હદ; સીમા. (૩) બંધન; અટકાવ; પ્રતિબંધ; આડ. ક્રિ૦ પ્ર૦ મર્યાદા છોડવી-મૂકવી=અદબ તજી દેવી; હદ ઓળંગી જવું. મર્યાદા રાખવી= મોટાનું મોટપણુ સાચવીને વિવેકથી-સભ્યતાથી વર્તવું.

મલ, પું૦ [सं] મળ; શરીરમાંનો કચરો; મેલ, મૂત્ર, વિષ્ઠા વગેરે મલિન પદાર્થ. (૨) કસરતથી જેણે પોતાનાં અંગ કસેલાં હોય તે; કુસ્તીબાજ માણસ.

મલકટ, પું૦ કાપડા-કાંચળીમાં આવતો એક જરિયેલ કપડાનો કકડો તે; કાંચળીના ઘણાક ખંડમાંનો એક ભાગ; તાલુ.

મલકવું, ક્રિ૦ અ૦ મોં હસી રહેવું; મોંપર અંતરનો રાજીપો દેખાવો; મોં હસુંહસું થઈ રહેવું તે. અંતરની ખુશાલી-આનંદને લીધે મુખ હાસ્યવાળું થઇ રહેવું.

મલકાવવું, ક્રિ૦ સ૦ મોં હસાવવું; મુખ ઉપર હાસ્ય તરી રહે એમ કરવું-હાસ્ય દેખાડવું. (૨) મોંથી ખુશાલી-આનંદ દેખાડવો તે; રાજી-ખુશી કરવું; ખુશખુશ થઇ જાય એમ ખીલવવું; તાન ચઢાવવું; મોં આનંદમાં આણવું.

મલકાવું, ક્રિ૦ અ૦ મંદમંદ હસવું; અંતરના આનંદથી મોં ઉપર હાસ્ય તરી રહે એમ ખુશ-રાજીથવું; હસીજવું-મુખઉપર આનંદ ઉભરાવો; હરખાવું.

મલકુડું, વિ૦ મલગુગળું; નહિખાટું-નહિમોળું એવું; કુચાપાણી થઈ ગયેલું; નહિ દૂધમાં અને નહિ દહિંમાં એવું; બેસ્વાદ; નહિ ખાટું; તરેહવાર-મિશ્ર સ્વાદવાળું દહિં તે. (૨) સહેજમાં મલકાઈ જાય-રાજીરાજી થઇ જાય એવું; આનંદને નહિ ધારણ કરી શકે એવું; હરખાઇ જનારૂં.

મલકુસ્તી, સ્ત્રી૦ કસરતી માણસોનું દાવપેચ લઈ લડવું તે; મલયુદ્ધ; હથિયાર વડે નહિ પણ હાથપગના જોરવડે એક બીજા સાથે બાથબાથા કરવી તે.

મલપવું, વિ૦ રાજીપા આનંદના ડોળથી ડોલીને ચાલવું; ભારેખમપણે આનંદભેર ધીરે ધીરે ડોલતી છટાદાર ચાલે ચાલતું હોય એવું; ઝૂલતું ને હરખાતું હિંડતું. અંતરના આનંદ, અભિમાન અને મરોડથી જોનારની દૃષ્ટિ ખેંચાય તેમ લહેકાતી ચાલે ચાલતું તે.:- મલપતી ચાલે માનિની.

મલબારી, વિ૦ મલબારનું; મલબારનું વતની:- મલબારી સુખડ.

મલમ, ન૦ [अ.मरहम]ધારાં અને ગડગુમડ વગેરે ઉપર લગાડવાનું ઓષધિવાળું મીણ; દવાને ઘીમાં, તેલમાં અથવા મીણમાં કાલવીને બનાવેલી ચામડી પર લગાડવાની દવા.

મલમપટી, સ્ત્રી૦ ધારાં અને ચાંદાં વગેરે ઉપર ચોઢવાની મલમ લગાડેલી કાગળ કે કપડાની નાની ડાગળી, આગળી અથવા કકડો તે; મલમપટો; મલમ લગાડેલો લુગડાનો કકડો. ક્રિ૦ પ્ર૦ મલમપટી કરવી=ઘા-ચાંદાં-વગેરે ઉપર તેના બે ભાગ મળી જાય એમ મલમ વગેરેની આગળી ચોઢવી તે; પટી મારવી. (૨) ફટકાવ્યા પછી પાછું મન મનાવી લેવું; થાબડથીબડ કરવું; સમજાવી-મનાવી લેવું; રૂઝ આવે-રોષ ઉતરે એમ કરવું.

મલમલ, ન૦ બારીક સુતરનું સુલાયમ કપડું; મજલિન; સુરેખ વણાટનું બારીક સુતરેલ કાપડ. મલમલનાં પહેરણ. ઢાકાની મલમલ=બંગાળમાં ઢાકા નામનું શહેર છે ત્યાંની મલમલ આગળના વખતમાં વખાણાતી.

મલય, પું૦ [सं.] હિંદના દક્ષિણ પૂર્વકિનારાનો પહાડીપ્રદેશ અને તે પ્રદેશમાં આવેલો પર્વત; મલબારમાં જ્યાં સુખડનાં પુષ્કળ ઝાડ થાય છે તે-હિંદના દક્ષિણ પૂર્વકિનારા ઉપર આવેલો ડુંગર. મલયાનિલ=હિંદમાં વસંતઋતુ બેસતાં દક્ષિણ પૂર્વદિશાનો વાયુ વહાય છે તે; મલબાર ઉપર થઈને આવતો વાયુ-મલયાનિલ વસંતાગમ સૂચવે છે.

મલયાગુરુ, ન૦ [सं] મલય પર્વત અને મલબારમાં થતું સુગંધિદાર લાકડાનું એક ઝાડ; રક્તચંદન; મલયનું સીસમ તે.

મલાઇ, સ્ત્રી૦ મલૈ; દૂધને ઉકાળતાં તેની ઉપર તરી આવતો તૈલી ચીકણો મીઠો પદાર્થ; તર. દૂધને ઉનું કરીને ઠારતાં સપાટી ઉપર જે ચીકણી તરની ફપોટી બંધાય છે તે-સ્નેહયુક્ત પદાર્થ. (૨) સત્ત્વ; સાર; તત્ત્વ.

મલાજો, પુ૦ મોટાનું મોટપણ અને અદબ રાખવી તે; મુલાજો; પડદો રાખવો તે; સભ્યતા; લાજ; વિવેક અને વિનય રાખવાં તે. ઓસંકો. શરમાવું-મોટાંના દેખતાં બોલવા ચાલવાની ઝાઝી છૂટ ન લેવી તે. ઉ૦ તમે મારો મુકાવ્યો મલાજો. લીલાવતી. પડદો; અંતરઃ-છોકરાંને ત્યાં છોકરાં થયાં પણ ઓહો ! એ મલાજો કેવો રાખે છે ?

મલાર, [सं. मल्हारी] ગાવાનો એક રાગ. કહે છે કે, આ રાગ ગાતાં વરસાદ આવે છે. નૃસિંહ મહેતાએ મલાર ગાઇને વરસાદ આણ્યો હતો. એક રાગિણી. ઉ૦ મયૂર અલાપે રાગ મલાર.

મલાવડાં, નં૦ મુખ હસતું રાખી કંઇક ઇંગિત સાથે ખુશામત કરવી તે; મોં મલકાવી પ્રિય વચન બોલવાં અને હસતે મોંએ સારૂં લગાડવું-નખરાં કરવાં તે; માથું હલાવી સામાને પ્રિય લાગે એવું રીઝનું બોલવું તે. (૨) અનુનય; રીઝવણી.

મલાવવું, ક્રિ૦ પ્રે૦ આનંદ અનુભવે-ભોગવે હરેફરે અને મોજ કરે એમ કરાવવું તે; પ્રફુલ્લ કરી દીપાવવું; વિકાસવા દેવું. (૨) લંબાવવું; વધારવું; અતિશયોક્તિ કરવી. (૩) વધારીને રંગ પુરવો; બહલાવવું.

મલાવો, પું૦ મલાવવું તે. (૨) વધારો; ચઢાવો: ટકા ચઢાવવા-બહલાવવું તે; અતિ-

ચયોક્તિ કરવી તે.

મલિકા, સ્ત્રી૦ રાણી; રાજકર્ત્રી.

મલિદો, પું૦ [फा.] આવાનો નગદ—ઘી ખાં- ડથી ભરેલો પદાર્થ તે; સારો—ચીકણો— સત્વદાર ખોરાક; ચુરમું. (૨) વગરવાળેલો પણ ઘીગોળથી ભરપુર છુટો લાડુ;—પીરને સવા પાંચ શેર મલિદો ધરાવજો.(૨)સત્ત્વ; તર; સારભૂત—નગદ માલ તે.

મલિન, વિ૦ [सं] મેલું; ગંદું; ગોબ્નું; અ- સ્વચ્છ. (૨) ઝાંખું; નહિ તેજસ્વી એવું. તે. (૩) ડહોળું; રજ—કચરાવાળું.(૪) દુષ્ટ; કપટી; નહિ ખુલ્લું.

મલિનતા, સ્ત્રી૦ [सं] મેલાપણું. (૨) ઝાંખ; અસ્વચ્છતા.

મલીદો, જુઓ મલિદો.

મલુક, વિ૦ સારું; ઉત્કૃષ્ટ. (૨)ના૦ દેશ; મુલક.

મલેક, પું૦ [फा.] અમીર; ઉમરાવ. (૨) મુ- સલમાનમાં આ એક મોટો ઇલકાબ છે.

મલેરિયા, ન૦ મેલેરિયા. [अं. Malaria] મચ્છરના ડંખથી ઉત્પન્ન થતો ટાઢિયો— એકાંતરિયો તાવ. જેમાં વનસ્પતિનું કો- હવાણ થતું હોય એવાં તલાવડાં ઉપરના મચ્છરો, એક જાતના જંતુઓ માણસને કરડતાં તેના લોહીમાં દાખલ કરે છે અને તેથી આ તાવ ઉત્પન્ન થાય છે.

મલોખું, વિ૦ ત્રાંસી આંખે જોનારું; જરા ત્રાંસે જુએ ત્યારે જેને બરોબર દેખાય એવું; બાડું.

મલ્લ, પું. કસરતથી શરીરને કસી જોરાવર— લઠ્ઠ થયેલો માણસ તે; કુસ્તી—બથંબથા લડવામાં હોંશિયાર અને સામા માણસ ઉપર કેમ ચિત્ લેવી તે જાણનાર માણસ. કુસ્તીબાજ; પહેલવાન. મલ્લયુદ્ધ=કુસ્તી.

મલ્લાર, પું૦ મલ્હાર; મલ્લારી રાગિણી તે; જુઓ મલાર.

મલ્લિકા, સ્ત્રી૦ [सं.] એક જાતની વેલ.

મલ્લિકાક્ષ, પું૦ [सं.] રાતાં મોં ચાંચ અને રાતા પંજાવાળો હંસ.

મસકાવવું, ક્રિ૦ પ્રે૦ સમાવવું; માય એમ કરવું; દાબીને—ઠાંસીને ભરવું—ઘાલવું. માત્ર એકજ પાત્રમાં ભરાય રહે એમ કરવું તે.

મવાડવું, ક્રિ૦સ૦ સમાય તેમ કરવું; સમાવવું.

મશ, ન૦ [सं. मिष] બહાનું; નિમિત્ત; જુઠો—ખોટો સબબ. ઉ૦ આડોશીપાડોશીરે, મશે મે'ણાં મારે, લોક મુંડળ બોલેરે, હું તો મોઢે કહું છું. દયારામ.

મશક, પું૦ [सं] મચ્છર; ડાંસ. (૨) સ્ત્રી૦ પાણી ભરવાની ચામડાની કોથળી; પીઠપર લઇ શકાય એવો પાણી ભરવાનો ચામ- ડાનો કોથળો.

મશગુલ, વિ૦[फा.] કામમાં રોકાયેલું;વિચાર- કામ વગેરેમાં નિમગ્ન હોય એવું; ધ્યાન બદ્ધ; એકતાર;

મશરૂ, પું૦ વચમાં ધોળા લીટાવાળું એક જાતનું સુંદર રેશમી વસ્ત્ર; એક જાતનું હીરાગળ કપડું. અમદાવાદનો મશરૂ વખાણાતો હતો. ઉ૦ અતલસ અને મૂલદાર મશરૂ લક્ષ દઇને લાવજો, વળી ઘર દિશે વર- સાદ પહેલા આપ વહેલા આવજો.

મશહુર, વિ૦ જાણીતું; નામાંકિત; પ્રખ્યાત; લોકમાં સારી રીતે જાણીતું હોય એવું. (૨) પ્રસિદ્ધ; જાહેર.

મશાગત, સ્ત્રી૦ મહેનત; મજુરી. (૨) રોજ.

મશાણ, ન૦ [सं. श्मशान] મડદાં બા- ળવા—દાટવાની જગા તે; સમશાન.

મશાણિયું, વિ૦ સ્મશાન સંબંધિ—સ્મશાનનું. (૨) ભુંડું; અશુભ; અમંગળ. (૩) મડદું બાળવાને સ્મશાન જનારું; તે સંબંધીનું. મશાણિયો=ડાઘુ. મશાણિયા લાડુ=થોડા ઘીના—અંઝિયાલાડુ.

મશાણી, પું૦ મડદાંને લગતો સામાન વે- ચનારો.

મશાલ, સ્ત્રી૦ [अ. मशअल] લાકડી ઉ- પર ચિંથરાં વિંટાળીને બનાવેલો મોટો કાકડો; મોટા માણસો અને વરઘોડા વ- ગેરેની આગળ અજવાળું રાખવા માટે

મોખરે લાકડી ઉપર ચિંથરાં વિંટાળી તેમાં તેલ રેડીરેડીને અજવાળું કરવામાં આવતું તે; એક જાતનો છુટો દીવો કે દીવી તે; મેરમેરાયું. રાજાઓ તરફથી માનના ચિહ્ન તરીકે આગળ મશાલ અને છત્રી આપવામાં આવતાં.

મશાલચી, પું૦ મશાલ લઇને ચાલનારો માણસ તે; મશાલ ધરનારો; હજામ લોકો મશાલચીનું કામ કરે છે.

મશાલ્ચી, પું૦ મશાલ રાખનારો; મશાલચી.

મશાલો, પું૦ [सं. मिश्रित] મસાલો, તીખી, ગળી, ચટકદાર અને સુગંધિવાળી કેટલીક વનસ્પતિઓ અને તેનાં બીજ વગેરે તે; તેજાનો. મશાલા બે જાતના છે. એક ખારાં ખાટાં પેયમાં નાંખવાના અને બીજા ગળ્યાં મીઠાં પેય ને પાક વગેરેમાં નાંખવાના. પહેલામાં મીઠું, મરચું, હળદર, હિંગ, રાઈ, મેથી વગેરે અને બીજામાં બદામ, પિસ્તાં, ઇલાયચી; તજ, જાયફળ, જાવંત્રી વગેરેનો સમાવેશ થાય છે. (૨) કોઈ ચીજ બનાવવાના જે જુદા જુદા પદાર્થો ચીજો તે; એકાદી ચીજ તૈયાર કરવાને જોઈતી બીજી જે સહકારી ચીજો તે:–કેલ–ચુનાનો મસાલો. સંભાર; સામગ્રી. વગેરે. રૂ૦ પ્ર૦ મશાલો ભભરાવવો=વધારવું; બહલાવવું; ફમેરણ કરવું; અતિશયોક્તિ કરવી તે. રસદાર, લહેઝતદાર બનાવવું.

મશિયાઇ, વિ૦ માસીનાં; માસીમાસીનાં–છે.-કરાં તે:–મશિયાઇ ભાઇબહેન.

મશ્કરા, સ્ત્રી૦ [अ.] મજાક; ઠઠ્ઠો; ટોળ; ચેષ્ટા.

મશ્કરો, પું૦ મશ્કરી કરનારો; ટોળી માણસ. (૨) જુઠઠુ; વિદૂષક. (૩) ભટક બોલો; ચેષ્ટા કરનારો; નકલી; બીજાનો વેષ ભજવનારો.

મષિ, સ્ત્રી૦ શાહી; રૂશનાઇ. (૨) મેંશ. મશી મિસી.

મસ, વિ૦ ઘણું; પુષ્કળ; પુષ્ક; જાસક; જાસ્તી. (૨) ના૦ મસો.

મસકો, પું૦ મસ્કો; માખણ; નવનીત. (૨) સાર; તત્ત્વ. ક્રિ૦ પ્ર૦ મસકો લગાડવો=સુંવાળું કરવું; ખુશામત કરવી; સામાને મીઠું લાગે એમ બોલવું તે.

મસજીદ, સ્ત્રી૦ [अ.] મુસલમાનોને બંદગી કરવાને માટે બાંધેલું મોટું જાહેર મકાન તે; દરઘા; રોજો. જે ઠેકાણે શુક્રવારને રોજ મુસલમાનો એકઠા થઈ જાહેર બંદગી કરે છે તે સ્થાન. કહે નિમાજ પઢતાં મસજીદ કોટે વળગવી=સારૂં કામ કરવા જતાં જોતરૂં ભેરવાવું; પુણ્ય કરવા જતાં પીડા થવી.

મસતાન, વિ૦ મસ્તાન; મદમત્ત; માતેલું; પોતાના બલૈશ્વર્યમાં મગ્ન હોય એવું–એક તાર. (૨) મસ્તીના તાને ચઢેલું; ઉદમાતિયું; તોફાની.

મસતી, સ્ત્રી૦ મસ્તી; મસ્તાઈ; મસ્તપણું:–હમણાં હમણાંની એને બહુ મસતી ચઢી છે. (૨) દોડવું; કૂદવું, વળગાઝૂમી ને અડપલાં કરવાં વગેરે તોફાન; ઉન્મત્તપણે જે તોફાન–ધાંધલ–ગડબડ કરવી તે. મસતીખોર=તોફાની.

મસનદ, સ્ત્રી૦ [अ] ગાદી; તખ્ત; સિંહાસન.

મસમસતું, વિ૦ મઘમઘતું; ફોરતું; પરિમળ પ્રસારતું; વાસ આપતું; સુગંધ ફેલાવતું. ઉ૦ મસમસતો મોહન ઘેર આવ્યો, ડગમગતે ડગલે૦ નૃસિંહ.

મસરકો, પું૦ સામાને–સાંભળનારને ઝાટકો લાગે એવું મર્મનું વચન કહેવું તે; કરડાગીનો બોલ; વ્યંગમાં ટાણો મારવો તે. ઉ૦ નણદી મસરકે બોલિયાં.

મસલત, સ્ત્રી૦ [अ.] બે અથવા વધારે માણસોએ એકઠા થઈ એક બીજાના મત મેળવવા તે; સલાહ કરવી તે; વિચાર ચલાવવો તે; મનસુબો; ગોઠવણ; સંતલસ; એકાગ્રત વિચાર.

મસલતિયો, પું૦ મસલત કરનારો; સલાહ આપનારો; જેની સાથે વિચાર કરવામાં આવતો હોય તે માણસ; પંચાતિયો; મંત્રી.

મસવણી, સ્ત્રી૦ જવારા વાવી તેનું પાંચ દિવસ પૂજન અર્ચન કરી પાળવાનું છોકરીઓ માટે એક વ્રત; ગૌરી પૂજન; ગોરો.

મસવાડી, સ્ત્રી૦ પારકી હદના લોકોને તેમનાં ઢોર ચરાવવા ગોચર આપીને લેવામાં આવતો કર તે; રબારી ભરવાડ વગેરે પાસેથી ઢોર ચરાવવા માટે લેવામાં આવતો કર.

મસવાડું, ન૦ ધરની પછીત પાછળની જમીન તે; છિંડી;ઘરનો પાછલો ભાગ; વાડો.

મસવાડો, પું૦ ગામ પાછળનો ભાગ; ઉપકંઠ; પાદર. (૨) મહીનો; માસ. ઉ૦ પાંચ મસવાડા પુરા થયા. ગર્ભ રહ્યાના મહીના તે.

મસળવું, ક્રિ૦ સ૦ ચોળવું; ઘસવું; રગડવું; (૨) દાબવું; ચાંપવું. (૩) ટુંપવું; ગદડવું. (૩) માર મારી મારીને અદમુઉં કરવું; દાબીને કચરી નાંખવું.:–ચાંચડની માફક મસળી નાંખીશ.

મસળાવવું, ક્રિ૦ પ્રે૦ ચોળાવવું; રગડાવવું; માલીસ કરાવવું; મર્દન કરાવવું. (૨) ચંપાવવું.

મસાલ, સ્ત્રી૦ ખેડવાની જમીનનો આકાર.

મસાલો, પું૦ જુ૦ મશાલો.

મસિયેણ, વિ૦ માસીનું; માની બહેન તરફની સગાઇનું:–મસિયેણ બહેન.

મસી, સ્ત્રી૦ મિસ્સી; મષિ; કાજળ; મેંશ:–મસી અંજન. (૨) તેજાના અથવા અમુક વનસ્પતિને બાળીને બનાવેલો દાંતે ઘસવાનો કાળો ભુકો; દંતમંજન. (૩)શાહી; રૂશનાઈ. (૪) ઝાડ અને વેલાઓ ઉપર થતા એક જાતના જંતુ.

મસીદ, સ્ત્રી૦ મસજીદ; મુસલમાનોને નિમાજ પઢવાને બાંધેલી જગા. કહે૦ મફતનું ખાવું ને મસીદે સુવું=બિલકુલ બેફિકરા રહેવું તે; ખાવા પીવા કે ઘરબારની જેને જરૂર ન હોય તેવું–ન ફકરું.

મસુર, ન૦ એક જાતનું કઠોળ. એની દાળ વટાણાની દાળ જેવી પણ લાલ રંગની હોય છે. મુસનમાનો વગેરે તેનો બહોળો ઉપયોગ કરે છે. ઉ૦ મારો સસરો લાવ્યા મસુરની દાળ.

મસૂરિકા, સ્ત્રી૦ શરીર ઉપર તુવેરના દાણા જેવજેવડા ફોલ્લા ફૂટી નીકળવા તે; નાના મસા જેવી ફોલ્લીઓ થઈ આવવી તે રોગ; બળિયા–સેયડનો રોગ તે; શીતળાકે અછબડાની છાંટ.

મસો, પું૦ ચામડીની સપાટી ઉપર તુવેરના દાણા જેવો જે કઠણ ગાંઠો–અંકુર નીકળે છે તે; ચર્મકીલ;અર્શ; ચામડી ઉપર ફૂટેલો માંસનો મોં વગરનો કઠણ દાણો તે. કેટલાક રોગીને આખે શરીરે મસા નીકળે છે. ગાંડના મસા અર્શ કહેવાય છે.

મસોતું, ન૦ રસોઇ કરતાં ઉનાં વાસણ વગેરે પકડવાને માટે રાખવામાં આવતો લુગડાનો કકડો; મેલો લુગડાનો નાનો કાપલો.(૨) મેલું ફાટયુંતૂટયું લુગડું–ખાસ કરીને અતિ મલિનને જીર્ણ કપડું:–મસોતા જેવી એની પાઘડી જુઓને! (૩) કુચડા તરીકે ભિંતે માટી ધોળવાને વપરાતો લુગડાનો કકડો. (૪) મેલું, ચુંથાયેલું અને કાઢી નાંખેલું જીર્ણ કપડું.

મસ્કતી, વિ૦ મસ્કત બંદરનું–સંબંધી. મસ્કતી મેવો.

મસ્તાઇ, સ્ત્રી૦ મસ્તી; મસ્તે; ધિંગાણું;તોફાન; ધાંધલ; ઉદમાત.:–છોકરાં બહુ મસ્તાઈ કરે છે.

મસ્તાન, વિ૦ મદથી ઉન્મત્ત; વિફરેલ;ચઢેલ; તોફાની. (૨) હુંપદમાં, બળમાં અથવા કેફમાં ચકચૂર; પોતાપણામાં કે પોતાને પ્રિય કામ–ભોગ વગેરેમાં ખૂબ મચેલ હોય તે.

મસ્તાની, વિ૦ મસ્ત; ચકચૂર; અહંકારે–

અભિમાનમાં ખૂબ ચઢેલું તે; ખૂબ વિફ-રેલ તે. તોફાની; ઉન્માદી; મદોદ્ધત.

મસ્તિષ્ક, ન૦ [सं.] માથું: મસ્તક. (૨) મગજ.

મસ્તી, સ્ત્રી૦ મસ્તાઈ; તોફાન; ધાંધલ; ગડબડ કરવી, દોડવું, કૂદવું, ખૂમો પાડવી, એક બીજા સાથે મારામાર કરવી વગેરે જે ધિંગાણું તે.

મસ્તીખોર, વિ૦ મસ્તાઈ કરનાર; તોફાની; ઉદમાતિયું.

મસ્તુલ, સ્ત્રી૦ (ન૦) સાળમાં વપરાતી રેશમી તારની ગુંછળી–કોકડી તે.

મસ્નદ, સ્ત્રી૦ [फा.] બેઠક; ગાદી; સિંહા-સન; પાટ.

મહકુબ, વિ૦ [अ.] મુલતવી બંધ રાખેલું; થોડા દિવસ પછી હાથ ધરવા માટે તરત વેળા બંધ રાખેલું પડતું મૂકેલું; ઢીલમાં રાખેલું.

મહત, વિ૦ [सं.] મોટું; વિશાળ; ભારે.

મહતાબ, પું૦ [फा.] ચંદ્રમા. (૨) એક જાતનું દારૂખાનું.

મહત્તા, સ્ત્રી૦ [सं.] મોટાઇ; મોટપણ. (૨) ઐશ્વર્ય; પ્રભાવ; પ્રતિષ્ઠા; ગૌરવ.

મહત્ત્વ, ન૦ [सं.] મોટાપણું; ગુરુત્વ; ગૌરવ; મહિમા. (૨) વિસ્તાર; વિશાળતા. (૩) શોભા; મોટાપણાનું જે માન તે; મોટાઇનું સ્વરૂપ તે.

મહર, સ્ત્રી૦ મહેર; કૃપા; દયા; અમીદૃષ્ટિ; મહેરબાની. (૨) મર્મમાં કહેવું તે.

મહર્લોક, પું૦ [सं.] ભારતીય ધાર્મિક સાહિત્યમાં કલ્પેલા સાત લોકમાંનો એક લોક, કે જ્યાં લોકો પોતાની મહત્તા સા-ચવવા રહે છે તે.

મહર્ષિ, પું૦ [सं.] મોટા ઋષિ તે; મોટા તપસ્વી–ધાર્મિક અને જ્ઞાની બ્રાહ્મણ તે.

મહશુર, વિ૦ મશહુર; પ્રખ્યાત; લોકવિશ્રુત; જાહેર; જાણીતું; છાપેલું કાટલું.

મહંત, પું૦ [सं.] મોટા તપસ્વી અને ઘણા સાધુઓનો ઉપરી તે; મઠાધિકારી–સાધુ.

મહા, વિ૦ [सं.] મોટું; વિશાળ; ઉન્નત; ઉંચું; શ્રેષ્ઠ:–મહાપદ. મહારાજ=મોટા રાજા. (૨) માઘ માસ; વિક્રમ સંવતનો ચોથો મહીનો. ઉ૦ મહા સુદિ સાતમ ને સોમવાર.

મહાકાળી, સ્ત્રી૦ મોટી કાલિકાદેવી તે; ઇશ્વરી; દેવી:–મહાકાળીનો ગરબો. ચાંપાનેરમાં–પાવાગઢ ઉપર મહાકાળીનું સ્થાનક બહુ મોટું છે.

મહાજન, પું૦ [सं.] મોટા માણસ; લોક ખ્યાત–પરાક્રમી માણસ તે; મહા પુરુષ. (૨) ન૦ શહેર–ગામના આગેવાન વેપારી વગેરેનો જે સમૂહ–સંઘ તે; મોટા માણ-સોનું મંડળ તે. (૩) જુદા જુદા ધંધા દારીઓનાં જે જુદાં જુદાં મંડળો તે:–સોનીનું, લુહારનું; કડિયા, કણિયા; કાછિ-યા અને શરાફોનું મહાજન; સાજનું; જમાત; નાતના મોટા માણસોનો સમુદાય તે.

મહાજનિયું, વિ૦ મહાજનને લગતું–સંબંધી; સાર્વલૌકિક; જાહેરનું; ગ્રામણિક. (૨) ધણી વગરનું; રખડાઉ; હરાયું:–મહાજનિયું ઢોર.

મહાજમ, સ્ત્રી૦ (જુઓ માઝમ, માજમ.) ભાંગમાંથી બનાવેલો ખૂબ કેફી પદાથ. (૨) વિ૦ ઘોર અંધારી–અંધારાવાળી, તમામ:–મહાજમ રાત જો.

મહાડ, પું૦ [सं. महालय] માઢ; મોટું મંદિર–મકાન; કિલ્લા જેવી બાંધણીનું–મેડા-ઓવાળું ઉંચું–વિશાળ મકાન; રાજમં-દિર; મહાલય. ઉ૦ આગળ આવે છે મારી ફઇબાના મહાડો; ત્યાંને પેગામ પોંચડાવો, હોજી. (૨) કોટવાળો મહોલ્લો; પોળ; વાસ:–ગરાસિયાના મહાડ તરફ જઇને તપાસ કરશો તો મહેરામણજીનો પત્તો લાગશે. (૩) એ નામનો એક રાગ.

મહાત, સ્ત્રી૦ [फा.] હાર; હાર્યાની પીછે હઠ જેવી શરમિંદી હાલત તે; હરાવવું–જોર તોડી

નાંખવું;–હઠાવી દેવું તે:–હમણાં તમારા રાજાને મહાત કરીશ. (૨) કેદ કરવું તે; અટકાવવું; પાણી ઉતારી નાંખવું; શરમિંદુ પાડી નાંખવું તે; પાછું પાડી નાંખવું તે. ક્રિ૦ પ્ર૦ મહાત કરવું=પાછું પાડવું; હરાવવું; શરમિંદુ કરી નાંખવું; કેદ પકડવું; આગળ વધતાં અટકાવી દેવું.

મહાતળ, ન૦ [સં.] સાત પાતાળમાંનું પાંચમું પાતાળ. ત્યાં નાગ લોક અને રાક્ષસો રહે છે.

મહાત્મા, વિ૦ [સં.] જેની અંદર મોટો–ઉદાર–ઉન્નત ભાવવાળો આત્મા રહેલો હોય એવો માણસ; મોટા ને ઉદાર ખુલ્લા હૃદયનું; પરાર્થ અને પરમાર્થ વીર હોય તે–મહાત્મા. (૨) મોટા મનનું માણસ; સખી; ઉદાર. મહાત્મતા=મહાત્માપણું.

મહાત્મ્ય, ન૦ [સં.] મોટપણું; પ્રતાપ; પ્રભાવ. (૨) યશ; કીર્તિ. (૩) ઐશ્વર્ય; ગુણોત્કર્ષ; ગુણગાન; સ્તુતિપાઠ; મોટાઈ.

મહાદશા, સ્ત્રી૦ [સં.] જ્યોતિષ પ્રમાણે મુખ્ય ગ્રહની મનુષ્યના જીવન ઉપર લાંબો વખત ચાલતી અસર તે. એમાં બીજા ગ્રહોની અંતર્દશા પણ આવે છે.

મહાદેવ, પું૦ [સં.] મોટો દેવ તે; જેમાં સર્વ દેવનો સમાવેશ થતો હોય એવો દેવ; શિવ; શંકર. (૨) ભયાનક સંહાર શક્તિનું સ્વરૂપ તે.

મહાનસ, ન૦ [સં.] રસોડું; રાંધણી; બબરચીખાનું.

મહાનુભાવ, વિ૦ [સં.] ઉદાર ખુલ્લા મનવાળું; જેનું મન ઉદારતા અને દયા વગેરેથી ભરેલું હોય તે; ઉદાર; વિશાળ–દયાપૂર્ણ મનનું–માણસ તે.

મહાન, વિ૦ મહત્; મોટું.

મહાપદ્મ, ન૦[સં]સહસ્ર અબજ જેટલી સંખ્યા તે; ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦. (૨) ધોળું કમળ.

મહાપાતક, ન૦ [સં.] મોટું પાપ તે. બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણની ચોરી; ગુરુપત્ની ગમન, અને મહા પાતકીનો સંગ એ પાંચ મહા પાતક ગણાય છે.

મહાપાતકી, વિ૦ મોટું પાપ કરનાર; અતિ દુષ્ટ.

મહાપાપ, ન૦ મોટું પાપ.

મહાપ્રલય, પું૦ [સં.] ચાર અબજ ને બતરીસ કરોડ વર્ષને અંતે થતો કહેવાતો સૃષ્ટિનો સમૂળગો નાશ તે; મોટો પ્રલય.

મહાપ્રાણ, પું૦ [સં.] જેનો ઉચ્ચાર કરતાં વધારે જોર કરવું પડે–શ્વાસ લેવો પડે તે–અક્ષરો. :–ખ, ધ, ઠ, વગેરે. મહાપ્રાણી.

મહાબો, પું૦ ભાર; વક્કર, બોજ.

મહાભાગ, વિ૦ [સં.] ભાગ્યશાળી; સારા નસીબનું; સદાચાર સંપન્ન.

મહાભારત, વિ૦ બહુ મોટું; જબરૂં. (૨) બહુ અઘરૂં; કઠણ. (૩) ગહન. (૪) ના૦ કૌરવ અને પાંડવ વચ્ચે થયેલા યુદ્ધ ઉપર લખાયેલું એક સંસ્કૃત વીરરસ પ્રધાન મોટું કાવ્ય.

મહાભૂત, ન૦ [સં.] જગતની ઉત્પત્તિના મૂળ કારણ રૂપ જે પાંચ આદિતત્ત્વ ગણાય છે તે. એમાં પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ, એ પાંચ મુખ્ય ભૂત કહેવાય છે.

મહામાયા, સ્ત્રી૦ [સં.] આદિ માયા તે. (૨) મોટી દેવતા શક્તિ; દુર્ગા; અંબા; ભવાની. મોટી દૈવી માતા તે; મ માયા.

મહામારી, સ્ત્રી૦ જેથી મરણનો રોળ વળી જાય એવો ભયંકર જીવલેણ રોગ તે; અને તેના ચેપ–આજારનો ફેલાવો તે; અત્યંત મરણ થવાં તે; જેમાં ઘણાં માણસોનાં મરણ થાય તે રોગ; કોગળિયું–કોલેરા; મરકી; પ્રાણહારક રોગનો પ્રચાર તે.

મહાર, પું૦ [મ.] ભંગી; ચંડાળ. જેને બીજા હિંદુઓ અડતા નથી તે જાતિનો માણસ, ઢેડ, વગેરે.

મહારથી, પું૦ [સં.] મોટા અને બળવાન યોદ્ધો તે; જે મોટા રથ લઈ દુશ્મનના મોટા સૈન્યની સામે ભીડે તે; મોટા પરાક્રમી લડવૈયો તે. રથી. મહારથી ને અતિરથી વગેરે એની ચઢઉતર પાયરીઓ છે.

મહારાજ, પું૦ [સં.] મોટા રાજા અને શોભા રૂપ માણસ તે. આ શબ્દ મોટા પુરૂષને, રાજાને, બ્રાહ્મણને અને સંત સાધુ તથા આચાર્ય વગેરેને લગાડવામાં આવે છે. ઉ૦ × × ઝાઝું લખીએ શે કાજ, ઘરના ગુરૂ મહારાજ.

મહારાજા, પું૦ મોટા રાજા; રાજાઓનો રાજા તે; સામ્રાટ. મહારાજાધિરાજ=સાર્વભૌમ રાજા. (૨) વિ૦ ભોળું; ઉંડી ગતાગમ વગરનું; ઓલિયું. (૩) આનંદી; લહેરી.

મહારાણી, સ્ત્રી૦ રાણીઓમાં સૌથી મોટી ને માનિતી રાણી તે; વડી રાણી.

મહારાત્રી, સ્ત્રી૦ [સં.] મહાવદિ ચૌદશ; શિવરાત્રી. (૨) કાળી રાત; આસો વદિ ચૌદશની રાત.

મહારાષ્ટ્ર, ન૦ [સં] મોટું રાજ્ય તે. (૨) મરાઠાઓનું જેમાં રાજ્ય છે તે દેશ; મરાઠાઓની ભાષા જ્યાં બોલાય છે તે મુલક, હિંદનો દક્ષિણ પશ્ચિમ તરફનો મોટો પ્રદેશ તે.

મહારૂં, સ૦ મારૂં; મમ; મુજ.

મહારૌરવ, ન૦ [સં.] એક નરક. મહા દુઃખ ઉપજાવે એવું ગંદું અને અશ્લિલ સ્થાન.

મહાર્ઘ, વિ૦ [સં.] મોટી કિમ્મતનું; મોંઘું.

મહાલ, પું૦ [અ.] પરગણા–તાલુકાનો એક ભાગ.

મહાલકરી, પું૦ મહાલનો ઉપરી અધિકારી; મહાલનો વહીવટદાર; મામલતદાર.

મહાલય, ન૦ [સં.] ભાદરવા વદમાં કરવાનું એક મોટું શ્રાદ્ધ. (૨) મોટું ધામ; દેવાલય વગેરે તે. (૩) મહેલ; મંદિર.

મહાલવું, ક્રિ૦ અ૦ માલવું; ઘૂમવું; સ્વચ્છંદે ખાવું પીવું રમવું અને ઇચ્છામાં આવે તેમ મોજમાં ફરવું હરવું આનંદ અનુભવવો.

મહાવત, પું૦ હાથી હાંકનારો.

મહાવરો, પું૦ અભ્યાસ; વહીવટ; ચાલુ કામ કરવાની ટેવ તે; આદત. (૨) સહવાસ; પરિચય. ખંતથી નિત્ય શ્રમ કરવો તે; હમેશ કામ વગેરે કર્યા કરવાથી પડતી જે સુગમતા–સહેલાઇ અને ટેવ તે. ક્રિ૦ પ્ર૦ મહાવરો કરવો=ટેવ પાડવી; મન–અંગ વગેરેને કેળવવાં–અનુભવ આપ્યા કરવો તે. મહાવરો પાડવો, વગેરે.

મહાવીર, પું૦ [સં.] મોટા વીર–પરાક્રમી પુરૂષ. (૨) જૈન ધર્મના એક નામાંકિત આચાર્ય. વૈશાલીના લિચ્છવી રાજવંશીને ઘેર એમનો જન્મ થયો હતો. પોતાનો રાજવંશી વૈભવ છોડી પ્રથમ તે પાર્શ્વનાથના પંથમાં જોડાયા હતા; પરંતુ એ પંથથી સંતોષ નહિ મળતાં ચાળીસ વર્ષની ઉમ્મરે તેમણે પોતાના મનનો જુદોજ સંપ્રદાય ચાલુ કર્યો હતો. ત્રીસ વર્ષ લગી મગધ–અથવા દક્ષિણ બિહાર વિદેહ, (તિરહૂત) અને અંગ અથવા ભાગલપુરના પ્રદેશમાં ગામેગામ ફરી તેમણે પોતાના સંપ્રદાયનો લોકોને ઉપદેશ કર્યો હતો. પ્રો. જેકોબીના કહેવા પ્રમાણે ઇ. સ. પૂર્વે ૪૭૭ માં જ્યારે પટના જિલ્લાના 'પાવા' ઉપર તેઓ મરણ પામ્યા ત્યારે ચૌદ હજાર માણસો તેમના અનુયાયી મંડળમાં હતા. વી. એ. સ્મિથનો હિંદનો ઇતિહાસ.

મહાશય, વિ૦ [સં.] મોટા ઉદાર મનનું; ઉચ્ચ ગુણ અને ઉચ્ચ વિચાર–હેતુઓ

વાળું એવું તે; ઉદાર; મોટા મનના–એમ સંબોધનમાં વપરાય છે.

મહાશંકુ, ન૦ દસ મહાપદ્મ જેટલી સંખ્યા તે; ચૌદમા–આંકડાની સંખ્યા.

મહિમા, પું૦ [સં.] વર્ણન કરવા જેવો પ્રતાપ તે; મોટાપણું; યશ; કીર્તિ. (૨) ઉપમા.

મહિમાટલું, ન૦ માતાના ઘરની ભેટ જેમાં ભરેલી હોય તે માટલું–મહિયેર તરફનું માટ

મહિયારી, સ્ત્રી૦ દહિં વેચનારી; ગોવાલણી; ગોપી. (૨) ગોત્રજની પૂજા કરનાર સ્ત્રી તે.

મહિયેર, ન૦ [સં. માતૃગૃહ] સ્ત્રીને તેનાં માતપિતાનું ઘર–વતન–ગામ તે; પિયેર. ઉ૦ મને મારે મહિયેર વળાવોરે, ઓધવરાય અમને. મહિરૂ.

મહિરૂં, ન૦ મહિયેર; પિયેર.

મહિલા, સ્ત્રી૦ [સં.] બાઇડી. (૨)રાણી.:– મહિલા વિદ્યાલય.

મહિષ, પું૦ [સં.] પાડો; ભેંશનો નર.

મહિષી, સ્ત્રી૦ [સં.] પટરાણી; મુખ્ય રાણી. (૨) ભેંશ.

મહી, સ્ત્રી૦ [સં.] પૃથ્વી; ભૂમિ; ધરા; ધરિણી. (૨) ગાય. (૩) દહિં. ઉ૦ મીઠડાં મહી વેચું મહી વેચું. (૪) ગુજરાતની એક મોટી નદી. મહી ૨૮૦ માઇલ લાંબી છે.

મહીડું, ન૦ દહિં. ઉ૦ મારી મહીડાની ગોળી ફોડી.

મહીધર, પું૦ [સં.] નાગ; સપ. (૨) પર્વત; પહાડ.

મહીનો, પું૦ [ફા.] ત્રીસ દિવસનો સમય-મુદત તે મહીનો; માસ; બે પખવાડિયાં અને ચાર અઠવાડિયાં જેટલો કાળ તે. કેટલાક સૂર્યની અને કેટલાક ચંદ્રની ગતિ પ્રમાણે મહીનાની ગણતરી કરે છે. આપણે અમાસના બીજા દિવસથી અમાસ લગીના કાળને મહીનો કહીએ છીએ, મુસલમાનો અમાસ પછી ચંદ્રદર્શન થાય–ચાંદરાત જુએ તેના બીજા દિવસથી ફરીને ચંદ્ર દેખાય ત્યાં લગીના સમયને મહીનો ગણે છે. ખ્રિસ્તીઓ ચોવીસ કલાકનો એક દિવસ એવા ૩૦–૩૧ દિવસના કાળનો મહીનો કહે છે. પંચાંગોમાં વિશેષ વિગત જોવી. ૩૦પ૦ મહીનો ચઢવો=ગર્ભ રહેવો. સ્ત્રીઓને ૨૭ દિવસે અથવા મહીનાની લગભગ અટકાવ આવે છે અને ગર્ભ રહેતાં અટકાવ આવતો બંધ થાય છે તેથી ગર્ભ રહેવાને ‘મહીના ચઢવા–મહીના રહેવા, મહીના હોવા એમ કહેવામાં આવે છે. (૨) દરેક પહેલી તિથિએ અથવા તારીખે નોકર માણસને તેના મહેનતાણાનો જે દરમાયો આપવામાં આવે છે તે; દરમાયો; પગારઃ–તમારા છોકરાને કેટલાનો મહીનો છે?

મહીપતિ, પું૦ [સં.] પૃથ્વીપતિ; રાજા; નૃપ; ભૂપતિ.

મહીપાળ, પું૦ [સં.] મહી–પૃથ્વીનું પાલન કરનાર; રાજા; ભૂપતિ. ઉ૦ એક દિન કેફ કરી મહીપાળ, મળીને મંડળીરે લોલ, ચઢતાં રંગ મહેલને માળ, પડયો ધરણી ઢળીરે લોલ.

મહુ, સ્ત્રી૦ મૈ; મારવાડ તરફના કંગાલ લોકનાં ટોળાં તે. (૨) ગંદુ અને કંગાલ માણસઃ–મારવાડની મહુ.

મહુડાં, ન૦ મહુડાનાં ફૂલ. આ ફૂલને દાબી કચરીને કાઢેલા રસમાંથી ગોળ અને દારૂ બનાવાય છે. ગરીબ લોકો તેને સુકવીને રાખી મૂકે છે અને ચોમાસામાં શેકીને લોટ ભેળી ખાય છે.

મહુડી, સ્ત્રી૦ નાનો–બાળ મહુડો. (૨) વિ૦ મહુડાનુંઃ–મહુડી દારૂ.

મહુડું, જુઓ મહુડાં.
મહુડો, પું૦ [**सं. मधुक**]એક જાતનું મોટું ઝાડ; મવડો.
મહુવર, સ્ત્રી૦ મહુઅર; મોહર; મોહ લગાડે એવા સૂરનું વાજું; વાદીની વાંસળી; તુંબડીને એક છેડે બે પાવા લગાડીને બનાવેલું ફુંકીને વગાડવાનું વાજું.
મહેક, સ્ત્રી૦ બહેક; વાસ; સુગંધિ; ફોર;સોઢમ.
મહેકવું, ક્રિ૦ અ૦ સોઢવું; ફોરવું; વાસ ઉડવી; સુગંધ ફેલાવી.
મહેકાટ, પું૦ મહેક મહેક થઈ રહેવું તે; ગંધ પ્રસાર; બહેકાટ.
મહેણું, ન૦ કરેલો ઉપકાર સામાને કહી સંભળાવવો તે; સામાને માઠું લાગે એવી રીતે તેની કોઈ પ્રત્યેની ચાલનો ટપ્પો મારવો તે; ટાણો; ઠોક; બોલ. ક્રિ૦ પ્ર૦ મહેણું મારવું=દોષ દેખાડી આપી કરેલો ગુણ–ઉપકાર ઠોકને રૂપે કહી સંભળાવવો.
મહેતર, પું૦ ઢેડાઓનો વડો તે; ઢેડનો મુખી. મહેતરાણી=ઢેડડી; ઘેડી.
મહેતલ, સ્ત્રી૦ અમુક જવાબ દેવા કે કામ પુરૂં કરી આપવાને અપાતો વખત તે; મુદત; અમુક બાબતને માટે અમુક કાળ નક્કી કરવો તે.
મહેતાજી, પું૦ છોકરાંને ભણાવનારો તે; ઉપાધ્યાય; ગુરૂ; શિક્ષક; બોધ આપનારો. (૨) નામાઠામાનું–લખાણનું કામ કરનારો માણસ તે; મહેતો.
મહેતાબ, પું૦ [**फा.**] ચંદ્ર; ચાંદ. (૨) બપોરિયાની રોશની.
મહેતી, સ્ત્રી૦ છોકરીઓને ભણાવવાનું કામ કરનારી સ્ત્રી; શિક્ષિકા.
મહેતો, પું૦ શિક્ષક; ગુરૂ; ઉપાધ્યાય. (૨) નામું–હિસાબ રાખનારો ગુમાસ્તો; હિસાબી કારકુન.
મહેનત, સ્ત્રી૦ [**अ.**] કામ કરવામાં તન મનને જોર આપવું તે; તનમનથી કામ કરવામાં જે જોર–બળ વાપરવું તે; શ્રમ; આયાસ. (૨) મજુરી; ચાકરી. (૩) જોર; બળ; શક્તિ ખરચવી તે. (૪) દુઃખ; સંકટ; પીડા સહેવી તે:–મા વગરનાં છોકરાં ઉછેરવામાં એણે બહુ મહેનત લીધી છે. કોઈ કાર્ય પાર પાડવાને ખંતથી તનમન કસવાં તે. ક્રિ૦ પ્ર૦ મહેનત કરવી=શ્રમ લેવો. મહેનત ઉઠાવવી, વગેરે.
મહેનતાણું, ન૦ મહેનતનો બદલો તે; મહેનત બદલ જે કંઇ અપાય તે; મજુરી. (૨) પગાર; દરમાયો, વગેરે.
મહેનતુ, વિ૦ ખુબ ખંતથી મહેનત કરનારૂં; તનમન ને ખંતથી કસાનાર; કામગરું.
મહેન્દ્ર, પું૦ [**सं.**] દેવલોકનો રાજા; ઇન્દ્ર. (૨) એક પર્વતનું નામ.
મહેમાન, પું૦ [**फा.**] પરોણો; અતિથિ. મહેમાનગીરી=પરોણાચાકરી.
મહેમાની, સ્ત્રી૦ મહેમાનગીરી; આતિથ્ય; પરોણાગત–પરોણા ચાકરી.
મહેર, સ્ત્રી૦ [**फा.**] દયા; કૃપા. (૨) રાજીપો; સદ્દભાવ; માયા; લક્ષ આપવું તે.
મહેરબાન, વિ૦ દયાળુ; કૃપાવંત; માયા રાખનાર; સદ્દભાવવાળો; માયાળુ.
મહેરબાની, સ્ત્રી૦ માયા; કૃપાભાવ; સદ્દભાવના; ખુશી–રાજીપો રાખવો.–હોવો તે. દયાભાવ, ખફા નહિ હોવાપણું તે.
મહેરમ, વિ૦ મનથી માનેલું તે; મનનો મેર; અંતઃકરણથી વહાલું તે.
મહેરાબ, સ્ત્રી૦ [**अ.**] ચણતરમાં પાડેલી કમાન; કમાનદાર લાકડાનું કે ચણતરનું કામ તે; વાળેલા ધનુષ્ય જેવી આકૃતિનું હોય તે; અર્દ્ધવર્તુલાકાર–મહેરાબદાર અંગરખું.
મહેરામણ, પું૦ સમુદ્ર; દરિયો.
મહેલ, પું૦ [**अ**] રાજાને રહેવાનું મોટું માળવાળું મકાન તે; રાજમંદિર.
મહેલ્લો, પું૦ મહોલ્લો; મોલ્લો; વાસ; પોળ–

પાડો; શેરી.

મહેશ, પું૦ [सं.] મોટા ઈશ–પરમેશ્વર તે. શિવ; મહાદેવ.

મહેશ્વર, પું૦ [सं.] મોટા ઈશ્વર, પરમેશ્વર; શિવ; મહાદેવ.

મહેસુલ, સ્ત્રી૦ (ન૦) [अ.] સરકાર તરફથી જમીન ઉપર લેવાતો કર તે; વગેરે. (૨) માલ ઉપર લેવામાં આવતી જકાત તે.

મહેસુલી, વિ૦ મહેસુલ સંબંધી; તેને લગતું:–મહેસુલી અમલદાર.

મહોત્સવ, પું૦ [सं.] મોટો–ઓચ્છવ તે; મોટો માંગલિક સમારંભ તે.

મહોત્સાહ, પું૦ [सं.] મોટો ઉત્સાહ–આનંદ તે; ઉમળકો–હોંશ.

મહોદધિ, પું૦ [सं.] મહાસાગર; મોટો સમુદ્ર.

મહોર, સ્ત્રી૦ સોનાનો ચલણી સિક્કો તે; સોનૈયો:–અકબરશાહી મહોર. (૨) છાપ; સિક્કો; રાજા–સરકારના નામની છાપ પાડવાનું બીબું તે.:–તે લખત ઉપર સરકારી મહોર–છાપ નથી. (૩) આંબાનાં ફૂલ તે–મોર.

મહોરું, ન૦ રૂપમાં, ગુણમાં, ચતુરાઇમાં અને વિદ્યામાં શોભી નીકળેલું–શોભા રૂપ હોય એવું જે તે; નોંખદાર માણસ. સર્વોપરી; ગુણોત્કર્ષવાળું જે તે; રમકડું; મૂર્તિમાન–મૂર્તસ્વરૂપ. (૨) સેતરંજમાં જે જુદા જુદા આકારની સોગટીઓ–પુતળાં–આકાર હોય છે તે; પેદાં વગેરે. મુગટરૂપ=મહોરૂં.

મહોલ્લો, પું૦ મહેલ્લો; શેરી; પોળ; વાડો; વાસ; ફળિયું:–જાંબળી મહોલ્લો. મોહોલ્લો; મોહ્લો–પોળપાડો.

મળ, પું૦ [सं. मल] કચરો; મેલ; ગંદવાડ. (૨) પેટમાંનો કચરો; ગૂ; વિષ્ટા. (૩) મનનો વિકારીભાવ–ઇચ્છા.

મળકું, વિ૦ જરા મોળું (પાણી વગેરે.)

મળગુગળું, વિ૦ સહેજ–જરા મોળું.(૨) મેલું; અસ્વચ્છ; મલિન.

મળણ, ન૦ મેળાપ; સહવાસ; મુલાકાત. (૨) પ્રીતિ; સ્નેહ. (૩) મેળ; સંપ:–જેવું મળણ તેવું વળણ.

મળતર, ન૦ મળવું તે; મળતું હોય તે; રળતર; કમાઈ; આમદાની; લાભ; નફો.

મળતાવડું, સૌમાં હળી મળી જાય એવું; મિલનસાર; મિલાપી; માયાળુ.

મળતાવશેક, પું૦ ગ્રહ અને રાશિ વગેરે બંધ બેસતાં–અન્યોન્યાનુકૂલ હોવાં તે; વર કન્યાનાં ગ્રહાદિકનો સુયોગ હોવો અને તેને યોગે દંપતી વચ્ચે બહુ સારો મેળ હોવો તે:–અમારે તો મળતાવશેક આવ્યાજ નહિને ? મારી હા તો એમની ના. ઉ૦ ભલી મળતાવશેકની એક બંગડી હોય હાથમાં.

મળતિયો, પું૦ મળીને–સાથે રહીને કામ કરનારો; સોબતી; સાથી. (૨) અમુક કાર્ય અથવા પ્રપંચાદિકમાં બીજાના મત સાથે મળી ગયેલો હોય તે.

મળમાસ, પું૦ અધિક માસ; પુરૂષોત્તમ માસ.

મળવિકાર, પું૦ ઝાડાની કબજિયતને લીધે ચામડી ઉપર ખુજલી વગેરે જે રોગો થાય છે તે; બંધકોશને લીધે થતા શારીરિક વ્યાધિઓ વગેરે તે;

મળવું, ક્રિ૦ અ૦ [सं. मिल्] પ્રાપ્ત થવું; પેદાશ–કમાણી થવી. (૨) એકઠું–ભેગા થવું; સાથે–જોડે થવું. (૩) વિચારમાં એક થવું. (૪) સ્નેહ થવો; દોસ્તીમાં જોડાવું. (૫) ઘટ્ટ–જાડું થવું; જામી જવું. પોત મળવું–દૂધ મળવું. (૬) સરખા–સમાન હોવું; એક બીજા માટે ભૂલ થાય એવા હોવું. (૭) અનુકૂળ આવવું; બેસતું આવવું. (૮) જડવું; હાથ લાગવું. (૯) એકાકાર થઈ જવું:–તેલ પાણી કદીએ ના મળે. (૧૦) મુલાકાત થવી;

ભેટવું; સામસામા આવવું. લડાઈમાં. ૨૦ પ્ર૦ જીવ મળવો=એક બીજાને ગોઠવું. મળી જવું=સામાના મતમાં ભળી જવું; ફુટી જવું. આવી મળવું=અચાનક યોગ બેસી જવો; (દૈવવશાત) આવવું. કહે૦ મળ્યા તો મીર નહિ તો ફકિર. મળ્યાની મકરકુંદીઓ. મળ્યાને માથું આપવું.

મળસકું, ન૦ પરોઢિયું; પ્રભાત; સવાર.

મળી, સ્ત્રી૦ ગાડા-ગાડીની લાટનો દિવેલ ને ચુંથરાંનો ચીકણો ધાસ; ઉંગ. (૨) હનૂમાનની મૂર્તિ ઉપરનો તેલ ને સિંદુરનો ચીકણો રગડો-મેલ તે.

મંકોડી, સ્ત્રી૦ મોટી કાળી કીડી; મકોડાની માદા; મકોડી. કીડીમંકોડી, એમ કહેવાય છે.

મંકોડો, પું૦ કીડીની જાતનો મોટો કાળો જીવડો; મંકોડો; મંકોડીનો નર. એ ગુંદર અને ગળપણ તરફ ધસે છે. તે ચટકો દઇને કરડે છે અને ભરેલું બચકું, પોતે વચમાંથી પાતળો હોઈ તૂટી જાય તોપણ મૂકતો નથી.

મંગન, વિ૦ માગનાર; માગણ. (૨) માગવું પડે તે; યાચના; માંગ. ઉ૦ ચલનો ભલો ન કોશ કો, દુહિતા ભલી ન એક; મંગન ભલો ન બાપ કો, જો પ્રભુ રાખે ટેક.

મંગરો, પું૦ ડુંગરો; પહાડ; ટેકરો; ટિંબો.

મંગળ, વિ૦ [સં. मंगल] શુભકારક સુલક્ષણ; સારૂં; આનંદ-હરખનું; કલ્યાણ કારકઃ—આવો મંગળપ્રસંગ ફરી ફરીને ક્યારે આવે છે. (૨) ના૦ શુભકામ; આનંદ-હરખનો અવસર, પ્રસંગ તે. (૩) ખુશાલીનાં ગીત. ઉ૦ માનુની મંગળ ગાયે. (૪) જશ; ફતેહ. (૫) આનંદ; મોજમઝા; ખુશખુશાલ રહેવું તેઃ—મંગળ કરો. (૬) કલ્યાણ; શ્રેય; શુભઃ—મંગળ થાઓ. (૭) એ નામનો એક ગ્રહ. (૮) એ નામનો વાર, રવિથી ત્રીજો વાર તે; ભોમવાર.

મંગળફેરા, પું૦ પરણતાં વર કન્યાએ સમપદીએ ફરવું તે; વરકન્યાએ અગ્નિની ચાર વખત પ્રદક્ષિણા કરવી તે. ક્રિ૦ પ્રિ૦ મંગળ ફેરા ફરવા=પરણવું.:— કન્યાને મંગળ ફેરા ફેરવી દો, એટલે બસ.

મંગળમય, વિ૦ આનંદ ને ઉત્સાહથી ભરપુરઃ શુભકારક; સારૂં; શુભ; કલ્યાણમય; ખુશી ખુશાલીવાળું અને વળી શુભ.

મંગળમૂર્ત્તિ, સ્ત્રી૦ જેને જોતાં દિલ ખુશ થાય એવું તે; જેનાં દર્શન આનંદ ને ઉત્સાહ ઉપજાવે એવું જે તે; જેનું મોં હંમેશ હસતું-આનંદી લાગતું હોય એવા ચહેરાનું તે. (૨) કલ્યાણ કરે એવું તે; સુખ ને શુભકારક તે; ગણપતિ; ગજાનન; શુભ અને આનંદ ઉપજાવે એવા સુંદર સુખનું તે.

મંગળવાર, પું૦ ભોમવાર.

મંગળસૂત્ર, ન૦ [સં.] પરણતી કન્યાને કંઠે વર જે સૌભાગ્યસૂત્ર પહેરાવે છે તે; સ્ત્રીઓ સૌભાગ્યદર્શક પંચરત્નનું જે કંઠાભરણ કોટે રાખે છે તે; સૌભાગ્ય દર્શક એક અલંકાર-કંઠી તે. ઉ૦ આંતરડાંતણું સૂત્રમંગળ કર્યું, કાને ધર્યાં ઝુમણાં. માલતીમાધવ.

મંગળા, સ્ત્રી૦ વૈષ્ણવ મંદિરોમાં ઠાકોરજીનાં જે પહેલાં દર્શન કરાવવામાં આવે છે તેઃ—મંગળાનાં દર્શન. (૨) કલ્યાણ-પુણ્ય-આનંદની મૂર્ત્તિ તે; શુભ કરનારી; મંગળ કરનારી એવી તે. (૩) હળદર. (૪) દુર્ગા.

મંગળાચરણ, ન૦ [સં.] ગ્રંથ અને નાટક વગેરેમાં પહેલી જે ઈશ્વર સ્તુતિ કરવામાં આવે છે તેઃ ગ્રંથ પરિસમાપ્તિ

માટે આરંભમાં કરાતો સ્તુતિપાઠ, શ્લોક વગેરે બોલવા તે; આરંભ કરતા પહેલાં કરવામાં આવતું શુભ આચરણ તે.

મંગળાષ્ટક, ન૦ [સં.] વિવાહ અને જનોઈ વગેરેનાં મુહૂર્ત થવાના અવકાશમાં આઠ કલ્યાણકારક-આશીર્વાદાત્મક શ્લોક ભણવા-બોલવામાં આવે છે તે; કલ્યાણાત્મક આઠ શ્લોકોનું મંડળ તે.

મંગાવવું, ક્રિ૦ સ૦ મગાવવું; અણાવવું; લાવવાને કહેવું. ઉ૦ અતલસ અને મૂલદાર મશરૂ માલ બેશ મંગાવજો. ક. દ. ડા.

મંગાળો, પું૦ પથરા ગોઠવીને બનાવેલો કામે ચલાઉ ચુલો.

મંચ, પું૦ [સં.] ચાર પાયાનું બેસવાનું સુંદર સુખાસન; કોચ; પલંગ; માંચો. ઉ૦ કોમળ મંચ પલંગથી સારી, ભોંય પરે તમ પાસ પથારી.

મંચક, પું૦ [સં.] માંચો; ખાટલો; ઢોલિયો. (૨) ખેતરમાં ઉંચે બેસવાને માટે બનાવેલી બેઠક; માળો.

મંછા, સ્ત્રી૦ [સં. मनीषा] ઇચ્છા; મરજી; ઉમેદ. (૨) અંતરનો વિચાર-તર્ક-ભાવ તે; મનનો વિચાર; અંતરનો ભાવ:- મંછા ભૂત ને શંકા ડાકણ:-કાશી જવાની મંછા.

મંજન, ન૦ [સં.] ચોળીને નહાવું તે; સ્નાન. (૨) માંજવું તે; ઉટકવું તે. (૩) દાંત સાફ કરવાનું ચૂર્ણ; દાતણને ઠેકાણે વપરાતો દાંતે ઘસવાનો એક જાતનો ભુકો તે. (૪) દાંતે પીડ મૂકવી તે; દાંતને કાળા કરવા તે; સાસનૂસ; ઉગટ.

મંજરી, સ્ત્રી૦ [સં.] ફૂલની કળીઓનો ઝુમખો તે; ઝાડ-છોડ વગેરેને આવતાં ફૂલનો ગુચ્છો તે; માંજર. (૨) છોગું; કલગી; ફૂલભરી પાંખડી; મહોરવાળી ડાળખી. મંજરિત=માંજરો આવી ગયેલી હોય એવું; મહોરાયેલું તે.

મંજાર, પું૦ [સં.] બિલાડો; બોકર.

મંજિષ્ઠ, સ્ત્રી૦ [સં] મજીઠ; એક જાતની વનસ્પતિ. એમાંથી લાલ રંગ નીકળે છે. વળી એ દવામાં પણ વપરાય છે.

મંજીરા, પું૦ ગાતાં ગાતાં તાલ પુરાય તેમ વગાડવાનાં કાંસાનાં બે છલ્લેયાં તે; કાંસીજોડાં; કરતાલ; ઝાંઝરી.

મંજીર, ન૦ [સં.] ઝાંઝર; તોડા; નૂપુર; નાની નાની ઘુઘરીઓનું સ્ત્રીઓને પગે પહેરવાનું ઘરેણું.

મંજુ, વિ૦ [સં.] ઝીણું; મૃદુ; ધીરૂં. (૨) મધુર.

મંજુર, વિ૦ [अ.] કબુલ; માન્ય. (૨) પસંદ; બહાલ; કાયમ.

મંજુરી, સ્ત્રી. બહાલી; સંમતિ; અનુમોદન. (૨) પરવાનગી; રજા; છૂટ. સ્વીકાર.

મંજુલ, વિ૦ [સં.] નરમ; મૃદુ; કોમળ. (૨) મધુર; મિષ્ટ. (૩) મંદ; ધીમું:- મંજુવાદિની=ધીરૂં-મીઠું બોલનારી.

મંજુસ, સ્ત્રી૦ મજુસ; પેટી.

મંજૂષા, સ્ત્રી૦ [સં.] પેટી; કોઈ વસ્તુ મુકવાનું મજેનું ઘર-ઘરૂં તે. (૨) સંગ્રહસ્થાન. જ્ઞાનમંજૂષા. ઉમદા ને મોંઘી ચીજ રાખવાનું પાત્ર; પેટારો.

મંજો, પું૦ છોકરાઓને રમવાનો રંગિત લખોટો તે; મોટો લખોટો. ક્રિ૦ પ્ર૦ મંજા ટીચવા=લખોટે રમ્યા કરવું; લખોટા લડાવવા. (૨) માંજો; કાચની ભુકી ચઢાવેલી દોર, પતંગ માટેની.

મંડ, ન૦ [સં.] રાબડી; કાંજી; ઢીલું પણ ગાઢું પેય તે. ઉ૦ નીવારોદનમંડ ઉષ્ણ મધુર; સલાવડી પ્યારીને, પીતાં જે વધ્યું તે તપોવનતણો, પ્રેમે પીએ આ મૃગ. ઉ૦ રા. ચરિત.

મંડન, ન૦ [સં.] શણગાર; શોભીતું કરે

એવું તે; અલંકાર. (૨) વાદવિવાદમાં અમુક વિચારને, દાખલા દલીલોથી પુરવાર કરવો તે; અમુક વિચારને સિદ્ધ કરવો તે; મત–વિચાર વગેરેનું પ્રસ્થાપન તે; સ્થાપન; અમુક વિચારનું બળ જમાવવું તે; સ્થાપન; ખંડનથી ઉલટું માંડવું તે મંડન; સ્થાપવું તે.

મંડપ, પુ૦ [**સં**] સુંદર છતવાળી આંગણામાં કે ખુલ્લી જગામાં બેઠક બનાવવી તે; માંડવો; લગ્નાદિક મંગળ પ્રસંગે ઘેર આવતા પરોણાઓને બેસાડવાને ઉભું કરેલું કામ ચલાઉ દિવાનખાનું–સભા–સાજન સ્થાન તે. ઉ૦ મંડપ મોટા માંડીઓ રે. ક. દ. ડા. (૨) બાગ=ઉપવનમાં લીલી વેલીઓ ચઢાવીને કરેલી કુંજ તે; લતાગૃહ:–માધવી મંડપ. વાંસ અને કપડાં બાંધીને બનાવેલો કામ ચલાઉ સુંદર તંબુ–વસ્ત્રગૃહ.

મંડવું, ક્રિ૦ અ૦ [**સં. मंड्**] મચવું; મચ્યા રહેવું; લાગવું; જારી કર્યે જવું; બીડયા રહેવું. (૨) શરૂ કરવું; ખંતથી આરંભવું; ખંત ઉત્સાહથી કોઈ કાર્ય વગેરે કરવામાં લાગ્યા અને લાગ્યા રહેવું; કામે ચઢયા રહેવું; પાછળ પડવું:–કાલ સવારથી મંડયો ત્યારે આજ આટલું થયું.

મંડળ, ન૦ [**સં. मंडल**] ગોળાકાર–ગોળાકાર ચકતું–સપાટી–બિંબ. (૨) વૃત્તાકાર–વર્તુલાકાર ઘેર તે; ગોળ અથવા ચતુષ્કોણ રચના; સ્વસ્તિકરૂપ રચના; અમુક આકારની પુરણી તે:–માતૃકામંડળ. (૩) મોટા ગોળાકાર સમૂહ; મેઘમંડળ. મોટા ગોળાકાર વિસ્તાર–પ્રસર તે. નભોમંડળ. (૪) ટોળું; જૂથ; સંઘ:–મંત્રીમંડળ; મિત્રમંડળ. (૫) અમુક હદમાં ફેલાયેલો રાજ્ય અમલ તે; રાજ્યનો મર્યાદિત ભૂપ્રદેશ; ભૂમંડળ; રાજ્યમંડળ–મુલક; દેશ તે. (૬) વર્તુલાકાર શરીરનો કોઈ ભાગ કે અવયવ ચહેરો વગેરે તે. નાભીમંડળ; મુખમંડળ. ચકરડું; કુંડાળું. (૭) નખિયો; અર્ધગોળવલુરો–ક્ષત તે. નખમંડળ ગંડસ્થળ પડિયાં. (૮) ગોળ સજન; ચકામાં; ધાબાં.

મંડલીક, [**સં**] સામંત; ખંડિયો રાજા; સામ્રાજ્યમાંના એકાદ પ્રાંતનો રાજા તે. રાજમંડળમાંનો એકાદ રાજા.

મંડળી, સ્ત્રી૦ ટોળી; જૂથ; જોડી; સમુદાય; સમૂહ; સંઘ; સાથી–સમુદાય. (૨) મિજલસ; રાવણું; સમાન સ્થિતિના માણસોનું મોજમઝા ભોજન અને મંત્ર વગેરે માટે એકઠું થયેલું ટોળું. કુંડાળું; ચક્રાકાર વર્તુલ. (૪) પેઢી; પંત્યાળે વેપાર કે કોઈ મોટું કાર્ય કરવાને એકત્ર થયેલા ભાગિયાઓનો સમૂહ તે; કંપની. (૪) સભા; પરિષદ.

મંડાણ, ન૦ આરંભ; શરૂઆત; માંડવું તે. (૨) પાયો. (૩) કુવાપર જે લાકડા સાથે ચાક હોય છે તે; પાણી ભર્યો કોશ જે લાકડા પર રહે છે તે.

મંડામણી, સ્ત્રી૦ નાણું ધીરનાર; ખાતું પાડવા માટે જે બક્ષીસ ઘી લેવાય છે તે; મંડામણ.

મંડાવવું, ક્રિ૦ સ૦ નોંધાવવું; લખાવવું. (૨) શરૂ કરાવવું.

મંડાવું, ક્રિ૦ અ૦ માંડેલ થવું. (૨) લખાવું. (૩) મોહકાણ થવી. (૪) પરણેલી હાલતમાં આવવું; ઠામબેસવું; ઠેકાણે પડવું. (૫) સારી સ્થિતિમાં આવવું.

મંડિત, વિ૦ [**સં.**] અલંકૃત; શણગારેલું; શોભાવાળું.

મંડીલ, ન૦ જરિયેલ કોરનો ફેંટો; માથે બાંધવાનું કસબી વસ્ત્ર, મંદિલ.

મંડૂક, પું૦ [**સં**] દેડકો; ભેક.

મંડૂર, ન૦ લોઢાના કાટનો ભુકો. લોખંડની દવા તરીકે વપરાય છે. પાંડુરોગ, અને ક્ષય

વગેરે દરદો ઉપર પહેલેથી લેવાયો હોય તો સારો ફાયદો કરે છે. લોહ રસાયન.

મંતર, પું૦ મંત્ર; જાદુઇ વચન–ઉચ્ચારણ તે.: મંતરતંતર.

મંતરવું, ક્રિ૦ સ૦ મંત્રની અસર ઉપજાવવી; મંત્રની અસરવાળું કરવું; મંત્ર ભણીને અડવું વા ફુંક મારવી કે જેથી મંત્રનું સામર્થ્ય અને અસર ઉત્પન્ન થાય:– દોરો મંતરવો. (૨) ભોગવવું; છેતરવું; ભમાવવું; જાદું કરવું; વશીકરણ કરવું. (૩) છુપી સલાહ આપવી; ભણાવવું; શિખવવું; પોતાના મતનું–પોતાનું કહ્યું કરે એવું કરી મૂકવું.

મંતરાવું, ક્રિ૦ અ૦ છેતરાવું; ઠગાવું. (૨) સામાની સલાહમાં લેવાવું; ભરમાઈ જવું; વિશ્વાસમાં તણાઇ જવું; ભરમાવું.

મંત્ર, પું૦ [સં] જાદુઈ અસર ઉપજાવે એવો શબ્દાદિકનો ઉચ્ચાર–પાઠ તે; સારી માઠી અસર ઉપજાવવાની શક્તિવાળો કહેવાતો નાનો પદબંધ. (૨) દેવસ્તુતિ; ઋચા; સૂકત–વેદમંત્ર. (૩) છુપી મસલત =સલાહ–વિચારણા; ગોઠ. મનસુબો, (૪) એવું ચમત્કારી વાકય, પદ કે અક્ષરનું ઉચ્ચારણ કે જેની બીજાને ખબર પડે નહિ, એમ ધારેલી અસર ઉત્પન્ન થાય. ઉ૦ આ મંત્ર કરો ઉચ્ચાર વશ ભરથાર થશે.

મંત્રશાસ્ત્ર, ન૦ [સં.] ચમત્કારિક અસર ઉપજાવે એવાં પદ વાકય ને અક્ષર વગેરેની સમજ અને તેનો ઉપયોગ કરવાની રીત; નિયમો વગેરેનો જેમાં બરોબર નિબંધ બાંધેલો હોય તે–પુસ્તક–લખાણ તે, મંત્રના વિધિનું શાસ્ત્ર.

મંત્રી, પું૦ [સં] જેની સાથે છુપી સલાહ –મસલત વગેરે કરવામાં આવતું હોય તે; પ્રધાન; વજીર; દિવાન; સલાહકાર. મુખ્યમંત્રી=વડોપ્રધાન.

મંત્રીપદ, ન૦ [સં.] પ્રધાનપદ; વજીરાત; (૨) મુખ્ય સલાહકારની પદવી–સ્થાન –જગા તે;

મંથન, ન૦ [સં.] મથન; ગડમથલ; ડહોળવું–વલોવી નાંખવું તે; ખૂબ માથાકૂટ કરવી તે.

મંથની, સ્ત્રી૦ દહિં વલોવવાનું ઓજાર; ફુલડાંવાળો વાંસ . (૨)જેમાં દહિં વલોવવામાં આવતું હોય તે પાત્ર–ગોળી.

મંદ, વિ૦ [સં.] ધીમું; ઠંડું; ટાઢું. (૨)ધીરૂં નહિજોર–વેગવાળું એવું.:–મંદ પવન. (૩) ઓછું; કમ; થોડું.:–મંદબુદ્ધિ. (૪) નરમ; શિથિલ; માંદું.:–હમણાં પ્રકૃતિ જરા મંદ છે. (૫) ઝાંખું; નિસ્તેજ.:–મંદ પ્રકાશ. (૬) સુસ્ત; આળસુ; એદી.:–એ તો કામ કરવે બહુ મંદ છે. (૭) આછું; હળવું; ધીમું.:–મંદહાસ્ય કરી વદી સુંદરી.

મંદતા, સ્ત્રી૦ ધીમાપણું; સુસ્તી; ઓછપ; જડતા; શૈથિલ્ય.

મંદવાડ, પું૦ માંદગી; બિમારી; આજાર. (૨) રોગ;.:– વ્યાધિ:– આ મંદવાડ કેવો કે જેની કોઇને ગતાગમજ પડતી નથી.

મંદવાડિયું, વિ૦ વારંવાર માંદું પડી જતું હોય એવું; રોગી; આજારી. (૨) મંદવાડ આવે એવું; જેથી–જેમાં માંદા પડી જવાય એવું.:–શરદઋતુ તો મંદવાડિયાજ ગણાય છે. મંદવાડિયું ઘર–વરસ મંદવાડવાળું.

મંદહાસ્ય, ન૦ [સં.] ધીરૂં–ધીમું મધુર હસવું તે; ગાલમાં ખાડા પડી જાય એમ સહેજ હસવું તે; મુખ મલકાવવું તે; અટ્ટહાસ્યથી ઉલટું. જરાક હસવું તે. ઉ૦ મંદહાસ્ય મુખ ઉપર દિસે ને આંખે મોહન માય; હૃદય ઉમંગે ઉછળે છે પણ બોલતાં શરમાય:

મંદાકિની, સ્ત્રી૦ [સં] ગંગાનદી. (૨) આકાશ ગંગા.

મંદાર, ન૦ [સં.] ધોળાં સુગંધિદાર ફૂલનું ફૂલઝાડ અને તેનાં પુષ્પ તે; પારિજાતક;

દેવલોકમાંનું એક ફલઝાડ.
મંદિર, ન૦ [सं] સુંદર ઘર. (૨) દેવાલય; દેરૂં. (૩) રાજમહેલ; હવેલી; રહેવાનું મેડીદાર ઘર. ઉ૦ રૂડા દિસો છો રાજેશ્વર મંદિર આવતાંરે. દયારામ.
મંદિરિયું, ન૦ મંદિર; સુંદર ઘર.
મંદિલ, ન૦ કસબી બારીક વણાટનું શેલું ફેંટા તે; મોળ; મોળિયું; જરિયેલ ફેંટા.
મંદી, સ્ત્રી૦ ભાવતાલની જે મંદ હાલત તે; ઉતરતા ભાવ તે; ભાવની પડતી તે; તેજીથી ઉલટી સ્થિતિ તે.
મંદું, વિ૦ ધીમું, ધીરૂં; ટાઢું. (૨) નબળું. જુઓ મંદ.
મા, સ્ત્રી૦ [सं. माता] જન્મ આપનારી; જનેતા; બા; આઈ; જનની. (૨) મોટી ઉમ્મરની સ્ત્રીને સંબોધવાનો માન ભર્યો ઉદ્‌ગાર—શબ્દ. (૩) વડિયાઈ; દાદી. (૪) દેવી; અંબા; દુર્ગા. (૫) અ૦ ના; નહિ:—એવું બોલતા મા.
માઆઝમા, વિ૦ [फा.] મોટું; મહાન.
માઈ, સ્ત્રી૦ મા; બા; જનની. (૨) ગૃહસ્થ અને પ્રૌઢ સ્ત્રીને સંબોધવાનો શબ્દ; મૈયા. (૩) દેવી; દુર્ગા; અંબા.
માઇકાંગલું, વિ૦ નબળું; ગરીબ; કંગાલ. (૨) બળ વગરનું; બાયલું; માવડિયું; ડરકું.
માઇલ, પું૦ [अं] બાવનસેં એંશી ફુટ જેટલું અંતર—માપ—તે.
માઉ, સ્ત્રી૦ દુકાળ પીડિત ભુખડું ને કંગાલ લોક; મરૂ; મો:—મારવાડની માઉ. (૨) ગંદું, ગરીબ, ભૂખે મરતું અને સ્વભાવે પણ અત્યંત રાંક એવું તે.
માઉલું, વિ૦ માલવગરનું; ગરીબ; બાપડું. (૨) શરીરે નબળું હોય એવું; હોશ વગરનું. (૨) માવડિયું.
માએનો, પું૦ અર્થ.
માએરૂં, ન૦ માહેરૂં; માશરૂં; માયરૂં; માતાના-પિયેરના ઘરને આંગણે કન્યાદાન લેવાને આવતા વરનો સત્કાર કરી બેસાડવાને બનાવેલો સુંદર મંડપ તે; જ્યાં વર કન્યા પરણવા બેસે છે તે ચોરી અથવા મંડપ. ઉ૦ માએરામાં તો કન્યા બેઠી છુટી વેણીરે.
માકડ, જુઓ માકણ.
માકડમુખો, વિ૦ માકડા જેવા લાલ મોંનો. (માણસ.)
માકડમુછો, વિ૦ વાંકડી મુંછોવાળો.
માકડિયું, ન૦ માણકને ભરાઈ રહેવાનું કાણાં કાણાંવાળું પાટિયું. પથારી કે પલંક તળે રાખતાં તેમાં બધા માકણ ભરાઈ જાય છે.
માકડી, સ્ત્રી૦ લાલ મોંના વાંદરાની માદા. (૨) ઘંટીના ઉપલા પડિયાના ગાળામાં બેસાડેલું માદા ઐડવું—ખીલડાની અણી રહે એવા ભોકવાળું લાકડું:—દળવાના સંચા નીકળતાં સુતારો ખીલમાંકડી કરવાનું એ ભૂલી ગયા. (૩) દોર બાંધવાના દોરડાના ગાળામાંનું નાના બટન જેવું લાકડું; ગાળિયામાંની બોરિયા તરીકે વપરાતી નાની મોઈ. (૪) કળ; છટકાવી શકાય એવી આંકડી.
માકડું, ન૦ રાતા મોંનું વાંદરૂં; ભોજલું. (૨.) વિ૦ આછું રાતું:—માંકડો બળદ.
માકડો, પું૦ રાતા મોંનો વાંદરો; મર્કટ; ખૂટ.
માકણ, પું૦ [सं. मत्कुण] સુવા બેસવાનાં બિછાનાં અને આસનોમાં થતો એક જાતનો જીવ; ખટમલ.
માકુલ, વિ૦ યોગ્ય; વાજબી.
માકો, પું૦ ભાંગરો; એક વનસ્પતિ. ઉ૦ કાજળ જેટલો હીરાબોળ, તેથી બમણો ગુંગળ ગોળ, તેમાં જો માકો રસભળે, તો અક્ષરે અક્ષરે દીવા બળે.
માક્ષિક, ન૦ [सं.] ઝીણી મગતરા જેવી માખોએ બનાવેલું મધ; કુટિયું મધ. ઝાડના પોલાણમાં આ મધ ઝીણી માખો બનાવે છે. તે કાળું અને તેલ જેવું હોય છે. એ હમેશ જુનું હોય છે કારણ કે તે ઝાડની

અંદરના પોલમાં હોવાથી ઝટ મળી આવતું નથી. (૨) એક જાતની હલકી ધાતુ. આ ધાતુ દવા તરીકે વપરાય છે. તેની ઘણી જાતો છેઃ- સુવર્ણમાક્ષિક. રૌપ્યમાક્ષિક, વગેરે. ધાતુનો રસ-રસાયન.

માખ, સ્ત્રી૦ [सं. मक्षिका] છ પગનું-પાર દર્શક પાંખનું એક નાનું ઉડતું જીવડું-નાનું પંખેરૂં, માંખ. ચોમાસામાં આનો ઉપદ્રવ બહુ રહે છે. ઉડતા-ચેપી રોગ તે ફેલાવે છે. કોલેરા, ઉંઘનો રોગ અને ચામડીના રોગોના જંતુઓ તેની મારફતે લોકમાં પ્રસરે છે. નાની મોટી-લીલી વગેરે ઘણી જાતની માખો થાય છે. ગળપણ અને સત્વવાળી વસ્તુ ઉપર તે મરી પડે છે. કહે૦ મધ ઉપર માખ=સ્વાર્થે ફરવું તે; કોઇની પાછળ ભમ્યા કરવું તે. રૂ૦ પ્ર૦ માખ છીંકવી= અપશકુન થવા; નુકસાનનું સૂચન થવું. માખ બેસણું=માખ બેસે એવું ચાંદું, લાંછન; કલંક; નબળી વાત ઉડવી તે. માખ બેસે તો નાક કાપે. માખો મારવી= નિરૂદ્યમી પડી રહેવું; નવરા બેસી રહેવું. ભાઇ શું કરે? બેઠા બેઠા માખો મારે છે. માખ નિચોવી લે એવું=બહુજ ચેપું. માખ મારે તે માણસ મારે=નાના જીવનો ઘાત કરે તે મોટાને પણ હણે. માખ ગળવી ના જીરવાય= એવું કામ કરવું કે જે જીરવાય નહિ.

માખણ, ન૦ દહિં-દૂધનું જે ચીકણું સત્ત્વ તે; નવનીત; મસ્કો; જેને તાવ્યાથી ઘી થાય છે તે; દહિંને વલોવવાથી નીકળતું સત્વ. ક્રિં પ્ર૦ માખણ લગાડવું=ખુશામત કરવી; સારૂં લગાડવું. માખણ વાપરવું. માખણિયો=ખુશામતિયો; હાજી હા કરનારો; સવાસલું કરનાર, માખણચોર=કૃષ્ણ. જે રણછોડ-માખણચોર.

માખણિયું, વિ૦ ખુશામતિયું; સારૂં લગાડયા કરે એવું. (૨) માખણ જેવું સુંવાળું મુલાયમ; પોચું-નરમ તે.

માખળ, ન૦ ખળીમાં આણેલા પાકનો સરકારી ભાગ માટે અંદાજ કાઢવો તે.

માંખી, સ્ત્રી૦ માખ. (૨) મધ બનાવનારી માંખ તે; માંખની જાતની ભમરી. કહે૦ માખી જુએ ચાંદું અને વૈદ જુએ માંદું. માખીનો વાઘ=એક જાતનો કરોળિયો, કુદતો કરોળિયો, એ માખોને પકડી મારી નાંખે છે.

માંખીઘોયું, ન૦ ભમરડાની રમતનો એક પ્રકાર. એક કુંડાળામાં એક જણનો ભમરડો મુકાવી જેના ભમરડાપર માખી બેસે તેની ઉપર બીજાઓ તાકીને ભમરડો મારે એવા પ્રકારની રમત તે.

માખો, પું૦ મોટી લીલી માખ.

માગ, પું૦ [सं. मार्ग.] માર્ગ-મારગ; રસ્તો; વાટ. (૨) બેસવા-સમાવા જેટલી જગા; ઠામ; મગતાસ:પૃથ્વી માગ આપે તો સારૂં પેસી જઇએ. બહુ લાજ આવે છે. (૩) મોકળાશ; વિસ્તાર; પહોળાણુ:-અહિં કબાટ રહે એટલો માગ છે. (૪) સ્થાન; આસન;જગા:-અહિં મારો માગ આસન છે બેસવાની જગા. (૫) અંતર; આંતરો; ગાળો; બે બાજુઓ વચ્ચે રહેલી ખાલી જગા; અંતરાળ:-કમાડનાં બે પાટિયાં વચ્ચે માગ છે. અવકાશ. (૬) પગલું; માર્ગ જોઇને શોધ કરવી તે. (૭) માગણી; ખપ; જરૂર. કોઇ વસ્તુને માટે થતી ખરીદવાની માગણી તે:-માગ પ્રમાણે ભાવ બોલાય. (૮) ઉઘરાણી. ક્રિ૦ પ્ર૦ માગ આપવો=મિજલસ વચ્ચે માન આપવું; સત્કારપૂર્વક બોલાવવું. માર્ગ આપવો. માગ મુકાવવો=મોટી પ્રતિષ્ઠા હોવી; ચાર માણસ વચ્ચે માન હોવું; માનની શેહ પહોંચવી.

માગણ, વિ૦ [सं. मार्गण] માગનાર; યાચક; ભિક્ષુક.

માગણિયાર, વિ૦ માગવાનો-ભિક્ષુકીનો ધંધો

કરનાર; માગી ખાનારઃ–માગણિયાટલોક. (૨) લેણદાર; જેણે બીજાને નાણાં ધીરેલાં હોય તે.

માગણી, સ્ત્રી૦ માગવું તે; માગું. (૨) ખપ; જરૂર. (૩) ભાવમાં વધવું તે; અમુક–અથવા તેથી ઉંચી કિમ્મતે લેવાની ઇચ્છા બતાવવી તે. (૪) પાનાં ઉઘરાવવાં તે. ગંજીફાની રમતમાં.

માગણું, ન૦ આપેલું પાછું માંગવું તે; માગણી. (૨) માગતુંલહેણું. માગું.

માગતું, ન૦ બીજો માણસ જે માગતો હોય તે; સામાને આપવાનું જે તે; ઋણ; દેવુંઃ–માગતુંલહેણું પતાવતાં એક લાખ રૂપિયો બચશે.

માગધ, પું૦ રાજા અને તેના વંશજોની કીર્તિ કરનાર; રાજવંશી ગુણગાનાર; બંદીજન. (૨) વહીવંચા; ભાટ; ચારણ.

માગધી, સ્ત્રી૦ માગધની સ્ત્રી; અંતઃપુરમાં રહેનારી બંદીજનની સ્ત્રી; ચારિણી. (૨) વિ૦ મગધદેશનું–મગધસંબંધી. (૩) સ્ત્રી૦ મગધમાં બોલાતી અસલી ભાષા; પ્રાકૃત ભાષાઓમાંની એક મુખ્ય ભાષા. બુદ્ધ અને જૈનધર્મનું અસલ લખાણ એ ભાષામાં છે.

માગનાર, વિ૦ જ્યાં ત્યાં ફરીને અન્નાદિક માટે માગણી કરનાર; ભિક્ષુક; ભિખારી. (૨) લહેણદાર; હકદાર.

માગરણા, પું૦ સૌભાગ્યવતી સ્ત્રીઓ એકઠી થઇ વરને જે વાતો કહે છે તે.

માગવું, ક્રિ૦ સ૦ પોતાને જોઇતી વસ્તુ વાત કે વિચાર બીજા પાસેથી લેવા ઇચ્છવું. તે આપે એમ તેને કહેવું. પૂછવું તે; લેવાની ઇચ્છા બતાવવી; વિનવવું. આજીજી કરી મફત આપવા કહેવું; યાચવુંઃ–ભીખ માગવી. (૨) આપેલું પાછું લાવો એમ કહેવું; લહેણું પાછું આપવાનું પૂછવું; માગી લેવું. (૩) વિનંતિ કરવી; કોઈ વસ્તુ મેળવવા માટે અરજ ગુજારવી; ઉછીનું લેવું. માગી ખાવું=ભીખવું; ભીખીખાવું. કહે૦ માગી ખાવું ને મસીદે સૂવું; બેફિકરો અને રખડાઉ–ઠામ ઠેકાણા વગરનો. માગ્યાં મુક્તાફળ મળે પણ ભીખને માથે ભઠ્ઠ. માગ્યું મોતે ન આવે. માગ્યા વગર મા એ ના પીરસે. માગવાથી મરવું ભલું. માગ્યા મેહ વરસવા=જેમ જોઇતો હોય અને જેમ ઇચ્છતા હોઈએ તેમ વરસાદ આવવો તે. મોંમાગ્યું=મુખે જેટલાની જેવી વસ્તુની માગણી–ઈચ્છા કરે તેટલું અને તેવું એમઃ–અમે મોંમાગ્યા દામ આપીશું, માગનાર જેટલા માગશે તેટલા આપીશું એમ.

માગશર, પું૦ [સં. मार्गशीर्ष] વિક્રમ સંવત્સરનો બીજો ને શાલિવાહન સંવત્સરનો નવમો મહીનો.

માગું, ન૦ માગવું તે; માગણી તે. (૨) લગન કરવાનું પુછાવવું તે. (૩) ઉઘરાણી. ક્રિ૦ પ્ર૦ માગું કરવું=કન્યાવાળાએ વરવાળાને ત્યાં કે તેથી ઉલટું વિવાહ માટે પુછાવવું તે; માગું મોકલવું=વરે કન્યાને ત્યાં કિંવા કન્યાએ વરને ત્યાં લગન માટે પુછાવવું–કહેણ મોકલવું તે. માગું ઝીલવું=લગનાદિકની માગણી સ્વીકારવી.

માઘ, પું૦ [સં] વિક્રમ સંવત્સરનો ચોથો અને શાલિવાહન સંવત્સરનો અગિયારમો મહીનો.

માઘવટો, પું૦ પોષ વદિ ૧ થી માઘ સુદિ ૧૫ લગી સૂર્યોદય પહેલાં સ્નાન કરવાનું એક વ્રત તેઃ–માઘવટો નહાવો.

માચડો, પું૦ [સં. मंचक] ચાર પાયાવાળી ઉંચી બેઠક; પાટ. (૨) મોટો ખાટલો; માંચો. (૩) ઝાડ ઉપર અથવા ઉંચા થાંભલાઓ ઉપર ઉભી કરેલી બેઠક; માળો.

માચી, સ્ત્રી૦ નાનો માંચો; ઢોલડી. (૨) ખુરસીના જેવી બેઠકઃ–સાંગામાંચી.

માંચો, પું૦ [સં. મંચ] ચાર પાયાવાળી સવા બેસવાની એક બનાવટ તે; ખાટલો; પલંગ; ઢોલિયો. (૨) માચડો; માળો.(૩) સોગટાં રમવાની બાજીમાં ખાસ ખાનાં ઉપર પાડેલા સ્વસ્તિક તે; સાથિયા પાડેલાં ખાનાં તે. કહે૦ મરતોએ નથી ને માંચોએ મૂકતો નથી, અર્થાત્ આમ કે તેમ એકકે બાજુ પાર આવતો નથી, એમ–કંટાળા–અભાવમાં બોલાય છે.

માછણ, સ્ત્રી૦ માછી જાતિની સ્ત્રી; મચ્છીમારની સ્ત્રી; માછલાં મારનારી સ્ત્રી. (૨) ખલાસણ.

માછલી, સ્ત્રી૦ પાણીમાં ઉત્પન્ન થતું એક પ્રાણી. એ પાણીમાંજ રહે છે અને પાણીમાંથીજ ચૂઇવડે શ્વાસ પણ લેછે–પાણીની બહાર કાઢતાં તે મરી જાય છે. માછલી પાણીની બહાર જીવી શકતી નથી. મત્સ્ય.

માછલું, ન૦ પાણીમાં થતો એક જીવ–પ્રાણી તે; માછલી; મત્સ્ય; મીન. રૂ૦ પ્ર૦માછલે ગળ ગળવી=લોભમાં ફસાવું.

માછી, પું૦ માછલાં મારવાનો અને વેચવાનો ધંધો કરનારા લોકનો એક વર્ગ અથવા નાત; ધીવર; ખલાસી; મચ્છી; મચ્છીમાર.

માજમ, જુઓ૦ માઝમ.

માજર, જુઓ૦ માંજર.

માજરપાટ, પું૦ માદરપાટ; ખાદીથી સુલાયમ વણાટનું સુતરાઉ કપડું.

માજરવેલ, સ્ત્રી૦ એક જાતની ડાંગેર–ભાત.

માજરૂં, વિ૦ માંજરૂં; ભુરૂં; જેની આંખો બિલાડીની માફક ભુરી હોય તે.

માજવું, ક્રિ૦ સ૦ ઘસીને સાફ–ઉજળું કરવું; ઉડકવું; ઉકટવું; રેતી વગેરે ઘસીને ચકચકિત કરવું; અજવાળવું:–વાસણ માજવાં. ઉ૦ સાસુજી! પાત્ર માંજ્યાં, જળભરણ જાઉં છું, કામ છે માજી બીજાં?

માજિસ્ટ્રેટ, પું૦ [અં] ફોજદારી ગુનાઓની તપાસ કરનારો અમલદાર; કાજી; ન્યાયાધીશ.

માજી, સ્ત્રી૦ મા; વડિયાઈ; દાદી. (૨)અંબા; દેવી; દુર્ગા. કોઈપણ ઘરડી સ્ત્રીને માનાર્થે બોલાવવામાં વપરાય છે.

માજી, વિ૦ [आ. माजी] મરહુમ; થઇ ગયેલું; આગલું; ભૂતકાળનું; પહેલાં થયેલું કે થઇ ગયેલું.

માજુફળ, ન૦ એક જાતનું ફળ; માયું.

માજુમી, વિ૦ માઝમનું વ્યસની.

માજુર, વિ૦ આંધળો.

માજો, પું૦ માંજો; લાહીમાં કાલવેલો કાચનો ભુકો. (૨) કાચ પાયેલી દોરી.

માઝમ, સ્ત્રી૦ [आ. मअजन] ભાંગના સત્ત્વમાં બીજાં વસાણાં મેળવીને બનાવેલો કેફી પદાર્થ. (૨) (સં. मध्यम] માઝમરાત=મધરાત; અંધારીરાત.

માઝો, પું૦ સુલાઝો; મર્યાદા; અદબ. (૨) હદ; સીમા.

માટ, ન૦ માટલું; દૂધ ભરવાનું અને દૂધ મેળવવાનું કે દહિં છાશ રાખવાનું જે માટીનું વાસણ તે. (૨) માટ; એક જાતની ભાજી. (૩) અ૦ માટે; વાસ્તે. કવિતામાં વપરાય છે.

માટરિયો, પું૦ નહિ બાંધેલો કુવો; થાળા વગરનો કુવો.

માટલી, સ્ત્રી૦ નાનું માટલું; પાણી ભરવાના માટીના ગોળી.

માટલું, ન૦ પહોળી કુખોનું પહોળા મોંનું માટીનું વાસણ. પાણી, દાણા અને ગોળ વગેરે ભરવાના કામમાં આવે છે. (૨) અખાત્રીજ ઉપર મોટલાનું દાન આપવું તે. ક્રિ૦ પ્ર૦ માટલું પૂરવું=કન્યાને સાસરે વળાવતાં લગ્નનો રૂપિયો, ઘઉં, પાપડ, વડીઓ વગેરે ભરીને માટલું તૈયાર કરી આપવું તે.

માટી, સ્ત્રી૦ [સં. मृत्तिका] જમીનમાંથી ઉખાડેલો પદાર્થ તે; મટોડી; મૃત્તિકા; પૃથ્વીનું દ્રવ્ય તે. (૨) માંસ. ઉ૦ અમો

માટીના ભોગી. માટીનાં માનવી માટી-માંહે. (૩) વિ૦ જબરું; જોરાવર. ક્રિ૦ પ્ર૦ માટી થવું=રદ થવું; ખરાબ થઈ જવું; બગડી જવું. માટી વાળવી=દાબી દેવું; ચર્ચા બંધ પાડવી. દાટીદેવું; ગતે ઘાલવું. (૪) માટી=ધણી; પતિ; વર. ઉ૦ માટીરે મારો માવડિયો, આલિ! કહે૦ મીણનોએ માટી જોઇએ=ધણી વગર ન ચાલે એમ. ગમે તેવો નિર્બળ હોય તોપણ સત્તાવાળો તે સત્તાવાળોજ–તેને માન આપવું–નમી ડરીને ચાલવું જોઇએ એમ.

માટીડો, પું૦ પુરૂષ; નર; મરદ. (૨) ધણી; પતિ; વર. (૩) પુરૂષાર્થી; બહાદુર; વીર્યવાન.

માટે, અ૦ કાજે; સારૂ; વાસ્તે; અર્થે. (૨) તેથી; તે કારણે.

માંઠ, સ્ત્રી૦ માટ; એક જાતની ભાજી.

માઠું, વિ૦ ખરાબ; નઠારૂં; ભુંડું; નરસું. (૨) લાગણી દુઃખાય એવું; ખોટું. ઉ૦ માઠું લગાડો તો મારા સમ છે સલુણીરે. (૨) ઓછું; કમ; કસતું:–માઠું તોળવું. (૩) દુષ્ટ; ઘાતકી. (૪) અશુભ; અમંગળ:–માઠા વાવડ=અમંગળ–અશુભ સમાચાર.

માઠેરૂં, વિ૦ થોડું; લગાર; કમ; સહેજસાજ.

માંડ, ન૦ નાળિયેરીનું ઝાડ. (૨) માંડ; કેળનો મંડપ; બાજઠ ઉપર કેળના પીલા બાંધીને બનાવેલું રન્નાદેવનું સ્થાન. (૩) માળવાળું કિલ્લાની આગળનું મકાન; મજબુત મકાન તે. (૪) એ નામનો એક રાગ.

માડણ, ન૦ [**સં. मंडन**] કન્યા અથવા જુવાન સ્ત્રીઓ કમાનને આકારે કપાળથી ગાલ સુધી આડ કરી તે ઉપર જે તારા ટપકી લગાડે છે તે; પત્રરચના, તારા ટપકીની પિયળ. (૨) શણગાર. (૩) ભેંશ શરીરે જે કાદવ લગાડે છે તે; કાદવનો ખરડ.

માડમાડ, જુઓ માણમાણ.

માડવ, પું૦ [**સં. मंडप**] વહેવાઇને પહેરામણી આપવાની રીત તે; માંડવાની રીત–કરિયાવર તેઃ–માડવનો વરઘોડો.

માડવિયો, પું૦ માંડવા તરફનો–કન્યા તરફનો માણસ–જાન તરફનો નહિ તે.

માડવી, સ્ત્રી૦ ઘરનો આગલો છુટો ખંડ; ઘરનો ઉપરથી છાપરાવાળો ખુલ્લો આગલો ભાગતે. (૨) નાનો માંડવો–મંડપ. (૩) પરદેશથી આવતાં વહાણમાંના માલ ઉપર જકાત લેવાને બંદર ઉપર રાખેલું થાણું તે; ફુરજો.

માડવીની શિંગ, સ્ત્રી૦ ભોંય શિંગ; મગફળી.

માડવું, ક્રિ૦ સ૦ આરંભ કરવો; શરૂ કરવું. (૨) ગોઠવવું; જુગતીથી મેલવું. (૩) આંકડા લખવા–મૂકવા. (૪) નામું–રકમ વગેરે લખાણ કરવું તે. (૫) નવું સ્થાપન કરવું–કાઢવું. (૬) શોક કરવાને લોકોને એકઠા કરવા તે. કાણ માડવી. ક્રિ૦ પ્ર૦ મોકાણ માંડવી=નુકસાન કરવું–બગાડી નાંખવું. માડી વાળવું=બરોબર કરી મૂકવું; બંધ કરવું. (૩) સમાધાન કરવું. ઘર માડવું=સંસાર ચલાવવો.

માડવો, પું૦ [**સં. मंडप**] લગન અથવા ઉત્સવ વગેરેના પ્રસંગોમાં બારણા આગળ ચંદરવો બાંધીને બનાવેલી બેઠક; મંડપ. (૨) ફૂલવેલથી છવાયેલી કુંજ.

માડા, પું૦ જુવાર અથવા ઘઉંની હાથે ઘડેલી પાતળી રોટલી.

માડી, સ્ત્રી૦ મા; માતા. વહાલથી બોલાવવામાં વપરાય છે. ઉ૦ માડી મારો મથુરાં નગરીમાં દંત વ્હેર્યો, મેં અખંડ ચુડીલો પહેર્યોરે.

માડો, પું૦ રોટલાની ફુલેલી પાતળી કપોટી;

પોપડો. (૨) પુડો. (૩) ફુલકા રોટલી; ફુલકો.

માઢ, પું૦ મહેલ; મેડીવાળું સુંદર મકાન. (૨) વાસ; લત્તો; મહોલ્લો.

માઢુઆં, ક્રિ૦ લાડકાં; લડાવેલાં; બાળુડાં; માહુડાં.

માઢુડાં, વિ૦ માઢુઆં.

માણ, ન૦ મોયણ; મોણ; આટાને પાણીથી બાંધતા-પલાળતા પહેલાં તેલ, અથવા ઘી વગેરેથી જરા કરમોવવો તે; આટાને સ્નેહાળ કરવો તે; તેલ ઘી વગેરેથી આટો મસળવો તે. (૨) આટાને કરમોવવાનું ઘી-તેલ-વગેરે તે. (૨) સીમા; હદ. ઉ૦ શેષનાગ જમી (ભૂ) તોળી રહ્યા, જેમ સાગર ન મેલે માણ. બો. બ. (૩) મીણો; કેફ. (૪) ઉતરડ; અભેરડી. (૫) ઘડિયાળી; પાણી ભરવાની માટલી. (૬) ગાગર.

માણકમાઉ, વિ૦ માનકમાઉ; બેકાર; નિરુદ્યમી; આળસુ; સુસ્ત; બેસી રહેનાર. કહે૦ માણકમાઉ ને વળી મોડા ઊઠ્યા.

માણભટ, પું૦ તાલ દેવા માટે તાંબાની માણ સાથે રાખી કથા કરનારો વ્યાસ.

માણકી, સ્ત્રી૦ એક જાતની ઘોડી; ઉંચી જાતના ઘોડાઓ જેનાથી ઉત્પન્ન થાય એવી ઉંચા તુખમની ઘોડી. (૨) ઘોડીનું લાડકું નામ.

માણમાણ, અ૦ જેમ તેમ કરીને; પરાણે. (૨) ધીરેધીરે. (૩) અમથું; નામનું. ઉ૦ માણમાણ મનના મામા રાજ, મારે ઘેર શીદ આવ્યા.

માણવક, પું૦ [સં.] ગમતી માણસ; મશ્કરો; વિદૂષક. ઢિંગણો-હસવું આણે એવો-રાજા વગેરેની ગમ્મતને માટે રાખવામાં આવતો માણસ.

માણવું, ક્રિ૦ સ૦ [સં. मन्] મન હોય તે પ્રમાણે અનુભવવું-ભોગવવું-તે; મનને ગમતી ગમ્મત કરવા દેવી તે; જાતે-પોતે કરી જોવું; લહાવો લેવો; સુખનો સ્વાદ જેમ રૂચિ હોય તેમ લેવો તે. ઉ૦ આવો મારે ઘેર માણવા. (૨) ખમવું; સહેવું.

માણસ, ન૦ [સં. मनुष्य] બધાં પ્રાણી કરતાં આકારમાં સુંદર અને બુદ્ધિ-અકલમાં ચઢિયાતું બેપગું પ્રાણી-મનુષ્ય; આદમ; જન તે. (૨) નર; પુરૂષ; આદમી. રૂ૦ પ્ર૦ માણસની ઓળ=મનુષ્યને યોગ્ય વ્યવહાર, ચરિત; માણસાઈ-વિવેક વગેરે આચારણ વિશેષ તે. ઉ૦ માણસ કેરી ઓળમાંથી ટળી ગઇ જો, સુણો સામળા.

માણસાઈ, સ્ત્રી૦ માણસપણું; માણસને યોગ્ય વર્તન તે; રીતભાત વગેરે. (૨) ભલમનસાઇ; જનદયા. (૩) મર્દાઇ. ક્રિ૦ પ્ર૦ માણસાઇ રાખવી=દયા ભાવવાળા થવું. વિવેકમાં રહેવું. (૪) વિ૦ માણસને લગતું-માણસ સંબંધી:-માણસાઇ ખવાસ. (મુંબાઇ તરફ વપરાય છે.)

માણિકય, ન૦ [સં] લાલ રંગનો કિમતી પત્થર; માણેક.

માણિયો, પું૦ ગાડવો; ઘડો; પાણી ભરવાનું વાસણ. (૨) જેમાં એક મણ પ્રવાહી માય એવું પાત્ર-કુપો. (૩) મણનું કાટલું-જોખ તે.

માણી, સ્ત્રી૦ સોળ મણનું માપ; સોળમણ વજન.

માણીગર, પું૦ માણી જાણનારો; ભોગ-સુખાનંદ ભોગવી જાણનારો તે; રસિક નર; ભોગી, વિલાસી પુરૂષ. ઉ૦ માણીગર મહેલે પધારો.

માણીતલ, ન૦ સુખસ્થળ; વિશ્રામઠામ.

માણેક, ન૦ [સં. माणिक्य] લાલરંગનું કિમતી રત્ન તે; લાલ જવાહીર-હીરો. રૂ૦ પ્ર૦ માણેક જમાની: ધણી આપે તો આપું, એવી શરતવાળી જમાની. માણેક નોતરૂં: ખરું-જમવા જવાનું નહિ પણ માનને ખાતર નોતરૂં તે.

માઆકારી, સ્ત્રી૦ આસો સુદિ પુનેમ તે; શરદૃઋતુની પૂર્ણિમા.
માણો, પું૦ ભોગ; મોજનો અનુભવ તે. (૨) એક માપ.
માત, સ્ત્રી૦ [सं. मातृ] મા; જનની. (૨) દેવી. (૩) મકાત=હાર; પિછેહઠ; પતન; પાત.
માતબર, વિ૦ [अ.] તાજું; ભરપુર; ભર્યુંપૂર્યું હોય તે; પ્રપૂર્ણ; ગબ્બર. (૨) તાલેવાન; ધનાઢ્ય; પૈસાવાળું; શ્રીમંત.
માતબરી, સ્ત્રી૦ માતબરાઈ; માતબરપણું; ધનાઢ્યતા; પૈસાદારપણું. (૨) આબરૂ; ઇજ્જત; ગૌરવ.
માતમ, ન૦ મોટાઈ; માહાત્મ્ય. (૨) મહાતમ; શોક; વિલપન; રોકૂટ–રાડકૂટ તે.
માતરિશ્વા, પું૦ [सं] મરૂત; પવન; વાયુ.
માતરૂં, ન૦ મૂતરવું તે; સહેજ સહેજમાં જેનાથી મૂતરાઇ જવાતું હોય એવું; મૂત્રકૃચ્છના રોગવાળું.
માતલિ, પું૦ [सं.] ઇન્દ્રનો સારથિ.
માતંગ, પું૦ [सं.] હાથી; ગજ.
માતંગી, સ્ત્રી૦ હાથીના વાહનવાળી દેવી. (૨) હાથિણી.
માતા, સ્ત્રી૦ મા; જનની. (૨) દેવી. (૩) સેયડ; શીતળા.
માતાજી, સ્ત્રી૦ મા; જનની. ઘરડી ડોસી. (૨) દેવી; દેવતા.
માતામહ, પું૦ [सं.] માનો બાપ.
માતામહી, સ્ત્રી૦ માની મા.
માતુ, વિ૦ માતેલું; હૃષ્ટપુષ્ટ; જાડું; અભિમાની; અહંકારી. (૨) મા. ઉ૦ પિતુમાતુ.
માતુતાતું, વિ૦ જાડું; લોહિયાળ અને તેજદાર; અહંકારી ને વળી તુંડમિજાજી.
માતુલ, પું૦ [सं] માનો ભાઈ તે; મામો. માતુલી=મામી.
માતુશ્રી, સ્ત્રી૦ મા; માતાજી; જનની.
માતૃ, સ્ત્રી૦ [सं.] મા; માતા; જનની.
માતૃકા, સ્ત્રી૦ [सं.] વિવાહાદિક ઉત્સવમાં જેની પૂજા કરવામાં આવે છે એવી દેવતા.
માતૃપક્ષ, પું૦ [सं.] માનાં માબાપ તરફનાં સગાં સાગવાં વગેરે તે.
માતેલું, વિ૦ ખાનપાનથી પુષ્ટ; જાડું; સ્થૂલ; લોહીમાંસથી ભરેલું. (૨) ગર્વિષ્ઠ; જોઇએ તેથી વધારે મળેલું હોવાથી આવેલા અભિમાનવાળું. (૩) રસથી ભરેલું; તરમતરા. (૪) વકરેલું; ગર્વથી છકેલું. :–માતેલો સાંઢ.
માત્ર, વિ૦ વર્ગમાં હોય તેટલાજ; સઘળાજ. (૨) અ૦ એકલું એજ; તેજ; ફક્ત; કેવળ.
માત્રા, સ્ત્રી૦ [सं] એ સ્વરનું વ્યંજન ઉપર મુકાતું ચિહ્ન. (૨) લઘુ અક્ષરના ઉચ્ચારમાં લાગતો એટલો કાળ તે; હૃસ્વ અક્ષરનો ઉચ્ચારણ કાળ. (૩) એક અલ્પ પ્રમાણ; ચપટી; નાનું પ્રમાણ.:–થોડી માત્રામાં રસાયન બહુ ગુણ કરે છે. માવો. (૪) ધાતુ વગેરેની ખાખ તે; અગ્નિમાં સિદ્ધ કરેલી ધાતુ. મોતી અને બીજાં પાર્થિવ દ્રવ્યોની દવારૂપ બનાવટ તે; રસાયન.:– વૈદ્ય વગર સમજે માણસને માત્રા ખવરાવે છે અને માત્રા પછી કાચી હોય છે તો ફૂટી નીકળે છે.
માત્રામેળ, વિ૦ જેમાં ઓછી વધારે માત્રા ઉપર પદબંધનો આધાર હોય એવું.:– માત્રામેળ છંદો.:– ગીતિ; દોહરા; ચોપાઈ; હરિગીત વગેરે. માત્રાવૃત્ત.
માત્સર્ય, [सं.] બીજાનું સારૂં નહિ દેખી ખમાવું તે; ઈર્ષા; અદેખાઇ. (૨) મચ્છર; તોર; છક; ઉદ્દંડપણું; મારા જેવું કોણ છે ? અભિમાનનો ઉદ્ધત ઉછાળો તે.
માથાઓળ, સ્ત્રી૦ સંયુક્ત કુટુંબના જેઠ દિયેર વગેરે પાસેથી ભરણપોષણ માગવાનો વિધવાનો હક તે.

માથાકુટ, સ્ત્રી૦ નકામી મહેનત-ખાલી પંચાત તે; પીડા; ભાંજગડ; માથાફોડ.

માથાકુટિયું, વિ૦ લમણાઝીકાવનારૂં; માથાફોડિયું; ખાલી ભાંજગડ- હૈડાચૈડ કરી મગજ પકવી નાંખે એવું; ખૂબ ચીકણું અને મગજને બગાડી નાંખે એવું-પોતાનો બોલ ખરો કર્યા કરનારૂં.

માથાઝીક, સ્ત્રી૦ માથાકુટ.

માથાદીઠ, અ૦ દરેક માથે આવે તેમ; માથા પ્રમાણે; પ્રત્યેક જણજણે; માથે માથે એમ.

માથાફોડ, સ્ત્રી૦ માથું ફુટી જાય એવું અટપટું કામ તે; મગજને ઘસવી નાંખે એવું કામ તે; માથાકુટ; ભાંજગડ; પંચાતી.

માથાફોડિયું, વિ૦ માથું ફુટી જાય એવું; મગજને ઘસવી નાંખનારૂં; માથાકુટિયું. (૨) માથે અફળાય એવું; કપાળમાં વાગે એવું નીચું. આ માથાફોડિયું બારસાક ક્યાંથી લાવ્યા ?

માથાબાંધણું, ન૦ માથાને પવન લાગે નહિ-શરદી લાગે નહિ તે માટે માથે બાંધવાનો ટુકો લુગડાનો કટકો તે; માથે વિંટાળવાનો રૂમાલ. પારસી સ્ત્રીઓ જે રૂમાલ માથે બાંધે છે તે.

માથાબોળ, વિ૦ માથું બોળાય એવું.-મને અડશો તો માથાબોળ નહાવું પડશે.

માથામેલી, વિ૦ અડકાયેલી; રજસ્વલા; અભડાયેલી સ્ત્રી તે.

માથાવટી, સ્ત્રી૦ [**સં. मस्तक×वर्ती**] માથાને લઈ-વ્યક્તિને લઇ લોકમાં મનાતી જે પ્રતિષ્ઠા-આબરૂ-કીર્તિની છાપ તે; આબરૂ; નમના; સાખ; વ્યક્તિગત ચરિતની જે માન્યતા-સાખ તે.:-એની સોબત કરશો માં-હલકી માથાવટીનું માણસ છે. વ્યક્તિગત ચરિત-રીત ભાત તે માથાવટી.

માથું, ન૦ [**સં. मस्तक**] પ્રાણીઓના શરીરનો તે ભાગ કે જેમાં મોં, આંખ, નાક, કાન, વગેરે મુખ્ય ઈંદ્રિયો અને જ્ઞાન તંતુઓવાળું મગજ હોય છે; પેટ પગ, ગુદા, પુંછ વગેરેથી જુદો પ્રાણીઓમાં આગલો અને માણસમાં ઉપલો ગળાપર ટેકવાયેલો લંબગોળ અવયવ; શરીરનો પ્રધાન ભાગ તે; મસ્તક; ડોકું; મોઢું; શિર; ઉત્તમાંગ. (૨) કોઇ પણ વસ્તુનો ઉપલો ભાગ અથવા અવયવ તે; શિરોભાગ; શિખર; ટોચ. (૩) કપાળ.:-ફુટમાંથું (૪) જન-વ્યક્તિ; એક એક માથાવાળું, જન-પ્રાણી એમ. માથાદીઠ.:-માથે બે રૂપિયા પડશે. માથે કેટકેટલું ખરચ આવશે ? (૫) મગજ; ભાન, જ્ઞાન-સમજ. રુ૦ પ્ર૦ માથા ઉતાર=લાગણી-ખંત-જોખમદારી સમજીને નહિ પણ બેદરકારીથી-પોતાની પરથી દૂર કરવા માત્ર એમ.:-માથા ઉતાર કામ ના કરશો. માથાવગરનું=નિડર; નિર્ભય; જીવની-માથાની દરકાર રાખે નહિ એવું.; સાહસિક. માથાનો મુગટ=માન્ય; પૂજ્ય; વડીલ. (સ્ત્રીને) પતિ. ઉ૦ માથાના મુગટ મારા પરણ્યા કે કુંવરારે. માથાનું=પહોંચી વળે એવું; માથું ભાગે એવું. માથાનો ઘા=કટુ વચન; કટકા સમાન લાગવું તે. માથામાં ગજ ઘાલ્યા છે ?=શા ભાર છે ? ગજુ શું છે. માથા સરસું=નિકટસંબંધી; હમેશનું; રોજનું; પાસેનું. નિત્ય સંબંધવાળું:-મારે ક્યાં માથા સરસા જડયા છે ? બેમાથાં=બળિયું; ગાંઠે અથવા ગણગારે નહિ એવું; ઉચ્છૃંખળ:-એને બેમાથાં છે. માથે અંકુશ=ઉપરી સત્તા, દાબ; ટોક. માથે શિંગડાં=ખુલ્લું નિશાન. ઉ૦ મૂરખ માથે શિંગડાં નહિ નિશાની હોય. ક્રિ૦ પ્ર૦ માથાના કકડા થવા=ખૂબ મગજ દુખવું; મસ્તક શૂળ તે. માથાના વાળ ધસાઇ જવા=બહુ ચાકરી ઉઠાવવી; ઘણું કામ કર્યું છે એમ બતાવતાં કહેવાય. માથાની તુંબડી રહીજવી=માથા ઉપર બહુ ચિંતા રહેવી; બહુભાર વહેવો-સેવા ઉઠાવવી. માથા પર નાચવું=નહિ

ગાંઠવું. માથા પર ભમવું=નિરંતર ભય રહેવો. માથામાં ટપલા વાગવા=જાતિ અનુભવ મળવો; ઠોકરો સહીને ડહાપણ આવવું. માથામાં ધુમાડો રાખવો=બળ-પૈસા વગેરેનું જોર દેખાડવું; નહિ લેખવવું તે. માથામાં પવન ભરાવો=અમુક વાતના તરંગપર ચાલ્યા જવું; ગર્વ આવવો. માથામાં મારવું=સામું મહેણું દેવું. મગરૂરી ભેર આપી દેવું; તરત એવી રીતે આપવું કે જેથી માથામાં વાગે. માથું આપવું=જીવ આપવો:-માણસ તો મરવાને માથું આપે તેવો છે. માથું ઉંચકવું=સામે થવું. માથું ઉંચું રાખવું=પોતાનું માન રાખવું; વડાઈ હાંકવી. માથું કાપવું=છેહ દેવો; ઘાત કરવો. માથું કૂટવું=ખાલી મગજ મારી કરવી; ખાલી મહેનત ઉઠાવવી; અમસ્તી પંચાત કરવી. માથું ખણવું=શરમિંદા પડી જવું; દબાઇ જવું; ઠપકો સાંભળી રહેવો. માથું ખાઈ જવું=બહુ બડબડ કર્યા કરવું; એક ને એક બાબત વારંવાર કહ્યા કરવી. નહિ પિછો મૂકવો:-કેટલાએ દિવસ મારું માથું ખાઈ ગયો. માથું ઘરાણે મૂકવું= મોતની દરકાર નહિ રાખવી. માથું મારવું=ઘુસવું, વચ્ચે પડવું. કોઈ વાત-વિષયમાં વગર પૂછે વચ્ચે પડવું. માથું ચઢવું=મગજ દુખવું. માથું ઝીકવું-ફોડવું=ખાલી ટકટકારો કરવો; પંચાતી કરવી. માથું નીચું કરવું=નમાવવું; શરણે જવું. માથું ફરવું=ચિઢાવું; ચક્કર આવવાં. માથું ફાટી જવું=મગજ ઉશ્કેરાઈ જાય એવી ગંધ આવવી. માથું બોડવું=કંઇ નહિ આવડવું. ભાગવું=સરસાઇમાં ઉતરવું; સરસ નિવડવું. ખાધું ખાઇ જવું=પાંચ લાડુનાં માથાં ભાગી નાંખ્યાં. માથું રંગવું=માથું ફોડી નાંખવું. માથું સોંપવું=વિશ્વાસ કરવો-દેવો તે; દેહાપેણલગી સેવા સોંપવી. શરણે પડવું. માથું હલાવવું=હા ના કહેવી. સંમતિ આપવી. માથે આવવું=અડકાવું, અભડાવું. જવાબદારી તળે આવવું. મધ્યાહ્‌ન થવા; સૂર્ય માથે આવ્યો. માથે ખેંચી લેવું=પોતાની ઉપર લઈ લેવું, જવાબદારી લેવી. માથે નાંખવું=જવાબદારી સોંપવી, જોખમ આપવું. માથે ચઢાવવું=સ્વીકારી લેવું, કબુલ કરવું. માથે ચઢી બેસવું=બહેકી-જવું, સરસ થવું; વધી જવું. માથે છાણાં થાપવાં= નહિ બદવું; નહિ લેખવવું. માથે છીણી મૂકવી= બગાડી-ખરાબ કરી નાખવું. માથે છેડો નાંખવો=બેઅદબ-નર્લજ્જ થઇ જવું; વંઠી જવું. માથે ઝાડ ઉગવાં=બહુ વિતકડાં વિતવાં; પસ્તાળ પડવી. માથે તાણી લેવું=પોતા પર લઈ લેવું. માથે ધૂળ ઘાલવી= ફજેત થવું; જાતે પોતાનો ભવાડો કરવો. માથે પડવું=જોખમ આવવું, નુકસાન ખમવું, નિરુપયોગી પડવું; નકામ પડવું. ઉઠાવી લેવું પડવું. વગર સહાયે અને પોતાને જોખમે કરવાની ફરજ આવી પડવી તે; પોતાનેજ કરવાનું છે, એમ થઇ પડવું; બીજો ઉપાય નથી એમ થવું. માથે પાણી ઘાલવું=મંદવાડમાંથી ઉઠવું. માથે પાણી ફરીવળવું=બુડીજવું. રદ બાતલ જવું; બગાડ થવો. માથે ભાગવું=માથે પડવું, કર્મ જોગે પ્રતિકૂલ વસ્તુ પ્રાપ્ત થવી-મળવી તે. આ જન્મ લગી વેઠ વિંઢારવા જેવું થવું. આવો ભાયડો ક્યાંથી માથે ભાગ્યો. માથે મારવું=છેતરીને વળગાડી દેવું; માથે હાથ દેવો=આશ્વાસન આપવું. માથે હાથ ફેરવવો=સંભાળ રાખવી-આશ્વાસન આપવું. માથેથી ટપલો ઉતારવો=માથેથી જુમ્મો કાઢી નાંખવો, મહેણું ઉતારવું. કહે૦ માથા કરતાં મનોહર મોટું=હાથી કરતાં અંબાડી મોટી. માથું આપે તે મિત્ર=દુઃખ વખતે જીવ આપવાને તત્પર થાય તે ખરો મિત્ર.

માદક, વિ૦ [સં.] જેમાં કેફ હોય તેવું; કેફી; મદ ઉત્પન્ન કરે એવું.

માદર, સ્ત્રી૦ [फा.] મા; માતા; જનની. માદરબખ્ત.

માદરપાટ, પું૦ ઘટ વણાટનું સુતરેલ કપડું.

માદળિયું, ન૦ પોલો અથવા લાખ ભરેલો સોના રૂપાનો તકિયા જેવો નાનો ઘાટ; પોટલિયો; ભુંગળી કે પખાજના ઘાટનું એક ઘરેણું. માદળિયાના પોલાણમાં દોરાચીઠી ઘાલવામાં આવે છે. તાવીજ.

માદા, સ્ત્રી૦ [फा.] ઈંડાં-બચ્ચાંને જન્મ આપનારી-મા-સ્ત્રી જાતિનું પશુ-પંખી તેઃ-સિંહની માદા એકજ વખત વિયાય છે. પાડાની માદા ભેંશ; ચીબડી નામનું રાત્રીચર, માદાના નામથીજ ઓળખાય છે. (૨) જેમાં ખીલાનું-લાટનું છિદ્ર હોય તે બેડવું; બાંકડી.

માદું, વિ૦ રોગી; અજારી; અશક્ત. (૨) મંદ; ધીમું; સુસ્ત.

માધવ, પું૦ [સં] વૈશાખ માસ. શાલિવાહન સંવત્સરનો બીજો મહીનો. (૨) કૃષ્ણ; વિષ્ણુ.

માધવિકા, સ્ત્રી૦ માધવી; એક ફૂલવેલ.

માધવી, સ્ત્રી૦ [સં.] મધુમાધવી; એક જાતની લતા; ફૂલવેલ.

માધુકરી, સ્ત્રી૦ [સં.] બ્રાહ્મણ વિદ્યાર્થીએ ઘરોઘર ફરી રાંધેલું અન્ન માગી લાવવું તે; સિદ્ધાન્નભિક્ષા.

માધુરી, સ્ત્રી૦ (સં.] મધુરતા; મિઠાશ; માધુર્ય. (૨) ભલાઇ; ભલપણ; પ્રિયકરપણું તે.

માધુર્ય, ન૦ [સં.] મધુરતા; મિઠાશ. (૨) ભલપણ; પ્રિયકરપણું. (૩) નરમાશ; અંતઃકરણ દ્રવે એવો કાવ્યાદિકનો રસ તે.

માધ્યમિક, વિ૦ [સં.] વચલું; મધ્યે આવેલું હોય એવું.

માધ્યસ્થ, ન૦ [સં.] વચલું તે; વચમાં પડનાર-પડેલું હોય તે; મધ્યમાંનું તે. (૨) મધ્યમ સ્થિતિ તે. (૩) ઉપેક્ષા વૃત્તિ તે; ઔદાસિન્ય; તટસ્થતા.

માધ્યસ્થ્ય, ન૦ લવાદી; વચમાં રહીને કામ કરી આપવું તે.

માન, ન૦ [સં.] પોતાના વિચાર કાર્ય અને મોટાઇ-સુજનતા-સત્ય માટે જે અભિમાન તે. (૨) એક માણસે બીજાને માટે જે સદ્ભાવ જણાવવો તે. તેની મોટાઇ માટે ગૌરવ છે. (૩) એક માણસે બીજા પ્રતિ નમ્રતા, વિવેક અને અધીનત્વ બતાવી વર્તવું તે. પૂજા; અર્ચન; આદર; સંભાવના તે. (૪) તોલ; માપ; પરિમાણ, પ્રમાણ તે. આબરૂ; યશ; કીર્તિ; પ્રતિષ્ઠા; ગૌરવ મોટાઈ; ગણના. ક્રિ૦ પ્ર૦ માન આપવું. માન લેવું. (૫) અ૦ વાળું:- બુદ્ધિમાન. માન અકરામ= માનપાન અને ગૌરવ કરવું તે. આબરૂ આપવી તે, ખિતાબ વગેરેથી.

માનકરી, પું૦ જેને માન આ.વામાં આવે તે પુરૂષ.

માનતા, સ્ત્રી૦ માનવું તે; માન્યતા. (૨) કોઇ સંકટ નિવારણ કરવા અથવા કોઈ ઇચ્છા પુરી કરવાને કોઈ દેવ દેવીને કંઈ અર્પણ કરવાનો જે નિયમ કે વ્રત ધારણ તે; બાધા.

માનની, સ્ત્રી૦ માનિની; માનવતી સ્ત્રી.

માનનીય, વિ૦ [સં.] માનવા જેવું; પ્રતિષ્ઠિત; માન આપવાને યોગ્ય. (૨) સંમત; પોતાને કબુલ હોય તેવું.

માનપત્ર, ન૦ [સં.] કોઈ વ્યક્તિને તેના સુકાર્ય માટે આપવામાં આવતી શાબાશી ધન્યવાદ તે; સ્તુતિપત્ર; સત્કાર્યનાં વખાણ કરી એકાદ પત્ર તે સત્કાર્ય કરનારને અર્પણ કરવું તે; પ્રશસ્તિપત્ર.

માનપાન, ન૦ ઇજ્જત-આબરૂ; સૌભાગ્ય; પ્રતિષ્ઠા; વહાલ ભર્યો સદ્ભાવ ને ગૌરવ તે. ઉ૦

માઝું મોટેરાંમાં માનપાન, જોઇ તમને થશે અભિમાન. માનઅકરામ.

માનભંગ, પું૦ [**સં.**] અપમાન; હીણપત; અવજ્ઞા; માનહાનિ તે.

માનવ, જુ૦ માનવી.

માનવતી, વિ૦ માનવાળી; પતિ તરફનું જેને માન હોય એવી સ્ત્રી. (૨) પતિ સાથે રિસાઇ પોતાના સ્વમાનના અભિમાનમાં રહેનારી.

માનવી, ન૦ માણસ; મનુષ્ય; માણસજાતિ તે; આદમ.

માનવું, ક્રિ૦ સ૦ કબુલ કરવું; હા પાડવી. (૨) હુકમ પ્રમાણે ચાલવું; બીજાની આજ્ઞા–વચન પ્રમાણે વર્તવું: તદનુસાર આચરણ કરવું. (૩) માન આપવું; ગણવું; લેખવવું. (૪) ખરૂં, સત્ય અને હિત કરે છે એમ જાણવું–સ્વીકારવું; કહ્યું કરવું; અનુકૂલ આવવું–રાજી–ખુશી થઇ તે પ્રમાણે વર્તવું–આચરવું તે.

માનશકુન, પું૦ અપશુકન; અશુભ દેખાવું તે.

માનસિક, વિ૦ [**સં.**] મન સંબંધી મનને લગતું.:–માનસિક દુર્ગુણ. (૨) તાર્કિક; તરંગી–કલ્પિત. (૩) મનમાંથી ઉપજેલું.

માનહાનિ, સ્ત્રી૦ માનભંગ; અપમાન થવું તે; માન નહિ રહેવું તે; અકીર્તિ–અપયશ થવો–બોલાવો તે. (૨) તિરસ્કાર; તુચ્છ-કાર થવો તે.

માનિતું, વિ૦ જેને માટે માન–મમતા ને વહાલ હોય તે; ઘણું વહાલું; ઇષ્ટ. (૨) પ્રૌઢ; બારેખમ.

માનિતી, સ્ત્રી૦ માનવતી; માન અને મમતા જેને માટે હોય એવી પ્રિયા–સ્ત્રી.

માની, વિ૦ જેને સ્વમાન હોય તે; માનની દરકાર રાખનાર; ફુલણી. (૨) મગરૂર; અભિમાની; ફૂલેલું.

માનીપાત, પું૦ માનવા જેવો જવાબ. (ઉડાવનારો નહિ એમ.)

માનુની, સ્ત્રી૦ માનિની; માનવતી. (૨) સ્ત્રી.

માનુષ, ન૦ [**સં.**] માણસ; આદમી.

માનુષતા, સ્ત્રી૦ માણસપણું; મનુષ્યત્વ.

માનુષી, વિ૦ મનુષ્ય સંબંધી–માણસનું. (૨) સ્ત્રી૦ નારી; સ્ત્રી; માણસી.

માન્ય, વિ૦ [**સં.**] કબુલ કરવા જેવું; માનવા જોગ; માનનીય. (૨) કબુલ; મંજુર.:–મને તમારી વાત માન્ય છે=કબુલ છે. ક્રિ૦ પ્ર૦ માન્ય કરવું, માન્ય રાખવું, વગેરે. (૩) પૂજ્ય; સંભાવિત. (૪) લાયક; યોગ્ય.

માન્યતા, સ્ત્રી૦ માનવું તે; માનવાપણું. અમુક ' આમ છે ' એમ માનવું તે. (૨) આબરૂ.

માપ, ન૦ લંબાઇ, પહોળાઇ, વિસ્તાર અને વજન વગેરેનું પ્રમાણ તે; ભરતર; માન. (૨) ભાર; વજન; ગૌરવ; પ્રતિષ્ઠા.:–તમે કંઇ કહેશો તોપણ તમારૂં માપ રાખશે નહિ. માપકરણ=માપ કે પ્રમાણ કાઢવું તે.

માપણી, સ્ત્રી૦ માપવું તે; માપકરણ; માપ–પ્રમાણ કાઢવું, ભરવું–તોલવું વગેરે તે. (૨) માપ કાઢવાનું કામ તે. માપણી કામદાર =સરવેયર; જમીનને માપી તેનો અંદાજ કાઢનાર. માપણીખાતું=સરવેખાતું, જમાબંધીખાતું.

માપલું, ન૦ ધરૂં ઓરનાર ખેડુતને માટે ઘેરથી જે ખાવાનું જાય છે તે; ભાતું; ભાત. (૨) માપવાનું પાત્ર તે; પાલી; ટીપરી વગેરે.

માપવું, ક્રિ૦ સ૦ માપ કરવું; વજન, વિસ્તાર અને જથાનું પ્રમાણ કાઢવું તે; ભરવું; તોળવું; જોખવું. (૨) નાસીજવું. (૩) સરકી–લપસીજવું.

માપિયું, ન૦ માપું; ભરત; પ્રમાણ કાઢવાનું પાત્ર વગેરે; પાલી, ટીપરી, પાશેરી, વગેરે. (૨) માપવું તે.

માપું, ન૦ માપવું તે. (૨) માપિયું; માપ કાઢવાનું પાત્ર.

માફ, [अ. मुआफ.] ક્ષમા; દોષમુક્તિ; તિતિક્ષા. (૨) વિ૦ દોષ-અપરાધ માટે સજા નહિ કરતાં જવા દીધેલું; અપરાધમાંથી છુટું કરેલું; છોડી દીધેલું; જતું કરેલું.

માફક, વિ૦ [अ.] જેવું જોઇએ તેવું; મન ગમતું-ગોઠતું; તનમનને અનુકૂલ-બેસતું-ગમતું હોય એવું; અનુકૂળ; લાયક; યોગ્ય; ભાવતું; રૂચતું. (૨) અ૦ પ્રમાણે; પેઠે; મુજબ; રીતે.:-ઢોરની માફક કેમ વર્તે છે. માફકસર=પ્રમાણસર; અંદાજ પ્રમાણે; યથાસ્થિત; જેટલું જોઇએ-ઘટે તેટલા પ્રમાણસર એમ. (૨) મધ્યમસર; નિયમ-રૂઢિસર; મામુલી.

માફી, સ્ત્રી૦ [अ.] ગુનેગારને તેના ગુના માટે સજા નહિ કરતાં મહેરબાનીથી જવા દેવો- છોડી દેવો તે; ક્ષમા; દોષીનો દોષ હોવા છતાં તેનાપર દયા કરવી તે; છોડી દેવું-જતું કરવું તે; માફ કરવું તે-માફી. (૨) પ્રતિબંધ-અટકાવ નહિ હોવો તે. રૂ૦ પ્ર૦ માફી આપવી=જવા દેવું. સજા કરવાનો જોગ હોવા છતાં મહેરબાનીની રાહે જતું કરવું. માફ કરવું=ગુનાને-દોષને નહિ ગણવો ને દયા ક્ષમા બતાવવી તે. માફીપત્ર=ક્ષમા આપ્યાનો લેખ કરી આપવો તે; છુટપત્ર, ક્ષમાપત્ર.

માફીજમીન, સ્ત્રી૦ પસાયતું; જેની ઉપર સરકારી કર-વજે ન હોય તે જમીન.

માફો, પું૦ રથ; દેરાજેવી છત્રીવાળી ગાડી.

માબાપ, ન૦ મા અને બાપનું દ્વંદ્વ (જોડું) તે; માતપિતા; જન્મ આપનાર ને પાળનાર.

મામ, સ્ત્રી૦ મમતા; માયા; પ્રીતિ; વહાલ. (૨) ધનમાલ; સંપત. (૩) ટેક; મમત; અહંતા. ઉ૦ ઉઠો મૂકી મામ.

મામલત, સ્ત્રી૦ માલમતા; મૂલ્યવાન હોય એવું જે કંઈ તે; કિંમતી ચીજ; ધનમાલ=દોલત; સંપત્તિ. (૨) અગત્યની-ન આપી-માગી શકાય એવું તત્ત્વ-સારભૂત હોય તે. (૩) વિશાત; દમ; જીવ. (૪) [अ. मुआमलत] ઉધરાતનું કામ તે; ગામની વસુલાત લેવાનું અને લોક રક્ષણ તથા વ્યવહારની વ્યવસ્થા વગેરે કરવાનું કામ તે.:-મામલતદાર=તાલુકાની મહેસુલ વસુલ કરવાનું કામ કરનાર અમલદાર.

મામલતદાર, પું૦ પરગણાની મામલત=ઉઘરાતીને વ્યવસ્થા કરનારો સરકારી અમલદાર; તાલુકાનો વસુલાતી અમલદાર; મહાલકરી; તાલુકાના નાના કજિયાની તપાસ કરનાર, જમીન વગેરેની મહેસુલ ઉઘરાવી વસુલ લેનાર અને જમાબંધી વગેરે કરાવી ગામોની વ્યવસ્થા કરનાર સરકારી અમલદાર.

મામલતદારી, સ્ત્રી૦ મામલતદારનું કામ તે; મામલતદારપણું. (૨) મામલતદાર તરીકેની જે પદવી-ઓધ્ધો અથવા અધિકાર તે.

મામલો, પું૦ કટાકટી કે દુઃખ વગેરેનો જે મુશ્કેલ વખત પ્રસંગ તે; ભારે કામકાજ તે; જેના પરિણામને માટે ચિંતા થાય એવું કામ, પ્રવૃત્તિ વગેરે તે; ખટલો; મુશ્કેલ-બારીક જોગ. (૨) ખટાટોપ-આડંબર; ઉધામો-ચઢાવો તે.:-આ વખતનો મામલો જુદો છે.

મામી, સ્ત્રી૦ [सं. मातुली] મામાની સ્ત્રી તે. મામીજી=વહુને વરની અને વરને વહુની મામી તે; મામીસાસુ.

મામુલ, ન૦ [अ.] ચાલુ વહેવાર તે; રિવાજ રવેશો; શિરસ્તો. (૨) વિ૦ સામાન્ય-ચાલુ વહેવારમાં હોય તેવું.

મામુલી, વિ૦ વ્યાવહારિક; વહેવારૂ; સામાન્ય; સાધારણ; ચાલુબરનું; નિત્યનું થઇ પડેલું હોય એવું તે.:-મામુલી કામકાજ.

મામેરૂં, ન૦ અઘરણીમાં વહુને પિયેરથી જે રીત કરવામાં આવે છે તે; સીમંતવાળી સ્ત્રીને પિયેરથી જે કપડાંલત્તાં વગેરે મો-

કલવામાં આવે છે તે; મહિયેર તરફની ભેટ અને રીતરિવાજ તે (મોંસાળું). મોટા દેખાવ કરવો—આડંબર તે; ટોળે મળી મોટા ડોળથી હિલચાલ કરવી તે.

મામો, પું૦ [**સં. मातुल**] માનો ભાઇ તે; માતુલ. રૂ૦ પ્ર૦ મામામાસીનાં=મોસાલ તરફનાં સગાં તે. (૨) વગિયાં કરવાં તે; પોતાનાં આત્પને સંતોખવાં તે. મામોજી= મામોસસરો.

માય, સ્ત્રી૦ માતા; મા; જનની. (૨) દેવી. (૩) અ૦ માં; અંદર.

માયને, પું૦ અર્થ; મતલબ; ભાવ; સાર; તાત્પય.

માયરૂં, ન૦ તે મંડપ, કે જેમાં વરકન્યા પરણવા બેસે છે; માહેરૂં. (૨) મૈયેર; પિયેર; કન્યાની માતાના આંગણામાં કરેલો માંડવો.

માયા, સ્ત્રી૦ [**સં.**] ઇન્દ્રજાળ; છળ; જાદુ; જેનું સ્વરૂપ ન સમજાય જેવું જે કૌતૂક તે; પ્રપંચ. (૨) જેમાં જગત ભાસે છે તે જે આદિશક્તિથી આ બ્રહ્માંડ આપણને ભાસમાન થઇ રહેલું લાગે છે તે; આ વિશ્વ રૂપનું દર્શન તે. (૩) છળ; શઠતા; કપટ. (૪) પ્રીતિ; સ્નેહ; વહાલ તે.:—બાવાજી માયા ઉતારજો તો કહે કે, બચ્ચા! માયા ચઢી છેજ કોને? (૫) માલમિલકત; ધનદોલત; પુંજી; ગર્થ. (૬) સુખ ભોગની ભાવના; સ્ત્રી છોકરાંને ધનમાલ ઉપરની લલુત ને અહંતા તે; સંસારનો મોહ તે. ઉ૦ મન માયામાં રહે છે રમતું, એને હરિ ભજવાનું નથી ગમતું. (૭) નશ્વરતા; નાશપણું; ખોટો—સહેજ વારમાં લય થઇ જાય એવો જે ભાસ તે. (૮) ભાંગ; સબજી. માયામમતા= વહાલ અને મારાપણું. માયામોસો=માયાને લીધે સ્વાર્થનું બોલવું. જૈનોમાં આને એક પાપ કહ્યું છે. કહે૦ માયાને બો છે કાયાને બો નથી.

માયાવાદ, પું૦ [**સં.**] જગતની પ્રત્યક્ષતા માયાને લીધે છે એમ કહેવું—માનવું—મનાવવું તે; મોહ, ભ્રમ માત્ર આ બધું જગત છે એવું જે મંતવ્ય તે; પ્રપંચવાદ. (૨) બૌદ્ધ મત તે—માયાવાદ, એમ પણ કહેવાય છે.

માયાવી, વિ૦ [**સં.**] માયા—મોહ—ભ્રમ ઉપજાવનાર—ઉપજાવે એવું તે; અદ્ભુત=અજાએબ જેવું તે; મોહરૂપ; ભ્રમમાં નાંખીદે એવું; નહિ સમજાય એવું અજબ; જાદુઇ; ઠગાઈ ભરેલું; પ્રપંચયુક્ત. (૨) નાશવંત; નહિ શકય એવું જે તે; કૃત્રિમ.

માયાળુ, વિ૦ સ્નેહ પ્રીતિ પ્રેમવાળું; હેતાળ; સ્નેહાળ; વહાલ રાખનારૂં તે. (૨) મમતાળું; દયાથી—વાત્સલ્યવાળે હ્રદયે વર્તનારૂં એવું તે; પ્રેમઘેલું.

માયિક, વિ૦ [**સં.**] માયાથી ઉપજેલું; મોહ—ભ્રમરૂપ એવું. (૨) જણાય—ભાસે આખરે કંઇજ ન હોય એવું; મિથ્યા ભાસરૂપ; ખોટું; મિથ્યા; નાશવંત.

માયું, ન૦ મીંઢળ—જાયફળ જેવડું એક ફળ. એ કર્પટા જેવું હોય છે અને દવા તથા રંગ બનાવવાના કામમાં આવેછે:—માયું ઘસીને ચોપડ બેસી જશે.

માયો, પું૦ એકઠો થયેલો પૈસાનો જથો તે; સંગ્રહ; ભરાવો; જમાવ. (૨) પુંજી; ગર્થ; ધનનો ભાર.:—છેલ્લા વેપારથી તેની પાસે કંઇક માયો થયો.

માર, પું૦ મારવું તે; લાકડી; પત્થર, હાથ વગેરેના આઘાતનો સપાટો લાગવો તે; શરીરને વાગવું તે; ઠોક; ઝાપટો. (૨) સંહાર; જેથી મરો થાય તેવો હથિયાર વગેરેનો ઉપયોગ તે; પ્રાણી—માણસ ઉપર તીર, ગોળીઓ, અથવા પત્થરો વગેરે નાંખવાં તે મારો.(૩) અતિશય; ઘણો બોજો—પ્રપાત તે:—કામનો હમણાં ઘણો માર છે; ધાઇ; ધમાલ. (૪)દુઃખ; વિપત્તિ; શોષ; અંતર ઉપર લાગણી થયાજ કરે એવું તે; અં-

તરની પીડા.:–ભુખેમાર. (૫) [સં.] કામદેવ. (૬) ગેરલાભ; નુકસાન; ફટકો; ખોટનો આઘાત.:–સટ્ટામાં આ વખતે એને ખૂબ માર પડયો છે. માર ખાવો= ઠગાવું–નુકસાની વેઠવી; ખોટખમવી.

મારકણું, વિ૰ મારે–વગાડે એવું; મારવાની જેને ટેવ પડેલી હોય એવું. ઉ૰ મારકણો સાંઢ ચોમાસું મહાલ્યો.

મારકુટ, સ્ત્રી૰ મારવું ને કૂટવું તે; મારપીટ; વારંવાર મારવું અથવા ખુંદવું તે.(૨) અ૰ ધમધોકાર; ઉતાવળે; રમઝટ.:–મારકુટ તળાવ ખોદાવા માંડયું છે.(૩) માથાફોડ.

મારકો, પું૰ [અં.] નિશાન; રેખાટણી. (૨) મારો; કોઇ બાબત કે ચીજની ઉપરાઉપરી ચાલતી પ્રવૃત્તિ તે; ધમાલ; વિપુલતા; અતિશયતા.:–શિયાળો છે માત્રાનું સેવન કરો છો ત્યારે તો ઘી દૂધનો મારકો રાખજો.

મારખાઉ, વિ૰ માર ખાય ત્યારે સીધું થાય ને કામ કરે એવું; માર્યાથી સીધું રહે એવું; માર ખાય તોપણ એની એ તરેહે ચાલે એવું; નિર્લજ્જ; બેશરમું; નહિ ટેકીલું; માર ખાય નુકસાન વેઠે તોપણ તે ને તે રસ્તે જાય એવા સ્વભાવનું; ધોકાખાઉ.

મારગ, પું૰ માર્ગ; રસ્તો. (૨) માગ; અવકાશ; બેસવાનું સ્થાન–ઠામ તે. (૩) નિકાલ; તોડ.

મારગડો, પું૰ માર્ગ; રસ્તો. ઉ૰ મારગડો મૂકોને મોહનલાલજી; મારગડે મને જાવા-દો. પ્રા. કા.

મારગી, માર્ગી.

મારગુ, માર્ગુ.

મારઝપટ, સ્ત્રી૰ એકદમ ઉપરાઉપરી ઝડપથી ચાલવું તે; ઝુંટ મારવી તે. (૨) લપડાકે મારવું તે; મારઝુડ.:–બાળક વિદ્યાર્થીને મારઝપટ કરવી નહિ, એથી તે નઠોર થઇ જાય છે.

મારઝુડ, સ્ત્રી૰ મારવું ને ઝૂડવું તે; મારવું –વારંવાર મારવું તે.:–સુધરેલાં અને સારાં કુટુંબમાં મારઝુડ થાય તે સારૂં નહિ. સૌએ વિવેકથી રહેવું ને વિવેકસર ઠપકો પણ આપવો. અભણ અને હલકી જાતના લોક વહુને મારઝુડ કરે છે.

મારણ, ન૰ [સં.] મારવું તે; મંત્રતંત્રથી કોઇનો જીવ લેવાનો પ્રયોગ તે; મારવાનો મંત્ર વિધિ.

મારપીટ, સ્ત્રી૰ મારઝુડ; મારફાડ.

મારફત, સ્ત્રી૰ [અ.] કોઇને વચમાં રાખીને કામ કરવાની રીત તે; કોઇ કામ કરતાં બીજાને વચમાં રાખવો તે. માધ્યસ્થ્ય. (૨) આડતિયાથી કામ લેવું તે.:–ત્યાંના વતનીની મારફત વગર સોદો થશે નહિ. (૩) જેથી કાર્ય સિદ્ધ થાય તે ઉપાય. (૪) અ૰ દ્વારા; વચમાં નાંખીને.

મારફતિયું, વિ૰ મારફતથી થયેલું; જેની મારફતે થયેલું હોય તે; બીજા માણસને વચમાં રાખીને કરવાનું.

મારફતિયો, પું૰ મારફતનું કામ કરનારો; બે જણની વચમાં રહીને સોદા અને વેચાણ વગેરે ગોઠવી અપાવનારો; વચ્ચે રહીને કામ કરનારો માણસ તે; આડતિયો દલાલ; બીજાની તરફથી કામ કરનારો તે.

મારફાડ, સ્ત્રી૰ મારઝુડ; મારપીટ:–આજ પછી કદી આવી મારફાડ કરતો ના, એવી તાકીદ આપીને છોડી દીધો.

મારવાડા, વિ૰ મારવાડનું; મારવાડ સંબંધી; મારવાડનું વતની.

મારવું, ક્રિ૰સ૰ હાથ કે હથિયાર વગેરે કોઇ વસ્તુ–પ્રાણીના શરીર ઉપર જોરથી વગાડવી–અફાળવી તે; વગાડવું; વાગે–લાગે એમ કરવું; આઘાત થાય–દુઃખ થાય એમ કરવું.: તમાચો, મુક્કી, લાકડી, પત્થર વગેરે મારવાં; ટીપવું; ટપેરવું; ઠોકવું. (૨) હથિયારથી, ઝેરથી કે મંત્રાદિકના પ્રયોગથી કોઇનું મોત આણવું; જીવ લેવો;

ચેતન જતું રહે એમ કરવું. (૩) રોગ અને આફત વગેરેથી કોઇનું મૃત્યુ આણવું. (૪) કોઈ વસ્તુને આધારે બીજી ચીજ ઉડે એમ કરવું; ઉડાડવું; કોઇને કે કોઈ સ્થળે ઉડીને વાગે એમ કરવું.:–તીર કે ગોળી મારવી. (૫) ધાતુ બાળવી ને તેની ખાખ થાય એમ કરવું:–પારો ધાતુ કે તાંબું મારવું. (૬) એક ચીજ બીજામાં–કાણામાં ઘાલવી; ખોસવું; પરોવવું; પહેરાવવું.:–શીશીને બૂચ માર; મોંમાં ડુચો માર. (૭) લુંટી લેવું; ચોરવું; લુંટનો હલ્લો કરવો.:–ગામ મારવું; ખજાનો મારવો. (૮) ઝડપીલેવું; એકદમ હાથમાં લઇ લેવું; કબજે લઇ લેવું; ઝડપવું.:–એણે સારો શિકાર માર્યો. (૯) હરાવવું; પરાજિત કરવું; પાડવું; પાછળ હઠાવવું:–જે સામે થયા તેમને માર્યા.(૧૦) જુસ્સાને દબાવવો; જીતવું; દાબી રાખવું; ઉછાળો અટકાવવો; સહન કરવું.:–મન મારવું; ભૂખ મારવી; ક્રોધ મારવો. (૧૧) જડવું; સજડ બેસાડવું; ઠોકી ઘાલવું; અંદર પેસાડવું.:–ખીલો અથવા મેખ મારવી. ચોટાડવું= લચકો મારવો. (૧૨) સાંધવું; જોડવું. ટાંકો મારવો. બંધ કરવું–કળ બેસાડવી:–તાળું મારવું. (૧૩) જોરથી–મોટેથી ઘાંટો પાડવો:–બૂમ મારવી. (૧૪) ચાળો, સાન–ઇસારત કરવી;:–આંખ મારવી. (૧૫) મનમાં ચિરાડો પડે લાગણી દુખાય એમ કરવું; મનમાં આઘાત થાય એમ કરવું.:–મહેણું મારવું, ટાણો મારવો. (૧૬) ઉથાપત કરવું: હાથ મારવો. (૧૭) અ૦ ક્રિ૦ ઝગઝગવું; ચમકવું; ચળકવું.:–તેજ મારવું, ચળકાટ મારવો. (૧૮) કાંઇમાં કોઇના રૂપ કે ગુણનો ભાસ થવો.:–એની કવિતા દલપતરામની છાયા મારે છે. (૧૯) દુઃખવું; સળકવું; ભોકાવું.:–છાતીમાં શૂળ મારે છે. ક્રિ૦ પ્ર૦ આંખ મારવી= કટાક્ષ કરવાં, સાનો કરવી; નેત્રપલ્લવીએ સમજાવવું. ગાંડ મારવી=હેરાન કરવું; પજવવું; વિતાડવું; કાયર કરવું. ઘર મારવું= ઘરમાં દાખલ થઇ વ્યભિચાર કરવો; વિશ્વાસઘાત કરવો; ઘર વણસાડવું. જખમારવી =પસ્તાવું. ડુચો મારવો=બંધ કરવું; નહિ વહેવા દેવું; મુંગા રહેવું; ચૂપ કરી દેવું. તરવાર મારવી=પરાક્રમ કરવું; બહાદુરીનું કામ કરવું; શૌર્ય બતાવવું. ધાડ મારવી= હોશિયારી દેખાડવી; પરાક્રમ કરવું. મશ્કરીમાં કહેવાયછે.:–જરા ઉતાવળે ઠપકો દીધો એમાં શી ધાડમારી બે પાનાં લખ્યાં એમાં શી ધાડમારી, શું વખાણવા જેવું કે જોરનું કામ કર્યું એમ. ધાતુ મારવી=તાંબુ, પારો, લોખંડ વગેરેની ખાખ કરવી. ધોલ મારવી =દેખ દેખતાં–છેતરી–ધાપ દઇને કાર્ય કરવું; છચોક કામકરવું; કાઢી લેવું. સામાથી કંઇ થાય નહિ એમ તે જોતોજ રહે અને કાર્ય કરી ચાલ્યા જવું. છક્કડ મારવી; સ્પર્ધાથી કાર્ય કરી નાંખવું. ફાંફાં મારવાં =ગુંચવાવું; નહિ સૂઝ પડવી; આમ તેમ જોયા કરવું; ખાલી યત્ન કરવો; વળખાં મારવાં; જડે નહિ અને અમસ્તુ આમતેમ શોધ્યા કરવું. બંદુક મારવી=ગોળી મારવી; મહેણું મારવું=સામાને લાગણી થાય તેમ તેનો દોષ બતાવવો; ટાણો મારવો; કહી દેખાડવું; કરેલા ઉપકારને બતાવવો. મનમારવું=મનમાં થઇ આવેલી લાગણી–ભાવ વગેરેના જોસને દાબી રાખવો; સંયમ પકડવો. માથું મારવું=વચમાં ઘુસવું; વચ્ચે વચ્ચે પડવું. માથે મારવું=ખોટું બઝાડવું; ખરાબ વસ્તુ આપવી; મુઠ મારવી=મારણ પ્રયોગ કરવો; સામાનું મરણ થાય એવો તાંત્રિક પ્રયોગ કરવો. મેખમારવી=ફાંસ મારવી; આડ નાંખવી; અટકાવવું; અફળ કરવું; વણસાડવું; ન પાર પડવા દેવું; હેરાન કરવું; વિતાડવું; પીડાય તેમ કરવું;

લાત મારવી=નહિ દરકાર રાખવી; તુચ્છ ગણી કાઢવું; અવગણના કરવી.:–લક્ષ્મીને લાત મારે એવો છે. સરત મારવી.=પણ લેવું; પ્રતિજ્ઞા કરવી; અટ–આંટ કરવી. રૂ૦ પ્ર૦ હાથ મારવો=ઉચાપત કરવું; ઉપાડી લેવું; ચોરવું. (૨) તરવું. (૩) લપેટો દેવો. રેગાન અથવા ચુનાનો હાથમારવો.માથામાં મારવું=તરતજ આપી દેવું; સખત આચકો લાગે એમ કરવું, જુલમ કરવો. ઠાર મારવું=જીવ લેવો, ખૂન કરવું. મારી કાઢવું=તિરસ્કારથી કાઢી મૂકવું. મારીખાવું=લાંચ રૂશવત લેવી. માર્યા માર્યા ફરવું=કાયરથવું; ગભરાયેલા–કામમાં અને ચિંતામાં રહ્યા કરવું; અશાંત રહેવું. મારેલું ઘી=સિઝવેલું, લોટમાં–ચઢતાં–સીઝતાં નાંખેલું ઘી. મારેલું માણસ=વશ કરેલું; જેનાથી અમુકની આગળ બોલાય નહિ એવું તે. મારી મૂકવું=દોડાવી જવું; જોરથી લઇજવું. મોંમાર= બાહોશ, ધૃષ્ટ; નહિ શરમાળ; બોલવે બહાદુર તે. મારમારતું=ખૂબ, પુષ્કળ, અતિશય; ગભરાવી નાંખે એવું. મારમારનો તડકો ને વરસાદ પડે છે.

મારમાર, સ્ત્રી૦ આમતેમથી માર પડવો–ચાલવો તે. (૨) મારામાર; લડાઈટંટો; કજિયો. (૩) તાણપિંજ; ખેંચાખેચ. (૪) અ૦ હડહુત.:–જ્યાં ત્યાંથી મારમાર થયો. (૫) અત્યંતપણું; ગભરાવી નાંખે એવી રમઝટ તે.:–મારમારનો તડકો પડતો હતો અને શરીર પાણીપાણી થઇ જતું હતું. (૬) પરાણે; મુસ્કેલીએ; મહા વિટંબનાએ.:–મારમાર કરતા ત્યાં પહોંચ્યા.

મારામારી, સ્ત્રી૦ મારામાર; વઢવાડ; ટંટો; સામ સામે માર પડતો હોય એવું ધિંગાણું તે. (૨) તાણ; ઘટ; ઓછપ.:–અક્કલની મારામારી છે.

મારિષ, પું૦ [સં] નાટકમાંનો મુખ્ય નટ તે;

મારૂ, વિ૦ મરૂદેશનું; મારવાડી. (૨) એ નામનો એક રાગ. (૩) મરૂપતિ; રાણો. ઢોલામારૂ=પ્રિયરાણો–પતિ–પ્રિય નાયક તે. (૪) સ૦ મ્હારૂં મહારૂં; પોતાનું. રૂ૦ પ્ર૦ મારીતારી=અરઘોઈ; નિંદા. મારૂં સારૂં, તારૂં નઠારૂં વગેરે માટે મારીતારી કરતીજ નથી.

મારૂત, પું૦ [સં.] પવન;વા;પવન વાયુ દેવતા.

મારૂતિ, પું૦ [સં] વાયુપુત્ર; હનૂમાન.

મારેલું, વિ૦ સીઝવેલું; અંદર નાંખી–ભેળી દઇને ચઢવેલું. (૨) ઉપકારથી–દાબથી મોહ વશ થયેલું હોય એવું.:–એ તો એનો મારેલો માણસ છે. (૩) ખરાબ અસર કાઢી નાંખેલી હોય એવું; ખાખ કરેલું–ધાતુ વગેરે.

મારો, પું૦ શસ્ત્રથી પ્રાણીને–માણસને મારી નાંખનારો; જલાદ; ઘાતક.:–એની પાછળ મારા મૂકવામાં આવ્યા છે. (૨) મારફાડ; કતલ; સંહાર. (૩) તીર અને ગોળીઓ વગેરે અસ્ત્ર શસ્ત્રની રમઝટ તે; શસ્ત્રસંપાત. પછી જ્યારે તોપનો મારો ચાલ્યો ત્યારે શત્રુના લશ્કરમાં ભેળ પડી. (૪) મંત્રતંત્રના પ્રયોગથી ખૂબ મરણ થાય તે. મરકી જેવા વ્યાધિથી લોકમાં ઘણાંક મરણ નીપજે તે–મરો. (૫) ખૂબ વાપર–માંગ હોવી તે; એકાદી વસ્તુ ઉપર ઘણી માગણી થવી તે; પુષ્કળ ખપત–ઉપયોગ તે.:–હમણાં ગરમીના દિવસો હોવાથી શિખંડ ઉપર મારો ચાલે છે. તડીપડવી.

માર્ક, પું૦ [અ.] આંકો; રેખા; નિશાની (૨) ગુણાંક, અંશવિભાગ; દોકડા.

માર્ગ, પું૦ [સં.] રસ્તો; વાટ; શેરડો.(૨) પંથ; સંપ્રદાય; મત; ફાંટો તે.:–મોક્ષ માર્ગ; ભક્તિમાર્ગ. (૩) રૂઢિ; રીત; વ્યવહાર; ચાલ; વર્તન ક્રમ. ક્રિ૦ પ્ર૦ માર્ગ કરવો=જગા કરવી; રસ્તો પાડવો; રસ્તે પડવું. માર્ગ કાઢવો= ગુંચવણમાંથી નીકળવું; તોડ કાઢવો; અટકેલી વસ્તુ–વાતને આગળ વધવાનો રસ્તો શોધવો; વચમાંની અડચણ–અ-

ટકાવ હોય તે દૂર કરવો. માર્ગ દેખાડવો –બતલાવવો=ગુંચવણમાંથી નીકળવાનો– –ધંધારોજગારનો રસ્તો બતાવવો.

માગશીર્ષ, પું૦ [સં] વિક્રમ સંવતનો બીજો મહીનો; માગસર મહીનો.

માર્ગી, વિ૦ માર્ગે ચાલનારૂં; પંથી; વટેમાર્ગુ. (૨) અમુક સંપ્રદાય અથવા મતનું તે; અમુક મત–ધર્મના ફાંટા પ્રમાણે ચાલનારૂં; અમુક મતે ચઢેલું.:–શિવમાર્ગી; વામમાર્ગી.

માર્ગુ, વિ૦માર્ગેજનારૂં.:–વટેમાર્ગુ–વાટ કરનારૂં.

માર્ચ, પું૦ [અં] ખ્રિસ્તી સનનો ત્રીજો મહીનો. એના ૩૧ દિવસ–તારીખો હોય છે. (૨) કુચ; પ્રયાણ; ઉપડવું તે; (૩) હલ્લો.

માર્જન, ન૦ [સં] શુદ્ધ કરવું તે; મંત્રાદિકથી માણસ કે વસ્તુ વગેરેને પવિત્ર કરવા પાણી છાંટવું તે. (૨) માંજવું–સ્વચ્છ કરવું તે; શોધન; શુદ્ધિ: ધોવું તે.

માર્જાર, [સં.] બિલાડો; ઘોઘર.

માર્જારી, સ્ત્રી૦ બિલાડી; મીની.

માર્જિત, વિ૦ માંજેલું; શુદ્ધ કરેલું; સ્વચ્છ; પવિત્ર કરેલું.

માર્તંડ, પું૦ [સં.] સૂરજ; રવિ; આદિત્ય.

માર્દવ, ન૦ [સં.] પોચાશ; નરમાશ; ઢીલાપણું; મૃદુતા. ગલગલ થઇ જવું તે.

માર્મિક, વિ૦ મર્મવાળું; ઉંડા ગંભીર પણ મર્મવેધક અર્થનું તે. (૨) તીક્ષ્ણ; ચટકી લાગે એવું; મહેણા–ટીકા રૂપ.:–જુઓ બાઇજી કેવાં માર્મિક વેણ બોલે છે.

માર્મિકતા, સ્ત્રી૦ ઉંડું સચોટ અર્થ ગાંભીર્ય હોવાપણું; મર્મને અસર કરે એવી જે વાક્ચાતુરી તે. જેમાં ઉંડો ફટકો લગાવવા જેવો ચમત્કારી અર્થ આવે એવી બોલવાની–લખવાની ચતુરાઇ તે. અર્થ ગાંભીર્ય;

માલ, પું૦ [અ.] વેપારની વસ્તુ–ચીજો તે.:–ગાંધીની દુકાનમાં ઘણી જાતનો માલ હોય છે. (૨) મિલકત; ધન; દોલત.:–આ ખેતરખાર બધું મારા બાપનો પોતીકો માલ છે ને હું તે ભોગવું છું, કોઈના બાપનો માલ છે ? (૩) કિંમત; મૂલ; સત્ત્વ; તત્ત્વ.:–તમે ભલે દસ આપ્યા હોય પણ હું તો તેમાં પાંચનોએ માલ હોય એવું માનતો નથી:–એના બોલવામાં કંઈ માલ નથી. માલ વગરનો માણસ છે. (વજન–સાર ભાર) (૪) જીવ; દમ; વિશાત.:–તમારે જોઇએ તો લઇ જાઓ એમાં શો માલ છે ? (૫) ગાંજો.:–માલપાણી. ક્રિ૦ પ્ર૦ માલ જોવો=સત્ત્વ–કિમ્મત છે કે નહિ તે જોવું. માલ હજમ કરવો=કોઇની દોલત –વસ્તુ પચાવી–ખાઇ જવી તે. કહે૦ માલ ખાવો માંટીનો ને ગીત ગાવાં વીરાનાં. રૂ૦ પ્ર૦ માલ વગરનું=અસાર; તુચ્છ; જેની કંઈ કિમ્મત ન હોય એવું. માલવાળું= સત્ત્વ–ધનદોલતવાળું; સારભૂત.

માલકરી, જુ૦ મહાલકરી.

માલકાંકણી, સ્ત્રી૦ એક ઔષધિ. એનાં બીમાંથી તેલ નીકળે છે અને કહે છે કે તે બુદ્ધિને તેજ કરે છે.

માલકી, સ્ત્રી૦ માલીકપણું તે; ધણીપણું.:– આ કોની માલકીનું ઘર છે ?

માલકું, વિ૦ ત્રાંસી આંખે દેખે એવું; જેની નજર ત્રાંસી હોય એવું; બાડું. માલખું.:– વર છે તો સારો પણ જરા માલકું જુએ છે. ક્રિ૦ પ્ર૦ માલકું જોવું=ત્રાંસું જોવું.

માલકોશ, પું૦ [સં. मालकौश] દેશી ગાયનનો રાગ.

માલખું, ન૦ માળખું; માળાની પેઠ સળિયા કે દોરડામાં ભરવેલા કાગળોની ફાઇલ તે; કાગળ–ચીઠીઓ વગેરેનો હારડો તે.:–હુંડીઓ ભરપાઇ થઈ જાય એટલે માલખામાં નાંખવી. (૨) લીલું અને સત્ત્વવાળું જુવારનું કરસણ–ઘાસ તે. વાવટાનું ઘાસ.

માલજાદી, સ્ત્રી૦ વેશ્યા; કસબણ.

માલજામીન, પું૦ સારા ખોટા માલની જોખમ રાખેલી હોય તે; માલને માટે જોખે

જમીનગીરી લીધી–આપી હોય તે.

માલણ, સ્ત્રી૦ [सं. मालिनी] માળીની સ્ત્રી; ફૂલ વીણવા વેચવા–આપવાનું કામ કરનારી સ્ત્રી. ઉ૦ માલણ ગુંથી લાવ ગુલછેલ ગજરો. સ્ત્રીઓમાં માલણ ધૂર્ત ગણાય છે. (૨) નાકમાંની ફોલ્લી.

માલતી, સ્ત્રી૦ મોગરા જેવાં ફૂલની એક વેલ. તેનાં ફૂલ તે.

માલદાર, વિ૦ સત્વવાળું–પૈસાદાર; તવંગર.

માલધણી, પું૦ માલિક; ધણી; સ્વામી; અમુક માલ જેના કબજા કે ભોગવટામાં હોય તે માણસ. કહે૦ સો વર્ષનો સુતાર ને પાંચ વર્ષનો માલધણી.

માલપુડો, પું૦ ઘઉંનો લોટ અને ગોળના પાણીનું ખીરૂં બનાવી ઘીમાં તળી સીઝવેલી નરમ રોટલી; ગળ્યો પુડો તે. માલપુડો –માલપુવો; કાળીરોટી.

માલમ, પું૦ વહાણમાંના માલનો હિસાબ રાખનારો તે; ખલાસીઓનો ઉપરી તે; ટંડેલ.

માલમતા, સ્ત્રી૦ મિલકત; ધન જમીન સરસામાન વગેરે જે કીમતી વસ્તુઓ વગેરે તે.

માલમસ્ત, વિ૦ ધન દોલતથી છકી ગયેલું; ધનોન્મત્ત; પૈસાના મદવાળું.

માલમિલકત, સ્ત્રી૦ માલમતા; ધન જમીન સરસામાન વગેરે તે.

માલવું ન૦ નાનું માટીનું વાસણ; શીકું; ઢોચકું. દૂધ–ઘી ભરવાનું માટીનું પાત્ર.

માલવું, ક્રિ૦ અ૦ મહાલવું; ઠાઠમાઠથી આનંદભેર આમ તેમ ફરવુંહરવું; મોજ માણવી; ખુશાલ–નચિંત રીતે આનંદનો અનુભવ લેવો:–લગનમાં માલવું.

માલિક, પું૦ [अ.] સ્વામી; ધણી; શેઠ; જેના કબજા ભોગવટામાં માલ મિલકત ને સત્તા હોય તે. (૨) પરમેશ્વર; પ્રભુ:–દોલત મળવી ન મળવી એ તો માલિકના હાથમાં છે.

માલિકી, જુઓ૦ માલકી.

માલિની, પું૦ [सं.] એક ગણમેળ છંદ, રાગ, જેમાં પંદર અક્ષરનું એક ચરણ એવાં ચાર સરખાં ચરણ આવે છે. આઠમે અક્ષરે યતિ પડે છે. બે નગણ, એક મગણ ને છેલ્લા બે ય ગણથી ચરણ પુરૂં થાય છે.

માલિન્ય, ન૦ [सं] મલિનતા; ગંદવાડ; મેલાપણું; અસ્વચ્છતા.

માલિયાત, ન૦ શેલડી–આદુ વગેરે ઉંચી જાતનું બાગાયત ઝૂલ–પાક તે.

માલુકાર, પું૦ વણકર ઢેડ. ઉ૦ તે મંદિર માલુકારનું; છે ઘરમાં સાળ બે ચાર. શામળ.

માલુમક, વિ૦ [अ. मअलूम] જાણમાં આવેલું–હોય એવું; જાણીતું; જ્ઞાત; વાકેફ.

માલેસ, વિ [फा. मालिश] ચાંપેલું; રગડેલું; ચોળેલું. ચોળવું તે. ક્રિ૦ પ્ર૦ માલેસ કરવું=ચોળવું; રગડવું; ચાંપવું; ઓળાંસવું; ઘસીને જોરથી લગાડવું: તેલ વગેરે. ઘોડાને માલેસ કરે છે એટલે ચંપી કરે છે.

માવ, પું૦ વહાલો–પ્યારો પતિ તે; વલ્લભ. ઉ૦ મોહી રહ્યા માવા રે ! શ્રીકૃષ્ણનું લાડકું સંબોધન.:–મીઠામાવ.

માવજત, સ્ત્રી [फा. महाफ़जत] સંભાળ; બરદાસ; સરભરા.

માવઠું, ન૦ શિયાળામાં વરસાદ થવો તે; પોષ–મહીનાનો વરસાદ; કમોસમનો વરસાદ.

માવડિયું, વિ૦ માવડું; મા–બાનું કહ્યું માન્યા કરે એવું; માની સોડમાં ભરાઇ રહે–તેના ઉપર આધાર રાખે એવું–માણસ, બાળક; પુરૂષપણાની સ્વતંત્ર સમજ વગરનું. ઉ૦ ભાંગીર મારો માવડિયો બાળી !

માવડી, સ્ત્રી૦ માતા; બા; મા; જનેતા; માડી. (૨) દેવી–અંબા; ભવાની; ગૌરી. ઉ૦ અંબાય મોરી માવડી. કાનને વારો જસોદા

માવડી. લાડ-વહાલમાં અને કવિતામાં વપરાય છે.

માવત, પુંο મહાવત; હાથી હાંકનાર; હાથીનો રખેવાળ.

માવતર, નο માતપિતા; માબાપ; માવિતર.

માવરો, પુંο મહાવરો; અભ્યાસ; ટેવ; આદત.

માવું, ક્રિο અο સમાવું; સમાસ થવો; અંદર ભરાઈ રહેવું. (૨) ન ઉભરાવું; હદમાં રહેવું.

માવો, પુંο દૂધ બાળીને બનાવેલો ગાઢો લોંદા જેવો પદાર્થ. (૨) સત્ત્વ; તત્ત્વ. (૩) બારીક ભુકો; નરમ સુંવાળું ને ગાઢું સત્ત્વ.

માશુક, સ્ત્રીο [अ. मअशूक] પ્રિયા; લલના. (૨) વિο મોહામણું; રૂપાળું.

માષ, પુંο [सं] અડદ.

માસ, પુંο [सं] મહીનો; અઠ્ઠાવીસથી એકત્રીસ દિવસનો કાળ-સમય તે; બે પખવાડિયાં જેટલો વખત તે. (૨) નο પ્રાણીઓના શરીરમાંનો લાંદા જેવો લાલ-ગર-માવો તે; માંસ; માટી.

માસલો, પુંο નમુનો; વાનગી. (૨) ઘાટ; તરેહ.

માસિક, વિο [सं.] માસ-મહીનાનું; દરમહીને આવતું હોય એવું; મહીના સંબંધી. માસિક માંદગી=અટકાવનો સમય.

માસિયો, પુંο મુએલા માણસનું મહીને મહીને કરવામાં આવતું શ્રાદ્ધ તે.

માસી, સ્ત્રીο માની બહેન તે. (ભાણેજને)

માસીસો, પુંο મસીસો; માસિયો; મરનારની માસિક તિથિએ કરવામાં આવતું શ્રાદ્ધ અને બ્રહ્મભોજન તે.

માસો, પુંο માસીનો વર-પતિ-તે. (૨) અમુક વજનનું એક તોલ તે; આઠ રતીભાર વજન તે. ૮ રતીનો માસો ને ૧૨ માસાનો તોલો.

માહ, પુંο માઘ; માહ મહીનો. (૨) [फा.] માસ; મહીનો.

માહતમ, નο [सं. माहात्म्य] મોટપ; મોટાપણું; પ્રતાપ; બળ. (૨) કીર્તિ; યશ; ખ્યાતિ. ૩ [फा.] વિલપન; દિલગીરી; શોક; રૂદન; વિલાપ.

માહવારી, વિο મહીના મહીનાનું; માસિક; મહીનાવાર.:-માહવારી તારીજ.

માહાડ, પુંο મહોલ્લો; વાસ; શેરી. (૨)મોટા મહેલ-મહોલ્લાનો આગલો ભાગ; દોઢી. (૩) એક રાગ. (૪) નાળિયેરીનું ઝાડ.

માહાત, સ્ત્રીο હાર; હરાવવું તે; બાંધી લેવું, નિરુપાય કરવું-હઠાવી દેવું તે. સેતરંજમાં. વઝીર માહાત આપી પણ શાહ માહાત અપાઇ નહિને ! ક્રિο પ્રο માહાત કરવું= હરાવવું; પાછું પાડવું; હઠાવવું; ઘેરી લઇ બળહીણ કરી નાંખવું. માહાત આપવી= હાર આપવી; નીચું જોવડાવી દેવું.

માહાત્મ્ય, નο [सं.] મહિમા; પ્રભાવ; બળ-શક્તિ. (૨) મોટપ; વડાઈ. (૩) કીર્તિ; ખ્યાતિ.

માહિત, વિο [अ. माहियत] જાણમાં આવી ગયેલું; જાણીતું; વાકેફ. (૨) પરિચયનું; જાણમાં-અનુભવમાં-જોયામાં આવેલું હોય એવું તે.

માહિતગાર, વિο જાણીતું; ભોમિયું; વાકેફગાર. (૨) હોંશિયાર; કાબેલ.

માહિતગારી, સ્ત્રીο માહિતી; વાકેફગારી; જાણ; અનુભવ; જાણવાપણું તે.

માહિતી, સ્ત્રીο માહિતપણું; વાકેફગારી; જાણવાપણું તે.

માહી, સ્ત્રીο માછલી. માહીગીર=માછી.

માહુ, વિο દુઃખી; કંગાલ.

માહે, અο અંદર; માંહે; મધ્યે; વચ્ચે. (૨) માસે; અમુક મહીનો એમ. માહે માર્ચ.

માહેર, વિο માહિત; જાણીતું; જાણકાર; જેણે જોયેલું, જાણેલું અથવા અનુભવેલું હોય તે; વાકેફગાર. (૨) હોંશિયાર; કાબેલ; અમુક કામકાજથી જાણીતું-પરિચિત-માવરાવાળું.

માહેરું, ન૦ માંયરું; વરકન્યા લગ્ન વખતે જે મંડપમાં બેસે છે તે; લગ્નવિધિ કરવાનો મંડપ. ઉ૦ માહેરામાં તો કન્યા બેઠી છુટી વેણેરે.

માહોમાહે, અ૦ અંદર અંદર; માંયમાંય; પરસ્પર; પોતપોતાની વચ્ચે.:–મોટાઇની લડાઇઓ માહોમાહે લડયા તેથી શું વળ્યું સામું સૌનું નિકંદન ગયું. (૨) ઘરમેળે; કચેરીએ ચઢી કે બીજાને વચમાં નાંખ્યા વગર એમ.:–માજીસ્ટ્રેટ સાહેબે કહ્યું કે, અલ્યા! માહોમાહે સમજો નહિ તો ખાલી હેરાન થશો અને પૈસો બરબાદ કરશો.

માળ, પું૦ ઘરના ભાંયતળિયા ઉપર લાકડાનો જે જડિત્ર મેડો તે; ઠેઠ ઠેઠ મથોડાની ઉંચાઇએ જડેલા મેડાઓ તે.:–સાત માળની હવેલી છે: (૨) ઉપરાઉપરી પરોવેલી જે હાર–આવલી તે; માળા; હાર. (૩) પરંપરા; શ્રેણિ; હારકતાર; ઓળ; ઘટમાળ. (૪) તરાક ફરે એવી રીતે રેંટિયાના મોટા ચક્કર ઉપર ભેરવેલી દોરી.

માળખું, ન૦ કાગળો–હુંડીઓ વગેરે ભેરવવાનો સળિયો; સળિયામાં નાંખેલા કાગળો વગેરેનો હારડો.

માળવી, વિ૦ [सं. मालवीय] માળવા દેશ સંબંધી; માળવાનું.:–માળવી અફીણ.

માળવું, ક્રિ૦ સ૦ વળીઓ અને સેડણથી છાપરું બનાવવું; ઓળે ઓળ વળીઓ અને ખપાટિયાં નાંખવાં; છાપરું છાજવું; સૈડવું.

માળા, સ્ત્રી૦ [सं. माला] લાકડાના, ધાતુના, કાચના કે મોતીના દાણા દોરામાં પરોવી બનાવેલું લાંબું માળખું–હારડો તે. રૂ૦ પ્ર૦ માળા લેવી=સંસારના પ્રપંચથી અળગા થવું. માળા જપવી=પ્રિયજનને વારંવાર યાદ કર્યા કરવું. માળાના મણકા=સૌ એક સરખા એમ. માળાનો મેર=ટોળી મંડળીનો આગેવાન; સૌથી સરસ. કહે૦ માળાના મૂળમાં ગયા=એક લેવા જતાં બધુંએ જતું રહે, એવું દર્શાવે છે.

માળિયું, ન૦ નાનો ને નીચો માળ કે મેડો તે; છાપરા કે મેડા તળે લાંબાં લાકડાં જડી ભાગ્યોતૂટયો સરસામાન પડયો રહે તે માટે બનાવેલું નાના મેડા જેવું તે.

માળી, પું૦ ફૂલઝાડ ઉછેરનાર ને વેચનાર તે; ફૂલ વેચવાનો ને બાગ બનાવી ફૂલઝાડ ઉછેરવાનું કામ કરનારો તે. કહે૦ માળી રૂઠયો ફૂલ લેશે ચોટલી તો નહિ લે. માળી સિંચે ચોગણાં પણ રત વણ ફૂલ ન હોય. (૨) માળિયું.

માળો, પું૦ જેમાં ઘણાં કુટુંબો રહી શકે એવું ઘણા ઓરડા ઓરડીઓવાળું એક એકની ઉપર મેડા ચઢાવેલું મોટું મકાન તે.:–નરોત્તમ શેઠનો માળો. (૨) ખેતરમાં પંખીઓ ઉડાડવાને બાંધેલો ઉંચો માંડવા જેવો માંચડો તે. (૩) ઝાડ કે ભારવટિયાં વગેરેમાં ઉંચે સ્થળે બેસવા તથા વિયાવા માટે તરણાંવડે પંખીએ બનાવેલું ઘર.

માં, અ૦ [सं. मा]અંદર; માંય; માંહે; મધ્યે. (૨) મા; ના; નહિ. ઉ૦ માણેરા માં રોય, મકર આંખો રાતીઓ; કુળમાં લાગે ખોડ, મરતાં મા ન સંભારીએ. (૩) ગુજરાતી સાતમી વિભક્તિનો પ્રત્યય.:–કુવામાં પાણી છે.

માંય, અ૦ માં; મહિં; અંદર; માંહે; મધ્યે.

માંકડ, વિ૦ વાંકું; વાંકડું. (૨) ના૦ માંકણ.

માંકડી, સ્ત્રી૦ જેમાં ઘંટીના ખીલાની અણી રહે છે એવું ઉપલા પડના ગાળામાંનું ખોભણદાર લાકડું. (૨) ઢોર બાંધવાના ગળિયામાંનું લાકડું. (૩) માંકડાની માદા; વાંદરી; ભોજલી. (૪) ભુરી ભેંસ. (૫) ચોમાસામાં લીલાછોડ ને ઘાસ ઉપર થતું ઘાસનાં તરણા જેવા લાંબા પગવાળું સળેકડી જીવડું; માંકડીકુકડી.

માંકડીકુકડી, સ્ત્રી૦ ઘાસ ઉપર થતું ઘાસનાં તરણાં જેવા લાંબા પગનું જીવડું. તીડ જેવું એક જીવડું. એના મૂતરથી શરીર ઉપર ફોલ્લા ઉઠે છે.

માંકડું, ન૦ લાલ મોંનું વાંદરૂં; ભોજલું.

માંકડો, પું૦ વાંદરો; ભોજલો.

માંકણ, પું૦ માકડ; પરસેવાથી થતો ખાટલા ગોદડાંમાંનો એક જીવ; ખટમલ..

માંકણિયું, વિ૦ માંકણ પકડવાનું કાણાંવાળું લાકડું. (૨) જેમાં માંકણ પડેલા હોય તે.

માંગ, સ્ત્રી૦ માગણી.:– હમણાં વિલાયતી કાપડની માંગ નથી. (૨) ચોટલાની લમણા તરફની લટરો; સેંથો; ઢાળબંધ લમણા પર પટિયાં પાડીને વાળ હોળવા તે. ઉ૦ માંગ સમારૂં રે મોતીડે, સેંથે ભરૂંએ સિંદૂર. (૩) આડનો સંકેત.

માંગલિક, વિ૦ [**સં.**] મંગળકારક; આનંદ ઉત્સવવાળું; શુભ.

માંગલ્ય, ન૦ મંગળકારક હોય એવું તે; શુભ; સૌભાગ્ય; સુકાર્ય–આનંદ–ઉત્સવનો અવસર–પ્રસંગ તે. (૨) કલ્યાણ.

માંચડો, પું૦ ઉંચી બેસણીએ બેસાય એવો લાકડાનો મોટો પાટલો–પાટ તે. (૨) ગાડાના પૈડાની ધરી ઉપરનો પાટલો–પાટ તે. માંચો; મોટી ઘણા માણસો બેસે એવી પાટ તે.

માંચી, સ્ત્રી૦ નાની ખાટ; ખાટલી; ચારપાઇ. નાનાં બાળકને સુવાડવાની ખાટલી. સાંગામાંચી=ખુરસી જેવું બેસવાનું આસન.

માંચો, પું૦ [**સં. મંચ**] ખાટલો; ઢોલિયો. કહે૦ મરતાએ નથી ને માંચોએ મૂકતો નથી.

માંજર, સ્ત્રી૦ [**સં. મંજરી**] તુળસી, ડમરો અને બીજી વનસ્પતિની ફૂલવાળી ડાંખળી–શાખા તે; મંજરી; લટર; જેમાં બી બાઝયાં હોય એવી ડાળી. (૨) જોડામાંની સુખતળી. (૩) મરઘાની ચાંચ ઉપરની લાલ કલગી. (૪) બિલાડું.

માંજરૂં, વિ૦ ભુરા ને કંઇક પીળાશપર ચળકાટ મારતા ડોળાવાળું; ભુરી કીકીનું; બિલાડીના જેવી આંખવાળું.

માંજવું, ક્રિ૦ સ૦ ઉડકવું; ઉગટવું; વાસણ ઘસવાં; ઘસીને સાફ કરવું.

માંટી, પું૦ ધણી; ભાયડો; પતિ; વર. માંટી મૂઈ= રાંડ.

માંટીડો, પું૦ પુરૂષ; મરદ; ભાયડો. (૨) સ્વામી; ધણી.

માંડ, પું૦ મુગટ; સ્ત્રીઓએ માથે મૂકવાની મોતી વગેરેની સુશોભિત ટોપી જેવી એક બનાવટ; મોદ. (૨) શોભા માટે ગોઠવેલાં વાસણની ઉતરડો તે. (૩)

માંડણ, ન૦ નાનું તળાવડું; પાણી ને કચરાથી ભરેલું ખાબોચિયું. (૨) પત્રરચના; જુવાન સ્ત્રીઓ અને છોકરીઓને કપાળે તારા ટપકી ચોઢીને બનાવવામાં આવતી શોભા–શણગાર તે.

માંડણી, સ્ત્રી૦ માંડવું–સ્થાપન કરવું તે; ગોઠવણ; રીતસર ઠરાવીને મૂકવું તે. (૨) મજલા માળની ઉભણી.

માંડમાંડ, અ૦ માણમાણ; મહા મુસ્કેલીએ; અમસ્તુ; ઉપરચોટિયું.

માંડલિક, વિ૦ [**સં.**] ખંડિયું; મંડળમાંનું. (૨) સામંત.

માંડવી, સ્ત્રી૦ ઘરના ત્રણ ખંડમાંનો આગલો છુટો ભાગ તે. (૨) નાનો મંડપ; દેવીના વ્રત–તહેવારોમાં દીવો રાખવાને બનાવેલી નાના મંડપ જેવી રચના તે; ગૌરી કે ગરબા મંડપ. (૩) શહેર–મહોલ્લાના વચલા ભાગમાં ચારે તરફ દરવાજાવાળું ચકલું–બજાર. (૪) જકાત લેવાનું ઠેકાણું; ફુરજો; ટોલનું નાકું. (૫) ભોંયશિંગ.

માંડવું, ક્રિ૦ સ૦ જારી કરવું; ચાલુકરવું; શરૂ કરવું.:–નવી ચોપડી તમે આજ માંડી. (૨) મૂકવું; ગોઠવીને જુગતીથી મેલવું.:–ભોડવું માંડવું. (૩) લખવું; નોંધવું, નામું

માંડવું. (૪) જોડવું; ઉભું કરવું; સ્થાપવું; ચાલુ કરવું. કારખાનું માંડવું. ઉ૦ પૂછી ઘરધાંને માંડયું ઘોડલિયું. ક્રિ૦ પ્ર૦ માંડીવાળવું=પતાવી દેવું; પુરૂં કરવું. (૨) છોડી દેવું; જતું કરવું.:– પાંચ રૂપિયા માંડીવાળ્યા. (૩) મોકુફ રાખવું; બંધ પાડવું; રહેવા દેવું.:– આજે મુંબાઇ જવાનું માંડીવાળ્યું છે. મોં માંડવું–ધ્યાન દઇ સાંભળવું; લક્ષમાં લેવું; અરજ વગેરે ઉપર ધ્યાન આપવું. (૨) ખાવું. પગ માંડવા=પગલાં ભરવાં; બાળકે ઉભા થઇ ચાલવા શીખવું. ગાંડ માંડવી=નિરાતે ચપટ બેસવું; સ્થિર થઇને બેસવું. કાન માંડવા=ધ્યાનથી સાંભળવું; સાંભળવાની ઇંતેજારી દેખાડવી. (૨) સામા થવું; વઢવાને તૈયાર થવું. મોઢે માંડવું=પીવું. સંસાર માંડવો=ગૃહસ્થાશ્રમ ચાલુ કરવો.

માંડવો, પું૦ [सं. मंडप] મંડપ; ચંદરવો બાંધીને બનાવેલી સુંદર બેઠક; મિજલસ ભરવાનું કામ ચલાઉ સ્થાન; કપડાનું સુંદર દિવાનખાનું. રૂ૦ પ્ર૦ માંડવો=બાંધવો ધજેત કરવું; સૌ કોઇ જાણે એમ કરવું. માંડવો આવવો=છોકરી આવવી–જન્મવી. (છોકરીના વિવાહ વખતે માંડવાનું મોટું ખરચ કરવાનો રિવાજ હોવા ઉપરથી.):–ભાઇને ઘેર માંડવો આવ્યો એમાં તે શી વધામણી ખાઉં ? માંડવા ખરચ=વિવાહને લગતું ખરચખૂટણ તે. માંડવા ખરચ કાઢીને કન્યા લઇ જાઓ, અમારે બીજું કંઇ વધારે જોઇતું નથી. કહે૦ માંડવો બાંધવા સૌ આવે માંડવો છોડવવા કોઇ આવતું નથી, અર્થાત્ ખુશાલીના અવસરમાં સૌ કોઇ ભાગ લે છે પરંતુ તેના ખરચમાં કોઇ ભાગ લેતું નથી.

માંણ, ન૦ મોયણુ; મોવણ; બનનાર ચીજ સુંવાળી અને પોચી થાય તે માટે આટા-લોટમાં તે બાંધતા પહેલાં નાંખવામાં આવતું તેલ–ઘી વગેરે તે; કણકમાં પાણી નાંખતા પહેલાં આટાને તેલ ઘીનો હાથ દેવામાં આવે છે તે:–માંણ નાંખશો તો પૂરિ સારી થશે. (૨) ગાગર.

માંણમાંણ, અ૦ સહેજસાજ; હસવામાં–અમસ્તુંજ એમ; ખાલી; ઉપરચોટિયું; માંડમાંડ. ઉ૦ માંણમાંણ મનના ભામા-રાજ ! મારે ઘેર શીદ આવ્યા ? તમે ગોત્રાળિયા મત કીધી રાજ ! મારે ઘેર શીત આવ્યા. પ્રા. કા.

માંદગી, સ્ત્રી૦ [फा.] બિમારી; મંદવાડ; વ્યાધિગ્રસ્ત સ્થિતિ; રોગવાળી હાલત તે. (૨) રોગ; વ્યાધિ; આજાર:–એને શાની માંદગી છે ?

માંદું, વિ૦ મંદવાડવાળું; આજારી; બિમાર; વ્યાધિગ્રસ્ત; કાયલી; રોગી.

માંધ, ન૦ [सं.] મંદતા–મંદપણું; શિથિલતા; ઓછપ; કમીપણું.

માંય, અ૦ માં; અંદર; મહિં.

માંસ, ન૦ [सं] પ્રાણીઓના શરીરમાંનો ચામડી નીચેનો અને હાડકાંની ઉપરનો લાંદા જેવો રાતો પેશીદાર પદાર્થ; માટી; ગોસ; માસ. કહે૦ માંસ ખાતા હશે તે શું હાડકાં કોટે બાંધતા હશે ?

માંસાહારી, વિ૦ માંસ ખાનાર; માંસભક્ષી.

માંહિ, અ૦ અંદર; માં; મહિં.

માંહે, અ૦ અંદર; માંહિ; માંય;

માંહોમાંહે, અ૦ પરસ્પર; અન્યોઅન્ય; એક બીજામાં; અંદરઅંદર.

માંહ્ય, અ૦ અંદર; માં; મહિં.

મિ–આઉ, અ૦ બિલાડીનું બોલવું તે.

મિચાવું, ક્રિ૦ અ૦ બિડાવું; બંધથવું; સંકોચાવું:–આંખમિચાવી=મરણ થવું.

મિજબાન, વિ૦ પરોણો; મહેમાન.

મિજબાની, સ્ત્રી૦ ચાર સ્નેહીએ મળી ખાન પાન ને રમતગમ્મત કરવી તે; ઉજાણી; જાફત.

મિજલસ, સ્ત્રી૦ [**अ. मिजलिस**] ગમ્મતનો મેળાવડો; થોડાક મિત્રો વગેરેએ એકઠા થઈ બેઠક કરવી તે; બેઠક; રાવણું. (૨) મંડળી; સભા; પરિષદ. (૩) કચેરી; અધિકારીઓનો સમૂહ-મેળાવો તે. (૪) મેળો.

મિજલસિયા, પું૦ મિજલસમાં એક બીજાની સાથે બેસનારા; મિજલસમાં ભાગ લેનારા; સભાસદ; સોબતી; સાથી.

મિજાગરાં, ન૦ બરડવાં; જેને લીધે બારણું ઉઘડવાસ થાય એવી બનાવટ.

મિજાગરૂં, જુ૦ મિજાગરાં.

મિજાજ, પું૦ [**फा. मिजाज**] મનની જે અમુક હાલત તે; રંગ-આવેશ તે. (૨) સ્વભાવ; પ્રકૃતિ; તબિયત. (૩) ગુસ્સો; તામસ. (૪) મગરૂબી; ગરૂરી. ક્રિ૦ પ્ર૦ મિજાજ કરવો=તપી જવું; તામસ ચઢાવવી; ગુસ્સે થવું. મિજાજ ખોવો=ક્રોધે ભરાવું; આવેશપર ચઢીજવું.

મિજાજી, વિ૦ વારંવાર અથવા સહેજવારમાં જેના મન ઉપરનો કાબુ જતો રહેતો હોય એવું; સહેજ વારમાં ગુસ્સો કરે એવું તે. (૨) ચીઢિયું. (૨) સ્વાભિમાની; પોતાના તોરમાં-રંગમાં મગરૂર રહેનારૂં; મગરૂર.

મિજાન, ન૦ [**अ. मिजान**] અંદાજ; સુમાર; આશરો; ઘડો; માપ; પ્રમાણ. મિજાનસર=જેને જેટલું જોઇએ તેને તેટલું મળે તેમ; અંદાજસર; પ્રમાણ-માપસર.

મિટ, સ્ત્રી૦ ટસ; વગર આંખ પલકાવ્યે એક દૃષ્ટિએ જોઇ રહેવું તે; ધ્યાનથી જોવું તે; તાકીને જોવું તે. (૨) નજર; દૃષ્ટિ; આલોચન. ક્રિ૦ પ્ર૦ મિ૦ માંડવી=એક દૃષ્ટિએ-અનિમેષ દૃષ્ટિએ જોવું તે. (૩) દુઃખ સહન કરવું તે.

મિટ્ટી, સ્ત્રી૦ [**सं. मृत्तिका**] માટી; મટોડી. મિટ્ટીમાં મળીજવું=પંચ મહા ભૂતમાં ભળી જવું; માટી સાથે મળી જવું. મરણ થવું. (૨) પાયમાલ થઇજવું; નાબુદ-ધૂળધાણી થઇજવું:-કર્યું કારવ્યું બધું મિટ્ટીમાં જતું રહેવું.

મિઠાઇ, સ્ત્રી૦ દૂધ સાકર-ખાંડનો ગળ્યો ખાવાનો પદાર્થ; ગળપણવાળો દૂધ ને તેના માવામાંથી બનાવેલો પદાર્થ. બરફી પેંડા વગેરે.

મિઠાશ, સ્ત્રી૦ થોડું મીઠું-ગળ્યું હોય તેવું તે; જેમાં ગળપણનો અંશ હોય એવું તે; ગળપણ. (૨) આનંદ ઉત્પન્ન કરે એવો જે રસાસ્વાદ તે; જેમાં મીઠો રસ હોય તે; મધુરતા; માધુર્ય; પ્રિય લાગવાપણું:-અહો! એની વાણીમાં કેવી મિઠાશ છે.

મિઠું, વિ૦ મીઠું; ગળ્યા સ્વાદનું; ગળ્યું મધુર. (૨) પ્રિય-વહાલ ઉપજાવે-આનંદ આપે એવું:-મીઠાબોલું.

મિણાવું, ક્રિ૦ અ૦ આળસ ભરાવી; આંખ મિચાવી; ઘેંન ચઢવું; કેફ આવવી-ચઢવી. (૨) ભારે અન્ન અને ઝેરી પદાર્થની અસર થવી; મીણો ચઢવો. (૩) પાનો ખેંચી-ચોરી લેવો; દૂધ નહિ મૂકવું. (૪) ઉડી જવું. અળસાવું, અનાજની, જમ્યાની કેફ ઉંઘ-ઘેંનની અસર થવી.

મિત, વિ૦ [**सं.**] માફકસર હોય-ઘટે તેટલું; માપ-પ્રમાણસરનું; તોળેલું, માપનું; ઓછું, યથાપ્રમાણ; ઘટતું હોય તેટલુંજ. મિતવ્યય; મિતભાષણ. પરિમિત.

મિતભાષી, વિ૦ થોડબોલું; ઓછું-ઘટિત હોય તેટલુંજ ભાષણ કરનાર.

મિતવ્યય, પું૦ [**सं.**] નિયમિત ઘટિત ખરચ; કરકસર; જેટલું ઘટે-જોઇએ તેટલુંજ ખરચ કરવું તે; ઓછું ખરચ.

મિતાહાર, પું૦ થોડું જમવું તે; જોઇએ તેટલોજ ખોરાક લેવો તે; મિજાનસર ખાવું. મિતાહારી=જોઇએ તેટલુંજ ખાનાર; અકરાંતિયું નહિ તે; અલ્પાહારી; થોડખાઉં.

મિતિ, સ્ત્રી॰ [સં.] આપસરની તિથિ; તારીખ; રોજ:–મિતિ શ્રાવણ સુદિ ૨ ને મંગળવાર. મહીનામાંનો દરેક રોજ–દિવસ તે.

મિત્ર, પું॰ [સં] દોસ્ત; દોસ્તદાર; ભાઇબંધ; સમાન વયનો સ્નેહી સુહૃદ.

મિત્રતા, સ્ત્રી॰ દોસ્તી; દોસ્તદારી; ભાઇબંધી; મૈત્રી.

મિત્રમંડળ, ન॰ દોસ્તદારોની ટોળી; ભાઇબંધોનો સમુદાય સંઘ–મંડળી તે.

મિત્રાઇ, સ્ત્રી॰ મૈત્રી; દોસ્તદારી; ભાઇબંધી.

મિત્રાચારી, સ્ત્રી॰ મૈત્રી; ભાઇબંધી. (૨) સ્નેહ વ્યવહાર–મિત્રના જેવો સંબંધ સ્નેહ અને વ્યવહાર હોય તે; ઘરવટ. ઉ॰ મિત્રાચારી મૂલ કેફ પીશે ને પાશે.

મિથુન, ન॰[સં.] જોડું; જોડકું; એની એલ. (૨) સ્ત્રી પુરૂષની જોડ; દંપતી. (૩) સ્ત્રી પુરૂષનો સંબંધ. (૪) એક રાશિ; ત્રીજી રાશિ.

મિથ્યા, વિ॰ [સં.] ખોટું; અસત્ય; જુઠું; કલ્પિત. (૨) અ॰ ફોગટ; ખાલી.

મિથ્યાભિમાન, ન॰ ખોટું ખાલી અભિમાન; ખોટી બડાઈ; પોતામાં જે શક્તિ ન હોય તે શક્તિનો દેખાડો કરવો તે. મિથ્યાભિમાની=ખાલી બડાઇખોર.

મિનતજારી, સ્ત્રી॰ આજીજી; કાલાવાલા.

મિનાકારી, સ્ત્રી॰ મીનાકારી; સોના ઉપર કાચ જેવી ચકચકિત રંગિત ભાત પાડવી તે; સોના રૂપાના દાગીના ઉપર પાડેલી રંગિત વેલબુટી તે.

મિનાકેસો, પું॰ ખાર; કીનો; દ્વેષ; વેરભાવ. (૨) વિરોધ; અણબનાવ.

મિનારો, પું॰ [ફા.] મનારો; ટોડો; બુરજ; ખૂબ ઉંચો ચણતરનો સ્તંભ. (૨) ઉંચો ઢગ; ડુંગર:–અહિં કાગળનો મોટો મિનારો થયો છે.

મિનિટ, સ્ત્રી॰ [અ.] કલાકના સાઠમા ભાગ જેટલો વખત; અઢી પળ જેટલો વખત.

મિનો, પું॰ મીનો; પાના જેવો સોનાપર રંગ પુરવો તે; સોનાપર લીલી ચકચકિત ભાત પાડવી તે; મરકત.

મિયાન, ન॰ મ્યાન; ઘર; છરી–તરવારની ખોલી; મેણુ.

મિયાનો, પું॰ પેટીના ઘાટની પાલખી; સુખપાલ.

મિયાં, પું॰ મુસલમાન; ઇસ્લામી ધર્મનો ગૃહસ્થ; સજ્જન. મુસલમાનને માનથી બોલાવતાં વપરાય છે. સજ્જન; સભ્ય; અને ગૃહસ્થને અર્થે ચાલે છે. કહે॰ મિયાં ઘોર જોગ ને બીબી ઘર જોગ. મિયાં પડયા પણ તંગડી ઉંચી. મિયાં મસાલા વગર રહ્યા છે. મિયાંના ચાંદે ચાંદ. મિયાં મહાદેવનો જોગ ન ખાય. મિયાં ચોરે મુંડે ને અલ્લા ચોરે ઉંટ. મૂળ મિયાં ગાંડા ને ભાંગ પીધી. મિયાં છોડે પણ બીબી કેમ છોડે! મિયાંની મીનડી.

મિરજાં, પું॰ મુસલમાનોમાં એક ઉંચો ખિતાબ; અમીર; ઉમરાવ.

મિરજાન, ન॰ માળાનો એક ભાગ.

મિરાત, સ્ત્રી॰ થાપણ; મુંડી; પુંજી. (૨) ધનમાલ; દોલત; પૈસો. (૩) મોંઘીચીજ. ગરથ; હમિયાણી.

મિરાસી, સ્ત્રી॰ વારસામાં મળેલો પૈસો તે; મિલકત.

મિલકત, સ્ત્રી॰ [ફા] ધનમાલ; પૈસોટકો; રોકડ, માલ અને કિંમતી સરંજામ વગેરે ગર્થ તે; દોલત; પુંજી.

મિલન, ન॰ મળવું તે; મુલાકાત.

મિલનસાર, વિ॰ મળતાવડું; સૌ સાથે હળી મળી જાય એવું.

મિલનસારી, સ્ત્રી॰ મળતાવડાપણું; સૌ સાથે હળીમળીને રહેવા–ચાલવાનો જે

સ્વભાવ અથવા રીતભાત તે. (૨) મળતાવડું; હળીમળીને ચાલે એવું.

મિલાપ, પું૦ સંજોગ; મેળાપ; સમાગમ. (૨) એકથી વધારે વસ્તુઓનું એકમેકમાં ભેળાઈ રહેવું તે. (૩) વિચાર વગેરેમાં એક્તા હોવી તે; એકવાક્યતા; મુલાકાત; ભેટ.

મિલાપી વિ૦ મેળાપ રાખનાર; સંપીલું; મિલનસાર.

મિલાવટ સ્ત્રી૦ મેળવણી; મેળવવું તે; મિલાપ; એકરાગપણું તે.:–સૂરમિલાવટ.

મિલાવડો, પું૦ મેળાવડો; સ્નેહી–સંબંધી અને મિત્રો વગેરેનું એક સાથે ગમ્મત માટે ભેગા થવું તે; મિજલસ; રાવણું.

મિલિત, વિ૦ [**સં.**] મળેલું.

મિશ્ર, વિ૦ [**સં.**] મળેલું; ભેળસેળ; એકઠું થઈ ગયેલું; બીજા સાથે ભળેલું.

મિશ્રણ, ન૦ મેળવણી; ઘણી વસ્તુઓ જેમાં એકઠી કરેલી હોય તે. (૨) જેમાં બીજી વસ્તુ મેળવેલી હોય તે. (૩) જુદાં જુદાં દ્રવ્યો અને ઓષધો એકઠાં કરીને બનાવેલી દવા તે.

મિષ, ન૦ [**સં.**] બહાનું; નિમિત્ત; મસ; ખોટું કારણ તે.

મિષ્ટ; વિ૦ [**સં.**] મીઠું; ગળ્યું; જેમાં ગળપણ હોય એવું. (૨) પ્રિય; વહાલું લાગે એવું; આનંદ ઉપજાવે એવું; મધુર.

મિષ્ટાન્ન, ન૦ [**સં**] ગળપણવાળું ભોજન; અન્નમાં ગળપણ નાંખી બનાવેલો ખાવાનો પદાર્થ તે; ગળ્યા સ્વાદવાળું અન્ન.

મિસરી, સ્ત્રી૦ સાકર; દાણાદાર ખાંડ.

મિસલ, સ્ત્રી૦ [**અ**] રીત; જુગતી; તરેહ. (૨) ઉપમા; ઉદાહરણ. (૩) અ૦ પેઠ; માફક.:–માંદા મિસલ કેમ ચાલે છે ?

મિસકિન વિ૦ [**ફા**] કંગાલ; ગરીબ; રાંક લાચાર.

મિસાલ સ્ત્રી૦ મિસલ; રીત; તરેહ. (૨) અ૦ પેઠ; માફક.:–રાંક મિસાલે શું બોલે છે.

મિસ્કિન, વિ૦ [**અ**] બિચારૂં; ગરીબ; દીન; રાંક; પામર.

મિસ્તરી, પું૦ મિસ્ત્રી; સુતાર; કડિયા અને કારીગરોનો ઉપરી–કામ ચિંધનાર, કારીગરીનું કામ જાણનાર ગજ્જર; માણસો રાખીને કામ કરાવનાર.

મિસ્ત્રી, પું૦ મિસ્તરી; સારો કારીગર; ગજ્જર.

મિસ્સી, સ્ત્રી૦ મસી; મેંશ; કાળપ આપનારો ભુકો. (૨) વનસ્પતિ વગેરેના કોલસા વાટીને બનાવેલું દંતમંજન. (૩) શાહી.

મિંજ, જુ૦ મીજ; બિયાના કોટલામાંનું માવા જેવું દળ; જેમાંથી નવો છોડ–ઝાડ વગેરે ઉત્પન્ન થાય છે એવો જે બીજાંશ તે; બીજાંકુર.

મિંડું, ન૦ મીડું; શૂન્ય; નાનામાં નાનું બિંદુ તે.

મિંઢળ, ન૦ મીંઢળ; એક જાતનું ફળ.

મિંઢાઇ, સ્ત્રી૦ મિંઢાપણું.

મિંઢીઆવળ, સ્ત્રી૦ સોનામુખી; આવળ જેવી એક વનસ્પતિ અને તેનાં સુકાં પાન. એ પાનનો ભુકો અને ઉકાળો જુલાપ આપવામાં વપરાય છે.

મિંઢું, વિ૦ મીંઢું; ઉંડામનનું; સમજે પણ બોલે બહુજ થોડું એવા સ્વભાવનું; બોલી દે નહિ પણ વખતે સચોટ કામ કરે એવું.

મિંદડી, સ્ત્રી૦ બિલાડી.

મિંદડું, ન૦ બિલાડું; મીનડું.

મીચ, જુ૦ મીજ.

મીચવું, ક્રિ૦ સ૦ બંધ કરવું; બીડવું; સંકોચવું.:– આંખ મીચવી. રૂ૦ પ્ર૦ આંખ મીચવી=આંધળિયાં કરવાં; જે થવાનું હોય તે થાય એવા નિશ્ચયથી યા હોમ કરી પડવું–ધૂસવું આંખ મીચવી=મરણ

થવું. આંખ મિચામણાં= જાણ્યું ન જાણ્યું કરવું-જાણે દીઠું જ નથી, એમ ગણીને ચાલવા દેવું; ઢાંકપિછોડો કરવો.

મીજ, સ્ત્રી૦ વનસ્પતિ બીજના પડમાં-છોડા-કોટલામાંનો ગર-ગર્ભ તે; બિયામાંનો ગર; મગજ; ગોટલી. (૨) બીજાંશ; ફળના બિયામાંનો માવો; ઠીલામાંની દાળ.

મીટ, સ્ત્રી૦ મિટ; કોઇ વસ્તુની સામે નજર માંડીને જોઇ રહેવું તે; નજર; એકાગ્ર દૃષ્ટિ; અનિમેષ દૃષ્ટિએ જોવું તે. (૨) આંખ, સરત. મીટ મેળાવો થાય.

મીટવું, ક્રિ૦ અ૦ મટવું; સારૂં થવું. (૨) પાર આવવો; નિકાલ થઇજવો.

મીઠઅંદર, ન૦ દરિયા કિનારાનો તે ભાગ કે જ્યાં મીઠું પાકતું હોય; અગર.

મીઠડાં, ન૦ વહાલનાં આલિંગન. (૨) મીઠી નજરનાં-આશીર્વાદાત્મક ઓવારણાં;દુઃખડાં લેવાં તે; વારી જવું તે. ઉ. મીઠડાં લેતી હેતે માત.

મીઠડું, વિ૦ મીઠું-વહાલું લાગે એવું; મધુર; પ્રિય; લલિત. ઉ૦ મીઠડા બોલી નાર. નણદલ તો બા ! બહુ મીઠડાં છે. (૨) વહાલનું ચુંબન; આલિંગન વગેરે; ઓવારણું:-મામીએ લીધાં મીઠડાં.

મીઠાબોલું, વિ૦ વહાલું લાગે તેમજ સારૂં લાગે એવું બોલનાર; પ્રિય ભાષણ કરનાર. કહે૦ મીઠાબોલું મૂળ કાઢે.

મીઠી, સ્ત્રી૦ વહાલની ચુમી; બોકી; બચ્ચી. (૨) વહાલથી છાતી સાથે ચાંપવું તે; સ્નેહાલિંગન.

મીઠું, ન૦ દરિયાનું-અથવા વરીડાનું ખારૂં પાણી સુકાઇને બનતો ખારો પહેલદાર પદાર્થ તે; લવણ; લૂણ; નિમક. દરિયાનું પાણી સુકવ્યાથી, ખારા કુવાઓનું પાણી સુકવ્યાથી અને જમીનમાંથી મીઠું મળી આવે છે. મીઠું ખોરાકને સ્વાદિષ્ટ બનાવે છે. તે ખાતરમાં અને ઔષધમાં કામ આવે છે. (૨) સત્ત્વ; બળ; વીર્ય:-એનામાં કંઈ મીઠું નથી. રૂ૦ પ્ર૦ મીઠાવગરનું=સત્ત્વ-બળ-જોર વગરનું-સાર રહિત. મોળું; નરમ; જોહાકી વગરનું; માલવગરનું. મીઠું વાપરવું-જમણ કરવાં; મોટાં ખાણાં-ભોજન આપવાં. આંખમાં મીઠું પડવું=અદેખાઈ આવવી; ઈર્ષ્યા-દ્વેષ થવો.

મીઠું, વિ૦ ખારૂં, કડવું કે મોળું નહિ એવું; સ્વાદિષ્ટ:-મીઠું પાણી પીવા યોગ્ય છે. (૨) સહેજ ગળપણવાળું; મોઢામાં સ્વાદ ઉત્પન્ન કરે એવું. ઉ૦ મીઠી બાજરીરે, તને સૌ સવાદે ખાય-મીઠી૦ ભૂખમાં સુકો રોટલોએ મીઠો લાગે છે. (૩) ગળ્યું; ખાંડ-ગોળના સ્વાદનું; જેમાં ગળપણ નાંખેલું હોય એવું:-મીઠો ભાત. (૪) ઘ્રાણેન્દ્રિયને પસંદ પડે એવું:—મીઠી વાસ. કાન-કર્ણેન્દ્રિયને ગમે એવું; મધુર લાગે એવું:-કોયલ બોલે મીઠાબોલ. આંખને જોવું ગમે એવું; અમીવાળું:-મીઠી નજર. (૫) વહાલું; ગમતું; પસંદ પડે તેવું; ખુશ કરે એવું. (૬) ટાઢું; ધીરૂં; ગંભીર. (૭) મધુર; કોમળ; કુણું; રસભર્યું; પ્રેમથી ભરપુર; વહાલસોયું. ઉ૦ મીઠી આંખ તણે અણસારે. મારી સખીઓથી જોવાયા ક્યારે? કહે૦ મીઠા ઝાડનું મૂળ કાઢવું=સહન કરે અને આપે એવા માયાળુ માણસને રગડ રગડ કરવું તે. સારા માણસનો ખૂબ લાભ લેવો-કેડો ન મૂકવો એવા અર્થમાં વપરાય છે; થોડા લાભથી સંતોષ રાખવો એવો અર્થ લેવો.

મીડધો, પુ૦ મડધો; હષ્ટપુષ્ટ માણસ; કુંદા જેવું-જાડું ને બાધડ માણસ તે; જોરાવર ને કામ કરવે હડે નહિ એવું તે. (૨) કાસદ; ખેપિયો; લટ્ઠ માણસ તે. (૩) [मुंड] મુડાયેલા માથાની રાંડીરાંડ બે ફિકર—ઢોંગી સ્ત્રી:—મીડધા જેવી ઘરમાં બેઠી બેઠી શું કરે છે ? (૪) મુખી; આગેવો; અગ્રેસર.

મીંઢિયો, પું૦ મરડાયેલાં શિંગડાંવાળો બળદ કે ઓકડો તે; જેનાં શિંગડાં ગુંછળાની પેઠે વળીને આગળ આવેલાં હોય તે શૃંગી.

મીંડું, ન૦ જેને લંબાઈ પહોળાઈ ન હોય એવું ઝીણું બિંદુ-ટપકું તે; શૂન્ય. (૨) ઝીણી ગોળ કુંડાળી. (૩) એમાં કંઈ નહિ; રદ-બાતલ એમ, થઈ રહ્યું, કંઈ મળવાનું વળવાનું નથી, આગળ પાછળ કોઈ નથી, એવો અર્થ બતાવે છે. ૩૦ પ્ર૦ એકડા વગરનાં મીડાં=કંઈજ કામનું નહિ એમ, તે ગણતરીમાં ગણાયજ નહિ. પાયા-આધાર વગરનું-નકામું એમ.:-એના નામનું મીડું=થઇ રહ્યું; કંઇ નહિ એવે અર્થે. ક્રિ૦ પ્ર૦ મીડું મૂકવું=રદ-બાતલ ગણવું; કંઇ મળે કે વળે નહિ એમ ગણવું-માનવું તે. ટાળી મૂકવું; એને લેખામાં નહિ લેવો એમ. મીડું વળવું=નસંતાન જવું; વંશ જવો; આગળ વધવાનું બંધ પડીજવું એમ. રદ-બાતલ જવું. (૪) ગણિતમાં દશક દર્શક ચિહ્ન.:-એકડો ને એક મીંડે દશ. બે મીંડે સો ને ત્રણ મીંડે હજાર. ૧, ૧૦, ૧૦૦, ૧૦૦૦. આવું એક ચિહ્ન; નિશાન.

મીંઢું, વિ૦ ઉંડામનનું; બોલે નહિ પણ કરે ધાર્યું એવું; ગૂઢ હૃદયનું.

મીણ, ન૦ મધમાખીઓ મધપુડો બનાવવાને જે ચીકણો, પીળો અને પોચો મુલાયમ પદાર્થ બનાવે છે તે; મધપુડાનો ચીકણો ધોળો-પીળો અને લોંદા જેવો પણ નરમ પદાર્થ તે; મધમાખે બનાવેલી હમેશ નરમ રહે એવી-મુલાયમ એક જાતની લાખ. ક્રિ૦ પ્ર૦ મીણ મીણ થઇ જવું=ગળીને એકતાર થઈ જવું; ગાંઠ. ગડી કે કણ ન રહે એવું મુલાયમ થઈજવું તે. :-દાળ તો ઓર્યા પછી એક કલાકે મીણ મીણ જેવી થઇ જાય છે. કહે૦ મીણનો પણ માંટી=નબળો પોચો તોપણ સત્તાવાળો ઉપરી તે ઉપરીજ. મીણ કાપડ=મીણ ચઢાવેલું કપડું; મીણિયું.

મીણબત્તી, સ્ત્રી૦ જેની અંદર વાટ ઘાલેલી હોય એવી મીણની બત્તી તે. મીનબત્તી=વહેલ નામના માછલાના શરીરમાંથી નીકળતી ને ઠરી જાય એવી ચરબી-તેલની વાટવાળી નાની દંડુકી તે. હમણાં વનસ્પતિ તેલોમાંથી પણ મીણબત્તી બનાવવામાં આવે છે.

મીણિયું, ન૦ પલળે-ભિંજાય નહિ તે માટે મીણ અથવા રોગાન ચઢાવેલું કપડું; મીણ કપ્પડ.

મીણો, પું૦ કેફ; નીશો; ઘેન ચઢે એવો ઝેરી પદાર્થ તે. કોદરા અને સોપારીના બીમાં મીણો હોય છે. (૨) યૌવન; ધન; અધિકાર, અને કામ ઇત્યાદિનો મદ તે; અભિમાનની અકડાઈ તે. ઉ૦ મદન મદ મીણી=કામના મદથી ઘેનાયેલી-અકડાયેલી.

મીન, ન૦ [સં.] એક રાશિ. (૨) માછલું; મત્સ્ય. (૩) મીલ; સામાવાળિયાપણું.

મીનકેતન, પું૦ [સં. મદન; કામદેવ; સ્મર.

મીનડી, સ્ત્રી૦ બિલાડી.

મીનડું, ન૦ બિલાડું.

મીનમેખ, સ્ત્રી૦ વાંધોસાંધો; હરકત; પ્રત્યવાય; ખાંચોખચકો. જેમાં જરાય વાંધો આવે નહિ એવું તે; દોષાસ્પદપણું.:-એના કામમાં મીનમેખ આવશે નહિ.

મીની, સ્ત્રી૦ બિલાડી. ઉ૦ મીની મળે તો મહા સુખ થાય. કહે૦ મીની મીની દૂધપી તો કહે 'તૈયાર.' એવો અર્થ બતાવે છે.

મીનો, પું૦ ધાતુ ઉપરનું રંગિત ચિત્રકામ તે; ધાતુ પર રંગિત-લીલું પાનું લગાડવું તે. (૨) લીલો વરખ. મીનાકારી; મીનાકામ.

મીમાંસા, સ્ત્રી૦ [સં.] ઝીણવટે વિચાર ચલાવવો તે; બારીક વિચારણા; સમાલોચના. (૨) વેદના કર્મ કાંડ ઉપર લખા-

ગેલો મતરૂપ એક નિબંધ-ગ્રંથ તે; કર્મ સંબંધી જેમાં ઊહાપોહ કરેલો છે એવું **એક શાસ્ત્ર.** (૩) ચોકસી; તલાસ.

મર, પું૦ [फा.] મુસલમાન રાજા; અમીર; ઉમરાવ તે. સિંધના મુસલમાન રાજાઓ મીર કહેવાય છે. (૨) ભાટના જેવી આજીવિકા કરનાર મુસલમાન; મુસલમાન કવિ–ચારણ; વાત કહેનારો મુસલમાન.

મીલ, સ્ત્રી૦ [अं.] કાંતવા વણવાનું કારખાનું; ગીરની. (૨) બાકરી; સામી જુંબેશ; પ્રતિપક્ષ; પક્ષ; તડ. :–કોઇની સામે મીલ બાંધવી નહિ.

મુકટો, પું૦ મુગટો; નહાઇને પહેરવાનું હિરાગળ લુગડું; સાદી કોરનું રેશમી વસ્ત્ર.:–બ્રાહ્મણો મુકટો પહેરીને જમવા બેસે છે.

મુકદ્દમો, પું૦ [फा.] દાવો; કજિયો; ફરિયાદને લગતી તપાસણીનું કામકાજ તે; ગુનાની તપાસને લગતી બાબત; મુકદમો. (૨) મુદ્દાની બાબત તે; કોટીક્રમ.

મુકરર, વિ૦ નક્કી કરેલું; ઠેરવેલું; ખચીત; નિયત. (૨) અ૦ જરૂર; નક્કી; ખાતરીવાળું. ખરેખર.

મુકરી-જવું, ના પાડવી; ફરી જવું; કસકીજવું. ઉ૦ નિત નિત તમને પૂછતી, કયાં રો'છો તમે રાત; મુજ આગળ મુકરી જતા, વિપરીત કે'તા વાત.

મુકરદમ, પું૦ સિપાઇઓ, મજુરો અને કારીગરો વગેરેનો ઉપરી; નાયક; ગજજર; અગ્રેસર; મુખી. (૨) દારોગો.

મુકાદમી, સ્ત્રી૦ મુકાદમપણું તે; અગ્રેસરપણું; મુખીપણું. (૨) મુકાદમ તરીકેનું કામ કાજ તે.

મુકાબલ, વિ૦ મેળવેલું; અસલ સાથે સરખાવેલું. (૨) મુકાબલો; સરખામણી; મેળવણી; અસલ અને નકલ બંને જોડે તપાસવાં તે.

મુકાબલો, પું૦ બે ચીજને મૂકી એમાંથી કયી ચીજ સરસ નરસ છે તેની તુલના કરવી તે; સરખામણી. (૨) સરસાઈ. (૩) સમોવડિયાપણું; પડછો.

મુકામ, પું૦ ઉતારો; પડાવ; છાવણી; તળ દઇ રહેવું તે. (૨) ગામ–ઘર–રહેઠાણ કે જ્યાં રહેવાનું થતું હોય તે વાસસ્થાન. (૩) મેલાણ. :–સાહેબનો મુકામ આંબાવાડિયામાં છે.

મુકાવવું, ક્રિ૦ સ૦ મેલાવવું; છુટું પાડવું; છોડાવવું; મૂકે તેમ કરવું. ઉ૦ હું તને સર્વ પાપોથી, મુકાવીશ ન શોચતો. મુકાવું; છુટુંથવું; મુક્તથવું.

મુકુટ, પું૦ [सं.] રાજા વગેરેના માથાનું જે સુંદર અને કિમતી વેષ્ટન તે; શિરોમણિ; જવાહીરથી જડિત્ર શિરોવેષ્ટન તે; કલગીદાર સુંદર ટોપ; મુગટ. (૨) મેર; ઉપરી; વડીલ; સર્વોપરી હોય એવું તે.

મુકુલ, ન૦ [सं.] ફૂલની ફૂટતી ખીલતી કળી; નવું પુષ્પ. (૨) માંજરમાંનાં ખીલતાં ફૂલ.

મુકુલિત, કળિયેલ; કળીઓવાળું; માંજરો આવી ગયેલી હોય એવું; પુષ્પિત; મહોરાઈ ગયેલું. (૨) ઉઘડેલું; ફૂલેલું; ખીલેલું.

મુકુન્દ, પું૦ વિષ્ણુ ભગવાન.

મુક્કર, વિ૦ મુકરર; નક્કી; જરૂર; ખચીત. (૨) અ૦ નક્કી કરેલે ઠામે.

મુક્કી, સ્ત્રી૦ હાથનાં આંગળાંની મુઠીવાળી જોરથી મારવી તે; મુઠીનો માર તે.

મુક્કો, પું૦ જબરી મુક્કી તે; ગંડદો; ઠોંસો.

મુક્ત, વિ૦ [सं] છુટેલું; છુટું; બંધનરહિત. સંસારની માયાથી મોકળું થયેલું. રૂ૦ પ્ર૦ મુક્તકંઠે=ખુલ્લેગળે; મોટેઅવાજે; મોટે ને છુટે ધાંટે એમ. મુક્ત હસ્ત=ઉદાર; ખુલ્લા હાથનું; ફોળા હાથનું; હાથનું છુટું.

મુક્તા, ન૦ [सं.] મોતી; ગોળ દાણો મણકો.

મુક્તાદ, ન૦ મુખતાદ; પારસીઓના પિતરોને યાદ કરવાના દિવસો તે.

મુક્તાફળ, ન૦ મોતી.

મુક્તાવલી, સ્ત્રી૦ [**સં.**] મોતીની માળા; મુક્તાહાર.

મુક્તિ, સ્ત્રી૦ [**સં.**] છુટાપણું; છુટકારો. (૨) સંસારની માયાના બંધનમાંથી અને જન્મ મરણના ફેરામાંથી સદાનાછુટું થઈ જવું તે; મોક્ષ. મુક્તિના ચાર પ્રકાર આ પ્રમાણે છે:—સાયુજ્યતા; સરૂપતા, સમીપતા ને સલોકતા. મુક્તિપદ=પરમ નિવૃત્તિનું સ્થાન; જેમાં કંઈ માયા કે કોઈ જાતનું બંધન રહેલું ન હોય એવી જે હાલત તે; બ્રહ્મપદ. મુક્તિમાર્ગ=મોક્ષમાર્ગ; જેથી સંસારની માયા છોડી શકાય તે માર્ગ–ધર્મ–સંપ્રદાય તે; જ્ઞાનમાર્ગ.

મુખ, ન૦ [**સં.**] મોં; મોઢું. (૨) માથાના આગલા ભાગનો જે આખો દેખાવ તે; ચહેરો; વદન. (૩) સમુદ્રને મળતો નદીનો જે છેલ્લો ભાગ તે; નદીનો તે ભાગ કે જે સમુદ્રને જઈ મળે છે તે. :—ગંગા ઘણે મુખે બંગાળના ઉપસાગરને મળે છે. (૪) બારૂં; વાટ; રસ્તો; નાકું; દરવાજો; દ્વાર. રૂ૦ પ્ર૦ મુખનાં મલોખાં કરવાં=મોઢે સારૂં લગાડવું; સવાસલાં કરવાં.

મુખકમળ, ન૦ કમળના જેવું જે મોં તે; મુખારવિંદ.

મુખકળા, સ્ત્રી૦ મોંનો, ચહેરાનો ઘાટ–દેખાવ તે; ચહેરાનો સુશોભિત શક્લો.

મુખચંદ્ર, પું૦ [**સં.**] ચંદ્રમાના જેવું સુંદર મુખ તે; મુખ રૂપી ચંદ્ર તે.

મુખજુબાની, સ્ત્રી૦ મોઢાની સાક્ષી તે; લેખથી નહિ પણ બોલીને આપેલી સાખ તે.

મુખડું, ન૦ મોં; મોઢું; વદન.

મુખતેસર, વિ૦ [**फा.**] સારરૂપ; સંક્ષિપ્ત; થોડામાં; ટુંકું; અગત્ય જોગું.

મુખત્યાર, વિ૦ [**फा.**] પોતાની મરજીમાં આવે તેમ કરવાને સત્તા અપાયેલું તે.:—હું મારી જાતનો મુખત્યાર છું. સર્વ હકવાળું. (૨) કોઇ તરફની સત્તા મેળવીને તેની-વતી કામ કરનાર; એલચી; વકીલ. રૂ૦પ્ર૦ આપ અખત્યાર=પોતાની ઇચ્છામાં આવે તેમ કરી શકનાર; કોઇના બંધનમાં નહિ તે.

મુખત્યારનામું, ન૦ પોતાની તરફથી બીજાને બોલવા–લખવા વગેરેનો હક આપવા સંબંધી લેખ; પોતા તરફથી કામ કરવાની બીજાને સત્તા આપવી તે; વકીલાતનામું.

મુખત્યારી, સ્ત્રી૦ આપ અધિકાર; સ્વસત્તા. (૨) સદર પરવાનગી; કુલ અખત્યાર તે. (૩) મુખત્યાર તરીકે કામ કાજ કરવું તે; વકીલાત; બીજાની પરવાનગીથી તેનું કામ કરવું તે.

મુખપરીક્ષા, સ્ત્રી૦ લેખી નહિ પણ મોઢામોઢ સવાલ જવાબ થાય એ પ્રમાણેની તપાસણી તે.

મુખપાક, પું૦ [**સં**] મોઢું આવીજાય–મોંમાં ફોલ્લા ને ચાંદીઓ પડી જાય એવો એક રોગ. નાનાં બાળકોને આ રોગ જીવલેણ નીવડે છે.

મુખપાઠ, પું૦ [**સં.**] મોં ઉપર હોવું તે; કંઠાગ્ર હોવું–કરવું તે. લખાણ, સ્તુતિઓ, શાસ્ત્ર વગેરે મોઢે કરવાં તે; પાનાં પુસ્તક લીધા વગર મોઢે બોલી જવાય એવો જે અભ્યાસ તે; મોઢે બોલવાનું તે.

મુખમુદ્રા, સ્ત્રી૦ [**સં.**] મોંનો શક્લો તે; મુખાલોક–મોંનો મજેનો સુંદર ઘાટ તે.

મુખર. વિ૦ [**સં.**] બોલકણું; બકબક બોલે એવું; બોલતાં ભમયાવ અચકાય કે શરમાય

નહિ એવું; વાચાળ. (૨) ઠઠ્ઠાબાજ; મશ્કરું. (૩) વાગતું; ખડખડતું.

મુખરિત, વિ૦ [**સં.**] વાગતું; ગાજતું; ખડખડતું. (૨) વાચાળ.

મુખવાસ, પું૦ મોંને સુવાસિત કરે એવી વસ્તુ ખાવી તે; જમી ઉઠીને પાન સોપારી એલચી વગેરે ખાઇને મોં સુવાસિત કરવું તે. (૨) મુખને વાસિત કરવાને ખાવાની ચીજ, સોપારી, પાન એલચી વગેરે વસ્તુઓ તે; તાંબૂલ. ઉ૦ બદલોની અબોટિયે વાર થઇ, મુખવાસ કરો ઘડી વાગી ગઈ.

મુખસામુદ્રિક, ન૦ [**સં.**] મોંના દેખાવ ઉપરથી સ્વભાવ પારખવાની વિદ્યા તે.

મુખિયું, ન૦ કોથળા–છાલકાનાં મોં સિવી લેવાનું સુતળીનું ગુંછળું.

મુખિયો, પું૦ ઠાકોરજીની સેવાપૂજાની સામગ્રી કરનારાઓનો ઉપરી; સેવાનો સામાન–ભોજન વગેરે તૈયાર કરાવનારો જે મુખ્ય માણસ તે.

મુખી, પું૦ વસુલાતી અમલદારને મદદ કરનાર અને ગામની વ્યવસ્થા રાખનાર ગામનો વડો તે; પટેલ; પટેલિયો તે. (૨) આગવો; અગ્રેસર; ઉપરી; નાયક. સુખીમતાદાર.

મુખ્ય, વિ૦ [**સં.**] ઘણામાં જેની પહેલી ગણના થતી હોય એવું; સૌથી સારૂં શ્રેષ્ઠ તે; અગ્રે ગણાય એવું. (૨) પ્રધાન; પહેલું; મોટું; ઉત્તમ.

મુખ્યતા, સ્ત્રી૦ [**સં**] આદ્યતા; અગ્રગણ્યતા; વર્ચસ્વ.

મુખ્યત્વેકરી, અ૦ ઘણુંકરી; વિશેષેકરી; મુખ્ય મુખ્યમાં.

મુખ્યશહેર, ન૦ દેશનું અથવા રાજ્યનું મોટું શહેર; રાજનગર.

મુગટ, પું૦ માથે પહેરવાનો સુંદર ને કિંમતી ટોપ; શિરોવેષ્ટન; મોરપિંછ; કલગી; તોરાદાર પાઘડી; તાજ; શિરબંધ. (૨) મુરબ્બી; વડીલ. ઉ૦ માથાના મુગટ મારા પરણ્યા કે કુંવારારે.

મુગટી, સ્ત્રી૦ નાનાં–છોકરાંને પહેરવાનો મુગટો તે; ધટ્ટી.

મુગટો, પું૦ અબોટમાં સ્ત્રી પુરૂષ બન્ને પહેરી શકે એવું રેશમી વસ્ત્ર; નહાઇને પૂજા કરવા તથા જમવા બેસવા બ્રાહ્મણો વગેરેને પહેરવાનું જે શણિયું અથવા રેશમી વણાટનું વસ્ત્ર તે.

મુગડી, સ્ત્રી૦ કાનનું મોતીનું ઘરેણું–સ્ત્રીઓનું.

મુગલ, વિ૦ ઇરાન અને તાતાર તરફના મુસલમાનોની એક જાત. ઉ૦ મુગલ ભલે ખુરાસાન કે. પ્ર. રાસો.

મુગલાઈ, સ્ત્રી૦ મુગલ રાજા–પાદશાહોની કારકિર્દી તે; મુગલોનો રાજ્ય અમલ તે. (૨) મુગલોની જોહાકી, દોરતોર. (૩) સભ્યતા–ઠાઠમાઠ વગેરે તે.:–મુગલાઇ મુજરો કરીને પછી બેસવું.

મુગાસાડી, સ્ત્રી૦ મુગટાની જાતનું સ્ત્રીઓને અબોટમાં પહેરવાનું કીરમજી રેશમી વસ્ત્ર; ચોકડિયું.

મુગ્ધ, વિ૦ [**સં.**] થોડી સમજણવાળું; બાલિશ. (૨) સાલસ; સીધું; ભોળું.

મુગ્ધા, સ્ત્રી૦ [**સં.**] નવા યૌવનમાં આવેલી પણ ભોળી–રતિમાં થોડી સમજવાળી સ્ત્રી; પ્રેમઘેલી; કાલી–બહુ કાબેલ–ચતુર નહિ એવી તે. ત્રણ પ્રકારની નાયિકાઓમાં પહેલા પ્રકારની નાયિકા તે.

મુચરકો, પું૦ ફરીને કરૂં અથવા મુદતે હાજર ન થાઉં તો જે દંડ કે શિક્ષા થાય તે ભોગવું, એવો ગુનેગારે કરી આપવાનો લેખ તે; કરાર.:–હાથ મુચરકા= તરતના જામીન; જામીનગીરી આપવી જ પડે એવો બાંધીનો કરાર તે.

મુછ, જુઓ મુંછ.

મુછાળો, પું૦ ઉમ્મર લાયક–જેને મુછો આવેલી હોય એવો મરદ પુરૂષ તે. ઉ૦ મુછાળો મૂર્ખ મોટો થે, પસ્તાવામાં પછી પડે.

મુજ, સ૦ મારૂં; હુંનું છઠ્ઠી વિભક્તિનું રૂપ. આને તેમ છતાં છએ વિભક્તિના પ્રત્યયો હું ની માફક લાગે છે.:–મુજને, મુજથી, મુજમાં.

મુજબ, અ૦ [**अ.**] પેઠે; માફક, પ્રમાણે; રીતે. (૨) વિ૦ સરખું; સમાન.

મુજમુદાર, જુઓ મજમુદાર.

મુજરે, અ૦ મજરે; વળતરમાં એમ.

મુજરો, પું૦ મજરો; નમન; વંદન; સલામ. (૨) ભેટ–મહેરબાનીની આશાએ બહુ વિ-વેકભેર વંદન કરી રાજા કે મોટા માણસ આગળ જઈ બેસવું તે. ઉ૦ મુજરો લઈ મુજ રેગ લે હરિ. ક. દ. ડા.

મુજહામત, સ્ત્રી૦ ટીકા; વિવેચન. (૨) અ-ટકાવ; પ્રતિબંધ.

મુજાખો, પું૦ [**अ.**] મહત્ત્વ; વજન; બોજ. (૨) દરકાર; ગણના; લેખું.

મુજાવર, પું૦ [**फा.**] કબર ઉપર ફુલ ચઢાવનારો; કબર વગેરેની સંભાળ રાખ-નાર–વ્યવસ્થા વગેરે કરનાર તે:–પીરનો મહિમા મુજાવર વધારે, ને મહાદેવના ગુણ ભરડો જાણે.

મુજિયો, પું૦ તરતમાંજ જનોઈ દીધેલો બ્ર-હ્મચારી બટુક. કંકુના છડારે દેવાહિયે; મોતીડે ચોક પુરાવો, લાડકડોરે મુજિયો.

મુઝારો, પું૦ મુઝેરો; તાવ ઉધરસ ને ફેફસાંના સોજાનો રોગ તે; ત્રિદોષ.

મુઝાવું, ક્રિ૦ અ૦ અકળાવું; ગભરાવું; રિબાવું. (૨) શ્વાસ બરોબર નહિ લેવાવો ને ગભ-રામણ થવી તે. (૩) કંટાળવું; કોઈ મુશ્કેલીનો તોડ નહિ જડવાથી મનમાં ને મનમાં ગુંચવાવું તેમજ શ્વાસ બરોબર નહિ ચાલવા–લેવાવાથી ગુંગળાવું તે.

મુઠ, સ્ત્રી૦ મુંઠ; તરવાર; મુદ્દગર વગેરે મુઠ્ઠીથી પકડાય એવો હાથો તે; હથિયાર વગેરેની પકડ તે. (૨) ગીલીદંડાની રમતનો એક દાવ. (૩) મુઠી. (૪) તંત્રશાસ્ત્રનો એક મારણ પ્રયોગ. મુઠીવાળી તે ઉપર મંત્ર ભણી જેને પીડા કરવી કે મારવો હોય તેની ઉપર મુઠી ઉઘાડી નાંખવી તે. મુઠ મારવી, એમ કહેવાય છે. મુઠચોટ.

મુઠિયું, ન૦ ચાર આંગળાં અને અંગુઠાથી મુઠી વાળીને બનાવેલો કણક વગેરેનો લંબગોળ આકાર તે:–લાડુનાં મુઠિયાં. તેમજ દુધીનાં અને મેથીની ભાજી વગેરે-નાં મુઠિયાં; ગરગોલો.

મુઠી, સ્ત્રી૦ [**सं. मुष्टि**] હાથેળી સાથે જો-રથી આંગળાં વાળવાં તે. (૨) હાથેળીને આંગળાંમાં સમાય તેટલું તે:–મુઠી અન્ન ભિખારીને આપવું. રૂ૦ પ્ર૦ મુઠી વાળવી. સંગ્રહ કરવો; ભેગું કરવું, ગાંઠ કરવી. છાનું રાખવું; કોઈને જાણવા નહિ દેવું; બંધ પાડવું. કંજુસાઈ કરવી; નહિ ખર-ચવું. મુઠીઓ વાળીને દોડવું=ત્વરાથી ના-સવું. છટકીજવું.

મુઠીભર, વિ૦ મુઠી ભરાય તેટલું; મુઠીમાં માય એટલું. એક મુઠીભર અનાજ આપવું. (૨) થોડુંક; જૂજ:–મુઠીભર ઘોડેસ્વાર સાથે હોવા છતાં તેણે કિલ્લા ઉપર હલ્લો કર્યો અને વિજય મેળવ્યો.

મુડણ, ન૦ મુડવું તે; બોડાવવું તે; માથેથી–શરીર ઉપરથી વાળ કઢાવવા તે; હજામત; વતું. (૨) બાળકના પહેલ વહેલા વાળ લેવરાવવા તે. (૩) દીક્ષા લેવી તે.

મુડદારશિંગ, સ્ત્રી૦ એક જાતની ઓષધિ.

મુડદાલ, વિ૦ [**फा. मुरदार**] મરી ગયેલા જેવું; ચેતન–સંવેદ વગરનું; સુકાઈ લાગણી

રહિત થઇ ગયેલું હોય એવું:–ગુમડા ઉપરની મુડદાલ ચામડી લીધી ત્યાં સુધી તો કંઇજ લાગ્યું નહિ. (૨) અશક્ત; નિર્માલ્ય; દમ વગરનું; લેવાઇ ગયેલું; નિઃસત્ત્વ; મરવા પડેલું હોય એવું:–ગરાસિયા બિચારા અફીણને લીધે મુડદાલ થઇ ગયા.

મુડદું, ન૦ [**फा.**] ચૈતન્ય વગરનું કલેવર; જેમાંથી જીવ જતો રહ્યો હોય એવું શરીર; શબ; પ્રેત; મડદું; લાશ; લોથ. (૨) જડ–ચેતન રહિત એવું તે; દુર્બળ–નિર્માલ્ય તે.

મુડવું, ક્રિ૦ સ૦ અસ્ત્રાથી વાળ કાઢવા બોડવું. (૨) છેતરવું; ઠગવું; ધૂતવું. (૩) દીક્ષા આપવી; શિષ્ય કરવો; સંપ્રદાયમાં લેવું:–તમે કેટલા ચેલા મુડયા? રૂ૦ પ્ર૦ પાડા મુડવા=આળસુ બેસી રહેવું.

મુડાવું, ક્રિ૦ અ૦ બોડાવું. (૨) છેતરાવું; ઠગાવું. (૩) ચેલાથવું; સંપ્રદાયમાં જવું.

મુડિયો, પું૦ મુંડણ કરાવી–અમુક પંથમાં ગયેલો તે; મુડાયેલો; ચેલો થયેલો–ચેલો શિષ્ય:–સ્વામીનારાયણના મુંડિયા.

મુડી, સ્ત્રી૦ થાપણ; ભંડોળ. (૨) પુંજી; રોકડ પૈસો. (૩) ગરદન; ગળચી; બોચી. (૪) માથું, ડોકું. (૫) મોં; મુખ. મુડી નીચી કરવી=લજવાવું; શરમાવું; ઝંખાણા પડવું.

મુડો, પું૦ સામણુ ભાર તે; સોમણનું એક માપ તે. (૨) મુડિયો; બોડો. (૩) વાળનો જુડો.

મુતરડી, સ્ત્રી૦ પિશાબખાનું; મુત્રી; મુતરવાની જગા.

મુતરવું, ક્રિ૦ અ૦ મૂત્રપિંડ મારફત લોહીથી છુટો પડેલો ક્ષાર યુક્ત પ્રવાહી શરીર બહાર કાઢવો; પિશાબ કરવો; મૂત્ર કરવું. (૨) ગભરાવું; ધ્રુજવું; થરથરવું. (૩) મુતરી દેવું=ડરી જવું; ભયથી પાણી પાણી થઇ જવું. કહે૦ મોંપર મુતરવું=અપમાન કરવું; નહિ ગાડવું; નહિ લેખવવું.

મુતરાણી, સ્ત્રી૦ મૂત્ર બહાર કાઢવાનો અવયવ છિદ્ર-નાકું–દ્વાર તે.

મુતરાણું, વિ૦ મુતરવાની હાજતવાળું; મુતરવાની તાકીદ હોય તેવું.

મુતરાવવું, ક્રિ૦ સ૦ મુતરે એમ કરાવવું; પિશાબ કરાવવો. (૨) ડરાવવું; ધમધમાવી નાંખવું; દબડાવવું; મુતરી જાય એવો ભય દેખાડવો.

મુતરિયું, ન૦ મુતરવાનું વાસણ.

મુતલક, અ૦ [**अ. मुतलफ**] તદન; જરાએ જરા; બિલકુલ; તમામ.

મુતાલિક, પું૦ [**आ. मुत+अलिक**] દિવાનથી ઉતરતા હોદ્દાનો અમલદાર; નાયબ દિવાન.

મુદઇ, ન૦ શત્રુ; દુશ્મન. (૨) પ્રતિપક્ષી; વાદી.

મુદત, સ્ત્રી૦ [**अ. मुद्दत**] અમુક વખત તે; અમુક નકકી કરેલો વખત તે; ઠરવેલા વખત પહેલાં પાકી મુદત=ઠરવેલો વખત પુરો થયો હોય તે સમય. મુદતસર=બરોબર વખતે.

મુદલ, ન૦ [**अ.**] વેપાર ધંધા માટે કાઢેલી મૂળ થાપણ તે; મુડી; પુંજી; ભંડોળ. (૨) અ૦ લગારે લગાર; જરાએ જરા; તમામ; સમળ; સાવ.

મુદા, સ્ત્રી૦ [**सं.**] ઉલ્લાસ; આનંદ; હરખ; ખુશાલી.

મુદિત, વિ૦ [**सं.**] હરખાયેલું; રાજી; ખુશી થયેલું; આનંદિત; પ્રસન્ન થયેલું એવું. (૨) ખીલેલું; ફૂલેલું.

મુદામ, વિ૦ [**अ. मुदाम**] ઘણા વખતનું; ચાલુ. (૨) અ૦ ખામોખામ; વિશેષેકરીને; ખાસ.

મુદ્દો, પું૦ [**अ. मुद्दआ**] પુરાવો; સાબીતી. (૨) ગુનાનું મૂળ; જેને માટે ગુનો થયો હોય તે ચીજ–વાત વગેરે તે; પાયો.

સાક્ષી; પત્તો, ખાતરીની-જેથી ગુનાની પુરવારી થાય એવી બાબત તે.

મુદ્રા, સ્ત્રી૦ [सं.] ઉપરના દેખાવની સુંદર છટા તે; છાપ; આલેક, સુંદર ચિહ્નથી આલેખિત દેખાવ. (૨) ચિહ્ન; નિશાની; રેખા. (૩) છાપ; સિક્કો; મહોર. (૪) છાપવાના ધાતુના અક્ષરો અને તેનાં કારખાનાં. (૫) છાપવાનાં બીબાં અને તેનાથી છાપવું તે.:--મુદ્રાંકિત=છાપેલું. (૬) એક પ્રકારનું યોગાસન. (૭) વિંટી; અંગુઠી. મુદ્રાલેખ=આગલો અગ્ર લેખ. તપ્તમુદ્રા=અમુક દેવના મંત્ર અને નિશાનીઓ અથવા પગલાં કોતરેલાં ધાતુના બીબાંને ગરમ કરાવી ચામડી ઉપર તેનો ડામ દેવડાવવો તે. છાપાંતિલક લીધાં એમ કહેવાય છે. ગોસાંઈ લોકો કાનમાં જે કુંડલાદિક લટકાવે છે તે.

મુદ્રાંકિત, વિ૦ [सं.] છાપેલું; ટાઈપ ઉપર શાહી લગાડી કાગળ ઉપર જે અક્ષરાદિકની છાપ લેવામાં આવે છે તે.

મુદ્રિકા, સ્ત્રી૦ [सं] જેની ઉપર નામ કોતરેલું હોય એવી વીટી; જેવડે છાપ મારી તથા સિક્કો પાડી શકાય એવી વીટી.

મુનશી,-પું૦ ઉર્દૂ ફારસી અરબી વગેરેનો શિક્ષક. (૨) લખાણ પત્તરનું કામ કરનાર.

મુનસફ-પું૦ દિવાની કજિયા સાંભળી ન્યાય આપનાર; ન્યાયાધીશ.

મુનસફી, સ્ત્રી૦ મુનસફનું કામ તે. (૨) કોઈને પૂછ્યાગાછ્યા વગર પોતાની મરજી પ્રમાણે વર્તવા-કરવાની છૂટ-સદર પરવાનગી તે; પોતાના મનમાં આવે તેમ ફુલ અખત્યારે કાર્ય કરવાની છૂટ તે.

મુનાસબ, વિ૦ [अ.] વાજબી; યોગ્ય; ઘટિત.

મુનિ, પું૦ [सं.] ઋષિ; તપસ્વી; યોગી; મૌન રહી તપ કરનાર સાધુ. મુનિવ્રત=મુનિ જેવું-નહિ બોલવાનું વ્રત તે.

મુનીમ, પું૦ [अ.] પેઢીનું કામ કરનારો મુખ્ય ગુમાસ્તો. શરાફની પેઢીનો મુખ્ય કારભારી તે. (૨) આડતિયો.

મુનીમી, સ્ત્રી૦ મુનીમગીરી.

મુન્ય, ન૦ અણબોલ્યા રહેવું તે; મૌન; મુંગા રહેવું તે.

મુફત, જુ૦ મફત.

મુફતી, પું૦ મુસલમાન પંચાતિયો.

મુફલસ, વિ૦ [अ.] ગરીબ; દીન; લાચાર; કંગાલ.

મુફલસી, સ્ત્રી૦ ગરીબી; દીનતા; કંગાલિયત.

મુફસીલ, ન૦ બહારગામ; પરદેશ.

મુબારક, વિ૦ [अ.] ભાગ્યશાળી; સુખી; ભલું, ભલે હો એવું; આબાદ.

મુબારકબાદી, સ્ત્રી૦ સારૂં થયા બદલ પ્રસન્નતા-ખુશાલી બતાવવી તે; કોઇના કલ્યાણથી ઉપજેલા આનંદને લીધે તેનું તે સૌભાગ્ય આબાદ-ચાલુ રહો, એવો જે આશીર્વાદાત્મક ઉદ્ગાર તે; અભિનંદન; ધન્યવાદ.

મુમતી, સ્ત્રી૦ જૈનયતિઓ મોંની ફાડ સામે લુગડાનો જે નાનો કકડો બાંધે છે તે.

મુમનો, પું૦ મુસલમાન ધર્મમાં ગયેલા હિંદુઓની એક જાતિ. એ લોકો રીતરિવાજમાં અને લૌકિક આચારમાં અરધા હિંદુ માફક અને અરધાં મુસલમાન માફક રહે છે.

મુમુક્ષુ, વિ૦ [सं.] મોક્ષની ઇચ્છાવાળો; મુક્તિની ઇચ્છા રાખનાર.

મુમ્બૈ, સ્ત્રી૦ (फा. मूम्यांइ. Mummy] માણસની ચરબીની મેળવણીથી બનાવેલી એક દવા. કચરાયેલા શરીર ઉપર લગાડવામાં અને પેટમાં આપવાના કામમાં આવે છે. મુમ્માઈ.

મુરખ, વિ૦ મૂર્ખ; બેવકૂફ; મુરખનું નામું ભિંતે. મૂરખનો સરદાર-શિરોમણિ.

મુરખાઇ, સ્ત્રી૦ મૂર્ખતા; મૂર્ખપણું.

મુરઘી, સ્ત્રી૦ મરઘડી; કુકડી.

મુરઘો, પું૦ કુકડો; મરઘડો; મરઘો.

મુરચંગ, ન૦ મોરચંગ, એક જાતનું વાજું.

મુરછા, સ્ત્રી૦ મૂર્છા.

મુરજ, ન૦ [સં] એક જાતનું વાજું, ઉ૦ વીણા મુરજ મૃદંગ ને મધ્યે મોરલી વાગેજી. ગિરધર.

મુરત, સ્ત્રી૦ મૂર્ત્તિ. (૨) મુહૂર્ત.

મુરતિયો, પું૦ કન્યાને પરણવા આવનારો; જમાઇ.:–મુરતિયો સારો જોજો.

મુરતી, જુઓ૦ મૂર્ત્તિ.

મુરબ્બી, વિ૦ [अ.] કુટુંબનો મોટો–આગેવાન–વૃદ્ધ માણસ તે; વડીલ; ગુરુજન, શિરછત્ર; ઉપરી; મોટેરું.

મુરબ્બો, પું૦ [अ. मुरब्बा] ચાસણી પાયેલો ફળ ને કચુંબરનો આથો તે; ખાંડમાં આથેલાં ફળાદિક તે.

મુરલી, સ્ત્રી૦ મોરલી; વાંસળી. મુરલીધર–કૃષ્ણ. (૨) દેવને અર્પણ કરેલી છોકરી, દેવસ્થાનમાં દેવને અર્પણ કરાયેલી જે અવિવાહિત છોકરીઓ સેવાપૂજા કરવા ને નાચવા રહે છે તે.

મુરવત, સ્ત્રી૦ [आ. मुरुवत] ભાર–ઓજ; વજન; ગૌરવ; પ્રતિષ્ઠા. (૨) અદબ; વિવેક; સભ્યાચાર.

મુરસદ, પું૦ ગુરુ; ધર્મનો ઉપદેશ કરનાર. ઉ૦ ઇલમ અકલકે બડે કહાવો, સબકુ તુમ સમઝાવો, મેં મુખસે કહું મુરસદ મેરા, મહેરમ મોહે બતાવો. નિરાંત.

મુરાતબ, સ્ત્રી૦ [अ.] ગૌરવ; પ્રતિષ્ઠા; મોભો; વજન.: માન–મુરાતબ.

મુરાદ, સ્ત્રી૦ [अ.] ઇચ્છા; આશા; ઉમેદ. મનોભાવ; હોંશ.

મુરારિ, પું૦ [सं] મુર દૈત્યનો શત્રુ તે; શ્રીકૃષ્ણ. મોરારિ–મોરાર.

મુરીદ, સ્ત્રી૦ ચેલી; શિષ્યા; ભક્તસ્ત્રી.

મુલક, પું૦ [अ.] દેશ; જનપદ; પ્રદેશ; અમુક નામ પાડેલો જે ભૂભાગ–પ્રદેશ તે. ઉ૦ રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો.

મુલકગીરી, સ્ત્રી૦ દેશના વડાએ વસુલાતના તેમજ બંદોબસ્તના કામ માટે પોતાના તાબાના મુલકમાં આમતેમ ફરવું–સ્વારીએ નીકળવું તે. (૨) મુલક જોવા ફરવું તે; મુસાફરી.

મુલકી, વિ૦ મુલક સંબંધી–મુલકને લગતું. (૨) દિવાની; વસુલાતી:–મુલકીખાતું=વસુલાતીખાતું–મહેસુલી ખાતું.

મુલતવી, અ૦ અદ્ધર; અદબદ મોકુફ. ક્રિ૦ પ્ર૦ મુલતવી રાખવું–થોડા વખત પછી હાથ ધરવા ઉપર રાખવું; તરત વેળા બંધ રાખવું; થોડું ચાલ્યા–તપાસ્યા–આરંભ્યા પછી ફરીને વિચાર ઉપર લેવા બંધ રાખવું. (૨) છેવટનું માંડીવાળવું; બંધ રાખવું.:–કાશી જવાનું અમે મુલતવી રાખ્યું. હવે જ્યારે જવાય ત્યારે ખરૂં.

મુલતાની, વિ૦ મુલતાનનું–મુલતાન સંબંધી. (૨) મુલતાનનો રહેવાસી.:–જોડેની ચાલમાં બધા મુલતાનીઓ રહે છે.

મુલદાર, વિ૦ કિમતી; મોંઘું; મૂલ્યવાન. ઉ૦ મુલદાર મશરૂ લાવજો. ક. દ. ડા.

મુલવવું, ક્રિ૦ સ૦ મૂલ કરવું; કિંમત ઠરાવવી; વેચાતી લેવાને માટે કિમ્મત મુકરર કરવી. ઉ૦ કિયા ભાઇએ મોતીડાં મુલવ્યાં.

મુલાઇમ, વિ૦ [अ] સુંવાળું; નરમ; પોચું; કુમળું. (૨) બારીક વણાટનું; ઝીણું.

મુલાકાત, સ્ત્રી૦ [अ] મેળાપ; ભેટ; સમાગમ. (૨) પરિચય; સહવાસ. (૩)સંબંધ: એકઠકઉકઠક; મેળ.

મુલાખું, વિ૦ જરાક બાડું; ત્રાંસી નજરે જોનારું; મલોખું.

મુલાજો, પું૦ [अ. मुलाहज] મલાજો; મર્યાદા; અદબ; આમન્યા; વિવેક; શરમ-લાજ. ક્રિ૦ પ્ર૦ મુલાજો પાળવો-રાખવો= અદબ રાખવી.

મુલામ, વિ૦ [अ. मुलम्मअ] સરસ; સુંદર. (૨) રસવું-ઢોળ ચઢાવવો તે.

મુલ્લાં, પું૦[फा.] મુસલમાન-હોરાઓનો પંડિત; ધર્મ અને ન્યાયનું સાહિત્ય જાણનારો અને ઉપદેશ આપનારો ગુરુ. રૂ૦ મુલ્લાં નીકળ્યા માર્ગે, મેં જોયું તે દિશ, પાણી અધિક તેથી પડયું, ગજા છાંડો રીશ.

મુવાડું, ન૦ ભિલ્લલોકનું ગામ; મૈ-વાડ-મગ્-વાડ તે મુવાડું.:-બાર મુવાડાં.

મુવાળો, પું૦ નિમાળો; વાળ; કેશ; બાલ.

મુવું, વિ૦ મરી ગયું; બેરગયું. એવો અર્થ બતાવે છે. બળ્યું; ટળ્યું ધોયું એમ તિરસ્કાર અને ઉપેક્ષામાં કહેવાય છે. મુવો એ ગયો તો. મુવું મારે શું કરવું હતું. મુવો નઠારો છે એનું નામ ન લેતાં. રૂ૦ પ્ર૦ મુવા પહેલી ધોર. મુવા પહેલી મોકાણ. મુવો વરને બળી જાન. મુવા નહિ ને માંદા પડયા. મુઇ ભેંશના મોટા ડોળા. મુઈ-મુવો, મુવું. મરવા-નાશ પામ્યાના તિરસ્કારમાં-પાપ ગયું, એવો અણગમાનો અર્થ રાખે છે.

મુશ્કેટાટ, વિ૦ વાંસા પાછળ હાથ બાંધેલા હોય એવું; ખેંચીને કોણીથી હાથ પીઠે બાંધવા તે. ક્રિ૦ પ્ર૦ મુશ્કેટાટ બાંધવું=વાંસા સાથે હાથને બાંધી લેવા; એવી રીતે બાંધવું કે જેથી પીઠે બાંધેલા હાથ બિલકુલ ચસકે નહિ.

મુશ્કેલ, વિ૦ [अ. मुश्किल] મહેનતે-મહાશ્રમે બને એવું; અઘરૂં; કઠણ; દુઃસાધ્ય; મુસીબત પડે એવું; વિષમ.

મુશ્કેલી, સ્ત્રી૦ મુસીબત; મહેનત પડવી તે; ઝટ-વગર મહેનતે ન બને-થાય એવી જે દુર્ઘટના તે; કઠણાઈ.

મુષ્ઠી, સ્ત્રી૦ [सं.] મુઠી.

મુસદ્દી, વિ૦ [अ.] મુસદ્દો બનાવી જાણનાર; લખાણ કરવામાં કાબેલ તે; કારકુન; મહેતો; અચ્છી ઇબારતથી લખાણ કરી જાણનારો તે. (૨) રાજ્ય કાજ કુશળ; રાજ્યનીતિ-કારસ્થાન કરી અથવા રમી જાણે એવો તે.

મુસદ્દો, પું૦ [अ. मुसव्वद] ઉંડા અર્થ વાળી ઇબારતનું લખાણ તે; યુક્તિદાર લખાણવાળો લેખ તે; ખરડો; લખાણની રૂપરેખા તે; ખોળિયું.

મુસલમાની, વિ૦ (फा.) મુસલમાનનું-સંબંધી-તેને લગતું; ઇસ્લામી.:-મુસલમાની ધર્મ; મુસલમાની રીતરિવાજ-ભાષા વગેરે. તે મુસલમાનીમાં બોલે છે.

મુસલ્લો, પું૦ નિમાજ પઢવાની ચટાઇ.

મુસળ, ન૦ (सं) ખાંડવાનું ઓજાર-સાંબેલું.

મુસળખંડી, સ્ત્રી૦ ચોખા. (૨) ખાંડવું તે.:-હવે બૈરાંને મુસળખંડી કરવી પડતી નથી.

મુસળધાર, વિ૦ મુસળ-સાંબેલા જેવી જાડી ધારાવાળું. અર્થાત્ પુષ્કળ-ધોધમાર.:-પછી મુસળધાર વરસાદ પડયો.

મુસળસ્નાન, ન૦ જેવું તેવું એટલે કે, શરીર પલળ્યું ન પલળ્યું થાય એમ નહાવું તે; જેવું તેવું સ્નાન તે.

મુસળી, સ્ત્રી૦ (सं. मुसली) એક જાતની ઓષધિ. એ વસાણામાં પડે છે અને શક્તિ આપનાર છે. (૨) નાનું મુસળ; ખરાર-પરાઈ; બત્તો.

મુસળું, ન૦ (सं.मुसल) ડાંગેર ખાંડવાનું ઓજાર; સાંબેલું.

મુસાફર, પું૦ (अ.) વટેમાર્ગુ; પ્રવાસી; પંથી.

મુસાફરી, સ્ત્રી૦ દેશપરદેશ ફરવું તે; પ્રવાસ; પંથ.

મુસારો, પું૦ દિવસ અથવા મહીનાનો પગાર તે; દરમાયો.

મુસાહિબ, પું૦ (**અ.**) સાથે રહેનારો; મિત્ર; સાથી તે.

મુસીબત, સ્ત્રી૦ મુશ્કેલી; મહેનત; કંઠણાશ.

મુસ્તકીન, વિ૦ (**અ.**) મક્કમ; મજબુત; ચોંટી રહેવું તે. (૨) જોરાવર.

મુહૂર્ત, ન૦ (**સં**) કોઈ સારૂં કામ આરંભવાનો અનુકૂળ ને શુભ દિવસ–વખત; પળ ચોઘડિયું તે. (૨) ૪૮ મિનિટ–બે ઘડી જેટલો સમય તે.

મુળગું, વિ૦ બધું; સઘળું. (૨) અ૦ તમામ; જરાએ જરા; બિલકુલ; તદ્દન.

મુળાપાણી, સ્ત્રી૦ મુળાની જુડી; મુળાનાં પાનની ભાજી.

મુળિયું, ન૦ ઝાડ છોડવા વગેરેનું ભોંયમાંથી રસકસ ચૂસનારૂં મૂળ–શાખા તે; જડ.

મુળો, પું૦ મૂળમાં થતા ધોળા કંદની ભાજી.

મુંએલું, વિ૦ મરી ગએલું; મરણ પામેલું.

મુંગણી, સ્ત્રી૦ રાંધેલા ચોખાને ચોળી મરચું મીઠું નાંખી બનાવેલી રોટલી.

મુંગું, વિ૦ (**સં મૂક**) જેને વાચા ન હોય તેવું; અવાચક જેને બોલતાં આવડતું ન હોય તેવું; ગુંગું; મૂક. કહે૦ મુંગાને સ્વપ્નું આવ્યું તે બિચારો શું કહે? મુંગો ખાંડ ખાય=અર્થાત્ મનમાં ને મનમાં હરખાય –બીજાને શું કહે? (૨) ગુપચુપ; છાનુંમાનું.

મુંછ, સ્ત્રી૦ નાક નીચે ઉપલા હોઠ ઉપર પુરૂષને જે વાળ આવે છે તે. રૂ૦ પ્ર૦ મુંછો મરડવી= કરડાગી કરવી. મુંછમાં હસવું=મનમાં રાજી થવું; સામાની ઠીક ફેકડી થાય છે, એમ મલકાવું. મુંછનો વાળ=માનીતો. માણસ.

મુંછાળું, વિ૦ મુંછોવાળું; જેને મુંછો હોય તેવું. (૨) મરદ; પ્રતાપી; જોરાવર. (૨) કુંઅર લાયક; આધેડ; વૃદ્ધ.:–મુંછાળો સાપ.

મુંજ, ન૦ એક જાતનું–ડાભ જેવું ઘાસ. એ પવિત્ર ગણાય છે અને તેની દોરીઓ દોરડાં વણાય છે. બ્રહ્મચારી એના દોરડાનો કંદોરો રાખે છે.

મુંજી, વિ૦ કંજુસ; કૃપણ; બખીલ. (૨) મુંગું બોલે નહિ એવું; અક્કલ વગરનું; હોંસ વગરનું.

મુંઝડો, પું૦ ઘોલ્લો; જેને મોઢે કાળા ને શરીરે ધોળાવાળ હોય એવો વાછડો.

મુંઝણ, સ્ત્રી૦ મુંઝાવું તે; અમુંઝણ; મુંઝવણ.

મુંઝવણ, સ્ત્રી૦ અકળામણ; ગભરામણ; બેચેની; વ્યગ્રતા; ક્ષોભ; ઉચાટ; ઉદ્વેગ; આકુળતા.

મુંઝવણી, સ્ત્રી૦ મુંઝવણ; અકળામણ. (૨) મુશ્કેલી; ગુંચવણ.

મુંઝાવું, ક્રિ૦ અ૦ અકળાવું; ગભરાવું. (૨) અટકી–અટકીને શ્વાસ ચાલવો તે; રિબાવું; કંટાળવું. (૩) મનમાં ને મનમાં ગુંચાવું.

મુંડ, ન૦ [**સં.**] માથું; ડોકું; મસ્તક.

મુંડન, ન૦ બોડાવવું તે; વાળ લેવરાવવા તે.

મુંડમાળ, સ્ત્રી૦ માથાની ખોપરીઓની માળા તે.

મુંડવું, ક્રિ૦ સ૦ બહુ ઝીણી ધારવાળા હથિઆરથી વાળ લેવા; બોડવું; વત્તુકરવું. (૨) છેતરવું; ફોસલાવવું; ધૂતવું. (૩) દીક્ષા આપવી; પોતાના મતમાં લેવું.

મુંડી, સ્ત્રી૦ પુંજી; થાપણ. (૨) મુદ્દલ; અસલ રકમ તે.

મૂક, વિ૦ [**સં.**] મુંગું; જેને વાણી–વાચા ન હોય તે; અવાચક.

મૂકવું, ક્રિ૦ સ૦ મેલવું; મુકવું; રાખવું. જુ. મુકવું.

મૂઢ, વિ૦ [**સં.**] અણુજ; અજ્ઞાન; કંઇ સમજે નહિ એવું–મૂર્ખ. (૨) ગાંડું ઘેલું. મૂઢ મતિ=જેની બુદ્ધિ ચળી ગઇ હોય એવું–જેની મતિમંદ હોય એવું.

મૂતર, ન૦ [**સં. મૂત્ર**] પ્રાણીઓના લોહીમાંથી છુટું પડીને બહાર નીકળી જતું

જે પ્રવાહી તે; મૂત; પિશાબ.
મૂત્ર, ન૦ [**सं.**] મૂતર; પિશાબ.
મૂત્રકચ્છ, પું૦ [**सं.**] મૂત્રપિંડને લગતો એક રોગ.
મૂત્રપિંડ, પું૦ [**सं.**] છાતીની બખોલ ને પીઠ તરફના એક પાસે લોહીને ગાળી શુદ્ધ લોહી અને મૂત્રને જુદાં પાડનારા બે માંસલપિંડ–ગોળા જેવા અવયવ તે.
મૂત્રલ, વિ૦ મૂત્ર વધારે કરાવે એવું; મૂત્ર વર્દ્ધક. (ઓસડ.) મૂત્ર લાવનાર.
મૂત્રાશય, ન૦ [**सं.**] મૂત્રપિંડે લોહીમાંથી જુદું કરેલું મૂત્ર બહાર નીકળના પહેલાં એકઠું થાય છે તે કોથળી; ફુકકો.
મૂત્રાહ, ન૦ જે દ્વારે મૂત્ર બહાર પડે છે તે.
મૂર્ખ, વિ૦ [**सं.**] અક્કલ વગરનું; અભણ; આવડ વગરનું; ઓછી બુદ્ધિનું. (૨) રીતભાત–વિવેક વગેરે સમજે નહિ એવું; સ્વાદ સમજે નહિ એવું.
મૂર્ખતા, સ્ત્રી૦ મૂર્ખપણું; મુરખાઇ; કમ અક્કલ. (૨) અણસમજુપણું.
મૂર્ખાઈ, સ્ત્રી૦ મૂર્ખતા.
મૂર્ચ્છના, સ્ત્રી૦ [**सं.**] શુદ્ધિ થોડીવાર માટે જતી રહી હોય એવી સ્થિતિ તે; મૂર્ચ્છા; અચેતનતા; બેશુદ્ધિ; બેભાન અવસ્થા.
મૂર્ચ્છા, સ્ત્રી૦ [**सं.**] મૂર્ચ્છના; બેશુદ્ધિ; બેભાન અવસ્થા. કોઇ રોગાદિકને કારણે અથવા એવો કંઇ આચકો લાગવાથી બેભાન થઇજિવું તે. ક્રિ૦ પ્ર૦ મૂર્ચ્છા આવવી=બેભાન થઇજિવું; મૂર્ચ્છાવળવી=ચેતન–ભાન આવવું.
મૂર્ચ્છાગત, વિ૦ મૂર્ચ્છામાં પડેલું; મૂર્ચ્છિત; મગજ ઉપર કોઇ જાતનો અઘાત–આચકો લાગવાથી અચેત થઇ ગયેલું.
મૂર્ચ્છિત, વિ૦ મૂર્ચ્છામાં પડેલું; બેભાન; અચેત થઇ ગયેલું.
મૂર્છના, સ્ત્રી૦ [**सं.**] સ્વરને ઉંચો ચઢાવી ખેંચીને પાછો નીચે ઉતરવો તે; સ્વર ઘુંટણી; સ્વરમાધુર્ય.
મૂર્ત્ત, વિ૦ [**सं.**] મૂર્તિમાન; જેને આકાર હોય તે; મૂર્તિ–પ્રતિમા જેવું.
મૂર્ત્તિ, સ્ત્રી૦ [**सं**] ધાતુ પત્થર, દાંત, લાકડું કે માટીની દેવ દેવી વગેરેની પ્રતિમા–આકૃતિ તે; પુતળું; છબિ; તસવીર; બાવલું. (૨) સાધુ–સંત.:–આ મઠમાં કેટલી મૂર્તિ રહે છે મહારાજ? (૩) કોઇ પણ ચીજનો તેને મળતો આકાર તે. (૪) શરીર; દેહ મૂર્તિપૂજક=મૂર્તિને પૂજનારો–માનનારો તે.
મૂર્ધન્ય, વિ૦ [**सं.**] માથાને–લગતું; તાળવા ઉપરના ભાગનું. જીભ તાળવાને ઉપલે ભાગે અડતાં ઉચ્ચરાતું હોય એવું; મૂર્ધસ્થાની અક્ષરો.
મૂર્ધસ્થાની, વિ૦ મૂર્ધન્ય. ઈ, ચ છ જ ઝ ઞ ય ને શ. આ અક્ષરો તાળવે જીભ અડકાડવાથી બોલાય છે.
મૂલ, ન૦ [**सं. मूल्य**] કોઇ ચીજની કિમ્મત; દામ; દર; ભાવ; મૂલ્ય. (૪) પારખ; પરીક્ષા; તુલના. (૩) મજુરી; મહેનતાણાના દામ. (૪) ઝાડ–છોડવા વગેરેની જમીનમાં ગયેલી જડ તે. (૫) આદિ-કારણ વગેરે, જુઓ મૂળ.
મૂલક, વિ૦ અસલ કારણરૂપ; મૂળરૂપ; અસલ–ઉત્પત્તિ થવામાં જે પાયા–આધાર રૂપ હોય તે.
મૂલ્ય, ન૦ [**सं.**] કિમ્મત; દામ; દર.
મૂલ્યવાન, વિ૦ કિમતી; મૂળવાળું; મોંઘું; ઉંચાભાવનું.
મૂષક, પું [**सं.**] ઉંદર.
મૂસ, સ્ત્રી૦ [**सं. मुषा**] ધાતુ ગાળવાની કુલડી; ધાતુનો રસ કરવાને ભઠ્ઠીમાં મૂકવાનું કુલડું–કુંડું. (૨) બાજું.

મૂળ, ન૦ [સં મૂલ] વનસ્પતિ—ઝાડ છોડવા વગેરેની પૃથ્વીમાંથી રસ ચૂસનારી જડ; જમીનમાં રહી વનસ્પતિને પોષણ ખેંચી આપનારો મુખ્ય અવયવ તે. ભૂશાખા. (૨) પાયો; મંડાણ. (૩) અસલ; મુખ્ય ચીજ તે. (૪) આદિ કારણ; ઉત્પત્તિ સ્થાનઃ—નીલ નદીના મૂળની શોધ કરવાને કેટલાએ યુરોપિયનો ગયા હતા. (૫) ઓગણીસમું નક્ષત્ર. (૬) આધાર; ટેકો. (૭) સંખ્યાનો ઘાત તે; :—ઘનમૂળ. (૮) ભંડોળ; પુંજી. ક્રિ૦ પ્ર૦ મૂળ ઘાલવું—નાંખવું—જડ ઘાલવી, ઉંડા દાખલ થઇજવું; અચળ થવું; દૃઢ થવું. મૂળ શોધવું—ઉત્પત્તિ સ્થાન શોધી કાઢવું; અસલની શોધ કરવી. મૂળ કાઢી નાંખવું—નાશ કરવું; ફરીને થાય નહિ એમ કરવું; જડ ઉખાડી નાંખવી.

મૂળપીઠિકા, સ્ત્રી૦ [સં] પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; શરૂઆતનું પ્રતિજ્ઞારૂપ લખાણ. પારિભાષિક કથન.

મૂળપુરૂષ, પું૦ [સં.] વંશ—કુળનો આદિ પુરૂષ તે; પૂર્વજ.

મૂળાક્ષર, પું૦ વર્ણમાળાના અસલ અક્ષરો તે.

મૂળાડિયું, ન૦ નાનું જાડું મૂળ.

મૂળી, સ્ત્રી૦ મૂળના ઝીણા ઝીણા ફણગા તે.

મૂળે, અ૦ પહેલેથી; અસલથી; (૨) નામ માત્રે; કંઇ હોયજ નહિ એમ.:—મૂળે માંટી નહિ ત્યાં રંડાપો શાનો?

મૃગ, પું૦ (સં) વનમાં રહેનારૂં એક ચોપગું બકરા જેવડું પ્રાણી; હરણ; કુરંગ. (૨) પાંચમું નક્ષત્ર.

મૃગચર્મ, ન૦ (સં) હરણનું ચામડું તે. બ્રહ્મચારી અને ઋષિ વગેરે તપસ્વીઓ ઓઢવા પાથરવાને રાખે છે.

મૃગજળ, ન૦ રેતાળ જમીન ઉપર ઉભાં સૂર્યકિરણ પડતાં દૂરથી પાણી વરસતું હોય એવો જે ભાસ થાય છે તે; મરીચિકા; ઝાંઝવાં.

મૃગતૃષ્ણા, સ્ત્રી૦ મૃગજળ.

મૃગનયની, સ્ત્રી૦ મૃગ જેવાં ચંચળ નેત્રવાળી સ્ત્રી.

મૃગપતિ, પું૦ સિંહ; વનરાજ.

મૃગમદ, પું૦ કસ્તૂરી; હિમાલયમાં થતા એક જાતના મૃગની નાભીમાંથી મળતું બહુજ ઉગ્ર સુવાસવાળું એક દ્રવ્ય. ઉ૦ મૃગમદ લેપ કરેલો ગળે છે, ચિહ્ન ન હોય નીલું આ ગરલનું.

મૃગયા, સ્ત્રી૦ [સં.] શિકાર; આખેટ.

મૃગલાંછન, ન૦ [સં.] ચંદ્રમા; ચાંદો.

મૃગલી, સ્ત્રી૦ મૃગની માદા; નાની હરિણી.

મૃગલોચના, સ્ત્રી૦ મૃગ જેવાં ચંચળ—સુંદર લોચનની સ્ત્રી તે.

મૃગસર, ન૦ [સં. मृगशीर्ष] મૃગશિર નામનું એક નક્ષત્ર તે.

મૃગાક્ષી, સ્ત્રી૦ [સં.] મૃગનયની.

મૃગાંક, પું૦ ચંદ્ર; ચાંદો; જેના બિંબમાં મૃગનું ચિહ્ન છે એવો તે.

મૃગી, સ્ત્રી૦ હરિણી; કુરંગી. (૨) એક વનસ્પતિ. ઉ૦ મૃગી અરણી ને મરેઠી. પ્રેમાનંદ. એનું ઘી વાયુના રોગ ઉપર વપરાય છે.

મૃગેન્દ્ર, પું૦ [સં.] મૃગોમાં ઇન્દ્ર જેવો—મુખ્ય તે; સિંહ; વનરાજ.

મૃણાલ, ન૦ [સં] કમળ; કમળ તંતુ.

મૃણાલિની, સ્ત્રી૦ [સં.] નલિની; કમલિની.

મૃત, વિ૦ [સં.] મુએલું; મરી ગયેલું. (૨) પ્રેત; શબ. (૩) બાળીને ભસ્મ કરેલું એવું; મારેલું. (૪) મુડદાલ થઇગયેલું.

મૃતસંજીવની, સ્ત્રી૦ [સં] મુએલાને જીવતું કરવાની વિદ્યા; એક તાંત્રિકકળા તે.

મૃતક, ન૦ મડદું; શબ; પ્રેત. (૨) મરનાર.

મૃતાશૌચ, ન૦ મરી ગયેલાનું સૂતક તે.

મૃત્તિકા, સ્ત્રી૦ [સં] માટી; મટોડી.

મૃત્યુ, ન૦ [સં] મરણ; મોત; પ્રાણીઓમાં જે ચૈતન્ય હોય છે તેનું નીકળી જવું તે.
મૃત્યુપત્ર, ન૦ [સં] વસિયતનામું; વિલ.
મૃત્યુલોક, પું૦ મરણ ધર્મવાળાં પ્રાણીઓનું વાસસ્થાન—જગત તે; પૃથ્વી ઉપરના લોક પ્રાણીઓ વગેરે તે; જગત; દુનિયા.
મૃત્યુંજય, પું૦ [સં.] મહાદેવ; શિવ.
મૃદંગ, સ્ત્રી૦[સં] હાથવતે ઠોકીને વગાડવાનું એક ચર્મવાદ્ય; પખવાજ.
મૃદુ, વિ૦ [સં] કોમળ; નરમ; પોચું. (૨) મધુર. (૩) સુંવાળું ઢીલું.
મૃદુતા, સ્ત્રી૦ મૃદુપણું; કોમળપણું; નરમાશ.
મૃદુલ, વિ૦ મૃદુ; નરમ; કોમળ.
મૃન્મય, વિ૦ તદન માટીનું; મૃત્તિકામય.
મે, પું૦ [સં. મેઘ] મેહ; મ્હેં; વરસાદ; મેઘ; મેઉલો. (૨) ખ્રિસ્તી વર્ષનો પાંચમો મહીનો. (૩) સ્ત્રી૦ અમલ; સત્તા.
મેક્ષણ, પું૦ કસાર હલાવવાનો લાકડાનો દંડો; લાંબો ચાટવો.
મેખ, સ્ત્રી૦ ખાલી; લાકડાનો જમીન અથવા ભિંત વગેરેમાં ઠોકી બેસાડાય એવો અણીવાળો ખીલો. (૨) ચુંક; કીલ; ખીલડો. (૩) ખીટી. (૪) ફાચર; ફાંસ; સાલ. ક્રિ૦ પ્ર૦ મેખમારવી=ફાચર મારવી; આડખીલી નાંખવી. સજડ કરવું; હદ બાંધી નક્કી કરી નાંખવું. ફદ્દુ નાંખવું.
મેખચુ', જુ૦ મેચકું.
મેખળ, ન૦ લડાઈનું એક હથિયાર. (૨) કંદોરો. (૩) લંગર; લારૂં; વચમાં અથડાયા ને ખડખડયા કરે એવું જે તે; તરીલું:—હળમેખળ.
મેખળા, સ્ત્રી૦ [સં મેખલા] સ્ત્રીઓનો કંદોરો; સેર; રસના; કાંચી. (૨) ફરતી ગોળવર્તુલ રેખા અથવા મર્યાદા તે.
મેખિયું, ન૦ મેખું; અફીણ.
મેખી, વિ૦ અફીણી.
મેખું, ન૦ અફીણ.
મેગની, સ્ત્રી૦ ઘેટાંની હગાર. મેઢાંનું છાણ.
મેગળ, પું૦ [સં. મદગલ] હાથી; ગજ; માતંગ. જેને મદ ઝરતો હોય એવો મોટો અને જુવાન હાથી.
મેઘ, પું૦ [સં.] વરસાદ; મેહ; મેઉલો;
મેઘધનુષ, ન૦ તડકો હોય અને વરસાદ પડે ત્યારે જે દિશામાં સૂર્ય હોય તેની સામેની દિશાએ ફરફરમાં કિરણોનું વક્રીભવન થવાથી સાત રંગવાળું જે અર્ધ ગોળ વર્તુલ દેખાય છે તે; મછ; ઇન્દ્ર ચાપ. મછ તણાવો, એમ કહેવાય છે.
મેઘરવો, પું૦ વસંત ઋતુમાં આંબા વગેરે ઝાડોને ખૂબ મહોર આવી તેનાં નાનાં નાનાં ફૂલમાંથી જે ઝીણી મધુની છાંટ વરસે છે તે; વરસાદની ફરફર જેવી ફૂલમાંના મધની છાંટ. મેઘરવાથી આંબાનાં પાંદડાં ગળ્યાં થઈ જાય છે પણ મધ વરસી જવાથી ફૂલમાં—મહોરમાં મરવા બંધાતા નથી.
મેઘરાજા, પું૦ મેઘ તે. (૨) મેઘના શાસક—ઇન્દ્ર તે.:—રાજામાં રાજા તો મેઘરાજા.
મેઘાડંબર, ન૦ મેઘનાં વાદળાંનો જમાવ તે; ઘોરંભો. (૩) છત્રીવાળી અંબાડી; હાથી ઉપરની સુંદર બેઠક. (૩) ઠઠારો; ડોળ, દિમાક; ઠઠારો.
મેચકું, ન૦ નાના પુતળા જેવું છોકરૂં; પુતળું. (૨) ખીલાની માફક જમીનમાં ઠોકી બેસાડાય એવી દીવી. (બેસણીવાળી નહિ.)
મેજ, ન૦ ટેબલ; ખુરસીમાં બેસી લખાય એવી ઉંચી પાટિયાની ઘોડી.
મેજર, પું૦ [અં] ટુકડીનો નાયક; મોટો જમાદાર. (૨) માપ; ભરત.
મેડક, ન૦ દેડકું; દાદુર.
મેડી, સ્ત્રી૦ નાનો સુંદર મેડાપરનો એકાદ ખંડ તે. નાનો આગલો મેડો; શયનગૃહ.

મેડા, પું૦ મકાનમાં એક એકની ઉપર જે પાટિયાં નાંખીને બનાવેલું રહેવા લાયક માળિયું તે.

મેઢ, પું૦ ઘેટા, મેઢી, ઘેટી, મેઢું=ઘેટું=ગાડરૂં; ગાડર.

મેઢ્ર, પું. [સં.] લિંગ; નરઈંદ્રિય.

મેણું, જુ૦ મહેણું; ટાણો.

મેતર, પું૦ [સં. महत्तर] મોટોઢેડ; ઢેડનો મુખી.

મેતરાણી, સ્ત્રી૦ ઢેડડી; ઢેયડી; ઢેડી.

મેથિયું, વિ૦ મેથીનો મસાલો ચઢાવેલું; મેથીવાળું.:-મેથિયાકેરી. મેથિયાં=મેથીનો મસાલો ચઢાવી બનાવેલાં અથાણાં.

મેથી, સ્ત્રી૦ [સં मेथिका] એક જાતની દ્વિદલ વનસ્પતિ અને તેનાં બી-દાણા તે; એક જાતનાં વસાણા ને મસાલા તરીકે વપરાતાં બિયાં તે. એ સ્વાદે જરા કડવી હોય છે. તે પૌષ્ટિક છે અને તેનાં પાક મસાલો વગેરે કેટલીક વાનીઓ બને છે. મેથીપાક=મેથીના લાડુ. (૨) માર.

મેદ, પું૦ [સં.] પ્રાણીઓના શરીરમાંનો એક રસ-ધાતુ તે; હાડકાંમાંનો માવો; મેદુર; ચરબી.

મેદની, સ્ત્રી૦ [સં.] આલમ; દુનિયા. (૨) લોકનો ખૂબ મોટો જમાવ-જથ્થો તે.-તમાસાને કંઇ તેડું હોય? ત્યાં તો કેટલીએ મેદની મળી છે.

મેદાન, [अ. मयदान] ટેકરા, ઝાડ કે મકાન રહિત ખુલ્લી સપાટ રેતાળ જમીન તે; ખુલ્લી સપાટ જમીન; રણ. ક્રિ૦ પ્ર૦ મેદાન કરવું=ખુલ્લું કરવું; પાધર કરવું; જમીનદોસ્ત કરવું. મેદાનપડવું=બહાર-ખુલ્લા પડવું; આગળ નીકળવું; જાહેરમાં આવવું.

મેદિની, સ્ત્રી૦ પૃથ્વી; જમીન; ભૂમિ. (૨) દુનિયા; આલમ.

મેદી, જુ. મેંદી.

મેધ, પું૦ [સં.] બલિ; હોમ. બલિદાન આપવું તે; યજ્ઞ.:-અશ્વમેધ.

મેધા, સ્ત્રી૦ [સં.] બુદ્ધિ; સારી યાદદાસ્તવાળી બુદ્ધિ તે.

મેધાવી, વિ૦ [સં.] બુદ્ધિશાળી; મતિમાન. સ્મરણ શક્તિ સાથે ઉચ્ચ બુદ્ધિવાળું-ઉંડી ગંભીર મતિવાળું.

મેના, સ્ત્રી૦ પોપટની માફક શીખવાડીએ તે બોલે એવું કાબર જેવડું એક પંખી; સારિકા.:-મેના પોપટની વાર્તા. એ પોપટની માદા નથી પણ પોપટી તરીકે તેને ખોટી રીતે ઓળખાવવામાં આવે છે. એ પોપટથી જુદી જાતનું પંખી છે. (૨) પાર્વતીદેવીની માતા.

મેનો, પું૦ મ્યાનો; મિયાનો; પેટીના ઘાટની પાલખી.

મેમણ, પું૦ મુસલમાનોમાંની એક જાતિ અને તે જાતિમાંનો માણસ તે.:-આફ્રિકામાં ખોજા અને મેમણો વેપારમાં બહુ ફાવી ગયા છે.

મેમનો, પુ૦ નાકનું જડાવ ઘરેણું; કાંટો; નાસામણિ; ચુંક.

મેમાન, પું૦ મહેમાન; પરોણો; અતિથિ.

મેમા, સ્ત્રી૦ મહેમાની; પરોણાગત; આતિથ્ય.

મેર, પું૦ [સં. मेरु] સૌથી મોટો એક પર્વત તે. (૨) માળાનો મોટો મણકો. એ મણકાથી બીજા મણકાની ગણતરી શરૂ થાય છે. (૩) સર્વથી મોટું ઉપરી તે; નાયક; અગ્રગણ્ય હોય તે; શિરોમણિ; મુગટ.:-એ કોના માથાનો મેર? (૪) એક જાતના લોક. વાઘેર અને મેર લોકો.

મેરમેરાયાં, ન૦ દિવાળીની રાતે છોકરાં જે શેલડીને સાંઠે મસાલ કરે છે તે. (૨) બળતું-જ્વાળાએ બળતું ઉંબાડિયું તે.

મેરાઇ, પું૦ દરજી; સઇ; કપડાં સાંધવા-સિવવાનું કામ કરનારો તે.

મેરાયું, ન૦ બળતું ખોરણું; મસાલ. દિવાળીના

રાતે છોકરાં શેલડીને સાંઠે જે કાકડો બાંધી-મસાલ-દીવો કરે છે તે. (૨) કુંઆડિયું; સળગતું ડકણું-હાથે પકડીને ઉંચું રાખેલું-ધરેલું તે. મશ્કરીમાં વ્યંગમાં હુકકો, છોકરૂં વગેરે.:-અફીણી ભાઇને માન શાં ? લગાર મોનિયું કર્યું એટલે આ મેરાયાં લઈ લઈને રાવણે ચાલ્યા. ઘર કામથી પરવાર્યા કે તરત મેરાયું લઇને વહુ મૈયર ચાલ્યાં.

મેરૂ, પું૦ [સં.] એક સૌથી મોટો પૌરાણિક પર્વત. એમ કહેવાય છે કે તે સાવ સોનાનો છે અને સૂર્ય તેની આસપાસ ફરે છે.

મેરી, સ્ત્રી૦ બૈરી; સ્ત્રી; અબળા; બાઇડી.:-મરદ કે મ્હેરી ?

મેરૈયું, જુ૦ મેરાયું.

મેલ, પું૦ (સં. મેલન) એકાદ ઠેકાણે અથવા એકાદ ચીજ ઉપર પડેલો કે તેમાં ભળી ગયેલો જે નકામો ખરાબ પદાર્થ તે; મળ; કચરો; બગદો; કાટ: કઢા-રગડો વગેરે તે. (૨) શરીરમાંથી નીકળેલો, ઝરેલો અથવા આમ તેમથી એકઠો થયેલો કચરો. મળી -કાદવ-મલ તે.:-કાનનો મેલ. (૩) પ્રવાહીમાંનું નકામું કસ્તર વગેરે તે; અવશેષ. (૪) મનમાંની છુપી વાત; ગૂઢ આશય; મનમાં જે ઘોળાયા કરતું હોય તે.:-એ મનનો મેલ કયાં આપે છે.

મેલડી, સ્ત્રી૦ નીચ જાતિની ભૂત થયેલી સ્ત્રી; ચંડાળભૂતડી. મલિન દેવી. ક્રિ૦ પ્ર૦ મેલડી મૂકવી=ભૂતડી વળગાડવી. શત્રુને મારવા અથવા હેરાન કરવાને મેલી દેવતાને તેની પર મંત્રથી છોડીદેવી.

મેલવું, ક્રિ૦ સ૦ મૂકવું; સ્થાપવું.:-ખડિયો અહિં મેલ. (૨) છોડવું; જતુંકરવું; છોડી દેવું.:-એમો કેડો મેલ. એક આનો છૂટ મેલ. (૩) મુક્ત કરવું; નહિ પકડી રાખવું; મૂકી દેવું. ઉ૦ તું કુવા માંહેલો કેવડો ને હું વાડી માંહેલી વેલ, તેં કે દી ઝાલ્યો શેડલો ને મેં કે દી કિધું જે મેલ. (૪) સરવા-સરકવા-આગળ જવા દેવું.:-પેચ થયા હવે દોરી મેલ. (૫) પીરસવું.:-લાડુને દાળ તો મેલ. (૬) જમે કરાવવું; રોકવું. સો રૂપિયા શરાફને ત્યાં વ્યાજે મેલ. (૭) રહેવા દેવું: રાખી જવું; હવાલે રહેવા દેવું.:-છોકરાને અહિં મેલતો જા, હું ભણાવીશ. (૮) તજવું; છોડી દેવું.:-ટેવ પડી તે મેલવી બહુ મુશ્કેલ છે, અફીણ મેલ.

મેલાણ, ન૦ વિસામો લેવાને ભાર-બોજો ઉતારવાનું-નીચે મેલીને બેસવાનું ઠામ; મુકામ; થોડી વાર થાક ખાવા થોભવાની જગા. (૨) છુટકારો; મુક્તિ; છુટાછેડા. (૩) ડગલું; કદમ.

મેળાપ, પું૦ મિલાપ; મુલાકાત; સમાગમ; સંપ કરી એકઠા થવું-મળવું તે. (૧) ભેટ; ભેટો; મેળાપ.

મેલાવવું, ક્રિ૦ સ૦ મુકાવવું; ગોઠવાવવું; જમે કરાવરાવવું; છોડાવવું; તજાવવું; બંધનમુક્તિ અપાવવી; અંદર નંખાવવું; પીરસાવવું.

મેલી, સ્ત્રી૦ ઓર; જરાયુ.:-મુએલું વાછડું આવ્યું ને મેલી પડી નહિ તેથી ગાય મરી ગઇ.

મેલીવિદ્યા, સ્ત્રી૦ ભૂત પલિત કાઢવાની અને મારણજારણની વિદ્યા તે; કોઇનું અહિત-નુકસાન કરવાની કહેવાતી મંત્રવિદ્યા તે; મુઠચોટની વિદ્યા.

મેલું, વિ૦ ગંદું; મલિન; મેલવાળું. (૨) અશુદ્ધ; અપવિત્ર. (૩) અનુદાર; ખુલ્લા મનનું નહિ એવું; કપટી; મીંઢું.

મેલું, ન૦ ભૂત પ્રેત વગેરે તે; વળગણ; છુપું નડે એવું જે તે.:-એને મેલું વળગ્યું છે. (૨) નરક; મળ; કચરો.:-મેલું ઉપાડવું= ઓ'રવું. વાળવું.

મેવલો, પું૦ મેહુલો; મેઘલો; મેહ; વરસાદ.

(૨) મેઘસ્તુતિનું ગીત.:–મેવલો. આ. મોસમ આવ્યા છતાં જ્યારે વરસાદ આવતો નથી ત્યારે ગરીબ લોકો કાદવનો મ્હે બનાવી પોળોમાં ગાતા પાણી રેડાવતા અને માગતા ફરવા નીકળે છે. ઉ૦ મેવલાની માએ વિજળીને પૂછયું કહેની મારા મેવલાની પેર, હો વિજળી. ઓત્તર ગાજ્યો ને દખ્ખણુ વરસ્યો, વરસ્યો ચારે ખંડ, હો વિજળી; કુવામાં બોલ્યા કાચબા હો વિજળી વનમાં બોલ્યા મોર, હો વિજળી; મેવલા જાજે મારે મહિયેરીએરે. વગેરે.

મેવાડી, વિ૦ મેવાડનું–મેવાડ સંબંધી. (૨) મેવાડની સ્ત્રી.

મેવાડો, પું૦ એક રાગ–ગાવાનો. (૨) મેવાડથી આવી ગુજરાતમાં રહેલા બ્રાહ્મણની એક નાત અને તેમાંનો અક્કેક જણુ તે. મેવાડા બ્રાહ્મણ, સુતાર, વગેરે ઘણી જાતિઓ છે.

મેવાસ, પું૦ મહીકાંઠામાંનો ભિલ્લ લોકનો પ્રાંત; ભિલ્લ, લુંટારા અને બીજા અણઘડ લોકના વસવાટવાળો ડુંગરી પ્રદેશ.

મેવાસી, વિ૦ મેવાસનું–મેવાસ સંબંધી.

મેવો, પું૦ ખાવા જેવાં લીલાં અથવા સુકાં મીઠાં ફળ તે; ફળફળાદિ તે. આમાં કેરી, અંજીર, દ્રાક્ષ, સંતરાં, લિંબુ; કેળાં, અને અનાસ વગેરેનો સમાવેશ થાય છે. (૨) તેલી મીઠી મીજવાળાં બી વગેરે પણ મેવામાં ગણાય છે. બદામ, પિસ્તાં, ચારોળી, સુકી દરાખ વગેરે. મીઠું ને રસદાર ફળ તે. (૩) મિઠાઈ વગેરે.

મેશી, વિ૦ કંજુસ; કૃપણ; બખીલ.

મેષ, પું૦ [સં.] ઘેટા. (૨) પહેલી રાશિ.

મેષોન્મેષ, અ૦ આંખ ઉઘાડવી અને મીંચવી તે; પલકાર.

મેસ, સ્ત્રી૦ મેશ; કાજળ; મસી; બળતા ઉપરના (કારબન) કાળા ધુમાડાની રજ તે. મોઢે મેસ ઘસવી=ભુંડું કરવું; અપજશ લેવો. મેસ આંજવી=આંખને ગુણ થવા અને સારી કાળપ જણાવા માટે તેમાં હલકી આંગળીએ કાજળ લગાડવું.

મેસરી, વિ૦ માહેશ્વરી; શૈવ; વૈષ્ણવ (૨) જેમના વ્યવહારમાં જૈન અને વૈષ્ણવ બેઉ ધર્મ ચાલે છે એવા–વાણિયા.:–મેસરી જૈનમાં અને જૈન મેસરીમાં કન્યા આપ લે કરે છે. વર વૈષ્ણવ સંપ્રદાયનો હોય અને કન્યા જૈન માબાપની હોય તોપણ ચાલે, એવા ઉભયાવલંબી તે મેસરી.

મેસુર, ન૦ એક જાતની મિઠાઈ; ચણાના લોટની સુખડી.

મેહલાયત, સ્ત્રી૦ મહેલ; અંદરનાં અંતઃપુર વગેરે તે; મોટા મહેલની અંદરનાં જુદાં જુદાં મકાનો–ખંડો વગેરેનો સમુદાય તે.

મેહલ્લો, પું૦ મોહોલ્લો; મહોલ્લો; શેરી; પોળ; વાસ.

મેહુલો, પું૦ મેહુલો; મેઘ; વરસાદ.

મેળ, પું૦ મળવાપણું તે; એકમેક થઇ ગયેલું હોય એવું, નહિ જુદાપણું તે. સંપ; જમાવટ; મિશ્ર થવાપણું તે.:–દૂધ સાકરનો મેળ. પતિપત્નીનો મેળ; સુસંગતા. (૨) મળતું–ભળતું આવવું; બરોબર બેસી જવું તે. ગોઠવણ; સંસ્થાપન; બંધ બેસવું–જોગ, અનુકૂલ આવવું તે.:–અત્યારે એ વાતનો મેળ નહિ ખાય. (૩) મુલાકાત; મેળાપ. (૪) જરૂર; અગત્ય; અટકળ; શુમાર; અડસટો. (૫) લેખું; ગણતરી; જમાઉધારની સમતા. (૬) રોજને રોજ હિસાબ લખવાનો ચોપડો.:–રોજમેળ. ક્રિ૦ પ્ર૦ મેળ આવવો=એક મન થવું; સંપ થવો. બંધ બેસતું થઇ રહેવું. જેમ મળવો. અવસર આવવો. મેળ ખાવો=એકતાર થઈજવું; ભળીજવું; એકરસ થવું. ચણાનો લોટ

દાળમાં નાંખ્યો કે તરત મેળ ખાધો. મેળ મળવો=એકદિલી થવી. જમા ઉધારની રકમો મળવી; સરવાળો બેસવો.

મેળવણ, ન૦ મેળવવું તે; મિશ્રણ. (૨) દૂધ જમાવવાને તેમાં નાંખવામાં આવતી ખટાશ તે; અખરામણ.

મેળવણી, સ્ત્રી૦ મેળવવું તે; ભેગું કરવું તે. (૨) મેળવવાની ચીજ તે; એક મુખ્ય ચીજમાં બીજી ચીજ મેળવાય છે તે:–આ શાકમાં કંઈ મેળવણી જોઇએ. (૩) સરખામણી; સરખું કરી જોવું તે; મુકાબલો. તુલના, મિશ્રણ.

મેળવવું, ક્રિ૦ સ૦ એકઠું કરવું; ભેગું કરવું; મિશ્ર કરવું. (૨) સરખાવવું; સરખું મળતું છે કે નહિ તે જોઈ લેવું. (૩) મેળાપ કરાવવો; મુલાકાત–સમાગમ કરાવવો. (૪) પ્રાપ્ત કરવું; રળવું; કોઇપણ રીતે કબજે–હાથમાં–તાબામાં લઇ લેવું. (૫) સંગ્રહ કરવો; સાંચવું. (૬) એક રાગ–એકરસ–ને એકતાર કરવું:–સૂર મેળવવો. (૭) આખરવું.

મેળાપ, પું૦ મુલાકાત; ભેટ; સમાગમ; સંયોગ; ભેટ.

મેળાવડો, પું૦ મિત્રો, ઓળખીતા કે બીજા ઘણા માણસોનું એક સ્થળે એકઠું થવું તે; મિજલસ; સભા; પરિષદ; મિત્ર સહકારી વગેરેનું ભેગા થવું તે. (૨) એક બીજાને મળવાને ભેગાં થયેલાં માણસોનો સમૂહ તે; ઉ૦ સજન મેળાવડોરે. ક. દ. ડા. ટોળું; જમાવ; મેળાવો; મેળો.

મેળાવો, પું૦ ઘણાનું એકઠા થવું તે; ઘણા માણસોનો જમાવ તે; સંઘ; ટોળું; જમાવ.

મેળે, અ૦ આપોઆપ; પોતે, જાતે, એમ. (૨) ખુશીથી.

મેળો, પું૦ મેળાપ; મુલાકાત; ભેટ; ભેટો:–બાપદીકરાનો મેળો થયો નહિ. (૨) જમાવ; મેલાવડો; ઘણા જનનું એકઠા થવું તે. (૩) તમાસો; બાળક ને માણસનો સંઘ તે; કોઇ ઉત્સવની ઉજવણી નિમિત્ત ગમ્મત કરવાને ભેગા થયેલા લોકો તે; જાતરા.

મેંડક, ન૦ દેડકું; મંડૂક.

મેંઢી, સ્ત્રી૦ ઘેટી; ગાડરમાદા.

મેંઢું, ન૦ ઘેટું; ગાડર.

મેંઢો, પું૦ ઘેટો; ગાડરનર.

મેંદી, સ્ત્રી૦ નાનાં લીલાં પાંદડાંની એક બાગાયત વનસ્પતિ. એમાં પાંદડાં વાટીને પગે અને હાથે લગાડયાં હોય તો ચામડી ઉપર લાલ રંગ ચઢે છે. એનાં ફૂલનું અત્તર થાય છે:–હેનો. રૂ૦ પ્ર૦ મેંદી મૂકવી=હાથ પગ ઝાલીને બેસી રહેવું; હાથનો ઉપયોગ નહિ કરતાં બેસી રહેવું; કામને માટે હાથ નહિ વાપરવા. વહુ તો હાથેપગે મેંદી મૂકી હોય તેમ રહે ને સાસુ નણંદ અટવાય.

મેંદો, પું૦ ધોયેલા ઘઉંનો ઝીણો લોટ; પરસુલી. ખૂબ બારીક ભુકો તે; જેમાં કણી ન હોય એવો બારીક આટો તે. મેંદા જેવું=મહુજ બારીક વાટેલું–દળેલું હોય એવું. (૩) ઘઉં વગેરેનું સત્ત્વ તે.

મેંશ, સ્ત્રી૦ મસી; કાજળ. રૂ૦ પ્ર૦ મેંશનો ચાંલ્લો=અપજશ; અકીર્તિ થાય એવું કાર્ય–પગલું તે; લાંછન.

મૈ, માઈ; મા.

મૈક, પું૦ મરડ; ઝીણી પથરની કાંકરીવાળી ચીકણી માટી અને તેમાંના ચુનાના કાંકરા તે. (૨) આંબળો; સ્વમાની ટેક.

મૈઢાશિંગ, સ્ત્રી૦ એક જાતની ઓષધિ–વનસ્પતિ. આંબળા પડેલી શિંગ. આ દવામાં વપરાય છે.

મૈડિયો, પું૦ મરડિયો; મરડ. ઉ૦ કહે નરભો ખરને લાભ શો, મિસરી ભર કે મૈડિયા.

મૈડો, પું૦ મરડો; આમવાયુ; વારંવાર જળસ પડે અને પેટમાં પીડ આવ્યા કરે એવો અતિસારનો રોગ.

મૈત્રી, સ્ત્રી૰ [સં.] મિત્રતા; દોસ્તી ભાઈબંધી.

મૈથુન, ન૰ [સં.] બેનું જોડાવું તે; મળવું તે; નરમાદાનો સમાગમ તે.

મૈથુની, વિ૰ મૈથુનથી ઉપજેલી; તે સંબંધી; તેને લગતું:–મૈથુનીસૃષ્ટિ. સંયોગજન્ય.

મૈયત, સ્ત્રી૰ મરણું; મરણ; મૃત્યુ; મોત. (૨) મોકાણ. (૩) વિ૰ મરનાર; મરી ગયેલું. મૈયત ખરચ=મરનાર પાછળ કરવામાં આવતું ખરચ તે.

મયર, ન૰ [સં. માતૃગૃહ] સ્ત્રીને પોતાનાં માબાપનું ઘર અથવા વતન તે; પિયેર; ઉ૰ મને મારે મૈયર વળાવો રે, ઓખવરાજ અમને.

મૈયા, સ્ત્રી૰ મા; માતાઃ–અંબામૈયા. (૨) બાવી; સાધુડી.

મૈલ, પું૰ [અં.] લંબાઈનું અમુક અંતર જેટલું માપ તે; લંબાણનું માપ. આપણો ગાઉ દોઢ મૈલનો ગણાય છે. માઇલિ.

મોઈ, સ્ત્રી૰ એકાદ બિલ્લસનો બંને બાજુ અણી કાઢેલો લાકડાનો કકડો; ગિલ્લી. ગીલીદંડાની રમતમાં દંડાથી ગુજારવાનો નાનો કકડો.

મોઇલું, ન૰ બિલ્લસ લાંબું અણીવાળું પણ બુઠું લાકડું અથવા તેવું બીજું જે કંઈ હોય તે. (૨) ગડબ; લાંબો સખત સોજો, માંસ પાકની લાંબી ગાંઠઃ–પ્લેગથી જાંઘમાં મોઇલા જેવી ગાંઠ થાય છે.

મોઘમ, અ૰ બાધે ભારે; ખાસ નામ ઠામ દીધા વગર; ચોકસ નહિ એમ; અનિશ્ચિત; મોઘમ. (૨) દેખાય નહિ તેમ, સ્પષ્ટ સમજાય નહિ એવી રીતે.

મોકલવું, ક્રિ૰ સ૰ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય તેમ કરવું તે; રવાના કરવું; ભેજવું; પહોંચાડવું; પ્રેરવું. (૨) વળાવવું.

મોકળાશ, સ્ત્રી૰ જગાની છૂટ તે; મગતાશ; માગ; વિશાળતા; ખૂબ ખાલી જગા હોવી તે.

મોકળું, વિ૰ છૂટવાળું; ખૂબ જગા હોય એવું; જોઈએ તેમ વાપરી શકાય એવી મગતાશનું. (૨) ખુલ્લું; ઉઘાડું; ઘણાનો સમાવેશ થાય એવું. (૩) ઉદાર; ખુલ્લા હાથનું; સખી. (૪) નિષ્કપટી; નિખાલસ. મન મોકળું રાખશો તો સૌ થઇ રહેશે.

મોકાણ, સ્ત્રી૰ મરનાર પાછળ સ્નેહી સંબંધીએ એકઠાં થઇ રોવું કૂટવું તે; મરનાર પાછળ શોક કરવો તે. (૨) પાયમાલી; ખરાબી; સત્યાનાશ. (૩) જેને માટે પરિતાપ થાય–દિલગીર થવું પડે એવું કામ તે.

મોકુફ, અ૰ [અ.] બંધપાડેલું; રહેવા દીધેલું; કાઢી નાંખેલું. (૨) પડતું રહેવા દેવું તે.

મોકુફી, સ્ત્રી૰ બંધી; બંધ પાડી દેવું તે; મુલતવી રાખવું તે.

મોક્ષ, પું૰ [સં.] સંસારની માયામાંથી છુટકારો; મુક્તિ; છુટવું તે; ઉદ્ધાર; સદ્‌ગતિ; ભ્રાંતિરહિત થઈ બ્રહ્મમાં એકાકાર થઇ જવું તે.

મોખ, પું૰ લાગ; તાલ; અનુકૂળતા; યોગ્ય પ્રસંગ. (૨) તંબુમાંનો વાંસ.

મોખરે, અ૰ સૌથી આગળ; અગ્રે; આગલા ભાગમાં. ( ) ઉચ્ચ સ્થાને. આગેવાનીમાં.

મોખરો, પું૰ ટોળા–ઓળ કે પંક્તિની આગલી જગા તે; ખુલ્લી જગાનું મથાળું તે; આગલો ભાગ–જગા તે; બહાર પડતી જગા. (૨) ઉચ્ચસ્થાન, અગ્રસ્થાન.

મોગ, પું૰ મગ; એક જાતનું કઠોળ. (૨) બન્ને લમણા ઉપરની લટ–લટરો તે. ઉ૰ મોગ સમારીને મોતીએ.

મોગર, વિ૰ મોગ–મગનો ગર=છોડાં કાઢી નાંખેલી એવી–દાળ તે; છોડાં રહિત; જેનાં છોડાં કાઢી નાંખ્યાં હોય એવું–કઠોળ અથવા દાળ તે.

મોગરી, સ્ત્રી૦ મૂળાની સાથે થતી એક જાતની શાકશિંગ. એ હાથ દોઢ હાથ લાંબી કાળીને આંગળી જેવી પાતળી થાય છે અને લીલા શાક તરીકે વપરાય છે. (૨) હથોડી જેવું લાકડાનું ખાંડવાનું ઓજાર; મુદ્‌ગર; ખાંડવા અથવા ઠોકવા-ટોલ્લા મારવાનું હથોડી જેવું લાકડાનું ઓજારઃ-લાડુ ખાંડવાની મોગરી.

મોગરેલ, વિ૦ મોગરાનું-જેમાં મોગરાના ફૂલની વાસ હોય એવું-તેલ તે; મોગરાનું તેલ તે; ફુલેલ; માથે નાંખવાનું મોગરાનાં ફૂલની વાસવાળું તેલ.

મોગરો, પું૦ મોઘરો; ધોળાં સુગંધિદાર ફૂલનો એક વેલા જેવો છોડવો અને તેનાં ફૂલ તે. આ બાગાયત ફૂલઝાડની કેટલીક જાતો થાય છેઃ-બટ, હજારી ચિરકી ને દૂધ મોગરો. (૨) ખાંડવા-ટોલ્લા દેવાનું હથોડી જેવું ઓજાર; મોટી મોગરી. (૩) ઉપરથી ગોળ અણીદાર કે સાદો સપાટીથી ઉંચો ઘાટ તે; નાના શિખર જેવી સુંદર આકૃતિ તે; કાંગરો. (૪) કાંગરા કાંગરા જેવા ઘાટનું ઘરેણું તે. (૫) વાટના મોં ઉપર બળતી મેંશનો જે ઢીચકો બાઝે છે તે; દિવેટના બળતા ભાગ ઉપર બાઝેલો કોયલો; ગુલ.

મોગલ, પું૦ એ નામના તુર્કસ્તાનના રહેવાસીઓ; મુસલમાનની એક જાતિ.

મોગલાઈ, સ્ત્રી૦ મોગલોનો અમલ તે; મોગલશાહી. (૨) વિ૦ મોગલોના રાજ્ય અમલ જેવું; મોગલનું; મોગલને લગતુંઃ-મોગલાઇ ઠાઠ, મોગલાઈ અદબ.

મોગલી, વિ૦ મોગલનું-સંબંધી; મોગલાઇ.

મોઘમ, અ૦ બાપે ભારે; નામ ઠામ લીધા વગર. (૨) વિ૦ ચોક્કસ નહિ એવું; અદબદ; અનિશ્ચિત.

મોઘવારી, સ્ત્રી૦ વધારે કિમ્મત આપવી પડે એવી જે વેચવા સાટવાની હાલત તે; મોંઘ; ભારે કિમ્મત હોવાપણું; મોંઘું હોવું તે; ભારે ભાવ.

મોઘું, વિ૦ ભારે મૂલનું; જાસ્તી કિમ્મતનું; કિમતી; ઘણી મહેનતે મળે એવું; વધારે ભાવનું; સોંઘાથી ઉલટું. (૨) ન મળે-ઝટ પ્રાપ્ત થાય નહિ એવું; અતિપ્રિય; વહાલું. ઉ૦ મોંઘી કરીના નિજ આબરૂને મોંઘી કરી તે તો તુજ તારૂણીને.

મોચક, વિ૦ [સં.] છોડવનાર; છુટું કરનારઃ-પાપમોચક.

મોચણ, સ્ત્રી૦ મોચીની સ્ત્રી; મોચેણ.

મોચન, ન૦ [સં.] મુકાવવું તે; છુટકારો થવો; છોડવું મુક્ત થવું તે.

મોચરસ, પું૦ એક જાતનું ઓષધિ; એક જાતનો વનસ્પતિ ગુંદર.

મોચાવું, ક્રિ૦ અ૦ કરમોડાવું; અંબળાઈ જવું; સહેજ વાંકું કે તેડું થઇજવું; અંબળાવુંઃ-તેનો પગ મોચાઇ ગયો.

મોચી, પું૦ કેળવેલા ચામડાના જોડા વગેરે ચીજો બનાવનાર માણસ અને તેનો ધંધો કરનારી એક નાત તે; પગરખાં સિવનાર.

મોજ, સ્ત્રી૦ [अ.] ખાવું પીવું રમવું ને આનંદમાં રહેવું તે; મન ગમે તેમ આનંદે ભોગવવું તેઃ-તમે તો રાજમહેલમાં રહી ખૂબ મોજ કરો છો. (૨) આનંદ; હરખ; ખુશી ખુશાલી; ઉલ્લાસ. (૩) મઝા; સેલ; રંગરાગમાં ગુલતાન રહેવું તે; ગમ્મત કરવી; આનંદે રહેવું અને બેફિકર રહી મહાલ્યા કરવું તે. (૪) ઇચ્છા; મરજીઃ-તમારી મોજમાં આવે તેમ કરો.

મોજડી, સ્ત્રી૦ જરિયેલ પાવઠાં બાઝડિયો તે; સ્ત્રીઓની સારી ને કિમતી બનાવટની જોડીઓ; કપડાનાં ભરેલાં પગરખાં.

મોજડું, ન૦ પગરખું; પગે પહેરવાનું કપડાનું-કે ઉન વગેરેના દોરાથી ગુંથેલું ખાસડું.

કહે૦ પાણી પહેલાં શા માટે મોજડાં ઉતારવાં ?

મોજણી, સ્ત્રી૦ મોજવું–માપવું–ભરવું તે; (જમીન–પાક વગેરે) અંદાજ કાઢવો તે; ખેતર–જમીન વગેરેનું માપ–ભરતર કરવું તે. (૨) લેવું; જાણવું તે.

મોજણીદાર, વિ૦ જમીન વગેરે ભરનાર; માપ કાઢનાર; માપણી કરનાર તે.

મોજા, પું૦ આંગળાં અને પંજો ઢંકાય તેમ પગે ઘાલવા–પહેરવાની કપડા કે દોરાની ગુંથણીની બનાવટ તે; મોજાં એનું એક વચન મોજો. (૨) પાણીમાં જે છોળો આવે છે તે; તરંગ; લહેરો; ઘોડા, હોડા.

મોજાર, અ૦ માં; માંહે. ઉ૦ તે ગયો વન મોજાર–મોઝાર.

મોજી, વિ૦ મોજ કરનાર; આનંદી; વિલાસી; લહેરી; મોજ માણનાર. (૨) મનમાં આવે તેમ કરનાર; મનસ્વી.

મોજીલું, વિ૦ મોજી.

મોજુદ, અ૦ [अ.] તૈયાર; હાજર. (૨) વિ૦ હયાતીમાં હોય એવું; નહિ નાશ પામેલ; હયાત.

મોજે, અ૦ અમુક ગામ–સ્થાને એમ. (મોજે –હિંદી=વઝીફો; મોજણીમાં એક વિભાગ તરીકે મોજાયેલો જમીનનો ટુકડો–ખેતરો –ગામ કે તાલુકાનો વિભાગ તે.) તાલુકે; જિલ્લે એમ. મોજે.:–મોજે વીરમગામ.

મોજેજો, પું૦ [अ.] ચમત્કાર; અદ્‌ભુત લીલા; ન સમજાય એવું જે અજબ તે, દૈવી બનાવ.

મોજો, પું૦ પગે પહેરવાનું ગુંથેલું પગને બરોબર બેસતું કોથળી જેવું કપડું. (૨) તરંગ; લહેર; ઘોડો. (૩) રેલમાં તણાઇ આવેલો કાંપ તે; પાણીની તરી. (૪) વાંટો; જમીન; ખેતરોનો જુમખો.:–ખુશી થઇ રાજાએ પંડિતજીને એ મોજા જમીન બક્ષીસ આપી.

મોટપ, સ્ત્રી૦ મોટાપણું; મોટાઇ; ગૌરવ; વડીલપણું.(૨) શોભા; પ્રતિષ્ઠા. (૩) મગરૂબી; અહંકાર.

મોટમ, જુ૦ મોટપ.

મોટલું, ન૦ અનાજ ભરવાનો કોથળો; મોટલો.

મોટાઈ, સ્ત્રી૦ મોટાપણું; મોટપ. (૨) ગર્વ; અભિમાન; મમત્વ. (૩) ઉદારતા.

મોટિયું, ન૦ અનાજનો થેલો.

મોટિયો, પું૦ વેતરો; અનાજ ભરેલા કોથળા ઉઠાવનાર.

મોટીબાઇ, સ્ત્રી૦ વરની મોટી બહેન; મોટી નણંદ.

મોટું, વિ૦ [सं. महत्] કદ, વિસ્તાર, ઉંચાઈ, લંબાઇ, પહોળાઇ; વય, અને ગુણ વગેરેમાં સાધારણ રીતે જોઇએ તે કરતાં વધારે એવું તે.:–બધાં ફળમાં આ ફળ મોટું છે. રણોમાં સહરા મોટું છે. ઝાડોમાં તાડ મોટો છે, નદીઓમાં નીલ મોટી છે, આમાઝોનનો પટ મોટો છે, બચ્ચાંમાં આ મોટું છે ને ગુણોમાં પરોપકાર મોટો છે. (૨) સારૂં; શ્રેષ્ઠ; ઉજળું.:–એનું ભાગ્ય મોટું છે. (૩) સંખ્યામાં વધારે. પેલી રકમ મોટી છે. (૪) અગત્યનું; જરૂરી; નહિ ચાલે એવું.:–લગનનું કામ મોટું છે. (૫) ઉદાર, સખી, સહન કરે અને જવા દે–નહિ ખોટું લગાડે એવું. એનું મન મોટું છે. (૬) સંભાવિત; ઇજતદાર, આગેવાન.:–તેજ ગામનો મોટો માણસ છે. (૭) વડીલ, માન આપવા યોગ્ય; કહ્યું સાંભળવા જેવું.:–કાકો ઠપકો દે તે સાંભળીએ, એ મોટા છે. (૮) મહાન્.:–તેણે મોટું પરાક્રમ કર્યું. (૯) ભારે; વજનદાર. આ પોટલું સૌથી મોટું છે. (૧૦) અતિશય; પ્રૌઢ; કારી.:–આ દુઃખ મોટું છે, ઇશ્વર સારૂં કરે ત્યારે ખરૂં. (૧૧) ચઢાઉ; ઉછળતું–ખોટું. એવી મોટી મોટી વાતો ના

કર. (૧૨) મોટાંઘર=ખાનદાન; ગૃહસ્થ; આબરૂદાર.:–મોટાં ઘર. ઉ૦ અમે મોટાં ઘરની વહુવારૂ, તમે કાનકુંવર નારૂકારૂ, (૧૩) અસલ.:–મોટું મૂળ આ છે. (૧૪) ઉંચ્ચ.:–એને હમણાં મોટી જગા મળી. રૂ૦ પ્ર૦ મોટાભા થવું=આગળ પડીને–જાણે હુંજ આગેવાન કર્તા છું એમ ગણીને કામ કરવું તે; આગળ પડવું; મોખરે ધપવું. કહે૦ મોટે પાટલે બેસાડવું=વખાણ કરવાં; ફુલાવવું. માન આપવું. મોટું પેટ રાખવું=સહન કરવું; લોહીનો ઘુંટ ગળી જવો; અવગુણ ઉપર પણ ગુણ કરવો તે; કોઇનો પણ દોષ માફ કરવો. મોટું માથું=વયે નાનું પણ પદવીએ મોટું–વડીલ એમ. મોટાની મોટી વાત, અડધો રોટલો ને આખી રાત. મોટા સૌથી ખોટા, વગેરે.

મોટેથી, અ૦ ઉતાવળે; મોટે ઘાંટે; ભારે અવાજે.

મોટેરૂં, વિ૦ મોટું; વયોવૃદ્ધ; વડીલ.

મોટોપૈસો, પું૦ દોઢપૈસો તે; સાડાચાર પાઇનો સિક્કો.

મોઠા, સ્ત્રી૦ ખાવું–પીવું તે; ખાઉધર.

મોડ, વિ૦ વાણિયા, સુતાર તેમજ બ્રાહ્મણની એક નાતનું સાદું નામ. જુ૦ મોઢ.

મોડ, પું૦ મેડ; ટેક; અભિમાન. (૨) જીદ; આગ્રહ.

મોડવું, ન૦ મોઢવું; છાણાં વગેરેની તગરડી; છાણાંનો ગોઠવીને કરેલો ઢગ; ગંજ; ઢગલી. (૨) ઘાસની પુળીઓની ગંજી; ઓઘલો. કહે૦ આંધળી ભેંશે મોડવું દીઠું.

મોડવું, ક્રિ૦ સ૦ મરડવું; આંબળીએ તોડી નાંખવું; ભાગવું. (૨) માન ભંગ કરવું.

મોડા, પું૦ હાજરી પત્રક; ગામઠી નિશાળોમાં જેમ જેમ છોકરા આવતા જાય તેમ તેમ હાજરી દાખલ તેમનાં નામ લખાતાં જાય છે તે મોડા કહેવાય છે. મોડા વંચાવા.

મોડિયું, ન૦ મોં તરફનો ભાગ તે; વાસણ વગેરેનો મોં આગલો ભાગ. (૨) ભરેલા વાસણમાંની મોં આગલી વસ્તુ તે; મોં પાસે જે ભરેલું હોય તે. ગોળના માટલાં વગેરેમાં વેપારીઓ મોડિયું રાખે છે અને અંદર ભેળ હોય છે. (૩) મોં ઉઘડે નહિ તે માટે કુતરાં ને ઘોડા વગેરેને મોઢે જે જાળીદાર ગુંથણીની દોરડીઓ બાંધવામાં આવે છે તે; શિંકી.

મોડી, વિ૦ મરાઠી ભાષાની લિપિ. મરાઠી બોલે છે પણ લખે છે મોડીમાં; મોડીમાં લખેલો લેખ તેનાથી વંચાય નહિ.

મોડું, વિ૦ મુકરર વખત પછીનું; જોઇએ તેટલા સમય ઉપરાંત તે; અસુરૂં; નક્કી કરેલા વખત પછી તે; વેળા વટી ગઈ હોય તેવું. ઘણી વાર ઉપરનું. (૨) મોઢું.

મોઢ, પું૦ બ્રાહ્મણોની એક નાતવાચક ઓળખ તે. તે નાતનો એકાદ માણસ તે. (૨) મોઢ; શુભ પ્રસંગે સુથાડિયા નામના ઘાસનો બનાવેલો જે મુગટ સ્ત્રીઓ પહેરે છે તે; સ્ત્રીઓને માથે પહેરવાની ઘાસના સાંઠા અથવા બરૂની બનાવટ. (૨) સાંઠાવાળા ઘાસનું ઓયાંવાળું રાડું. : મોઢ વિણવા કહેવાય તે.

મોઢવું, જુ૦ મોડવું.

મોઢું, ન૦ [સં. મુખ.] મુખ; વદન; મોં. (૨)ચહેરો; માથાનો આગલો ભાગ તે. (૨) ઓઠ વચ્ચેની ફાડ અને તેની અંદરનો દાંત ને જીભવાળો પોકળ ભાગ તે. (૩) વાસણ વગેરે ઉપરનું બાકું તે; દાર. (૪) વાટ; રસ્તો. ગુમડાનું મોઢું. ક્રિ૦ પ્ર૦ મોઢું ઉતરી જવું=જુઠા પડવાથી અથવા વિવાદમાં હારવાથી ફીકા–ઝાંખા થઇ જવાવું. મોઢું આપવું=બોલવા દેવું–સાંભળવું તે.–આવવું=મોંમાં ચાદીઓ પડી લાળ ગળવી,–ઢાંકવું=રોવું; શરમાવું, લાજ કાઢવી.–બતાવવું=મળવું. શરમાવું.–હલા-

વવું=ખાવું, બોલવું; હાજિયો ભણવો.–ચઢાવવું=રીસે ભરાવું; નારાજ થવું. મોઢે ચઢાવવું=અતિશય લાડ લડાવવાં, બહેકાવવું. મોઢે કહેવું=પુંઠે નહિ પણ હાજરાહજુર જે કંઇ કહેવું હોય તે કહેવું તે. મોઢે કરવું=યાદ રાખવું; જેમ બોલી જવાય તેમ કરવું; પાઠે કરવું–પર આવવું=યાદ આવવું,–મલકાવવું=હસવું.–રાખવું=માનવું; શરમાઇને કહેનારના માન ખાતર કરવું.–ભડભડવું=ખાઉં ખાઉં એમ થવું.–વાળવું=શોક કરશો, રોવું. મોઢું બહાર કાઢવું=જાહેરમાં આવવું; ઉઘાડા પડવું. મોઢે લાગવું=ભાવવું, સ્વાદ પડવો. મોઢું સિવી લેવું=નહિ બોલવા દેવું. કાળું મોઢું કરવું=જતા રહેવું; બુરૂં–ખરાબ કામ કરવું. તિરસ્કાર કરી કાઢી મૂકવું. મોઢે માગ્યું=ઇચ્છાનુસાર. મોઢામોઢ=રૂબરૂ. મોંઢું બાંધીને માર મારવો=મારવું તેમ વળી રોવા પણ દેવું નહિ તે. મુંગે મોઢે માર ખાવો તે. મોઢાની મિઠાશ=પ્રિય બોલવાપણું તે; વિવેકથી બોલવું તે. મોઢાની વાતો=ખાલી ડફાંસ, હવાઇ કિલ્લા, મોઢાંનું છુટું=વાચાળ, બહુ બોલું. મોઢાપર થુંકવું =તિરસ્કાર કરવો. મોઢાપરથી માખે નહિ ઉડવી=કંઇ નહિ બનવું; પરાક્રમ–બળ રહિત, બાયલું; નાદાર; દમ વગરનું. મોઢામાં આંગળી ઘાલવી=પરાણે બોલાવવું; બોલવાની ફરજ પાડવી. ચકિત થઇ જવું; હબકી જવું. મોઢામાં લીલું તરણું લેવરાવવું=લાચાર બનાવી દેવું; ખૂબ નમાવવું; જી હજુરી કરી નાંખવું. મોઢું ગંધાવું=બુરૂં–ખરાબ દેખાવું; નહિ સારૂં લાગવું. લોકમાં નિંદા થવી. મોઢું ઠેકાણે રાખવું=નિર્દોષ હોઇએ તેમ ગંભીર ચહેરો રાખવો (મશ્કરી કરતાં) મોઢું બાગવું=બક્ષીસ કે લાંચથી ચાડી કરતાં અટકાવવું–જેમ કહીએ તેમ મુંગે મોઢે કર્યે જાય એવું બનાવવું તે; મોઢેતાળુ દેવું=બોલાય નહિ એમ કરવું.

મોણ, ન૦ મોયણ; બહુજ થોડા પ્રમાણમાં કોરા લોટને પાવાનું ઘી કે તેલ તે મોણ.

મોણમોણ, અ૦ ગોરગોર; છુટેછુટું; તરત ભાગી જાય–કણેકણ જુદા પડી જાય એવું એમ; મોરમોર. (૨) 'મોણમોણ' જેમ તેમ કરતાં; પરાણે; બળાત્કારે. :- મોણમોણ સમજાવી લાવ્યા ત્યારે વળી તમે માન આપ્યું નહિ એટલે પાછા રિસાઇ ગયા. (૩) ધીરેધીરે; આસ્તે રહીને.

મોત, ન૦[आ] મરણ; મૃત્યુ.

મોતિયું, ન૦ મ્હોતિયું; છાપરાને છેડે જ્યાંથી નેવ પડે છે ત્યાં વળીઓ સાથે બેસાડવામા આવતું પાટિયું.

મોતિયો, પું૦ મોગરો; કાંગરો.(૨) હોશ; શક્તિ આય. (૩)આંખની કીકી પર આવતી ભુરી છારી તે; પડળ. (૪) જળ બિંદુ; છાંટો; પાણીનો કણ તે. રૂ૦ પ્ર૦ મોતિયા મરી જવા=થાકી જવું; નાહિમ્મતથઇ જવું; ઢીલાપડી જવું. મોતિયો આવવો=કીકી ઉપર છારી વળવી, પડળ આવવાં.મોતિયા છૂટવા=અતિશ્રમથી–અથવા મોટા ભયથી પરસેવો થવો.

મોતી, ન૦ [**सं. मौक्तिक**] કાળુ માછલીના શરીરમાંથી નીકળતી રસીનાં બિંદુથી ડથી છીપમાં બંધાયેલો સહેજ ધોળો લાલ–પિળાશ પડતો કણ–દાણો તે; મુક્તા, મુક્તાફળ; ગોળ મણકો, મણિ; છીપમાંથી નીકળતો સુંદર દાણાદાર ગોળ પદાર્થ તે. (૨) કીડિયું. છીપમાંથી નીકળતા દાણા તે. ખરાં મોતી ને મોતીની છીપના કકડા કરી ઘસીને બનાવેલા નાના મણકા કે કાચના તેવા કણ તે–ખોટાં મોતી. કાચનાં મોતી ફટકિયાં મોતી કહેવાય છે. મોતીના જવાહીરમાં ગણતરી છે:–હીરા

મોતીના દાણીના. રૂ૦ પ્ર૦ મોતીએ ચોક પુરવા=મોટા મોટા ઉજળા અને ઉમળકાના મનોરથ કરવા. હવામાં કિલ્લા બાંધવા, બડાશ મારવી; ફુલાવું. મોતીએ વધાવવું =બહુ માન આપવું, સારો સત્કાર કરવો. કહે૦ મોતીનાં પાણી ઉતારવાં=માન ઉતારવું ભાર ભાંગી નાખવો. મોતી પરોવવાં =ઝીણું તે ધ્યાન દઈ કરવાનું કામ કરવું. વિંધ્યું તે મોતી=જે થયું તે કામ; વહેલું તે પહેલું; સીધું ને સારૂં; કરવાનું તે કરી નાખ્યું એટલે પાર એમ. હીરાની જોતી ને મોતીની રોતી=હીરો બળીને કોયલો થઇ જાય અને મોતીનું પાણી ઉતરી જાય એટલે થઇ રહ્યું–અર્થાત્ હીરા મોતી કરતાં સોનું રૂપું સારૂં. મોતીસર=મોતીની સેર; મોતીનો હાર તે.

મોતીચુર, વિ૦ મોતી જેવી ઝીણી કળીનો લાડુ તે; મોતિયા લાડુ.

મોતિયો, પું૦ મોતીનો દાણો તે. (૨) મોતિયો; પડળ. (૩) જળકણ. (૪) ફલો.

મોથ, સ્ત્રી૦ ચીડા નામના ઘાસના મૂળમાં થતી સુગંધીદાર કાળી ગાંઠ તે. આ ઓસડ કવાથ ચૂર્ણ વગેરેમાં વપરાય છે.

મોદ, પું૦ આનંદ; હર્ષ; ખુશી. (૨) સ્ત્રી૦ ગાડામાં અનાજ ભરતા પહેલાં પાથરવાનું મોટું જાડા વણાટનું કપડું તે; ગાડામાં પાથરવાની મોટી ચાદર.

મોદક, પું૦ [સં.] લાડુ.

મોદવું, ક્રિ૦ અ૦ ખુશી થવું; રાજી થવું; આનંદવું.

મોદિક, જુ૦ મોદક.

મોદી, પું૦ અનાજ, ગોળ અને ઘી વગેરે ખાવાની ચીજો વેચનારો વેપારી. (૨) મોટા ઘરનો –રાજ્યનો કોઠારી; ભંડારી.

મોદીખાનું, ન૦ લશ્કરને દાણોદુણી ખોરાક પુરો પાડનારૂં ખાતું; અનાજ વગેરે આપનાર; ભંડાર; મોદાર.

મોનિયું, ન૦ ઉપરચોટિયું આમંત્રણ; માણેક નોતરૂં, ખરૂં નહિ પણ માણમાણ કહેલું તે; સારૂ લગાડવા, માન રાખવાને કહેલું તે.:– તમે જમવા બેસતા હતા ને એ આવ્યો તેમ છતાં તમે મોનિયુંએ કર્યું નહિ. માનામંત્રણ.

મોબેદ, પું૦ પારસીઓને ધર્મક્રિયા કરાવનારો ગોર તે.

મોભ, પું૦ છાપરાનો મુખ્ય અને સૌથી ઉંચો ભારવટિયો તે; ભારવટિયો; બે કરા ઉપર રાખવામાં આવતાં છાપરાનો ભાર-ઝીલનારાં જે લાંબાં આડ લાકડાં તે. (૨) મુખ્ય ટેકો; જેની ઉપર બીજાનો આધાર હોય એવો મુખ્ય તે; મુખી; આગેવાન; વડો; વડીલ.

મોભણ, સ્ત્રી૦ ઘર–કુટુંબની મોટી વહુ; મોટા છોકરાની ધણિયાણી; પટરાણી; પાટવણ. (૨) જેનું ચલણ હોય અને જે ઘરની કરતા કરાવતા હોય તે મુખ્ય સ્ત્રી.

મોભાગ્ર, વિ૦ મોભનો જાડો છેડો તે–તેના જેવું; સ્થૂલ; બુઠ્ઠું. મોભાગ્ર બુદ્ધિ=સ્થૂલબુદ્ધિ. એથી ઉલટું કુશાગ્ર બુદ્ધિ.

મોભાદાર, વિ૦ વજનદાર; પ્રતિષ્ઠિત; સંભાવિત; જેનું વજન અને ભારબોજ હોય એવું.

મોભારિયું, ન૦ વચલા ઉંચા મોભ (જ્યાં આગળથી બન્ને બાજુ છાપરાના ઢાળ ઉતર છે તેની) ઉપર ઢાંકવાનું પહોળું નળિયું; મોભ ઉપર ઢાંકવાનું મોટું નેવ. મોટી જાડી ઠીબ.

મોભારો, પું૦ છાપરાનો સૌથી ઉંચો ભાગ તે; છાપરાનો સૌથી ઉંચો ને વચગાળાનો ભાગ તે, કે જ્યાંથી બેઉ બાજુ તરફ છાપરાના ઢોળાવ ઉતરે છે.

મોભી, વિ૦ જેની ઉપર મુખ્ય આધાર રહેતો હોય તે; ઘર અથવા કુટુંબનું સૌથી મોટું –વડીલ માણસ તે.

મોભો, પું૦ મોટાપણું; મોટાઈ; મોટાપણાનું માન અથવા પ્રતિષ્ઠા તે; ભારઓજ; વજન; ઈજ્જત; આબરૂ; દરજ્જો.

મોમ, ન૦ [फा.] મીણ. મોમબત્તી.

મોયડી, સ્ત્રી૦ ઢોરના મોં ઉપર આવીને રહે એવો તેને બાંધવાનો દોરડા વગેરેનો ગાળો તે; ગાળિયું. મોયડો.

મોર, પું૦ [सं. मयूर] સુંદર રંગદાર લાંબાં પિંછાંવાળું એક મોટું પંખી; મયૂર; ઢેલનો નર. રૂ૦ પ્ર૦ મોરમારવો=દાવ જીતવો. ન્યાલ થવું.

મોર, પું૦ મહોર; મ્હોર; આંબા આંબલી વગેરે ઝાડોને આવતાં નાનાં નાનાં ફૂલોનો ફાલ તે.

મો-રખું, વિ૦ મોંરખું; મોં રાખીને કામ કરનારૂં-બોલનારૂં તે; મોં જોઈ શરમાય અને તેને પ્રિય લાગે તેવું બોલે કે કાર્ય કરે એવા સ્વભાવનું-માણસ તે.

મોરચંગ, પું૦ [हिं] દાંતની વચમાં રખીને વગાડવાનું એક વાજું; ઘોડાલિયું.

મોરચી, સ્ત્રી૦ સુરછી.

મોરચો, પું૦ લડવાની તટબંધી, શત્રુને બરોબર જવાબ દેવાય તે માટે સેનાના આગલા ભાગમાં કરેલી ગોઠવણ; શત્રુનો હલ્લો ઝીલી તેને મહાત કરાય એવી મોખરા ઉપર કરવામાં આવતી વ્યૂહરચના; શત્રુને હરાવાય અને બરોબર નિશાન લાગે એવી રીતે કિલ્લાના અથવા મેદાનના ઉંચા ભાગમાં તોપો ગોઠવી લડાઈની કડેકોટ તૈયાર કરવી તે; વ્યૂહ. (૨) સેનાનો આગલો ભાગ ને તેની ગોઠવણ. ક્રિ૦ પ્ર૦ મોરચો મારવો =દાવ જીતવો; શત્રુને પાછો પાડી હરાવવો. શત્રુના મોરચાને તોડી પાડવો; મુખ્ય-અગત્યનું કાર્ય કરી-સાધી લેવું તે.

મોરડ, ન૦ કુવી વગેરેનાં ભજિયાં (૨) મોરસ.

મોરડી, સ્ત્રી૦ મયૂરી; ઢેલ. (૨) મોં-દોરડી; મોયડી.

મોરથુથુ, ન૦ [सं. मयूरतुत्थ] ત્રાંબાનો લીલા રંગનો અને ઝેરી ખાર-કાટ તે. Black Vitriol.

મોરલી, સ્ત્રી૦ વાંસળી; બંસી. મોરલીધર=કૃષ્ણ. (૨) દેવને અર્પણ કરાયેલી ને દેવસ્થાનમાં સેવા ને નાચ કરવા રહેલી કન્યા-છોકરી. રૂ૦ પ્ર૦ મોરલી બજાવવી=ભુંગળી ફુંકીને રાંધવું; રસોઈ કરવી તે.

મોરવણ, ન૦ દેવતા સળગાવવાને છાણાંનો ભુકો મૂકવો તે; ગોર. (૨) અખરામણ; મેળવણ.

મોરવવું, ક્રિ૦ સ૦ આખરવું; મેળવવું; જમાવવું. (દૂધ.)

મોરવું, ક્રિ૦ અ૦ મહોરવું; મહોર આવવો; આંબા-આંબલી વગેરે ઝાડને નાનાં નાનાં ફૂલનો ફાલ આવવો; ફૂલવું; પુષ્પિત થવું.: -આંબો મોરિયો. મોરે એટલા મારવા બાઝે તો આંબો ફંસાઈ પડે.

મોરવેલ, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ.

મોરસ, પું૦ દરિયા કિનારે થતી વનસ્પતિ; એક ભાજી. એ શાક તરીકે ખવાય છે.

મોરાણી, વિ૦ મુખ્ય; પ્રધાન.

મોરાપી, પું૦ ગુનો પકડી આપનાર મુખ્ય માણસ. સરકારથી માફી મેળવી પોતાના ગુનેગાર સાથીઓનો ગુનો જાહેર કરનારો.

મોરિયો, પું૦ ઘડો; દોરિયો. (૨) સામા જેવા એક જાતના અણખેડ જમીનમાં પાકેલા કણ-ચોખા. એ ફરાળમાં વપરાય છે.

મોરી, સ્ત્રી૦ એઠવાડનું ગંદું મેલું પાણી જવાની નીક તે; ખાળ; ગટર. (૨) મોયડી; ગાળિયું.

મોરૂં, ન૦ મહોરૂં; સેતરંજનું રમકડું-મેહું-સોગઠું તે. (૨) રમણીય પુતળું; નંગ.

મોરે, અ૦ આગળ.:-ચાલ મોરે થા. (૨) સાથે.:-હું મોરે હોઉં તો પછી ચોરના

શા ભાર છે?

મોરો, પું૦ સાપના મોંમાં-તાળવામાં રહેતો ગોળ ચકતી જેવો પદાર્થ તે. એમ કહેવાય છે કે, એમાં ઝેર ચૂસી લેવાની શક્તિ હોય છે. જળો જેમ લોહી ખેંચે છે તેમ એ ડંખવાળા ભાગ ઉપર લગાડતાં તમામ ઝેર ચૂસી લે છે.:-સાપનો મ્હોરો.

મોર્‌થ, અ૦ આગળ; પહેલાં; અગ્રે. (૨)સાથે.

મોલ, પું૦ કરસણ; તુલ. (૨) મહેલ; રાજમંદિર. (૩) લીલો પાક; ઉત્પન્ન.

મોલવી, પું૦ [फा.] મુસલમાની કાયદા પ્રમાણે ન્યાય દેખાડનારો મુસલમાન મુલ્લાં પંડિત; શરેહના અર્થ પ્રમાણે મત આપનારો. (૨) વિદ્વાન; પંડિત.

મોલ્લેદાર, વિ૦ મહોલ્લાવાળો; મહોલ્લાનો મજારદાર-ચોકી કરનારો અથવા મહોલ્લાની તપાસ રાખનારો માણસ.

મોલ્લો, પું૦ મહોલ્લો; ગામ અથવા શહેરના જુદા જુદા લોકના વસવાટના જુદા જુદા ભાગ તે; શેરી; પોળ; ફળિયું; વાસ.:-લુહારમોલ્લો.

મોવણ, ન૦ મોયણ; આટા-લોટને જરાક સ્નેહાળ-તેલી કરવાનું જે સ્નેહ-ચીકટ ઘી અને તેલ વગેરે તે; આટાને કરમોવવાનું તેલ ઘી તે.

મોવાસો, પું૦ ઢોરના મોંમાં થતો એક રોગ. આ રોગથી ઘણાં ઢોર મરી જાય છે.

મોવાળ, પું૦ ઘરવટ; ઘરોબો; ખૂબસ્નેહ સંબંધ તે.

મોવાળો, પું૦ મુવાળો; વાળ; કેશ.

મોવું, ક્રિ૦ સ૦ મહોવું; ઘી અથવા તેલથી આટો કરમોવવો. (૨) ઘઉં વગેરે અનાજ સળે નહિ તે માટે તેને એરંડિયું લગાડવું તે. (૩) ચીકટવાળું કરવું; ચોળવું; ચોપડવું; વહાવું; હાથદેવો.

મોસમ, સ્ત્રી૦ ઋતુ, અમુક પાક, ફાલ, અને નવી ઉત્પત્તિ વગેરે થવા માટેનો યોગ્ય વખત તે.:-કપાસની મોસમ.

મોસલ, પું૦ [अ.] સરકારના હુકમથી તેડવા આવેલો ને તાકીદ કરનારો એલીદ.

મોસંબી, સ્ત્રી૦ મોમ્બાસા તરફથી આવતી નારંગી; ખટ મધુરા રસવાળું એક ફળ.

મોસાળ, ન૦ માનું પિયેર; દાદાનું ઘર.

મોસાળિયાં, ન૦ મોસાળ તરફનાં સગાં તે; મામા અને માસીઓ વગેરે તે.

મોસાળું, ન૦ માબાપ તરફથી છોકરીને સીમંત વખતે અને છોકરીનાં છોકરાંને જનોઇ અને વિવાહ વખતે કરવામાં આવતી રીતની બક્ષીસ, પોષાક વગેરે. (૨) મોસાળ તરફની રીત-બક્ષીસ કરવી તે. ને તેને લગતું સરઘસ.(૩) મોસાળામાં ગવાતાં ગીત તે. મોસાળામાં માણેકમોતી.

મોહ, પું૦ [सं.] રૂપ ગુણ ને છટા વગેરેની રઢ લાગવી તે; રૂપ ગુણ ઉપર ફિદા થઇ જવું ઘેલા થઇ જવું તે; પ્રેમાસક્તિ. (૨) માયા; અજ્ઞાન; સંસાર ઉપરનો ગાઢ અનુરાગ તે. (૩) ભ્રાંતિ; મૂર્છા; બેહોશી; ભ્રમ-ભમણા.

મોહક, વિ૦ મોહ લગાડે એવું; સુંદર; મનોહર; આકર્ષક.

મોહકમ, વિ૦ ઘણું મોટું; ભારે; પુષ્કળ; ખૂબ; અતિશય.

મોહજાળ, સ્ત્રી૦ મોહની આંટીઘુંટી; મોહપાશ.

મોહન, વિ૦ મોહ લગાડે એવું; મોહ પેદા કરે એવું. સુંદર; રમણીય. (૨) ન૦ મહોવું તે; કામણ; વશીકરણ.

મોહનમાળા, સ્ત્રી૦ સોનાના ઝીણા તારના ગુંથણીના મણકાઓની માળા અથવા હાર તે; એક જાતનું સુંદર કંઠાભરણ.

મોહબત, સ્ત્રી૦ [फा.] પ્યાર; સ્નેહ; પ્રીતિ; પ્રેમ. (૨) માયા; મિત્રતા; બેસવા ઉઠવા જેવો મૈત્રીસંબંધ તે; સ્નેહભાવ.

મોહબાણ, ન૦ મોહનાં બાણ તે; મોહ ઉ-

ત્પન્ન કરે-પ્રેમ પ્રકટાવે એવું લક્ષણ તે.

મોહર, સ્ત્રી૦ મહોર; છાપ. (૨) ફુંકીને વગાડવાનું વાજું; વાંસળી; બંસી.

મોહરમ, ન૦ મહોરમ: મોહોરમ; મુસલમાની વર્ષનો પહેલો મહીનો; જે મહીનામાં તાબુત આવે છે તે મહીનો. તાબુત કાઢવા-બનાવવાના દિવસો વગેરેને લગતો તહેવારનો સમય તે.

મોહોરૂં, ન૦ મહોરૂં; રૂપ, ગુણ, અને ચતુરાઇ વગેરેમાં આગળ પડતું નંગ તે. (૨) સેતરંજની બાજીનું રમકડું. એમાં બતરીસ મોહોરાં હોય છે. અંકવાળી મૂર્ત્તિ-આકૃતિ તે. એમાં હાથી ઘોડા ઉંટ ને પાયદળ વગેરે હોય છે. નંગ; સુંદર રમકડું; ખેલણું.

મોહોલ, પું૦ મહેલ; મોલ; રાજમંદિર; હવેલી.

મોળ, સ્ત્રી૦ પેટમાં વાયુ થવાથી મોઢામાંથી જે પાણી-લાળ છૂટે છે તે; મોંમાં વારંવાર પાણી આવવું તે. મોળ્ય; લાળો. (૨) ઉઢાણુ-ણી.(૩) ઈંટ કે પત્થરની હાર તે.

મોળવું, ક્રિ૦ સ૦ કાપીને કકડા કરવા; સમારવું; સુધારવું. (૨) ભાગવું; મોડવું.

મોળાઈ, વિ૦ મા તરફનાં-સગાં; મામાનું.-મોળાઈ ભાઈબહેન.

મોળિયું, ન૦ કાપડાં કનખા ચોળી વગેરેના બાંયની જરિયેલ પટી. (૨) પટા જેવી જરી અથવા કસબીકોર. (૩) સ્ત્રીઓને શોકમાં પહેરવાનો તમામ લાલ કે કાળો સાલ્લો તે. (૪) મોળ; કસબી ફેંટો. ઉ૦ ઝળક્યાં ઝળક્યાં વીરા માથે મોળિયાં; ઝળકી ઝળકી ભોજાઈ માથે છાબ, મોંમેરૂં મોંઘા.

મોળી, સ્ત્રી૦ ચણાના લોટની પાતળી સેવ; પાતળો તાંતણા જેવો ખાવાનો પદાર્થ.

મોળું, વિ૦ ખાર, ખટાશ, અથવા ગળપણ જોઇએ તેટલા પ્રમાણમાં ન હોય એવું. મોળો ભાત; મીઠા-લૂણ વગરનો. મોળી દાળ-ખટાશ વગરની; અને મોળો દૂધપાક=પુરતા ગળપણ વગરનો. (૨) સ્વાદ વગરનું.:-આ કુવાનું પાણી સાવ મોળું છે. (૩) તેજ, ચંચળાઇ, શૌર્ય ઉત્સાહ વગરનું; મંદ; શિથિલ; ટાઢું. (૪) લખલખાટ વગરનું; નહિ આકરૂં; નબળું; ફીકું.

મોળેણ, વિ૦ મામાની.:-મોળેણ બહેન. મામાની છોકરી.

મોં, ન૦ [**સં. मुख**] મોઢું; મુખ; વદન. (૨) ચહેરો. માથાનો આગલો ભાગ, એમાં કપાળ, આંખો, નાક, ગાલ, કાન, મોંની ફાડ હડપચી વગેરેનો સમાવેશ થાય છે. મોં એટલે બે હોઠ વચ્ચેની જેમાં દાંત અને જીભ હોય છે તે ફાડ; જે વડે પ્રાણીઓ ખોરાક લે છે તે. રૂ૦ પ્ર૦ મોં ઉપર શાહી ઢોળાવી=ફીકા પડી જવું; શરમિંદા પડી જવું; કલંક લાગવું; જુઠા પડી જવું. મોંચઢવું=રીસ ચઢવી; નાખુશ થવું; ઇતરાજ થવું. મોંજોયું=એકનું એક; એકપુરૂં; ખોટનું-લાડકું છોકરૂં. ઉ૦ જ્યારે વહુ હું મળી છું ગોરેઘાટે. ત્યારે દીકરાનાં મુખ જોવા સાટે, તલસે ઘરડેરાં મોંજોયા માટે, મોહન૦ મોંધોઇ જવું=પાછા પડીજવું; હડીજવું; રડી ઉઠવું. મોંમાથું=પત્તો; શોધવાનો રસ્તો; મૂલાધારઃ-આનું મોંમાથું કેમ જણાતું નથી. મોં ઢાંકવું=વિલાપ કરવો; રોવું. મોં મૂકીને=છૂટે મોઢે; મુક્તકંઠે. (૨) શરમ છાંડીને. મોં લેવાવું=શરમાઇ જવું. મોં ઉતરી જવું; ઝાંખા પડી જવું. મોંમાં મગ ભરવા=મુંગા રહેવું. મોંમાં માવું-મોંને શોભે નહિ એવું, જેમ આવડે તેમ, ખરાબ અઘટિત-ભુંડું બાપણ કરવું. ગાળ વગેરે. મોંમાં આવે તેમ=વગર વિચારે; કંઇ પણ વિચાર કર્યા વગર. મોંછંડાવું=શરમ ભગાવી, શરમ-અદબ લાગવી, વિવેક

–મોટાનું માન નહિ મુકાવું એમ. મોં આવવું=શેહ પડવી, શરમ લાગવી. મોંમાં ચાંદીઓ પડી જવી. કહે૦ મોં ખાય ને આંખ લાજે=વિવેકથી કામ કરવું.

મોંકાણુ, સ્ત્રી૦ મરનાર પાછળ ઘણા જણે એકઠા થઇ શોક કરવો તે; મરનાર પાછળ શોક અને વિલાપ કરવાને એકઠાથવું તે. રૂ૦ પ્ર૦ મોંકાણના સમાચાર=બુરા શોકના સમાચાર તે; માઠાવાવડ.

મોંકાણિયું, વિ૦ મોંકાણ કરનાર. (૨) માઠું; ભુંડું; અશુભ. (૩) હીણ પગલાંનું.

મોંઘમ, વિ૦ મોઘમ; ચોક્કસ નહિ એવું; બાધેભારે; અંતરપટે; વગરનામે.

મોંઘવારી, સ્ત્રી૦ ઉંચે ભાવે વસ્તુઓ મળે એવો વખત તે; ઉંચા દરનો વખત.

મોંઘાઈ, સ્ત્રી૦ મોંઘાપણું; ઉંચો દર–ભાવ હોવો તે. (૨) મોંઘવારી. (૩) પોતે દુર્લભ–ઝટ નમળે એવી કિમ્મતનાં છીએ, એવો દેખાવ ડોળ કરવું તે; અલભ્યતા બતાવવી તે; પોતાનું વજન વધારવાને પોતાની મોટાઇ દેખાડવી તે. (૪) લાડ, માન, વગેરે તે. અગત્ય–જરૂર બતાવવી તે.:–હવે ચાલ મોંઘાઇ કર્યાંમાં માલ નથી, નહિ તો મોતીનાં પાણી ઉતરી જશે.

મોંઘું, વિ૦ [**સં. મહાર્ઘ**] વધારે મૂલનું; કિમતી; ઘણી મહેનત અથવા મોટો બદલો આપતાં પણ ન મળે એવું; દુર્લભ; ભારે કિમ્મતનું.

મોંજોણું, ન૦ મોંજોવું તે. (૨) મોંજોયાની વધાઇ; મોં જોઇને ભેટ આપવી તે.

મોંજોયણું, ન૦ મોંજોણું.

મોંજોયું, વિ૦ મોં જોયા કરીએ એવું; દુર્લભ; મોંઘું. (૨) માબાપને માત્ર એકનું એક હોવાથી બહુજ વહાલું અને લાકડું; એકપુરૂં; એકનું એકજ એવું.

મોંડું, વિ૦ મોડું; નક્કી વખત થઈ ગયા પછીનું; વખત વીત્યા બાદ બનેલું; આવેલું–અસુરૂં; અસુર. ના૦ મોં; મુખ.

મોંનિયું, ન મોઢે મીઠું–સારૂં લગાડવું તે; મોંએ મોં મેળાપ થતાં અલાવડું કરવું તે; મોઢાનું; ખાલી; ઉપરચોટિયું કહેણું; આમંત્રણ તે.

મોંમાગ્યું, વિ૦ યથારૂચિ; ઇચ્છાનુરૂપ; મોં જેવું માગે ઇચ્છે કે ખાવાનો ભાવ કરે એવું.

મોંમાર, વિ૦ બોલવે બહાદુર; છપાય નહિ એવું; બાહોશ.

મોંયરૂં, ન૦ વર કન્યા જ્યાં પરણવા બેસે છે તે મંડપ; કન્યાની માતાનું ઘર અને તેના આંગણામાં વિવાહ માટે બાંધવામાં આવતી ચોરીનો મંડપ તે. રૂ૦ મોંયરામાં તો મંગળ વરત્યાં ચારરે.

મોંર, અ૦ આગળ; મોખરે.

મોંરખું, વિ૦ મોં રાખીને બોલે એવું; હાજી હા કરનારૂં.

મોંરડી, સ્ત્રી૦ મોંયડી; ઢોરને મોંએ ઘાલવાનું ગાળિયું. મોંરડો; મોંએ બાંધવાનો ગાળો.

મોંવડ, અ૦ આગળ; અગ્રે; પાસે.

મોંવાસો, પું૦ ઢોર ગાય વગેરેને થતો મોંનો એક રોગ તે.

મોંવાળવું, ક્રિ૦ અ૦ મોં ઢાંકીને રોવું; રડવું. મરનાર પાછળ શોક કરવો; વિલાપ કરવો.

મોંસાળ, ન૦ મોસાળ, મામાનું ઘર તે; માતાનું પિયેર.

મોંસાળું, ન૦ મોંસાળ તરફથી ભાણેજને આપવામાં આવતી ભેટ અને ભેટઆપવા જતાં કાઢવામાં આવતો વરઘોડો તે.

મો, વિ૦ નરમ; કુંમળું. (૨) ઘણા દહાડાનું ભૂખ્યું; ખાવાને તલસી રહેલું; કંગાલ.

મૌક્તિક, [**સં**] મોતી.

મોડું, ન૦ મહુડાનું ફૂલ; મહુડું.

મોડો, પું૦ [**સં. મધુક**] મહુડો. એનાં ફૂલ

મહુડાં. આનો દારૂ થાય છે અને મોડાનાં બી ડોળ, તેમાંથી ડોળિયું નામનું જાડું તેલ નીકળે છે.

મૌન, ન૦ [सं] મુંગું રહેવું તે; મોઢે બોલવું નહિ તે; ચુપકીદી.

મૌર્ખ્ય, ન૦ [सं] મૂર્ખતા.

મૌર્વી, સ્ત્રી૦ [सं.] પણછ; ધનુષના તાંત–દોરી તે.

મૌલ, સ્ત્રી૦ [सं.] મથાળું; શિખર; ટોચ. (૨) કલગી; છોગું.

મૌલ્ય, ન૦ [सं.] કિંમત; મૂલ.

મૌવર, સ્ત્રી૦ મહુઅર; મોરલી; વાંસળી.

મૌંજી, સ્ત્રી૦ [सं.] મુંજની દોરી; મુંજની દોરીનો કંદોરો તે. (૨) જનોઇ.

મ્યાન, ન૦ મેન; તરવાર, છરા વગેરે ધાર-વાળાં હથિયાર રાખવાની ખોળી.

મ્યાનો, પું૦ [फा.] પેટી ઘાટની પાલખી; મિયાનો.

મ્લાન, વિ૦ [सं] કરમાયેલું; ફિક્કું; કતરી ગયેલું.

મ્લેચ્છ વિ૦ [सं] હિંદુ ધર્મ નહિ માનનારો તે; ચાર વર્ણમાં અને હિંદુધર્મમાં જેનો સમાવેશ ન હોય તે.

ય.

ય, પું૦ [सं.] ગુજરાતી લિપિનો સાડત્રીસમો મૂળાક્ષર અને છવ્વીસમો વ્યંજન વર્ણ. એનું ઉચ્ચાર સ્થાન તાળુ છે, અને તે અરધો સ્વર ને અરધો વ્યંજન ગણાય છે. (૨) સ્પષ્ટીકરણમાં, ભાર દઇ બતાવવામાં, તેમજ પણ અને વળી, બી, એવા અર્થમાં શબ્દની આગળ જોડાય છે.:–રાતે પોપટ પાંખો ફફડાવે તોય એમના ભણકારા વાગે છે. પૃ. ચૌ. ૨૦ પ્ર૦ યઃપલાયન= નાસી જવું.:– લડતાં લડતાં આખરે કંટા-ળીને તે યઃપલાયન કરી ગયો.:–તમેય આવજો.

યકાર, પું૦ [सं.] ય એવો અક્ષર અને ઉચ્ચાર તે.

યકૃત, ન૦ [सं.] કલેજું; કાળજું; પિત્તાશય.

યક્ષ, પું૦ [सं.] ઘોડાના જેવાં મોંના ઉપ-દેવ; કુબેરના આશ્રિત અને નોકર. મેઘ દૂતનો નાયક યક્ષ હતો. યક્ષ; કિન્નર; ગંધર્વ, વગેરે બધા અર્ધદેવમાં ગણાય છે. (૨) પ્રેતયોનિનો એક મલિન પિશાચ; જક્ષ. યક્ષરાજ=કુબેર; ધનપતિ. યક્ષરાત્રિ= દિવાળી. યક્ષકર્દમ=સુગંધિ દ્રવ્યોને ઘસીને બનાવેલો લેપ, ચંદન.

યક્ષિણી, સ્ત્રી૦ [सं.] યક્ષની સ્ત્રી. (૨) દુર્ગાદેવીની પરિચારિકા. (૩) એક ભૂત જાતિની મલિન દેવતા; ભૂતડી; જક્ષણી. નાશ કરનારી ખરાબ દેવતા.

યખ, પું૦ [फा.] બરફ; હિમ; ટાઢાડું.

યગણ, પું૦ [सं.] પિંગળના આઠ ગણ-માંનો એક ગણ. ત્રણ અક્ષરનો સમૂહ તે ગણ. ય ગણના ત્રણ અક્ષરોમાં પહેલો અક્ષર લઘુ ને બીજા બે ગુરૂ હોય છે.:– યશોદા, વિસામો, બનાડો.

યજન, ન૦ [सं.] પૂજન; સેવા કરવી તે. (૨) હોમવું–બલિ આપવો તે; યજ્ઞ કરવો-અગ્નિ સળગાવી તેમાં હુત દ્રવ્ય હોમવાનું જે કર્મ તે; યજ્ઞ યાગ વગેરે તે; જગન.

યજમાન, પું૦ [सं.] યજન–હોમ–યજ્ઞ કરાવનારો ગૃહસ્થ તે; બ્રાહ્મણ પાસે યજ્ઞ કરાવી તેને દક્ષિણા આપી યજ્ઞફલ લેનારો તે; યજ્ઞાદિક દ્વારા બ્રાહ્મણને આશ્રય આપનારો તે. (૨) આશ્રય આપ-નારો; પોશિંદો; દક્ષિણા વગેરેથી બ્રાહ્મ-ણને પોષનારો તે; દાતા; દેનાર; પાળનાર.

યજમાનવૃત્તિ, સ્ત્રી૦ યજમાન ઉપર આજી-વિકા કરવી તે; યજમાનને ત્યાંથી મળતાં અન્ન, વસ્ત્ર અને દક્ષિણાઓ વગેરે ઉપર

ગુજારો કરવો તે; જજમાનીઃ
યજવું, ક્રિ૦ સ૦ [**સં. યજ્**] અગ્નિમાં હોમ કરવો; બલિ આપવો; હોમવું; અગ્નિને આહુતિઓ આપી તૃપ્ત કરવા. (૨) પૂજવું; સેવા કરવી.
યજુર્વેદ, પું૦ [**સં. યજુસ્**] યજ્ઞ કરવાના મંત્રોનો સમુદાય–બીજો વેદ તે.
યજુર્વેદી, પું૦ [**સં.**] યજુર્વેદ ભણેલો અને તે પ્રમાણે યજ્ઞ કર્મ કરનારો બ્રાહ્મણ તે. યજુર્વેદમાં ફરમાવ્યા પ્રમાણે કર્માદિક કરનાર–યજુર્વેદથી દીક્ષિત હોય તે; યજુર્વેદનો અભ્યાસી. વિ૦ યજુર્વેદ પ્રમાણેનું. યજુર્વેદી કર્મ–સંધ્યા વગેરે.
યજ્ઞ, પું૦ [**સં.**] વેદમાં કહેલા વિધિ પ્રમાણે વેદ મંત્રથી અગ્નિમાં હોમ કરવાનું એક કર્મ તે; હોમ કરવો તે; યાગ; મખ; મેધ; અગ્નિ આરાધન અને અગ્નિને આહુતિઓ આપવી તે. યજ્ઞનારાયણ= યજ્ઞદેવતા.
યજ્ઞપશુ, ન૦ [**સં.**] અગ્નિમાં બલિ તરીકે હોમવાનું પ્રાણી તે. (૨) અજ્ઞ; અજ્ઞાન; અણસમજુ–પશુ જેવો માણસ તે. આખરે જેનો વધ કરવાનો હોય તેવું પોષેલું ને પૂજેલું પ્રાણી વગેરે તે.
યજ્ઞયાગ, પું૦ હોમહવન; મખ; મેધ.
યજ્ઞશાળા, સ્ત્રી૦ [**સં.**] યજ્ઞ કરવાની જગા; હવન–અગ્નિ હોત્રનો ઓરડો તે.
યજ્ઞોપવીત, ન૦ યજ્ઞ કરીને ધારણ કરેલું સૂત્ર તે; ઉપવીત; જનોઇ; બ્રહ્મસૂત્ર.
યતિ, પું૦ [**સં.**] સાંસારિક ઉપાધિ અળગી કરી મોક્ષને માટે યત્ન કરનારો તે; ત્યાગી; યોગી; સંત. (૨) છંદ–રાગમાં આવતો જે વિરામ તે; અટક. (૩) જૈન સાધુ. ઉ૦ યતિ ને ગૃહમેધીના, ધર્મ અન્યોન્ય સાધવા.
યત્કિંચિત, અ૦ [**સં.**] જરાક; લગારેક; (૨) સહેજ; કંઇક; લેશ; અલ્પ.
યત્ન, પું૦ [**સં.**] ઉદ્યોગ; મહેનત; શ્રમ; કોશીશ. (૨) વ્યવસાય; ઉપાય, કોઇ કાર્ય કરવા–સાધવા માટે જે કંઇ પણ ઉદ્યોગ કરવો પડે તે–યત્ન; ખંતથી કામ કરવું ચલાવવું તે.
યત્નતઃ, અ૦ યત્નથી; ઉદ્યોગવડે.
યત્ર, અ૦ [**સં.**] જ્યાં; જે ઠેકાણે.
યથા, અ૦ [**સં.**] જેમ; જેવી રીતે; જે પ્રકારે. (૨) જેવું; જેવી રીતનું યથા રાજા તથા પ્રજા.
યથાક્રમ, અ૦ એક પછી એક એમ; જેમ હોય તેમ; અનુક્રમે; પહેલું તે પહેલું અને બીજું તે બીજું, એમ અસલ ગોઠવણ પ્રમાણે.
યથાતથ્ય, અ૦ જેમ હોય તેમ.
યથાનુક્રમ, અ૦ જેવો અનુક્રમ હોય તેજ અનુક્રમ પ્રમાણે.
યથાન્યાય, અ૦ ન્યાય જેમ થતો હોય તેમ; કાયદેસર–રીતે એમ. (૨) વાજબી.
યથાબુદ્ધિ, અ૦ જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે; બુદ્ધિના પ્રમાણસર; યથામતિ.
યથામતિ, અ૦ જેવી મતિ હોય તે પ્રમાણે; જેમ મતિ પહોંચે તેમ.
યથાયુક્ત, અ૦ જેમ ઘટતું હોય તેમ; જેમ શોભે તેમ.
યથાયોગ્ય, અ૦ યથાયુક્ત; જેમ જોઇએ–જેમ ઘટતું હોય તેમ. (૨) પું૦ નમસ્કાર; ઘટતું હોય તેવું નમન તે; ઘટિત.
યથારૂચિ, અ૦ જેવી રૂચિ–ભાવ હોય તે પ્રમાણે; ઇચ્છા પ્રમાણે; મરજી માફક.
યથાર્થ, અ૦ જે પ્રમાણે અર્થ થતો હોય તે પ્રમાણે; બરોબર; ખરેખર; આબેહુબ. (૨) સત્ય; સાચું; ખરૂં; જેવું હોય તેવુંજ બરોબર એમ.
યથાવિધિ, અ૦ જેવો વિધિ હોય તે પ્રમાણે બરોબર; વિધિ પ્રમાણેજ એમ.
યથાશક્તિ, અ૦ જેવી શક્તિ હોય તે પ્રમાણે;

શક્તિ અનુસાર-ગજા પ્રમાણે.

યથાસ્થિત, અ૦ જેમ હોય-ઘટિત હોય તેમ; જેવું જોઇએ તેવું એમ; યોગ્ય; બરોબર.

યથાજ્ઞાન, અ૦ જ્ઞાન પ્રમાણે; જેવી સમજ હોય તે પ્રમાણે; મગદુરસર.

યથેચ્છા, અ૦ જેવી ઇચ્છા હોય તેમ; મરજી માફક.

યથેષ્ટ, અ૦ ઇચ્છાનુરૂપ; જેમ ઠીક લાગે તેમ; યથારૂચિ.

યથોક્ત, અ૦ જેમ કહેવાયું હોય તેમ; જેવો હુકમ: હુકમસર.

યદા, અ૦ જ્યારે; જે વખતે.

યદિ, અ૦ જો; જોકે.

યદૃચ્છા, સ્ત્રી૦ [સં.] સ્વેચ્છાઃ સ્વતંત્રતા. (૨) અ૦ એની મેળે એમ; વગર યત્ને, કુદરતી રીતે એમ; આકસ્મિક; અણુચિંતવ્યું એમ.

યદ્યપિ, અ૦ [સં.] અગર જો; જો; જો કદાપિ; આમ છે તોપણ.

યદ્વાતદ્વા, અ૦ જેમ તેમ; ગમે તેમ; ઠામ ઠેકાણા વગર.

યમ, પું૦ [સં] મરણ પછી જીવને તેનાં કૃત્ય પ્રમાણે શિક્ષા કરનાર દેવ; મૃત્યુનો દેવ તે; પ્રેતપતિ. (૨) ઇંદ્રિયોને જીતવી તે; સંયમ. (૩) ભયંકર અને ઉગ્ર દેખાવનો માણસ; કાળ; જમ; જીવોને કર્માનુસાર યોજનાર દેવ.

યમક, પું૦ [સં] ગદ્યપદ્ય રચનામાં સવર્ણ-સજાતીય અક્ષરોની આવૃત્તિઓ આણવી તે; અનુપ્રાસ; ઝડઝમક, એક શબ્દાલંકાર. ઉ૦ જાણીતો નહતો પંથ જોઇને જાણીતો થયો, જાણીતા થઇને કીધા જાણીતા તમામને.

યમદૂત, પું૦ જમ; જમદૂત; પ્રાણીઓના જીવને કર્માનુસાર શિક્ષા કરવા યમરાય પાસે લઇ જનારા તેમના દૂત-જાસુસ-સિપાઇ તે.

યમન, પું૦ કલ્યાણ રાગનો એક ભેદ.

યમપાશ, પું૦ [સં] મૃત્યુના દેવનો ફાંસો તે; જમનો દંડુકો-કોરડો. જે વડે ખોળિયામાંથી જીવને ખેંચી લેવાતો કહેવામાં આવે છે તે; જમની દોરી.

યમપુરી, સ્ત્રી૦ [સં.] જમપુર; મૃત્યુના દેવનું રહેઠાણ. (૨) મરણ પછી જીવોને જ્યાં લઇ જવાતા કહેવાય છે તે સ્થાન. ત્યાં જીવોને તેમના કર્મ પ્રમાણે શિક્ષા થાય છે અને તેવી યાતનાઓનાં ત્યાં રાખેલાં સ્થાનમાં મૂકવામાં આવે છેઃ-નરક; અસિપત્રનું વન; વરતરણી નદી વગેરે સ્થાનો યમપુરી અથવા યમલોકમાં છે.

યમી, સ્ત્રી૦ [સં] યમની બહેન તે. (૨) વિ૦ જેણે ઇંદ્રિયોને કબજે રાખેલી હોય એવો-માણસ. ઇંદ્રિયો ઉપર જેનો કાબુ હોય તે.

યક્ષ્મ, પું૦ [સં] ક્ષયરોગ; ખે; ખય.

યવ, પું૦ [સં] જવ; ઘઉંથી ઉતરતું પણ ધોળા છોડાવાળું તેનાજ જેવું લંબગોળ એક અનાજ. આ શિયાળામાં થાય છે. Barly.

યવક્ષાર, પું૦ [સં] જવખાર; Saltpetre.

યવન, પું૦ [સં] હિંદુ આચાર-ધર્મનો નહિ એવો માણસ તે; યુનાન કે ગ્રીસદેશનો વતની તે. મુસલમાન; ખ્રિસ્તી વગેરે કોઇ પણ પરધર્મી માણસ તે; મ્લેચ્છ.

યવાગૂ, સ્ત્રી૦ [સં] રાબ; કાંજી. (૨) ઓસામણ.

યશ, પું૦ [સં] જે હેતુએ ઉદ્યોગ કરાતો હોય તેમાં ફતેહ મળવી તે.:-આ કામમાં તમને યશ મળશે નહિ, અર્થાત્ ફતેહ પામશો નહિ. (૨) કીર્તિ; આબરૂ. (૩) જય; ફતેહ. (૪) ભાગ્યશાળીપણું; દૈવકૃપા. જશ; ધન્યવાદ; શાબાશી; ખ્યાતિ; વાહવાહ; સારૂં બોલાવું તે.

યશસ્વી, વિ૰ યશ પામેલ; જેને જશ મળતો હોય કે મળ્યો હોય તે. (૨) ભાગ્યશાળી; સુભાગી. (૩) પ્રખ્યાત; નામાંકિત.

યષ્ટિ; સ્ત્રી૰ [સં] લાકડી; સોટી. (૨) પાતળો ને ઉંચો આકાર તે.:–દેહયષ્ટિ.

યષ્ટિકા, સ્ત્રી૰ [સં] લાકડી; સોટી.

યંત્ર, પું૰ (ન૰) [સં] એવી જાતની બનાવટ –ગોઠવણ, કે જેથી કોઈ કામ સહેલાઇથી અને ઝટ થાય; ચક્કરચક્કર ફરે અને તેના વેગના બળથી કેટલુંક કામ થાય એવી રચના તે; સંચો; કળ; કરામત. (૨) દેવ દેવીના મંત્રનું અથવા તેમનાં અમુક ચિહ્નનું ગોળ ખાનાં પાડીને બનાવેલું મંડળ અથવા સ્વસ્તિક ફલક–પતરૂં પતાકડું તે.:–ઘંટાકરણનો યંત્ર; ભૈરવનો યંત્ર.

યંત્રણ, ન૰ [સં.] બંધન; પ્રતિબંધ; રોકાણ; અટકાવ; કબજો.

યંત્રવિદ્યા, સ્ત્રી૰ સહેલાઇથી અને ઝટ ઘણું કામ થાય એવી બનાવટો બનાવવાની વિદ્યા તે; યંત્રશાસ્ત્ર.

યંત્રશાસ્ત્ર, ન૰ યંત્રવિદ્યા.

યંત્રશાસ્ત્રી, પું૰ [સં.] યંત્ર બનાવવાનું ને સમારવાનું કામ જાણનારો.

યંત્રિત, વિ૰ [સં.] નિયમમાં હોય એવું; યંત્રના જેવું વ્યવસ્થિત; નિયમબદ્ધ. (૨) અંકુશમાં–બંધમાં રાખેલું હોય એવું; બંધાયેલું; રોકાયેલું.

યા, અ૰ [फा.] ઓર; અથવા; કે; વા.

યાકુત, ન૰ [फा.] માણેક; એક જાતનો કિમતી પત્થર; રત્ન.

યાકુતી, સ્ત્રી૰ ભાંગના ઘીમાં મસાલો મેળવીને તયાર કરેલું માદક દ્રવ્ય; એક જાતનો કેફીપાક.

યાગ, પું૰ [સં] અગ્નિ અને દેવને અગ્નિ મારફતે બલિ–ભોગ આપવો તે; હોમ; હવન; યજ્ઞ; જગ.

યાચક, પું૰ [સં] યાચના કરનાર; માગણ; ભિક્ષુક; જાચક.

યાચના, સ્ત્રી૰ [સં] યાચવું–માગવું તે; ભીખ. (૨) કરગરવું તે; કાલાવાલા; પ્રાર્થના.

યાચવું, ક્રિ૰ સ૰ [સં] માગવું; ભીખવું. (૨) કરગરવું; કાલાવાલા કરવા; પ્રાર્થના કરવી.

યાચ્ઞા, સ્ત્રી૰ [સં.] પ્રાર્થના; અરજ.(૨) કાલાવાલા; આજીજી. (૩) ભીખ; માગણી.

યાજ્ઞિક, વિ૰ [સં] યજ્ઞ–યાગ કરનાર; અગ્નિહોત્ર રાખનાર. (૨) ગુરુ; ગોર.

યાતના, સ્ત્રી૰ [સં] નરકનાં દુઃખ તે; મહાપીડા; સંકટ; કષ્ટ; યમનો માર–દંડ તે. પીડાવું–રિબાવું તે.

યાતુધાન, પું૰ [સં] દૈત્ય; રાક્ષસ.

યાત્રા, સ્ત્રી૰ [સં] ગ્રામાંતરગમન તે; દેશાંતરમાં ફરવું તે. પવિત્ર તીર્થસ્થાનોમાં દેવદર્શન અને સ્નાનાદિક માટે ફરવું તે; જાતરા. (૨) તહેવાર ઉપર અથવા દેવ પ્રતિષ્ઠાની યાદ માટે કે કોઇ વ્રતના માહાત્મ્ય માટે અમુક દેવસ્થાનમાં ઘણા લોક સાથે મળીને ઉત્સવ કરવો તે.

યાત્રાળુ, વિ૰ યાત્ર કરવા કરનાર; પ્રવાસી; તીર્થોમાં ફરનાર; યાત્રિક; તીરથવાસી.

યાત્રિક, યાત્રાળુ.

યાત્રી, જુ૰ યાત્રાળુ.

યાદ, સ્ત્રી૰ [फा.]સ્મરણ; સ્મૃતિ; ફોમ; સરત. (૨) આગળ જે જોયું અથવા સાંભળેલું મનમાં આણવું તે; નહિ વિસરી જવું તે. (૩) યાદી; નોંધ.

યાદગીરી, સ્ત્રી૰ યાદ; સ્મરણ. (૨) જેને જોવા સાંભળવાથી અમુક વસ્તુ કે વાત યાદ આવે–મનમાં ઉપસ્થિત થાય એવું કાર્ય; ચિહ્ન કે એંધાણી તે; સંભારણું. (૩) નામ; નામના; વખાણ.

યાદદાસ્ત, સ્ત્રી૰ સ્મરણશક્તિ; આગળ જે-

એલી કે સાંભળેલી બાબત ફરીને મન આગળ ઉભી કરવાની શક્તિ તે; યાદ.

યાદદાસ્તી, સ્ત્રી૰ સ્મરણશક્તિ; યાદ કરવાની શક્તિ.

યાદી, સ્ત્રી૰ યાદ રહેવા માટે લખી રાખેલું જે ટાંચણ તે; ટીપ; ટિપ્પણ; નોંધ; ઓળિયું. (૨) અરજી. (૩) મુદ્દાઓનું ટાંચણ; મુદ્દાની વાત મગાવવાનો લેખ-પત્ર; રૂક્કો; ચીઠી; યાદ દાખલ લખેલો પત્ર તે.

યાદૃશ, વિ૰ [सं] જેવું; જેમ; માફક.

યાન, ન૰ [सं] વાહન; ગાડું; સવારી કરીને જવું તે. (૨) સ્વારી; ચઢાઈ; આક્રમણ. રાજનીતિ પ્રમાણે સંધિનો એક પ્રકાર. :-સંધિ, વિગ્રહ; આસન; યાન; સંશ્રય; દ્વૈધીભાવ.

યાને, અ૰ અથવા; વા. (૨) બદલે.

યામ, પું૰ [सं] પહોર; ત્રણ કલાક જેટલો કાળ તે. (૨) ક્ષમા. (૩) અટકવું-થોભવું તે.

યામિની, સ્ત્રી૰ [सं] રાત્રિ; રજની; નિશા; જામિની.

યાર, પું૰ દોસ્ત; મિત્ર. (૨) આશક; પ્રીતમ. (૩) પ્યાર; પ્રેમ.

યારબાજ, વિ૰ પ્રેમઘેલું; કોડીલું; કામી; કામુક.

યારી, સ્ત્રી૰ દોસ્તી; મૈત્રી; પ્રેમબંધન-ગાંઠ. સ્ત્રીપુરુષ વચ્ચેનો પ્રેમ તે. (૨) ઇશક; પ્રેમ. (૩) શઢ છુટા મૂકવાનો દોર તે. (૪) મદદનો હાથ; પ્રભુ-ભાગ્યની મહેરબાની, સુયોગ; સહાય. :-જો ભાગ્યદેવતા યારી આપે તો આ વખતે જરૂર લાભ થાય.

યાલ, સ્ત્રી૰ ઇયાલ; કેશવાળી; સિંહ વગેરેની ગરદન ઉપરના વાળ તે.

યાવક, પું૰ અળતો; લાખમાંથી બનાવેલો લાલ રંગ.

યાવત્ અ૰ [सं] જ્યાંસુધી; જેટલે લગી; જ્યાં લગણ. યાવચ્ચંદ્રદિવાકરૌ=જ્યાં લગી ચંદ્રમા અને સૂર્ય હોય ત્યાં લગી; હમેશને માટે; નિરંતર ચાલ્યા કરે એમ.

યાવની, વિ૰ [सं] યવન સંબંધી, પરદેશી ને પરધર્મનું એવું તે; મ્લેચ્છનું; હિંદુને લગતું નહિ તે. :-યાવની ભાષા=મ્લેચ્છભાષા.

યાહુદી, વિ૰ [अ. यहुदी] હિબ્રુ લોક તે; જુડિયાના રહેવાસી; જ્યુ લોક.

યાહોમ, અ૰ એકદમ આંધળિયાં કરીને (પડવું તે) મરણિયો થઇને; આંખો મીચીને; જેમ થવાનું હોય તેમ થાય એમ કરીને. ઉ૰ યાહોમ કરીને પડો યારો ફતેહ છે આગે.

યાંત્રિક, વિ૰ [सं] યંત્ર સંબંધી; કરામતી.

યુક્ત, વિ૰ [सं] જોડાયેલું; મળેલું; ભળેલું. (૨) યોગ્ય; લાયક; જોઇએ તેવું.

યુક્તિ સ્ત્રી૰ [सं] કળા; તદબીર; કરામત. (૨) ઉપાય; ઇલાજ. (૩) હિકમત; હુન્નર; ઇલિમ. (૪) ચાલાકી; ચતુરાઇ; ખૂબી. (૫) રચના; ગોઠવણ.

યુક્તિમાન, વિ૰ યુક્તિવાળું; ચતુર. (૨) કસબી; હુન્નરી; ઇલમી.

યુગ, પું૰ [सं.] પૌરાણિક રીતે પાડેલા કાળના ચાર મોટા ભાગમાંનો દરેક તે; મોટો લંબાણ કાળવિભાગ.:-સત્યયુગ; દ્વાપરયુગ; વગેરે.

યુગલ, ન૰ [सं] જોડું; જુગલ; દંપતી.

યુગેયુગ, અ૰ વખતો વખત; દરેક ફરી ફરીને આવતા કાળે; ભવોભવ.

યુગ્મ, ન૰ [सं.] જોડું; દંપતી; બેનો મેલ તે.

યુત, વિ૰ [सं.] જેવું; યોગ્ય; લાયક. (૨) યુક્ત; વાળું.:- શ્રીયુત.

યુદ્ધ, ન૰ [सं.] લડાઇ; સંગ્રામ; વિગ્રહ. વઢવાડ; મારામારી.

યુદ્ધવિદ્યા, સ્ત્રી૰ [सं] લડાઇ સંબંધી વિજ્ઞાન તે; લડવાની યુક્તિઓ, રચનાઓ અને ગોઠવણો વગેરે સંબંધી જ્ઞાનનો સંગ્રહ તે; લડવાની કળા તે.

યુનાની, વિ૦ [અ.] યુનાન દેશનું-તે સંબંધી; ઇરાનનું; મુસલમાની. યુનાની વૈદું.

યુરોપીયન, વિ૦ યુરોપ સંબંધી; યુરોપનું. (૨) યુરોપનું વતની તે.

યુવતી, સ્ત્રી૦ [સં.] જુવાન સ્ત્રી; જુવતી; જુવંતી; યૈવના. સોળથી ત્રીસ વર્ષની વયની સ્ત્રી તે.

યુવરાજ, પું૦ [સં.] જુવાન રાજકુંવર; પાટવી કુંવર; ગાદીનો વારસ રાજપુત્ર તે; રાજાનો મોટો છોકરો.

યુવરાજ્ઞી, સ્ત્રી૦ પાટવી કુંવરની વહુ તે. નાની જુવાન રાણી તે.

યુવાન, વિ૦ [સં.]ઉમ્મરમાં આવેલું; પ્રજોત્પત્તિને યોગ્ય વયે આવેલું; તરૂણ. (૨) જુવાન માણસ. સોળથી ચાળીસ વર્ષની વયનો મરદ તે.

યુવાવસ્થા, સ્ત્રી૦ [સં.] તારૂણ્ય; યૌવન; જોબન. (૨) જુવાનીનો વખત તે; જોબનકાળ તે; યૈવનાવસ્થા.

યૂકા, સ્ત્રી૦ [સં.] જૂ.

યૂથ, ન૦ [સં.] ટોળું; સમૂહ; મંડળ; ગોર.

યૂપ, પું૦ [સં.] યજ્ઞશાળામાં યજ્ઞના પશુને બાંધવાનો થાંભલો.

યોગ, [સં] બેનું જોડાવું; એકઠાં થવું; મળવું તે; મેળાપ; મેળ; સંગમ. (૨) સંધિ; સંબંધ. (૩) લગાડવું તે; યોજના; ઉપયોગ. (૪) રીત; પ્રકાર; રૂઢિ; ઢબ. (૫) યાન; વાહન. (૬) મારફત; દ્વારા. (૭) બંધબેસતાપણું; યોગ્યતા. (૮) લાગ; તાકડો; પ્રસંગ. (૯) બંદોબસ્ત; ગોઠવણ; જોગ; સાંધણ.

યોગ, પું૦ [સં.] ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો તે; આસન, પ્રાણાયામ, ધ્યાન વગેરે દ્વારા અંતઃકરણની ઇશ્વર સાથે એકાગ્રતા કરવાનો માર્ગ તે. પાતંજલિ મુનિએ શોધી કાઢેલી ઐક્ય સાધવાની એક રીત અને તેને લગતું શિક્ષણ તે.

યોગક્ષેમ, ન૦ [સં.] અન્ન વસ્ત્ર અને આરોગ્યથી સારી રીતે નિભાવ ચાલવો તે; કલ્યાણ; સુસ્થિતિ; આબાદી. ઉ૦ યોગક્ષેમ સદા આપે વિશ્વરૂપી કુટુંબને.

યોગમાયા, સ્ત્રી૦ દુર્ગાદેવી; દુર્ગા; એક અદ્ભુત કાર્ય કરવામાં કુશળદેવી. (૨) જગતનો અંત આણે એવી પરમેશ્વરની શક્તિ તે.

યોગરૂઢ, વિ૦ [સં.] વ્યુત્પત્તિ પ્રમાણે તેમજ બોલવામાં લગીરે અર્થભેદ ન હોય એવું:— યોગરૂઢ શબ્દ.

યોગાભ્યાસ, પું૦ [સં.] યોગતત્વનો અભ્યાસ તેમજ તેની પ્રક્રિયાઓનો મહાવરો પાડવો તે. યોગ એટલે શું અને તેનું તાત્પર્ય—અર્થ શો, વગેરે વાંચીને મનમાં ઉતારવું—સમજવું તે; અને આસન, ધ્યાન, પ્રાણાયામ વગેરેથી તેમાં બતાવેલી પ્રક્રિયાઓ જાતે કરીને અનુભવ લેવો—કરી જાણવાનો મહાવરો પાડવો તે. યોગાભ્યાસી= તેનો મહાવરો કરનારો અને શિખનાર તે; જેને પ્રક્રિયાઓ આવડતી હોય તે.

યોગાયોગ, લાગ બેલાગ; અનુકૂળ પ્રતિકૂળ તે.

યોગાસન, ન૦ [સં.] ધ્યાન ધરવા—સમાધિ લેવાને યોગશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે બેસવાની જે તરેહ, જુદી જુદી રીતિઓ—ઢબ તે.

યોગિની, સ્ત્રી૦ [સં.] ઉપદેવી; દુર્ગાદેવીની પરિચારિકા; અર્ધ દેવતા. (૨) જોગણી; મેલીદેવી. (૩) સાધુડી; તાપસી.

યોગી, પું૦ [સં] યોગ સાધનારો; ધ્યાન અને સમાધિ વગેરે યોગની પ્રક્રિયાઓથી બ્રહ્મનું ચિંતન કરનારો; તપસ્વી; સાધુ.

યોગીશ્વર, પું૦ [સં] યોગીઓમાં ઇશ્વર જેવો તે; મોટો યોગી; મહા તપસ્વી.

યોગ્ય, વિ૦ [सं] બેસતું; બરાબર આવતું–પડતું હોય એવું તે; છાજતું; માફક. (૨) ઘટતું; શોભતું; ખપતું. (૩) સમ; સમાન; સરખું. (૪) લાયક; પાત્ર. (૫) ચતુર; દક્ષ; કુશળ.

યોગ્યતા, સ્ત્રી૦ [सं.] લાયકી; પાત્રતા; પ્રતિષ્ઠા. (૨) ઉચિતપણું; અર્હતા. (૩) આબરૂ.

યોગ્યાયોગ્ય, વિ૦ યોગ્ય ને અયોગ્ય તે.

યોજક, પું૦ [सं.] યોજના કરનાર; રચના–પ્રેરણા કરનાર; બનાવનાર; ઘડનાર; જોડનાર; વસ્તુ, વાત, અને કલ્પના વગેરેને ગોઠવનાર તે.

યોજન, પું૦ [सं] ચાર ગાઉ જેટલું છેટું–માપ તે; લંબાણનું માપ–ભરત તે.

યોજનગંધા, સ્ત્રી૦ કસ્તૂરી. (૨) મત્સ્યગંધા; વ્યાસની માતા, પાંડવોની દાદી.

યોજના, સ્ત્રી૦ [सं.] બંધબેસતી રચના–ગોઠવણ તે; વ્યવસ્થા; રચના; જોડાણ. (૨) જુક્તિ; કરામત; હિકમત.

યોજનીય, વિ૦ [सं.] યોજવા યોગ્ય; જોડવાલાયક.

યોજવું, ક્રિ૦ સ૦ [सं. युज्] જોડવું; રચવું; ગોઠવવું; બનાવવું; બેસડવું. (૨) બેસતું કરવું; સાંધવું; મેળવવું. (૩) મૂકવું; સામેલ કરવું, સાથે જોડવું.

યોધ, પું૦ [सं.] સૈનિક; લડવૈયો; સિપાઈ. (૨) શૂરવીર; મરદ.

યોધ્ધો, પું૦ [सं.] સૈનિક; લડવૈયો; સિપાઈ. (૨) શૂરવીર; પહેલવાન.

યોનિ, સ્ત્રી૦ [सं.] સ્ત્રીની જનનેંદ્રિય. (૨) જન્મસ્થાન; ઉત્પત્તિની જગા. (૩) આદિકારણ; મૂળ. (૪) અવતાર; જન્મ.

યોષિતા, સ્ત્રી૦ [सं.] સ્ત્રી; બાઇડી: નારી.

યૌવન, ન૦ [सं.] વિવાહને યોગ્ય વય તે; જુવાની; તારુણ્ય; જોબન.

યૌવના, સ્ત્રી૦ [सं.] જુવાન સ્ત્રી; તરુણી; જુવંતી.

યૌવરાજ્ય, ન૦ [सं.] ગાદીવારસનું જે પદ તે; પાટવીકુંવરનો અધિકાર તે; યુવરાજપદનો–ઓધ્ધો તે.

ર.

ર, પું૦ [सं.] આડત્રીસમો મૂળાક્ષર અને સત્તાવીસમો મૂર્દ્ધસ્થાની વ્યંજન વર્ણ. ર, લ અને ડ એક બીજાને સ્થાને પ્રાંતપરત્વે વપરાય છે. બોરણું=બોયણું; પાલણું=પાયણું; સાડલો=સાલ્લો. રકાર.

રઇ, સ્ત્રી૦ રાઈ; રૈ; લાલ રંગના ઝીણા ગોળ તેલી ને તીખા વસાણાનાં બી. (૨) રતિ. ઉ૦ રઇ તું તો ડઇ થઇને આવી રે.

રઇયત, સ્ત્રી૦ રૈયત; પ્રજા; ગામ કે દેશમાં એકાદ રાજા વગેરેને તાબે એક જથે રહેતા જે લોક તે; ખેડુત, ધંધાદારી અને બીજા જે સાધારણ લોક તે. (૨) રાજા કે જમીનદાર વગેરેએ જમીન તથા આશ્રય આપીને રાખેલા માણસો તે; આશ્રિતો:–આમે કંઇ તમારી રઇયત નથી. ઉદ કા-રીગર વગેરે સંસ્થાનિક લોક.

રકઝક, સ્ત્રી૦ લેવા આપવામાં આનાકાની કરવી તે; હા ના કર્યા કરવી તે; વિવાદ. (૨) ભાંજગડ; પંચાત; તકરાર. (૩) હઠ; આગ્રહ; જીદ. ક્રિ૦ પ્ર૦ રકઝક કરવી=હા, ના કરવી; સામસામા આનાકાની કર્યા કરવી; પંચાતી કરવી.

રકમ, સ્ત્રી૦ [अ.] ગણુતરીવાળો અમુક આંકડો તે; સંખ્યા; ગણુતરીવાળો અમુક એક જુમલો તે. (૨) ચીજ; વસ્તુ; બાબત; બીના. (૩) પેટા કલમ; આખામાંનો અમુક એકાદો વિભાગ–અવયવ–ઘટક તે. રકમબંધ=જથાબંધ; એક જુમલે; મોટે આંકડે–સરવાળે અથવા સાથે, સામટું. (૨) જુમલે જુમલે; ક્રમસર; ક-

રેક સંખ્યાવાર; રકમવાર એમ; બાંધી રકમે.

રકાન, પું૦ [फा.] ધારો; નિયમ; કાનુન. (૨) રીતરિવાજ; ચાલ.

રકાબ, પું૦ [अ.] પેંગડું; ઘોડાપર ચઢવાને અને બેઠા પછી પગ ટેકવવાને રાખેલાં જીનમાંનાં કડાં તે. રકાબદાર=ખીજમતદાર.

રકાબા, ન૦ ખેડાતી જમીનનો તે ભાગ કે જેમાં તુલ બરોબર ઉગતું ને ઉછરતું હોય નહિ તે; ખેતર કે જમીનની આસપાસની જગા.

રકાર, પું૦ [सं.] ર એવો અક્ષર અને ઉચ્ચાર તે; ર એમ.

રકાબી, સ્ત્રી૦ [अ.] નાની છાછર થાળી; નાનું ટાટ; તબકડી.

રકેબી, સ્ત્રી૦ રકાબી.

રકકો, પું૦ રૂકકો; ચીઠી; ટુંકો લેખ. (૨) ઠરાવ; નિયમ; બંદોબસ્ત.

રક્ત, વિ૦ [सं.] લાલ; રાતું; લોહીના રંગનું.

રક્ત, ન૦ [सं.] રૂધિર; લોહી.

રક્તકોઢ, પું૦ જેમાંથી લોહી મિશ્ર રાતું ચીકણું પાણી-રસી ઝર્યા કરે અને ચામડી ખવાતી ને ખોદાતી જાય એવો એક ભયંકર ત્વચારોગ; રક્તપિત્ત.

રક્તચંદન, ન૦ [सं.] રાતા રંગની સુખડ; રાતા રંગનું એક સહેજ સુગંધિવાળું લાકડું અને તેનું ઝાડ તે; રતાંજળી.

રક્તપિત્ત, ન૦ લોહી અને પિત્ત બેઉના વિકારથી થતો એક ચેપી આજાર. ૧૬ જાતના કોઢમાંનો રોગ; પત; રક્ત પ્રમેહ.

રક્તબીજ, પું૦ [सं.] એક રાક્ષસ; જ્યાં લોહી પડે ત્યાં ફરી ફરીને ઉત્પન્ન થાય એવો એક દૈત્ય. (૨) માકણ.

રક્તસ્રાવ, પું૦ [सं.] શરીરમાંથી લોહી વહેવું તે; લોહીનું વહી-નીકળી જવું તે.

રક્તાશય, ન૦ [सं.] લોહીને રહેવાની જગા; હૃદય; કાળજું; અંતઃકરણ; ફેફસાં.

રક્ષક, પું૦ [सं.] રક્ષણકર્ત્તા; રખવાળ; બચાવ કરનાર; પાલક. (૨) ચોકીદાર.

રક્ષણ, ન૦ [सं.] રખવાળું; રખવાળું કરવું તે; સાચવવું તે; બચાવવું કે નહિ નુકસાન હાનિ થવા દેવાં તે; પાળવું તે; બચાવ, સાચવણી, સંભાળ.

રક્ષવું, ક્રિ૦ સ૦ રખવાળું-રક્ષણ કરવું; બચાવવું; સંભાળવું; સાચવવું; ઉગારવું. (૨) પાળવું.

રક્ષા, સ્ત્રી૦ રાખ; રાખોડી; ટાઢી; સેલી.

રક્ષા, સ્ત્રી૦ [सं.] રક્ષણ; બચાવ; સંભાળ; તપાસ. (૨) રક્ષણ કરે એવું જે તે; રાખડી. રક્ષાબંધન=આશીર્વાદ દઈ હાથને કાંડે મંત્રિત દોરો બાંધવો-રાખડી બાંધવી તે.

રક્ષિત, વિ૦ [सं.] જેનું રખવાળું કરેલું હોય તે; જે રક્ષણ નીચે હોય તે; સંભાળમાંનું; સાચવેલું; આશ્રિત; પાળેલું.

રખડ, સ્ત્રી૦ રખડવું તે; આમ તેમ અર્થ વગર ભટકવું તે; ફેરા આંટા ખાધા કરવા તે. અથડામણ; ભ્રમણ; રખડપટ્ટી.

રખડપટ્ટી, સ્ત્રી૦ રખડ; આમ તેમ ખાલી ફેરા આંટા કર્યા કરવા તે.

રખડવું, ક્રિ૦ અ૦ અહિં તહિં નકામું અથડાવું-ફેરા આંટા ખાવા; રઝળવું. (૨) નિરાશ થવું; ધારેલું કામ નહિ થવું; નાસીપાસ થવું; રહીજવું; ફાંફાં મારવાં.

રખડાઉ, વિ૦ આમ તેમ રખડનારૂં; રઝળનાર; નકામું ફર્યા કરનાર; સ્થાયી નહિ એવું. (૨) હરાયું; ભટકણ; સ્વેચ્છાચારી.

રખડાટ, પું૦ રખડામણ; રખડ, રખડપટ્ટી તે.

રખડામણ, સ્ત્રી૦ અથડામણ; ફેરા આંટા પડવા તે; ભ્રમણ; નકામી રખડપટ્ટી.

રખડામણી, સ્ત્રી૦ રખડ; અથડામણ; રખડાટ.

રખડાવવું, ક્રિ૦ સ૦ રખડે એમ કરવું; રઝળાવવું; ભમાવવું; ફેરા ખવરાવવા. (૨) નહિ ફાવવા દેવું; નહિ ઠેકાણે પડવા દેવું; એકકે અર્થ સરે નહિ એમ કરવું.

રખડેલ, વિ૦ રખડતું ફરનાર; ભટકનારૂં; ભટકણ; સ્વેચ્છાચારી; નહિ સ્થિર વાસતું એવું; જ્યાં ત્યાં ભટકયા કરે એવું.

રખતી, સ્ત્રી૦ સામાનું માન અને અણીના વખતનું કામ કરી તેની આબરૂ સાચવી તે; માન.

રખપત, સ્ત્રી૦ પત રાખવી તે; સાખ–આબરૂ સંભાળવી તે.

રખરખ, સ્ત્રી૦ મંદવાડને–અસુખને લીધે બાળક વગેરેએ વારંવાર અણગમો કર્યા કરવો તે; અણગમાને લીધે વારંવાર બેચેની બતાવવી તે. વારંવાર ઝીણું ઝીણું રડવું તે. (૨) તલસવું; તલપવું; વળખાં મારવાં.

રખરખવું, ક્રિ૦ અ૦ તલપવું; તરસવું; નહિ ચેન પડવું ને ઝીણું ઝીણું રોવું અથવા વારંવાર અણગમો કર્યા કરવો તે.

રખરખાવટ, સ્ત્રી૦ રખતી; આબરૂ અને અણીનું કામ સાચવી લેવું તે; રખાવટ.

રખવાળ, પું૦ રક્ષક; રક્ષણ કરનારો; સાચવનારો, ચોકસી રાખનારો તે. (૨) પાળક. (૩) બચાવનાર; સંભાળનાર.

રખવાળી, સ્ત્રી૦ રખવાળનું કામ તે; સાચવવાનું કામ. (૨) સાચવવાના કામનું લવાજમ તે.

રખવાળું, ન૦ રક્ષણ; સંભાળ; સાચવણી; સંભાળ; રક્ષા; તપાસ. (૨) રક્ષણ કરવા માટેનું લવાજમ તે; ચોકી.

રખાપત, જુઓ૦ રખાવટ. રાખપત તો રખાપત.

રખાવટ, સ્ત્રી૦ કોઈ આબરૂ ઇજ્જત અથવા અણીનો વખત સાચવી લેવો તે; કોઇનું રાખવું–સંભાળવું તે. (૨) પક્ષપાત; તરફદારી; ઉપરાણું.

રખી, પું૦ ભંગિયો.

રખીસર, જુઓ૦ રખી; રખેસર પણ બોલાય છે.

રખું, વિ૦ રક્ષણ કરનાર; સાચવનાર; સંભાળનાર.:– ઘરરખું બાઇડી. વળી પગરખું; અંગરખું વગેરે.

રખે, અ૦ કદાપિ; કોણ જાણે; રખેને.

રખેવાળ, પું૦ રખવાળ; ચોકીદાર.

રખેળવું, ક્રિ૦ સ૦ રાખવાળું કરવું; રાખમાં રગદોળવું; અનાજ વગેરેને સળે નહિ તે માટે રાખમાં ભેળવવાં–અથવા રાખ અનાજમાં ભેળવવી તે.

રખો, પું૦ રખવાળ; રક્ષણ કરનારો. ખેતરમાંનાં ઝાડ અને પાકની તપાસ રાખનારો તે. (૨) વસાવો–ભીલ.

રખોટવું, ક્રિ૦ સ૦ આંકાથી ચિહ્ન કરવું; રેખા–આંકો પાડવો; લીટા દોરવો; નિશાન–આકૃતિ વગેરે પાડવા માટે રેખાઓ ખેંચવી તે. (૨) રખેળવું.

રખોપિયો, પું૦ રખો; રક્ષણ કરનારો; રખેવાળ; ચોકિયાટ.

રખોપું, ન૦ રખવાળું; રક્ષા; રક્ષણ કરવું તે. (૨) રાખવા–સાચવવાનું લવાજમ તે–મહેનતાણું; ચોકી; રખવાળું કરવાનો બદલો આપવો તે.

રખ્યા, સ્ત્રી૦ રાખ; રાખોડી; હેલી; ભસ્મ.

રગ, સ્ત્રી૦ નાની નાડી; નસ; રક્તવાહિની; શિરા. (૨) સ્વભાવનો ઝોક; મનોવૃત્તિ; પ્રકૃતિ; તબિયત. રગ જોવી–વિચારવી=સામાની મનોવૃત્તિ સમજીને વર્તવું તે. (૩) મર્મ; ભેદ.:– રગેરગનો ભોમિયો=બધી વાતનો–મર્મનો જાણીતો. રગ હાથમાં આવવી=સ્વભાવનો ઝોક તે.

રગડ, સ્ત્રી૦ હેરાનગતિ; રંજાડ; પજવણી; રગડાટ. (૨) ખૂબ ઘસવું-રગડવું તે; માલેસ કરવું તે; જોરથી મસળવું તે; ચંપી. (૩) મહેનત; પરિશ્રમ.

રગડદગડ, અ૦ જેમતેમ; બહુ સારી રીતે તેમ છેક ખરાબ રીતે પણ નહિ એવી રીતે નીભવું-ચાલવું તે; ધીરેધીરે; આસ્તે આસ્તે, જેમતેમ કરીને.

રગડમલ, વિ૦ અખાડામાં રગડી રગડીને રીઢું થયેલું હોય એવું; કસાયેલું ને કસરતથી હષ્ટપુષ્ટ થયેલું હોય એવું; ભરેલા પુષ્ટ અંગનું. (૨) જંગલી જેવું; ખૂબ માતેલું-જાડું; તરેહવાર.

રગડવું, ક્રિ૦ સ૦ હેરાનકરવું; પજવવું. વિતાડવું; રંજાડવું. (૨) જોરથી ચાંપવું-ચોળવું; મસળવું; માલેસ કરવું; ખૂબ દબાવવું. (ઘ) ખૂબ વાટવું; ઘુંટવું; લસોટવું; કચરી ઘુંટીને બારીક કરવું. દુઃખ દેવું; પીડા કરવી.:- એને ભૂત રગડે છે. મર્દન કરવું. (૪) ગડબડવું; ગુલાંટો ખાતાં સરકવું, ગડવું:-મોભારેથી રગડતો રગડતો નીચે પડયો.

રગડાટ, પું૦ હેરાનગતિ; પજવણી; રંજાડ. દુઃખ; પીડા.:-એને કંઈ ભૂત પ્રેતનો રગડાટ હોય તો જતિ ભુવો બોલાવો. (૨) વેઠ; વૈતરૂં; સખત મહેનત તે. (૩) ગડબડવાથી થતો ઘોંઘાટ તે.

રગડાવવું, ક્રિ૦ સ૦ હેરાન કરાવવું; પજવાવવું; પીડા કરાવવી. (૩) જોરથી-ભાર દઈને ઘસાવવું-માલેસ કરાવવું.:-નસ બાઝી ગઈ હોય તો તેલ રગડાવો. (૪) ઘુંટાવવું.:-જુદાં જુદાં અનુપાનોમાં સો વાર રગડાવે ત્યારે શતપૂટી ભસ્મ થાય. (૫) પોતાની જાતે ફરે ને આગળ વધે એમ સરાવવું-ગબડાવવું; ગુલાંટો ખાતું ગડગડે એમ કરવું.

રગડાવું, હેરાન થવું; દુઃખી થવું. (૨) પીડા પડવી. (૨) ગુલાંટ ખાતાં ગડબડવું. (૩) વટાવું; મસળાવું; દબાવું-ચંપાવું.

રગડો, પું૦ જાડો ગાઢો પ્રવાહી. (૨) પ્રવાહીની નીચે ઠરેલો કચરો; કાદવ; રોદો.

રગદોળવું, ક્રિ૦ સ૦ ધૂળ અથવા કાદવ ભેગું કરી નાંખવું;. માટી-મેલ વળગે એમ જમીન સાથે ભૂસી-ઘસી રદ કરી નાંખવું; કીચડવાળું કરવું જમીન-ખાક સાથે ભેળી દેવું. ઉ૦ તુજ સરિખા કે કે મેં તો રણ રગદોળી નાંખ્યા. ખરડવું; મેલું કરવું; રજ-મેલ ચોંટાડવો. નવી સાલ કચરામાં રગદોળી. (૨) ખૂબ વાપરવું; ઘણી મહેનત આપવી. જમીન દોસ્ત કરીનાંખવું.

રગણ, પું૦ [સં.] પિંગળ પ્રમાણે ત્રણ ત્રણ અક્ષરનો એક ગણ ગણાય છે. આવા આઠ ગણ છે તેમાંનો પહેલો ને છેલ્લો ગુરૂ ને વચલો લઘુ અક્ષર હોય એવો ગણ તે.:-રામજી; ગોમતી; કાળકો.

રગત, ન૦ [સં. रक्त] લોહી; રૂધિર; રક્ત. રગતરોટી=સૈનિક નોકરીની આજીવિકા. લોહી રેડવું પડે એવી નોકરીથી ગુજારો કરવાનું કામ તે.

રગતરોયડો, પુ૦ જેથી વહેતું લોહી બંધ થાય અને ઘા રૂઝાય એવી એક વનસ્પતિ-છોડ તે; એક ઓષધિ.

રગરગાવવું, ક્રિ૦ સ૦ આશામાંને આશામાં રાખ્યા કરવું; કેટલી આજીજી અને વાર લગાડયા-રાહ જોવરાવ્યા પછી થોડું આપવું તે; રકઝક કરાવવી; રાહ જોવડાવી થકવી નાંખવું; ખાલીજ ખોટી કરવું. (૨) વિતાડવું; હેરાન કરવું; પજવવું; વળખાં મરાવવાં; (૩) મહેનત આપવી; આશા આપી દુઃખી કરવું. (૪) મુલતવી રાખવું.

રગવું, ક્રિ૦ અ૦ કરગરવું; કાલાવાલા કરવા.

રગસિયું, વિ૦ ચાલે, ઉભું રહે અને વળી હેલા ખાતું ખાતું ધીરે ધીરે ચાલે એવું:– રગસિયું ગાડું. સુસ્ત; આળસુ. ગતિમાં ઝડપવાળું નહિ એવું.

રગિયું, વિ૦ હઠીલું; મતીલું; તંતી.

રગ્ગડ, વિ૦ ખૂબ જાડું; ધટ્ટ; ગાઢું. ધિંગું; ચવ્વડ.:–જાડું રગ્ગડ.

રઘવાટ, પું૦ હાંફળાફાંફળા થઈજાઈ ઉતાવળ કરવી તે; ઉતાવળનો ગભરાટ, બાવરા થઈજવું તે; ગાભરા પડીજવું તે; ખૂબ ઉતાવળ કરવી તે.

રઘવાટિયું, વિ૦ ખૂબ ઉતાવળ કરી પોતે ને પોતે ગાભરૂં પડી જાય એવું; આકળા–ઉતાવળિયા સ્વભાવનું; આકરૂં; બાવરૂં. રૂ૦ પ્ર૦ રગવાયું. ભૂત=બહુ ઉતાવળિયું; કોઈ કામ કરવા કે ખાવાપીવાને અધીરૂં થઈજાય એવું.

રઘવાયું, વિ૦ આકરૂં; ગાભરૂં; બાવરૂં; ઉતાવળિયું. (૨) બેચેન.

રચના, સ્ત્રી૦ [सं.] યુક્તિસર કરેલી સરસ ગોઠવણ–બનાવટ તે. (૨) શોભા; ઠાઠ. બનાવવું તે; રીતસર સફાઈથી વસ્તુઓ વગેરેની સુંદર ગોઠવણી તે–રચના. (૩) વ્યવસ્થા; સરજત તે; ચમત્કારી ઘટના. ઉ૦ રચના રચનાર રે ધણી, કરુણાળુ કરુણા કરો ધણી. પદ્યરચના=કવિતા; (૪) દેખાવ; આલોક. (૫) છટા; ખૂબી.

રચવું, ક્રિ૦ સ૦ [सं. रच्] યુક્તિસર ગોઠવવું; એક એક સાથે શોભે અને સારૂં દેખાય એમ સજ્જ કરવું; વ્યવસ્થામાં મૂકવું; યુક્તિથી માંડવું. (૨) ઉભું કરવું. બંધાવવું; ચણવું–ચણાવવું.

રચામણી સ્ત્રી૦ રચવાનું મહેનતાપણું; રચવા માટેનો બદલો.

રચાવવું, ક્રિ૦ પ્ર૦ રચના કરાવવી; બનાવરાવવું; ગોઠવાવવું; વ્યવસ્થા કરાવવી. બંધાવવું; ઉભું કરાવવું.

રચિત, વિ૦ [सं.] રચેલું; ગોઠવેલું; યુક્તિસર રચના કરેલી હોય એવું.

રચ્યુંપચ્યું, વિ૦ મશગુલ; એકતાર ને એક મન થઈ ગયેલું હોય એવું; એકજીવ; તલ્લીન; આસક્ત; ગુલતાન.

રચ્ચક, વિ૦ ઘણું; પુષ્કળ; અતિશય.(૨)પૂર્ણ.

રજ, વિ૦ જરા; થોડું; અલ્પ; લગાર; કિંચિત.

રજ, ન૦ [सं.] અટકાવ. સ્ત્રીનો (૨) સ્ત્રી૦ કસ્તર; ઝીણી ધૂળ–કણ; કકડી તે; અણુ. કહે૦ રજનું ગજ=કાગનો વાઘ.

રજઈ, સ્ત્રી૦ રજાઈ.

રજક, પું૦ [सं.] ધોબી; પર્યટ; ધાવક. (૨) [अ. रिजक] સરજિત; નિર્માણ; ભાગ્યમાં લખાયેલું હોય એવું તે; દાણો પાણી; પ્રારબ્ધ.

રજકણ, ન૦ રજ; અણુ; ઝીણામાં ઝીણી કરચ તે; કણી; ઝીણો અતિ સૂક્ષ્મ રેતી વગેરેનો કણ તે. (૨) છિયાડી; બારીક ધૂળ.

રજત, ન૦ [सं.] રૂપું; ચાંદી; ધોળા રંગની કિંમતી ધાતુ.

રજની, સ્ત્રી૦ [सं.] રાત; રાત્રિ.

રજનીકર, પું૦ [सं.] ચંદ્ર; ચંદ્રમા; ચાંદો.

રજનીચર, વિ૦ રાત્રિએ ભટકનાર; રાતનો ફરનાર. (૨) પું૦ રાક્ષસ; દૈત્ય. (૩) ચોર; નઠારો માણસ.

રજપૂત, પું૦ [सं. राजपुत्र] રાજાનો છોકરો–રાજ કરતા વંશનો માણસ; ગરાસિયો; ક્ષત્રિય. એ નામની લડાયક–શૂરવીર જાતિ તે.

રજપૂતાણી, સ્ત્રી૦ રજપૂતની સ્ત્રી; રજપૂત જાતની સ્ત્રી; ગરાસણી; ક્ષત્રિયાણી.

રજવાડું–ન૦ રજપૂત લોકનું રાજ્ય સંસ્થાન તે; રજપૂત રાજાનું રાજ્ય તે.:–કહિંક રજવાડામાં નોકરી લો તો ઠીક.

રજવાડો, પું૦ રજપૂતનો દેશ-સંસ્થાન તે. (૨) જ્યાં રજપૂતો રહેતા હોય તે મુલક કે વિભાગ તે. (૩) રાજા અને તેના કુટુંબ પરિવારને રહેવાનો મહોલ્લો-મહેલ વગેરે તે.

રજસ્વલા, સ્ત્રી૦ [सं.] જેને રજ આવેલું હોય એવી સ્ત્રી; અડકાવવાળી સ્ત્રી; અભડાયેલી; અળગી બેઠેલી સ્ત્રી.

રજા, સ્ત્રી૦ [अ. **रिजा**] છૂટ; છુટી. (૨)પરવાનગી; હુકમ; આજ્ઞા. (૩) મંજુરી; કબુલાત; અનુજ્ઞા. (૪) રૂખસદ; ફરાગતી. ક્રિ૦ પ્ર૦ રજા લેવી=જવાનો-કામ કરવાનો કે નોકરી ઉપરથી ગેરહાજર રહેવાનો હુકમ મંજુરી અથવા અનુમતિ લેવી; જવું; ચાલી નીકળવું; છુટા થવું. રજા આપવી=રૂખસદ આપવી; કાઢી મૂકવું; નોકરી ધંધા ઉપર નહિ રાખવું.

રજાકજા સ્ત્રી૦ મોત; મરણ.:-રણમાં જઇએ છીએ ને રજાકજા થાય તો કુટુંબને તમે પાળજો. (૨) દૈવજોગ. (૩) અકસ્માત મરણ કે મોટી આફત આવી પડવી તે.

રજાઈ, સ્ત્રી૦ આછું આછું રૂ ભરેલું ઓઢવાનું ગોદડું; રૂએલ સુંદર આસ્તરણ; પ્રચ્છદપટ.

રજાળુ, વિ૦ [अ. **रजील**] નીચ; હલકટ. (૨) બેશરમું; નિર્લજ્જ.

રજિયું, ન૦ રેતદાની; કાણી રેતી રાખવાની ઝીણાં કાણાંવાળી દાબડી.

રજી, સ્ત્રી૦ રજ; ઉત્પાદક રસ-દ્રવ્ય તે; વીર્ય.

રજુ, વિ૦ [अ. **रजुअ**] મોં સામે ધરેલું; નજર આગળ લાવી મૂકેલું; દાખલ કરેલું; હાજર; તૈયાર; તરતજ હાથ આવે એવું. ક્રિ૦ પ્રિ૦ રજુ કરવું=મોં આગળ લાવી મૂકવું; હાજર કરી દેવું.

રજુઆત, સ્ત્રી૦ રજુ કરવું તે; મોં નજર આગળ લાવી દેખાડવું તે; દાખલ કરવું તે. હાજર કરવું તે. (૨) મોઢામોઢ કરી દેવું. નજરો નજર દેખાડવું તે. (૩) કબુલાત; મેળાપ.

રજેરજ, અ૦ તમામ; લગારેલગાર; જરાએ જરા.

રજૈ, સ્ત્રી૦ રજાઈ; પાતળી અને રંગિત ઓઢવાની ગોદડી.

રજોગુણ, પું૦ [सं.] દરેક પદાર્થમાં રહેલા ત્રણ ગુણ-ધર્મમાંનો બીજો ગુણ. પ્રાણી પદાર્થમાં જે કામધુંસ-પ્રવૃત્તિ રહેલી છે, તે એ ગુણને લીધે છે. મનુષ્યમાં-આલોકમાં રજોગુણ આગળ પડતો છે, દેવોમાં સત્વગુણ ને દૈત્યોમાં તમોગુણ આગળ પડતો છે. રાજસીવૃત્તિ-ઝગઝગવું-દીપવું; તેજવૃત્તિએ રહેવાનો એ ગુણ છે. વિષયી ગુણ; ગર્વ; લોભ, કામ ને ક્રોધ વગેરેની પ્રવૃત્તિ કરાવનારો ગુણ તે.

રજોગુણી, વિ૦ રજોગુણનું; રાજસીવૃત્તિનું; વિષયી; પ્રવૃત્તિમય સ્વભાવનું.

રજોટી, સ્ત્રી૦ ઝીણાં રજકણ તે; બારીક કચરો-ધૂળ વગેરે રજ.

રજોઠિયું, ન૦ માળિયું; કાતરિયું; નીચો મેડો.

રજોણો, જુ૦ રજોયણો.

રજોદર્શન, ન૦ [सं] ઉમ્મરે આવતાં સ્ત્રીને જે રજ-આર્તવ જણાય છે તે; અડકાવ આવવો તે; સ્ત્રીએ અભડાવા માંડવું તે; સ્ત્રીએ પ્રજોત્પત્તિને યોગ્ય ઉમ્મરે પહોંચવું તે.: રજોદર્શનઃ-થયા પછી ત્રણ વર્ષ લગી લાયક વર ન મળે તો કન્યાને પરણાવવી નહિ.

રજોયણો, પું૦ છિયાડી અને જીવજંતુ ખંખેરવાનો સુંવાળા રેસાનો અથવા ઉનનો સાવરણો; જતિઓનો ઓઘો; ચલવો; લાકડીને એક છેડે ઉનનો ગુચ્છ બાંધીને બનાવેલું જીવ મરી જાય નહિ એવું ઝાટકણું.

રજ્જુ, સ્ત્રી૦ [सं] દોરડું-ડી; તાંતણો; તંતુ.

રઝળવું, ક્રિ૦ અ૦ આમ તેમ નકામા ભટકવું—આથડવું, રખડવું; ભમવું; કામકાજ વગર અમસ્તા આમતેમ ફર્યા કરવું.

રઝળાટ, પું૦ રખડાટ; અથડામણ; ભમણ.

રઝળાવવું, ક્રિ૦ સ૦ આમતેમ નકામા અથડાવવું—ભટકાં મરાવવાં, ભમાવવું તે; રખડાવવું. (૨) રખડતું રાખવું; અડધેથી પડતું અધુરૂં મેલીદેવું; નહિ પાર ઉતારવું; અધવચ છોડી દેવું; રસળાવવું; નકામો વખત કાઢી નંખાવવો.

રટણ, ન૦ રટવું—બોલબોલ કરવું તે; વારંવાર એકની એક બાબત કે અમુક નામ મોઢે લાવ્યા કરવું તે; જપ, જાપ. નામ દીધા કરવું તે. ઉ૦ રટણ રામના પુણ્ય નામનું. (૨) અટન; અથડાવું—વારંવાર એકને એક માર્ગ—ક્ષેત્રને ખુંધા કરવું તે. (૩) ઘણો અભ્યાસ રાખવો તે; મહાવરો; ટેવ પડી જવી તે; મોઢે ચઢી જવું તે. જાણીતું; મોઢે થઇ ગયેલું; વારંવાર જપ્યા કરવું તે.

રટ્ટણ, વિ૦ બગડી—ઓદાઇ—સડી ગયેલું; ખરાબ થઇ ગયેલું; નકામું પડી ગયેલું હોય એવું; કુત્સિત; નરસું; ઉતરી ગયેલું; સત્ત્વહીન થઇ ગયેલું.:—રટ્ટણમાલ.

રડ, જુ૦ રઢ; મોહિની.

રડકણું, વિ૦ સહેજ સહેજમાં રોઇ જાય એવું; વારંવાર રડયા કરે એવું; કાંગલું.

રડતીસુરત, વિ૦ રડતા અથવા ઉદાસી ચહેરાનું; તેજી વગરનું—માણસ. (૨) ઝાંખું; કંગાલ.

રડવડવું, ક્રિ૦ અ૦ રખડવું; આમતેમ અથડાયા કરવું; રવડવું.

રડવું, ક્રિ૦ અ૦ રોવું; રૂદન કરવું; દુઃખ શોકને લીધે આંખમાંથી પાણી અને કંઠમાંથી ઘરઘર એવો અવાજ કાઢવો શોકનો સોર કરવો; દુઃખ દર્શાવવું. (૨) નિરાશ થવું; નિરુપાય થઇ જવું; પોક મૂકવી; બળાપો કરવો; હારવું; નાસીપાસ થવું.

રડાકુટ, સ્ત્રી૦ રોવું ને કૂટવું તે; શોક કરવો તે. (૨) બળાપો; રોજનો કલેશ કંકાસ. (૩) ઝઘડો; વાંધોસાંધો; પંચાતી; ઉદ્વેગ; રકઝક.:—રોજ ઉઠીને આ શી રડાકુટ. હાયહોશ.

રડાકુટો, પું૦ રડવું અને કુટવું તે; રડાકુટ. (૨) પંચાત; ઝગડો; બળાપો.

રડારડ, સ્ત્રી૦ સામસામે અથવા એક આમ તો બીજું તેમ રડયા કરે એવું તે; રોકકળ; કલેશકંકાસ. પોક મૂકીને રડવું તે; રડારોળ.

રડારોળ, સ્ત્રી૦ રડારડ; પોકેપોક મૂકીને ઘણાં જણે સાથે રડારડ કરી મૂકવી તે; રોકકળ; એકદમ ઘણાં જણે એક સાથે રોવા માંડવું તે.:—ઝોળો આવ્યો કે રડારોળ થઇ રહી.

રડાવવું, ક્રિ૦ સ૦ રોવડાવવું; રડે તેમ કરવું. (૨) નિરાશ કરવું; છેતરવું; છેહ દેવો; વિશ્વાસઘાત કરવો; ફરેબ દઇ કોઇનું ખાઇજવું; ઉડાડી દેવરાવવું; લુંટી—ફના ફાતિયા કરાવી દેવું.:—ગૃહસ્થના છોકરાને બિચારાને જુગારને રસ્તે ચઢાવી એણે રડાવ્યો—પાયમાલ કરી નાંખ્યો.

રડીઉઠવું, ક્રિ૦ અ૦ નહિ બની શકવું; હિમ્મત જતી રહેવી; નિરૂપાય—નાસીપાસ થઇ જવું. (૨) માથે લીધા પછી મૂકી દેવું—અધુરૂં મૂકી દેવું; હાથ ધોઇ નાંખવા; નહિ બને એમ નિરૂપાયે કહી દેવું. પાછા પડીજવું; હારીજવું.

રડ્યું, વિ૦ અભાવ અને અણગમાનો ઉદ્‌ગાર; વહાલસોઇ ગાળ. આ શબ્દ માત્ર સ્ત્રીઓજ વાપરે છે. રડયું; રડયો ને રડી.:—રડ્યું ! રોજ ને રોજ ફરવા જવું તે કેમ ફાવે? રડયો ચાકરે મારા માથાનો મળ્યો છે. રડી, રોજ ને રોજ કહી પણ કેમ ભાવે?

જેને માટે ક્લેશ થાય–મહેનત પડે અને કંટાળો આવે એવું.

રડ્યુંખડ્યું, વિ૦ આમતેમ ક્યહિં પડેલું અથડાતું; ખરી નીચે પડી આમતેમ કોઈ જગાએ રવડી–ગબડી ગયેલું હોય એવું; હમેશનું નહિ પણ આકસ્મિક.:–ગામડામાં ક્યહિંક રડ્યુંખડ્યું શાક મળે. (૨) અ૦ ક્વચિત્; જવલ્લે.

રઢ, સ્રી૦ રટ; લેહ; લગની; મોહિની.

રઢિયાર, વિ૦ ધણી વિનાનું; સુનું; રેઢિયાળ; રવડવા પર ચઢેલું; રખડાઉ; ભટકણ.

રઢિયાળુ, વિ૦ રૂપાળું; સુંદર; મોહ ઉપજાવે એવું. (૨) રઢ લાગે એવું; વહાલ–પ્રેમ ઉછાળે એવું. ઉ૦ રાધે! રઢિયાળીરે.

રણ, ન૦ [सं] યુદ્ધ; લડાઇ; સંગ્રામ. (૨) લડાઇનું મેદાન; યુદ્ધક્ષેત્ર; સંગ્રામભૂમિ. [**ऋण**] દેવું; કરજ; દેણ. (૪) રેતીવાળો સપાટ પ્રદેશ; મેદાન; રાન. જેમાં રેતી વધારે હોઈ ઝાડપાન ને વનસ્પતિનો જથો થોડો હોય એવી સપાટ ભૂમિ. કચ્છનું રણ, સહરાનું રણ, અને ગોબીનું રણ. ક્રિ૦ પ્ર૦ રણ ચઢવું=લડાઇમાં ઉતરવું; લડવા જવું. ઉ૦ વળી વળી શીખ શી માગવી, રણ ચઢતાં રણધીર, લો આ શિરને પરવરો, નાની નણંદના વીર. રણ ખેડવું=લડાઇઓ મારવી; યુદ્ધ કરવાં. દેશ પરદેશ ફરવું ને દુઃખાદિક સહેવાં.

રણકાર, પું૦ ધાતુ ઠોકાવાથી–અફળાવાથી નિકળતો અવાજ તે; રણકો.

રણકારો, પું૦ [**सं. रणत्कार**] ધાતુનો અવાજ. ઉ૦ રણકારો રૂપાતણો, ખેંચે ચિત્ત ખચીત.

રણકું, વિ૦ ધૂળ રેતી ને કચરા પુંજા વગરનું; ચોખ્ખી કઠણ સપાટીવાળું; રેતી વગરનું. કાકું; ચોખ્ખું.:–રણકી જમીન–રણકો રસ્તો.

રણકો, પું૦ ધાતુ ઠોકવાથી કે અફળાવાથી નિકળતો અવાજ–ઝણકાર તે; ધાતુનો અવાજ.:–રણકાદાર રૂપિયો.

રણક્ષેત્ર, ન૦ [**सं.**] લડાઇનું મેદાન; રણભૂમિ.

રણજંગ, પું૦ મોટી અને સખત લડાઈ તે; મોટું યુદ્ધ.

રણઝણ, સ્રી૦ ધાતુના અવાજનો ઝીણો ખણખણાટ; ઝણઝણ થવું તે; ધાતુના અવાજનો ઝીણો થરથરાટ તે. (૨) ગુંજાર; ગુંજારવ.

રણઝણવું, ક્રિ૦ અ૦ ઝણઝણ એમ થવું; ઝીણો ઝીણો ધાતુનો અવાજ થવો તે; વાગવું; ઠમકવું.

રણઝણાટ, પું૦ રણઝણ; ખણખણાટ; ઝીણો ઠણઠણાટ; રણઝણ થવું તે.

રણતૂર, ન૦ લડાઇનું વાજું; તુરે; તતુડું.

રણત્કાર, પું૦ ધાતુમાંથી અવાજ નિકળવો તે; ધાતુનો અવાજ તે; રણરણ એવો અવાજ; રણકી રહેવું તે.

રણથંભ, પું૦ [**सं. रणस्तंभ**] લડાઇના મંડાણની નિશાનીનો વાવટો; લડાઇનું પગરણ દેખાડનારો થાંભલો. મોટી લડાઇનું મંડાણ તે.

રણધીર, વિ૦ લડાઇમાં ધીરજ રાખનાર; લડાઇમાં હિમ્મતથી દૃઢ–મક્કમ થઇ રહેનાર; લડવાથી કાયર નહિ થનાર.

રણભૂમિ, સ્રી૦ [**सं.**] સંગ્રામભૂમિ; લડાઇનું મેદાન; યુદ્ધ કરવાની જગા.

રણમલ, પું૦ ખૂબ લડાઇઓ લડવાથી પાવરધો થયેલો લડવૈયો; યોદ્ધો; રણ ધુમનારો શૂરવીર; જોધ.

રણરણવું, ક્રિ૦ અ૦ અવાજ નિકળવો–થવો તે; ખડખડવું; રણઝણવું; સમ સમ એવો અવાજ થવો. (૨) પવન વાતાવરણ વિંધાતાં રણ રણ એવો અવાજ થવો; સણસણવું; રમરમવું.:–વાતાવરણને વિંધતા બાણો રણરણી રહ્યા.

રણુરણાટ, પું૦ રણરણ એવો અવાજ થવો તે; સણસણાટ.:–વાતાવરણમાં બેઉ બાજુના તીર રણુરણાટ કરી રહ્યા. જોરદાર ગતિને લીધે હવામાં થતા અવાજની ધુંસ તે.

રણવગડો, પું૦ ઉજડ ને બીક લાગે એવો લુખો પ્રદેશ; વગડો; ઝાડપાન વગરનું ખાલી વન તે.

રણવટ, સ્ત્રી૦ લડાઇની સાખ–ટેક તે. (૨) લડાઈની રીતિ નીતિ તે; લડનારની આંટ અને રીત તે; યુદ્ધ ધર્મ તે.

રણવાટ, સ્ત્રી૦ બહારવટું.

રણવાદ્ય, ન૦ [સં.] લડાઈનાં વાજાં; લડવૈયાઓને શૂર ચઢાવનારાં વાજાં તે.

રણવાસ, પું૦ રાણીવાસ; રાણીઓને રહેવાનું સ્થાન તે; અંતઃપુર; જનાનખાનું.

રણશિંગું, ન૦ રણમાં લડાઇ વખતે સૈનિકોને શૂર ચઢાવવા વગાડવાનું શિંગડું અથવા શિંગડાના ઘાટનું ફુંકીને વગાડવાનું વાજું; તતુડું; તુરાઈ. રૂ૦ પ્ર૦ રણશિંગું ફુંકવું=જાહેર કરવું; લોક જાણે એમ ઉઘાડું પાડવું; મોટેથી સૌને જણાવવું; વખાણ કરવાં. (૨) કદરૂપું અને તરેહવાર આકારનું; જાડું; સ્થૂલ; બેડોળ.:–મોટી રણશિંગા જેવી છે, રણશિંગડું.

રણસંગ્રામ, પુ૦ [સં.] ખુલ્લા મેદાનની મોટી લડાઇ; મોટો જંગ; જબ્બર લડાઇ ચાલવી તે. (૨) લડાઈનું મેદાન; રણભૂમિ; યુદ્ધક્ષેત્ર.

રણસ્તંભ, પું૦ [સં.] બે સેનાઓની વચ્ચે લડાઈની નિશાની દાખલ ઉભો કરેલો લડાઇના વાવટાનો થાંભલો. હારજીતની આંટનો થાંભલો.

રણહાક, સ્ત્રી૦ લડાઈના મેદાનમાં હાક વગાડી દેવી–ત્રાસ પોકરાવી દેવો તે; સૈનિકોમાં ત્રાસ ત્રાસની બૂમ પડાવી તે; સંગ્રામ દરમિયાન પોતાના પરાક્રમથી શત્રુના સૈન્યમાં ધાક પાડી દેવી તે. (૨) લડાઇની કીકિયારી; મારોમારીનો હોકારો તે.

રણારબંધ, પું૦ [સં ऋणानुबन्ध] પૂર્વ જન્મના માગતા લહેણાનો સંબંધ તે; દેણ સંબંધ; લહેણાદેણી.:–અમારો અને એમનો જેવો રણારબંધ હશે તેવું થયું.

રણાંગણ, ન૦ [સં.] લડાઇનું મેદાન; રણભૂમિ; યુદ્ધક્ષેત્ર.

રણિત, વિ૦ ગાજતું; રણરણ થઇ રહેલું હોય એવું; વાગતું; રણકાર કરતું.

રણિયું, વિ૦ દેવાદાર; ઋણી; કરજી. (૨) ઉપકાર તળે આવેલું; આભારી; ઓશિયાળું.

રણી, વિ૦ [સં ऋणी] દેવાદાર; કરજી.

રણી, સ્ત્રી૦ કણી; દાણો; લગડી. ધાતુને ગાળી ઢાળીને પાડેલો નાનો કણ; ધાતુ ઢાળતાં પડેલી નાની ગડી–કણી તે; કરચ. ક્રિ૦ પ્ર૦ રણી પાડવી=સોના–રૂપાનો રસ કરી તેને ઢાળવો તે; સોના રૂપાના રસના કણ પાડવા.

રત, સ્ત્રી૦ [સં. ऋतु] ઠંડી ગરમી ને વરસાદ વગેરે તેમજ પાક ને તેની ઉત્પત્તિ વગેરેને લઇ પાડવામાં આવેલા કાળાના પેટા વિભાગમાંનો અકેકો સમય તે.:–શિયાળો ઉનાળો, ચોમાસું.:–શિયાળાની રત. કેરીઓની રત. રત રતનો પહેરવેશ ને રત રતનાં જમણ. મોસમ: ઋતુ; વેળા; સમય. (૨) વિ૦ પરાયણ; લાગેલું; પ્રેમવાળું.:–ભક્તિરત.

રતન, ન૦ [સં. रत्न] રત્ન; જવાહીર. (૨) ઉત્તમ એવું તે; શોભારૂપ તે; અલંકાર; ભૂષણ. (૩) આંખની કીકી.

રતનજોત, સ્ત્રી૦ એક ઓષધિ–વનસ્પતિ.:–રતનજોતના પાનનો રસ ચાકુના પાનાને લગાડયા પછી તે વડે લિંબુ કાપવામાં આવે તો લિંબુમાંથી લાલ લોહી જેવો રસ નિકળે. આંખની દવામાં પણ રતનજોત કામ આવે છે.

રતલ, પું૦ અમુક-ભારનું એક માપ; સાડી-સાડત્રીસ રૂપિયાભાર જેટલું વજન તે; એક સુરતી શેર.

રતવા, પું૦ રાતા રંગના સોજાનો એક બાળ રોગ; શરીર પર રાતાં ચકામાં પડે એવો રોગ. આ લોહી વિકારનો રોગ હોઈ બાળકોમાં દેખાય છે. માના કોઠા પરથી તે બાળકમાં ઉતરતો કહેવાય છે.

રતાશ, સ્ત્રી૦ લાલાશ; રક્તતા; રાતાપણું. (૨) રાતા રંગનો આભાસ તે; થોડું રાતું તે.

રતાળુ, ન૦ રાતા રંગના માવા-દળના કંદ; શક્કરકંદ.

રતાંજલી, સ્ત્રી૦ રાતા રંગની સુખડ; રક્તચંદન.

રતાંધળું, વિ૦ રાત આંધળું. જેને રાતે દેખાતું ન હોય તે; દહાડે દેખાય પણ અંધારૂં થતાં દેખાય નહિ એવી ઝાંખવાળું.

રતિ, સ્ત્રી૦ [સં.] પ્રીતિ; વહાલપ; પ્રેમ. (૨) વિષય ઇચ્છા તે. (૨) ભોગ-સંભોગ.(૪) કામદેવની સ્ત્રી.

રતિપતિ, પું૦ [સં.] કામદેવ.

રતી, સ્ત્રી૦ કિમતી ધાતુ જોખવાનું એક નાનું વજન-માપ તે; ચનોઠી ભાર જેટલું વજન તે. ચનોઠી; ગુંજ; એક રાતા રંગનું નાનું બી. (૨) ગત; ઝોક; વલણ; સંજોગ. :-એના કર્મની રતી. નસીબ; ભાગ્ય. રતીપુર =રતી-ચનોઠી ભાર; જરાક. રતીભર=રતી પ્રમાણ; ગુંજપુર; જરા; કિંચિંત, લગાર, અલ્પ. :-એમાં એનો રતીભરે વાંક નથી.

રતુ, સ્ત્રી૦ [સં. ઋતુ] રત; મોસમ; અમુક કાળ તે; વેળા; સમય. (૨) અડકાવ.

રતુમડું, વિ૦ રાતું; લાલ. (૨) સહેજ રાતું; રતાશ પડતું; જરા રાતું હોય એવું.

રતોવાઈ, અ૦ રાતે ને રાતે; રાતોરાત; રાતમાં ને રાતમાં એમ.:-એ તો એવો બીન્યો કે, રતોવાઈ ત્યાંથી ચાલ્યો ગયો.

રતોવે, રતોવાઇ.

રત્ન, ન૦ [સં.] કિમતી ને તેજદાર પથ્થર-નંગ તે; હીરો, માણેક કે નીલમ કોઈ જાતનું નંગ હોય તે; જવાહીર. (૨) અમુક જાત કે વર્ગમાં સૌથી સરસ હોય એવું તે; સૌથી સારૂં ને ભૂષણ રૂપ તે.:-નરરત્ન.

રત્નગર્ભા, સ્ત્રી૦ [સં.] પૃથ્વી; ધરા; ભૂમિ.

રત્નજડિત, વિ૦ રત્ન, હીરો, માણેક વગેરે નંગ બેસાડેલું; નંગવાળું; જવાહીરથી જડેલું-ઘરેણું. મુંઠ હાથો વગેરે. :-રત્ન-જડિત સિંહાસન બેઠો રાજા વિક્રમરાય.

રત્નાકર, પું૦ [સં.] રતનાગર; સમુદ્ર; દરિયો.

રથ, પું૦ [સં.] ચાર પૈડાં ને બે ઘુમ્મટવાળી ગાડી; વહેલ. (૨) લડાઇની ગાડી.

રથકાર, પું૦ સુતાર; શિલ્પી.

રથયાત્રા, સ્ત્રી૦ અશાડ સુદિ ૨ નો તહેવાર. જગન્નાથજીનો રથ બહાર ફરવા કાઢવો અને તે નિમિત્ત ઉત્સવ વગેરે કરવાં તે.

રથી, પું૦ [સં.] રથમાં બેસીને લડનાર મોટો યોદ્ધો; વીર લડવૈયો.

રથ્થડ, પું૦ મટોડી અને છાણનો થર; થેપ તે. માટી અને છાણનું જાડું લિંપણ તે.

રથ્યા, સ્ત્રી૦ [સં.] પોળ; શેરી; મહોલ્લો; ફળિયું.

રદ, વિ૦ નકામું; નહિ કામનું; નિરર્થક; બાતલ. (૨) તુચ્છ; માલવગરનું; નિરુપયોગી.

રદકરવું, ક્રિ૦ સ૦ કાઢીનાંખવું બાતલકરવું; નકામું ગણી ઉડાવી દેવું; છેકી નાંખવું. (૨) નહિ સ્વીકારવું; નામંજુર કરવું.

રદન, પું૦ [સં.] દાંત.:-રદન વદન મોટાં, ભીછરા ભુરિકેશ. રત્નો. (૨) હૃદય; હૈયું; કાળજું.:-રદન શેકવાં=હૃદય બાળવું; દુઃખ દેવું; ચિંતા કરાવવી.

રદિયો, પું૦ એક વાતને રદ કરે એવી તેની સામે રજુ કરેલી જે બીજી વાત તે; પહેલી બાબતને રદ ગણાવરાવે એવી તેના જ-

વાબરૂપ વિરુદ્ધમાં રજુ કરેલી બીજી બાબત. એક વાતને ઉલટાવી નાંખે એવો તેની સામેનો જવાબ તે.

રદ્દી, વિ૦ નકામું; નિરુપયોગી; રદ બાતલ. (૨) નકામી પડેલી રદ ચીજો તે; ભંગાર; નિરુપયોગી કાગળો અને સરસામાન વગેરે તે.

રનતન, વિ૦ આમતેમ વેરાયેલું; છુટું છવાયું; વિખરાયેલું.

રનોડી, વિ૦ જંગલી; વગડાઉ; રાની.

રન્નાદે, સ્ત્રી૦ રન્નાદેવ; જવારા વાવીને બેસાડવામાં આવતી એક દેવતા; દેવી કે જેનું સ્થાપન જવારા વાવીને કરવામાં આવે છે તે; માતા; દેવી; દુર્ગા. (૨) સૂર્યની સ્ત્રી.

રપાટી, સ્ત્રી૦ ગડબડી; એકદમ દોટ મૂકવી તે. (૨) સખત કામમાં લેવું તે; રપેટી.

રપોટ, પું૦ રિપોર્ટ; હેવાલ; હકીકત; વૃત્તાંત.

રફતેરફતે, અ૦ આસ્તેઆસ્તે; ધીમેધીમે; થોડેથોડે.

રફુકરવું, ક્રિ૦ અ૦ ફાટેલા કે તણાયલા લુગડામાં વાણાતાણા જેવાજ તાર નાંખવા; તૂણવું. પાઘડીના છેડા, શાલ અને સાડીઓ વગેરેમાં વણાટના તૂટેલા તાર કાઢી નવા દોરા નાંખવા તે.

રફુગર, વિ૦ રફુ કરનાર; તાર-દોરા નાંખી આપનાર; તૂણનાર.

રફુચક્કર, ન૦ શત્રુથી થયેલી હાનિ-નુકસાન. (૨) દાવપેચ. (૩) અચોક્કસ મગજનું; ગાંડું; ઘેલું. ક્રિ૦ પ્ર૦ રફુચક્કર કરીજવું=છુપાછુપ નાસીજવું; પલાયન કરી જવું; ખબર પડે નહિ એમ ખસીજવું.

રફેદફે, અ૦ આમતેમ વિખેરી નાંખેલું એમ; ઉલટ સુલટ; આઘુંપાછું-ઉંધુંચતું કરેલું તે. (૨) ફનાફાતિયા; પાયમાલ; ખરાબખસ્ત.

રબારણ, સ્ત્રી૦ રબારેણ; રબારીની સ્ત્રી; ભરવાડણ; રેબાની સ્ત્રી.

રબારી, પું૦ ગાયો-બકરાં ઘેટાં વગેરે દૂધાળ પશુ રાખનાર અને પાળનાર એકજાતિ; પશુધનવાળો ગોવાળ; આહીર; ભરવાડ; રેબો.

રબી, વિ૦ રવી; શિયાળુ; ભેજ, ઝાકળ અને તાપથી ઉછરતું તથા પાકતું એવું.:-રબીપાક. (૨) ના૦ ભેજ ઝાકળ અને તાપથી થતો જે શિયાળુ પાક તે.:-રબી તૈયાર થશે ત્યારે અનાજના ભાવ ઠેકાણે આવશે.

રબ્બર, ન૦ એક જાતના ઝાડનો નિર્યાસ-રસ. એ સ્થિતિસ્થાપક હોય છે, રબર.

રભસ, પું૦ [સં.] આનંદ-હર્ષનો ગભરાટ; ખુશાલીનું ગાંડપણ; ગભરામણ; અતિ હરખની આતુરતા. (૨) ઉતાવળ; ત્વરા; હર્ષાવેગ.

રમકઝમક, સ્ત્રી૦ રમણીય ઝમઝમાટી તે; રમત-ગમ્મતમાં ઉપડતા ને મુકાતા પગને લીધે વાગતાં ઝાંઝરનો સુસ્વર મજેનો ઝમઝમાટ તે; મોજમાં નાચતાં-લટકે હિંડતાં વાગતાં ઝાંઝરની રણઝણીની હલક તે; રૂમઝુમ ચાલવું તે; ઝાંઝરના મજેના ઠમકા થાય એવી લીલાગતે ચાલવું તે. ઉ૦ રમકઝમક ચાલો, ચાલતાં લાજ રાખો, નહિ અમ ઘર આવાં, છાજશે સત્ય જાણો.

રમકડું, ન૦ માટી, કાચ, લાકડું કે લુગડું લઇને બનાવેલો પુતળા જેવો કે બીજો કોઈ ઘાટ તે; પુતળી; બાવલું; બાળક ખુશી થાય અને લઇને રમે એવી વસ્તુ-બનાવટ તે. ખેલૌના. (૨) મન ખીલે આનંદ પામે એવી ચીજ-માણસ તે; પ્રિય ચીજ-વ્યક્તિ; લાડકી-વહાલી-ગમ્મતની ચીજ. ઉ૦ મારૂં રમકડું રિસાયું રે શામળિયાજી. (૩) રંગીલું-મોજીલું-આનંદી માણસ.:-આ તો એક રમકડું છે. ક્રિ૦ પ્ર૦ રમકડું થઈ રહેવું=રમકડાની માફક કોઇને વશ રહી જેમ તે ખેલાવે તેમ ખેલવું; બીજાને વશવર્તી રહેવું તે.

રમખાણ, ન૦ તોફાન; ધાંધલ; ધિંગાણું.

(૨) મોટો ઝગડો; જંગ. (૩) નાસભાગ, મારામાર અને ખેંચતાણ જેવું થવું તે. (૪) બંડ; ફિતુર; મારફાડ.

રમચિયું, ન૦ રમચી પલાળવાનું લાકડાનું ખામણિયું (સુતારનું.)

રમચી, સ્ત્રી૦ સોનાગેરૂ; લાલમાટી; રંગી.

રમજાન, પું૦ [फा] હીજરી સંવતનો નવમો મહીનો.

રમઝમ, વિ૦ રૂમઝુમ; અવાજ કરતું; વાગતું; લટકદાર ચાલે ચાલતાં વાગતાં ઝીણી ઘુઘરીઓવાળાં ઝાંઝરથી થતા ઝણત્કારવાળું.

રમઝમાટ, પું૦ રૂમઝુમ ઝાંઝરોનો ઘણઘણાટ થઈ રહેવો તે; ઉતાવળી ઉત્સાહ ભરી ચાલને લીધે થતો ઝાંઝરોનો ઘોર તે.

રમણ, પું૦ [सं.] રમનારો તે; ભોગી; સ્વામી; પતિ; વર.:–રાધારમણ. (૨) ન૦ રમવું તે; ખેલવું–ગમ્મત ઉડાવવી તે. (૩) ગેલ; ગમ્મત; રમતનો ઉદમાત; રંગમાં ઉશ્કેરાઈ જવું તે.:–રમણે ચઢવું= કોઇ વાતમાં એકતાર થઇ જઈ તેમાં ફર્યા કરવું–મંડયા રહેવું તે. ઉ૦ વિંઝણો રમણ ચઢયો રે.

રમણભમણ, અ૦ વેરણખેરણ;આમતેમ રખડતું અને અથડાતું પડેલું હોય એમ; અસ્તોવ્યસ્ત તળે ઉપર–ઉલટસુલટ–આમતેમ.

રમણિક, વિ૦ ખુશી ઉપજાવે એવું; આંખને સારૂં લાગે એવું; સુંદર; રૂપાળું.

રમણી, સ્ત્રી૦ રમનારી–ગમ્મત કરાવે એવી સુંદર અને રસુજી જુવાન સ્ત્રી તે; વિલાસી મોજીલીને સુંદર સ્ત્રી.

રમણીય, વિ૦ [सं.] આંખને ગમે–પ્રિય લાગે એવું; મનખુશ થાય એવું; સુંદર; રૂપાળું.

રમણીયતા, સ્ત્રી૦ સુંદરતા; આંખ અને મનને આનંદ ઉપજાવે એવી જે અલૌકિકતા તે; મનોહરતા.

રમણું, ન૦ રમવાની જગા તે; આંગણું; ખુલ્લી મજેની જગા; મેદાન; ચોગાન. (૨) બારસાખમાંનો એક ભાગ તે.

રમત, સ્ત્રી૦ રમવું–ખેલવું તે; ખુશી–મોજને માટે જે સ્વાભાવિક હિલચાલ અને ચેષ્ટા કરવી તે; ગેલ; ગમ્મત. (૨) ખેલ; તમાસો. (૩) રમવાની ચીજ. મઝા, મોજ, લીલા, ક્રીડા.

રમતગમત, સ્ત્રી૦ મનને આનંદ અને આરામ મળે એવી જે પ્રવૃત્તિ–વર્તાવ વગેરે તે; મોજ; ખેલ; ખેલવું અને મનને ગમે તેમ કરવું તે.

રમતારામ, વિ૦ જ્યાં ત્યાં ફરતું ફરનાર; એક ઠેકાણે ટકીને નહિ રહેનાર; જ્યાં જોઇએ ત્યાં આનંદે ફરતું જણાઈ આવે એવું તે; સર્વવ્યાપી. (૨) જેને એક ઠેકાણે ટકી રહેવા જેવો પ્રેમ બંધાયેલો નહોય એવું; વિતરાગી; રાગદ્વેષ વગરનું.

રમતિયાળ, વિ૦ રમવા ઉપર જેનું મન રહેતું હોય એવું; ગમ્મતની પ્રવૃત્તિમાં રહેનારૂં; રમતમાંજ જેની વૃત્તિ હોય એવું; આનંદ–ખુશી ઉપજે અને બીજાને ખુશી ઉપજાવે એવી બોલીચાલી અને પ્રવૃત્તિવાળું માણસ તે; રમવામાં ધ્યાનવાળું.:–આ છોકરાં બધાં જ રમતિયાળ થઇ ગયાં; ધાક જોઇએ સાહેબ. (૨) ગમતી; મોજી; આનંદી.

રમતું, વિ૦ ખેલતું; ગમત કરતું; પોતાને આનંદ મળે એવી પ્રવૃત્તિ કરતું–રમતમાં પડેલું તે. (૨) ઢીલું; નહિ બેસતું; અંદર ફરતું રહેતું હોય એવું; નહિ સખત; અથવા કડક એવું તે.

રમરમાટ, પું૦ રમ, રમ, એવો હવામાં અવાજ થવો તે; સણણ એવો અવાજ; સડસડાટ; સપાટાબંધ. (૨) ઉતાવળે ચાલતાં અથવા ઉતાવળી ગતિને લીધે થતો અવાજ તે; રમ રમ થાય તેમ.:–

ખેડુત ધુંસરે બેઠો કે તરત બળદો રમ-
રમાટ ચાલવા લાગ્યા.

રમરમાવવું, ક્રિ૦ રમ રમ એવો અવાજ થાય એમ ચલાવવું-હાંકવું-મારવું; જોરથી ચલાવવું. (૨) ઝાપટવું; મારવું; ફેંકવું. હવામાં અવાજ થાય તેમ જોરથી ફેંકવું-નાંખવું અથવા ફેરવવું તે.

રમવું, ક્રિ૦ અ૦ [सं. रम्] મનને આનંદ થાય એવી રીતે આચરવું-હિલચાલ કરવી-ખેલવું; ગમ્મત કરવી; ક્રીડવું. (૨) લાડવું; સારૂં લાગે એમ કરવું. (૩) તમાસો કરવો; રમત કરવી. (૪) ભટકવું; રખડવું; આમ તેમ આનંદે ફરવું અને મોજ કરવી; આનંદ માણવો; હસારત કરવી; ગેલ કરવાં. (૫) ગોઠવું; ગમવું; મનબેસવું; પ્રિય લાગવું.:-ત્યાં મન રમે છે.

રમસ્તાન ન૦ મારી ઝૂડી ખુંદી ફોડીને અસ્તો વ્યસ્ત કરી નાંખવું તે; ફાડી તોડી આમ તેમ વિખેરી નાંખીને તરેહવાર સ્થિતિમાં મૂકી દેવું તે. (૨) તોફાન; રમખાણ; ધડમધડા; ધાંધલ; ધિંગાણું; મારફાડ ને ભાગફોડ તે. ત્રાસ પડે એવો જંગ મચાવી દેવો તે.

રમળ, પું૦ ભવિષ્ય કહેનારાઓ પાંચ ધાતુનો બનાવેલો પાસો રાખે છે તે.

રમળી, વિ૦ રમળનો પાસો નંખાવી લાભાલાભ કહેનાર; જોશી.

રમા, સ્ત્રી૦ [सं.] સુંદર સ્ત્રી; રમકડા જેવી સુંદર ને મોજીલી સ્ત્રી. (૨) લક્ષ્મી.

રમાડવું, ક્રિ૦ સ૦ રમે એમ કરવું; ખેલવું. (૨) પોતાની રમતમાં સામેલ રાખવું; રાજી થાય તેમ સાથે રમવું; પોતે રમવું ને બીજાને તેમાં ભાગ લેવરાવવો તે. (૩) ગમ્મત કરાવવી; ગમાડવું. (૪) એવી લેહ લગાડવી કે પોતાની ઇચ્છાએ ઇચ્છા કર્યા કરે; આશામાં રાખવું. (૫) ચઢાવવું. (૬) છેતરવું.

રમાડો, પું૦ રમત જેવું લાગવું તે; રમતના જેવો આનંદ લાગવો તે; ગમવું તે; મન ખુશીમાં રહેવું તે; મનને રમત રમવા જેવો આનંદ મળવો તે; ગમાડો; વિનોદ:-એને મન રમાડો થાય એવી વાતો કરો ને હરોફરો.

રમુજ, સ્ત્રી૦ મન ખુશ થાય એવી બાબત તે; ગમ્મત; મોજ; ટિંખળ. (૨) ટોળ; મશ્કરી; ઠઠ્ઠો.

રમુજી, વિ૦ ગમતી; વિનોદી; આનંદ ઉત્પન્ન કરે એવું; ટિંખળી; હસવું આવે અને આનંદ ઉપજાવે એવું; ટોળી.

રમ્ય, વિ૦ [सं] મનને અને આંખને આનંદ ઉપજાવે એવું; રમણીય; રૂપાળું; સુંદર; શોભિતું.

રયણ, ન૦ [सं.] રત્ન; જવાહીર; હીરો. ઉ૦ વાયે ફરકે મુંછડી ને રયણ ઝબુકે દંત.

રયણી, સ્ત્રી૦ [सं. रजनी] રાત; નિશા; રજની.

રવ, પું૦ [सं.] નાદ; અવાજ; સાદ.

રવઈ, સ્ત્રી૦ રવૈ; દહિં ભાગવાનું ઓજાર.

રવરવ, અ૦ કડક તીખા અથવા ચામડીને ઉસ્કેરે એવા રસ-સ્વાદ વગેરેની જે અસર તે; અકલકરાની જીભ ઉપર થતી એવી અસર તે.:-અકલકરો મોંમાં નાંખવાથી જીભ રવરવ થાય છે.

રવલીપંચક, વિ૦ વતીપાતિયું; વલવલિયું. (૨) દાધારેંગું; ઘેલું.

રવા, પું૦ ઝીણા કણ, દાણા તે. ધાતુનો રસ ઠરી જઇ પડેલી નાની ગોળીઓ તે. (૨) ઠરાવ. (૩) વિ૦ અનુકૂળ; યોગ્ય; લાયક. (૪) સમધાત; બરાબર.

રવાદાર, વિ૦ દાણાદાર; કણવાળું; નાની ગાંગડીવાળું; કણીદાર. (૨) કિનાર પર બાઝેલી કાંગરીવાળું.

રવાદારગી, સ્ત્રી૦ રવાદારી; તરફદારી; પક્ષ-

પાત. (૨) વખાણુ; તરફેણ લઈ સારૂં બોલવું તે. (૩) કોઇએ સોંપેલી રકમ ચીજમાંથી હાથ મારી લેવો તે; ઉચાપત કરવું; દલાલી કાઢવી તે.

રવાનગી, સ્ત્રી૦ વદાયગીરી; રવાના થતા માણસને ભેટ દાખલ કંઈ આપવું તે; કોઇને જતી વખતે બક્ષીસ આપવી તે. (૨) જવું તે; વદાય થવું તે; બહારગામ જવું તે; ગમન. (૩) દેશમાંથી માલ વગેરેનું બહાર–બીજે દેશ જવું તે; નિરગમન; નિકાશ; નિરગમ.

રવાના, અ૦ વદાય; મોકલવું–જવાદેવું તે. ક્રિ૦ પ્ર૦ રવાના કરવું=મોકલવું; ભેજવું; વદાય કરવું; જવાને પ્રેરવું. (૨) નિકાશ કરવું; બહારગામ મોકલવું.

રવાને, અ૦ વદાય; મોકલેલું એમ; ભેજવું તે; વદાય કરેલું.

રવાનાચીઠી, સ્ત્રી૦ માલ બહાર લઇજિવાની પાવતી; નિકાશ માટેનો પરવાનો–પાસ.

રવાબ, ન૦ રવાજ; રિવાજ; શિરસ્તો; ધારો; ચાલ. (૨) રૂઆબ; દમામ. (૩) એક જાતનું વાજું.

રવાયો, પું૦ રવૈયો; ધારો; ચાલ; રૂઢિ.

રવાલ, સ્ત્રી૦ ઘોડા અને બળદ વગેરેની ચાલની એક તરેહ; નહિ ઉતાવળી નહિ ધીમી એવી ઘોડા વગેરેની જે ચાલ તે. (૨) આસ્તે; ધીરે; કુદરતી ચાલની ઢબે.:–તમે ધુંસરે બેસો પણ હાકતા નહિ, રવાલે રવાલે બળદને એમની મેળેજ ચાલવા દેજો.

રવિ, પું૦ [સં] સૂર્ય; સૂરજ; સવિતા; ભાસ્કર; આદિત્ય.

રવિવાર, પું૦ [સં.] આદિત્યવાર. સાત વારમાંનો એકવાર.

રવી, વિ૦ રબી; શિયાળુ; ઝાકળ, ભેજ અને તાપને લીધે પાકનારૂં. (૨) ન૦ શિયાળુ પાક. જવ, ઘઉં, ચણા, વટાણા વગેરે.

(૩) કવાયત; સૈનિકની આવડતની તપાસ તે.

રવેઉ, પું૦ રવિવાર; આદિત્યવાર.

રવેશ, પું૦ ઘર–મકાનના આગલા ભાગના મેડાપરથી બહાર ઝુલતો રહે એમ ધસાવેલો ભાગ તે; છજું; ઝરૂખું, અટારી, ડાખલી. (૨) રિવાજ; ચાલ; ધારો; નિયમ.

રવૈ, સ્ત્રી૦ રવઇ, દહિં ભાગીને છાશ કરવાનું છેડે ફૂલડાંવાળું એક વતરણું–ઓજાર. નાનો ફૂલડાવાળો વલોવવાનો દંડુકો–વાંસ; રવૈયો.

રવૈયાં, ન૦ ચાર કકડા થાય એમ ચીરીને મસાલો ભરી પકવાય એવાં શાકફળ.:–રવૈયાં વંત્યાક–વેંગણ. ડોડકાં, કેળાં; નાના ભિંડા, પાતળી નાની કાકડી વગેરે શાક ફળનાં રવૈયાં થાય છે. (૨) ચીરી મસાલો ભરીને બનાવેલું શાક તે.

રવૈયો, પું૦ રવઇયો; દહિં વલોવવાનો ફૂલડાંવાળો વાંસ. (૨) ચાલ; રિવાજ; ઘણા વખતની ચાલ્યા કરતી રૂઢિ તે.

રવો, પું૦ દાણા દાણાદાર લોટ તે; જાડો ઝીણા કણુ કણુવાળો આટો. (૨) સોનારૂપાના ધાતુના રસના કણુ–દાણા–નાની ગોળી તે. સોનારૂપાનો નાનો કકડો–કરચ; માસલો. (૩) ગોળનાં ગચિયાં-ચાકી; કપડામાં ગાંસડી માફક બંધાયલો ગોળ તે.:–રવાનો ગોળ. (૪) ફૂલ; પાસા; ઢેફાં તે.

રશ્મિ, ન૦ [સં] તેજનો પ્રસાર તે; કિરણ; કર; મરીચિ (૨) દોરી: રાશ; અછોડો.

રસ, પું૦ [સં] પાણી જેવો પાતળો ને રેલે એવો પદાર્થ તે; દ્રવ; પ્રવાહી. (૨) વનસ્પતિમાંથી નિકળતું પ્રવાહી તે; નિર્યાસ; ચીક. (૩) પાકેલાં ફળાદિકનો ગાઢો દ્રવ–પ્રવાહી. તે:–કેરીનો રસ. (૪) ધાતુ–માટી વગેરે કઠણ પદાર્થોને ગરમી લાગતાં થતો જે પ્રવાહી દ્રવ તે. (૫) ખાર વગેરે કેટલીક ચીજો મેળવતાં થતું જે

પાણી તે. (૬) શરીરના બંધારણમાં રહેલો જે ઢીલો ને પાણી જેવો પદાર્થ તે–લોહી વગેરે. (૭) શરીરમાંના પ્રવાહીઓનો તે વિકાર કે જે શરીર ઉપર જુદા જુદા રોગને નામે દેખાય છે તે. રતવા, ચકામાં, માંસનાં ગડગુમડ–ફોલ્લા, ગોળીનો ભરાવો સોજા, અને શરદીને લીધે નાક આંખમાંથી પડતું પાણી–સળેખમ વગેરે રસના રોગો તે. (૮) પારો, ગંધક; વગેરે ખનિજ દ્રવ્યો તે. તેની દવા તરીકે બનતી બનાવટો. (૯) ખારૂં, ખાટું, મીઠું કડવું વગેરે જીભથી પરખાતા સ્વાદ તે. એ ખટરસ કહેવાય છે ને તેમાં, ગળ્યું, ખારૂં, ખાટું, કડવું, કષાણું અને તીખું, એ છ રસનો સમાવેશ થાય છે. (૧૦) મનોવૃત્તિ ઉપર જુદી જુદી જાતની અસરો ઉત્પન્ન કરે એવા ભાવો તે. આ કાવ્ય રસ કહેવાય છે અને તેમાં શૃંગાર, હાસ્ય, કરૂણા, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, વીર અને અદ્ભુત એ નવ રસનો સમાવેશ થાય છે. (૧૧) છ અને નવનો સંકેત તે. (રસ=૬ રસ=૯) (૧૨) ખૂબી; ગુણ. (૧૩) અર્થ; લાભ. (૧૪) ગમ્મત; મઝા; આનંદ. (૧૫) મમત; હઠ; ચડસ. (૧૬) ધાતુ. પ્રીતિ; અનુરાગ, પ્રેમ; ઉમળકો. ગીલી ગીલી થવું તે. ક્રિ૦ પ્ર૦ રસ પડવો=સ્વાદ લાગવો; મઝા પડવી, રસ જામવો=પ્રવાહી ચીકનું ઠરવું–ગુંદર થવો. (૨) ગમ્મત પડવી, મઝા આવવી. રસે ભરાવું=ઉશ્કેરાવું; ઉત્તેજન મળવું; જોશ ચઢવો. (૨) ચઢસે ભરાવું; મમતે ચઢવું. રસમાણવો=ભાવ ઈ–સમજીને ઉમળકાથી અનુભવવું, ભોગવવું.

રસકપૂર, ન૦ પારાની મેળવણીનો એક પદાર્થ. આ ઓષધ તરીકે વપરાય છે. ગંધક અને પારાનાં ફૂલ પાડી બનાવેલી એક દવા.

રસકસ, પું૦ દ્રવ પ્રવાહી ને તેનું સત્ત્વ તે; કુદરતી રીતે નિકળે એટલો રસ અને કૃત્રિમ રીતે–દાબી–કચરીને કાઢેલો જે ગાઢો રસ–સત્ત્વ તે કસ. રસના મૂળમાં રહેલું જે સત્ત્વ તે–કસ. વસ્તુની સર્વ શક્તિ તે; રસકસ; તમામ સત્ત્વ. (૨) રસાળતા; ફળદ્રુપતા:–જમીનનો બધો રસકસ ચુસાઇ જાય ત્યાં લગી ખેડુતો તેમાં ખાતર નાંખતા નથી. આર્દ્રતા. ર્મને રસની ઉત્પત્તિનું કારણ તત્ત્વ એક, અર્ક.

રસણિયો, પું૦ એક ધાતુ ઉપર બીજી ધાતુનો રસ–રંગ આપનાર; ઢોળ ચઢાવનાર; રસી જાણનાર. ધાતુનો રસ કરી તે બીજા ઉપર ચઢાવનાર.

રસજ્ઞ, વિ૦ [સં.] રસને સમજનાર; રસભોગી; રસનો અનુભવ લેનાર; રસિક; રસનો જાણકાર.

રસદાર, વિ૦ રસવાળું; રસથી ભરેલું; રસાળ; મિષ્ટ.

રસના, સ્ત્રી૦ [સં.] રસ લેનારી ઇંદ્રિય; જીભ. ઉ૦ રસનાએ નામ દે નળ તણું, જાપ જપતીરે જાય. (૨) સ્ત્રીઓને કમ્મરે પહેરવાની સેર; કંદોરો; મેખળા; કાંચી.

રસનેંદ્રિય, સ્ત્રી૦ [સં.] રસ ગ્રહણ કરનારી ઇંદ્રિય તે; સ્વાદેંદ્રિય; જીભ.

રસબસ, વિ૦ રસથી પરિપૂર્ણ; રસમય; રસ રસ ને રસથી ભરેલું એવું તે; રસથી પિગળતું.

રસભંગ, પું૦ રસમાં ભંગ પડવો તે; રસક્ષતિ; આનંદમાં–ચાલુ રસ વાર્ત્તામાં આંતરો પડવો તે; આનંદ પ્રવાહની તૂટખોટ તે.

રસમ, સ્ત્રી૦ ઘણા કાળથી ચાલી આવતી જે વ્યાવહારિક રીત તે; રિવાજ; રવૈયો. પદ્ધતિ; ધારો; ચાલ.

રસમય, વિ૦ રસ રૂપ; રસથી ભરપુર એવું તે; રસવાળું; આનંદરૂપ. રસ સિવાય જેમાં બીજું કંઇ હોય નહિ એવું; રસ રસને રસવાળુંજ તે.

રસમંડળી, સ્ત્રી૦ રસની મઝા લેનારાઓનું

ટોળું–સમૂહ તે; રસિકોનો મેળાવડો તે.

રસરાજ, પું૦ [**सं.**] રસોમાં રાજા જેવો રસ તે; શૃંગાર રસ. (૨) પારદ; પારો. (૩) પ્રેમ. (૪) પારામાંથી બનાવેલું ઔષધ.

રસવંતી, સ્ત્રી૦ એક જાતની ઔષધિ; એક દવા.

રસવાદ, પું૦ રસે ચઢવું તે; સરસાઈના જુસ્સાથી ઉશ્કેરાયેલી હાલત; મમત; ઈર્ષા.

રસવું, ક્રિ૦ સ૦ ધાતુનો રસ કરી તે બીજી ધાતુ પર ચઢાવવો; ઢાળ ચઢાવવો; પટ દેવો. (૨) સુશોભિત કરવું; રંગવું; ધોળવું.

રસસિંદુર, ન૦ જસત, પારો અને બીજી મેળવણીઓથી બનાવેલું ચૂર્ણ.

રસળવું, ક્રિ૦ અ૦ નકામો કાળ કાઢવો; રામાટામા કરવા; ઢીલ કરવાને નકામા આમ તેમ ફર્યા કરવું; ભટકવું.

રસળાટ, પું૦ રસળવું તે; નકામો વખત કાઢી નાંખવો તે; રામાટામા કરી વખત કાઢવો; કામમાં ઢીલ કર્યા કરવી તે.

રસા, સ્ત્રી૦ રસવતી પૃથ્વી; ધરા; ભૂમિ.

રસાતળ, ન૦ [**सं. रसातल**] સાત પાતાળમાંનું પાંચમું પાતાળ; નીચેનું પાતાળ. રસાતળમાં અનંત નાગ રહે છે. (૨) પૃથ્વીની સપાટી તે. ક્રિ૦ પ્ર૦ રસાતળ ઘાલવું=પાયમાલ કરી નાંખવું; દુર્દશામાં આણી મૂકવું; છેક નીચું પાડી નાંખવું. રસાતલ જવું=તદ્દન ભાગી પડવું; ભોંય બેસી જવું. (૨) હાહાકાર થઇ જવો; ગજબ થવો; મોટી પાયમાલી થવી. (૩) નસંતાન જવું.

રસાયન, ન૦ [**सं.**] જુદાં જુદાં દ્રવ્યોની મિલાવટ અને પૃથક્કૃતિ તે; પાર્થિવ વસ્તુઓ કયાં કયાં દ્રવ્યોની બનેલી છે તે જાણવાનું અને જુદાં જુદાં દ્રવ્યોને એકઠાં કરીને નવી બનાવટો બનાવવાના જે ક્રિયા અને જ્ઞાન તે. (૨) પારાની મેળવણીવાળી દવા. (૩) કીમિયો. રસાયનશાસ્ત્ર=રસાયનની વિદ્યા તે.

રસાયની, વિ૦ રસાયન જાણનાર; દ્રવ્યોનાં ગુણાવગુણ–ધર્માધર્મ જાણનાર. (૨) કીમિયાગર. રસાયનિક=રસાયનને લગતું–સંબંધી.

રસાલ, પું૦ [**सं.**] આંબો; કેરીનું ઝાડ. (૨) ફળદ્રૂપ. (૩) રસવાળું; સ્વાદિષ્ટ.

રસાલદાર, પું૦ ઘોડેસ્વાર પલટણનો ઉપરી; ઘોડેસ્વાર ટુકડીનો નાયક.

રસાલો, પું૦ [**फा.**] ઘોડેસ્વાર પલટણ. (૨) અમલદાર અથવા ગૃહસ્થનો ઘરખટલો વગેરે તે.

રસાવવું, ક્રિ૦ સ૦ ઢાળ ચઢાવરાવવો; ધાતુનો રસ બીજા પાત્ર ઉપર ચઢાવવો તે.

રસાળ, વિ૦ સ્વાદિષ્ટ; રસવાળું; જેમાં રસકસ હોય એવું. (૨) આનંદ ઉપજાવે એવું. (૩) ફળદ્રૂપ=જેમાં પાક સારો થાય એવી રસવાળી જમીન તે. (૪) ખાવા યોગ્ય–રસ–સ્વાદવાળું અ૦:–ગુજરાતની ભૂમિ રસાળ હોઇ તેમાં બધી રસાળ પાકે છે.

રસાળું, વિ૦ રસવાળું; બહુજ સ્વાદિષ્ટ; રસાળ.

રસાંજન, ન૦ પારાના અંશવાળો દવા દાખલ વપરાતો સુરમો. (૨) એક જાતનું ઝાડ.

રસિક, વિ૦ [**सं.**] વિષયો ઉપર પ્રીતિવાળું; કાવ્યાદિક ઉપર પ્રેમવાળું; રસમાં જેને અભિરુચિ હોય એવું; રસને સમજનાર; ગુણજ્ઞ; કદરદાન. (૨) સામાનું મન ખુશ કરે એવા રસથી ભરેલું.:–રસિક કાવ્ય. (૩) ભાવિક; રસવાળું.

રસિકતા, સ્ત્રી૦ [**सं.**] રસિકપણું.

રસિકા, સ્ત્રી૦ [**सं.**] રસ સમજનારી સ્ત્રી; રસભોગી; વિલાસી; વિષય–કાવ્ય વગેરેમાં પ્રીતિવાળી સ્ત્રી.

રસિયણ, વિ૦ રસ લાલચું; રસઘેલી; રસ લેનારી; રસ માણવાને ઉત્સુક. (૨) ચડસીલી; અનુરાગી; ભાવિક.

રસિયું, વિ૰ રસભોગી; હોંસીલું; કોડીલું; રસ લાલસાવાળું; રસમાં પ્રીતિવાળું.
રસિયો, પું૰ રસિક; વિલાસી; મોજી; રસ–વિષયભોગી; રસ માણી જાણનાર.
રસિલું, વિ૰ રસમાં પ્રીતિવાળું; રસલાલચું; ભોગી; રસમાં એક્તાર થઇ જાય એવું તે. (૨) રસવાળું; સ્વાદિષ્ટ; રસથી ભરેલું.
રસી, સ્ત્રી૰ [म.] દોરી; રાશ; દોરડી. (૨) શરીર–ઝાડ વગેરેમાંથી નિકળતું ચીકણું પ્રવાહી તે. (૩) પરૂ; પાચ; એરંગું પાણી.
રસીદ, સ્ત્રી૰ [अ.] પાવતી; પહોંચ. નાંણું સરસામાન વગેરે લીધાની ચીઠી તે.
રસેલું, વિ૰ ધાતુનો રસ ચઢાવેલું–બીડેલું–સાંધેલું; ઢાળ ચઢાવેલું.
રસેંદ્રિય, સ્ત્રી૰ [सं.] રસને ગ્રહણ કરનારી ઇંદ્રિય તે. કાવ્યાદિકનો, વિષયભોગ વગેરેનો રસ, જે ઇંદ્રિય ગ્રહણ કરે છે તે. (૨) જીભ; રસનેંદ્રિય; જિહ્વા.
રસો, પું૰ જાડો–રગડા જેવો પ્રવાહી તે; શાક, અથાણાં અને મુરબ્બા વગેરેનો મસાલાદાર જાડો રગડો. (૨) દોર.
રસોઈ, સ્ત્રી૰ રસ આવે તેમ વસ્તુને પકવવી તે; રાંધવું તે.:—રસોઇ કરતાં આવડવી જોઇએ. (૨) રસ આવે એમ પકવેલું અન્નાદિક ખાવાનું તે; રસ આવે તેમ રાંધેલું હોય તે; ભોજન; જમણ; ખાવાને તૈયાર કરેલી રસદાર ચીજો તે. ઉ૰ રાંધી રસોઇઓ એમ રહીરે. પાક; ખોરાક; સ્વાદિષ્ટ પકવાન્ન. ક્રિ૰ પ્ર૰ રસોઇ કરવી= રાંધવું.
રસોઇયણ, સ્ત્રી૰ રાંધનારી; રંધવારણ; રસોઇ કરનારી સ્ત્રી.
રસોઇયો, પું૰ રસોઈ કરનારો પુરૂષ; રંધવારો; રાંધનારો; બબરચી; ભઠિયારો.
રસોડું, ન૰ રસોઇ કરવાની જગા–ઓરડી તે; પાકશાળા; રાંધણી; ભોજનશાળા; બબરચી ખાનું; ભઠિયારખાનું.
રસોળી, સ્ત્રી૰ વરસોળી; શરીરમાંના રસવિકારની શરીરની સપાટી ઉપર ઉપસી આવેલી ગાંઠ તે.
રસ્તો, પું૰ માર્ગ; વાટ; રાહ. ક્રિ૰ પ્ર૰ રસ્તો કાપવો=ચાલ્યા જવું; રસ્તે પડવું=કામમાં લાગી જવું; ઉદ્યમે ચઢવું. (૨) પ્રપંચમાંથી ખસીજવું. (૩) મરીજવું. રસ્તો પાડવો=ગુંચવણ ટાળવી; માર્ગ કાઢવો; રિવાજ પાડવો.
રહસ્ય, ન૰ [सं.] મર્મ; ભેદ; ગુપ્તભાવ; અંતરની ઇચ્છા–લાગણી તે.
રહિત, વિ૰ [सं] વગરનું; વિનાનું.:–વિદ્યારહિત; ધનરહિત.
રહીજવું, ક્રિ૰ અ૰ અકડાવું; અવયવની હિલચાલ બંધ પડીજવી. (૨) પાછળ રહેવું.
રહીરહીને, અ૰ થોડી થોડી વારે એમ; વચમાં; વખત લઇલઇને.
રહીશ, વિ૰ રહેવાસી; વતની; રહેનાર.
રહેણાક, પું૰ રહેઠાણ; મુકામ.
રહેણી, સ્ત્રી૰ રહેવાની રીત; આચાર; આચરણ; રીતભાત; વ્યવહાર. રહેણી કરણી= રહેવાની અને કામકાજ કરવાની જે ઢબ –વર્તન–રીતભાત તે.
રહેમ, સ્ત્રી૰ [फा.] મહેરબાની; કૃપા; દયા; કરૂણા. રહેમનજર=કૃપાદૃષ્ટિ.
રહેમિયત, સ્ત્રી૰ રહેમ; કૃપાદૃષ્ટિ; માયા; દિલસોજી.
રહેવાસ, પું૰ રહેવાની જગા; રહેઠાણ; મકાન. (૨) રહેવા–રહ્યાનો સમય તે.
રહેવાસી, વિ૰ રહેનાર; વતની; વસનારૂં; નિવાસી.
રહેવું, ક્રિ૰ અ૰ વસવું; એક સ્થાને મુકામ કરવો; કાયમનું ઘર કરવું. (૨) ટકવું; ઠરવું.:—આંગળીપર લખોટી શી રીતે રહે ? (૩) માવું; સમાવું.:—આ ટેબલના ખાનામાં ચોપડો નહિ રહે. (૪) થોભવું; ખોટી થવું.:—મારાથી બોલ્યા વગર નહિ રહે-

વાય ? (૫) ગમવું; ચેન પડવું.:–પરદેશમાં એકલું રહેવાશે નહિ. (૬) અટકવું; થોભવું.:–વરસાદ રહે એટલે જાઓ. (૭) નિર્વાહ કરવો; આજીવિકા ચલાવવી; ગુજારો કરવો.:–પાંચ રૂપિયાના પગારે કેમ કરીને રહેવાય? (૮) જીવાવું; જીવતા રહેવું. :–વા ભરખીને કંઈ રહેવાય? (૯) વખત કાઢવો; કાળ ગુજારવો; જ્યાં ત્યાં આયુષ્ય ચલાવી લેવું.:–હવે રોઈને રહેવાનું છે. (૧૦) બાકીહોવું, બચવું; વધવું.:–હવે તારા બે રૂપિયા રહ્યા. (૧૧) આચરવું; વર્તવું; ચાલવું.:–તું મોટો થવો હવે રીતમાં રહે. સ્થિતિ કરવી, પુરૂં કરવું; તજી દેવું, વગેરે અનેક અર્થમાં જુદા જુદા ક્રિયાપદ સાથે જોડાઇ વપરાય છે:–સૂઇ રહેવું; પડી રહેવું. રહેવાદેવું; જમીરહેવું; થઇરહેવું, વગેરે. [**सं. रह्** = છોડી દેવું–ભાગવું–નાસી જવુંનો ઉલટાઇ ગયેલો અર્થ ગુજરાતીમાં રહ્યો છે.:–**रह्**=જતા રહેવું ત્યારે ગુજરાતીમાં રહે–વું=સ્થિર થઇ એક ઠેકાણે વાસ કરવો.] ઘણે ઠેકાણે ઉલટા અર્થ પ્રાકૃતમાં થઇ ગયેલા છે.

રહ્યું, અ૦ બસગંધ; ખલાસ, પતીગયું એમ; અંત આવી ગયો એમ.:–તમને ન પાલવતું હોય તો રહ્યું. બસ; ધાર્યું; પત્યું.

રહ્યુંસહ્યું, વિ૦ બાકી બચેલું; થોડું અવશેષ રહેલું–એવું; વધેલું; એઠુંજુઠું:–હવે શું? સૌ પતી ગયું, તેમ છતાં કંઇ રહ્યુંસહ્યું હોય તો ગરીબ લોકને આપો.

રળતર, ન૦ કમાણી; પેદાશ; પ્રાપ્તિ; રળો; અર્જન. (૨) લાભ; નફો; ફાયદો.

રળવું, ક્રિ૦ અ૦ કમાવું; પેદા કરવું; ઉદ્યોગ ધંધો કરીને બદલો મેળવવો. (૨) નફો કરવો; લાભવું; ખાટવું; પ્રાપ્ત કરવું; મહેનત મજુરી અથવા કામકાજનો બદલો મળવો.

રળાઉ, વિ૦ કમાઉ; પેદાગરૂં; રળનાર તે.

રળિયાત, વિ૦ રાજી; પ્રસન્ન; ખુશ. ક્રિ૦ પ્ર૦ રળિયાત થવું=રાજીથવું; ખુશી થવું.

રળિયામણું, વિ૦ સુંદર; મનોહર; આંખને પ્રિય લાગે એવું; સુશોભિત; મન ખુશ થાય એવું.

રળી, સ્ત્રી૦ ખુશી; હરખ. (૨) હોંશ; ઉમંગ. ઉ૦ નાથ કહે લાવો દ્વિજ રખે ખાળો, અંતર્યામી પામ્યા રળીરે. રૂક્મિણીહરણ. રળી રાશે=આનંદે; ખુશબખ્તીમાં. (૨) ઘટતી રીતે; ગજા પ્રમાણે.

રળો, પું૦ રળતર તે; કમાણી; પેદાશ. (૨) લાભ; નફો; ફાયદો.

રંક, વિ૦ ગરીબ; પામર; રાંકડું; ધનહીન તેમજ બળ રહિત તે. (૨) નરમ; શીળું.

રંકરંજાડ, સ્ત્રી૦ ગરીબોને રગડવાં તે; અણસમજુ, નિર્બળ અને ધન રહિત કંગાલ માણસોને પજવવાં તે.

રંગ, પું૦ [**सं.**] કાળું ધોળું લાલ, એવો જે વર્ણાંતર ભેદ તે; આંખથી પરખાતો પ્રકાશની છાયાનો વર્ણ ધર્મ તે; વર્ણ; વાન; પ્રકાશનાં કિરણની ભિન્ન ભિન્ન છાયાનો દેખાવ તે. રાતો, પીળો ને વાદળી, એ ત્રણ મુખ્ય રંગોના મિશ્રણથી જુદા જુદા ઘણા રંગ બને છે. (૨) પ્રેમ પ્રીતિ, અનુરાગ.:–હવે એનો રંગ લાગ્યો. (૩) આનંદ; મોદ; ખુશાલી.:–તે રંગમાં છે. (૪) તાન; મઝા; રમુજ.:–હવે તે રંગમાં આવ્યો. (૫) કેફ; નિશો; ઝૂમ; અમલ. ગાંજો ભાંગ, અફીણ વગેરેની કેફ તે. (૬) તુરંગ; બુટ્ટો; તબિયત; મનની મોજીલી સ્થિતિ. (૭) રાહ; ઢબ; રીત.:–રંગે રંગે ચાલવા દો. (૮) આબરૂ; શોભા. ઉ૦ જાણે મારા બાપાજી સાથે આવે ને મારા સસરાનો રંગ રાખે. સ્ત્રીગીત. (૯) અ૦ ધન્ય; શાબાશ. :–રંગ છે, વીરા!

અમારો રંગ રાખ્યો. (૧૦) વનસ્પતિ અને પાર્થિવ પદાર્થોમાંથી નિકળતા જુદી જુદી છાયાના રંગમાંનો પ્રત્યેક તે. ગળીમાંથી નિકળતો કાળોરંગ; કસુંબીમાંથી નિકળતો લાલ રંગ; માટીમાંનો રંગીનો લાલ રંગ વગેરે તે. ક્રિ૦ પ્ર૦ રંગ રાખવો=આબરૂ-શોભા-ગૌરવ રાખવું, ટેક રાખવો. રંગે રમવું=આનંદભેર ભોગ કરવો. રંગ પુરવો=વધારવું, મરચું મીઠું નાંખીને વાત કરવી; બહલાવવું. રંગમાં રહેવું=તાનમાં-મોજમાં રહેવું.

રંગડ, વિ૦ વિષયી; કામી; (૨) વ્યસની.

રંગણું, ન૦ રંગ લગાડવાનું ઓજાર-પિંછી. (૨) રંગવાનું કામ તે.

રંગતાળી, સ્ત્રી૦ આનંદનો ઉછાળો, હરખના ઉભરાનો તાબોટો-તાળી તે; આનંદ ઉત્કર્ષનો અવાજ-ઉદ્ગાર; મોજમઝાનું પ્રહસન તે. ઉ૦ રંગતાળી રંગતાળી રંગ તાળીરે રંગમાં રંગતાળી.

રંગદા, સ્ત્રી૦ ફટકડી.

રંગદાર, વિ૦ રંગવાળું; સારા-ભભુકદાર-રંગનું; રંગિત.

રંગપાણી, ન૦ કેફી પેય બનાવી પીને આનંદમાં રહેવું તે; અમલ કરી આનંદ ઉડાવવો તે. (૨) કસુંબો કાઢવો, ભાંગ ઘુંટવી, ગાંજો તૈયાર કરી પીવો વગેરે કેફી પીણાંની મોજ માણવી તે:-કંઇ રંગપાણી કરો તો રાવાણું મળે.

રંગબહાર, પું૦ તમાસો.

રંગબાજી, સ્ત્રી૦ મોજમઝા; ખુશી ખુશાલી તે; આનંદઉત્સવ.

રંગબેરંગી, વિ. ચિત્રવિચિત્ર; જુદા જુદા રંગનું; ભાતભાતનું. (૨) તરેહવાર. (૩) મનમાં ભ્રમ ઉપજાવે એવું; મોહક; આંજી નાંખે એવું. (૭) મોહિની. ઉ૦ રંગ બેરંગી પસારી, માયા તારી રંગ બેરંગી પસારી

રંગભૂમિ, સ્ત્રી૦ કથા કરવા; ગાયન કરવા, નાટક ને ભાષણ કરવા માટે બનાવેલો ચોતરો; નૃત્ય ગાન નાટક અને ખેલ કરનારાઓ માટે પ્રેક્ષકોની સામે બનાવેલો ઉંચો ભૂમિપ્રસ્તાર તે. નૃત્યસ્થાન; નૃત્યગાન કરનાર માટે ઉભો કરેલો માંચડો; નાટકશાળાનો આગલો પ્રસ્તાર. (૨) અખાડો; તાલીમખાનું. (૩) રણક્ષેત્ર; મહાલવાની ભૂમિ.

રંગભેર, અ૦ આનંદભેર; ખુશીખુશાલી સાથે; હરખભેર; ઉત્સાહ ભર્યાં. ઉ૦ અમો આવ્યાં તાં રંગભેર રમવારે, રંગભેર રાતલડી.

રંગભોગ, પું૦ આનંદે ભોગવવું તે; આનંદભેર વિષયાદિક સુખનો ભોગ લેવો તે; વિષયાનંદની રમતગમત તે.

રંગમંડપ, પું૦ કોઈ ઉત્સવ વ્રત અને રમત ગમત વગેરે ઉજવવા માટે બનાવેલો સુંદર માંડવો તે; રંગપુરી તથા ચિત્ર કાઢી શણગારેલો મંડપ. (૨) રંગભૂમિ. (૩) દેવમંદિર આદિક આગળનો છુટો ચોક ને ચાચર.

રંગમહેલ, પું૦ રમતગમત અને વિષય ભોગ વગેરેની મોજ-આનંદ માણવાને લાયક બનાવેલું સુંદર મંદિર તે; સુશોભિત-આનંદ માણવાને લાયકનું ઘર સ્થાન તે; રંગમહોલ. ઉ૦ એકદિન કેફ કીધી મહીપાળ, મળીને મંડળીરે લોલ, ચઢતાં રંગમહેલને માળ, પડયો ધરણી ઢળીરે, લોલ. ક. દ. ડા.

રંગરાગ, પું૦ ગાનતાન; મોજમઝા; રમત ગમત.

રંગરાતું, ત્રિ૦ વિષયાનંદથી મલકાતું; રંગીલું; વિષયાનંદ મસ્ત. ઉ૦ રંગરાતો મદમાતો; વાંસલડીમાં ગીત ગાતો. દયારામ.

રંગરૂપ, ન૦ વર્ણ અને ઘાટ તે; સ્વરૂપ. (૨) જાતભાત; આકાર; પોત ને રંગ વગેરેવાળો દેખાવ.

રંગરેજ, પું૦ વસ્ત્રોને રંગ ચઢાવવાનો ધંધો કરનારો; કપડાં રંગનાર. છિંપો, ભાવસાર, વગેરે રંગારા ને છાપગરા તે.

રંગરોળ, સ્ત્રી૦ મોજમઝાની રેલછેલ; આનંદાતિરેક; આનંદ-ગમતની ઝડીઓ તે. (૨) આનંદભેર ખૂબ મંગળાચાર કરવો તે; કંકુ અને કેસુડી વગેરેનો રહેંચો થઇ રહે એમ આનંદ ઉડાવવો તે. (૩) બેહદ ખુશાલી તે; ખૂબમઝા.

રંગલો, પું૦ મસ્કરો; એલફેલ બોલીને હસાવી ગમત કરાવનારો તે; વિદૂષક; જુઠણ; તરકડિયો. (૨) રંગિલો—તાની—ગમતી માણસ. ઉ૦ તરવું, તરકરવું ને તંતરવું, તે રંગલા! આઠે આપ કળાય.

રંગવું, ક્રિ૦ સ૦ રંગ ચઢાવવો; રંગયુકત કરવું. (૨) રંગમાં બોળવું-રંગથી ઘોળવું, અને રંગવાળું કરવું કે રંગ ચઢાવવો. (૩) અમુક વિચાર ઉપર ચઢાવવું; ઉશ્કેરવું; ખીલવવું; ચઢાવવું. (૪) વધારવું; મીઠું મરચું ભભરાવવું.:-કોઇ વાત રંગીને ના કહેતો? (૫) લોહી તરી આવે-નિકળે એમ મારવું તે.:-એકવાર એનાં ઠાડાં રંગોને, તરત પાંશરો થશે.

રંગરસ, પું૦ આનંદ-મોજમઝા કરવી તે; વિષયરસનો આનંદ લેવો તે; આનંદનો રસા સ્વાદ તે; ચમન.

રંગાઈ, સ્ત્રી૦ રંગવાની મજુરી-મહેનતાણું તે; રંગામણ-મણી તે. (૨) રંગવાની રીત-આવડ-કસબ તે; રંગવાની ઢબછબ.

રંગાટ, પું૦ રંગવું તે; રંગ ચઢાવવાનું કામ ને કળા તે.

રંગાટી, સ્ત્રી૦ રંગવાનું કામ તે. (૨) રંગવાની જે રીત તે-રંગ આપવાની કળા. (૩) કપડાં વગેરે રંગવાનું કારખાનું તે.:-રંગાટીનું કામ=રંગ ચઢાવવાનું કામ, રંગરેજનું કામ.

રંગાડું, ન૦ રંગવાળું પાણી ભરવાનું કુંડું; રંગ બનાવવાનું વાસણ.

રંગામણ, ન૦ રંગવાની મજુરી-મહેનતાણું તે; રંગ ચઢાવી આપવાનો બદલો તે.

રંગામણી, સ્ત્રી૦ રંગામણ તે.

રંગારો, પું૦ રંગ લગાડનારો; ઘર ગાડી વગેરે રંગનારો તે. (૨) રંગરેજ.

રંગાવવું, ક્રિ૦ સ૦ રંગ કરાવવો; રંગ ચઢાવવો; રંગે એમ કરાવવું. (૨) અમુક મત કે વિચારવાળું-અમુક અભિપ્રાયનું કરી નાખવું. (૩) લોહીતરી-આવે એમ મરાવવું:-એનાં હાડકાં રંગાવો (મરાવો) તો સારૂં, કારણ કે તે વગર ઠેકાણે આવશે નહિ.

રંગાવું, ક્રિ૦ અ૦ રંગવાળું થવું; રંગ ચઢવો; ચિતરાવું; રંગથી ઘોળાવું-પુરાવું તે. (૨) રાતું થવું; લોહી લુહાણ થવું; વાગવું.

રંગી, વિ૦ રંગીલું; આનંદી; મોજી; ગમતી સ્વભાવનું; લહેરી. (૨) અનુરાગી. (૩) સ્ત્રી૦ રાતા રંગની માટી; રમચી. રૂ૦ પ્ર૦ રંગીભંગી=ગાંજાની કેફ કરનાર; વ્યસની; ગંજેરી. કેફ લઇને આનંદમાં રહે એવું; લહેરી.

રંગીત, વિ૦ [**સં. रंजित**] રંગવાળું; રંગેલું.:-રંગિત લુગડાં.

રંગીન, વિ૦ રંગેલું; રંગવાળું; જેને રંગ ચઢાવેલો હોય એવું. (૨) રંગી; આનંદી; ખુશમિજાજી; હસમુખ.

રંગીલું, વિ૦ મોજી; આનંદી; લહેરી; ગુલાબી. (૨) ચહેરા અને બીજા અવયવો ઉપર થઈ આવતો લાલ-લોહીનો સોજો (રોગ) તે.

રંગેચંગે, અ૦ આનંદભેર; હસતે મને; ખુશીથી; વિના તકરારે; કંઇપણ તકરાર કે ટંટા વઘરા વગર એમ.:-રંગેચંગે બધું પતી ગયું એટલે બસ.

રંગોળિયું, ન૦ જુદા જુદા રંગના ભુકા ભરવાના ખાનાવાળું પાત્ર; જમીન ઉપર

ગડબડાવતાં કાણાંમાંથી રંગ બહાર પડે એવી બનાવટનું ભુંગળું; રંગોળી. (૨) જેમાં રંગ ઘોળવામાં આવતો હોય તે કુંડ કે પાત્ર તે; કંકાવટી. (૩) સુતાર-વહેરણિયા વગેરેનું રમચી પલાળવાનું કઠોડું.

રંગોળી, સ્ત્રી૦ રંગથી પાડેલી-ઓળો તે; જમવા બેસનારને પંક્તિ પાડવા માટે રંગ બેરંગી ભુકાથી પાડેલા જે પાટ-ઓળો તે. (૨) રંગના ભુકા ભરીને ગબડાવતાં રંગીત ઓળો પડી રહે એવી બનાવટનું ભુંગળું. ક્રિ૦ પ્ર૦ રંગોળી પુરવી=માનવંતા પરોણાઓને પંક્તિ બંધ બેસવા માટે જમીન ઉપર રંગની ઓળો અને આસનનાં ખાનાં વગેરે પાડી શોભા કરવી તે.

રંચ, વિ૦ જરા; લગાર; રજ. (૨) હલકું; તુચ્છ. (૩) સ્ત્રી૦ રંજાડ; પીડા, દુઃખ તે; મુસ્કેલીઓની પરંપરા તે.:-કેટલી રંચ ખેંચી એને ઉછેર્યો. (૪) ઝગડો.

રંજ, સ્ત્રી૦ પીડા; દુઃખ; સંકટ; રંજાડ; રગડાટ રંચ. (૨) મહેનત; મુસ્કેલી દુઃખ સહેવું તે. ક્રિ૦ પ્ર૦ રંજ ખેંચવી=રગડાટ સહેવો.

રંજક, વિ૦ આનંદ ઉપજાવે એવું; ખુશ કરે એવું; રિઝાવે એવું; મોહક; આકર્ષક.:-મનોરંજક (૨) સ્ત્રી૦ ભડકો-ભડાકો ઉત્પન્ન કરે એવી બંદુકના દારૂની ચપટી; બંદુકની અંદરનો દારૂ સળગે એમ તેના કાનકાણામાં પુરવાની સળગી ઉઠે એવી ભુકી તે; જામગરી. (૩) મમરો; ઉશ્કેરણી. ક્રિ૦ પ્ર૦ રંજક મૂકવી=જામગરી મૂકવી. ઉશ્કેરણી કરવી. રંજક ખાઇ જવી=ફુસ થઇ જવું; નહિ ફૂટવું-ઉશ્કેરાવું તે; પાછા-પડી જવું.

રંજન, વિ૦ ખુશી કરે એવું; રળિયાત કરનારૂ; રંગ ચઢાવે એવું, આનંદ ઉપજાવનારૂં.:-મનોરંજન.

રંજવું, ક્રિ૦ સ૦ [સં. રંજ્] રંગવું; રંગવાળું કરવું. (૨) ખુશ કરવું; આનંદ ઉપજાવવો; પ્રસન્ન કરવું. (૩) પીડવું; દુઃખ દેવું.

રંજાડ, સ્ત્રી૦ મનને વારંવાર કલેશ થાય તે. સંતાપ; દુઃખ; પીડા; રંજાડવું તે; વિતાડવું તે. ઉ૦ રાતે તો માડે રંજાડ. (૨) બગાડ. (૩) ધિંગાણું; તોફાન.

રંજાડવું, ક્રિ૦ સ૦ રંજ પહોચાડવી; દુઃખ દેવું વિતાડવું; પીડવું; દમવું; સંતાપવું. (૨) તોફાન-ધિંગાણું કરવું; માથું ફોડાવવું.

રંજિત વિ૦ [સં.] રંગેલું; રંગ ચઢાવેલું; રંગીન.

રંજીદા, વિ૦ રંજથયેલું; હેરાન; કાયર; અકળાયેલું. (૨) ચિઢાયેલું.

રંડવો, પું૦ રાંડેલો પુરૂષ; વિધુર. (૨) બાયલો; નામરદ; કન્યારાશી; રાંડ જેવો ભાયડો તે.

રંડા, સ્ત્રી૦ [સં.] સ્ત્રી પ્રતિ વપરાતી એક ગાળ; તિરસ્કારમાં સ્ત્રી પ્રતિ વપરાતો તુચ્છ કાર તે. ઉ૦ કેઇ રંડા આવીરે મારી દારામતી છંડાવી કેઇરે ભામિનીએ મુજને ભોળવ્યોરે. (૨) વિધવા; રાંડેલી સ્ત્રી તે. (૩) નઠારી-દુષ્ટ કંકાસિયણ સ્ત્રી તે.

રંડાપો, પું૦ રાંડેલી હાલત તે; વૈધવ્ય; વિધવાપણું. (૨) દુર્ભાગ્ય; કમનસીબી.:-રંડાપો તો રોકડો.

રંડાયેલું, વિ૦ બેલ-સાથ વગરનું; સ્ત્રીનો પુરૂષ ને પુરૂષની સ્ત્રી મરી ગયેલી હોય એવું રાંડેલું વિધુર.

રંડાવું, ક્રિ૦ અ૦ રાંડવું; સ્ત્રી પુરૂષમાંનું એક મરી જવાથી બીજાની એકલવાઇ હાલત થવી તે; રંડાપો આવવો; દંપતીમાંનું એક મરી જવાથી બીજાને દુઃખ થવું.

રંડી, સ્ત્રી૦ વેશ્યા; રાંડ; કસબણ; પાતર.

રંડીબાજ, વિ૦ વેશ્યાઓના છંદમાં પડેલ; છિનાળવો; વ્યભિચારી; લુચ્ચો.

રંડીબાજી, સ્ત્રી૦ વેશ્યાઓનો છંદ તે. રંડીમાં

કરવું ને વિષયમાં રચી પચી રહેવું તે. વેશ્યા સંગની આસક્તિ તે.

રંદો, પું૦ લાકડું સાફ કરવાનું ઓજાર; સુતારનું લાકડાં સુંવાળાં કરવાનું હથિયાર. ક્રિ૦ પ્ર૦ રંદો ફેરવવો=સાફસુફ કરવું; સરલ–સીધું કરવું; ટાપટીપ કરવી.

રંધવારો, પું૦ રસોઇઓ; રાંધનારો; ભઠિયારો.

રંધામણ, ન૦ રાંધવાની મજુરી તે; રંધામણી. (૨) પુટપાક; અંદરને અંદર સિઝાવું તે; અંદરનો બફારો–ધામ–અકળામણ તે.

રંધામણી, સ્ત્રી૦ રંધામણ; રસોઈ કરાવવાની મજુરી.

રંધાવું, ક્રિ૦ અ૦ પાકવું; ચઢવું; બફાવું; સીઝવું. (૨) તૈયાર થવું; ફાયદો થવો.

રંધો, પું૦ રંદો.

રંધ્ર, ન૦ [સં.] છિદ્ર; ભોક; કાણું. (૨) ખોડ; દોષ; ચાંદું; દૂષણ.

રંભા, સ્ત્રી૦ [સં.] એક અપ્સરા; પરી; રૂપાળી સ્ત્રી. (૨) કેળ; કદળી. રંભાફળ=કેળું.

રંભોરૂ, વિ૦ [સં.] કેળ જેવા ઊરૂવાળી તે; સુંદર જાંગવાળી સ્ત્રી.

રા, પું૦ રાજા; રાવ; હાકેમ. ઉ૦ રેલો ચાલ્યો રાની વાડીએ, શોભા૦ (૨) પ્રભુ; ઈશ્વર. (૩) સ્ત્રી૦ લક્ષ્મી. (૪) વહાર, સહાય. (૫) ફરિયાદ.:– કોણ રા ખાય છે.

રાઇ, સ્ત્રી૦ એક જાતના તીખા મસાલાનાં બી. એના દાણા ઝીણા, ગોળ, ને ઝાંખા લાલ હોય છે. તેમાંથી તેલ પણ નીકળે છે. તે તીખા અને દાહક છે. મસાલામાં અને ઔષધમાં તેનો ઉપયોગ થાય છે. રૈ. ક્રિ૦ પ્ર૦ રાઇ ચઢાવવી=તેજ કરવું. ઉશ્કેરવું. રાઇ મરચાં લાગવાં=લાગણી દુખાવી; રીસ ચઢવી; ખોટું લાગવું. કહે૦ રાઇના પાર રાતે વહી ગયા. રાઇ મરચાં=અદેખાઈ સામે ઝેર આવવું. આંખમાં રાઇ મરચાં પાડવાં.

રાઇજગ, જંગ, પું૦ રાઈજગન [સં. રાજસૂય] રાજાનો દિગ્વિજય દર્શક યજ્ઞ તે; વિજયનો યજ્ઞ–સમારંભ તે; વિજય–આનંદની ઉજવણીનો મોટો ઠાઠમાઠ તે; કોઇ મોટો સમારંભ.:–એણે શો રાઇજગ માંડયો ?

રાઇતીકેરી, સ્ત્રી૦ મસાલામાં આગળ પડતી રાઇવાળી આથેલી કેરી તે; રાઈ જેમાં નાંખેલી હોય એવી કેરીનું અથાણું તે.

રાઇતું, ન૦ શાક અને ફળ વગેરેની કચુંબર કે છીર નાંખી રાઈ ચઢાવેલું દહિં તે; રાઇ ચઢાવેલા દહિંમાં ફળની બારીક કચુંબર નાંખીને બનાવેલો લેહ્ય પદાર્થ. (૨) કચુંબર; છીર; છુંદો.:–એનું રાઇતું કર=કકડા કર. ક્રિ૦ પ્ર૦ રાઇતું કરવું=છુંદી નાંખવું; કકડા કરી નાંખવા. (૨) ખરાબી–હાનિ કરવી; કચરીનાખવું.

રાઇમીઠું, ન૦ રાઇ અને મીઠું બેઉ તે. (૨) અદેખાઇ; બળતરા; ઝેર. (૩) મેલી–નબળી નજરના ઉતાર માટે આ બે વસ્તુ દેવતામાં નાંખી ટુચકો કરવામાં આવે છે. રૂ૦ પ્ર૦ રાઇ મીઠું પડવાં=અદેખાઇ આવવી. (૪) તેની આંખો ફૂટજો. એક શાપ. કોઇનું સારૂં જોઇ બળનારને માટે કહેવાય છે.

રાઉત, વિ૦ રાવત; હોંશિયાર; બહાદુર; બાહોશ; કામમાં એકકો હોય એવું; આવડતવાળું હોંશિયારીવાળું.:–કામની રાઉત છે. રાજા; સર્વથી ચઢી જાય એવું.

રાઉસ, વિ૦ બરાબર; વાજબી.

રાએણ, સ્ત્રી૦ રાયણ; રાણ; એક જાતનું ફળ ઝાડ. (૨) રાએણનું પાતળી ખારેક જેવું પીળું ફળ તે.

રાકા, સ્ત્રી૦ [સં] પૂર્ણચંદ્રવાળી રાત્રી; પુનમની રાત; જે દિવસે પૂર્ણચંદ્ર થતો

હોય તે દિવસની રાત તે. (૨) શરદ પુનમ; પૂર્ણિમાની રાત.

રાકાપતિ, પું૦ [સં] ચંદ્ર; ચાંદો; પૂર્ણિમાનો સોળે કળાનો ચંદ્રમા તે.

રાકેશ, પું૦ [સં]પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર તે.

રાક્ષસ, પું૦ [સં.] કદરૂપો પણ શરીરે મોટો અને ભયંકર દેખાવ તેમજ ક્રૂર સ્વભાવનો દેવ અને માણસનો વેરી તે; દૈત્ય; દાનવ; અસુર. (૨) બિયામણા દેખાવનો અને દુષ્ટવૃત્તિ તથા ક્રૂર કર્મ કરનારો માણસ –જન તે; જેની પાપ વૃત્તિઓ હોય અને દેખાવે ભય ઉપજાવે એવો પાપી માણસ તે.

રાક્ષસણી, સ્ત્રી૦ રાક્ષસની સ્ત્રી. (૨) રાક્ષસના જેવી ક્રૂર ને ભયંકર દેખાવની સ્ત્રી.

રાક્ષસી, વિ૦ રાક્ષસના જેવું; રાક્ષસ સંબંધી. (૨) મોટું; ભવ્ય; જંગી.:–રાક્ષસી કદનું ઇંડું. (૩) ભયંકર; વિકરાળ; બિયામણું. (૪) પાપી; ક્રૂર; નિર્દય- ઘોર કરાળ. (૫) ખરાબ, નઠારૂં; હીણું. (૬) કઠોર; કર્કશ. (૭) ઉજ્જાન; ઇચ્યું. એટની અંદરના ભાગમાં રાક્ષસી ઝાડોથી ભરેલાં મોટાં વનો આવેલાં છે. (૮) રાક્ષસ જાતિની સ્ત્રી.

રાક્ષી, સ્ત્રી૦ મોઢાની ફાડની બન્ને બાજુએ આવેલી તીણી અણીવાળી ફાડવાની ઉભા ખીલા જેવી દંતુડીઓ તે; ચીરવા–ફાડવાના અણીદાર દાંત.

રાખ, સ્ત્રી૦ વસ્તુ બળી ગયા પછી પાછળ જે ભુકો અવશેષ રહે છે તે; ખાખ; હેલી; ભસ્મ; રાખોડી; રખ્યા. (૨) રાખેલી સ્ત્રી. ઉપનાયિકા. (૩) અ૦ કંઇ નહિ એમ; નકામું–અપ્રસ્તુ એમ; ફોગટ.–:એનાથી શું બને ? રાખ ! ક્રિ૦ પ્ર૦ રાખ ચોળવી= પાયમાલ થવું. (૨) બાવા વેરાગી થઇ જવું; ભીખ માગતી. રાખ ચોળાવવી= નિર્ધન થઇ જાય એમ કરવું; વેરાગી–ભિખારી બનાવવું. ભિખારી બનાવવું.

રાખડી, [સં. રક્ષ.] ભૂત પ્રેત અને અભિચારાદિકથી રક્ષણ થવા માટે મંતરેલી અંગ ઉપર બાંધી રાખવાની જે દોરી–પટી વગેરે તે; મંતરેલું રક્ષાસૂત્ર. (૨) કોઇ જાતનું વિઘ્ન નડે નહિ અને દુશ્મનના અભિચારો સામે રક્ષણ મળે, તે માટે બળેવને દિવસે ગુરુ–સ્નેહીજન વગેરે જે મંતરેલે દોરો બાંધે છે તે. (૩) ગર્ભનું રક્ષણ થાય તે માટે પહેલીવાર ભારેવાઇ થયેલી સ્ત્રીને પાંચમે મહીને જે મંતરેલું સૂત્ર બાંધવામાં આવે છે તે. ઉ૦ દુર્બળની દીકરી રાંકડી, આચાર કરી બાંધો રાખડી. મામેરૂં. રાખડી ઘણું કરીને નણંદ બાંધે છે. ઉ૦ રાખલડી તો હુંજ છુંની બાંધનારી, ભાભલડી.

રાખપત, સ્ત્રી૦ કોઇનો અણીનો વખત સાચવી લેવો તે; આબરૂ, સાખ, અણીની વેળા રાખવી તે.

રાખરખાવટ, સ્ત્રી૦ અન્યોન્ય સાહાય કરવાનો વ્યવહાર તે.

રાખવું, ક્રિ૦ સ૦ [સં.] રક્ષણ કરવું; પાળવું; (૨) સંઘરવું; મૂકી છાંડવું; જાળવવું. (૩) બચાવવું: ઉગારવું.:– માર ખાતો રાખ્યો. (૪) સંભાળવું; સાચવવું.:–તું મારૂં રાખે છે તો હું તારૂં રાખીશ. (૫) રોકવું; ઉપયોગ માટે સાથે રહે તેમ કરવું.:–તેણે ચાકર રાખ્યો. ચાર આસન –જગા રાખી. (૬) બહાર નહિ કાઢવું; પાછું હઠાવવું; અંદર રહેવા દેવું. (૭) પડતું મૂકવું; શેષ રહેવા દેવું.:–આ કામ કોને માટે રાખ્યું ? (૮) જમાવવું; એકઠું કરવું. (૯) પોતાનું કરવું; અંગનું –ઉપયોગનું કરી લેવું; વહોરવું. (૧૦) માન આપવું. (૧૧) અટકાવવું.:–તુરંગમાં રાખ્યો. (૧૨) ભોગવવું. (૧૩) છોડી દેવું; તજવું.:–વહાલા ! તમે મને અહિં રોતી શા માટે રાખી ગયા. બીજા ક્રિયા

પદો સાથે જોડાઇ વિવિધ અર્થે વપરાય છે.

રાખસ, પું૰ રાક્ષસ.

રાખસી, વિ૰ રાક્ષસી.

રાખેલું, વિ૰ પાળેલું; ઉછેરેલું. (૨) કબજા ભોગવટામાંનું. (૩) વધારેલું. (૪ રક્ષણ કરેલું. જુ૰ રાખવું.

રાખોડી, સ્ત્રી૰ રાખ; ખાખ; ભસ્મ.

રાખોડો, પું૰ રાખ; ભસ્મ.

રાગ, પું૰ [સં] સ્વર તાણીને ગાવાના જે જુદા જુદા ઢાળ તે; મધુર લાગે એવી રીતે સૂરમિલાવટ કરી અવાજ કાઢવાની રીત તે; ગાવાની રીત તે; ગાવાની ઢબે વાણીને ગોઠવવાની રચના તે; પદબંધ કળા; મીઠો સાદ કાઢવો તે. દેશી; ચાલ; પદ. (૨) અવાજ; સાદ; ઘાંટી. (૩) સુગંધિવાળું દ્રવ્ય તે; રંગવાળો લેપ તે; ચંદનાદિક. (૪) પ્રીતિ; પ્રેમ; ઇચ્છા; અભિલાષ. (૮) ક્રોધ; ગુસ્સો.:–રાગે ભરાવું. (૯) ચીઢ. (૧૦) બેસતું આવવું–ગોઠવું તે; આનુકૂલ્ય.:–એ બે જણને સારો રાગ આવે છે. ક્રિ૰ પ્ર૰ રાગ કાઢવો=ગાવું; લલકારવું. રાગે પડવું=સરાડે ચઢવું; બરોબર ચાલવા માંડવું.

રાગડો, પું૰ મોટો લાંબો રાગ કાઢવો તે. (૨) મોટેથી ગાવું તે. (૨) મોટો સાદ; ઘાંટો. (૩) ભેંકડો.

રાગણી, સ્ત્રી૰ રાગિણી, કોમળ સૂરવાળાં જુદા જુદા રાગનાં મિશ્ર પદોવાળી મધુર રચના તે. મોટા મોટા રાગને કેટલીક રાગણીઓ હોય છે.

રાગમાળા, સ્ત્રી૰ જુદા જુદા રાગોનો જથો તે; જેમાં ઘણા રાગો સાથે ગવાતા હોય તે; આવલી. (૨) પિંગળ.

રાગાંધ, વિ૰ [સં.] કામ ક્રોધાદિકને લીધે જેને કંઇ ગમ પડે નહિ એવું; વિષયાંધ.

રાગી, વિ૰ [સં.] લાગણીવાળું; કામ ક્રોધાદિની અસરવાળું. (૨) વિષયી. (૩) પ્રેમી–અનુરાગી.

રાગોટવું. ના. ધા. સૂર બેસાડવાને ગણગણતા ગાયા કરવું; રાગ કાઢ્યા કરવો; વારંવાર ગાયા કરવું તે.

રાગોટો, પું૰ ખુશીમાં ગમે તેવી રીતે મોટેથી સાદ કાઢવો તે. (૨) ભેંકડો.

રાઘુ, પું૰ પોપટ; જેવું શીખવાડીએ તેવુંજ અનુકરણ કરી બોલનાર એક પંખી.

રાચ, ન૰ રાછ; ઓજાર; હથિયાર. (૨) ઘરમાં વાપરવાનો સામાન.:–રાચરચીલું.

રાચવું, ક્રિ૰ અ૰ ખુશીથવું; પ્રસન્નથવું; રાજીથવું. (૨) શોભવું; સુંદર દેખાવું; ખલવું; છાજવું.

રાછ. ન૰ ઓજાર; હથિયાર; કારીગરનું વતરણું.:–સુતારનાં બધાં રાછ હવે વિલાયતથી આવે છે. (૨) સાળમાંના દોરા ઉંચાનીચા કરવાનાં લાકડાં અને વજન તે. (૩) પહોંચેલું–પાંશરૂં કરે એવું; હોંશિયાર –કાબેલ.:–એના ઘરમાં એ તો એક રાછ છે.

રાજ, પું૰ [સં] રાજા; ભૂપ. (૨) સ્વામી શેઠ. (૩) વિ૰ સુંદર, શોભીતું; રઢિયાળું. ઉ૰ તમે ગોવાળિયા મત કીધી રાજ! મારે ઘેર શીદ આવ્યા ? ક્રિ૰ પ્ર૰ રાજ, આવવું=અમલ–સત્તા પ્રાપ્ત થવી; શેઠાઇ કરવાનો વખત મળવો. લાક્ષણિક–અળગાં બેસવું (સ્ત્રીએ) એમ કે કામકાજ કરવું ન પડે અને હુકમ બંધ જોઇતી ચીજ માગી લેવાય. રાજથવું=ઓલાઇ જવું; ગુલ થવું–દીવાનું. દીવો રાજ થયા પછી ચોર ખૂણામાંથી બહાર નિકળ્યો.

રાજકૈદવક, ન૰ આસમાની સુલતાની; રાજા કે ઇશ્વર તરફનો ઓચિંતો કોપ–કટકો તે.

રાજકન્યા, સ્ત્રી૰ [સં] રાજકુંવરી, રાજપુત્રી.

રાજકવિ, પું૰ રાજાનો માનિ તો અ

તરફથી જેને આશ્રય મળતો હોય એવો કવિ તે.

રાજકાજ, ન૰ રાજાને અને રાજ્યને લગતું કામકાજ તે; રાજ્યના અંગનું કામ. (૨) રાજનીત.

રાજકીય, વિ૰ [सं] રાજસંબંધી; રાજાને રાજ્યને લગતું; રાજ્ય પ્રકરણી.

રાજકુમાર, પું૰ રાજપુત્ર.

રાજકુમારી, સ્ત્રી૰ રાજપુત્રી.

રાજકુંવર, રાજકુંઅર, રાજપુત્ર.

રાજકુંવરી, સ્ત્રી૰ રાજપુત્રી.

રાજગરી, સ્ત્રી૰ ડુંગળી; પ્યાજ; કાંદા.

રાજગરો, પું૰ ઝીણા ધોળા દાણાનું એક અનાજ. એનો લોટ ને ધાણી થાય છે અને હિંદુઓ ફળાહાર તરીકે ઉપયોગ કરે છે.

રાજગાદી, સ્ત્રી૰ રાજાને બેસવાનું આસન; સિંહાસન. (૨) રાજાના હોદ્દાનું સ્થાન—રાજાની સત્તા—અમલ બજવણીનો અધિકાર તે. (૩) રાજ્ય; સરકાર.

રાજગોર, પું૰ રાજાનો ગુરૂ; રાજપુરોહિત.

રાજચિહ્ન, ન૰ [सं.] ' રાજા છે ' એમ જણાય—ઓળખાય એવો જે ઠાઠ—સાજ તે. :- છત્ર, ચામર, છડી, અને મુગટ વગેરે, (૨) રાજ મળે એવાં હાથ અને પગ ઉપરનાં ચિહ્ન તે. (૩) રાજાના સિક્કાની છાપ અથવા નિશાન તે.

રાજત, ન૰ [सं. रजत] ચાંદી; રૂપું. ઉ૰ કનક રાજત આદિકે યુક્ત, જુગતા પર્વત જેહ. રત્નો.

રાજતું, વિ૰ શોભતું; સુંદર; દીપતું; ખલતું. (૨) યોગ્ય; બરાબર; ઘટિત.

રાજતેજ, ન૰ રાજનૂર.

રાજદરબાર, પું૰ [राजद्वार] રાજાને રહેવાનું અને દરબાર—સભા ભરવાનું મોટું—ભવ્ય મકાન—દોઢી વગેરે તે; રાજ મંદિર. (૨) સરકારી કામકાજ કરવાની કોઠી મકાન તે; કચેરી; રાજભુવનનું મકાન. :- અમારે રાજદરબાર નથી ચઢવું. (૩) સરકાર.

રાજદરબારી, વિ૰ રાજાનું અને રાજ્ય સંબંધી તે; રાજદ્વારી. (૨) સરકારી.

રાજદંડ, પું૰ [सं] રાજાના એક ચિહ્ન તરીકે ગણાતી છડી તે. (૨) રાજાએ કરેલો દંડ—શિક્ષા તે. ધન, માર, કે તુરંગ વગેરેની સજા. (૩) પ્રજાને વશ રાખવાની રાજાની સત્તા તે; શાસન સત્તા તે.

રાજદૂત, પું૰ [सं] રાજાનો હજુરિયો; રાજાનો સિપાઇ. (૨) રાજાનો જાસુસ; રાજાને છુપી બાતમીઓ લાવી આપનાર.

રાજદ્રોહ, પું૰ [सं] રાજા અથવા રાજ્યને નુકસાન—હાનિ થાય એવો વિચાર, વર્તન, અથવા કામ તે; રાજા અને રાજ્યને દગો દે એવું તે; રાજા કે રાજ્યને પુંઠે ઘા કરવો પ્રપંચ કરવો—દેવો તે; રાજા ને રાજ્ય પ્રતિ ભક્તિને ભાવના રાખવાનો જે પ્રજાનો ધર્મ છે તેમાં બેવફાઇ.

રાજદ્રોહી, વિ૰ રાજા અથવા રાજ્યને દ્રોહ દેનાર, રાજા કે રાજ્યને નુકસાન—હાનિ થાય એવું કરનાર; રાજભક્તિ રહિત; રાજા ને રાજ્ય પ્રતિ રૈયતનો જે ધર્મ છે તેમાં ચૂકનાર.

રાજદ્વાર, ન૰ [सं] રાજાને રહેવાનું અને રાજકાજ કરવાનું સ્થાન તે; રાજમહેલ અને રાજસભા—કચેરીનું મકાન તે; રાજમહેલ. (૨) સરકાર.

રાજદ્વારી, વિ૰ રાજા અને રાજ્યને લગતું; રાજસંબંધી; રાજ્યકીય. (૨) રાજા અને રાજ્યને શોભે એવું; મોટું વૈભવી.

રાજધાની, સ્ત્રી૰ રાજ્યનું મુખ્ય શહેર; રાજા જેમાં રહેતો હોય તે શહેર; પાયતખ્ત; રાજનગર—નગરી; મોટાં ભવ્ય મકાનો, રાજમંદિરો, કચેરીઓ અને કિલ્લા કોટવાળું રાજ્યનું મુખ્ય શહેર તે.

રાજપુત્ર, પું૦ [સં] રાજકુમાર.
રાજપુરૂષ, પું૦ [સં] રાજા ને રાજ્ય કાજ-માં સલાહ આપનારો; પ્રધાન; દિવાન; રાજાની સાથે બેસનાર સભ્ય.
રાજબીજ, વિ૦ ઉમદા-ઉંચા તુખમનું; રાજ-વંશનું; જેનામાં રાજ અંશ હોય એવું.
રાજભક્તિ, [સં] પોતાના રાજકર્તા ઉપર પ્રેમ રાખવો અને તેનું યોગ ક્ષેમ હમેશ ઇચ્છયા કરવું તે; રાજા અને રાજ્ય ઉપર ભાવ રાખવો તે; વફાદારી.
રાજભોગ, પું૦ [સં] મોટું જમણ; મુખ્ય ભોજન તે; મહાપ્રસાદ. દેવમંદિરોમાં ઠાકો-રજીને જે મુખ્ય ભોજન-પ્રસાદ ધરાવવા-માં આવે છે તે. (૨) વૈષ્ણવ મંદિરમાં થતાં મુખ્ય ઠાકોર ભોજન-નાં દર્શન તે. :-રાજભોગમાં દર્શન.
રાજમંદિર, ન૦ [સં] રાજાનો મહેલ તે; રાજગૃહ.
રાજમાન્ય, વિ૦ રાજાથી માન પામેલું; જેને રાજ્યપ્રતિષ્ઠા મળેલી હોય એવું; પ્રતિષ્ઠિત.
રાજમાર્ગ, પું૦ [સં] ધોરી રસ્તો; જમણુ; મુખ્ય માર્ગ તે.
રાજમુદ્રા, સ્ત્રી૦ [સં] રાજાની મહોર; રાજ સિક્કો; રાજાની છાપ.
રાજયોગ, પું૦ રાજા થવા જેવા ગ્રહયોગ તે. (૨) મનને ઇશ્વરમાં એકાગ્ર કરવાનો માર્ગ તે: સુભાગી લક્ષણ.
રાજરોગ, પું૦ અસાધ્ય અને લંબાણ મંદ-વાડ ચાલે એવો રોગ તે; ક્ષય.
રાજલક્ષ્મી, સ્ત્રી૦ રાજાની સમૃદ્ધિ તે; રાજ્ય સમૃદ્ધિ.
રાજર્ષિ, પું૦ [સં] તપ કરીને ઋષિ થયેલો ક્ષત્રિય તે; ક્ષત્રિય તપસ્વી. (૨) ઋષિઓમાં રાજા જેવો માટે માનવાળો ઋષિ તે.
રાજવણ, સ્ત્રી૦ રાજસી-રાણી જેવી સુભાગી સ્વરૂપવાળી અને સારી એવી જાજરમાન સ્ત્રી તે; નસીબદાર સ્ત્રી; રાણી, ઠકરાણી.
રાજવંશી, વિ૦ રાજવંશનું; રાજાના કુટુંબ-નું, ખાનદાન.
રાજવી, વિ૦ રાજવૈભવવાળું; રાજાના જેવું તે. (૨) રાજા; રાજકુમાર અથવા મોટી જાહોજલાલીવાળું.
રાજવૈદ, પું૦ રાજા અને રાજ્યનો આશ્રિત વૈદ તે; રાજાને ત્યાં જેનું માન હોય તે વૈદ. (૨) વૈદોમાં ઉત્તમ વૈદ તે; વૈદ્યોનો વૈદ્ય=રાજવૈદ-દ્ય.
રાજવૈભવ, પું૦ [સં.] રાજાની સુખસાહેબી તે. (૨) રાજાના જેવી મોટી સુખસાહેબી તે; ઉંચા પ્રકારનો ઠાઠમાઠ; મોટી જાહોજ-લાલી; ધન, અધિકાર અને સુખસાજ વગેરે સૌ ઉંચા પ્રકારનાં અને અનુકૂળ હોય એવી સ્થિતિ તે.
રાજશ્રિયાવિરાજિત, વિ૦ રાજલક્ષ્મીવડે શોભિત; રાજાના જેવી ઉંચી સુખ સંપ-ત્તિએ યુક્ત તે; રાજશ્રીએ અલંકૃત.
રાજશ્રી, વિ૦ રાજાના જેવાં સુખ સંપત્તિ ને વૈભવ હોવાં તે; વા રાજા જેવું તે. (૨) રાજ લક્ષ્મી; રાજાના જેવા ઐશ્વર્યવાળું.
રાજસ, વિ૦ [સં.] રજોગુણ વિશિષ્ટ; રજો-ગુણી; રજોગુણ પ્રધાન. (૨) વૈભવી-મો-જી; સુખોપભોગી. ઉ૦ ગૃહસ્થાવટ રાજસ રીત. સામળ. (૩) આકળું; ઉગ્ર સ્વભાવનું.
રાજસત્તા, સ્ત્રી૦ [સં.] રાજાનાં જે અધિ-કાર, અમલ અને બળ વગેરે તે; રાજાની અમલ બજવણીની જે શક્તિ તે; રાજબળ. (૨) રાજાનો પ્રતાપ; દોર તે; રાજ હકુમત.
રાજસભા, સ્ત્રી૦ [સં.] રાજ્ય સંબંધી વિચાર કરનારાઓની મંડળી તે; રાજા, સામંત અને પ્રધાન વગેરે પ્રજાના આગે-વાનોનું મંડળ તે. (૨) રાજ્ય સંબંધી વિચાર કરવાને ભેળા થવાનું જે સ્થાન તે; રાજા અને પ્રધાનોને મળવાનું સ્થાન.

(૩) મોટા મોટા રાજાઓનું મંડળ તે.

રાજસૂય, પું૦ [सं] એ નામનો એક અગ્નિહોત્ર; સાર્વભૌમ રાજાએ બીજાને હરાવેલા–તાબે કરેલા છે, એમ સાબીત કરી આપનારો યજ્ઞ તે; અશ્વમેધ.

રાજહંસ, પું૦ [सं.] સૌથી મોટો અને દેખાવે સુંદર એવો હંસ તે; જેની ચાંચ અને પગ સુરેખ લાલ હોય અને જે મજેની સુંદર ચાલવાળો હોય તે હંસ. ઉ૦ જે ચાલે તુજ ચાલ હાલ જગથી, તે રાજહંસો ગયા.

રાજા, પું૦ [सं. राजन्] અમુક પ્રજાથી વસાયેલા વિસ્તાર ઉપર અમલ ચલાવનારો જે શૂરવીર–પ્રતાપી માણસ તે; અમુક હદવાળા દેશની પ્રજાએ પોતાનું રક્ષણ અને વ્યવસ્થા કરવા માટે ઉપરી સ્થાને પસંદ કરેલો વડો તે; નૃપ; ભૂપ; નરપતિ; ભૂપાળ. (૨) અમુક વર્ગ–જાતમાં સૌથી સરસ અને મોટું તે. :–રાજહંસ. (૩) ઉદાર, ભોળો અને જેને કશી કાળજી ન હોય એવો માણસ. :–એ તો રાજા માણસ છે. (૪) સ્વામી; માલીક; મુખત્યાર; વડો.:–એ તો ગામ ઘરનો રાજા છે. (૫) મુખ્ય; શ્રેષ્ઠ; અને ખાસ એવું જે તે.:–શાક દાળમાં શું ખાવું રાજા સાથે (લાડુ–મિષ્ટાન્ન) લડોને? રાજા જેવું=ભોળિયું; ઉદાર; નિખાલસ. રાજાભોજ=મોટા ઉદાર દિલનો માણસ; દાનવીર. કહે૦ યથા રાજા તથા પ્રજા=જેવો રાજા તેવી તેની રૈયત.

રાજાધિરાજ, પું૦ સૌથી મોટામાં મોટો રાજા તે; સાર્વભૌમ રાજા; સામ્રાટ; શહેનશાહ; ચક્રવર્તી રાજા; રાજાઓનો પણ રાજા તે.

રાજિ, સ્ત્રી૦ [सं.] ઓળ; પંક્તિ; હાર. (૨) લેખા; આંકો; રોમરાજિ.

રાજિત, વિ૦ [सं.] શોભતું; સુંદર લાગતું; લખલખાટવાળું; અલંકૃત.

રાજિયો, પું૦ રાજા; વડો; સરદાર; રાજવી. ઉ૦ કિયા રે મુલકનો રાજિયો. (૨) શોકની કૂટણીનું ગાણું; શોક ઉપજાવે એવી હલકનો એક રાગ; મરસિયો. (૩) મોટેથી ગુણ દોષ બતાવી શોક કરવો તે; રોવું તે. : તારો રાજિયો ગાઉં, તું અહિં શીદ આવ્યો ?

રાજી, વિ૦ [अ. राजि] મનને ગમતી રીતે કબુલ; મન ખુશી થતું હોય તેવું; ખુશી; પ્રસન્ન. (૨) અનુમત; અનુકૂલ; ગમતું હોય એવું. ક્રિ૦ પ્ર૦ રાજીકરવું=ખુશીકરવું; પ્રસન્ન થાય–આનંદ પામે એમ કરવું. રાજીખુશીથી=મનની પ્રસન્નતાના ઊર્મિએ એમ; ખરા ખુલ્લા દિલથી.

રાજીનામું, ન૦ ખુશીથી કોઈ બાબત, અથવા કામ વગેરે ઉપરથી હાથ ઉઠાવી લેવો તે; મન પૂર્વક પોતાનો હક, દાવો કે કામ છોડી દેવાનું લખી દેવું તે. ઇચ્છાથી નોકરી છોડી દેવાની અરજ કરવી–લખી આપવું તે.

રાજીપો, પું૦ રાજીખુશી તે; રાજીપણું; પ્રસન્નતા. (૨) સુસંબંધ; સુસંપ; મનની ખરેખરી ઇચ્છા તે; સંમતિ અંતઃકરણનો મત તે; પ્રસન્નપણું તે.

રાજીવ, ન૦ [सं.] એક જાતનું સુંદર કમળફૂલ; કમળ; પદ્મ. :–રાજીવલોચન=કમળનેત્ર; પદ્મનયન. રામ રાજીવલોચન.

રાજેન્દ્ર, પું૦ [सं.] રાજાઓમાં ઇન્દ્ર જેવો રાજા તે; રાજાધિરાજ; વડો રાજા.

રાજેશ્રી, વિ૦ રાજશ્રીવાળું; રાજલક્ષ્મી યુક્ત; રાજાના જેવા ઉમદા ઉદાર ગુણ અને વૈભવી ઠાઠમાઠવાળું એવું તે.

રાજો, પું૦ રાજા; નૃપ; ભૂપાળ. (૨) મોટો, વડો, પ્રતાપી માણસ. અભણ લોકમાં વપરાય છે.:–અમારો રાજો તો બહુ ભલું માણહ છે.

રાજ્ય, ન૦ [સં] અમુક રાજાના હકુમતમાંનો પ્રદેશ તે; રાજાના તાબાનો વિસ્તાર તે. (૨) રાજાથી કરાતી જે પ્રજા વ્યવસ્થા તે; અમલ બજવણી; વ્યવસ્થા અને તેનું પરિપાલન કરવાને રાજાએ ચલાવેલું જે ધોરણ તે; અમલ ચલાવવાની રીત. પ્રજાની સુવ્યવસ્થા અને તેમનું રક્ષણ કરવાને લગતી ગોઠવણ તે. (૩) સત્તાનો સ્વચ્છંદે કરાય એવો વિસ્તાર.

રાજ્યકીય, વિ૦ રાજ્ય સંબંધી; રાજ્યને લગતું. (૨) સરકારી.

રાજ્યતંત્ર, ન૦ પ્રજા અને દેશને આબાદ, સુખી રાખી તેનું પરિપાલન કરવાની સંકલના તે.

રાજ્યભ્રષ્ટ, વિ૦ [સં.] રાજ્યથી ઉતરી ગયેલું; પદચ્યુત, રાજગાદી ઉપરથી ઉઠાડી મૂકેલ.

રાજ્યમંડળ, ન૦ રાજ્ય સંબંધી વ્યવસ્થા ને વિચાર કરનારૂં સામંતો અને પ્રધાનો વગેરેનું મંડળ તે.

રાજ્યાભિષેક, પું૦ [સં.] રાજાને રાજગાદી ઉપર બેસાડવાની જે ક્રિયા તે; ગાદીએ બેસાડવું તે; રાજા તરીકે જાહેર કરવું તે; કોરોનેશન.

રાજ્યાસન, ન૦ [સં.] રાજ્યપદ તે; રાજગાદી; રાજ્ય કરતા રાજાને બેસવાનું જે આસન તે. સિંહાસન; તખત.

રાડ, સ્ત્રી૦ રાડય; રાઢ; ચીસ; કીકિયારી; ભયની કે દુઃખની તીણી બૂમ. (૨) મોટા ભારે સાદ; ઘાંટો; હોકારો. (૩) કજિયો; તકરાર; લડાઈ. (૪) ફરિયાદ. (૫) અનુરાગ; આસક્તિ; હેડો. ઉ૦ પળિયામાં લાગી છે રાડ, એહ વાત મને કહીને દેખાડ. સામળ.

રાડું, ન૦ જુવાર બાજરી અને સરકટ વગેરેનો સાંઠો તે; સળી કરતાં જાડું ને વાંસ કરતાં પાતળું જુવાર વગેરેનું સુકું ઘાસનું થડ તે. (૨) બરૂ. (૩) તીર; બાણ.:—ત્રણ રાડાં નાંખ્યાં તેમાંનું એકકે નિશાન પર લાગ્યું નહિ. (૪) કડિયાનું એક ઓજાર.

રાણ, ન૦ રાન; જંગલ. (૨) સ્ત્રી૦ રાયણ.

રાણી, સ્ત્રી૦ રાજાની સ્ત્રી; મહિષી; રાજ્યકર્તાની સ્ત્રી; ક્ષત્રિયાણી; રજપુતાણી. (૨) સ્ત્રીઓમાં મોટી રૂપાળી અને રૂઆબદાર સ્ત્રી તે; સ્ત્રીજાતિ કે ટોળાની વડી; જેનું ચલણ– સત્તા હોય તે સ્ત્રી. મધમાખોની રાણી. રૂ૦ પ્ર૦ રાણીનો સાળો=બહેનના અધિકારે ઉન્મત્ત અને બહેનના વૈભવે વૈભવી થઈ ફરનાર; શેખીખોર; અહંકારી–મૂર્ખ માણસ તે. રાણીનો ખટમલ=રાણીનો સાળો—બહેનની સાહેબીએ રાતોપીળો થઈને ફરનાર તે.

રાણીજાઇ, જાય, સ્ત્રી૦ રાણીને પેટ જન્મેલી; કુંવરી; રાજપુત્રી.

રાણીજાયો, પું૦ રાણીને પેટ જન્મેલો; કુંવર; રાજપુત્ર. કહે૦ રાણીજાયો કે બીબીજાયો.

રાણીપ, જુ૦ રાજીપો.

રાણીવાસ, પું૦ રાણીઓને રહેવાનો મહેલ–વાસ તે; જનાનખાનું; અંતઃપુર; રણવાસ.

રાણો, પું૦ રજપુતરાજા; મોટા કુળવાન રાજા તે. (૨) મોટા અને પોતાના વર્ગમાં શ્રેષ્ઠ તે.:—ધોધર; ધોધોરાણો. (૩) ડોળી; દમામી; ભભકો રાખનાર; ખાલી મોટાઈવાળો તે; રાજાના ઘરખાટલાનો મુખ્ય ખવાસ.:—ગોલોરાણો.

રાત, પું૦ હજામ; વાળંદ; ગાંયજો. માનથી હજામને સંબોધવામાં વપરાય છે. હજામની માનની અટક. (૨) અ૦ બેદરકારી ને તુચ્છકારમાં વપરાય છે.:—દેવરાત જાણે.

રાત, સ્ત્રી૦ [સં. रात्र] સૂરજ આથમીને ફરી ઉગે તે દરમિયાનનો વખત; સૂર્ય રહિત અંધારાનો ઠંડકનો અને આરામ લેવાનો વખત; નિશા; રજની. રૂ૦ પ્ર૦ રાતના રાજા=રાતે જાગનાર. રાતનો રાણો=

ધુવડ. રાતવરત= રાતને વખતે; કદાપિ રાતે જ એમ.:–રાતવરત કામ પડે તો શું કરવું ?

રાતડ;, ન૦ ખડખડિયાં; સુંવાળી.

રાતડિયું, ન૦ રાતા ગળચટા ગર્ભનું કંદફળ; મુળાની જાતનું એક લાલકંદ; ગાજર; ગાજરિયું.

રાતડિયો, પું૦ રાતો જુવાર.

રાતડી, સ્ત્રી૦ રાત; નિશા. ઉ૦ શિયાળુ વેરણ રાતડી. (૨) વિ૦ રાતાવર્ણુની.:–રાતડી ગાય, કુતરી.

રાતદહાડો, પું૦ રાત અને દહાડો તે. (૨) અ૦ રાતે તેમજ દહાડે એમ; ચાલુ ને ચાલુ એમ; રોજ; હમેશ; નિત્ય. (૩) વારંવાર; પુનઃપુનઃ; ફરીફરીને.

રાતબ, સ્ત્રી૦ તાજે તાજી વસ્તુઓ રોજને રોજ મળ્યાજ કરે તે માટે બાંધેલી ખરીદ તે; ચાલુ ખરીદ; વારો; નેક. ઉ૦ રાતબ રાણીને આપવા, આવે તંબોળી ઘેર; બીડાં બાસઠ પાનનાં, પચાસ પહોચાડે ફેર. સામળ. (૨) સીધું; ભત્થું. રાતબ, પણ બોલાય છે.

રાતર, સ્ત્રી૦ રાત; રાત્રી.

રાતલડી, સ્ત્રી૦ રાત; રજની; નિશા. ઉ૦ રૂડી શરદ પુનમની રાતલડી.

રાતવાસો, પું૦ પોતાના ઘર સિવાય બીજે ઠેકાણે રાત રહેવું તે; મુસાફરીમાં, ખેતરમાં કે બીજે સ્થળે રાત કઢવી તે; રાતે વાસ કરવો તે.:– તે અહિં આવ્યો તો ખરો પણ રાતવાસો રહી વહાણેજ ચાલ્યો ગયો હતો.

રાતવું, ક્રિ૦ સાથે રાતવાસો રહેવું; સ્ત્રીપુરૂષનું સાથે રહેવું.

રાતું, વિ૦ [સં. रक्त] ઉગતા સૂર્યના જેવા વર્ણનું; લોહિત; લાલ; ચનોઠીના રંગનું; આતસી. (૨) લોહીનું ભરેલું ને દઢ.:– રાતું રાયણ જેવું. (૩) ઉછળતા– ઉમંગી લોહીનું; આનંદિત; ઉત્સાહી. (૪) આસક્ત; મગ્ન; તલ્લીન. (૫) કોઈપણ જાતની લાગણીથી ઉશ્કેરાયેલું; આકળું.:–રાતાપીળા કેમ થઈ જાઓ છો ?

રાતોરાત, અ૦ રાતેજ; રાતે ને રાતેજ; રાતોવાઈ.

રાત્ર, સ્ત્રી૦ રાત; નિશા; રજની.

રાત્રી, સ્ત્રી૦ [સં.] સૂર્ય આથમીને ફરી ઉગે તેની વચલો વખત; અંધારા ને આરામનો સમય; રાત.

રાત્રીચર, વિ૦ રાતને વખતે ભટકનાર; રાતે ખોરાક શોધવા ફરનાર. (૨) રાક્ષસ; દૈત્ય; અસુર. (૩) ચંદ્રમા.

રાધા, સ્ત્રી૦ વર–પ્રેમ ઘેલી સ્ત્રી. રૂ૦ પ્ર૦ રાધાઘેલી= પ્રેમ ઘેલી; વર ઘેલી. (૨) ત્રણ પાયાની.

રાધિકા, સ્ત્રી૦ શ્રીકૃષ્ણ પર મોહેલી એક ગોપી; બ્રગુભાણ કુમારી. ઉ૦ સજની શામાટે રિસાણી કે રાણી રાધિકારે, લોલ.

રાન, [સં. अरण्य] ખૂબ ઝાડીવાળો ભુભાગ તે; જંગલ; વન. (૨) ઝાડપાન રહિત ઉજડ પ્રદેશ તે; મોટું મેદાન; રણ. (૩) જાંગ; જંઘા. રૂ૦ પ્ર૦ રાન રાન થઈજવું=પાયમાલ થઈજવું; ઘરબાર કે ઠરઠેકાણા વગરના થઈજવું; હેરાન– થઈ જવું. બેહાલ થઈજવું.:–એનું કુટુંબ રાનરાન અને પાનપાન થઈગયું.

રાનટી, વિ૦ જંગલી; વનેરૂં; અશિક્ષિત; અસભ્ય; નહિ કેળવાયેલું; અવિવેકી. (૨) મૂર્ખ.

રાનવું, વિ૦ વનેરૂં; રખડાઉ. (૨) જંગલી; અસ્થિર મનનું; ઉડબંગ.

રાની, વિ૦ જંગલી; રાનનું. (૨) અણસમજુ; અવિવેકી; અસભ્ય.

રાપડી, સ્ત્રી૦ ખેતરમાંનું ઘાસ કાઢી નાંખવાનું ઓજાર. રૂ૦ પ્ર૦ રાપડીએ બાજરી=

ઢિંચણ સામી બાજરી—એટલું ઉંચું કરસણ એમ.

રાપી, સ્ત્રી૦ ચામડી કાપવાનું ઓજાર. કહે૦ રાપીનો ઘા=આડકતરી કબુલાત.

રાફ, પું૦ રાફડો. ઉ૦ રાફમાં સાપજ ફૂફવે, માંહિ ધુધવે ધોય, વૈદરભી વનમાં વલવલે.

રાફડો, પું૦ જમીન ખણી માટી બહાર કાઢવાથી મોં પર પોચા માટીના ઢગલાવાળું ઉંદર વગેરેનું દર. (૨) ઉધેઇએ માટી બહાર કાઢીને કરેલો મોટો ઢગલો તે. ક્રિ૦ પ્ર૦ રાફડો ફાટવો=ઉભરાઇ નિકળવું; એકદમ ઘણા જણનું બહાર પડવું; ખૂબ ઉભરાવું.

રાબ, સ્ત્રી૦ ઘેંસ; ઢીલું ભરડકું; કાંજી; રાબડી.

રાબડિયું, વિ૦ રાબજેવું; ઢીલું; પોચું.

રાબડી, સ્ત્રી૦ લોટ અને દવાઓનો ભૂકો ઉકાળીને બનાવેલું પેય; કાંજી.

રાબડું, ન૦ રાબડી. (૨) વિ૦ રાબડી જેવું.

રાબેતો, પું૦ નિત્યનિયમ; ચાલ; ધારો; રિવાજ. (૨) હમેશનો જે નેક હોય તે; નિમણુંક.:—રાબેતાનું કામ પહેલાં કરવું.

રાભો, પું૦ ગોવાળ; ખેડુત; ગામડીઓ. ઉ૦ આભો થયેલો આ ઉભો રાભો ગ્રહી કર રાસડી.

રામ, પું૦ [**सं.**] સર્વત્ર વ્યાપીને રહેલો પરમાત્મા તે; ઇશ્વર. (૨) ઇશ્વરાંશી જીવ તે. (૨) હોંશ; જીગર; દમ; હિમ્મત; ઉમંગ. (૩) આનોઃ—આજથી રામ ચઢતા થશે. રામ પાંચ પ્રમાણે વ્યાજ મળશે. રૂ૦ પ્ર૦ રામરાજ્ય=પ્રજાને સુખ અને અભય હોય તેવું રાજ્ય તે. ક્રિ૦ પ્ર૦ રામ બોલવા= મરી જવું; થઇરહેવું. રામ શરણ થવું=મરણ પામવું. રામ રમી જવા=ટાઢું પડીજવું; નિર્જીવ થઇ જવું. સત્વ જતુંરહેવું. રામનું નામ દેવું=માયા છોડી દેવી; શાંત રહેવું; નિર્મળ થઈ રહેવું. કહે૦ રામ નામે પત્થર તરે.=મોટાને નામે લાખ ખાય. રામને રાખવું નહિ અને સીતાને દળવું નહિ=એક પક્ષ આળસુ હોવા; બન્ને સરખાં હોવાં. રામનું સ્વપ્નુ ભરતને ફળ્યું=એકની ભાવના બીજાને ફળે તે. રામચક્કર=મોટું મીંડું; કુંડાળું; ગોળ ચક્કર. રામગાંડિયું=વેતા વગરનું. રામગોટીલો=ગોળ દડા જેવું સ્થૂલ; ખૂબ જાડું અને ધિંગું તે. રામરામ=રજા લેતાં કરવામાં આવતી સલામ; જેગોપાલ; છેલ્લી સલામ. રામ ઠાઠિયું+સાલપોલિયું; ભાગ્યું તૂટયું; નહિ મજબુત; માલવગરનું.

રામકળી, સ્ત્રી૦ એ નામની એક રાગિણી; એ સવારમાં ગવાય છે.

રામકી, સ્ત્રી૦ બાવી; સાધુડી. ભિખારણ.

રામગોવાળિયો, પું૦ નાગો નાગો ભટકે એવો નાનો છોકરો; નાદાન છોકરો.

રામગ્રી, પું૦ એક રાગ.

રામજણી, સ્ત્રી૦ મિજલસ વગેરેમાં નૃત્ય ને ગાન કરનારી સ્ત્રી; નાચ કરનારી-ગાનારી; તાયફો. (૨) વેશ્યા; કસબણ.

રામડોળી, સ્ત્રી૦ કર્કટી; ઠાઠડી.

રામઢોલ, ન૦ મોટું ઢોલ તે; નોબત. (૨) ખૂબ જાડું—બેડોળ દેખાય એવું સ્થૂલ તે.

રામણદીવો, [**सं रामणीयक**] રમણિક—મંગળ—આનંદ ઉલ્લાસમાં પાસે રાખવાનો શુભ સૂચક દીવો તે; મંગળ દીવો; શકુનનો દીવો. વરઘોડામાં વરની માતા જે મંગળ દીપ રાખે છે તે. ઉ૦ ચાલે શચી પ્રથમ રામણ મોઢવાળાં; ગાતી વિવાહ ગીત કિન્નરીઓ રૂપાળાં.

રામદુવાઈ, સ્ત્રી૦ રામની આણ; રામને નામે આજ્ઞા કરવી તે. રામને માટે એટલી રાજભક્તિ તેમ એટલી ધાક હતી કે તેમની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરતું નહિ, તેથી ' રામની આણ ' ' રામદુવાઈ ' એવી વિશ્વાસ શ્રદ્ધા ચાલ્યા કરે છે.

રામનવમી, સ્ત્રી૦ રામજયંતી; ચૈત્ર સુદિ

નોમનો રામ જન્મનો દિવસ તે.

રામનૌમી, સ્ત્રી૦ રામનવમી; રામજયંતી.

રામપગલું ન૦ રામનાં પગલાં પાડેલું મિના-કારીવાળું ઘરેણું; રામના પગનું જેમાં ચિહ્‌ન–છાપ હોય એવી ચકતી તે.

રામપાત્ર, ન૦ શકોરૂં; બટેરૂં; ચપણિયું; રામૈયું; માટીનું મોટું કોડિયું. (૨) ઠીકરૂં; તુચ્છ ચીજ તે.:–એમાંથી એને શું રામપાત્ર મળવાનું છે?

રામફળ, ન૦ એક જાતનું ફળ. એ ફળ ભુખરા રંગનું મરઘીના ઈંડા જેવા આકારનું થાય છે અને તેમાંથી કાળો લાંબો ઠળિયો નિકળે છે.

રામબાણ, ન૦ રામનું નિષ્ફળ જાય નહિ એવું બાણ તે; કારી–હૃદય વિંધી નાખે એવું દુઃસહ તીર તે. ઉ૦ રામબાણ વાગ્યાં હોય તે જાણે. (૨) વિ૦ રામના બાણની માફક નિષ્ફળ જાય નહિ એવું; આ-બાદ અસર કરે એવું; જેની અસરને માટે શંકાજ રહે નહિ એવું આબાદ, ધારી અસર કરે એવું :–રામબાણ ઉપાય; રામ-બાણ ઓસડ.

રામબુઝારૂં, ન૦ જાડું અને બેડોળ લાગે એવું માટીનું બુઝારૂં, ઢાંકણુ તે; ગોળા વગેરે ઉપર ઢાંકવાનું જાડું અને બેડોળ માટીનું શકોરૂં. (૨) વિ૦ રૂપ રંગ કે ઘાટ ગટમ વગરનું; બેડોલ; વરવું; તરેહવારઃ–એને રામબુઝારા જેવીને કોણ રૂપાળી કહે?

રામરસ, પુ૦ રામની ભકિત રઢ તે; રામ ઉપ-રની અત્યંત ભકિતનો પ્રેમ તે. (૨) મીઠું; લૂણ. ઉ૦ રામરસ બીન ફીકું અન્ન.

રામરાજ્ય, ન૦ [સં] રામનો ન્યાયી, સુખ કર, સુલેહ, સંપવાળો અમલ તે; રામના અમલ જેવો ન્યાયી, સુખકર અને કોઈ વાતે જરાય ભય રહે નહિ એવો ચોખ્ખો ને સીધો રાજ્ય કારભાર–વહીવટ તે; નિર્ભય–સુલેહનો અમલ.:—અમારે અહિં તો રામરાજ્ય છે, અર્થાત્ કશો ભય કે દુઃખ નથી.

રામરોટી, સ્ત્રી૦ રાંધેલા અન્નની ભિક્ષા તે; તૈયાર રોટલા તે; શંભુમેળાની સખડળ રસોઈ તે. (૨) માલપુંવા.

રામા, સ્ત્રી૦ [સં] સુંદર–રમણીય સ્ત્રી તે; રૂપાળી સ્ત્રી. (૨) નારી; વનિતા; સ્ત્રી. ઉ૦ રસ્તે જાતાં રામાઓનાં ટોળે ટોળાં દેખું. વેનચરિત્ર.

રામાનુજ, પું [સં] વિષ્ણુની ભકિતવાળો, પણ વેદાંત તરફ પૂર્ણ ઝોકવાળો એક સંપ્રદાય સ્થાપનાર આચાર્ય; તત્ત્વજ્ઞાનના વેદાંતને લગતા કેટલાક ગ્રંથ બનાવનાર–વેદાંતની એક શાખા સ્થાપનાર મહંત; અને તે-મનો પંથ તે. રામાનુજી=રામાનુજ સં-પ્રદાયનું; રામાનુજના અનુયાયી તે.

રામાયણ, ન૦ [સં.] અયોધ્યાના રાજા દ-શરથના પુત્ર રામચંદ્રની કથા તે; રામ કથા; રામચરિત. (૨) લંબાણ વાર્તા કે કથાનક તે; લંબાણ ટાયલું; જેમાં સાં-સારિક લડાઈ ઝગડાની લંબાણ વાત હોય તે.:–હવે તમારૂં રામાયણ રહેવા દો.

રામી, પુંં૦ બાગવાન; માળી. (૨) જેની ઉપર રામ નામ છાપેલાં હોય એવી પિછોડી.

રામૈયું, ન૦ ચપણિયું; કોડિયું; બટેરૂં; શકોરૂં.

રામૈયો, પું૦ શૂંઢ વગરનો કોસ; રામનું નામ દઈને ઝીલવામાં આવતો કોસ અથવા તે રીતે પાણી કાઢવાની રીત તે.

રામોસી, પું૦ સિપાઈ; પટાવાળો. (૨) પહે-રેગીર; પગી; ચોકિયાત. (૩) લુંટારાની એક જાત.

રાય, પું૦ રાજા; મોટો–ધનવાન માણસ તે; રાજ્યશ્રીથી શોભતો માણસ; વૈભવી જન.

રાયઆંબળાં, ન૦ મોટાં આંબળાં તે.

રાયકવાળ, પું૦ બ્રાહ્મણની એક નાત; રાયકા

ગામમાં જઇ તે નામે ઓળખાયેલો ઔદિચ્ય બ્રાહ્મણોમાંનો એક ભાગ-શાખા તે. મોઢેરાના મોઢ તેમજ રાયકાના રૈક્વ અથવા રાયકવાળ બ્રાહ્મણ તે.

રાયકો, પું૦ રબારી; ભરવાડ; ઉંટ રાખનાર અને ચારનાર-ગોવાળ તે. આગળ રાયકા સાંઢણીઓ ખેડતા.

રાયજાદી, સ્ત્રી૦ રાજકુંવરી; રાણીને પેટ જન્મેલી પુત્રી તે.

રાયજાદું, વિ૦ સારું, સુંદર; રૂપાળું; મજેનું રાજાને શોભતું. :-તમે તો ખાસું રાયજાદું કર્યું, લોકને જશ આપવો હોય તો આપે ન આપે તેમાં શું?

રાયજાદો, પું૦ રાજકુંવર; રાજાનો પુત્ર. ઉ૦ રૂડું દિસે છે રાયજાદા રૂપ તમારૂં. ક૦ દ૦ ડા૦

રાયણ, સ્ત્રી૦ એક જાતનું ફળઝાડ; રાએણ. આ ઝાડ મોટું થાય છે અને ઉનાળામાં તેને ખારેકના ઠળિયા જેવાં પીળાં ફળ આવે છે. એમાંથી નિકળતા બીની મીજમાંથી તેલ નિકળે છે. પીળાં રાયણ ફળ સુકાતાં ઝાંખા લાલ રંગનાં બને છે ને તે કોકડી કહેવાય છે. રાયણ બહુ ધીમે વધતી હોવાથી એમ કહેવાય છે કે, તે સો વરસે ફળે છે. એનું લાકડું લાલ ને બહુ સંગીન હોય છે.

રાયણકોકડી, સ્ત્રી૦ સુકાં રાયણનાં ફળ તે.

રાયત, સ્ત્રી૦ [અ.] રાહિયત; આરામ; આસાએશ; વિસામો. (૨) નિરાંત; ટંડક; ટાઢક. (૩) કિફાયત; ફાયદા પડતું; કમી; ઓછું.

રાયતીકેરી, સ્ત્રી૦ રાઇ ચડાવીને કરેલું કેરીનું અથાણું.

રાયતું, ન૦ રાઈતું; શાક ફળનું છીર ભેળવા રાઈ ચડાવેલો દહિંનો મઠો તે.

રાલ, સ્ત્રી૦ દેવદાર અને બીજાં કેટલાંક ઝાડમાંથી મળતો જ્વાળાગ્રાહી ગુંદર; એક જાતની લાખ.

રાવ, પું૦ રાજા. (૨) સ્ત્રી૦ ફરિયાદ; અરજ. (૩) મદદ; સહાય; કુમક. (૪) ચાડી. ક્રિ૦ પ્ર૦ રાવ ખાવી=દુઃખ પોકારવું પોતાને પડતા દુઃખને માટે દાદ માગવી.

રાવટી, સ્ત્રી૦ રાવઠી; ઝરૂખું; ડાખલી. (૨) નાનો તંબુ.

રાવઠી, સ્ત્રી૦ રાવટી; ઝરૂખો; છજું. (૨) નાનો તંબુ.

રાવણિયો, પું૦ ગામની ચોકી કરનારો; રાવણું ભેગું કરનારો ચોરાનો હવાલદાર.

રાવણ, પું૦ [સં.] રાક્ષસોનો રાજા. એને દસ માથાં ને વીસ હાથ હતા. રામચંદ્રની સ્ત્રી સીતાનું હરણ કર્યાથી થયેલી લડાઇમાં રામને હાથે એનું મરણ થયું હતું. રૂ૦ પ્ર૦ રાવણ જેવું= સુજેલું; ફૂલેલું; રસવિકાર કે સોજાનાં પાણી ભરાવાથી ભારે થયેલું.:-રાવણ જેવા પગ થઇ ગયા છે. ભારે ને ભયંકર; બિયામણું.:- રાવણ જેવું મોં કરીને બેઠાં.

રાવણું, ન૦ ગરાસિયા અને ગામના આગેવાનોની મિજલસ; જમીનદાર અને મોટા માણસોની મંડળી. (૨) ગામના રહેવાસીઓ કે અમુક નાતના અને બીજા આગેવાનોનું પંચ-જમાત તે. (૩) સિપાઇઓને રહેવાનું ઠેકાણું-થાણું તે. ક્રિ૦ પ્ર૦ રાવણું કરવું=મિજલસ ભરવી; પંચ બોલાવવું. મિત્રો અને ઓળખીતાઓને એકઠા કરી ગમત-વાતચીત કરવી. ગરાસિયા અને પાટીદારો વગેરેની અફીણ-કસુંબાની મિજલસ તે.

રાવત, પું૦ ઘોડેસ્વાર; લડવૈયો; યોદ્ધો. (૨) ઘોડાવાળો; ચરવાદાર. (૩) શૂરવીર; હોશિયાર; બાહોશ; ચાલાક; મરદ; જોરાવર.:- રતન કામ કાજમાં તો રાવત છે.

રાવળિયો, પું૦ રાવળ નામની શુદ્ર જાતિનો માણસ તે. આ લોક ગામમાં પોળોમાં માગી ખાય છે, પાટીઓ વણે છે અને દાતણ

વેચવા ને ઢોલ વગાડવાનો ધંધો કરે છે.

રાવળું, ન૦ રાવણું.

રાશ, સ્ત્રી૦ બળદ-ઘોડા વગેરેનો અછોડો તે; રેન; લગામ. (૨) દોરડું; લાંબી અને જાડી રસી. રાશ પંદર હાથની ગણાય છે. (૩) ભંડોળ; નિધિ; સંચય. (૪) સરખાપણું; મળતાપણું; મેળ. (૫) પંત્યાળું; ભાગીદારી. (૬) રાશિ.

રાશડી, સ્ત્રી૦ અછોડો; રેન. (૨) દોર; જાડી દોરી. ઉ૦ ધડુલો ન બુડે મારી રાશડી ન પહોચેરે.

રાશિ, સ્ત્રી૦ [સં.] ક્રાંતિવૃત્તનાં તાટક ચક્રમાનું એકકેક તે; તારાઓનો અમુક સમૂહ તે; નક્ષત્રનાં ઝુમખાં-ભગણ. રાશિઓ, :-મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર ને કુંભ એમ બાર છે. (૨) ઢગલો; ઢગ.

રાશી, વિ૦ નઠારૂં; ખરાબ; નરસું; નબળું.:- એને ન બોલાવવો, રાશી માણસ છે.

રાષણા, સ્ત્રી૦ રાસ્ના; એક ઓષધિ.

રાષ્ટ્ર, ન૦ [સં.] રાજ્ય; સરકાર; અમલ. (૨) અમુક રાજા કે પ્રજા હસ્તકનો જેટલો પ્રદેશ તે; મુલક; દેશ; જનપદ.

રાષ્ટ્રીય, વિ૦ [સં.] રાજ્ય સંબંધી; રાજ્કારી. (૨) પ્રજાકીય; પ્રજાનું; જનપદ સંબંધી.

રાસ, સ્ત્રી૦ રસી; દોરી. (૨) અછોડો; રેન; ચોકડા સાથે બાંધેલું-મોરડાને બાંધેલું દોરડું તે. (૩) [સં.] ગોળ કુદડીએ ફરતા રમવું-ગમત કરવી તે; ગોળાકારે ફરતાં ગાવું ને દાંડિયા રમવા તે. (૪) સરખાપણું; મમતાપણું; મેલ. (૫) પંત્યાળું. (૬) ગરબાની પેઠ મોટે રાગે ગાવાનું નાનું કથાનક તે; ખરી બનેલી વાર્તાની કવિતાઓ તે; પ્રાકૃત કાવ્ય પ્રબંધ. ચંદ બારોટનો પૃથુરાજ રાસ-સો.

રાસડો, પું૦ કોઈ ખરા બનેલા બનાવેનો ગરબો.:-મહુલાવરાવનો-હીરાલાલ ફોજદારનો રાસડો.

રાસધારી, પું૦ કૃષ્ણ ગોપીના કુદડીએ રમવાના ખેલ કરી બતાવનારા. રામચરિત અને કૃષ્ણ ચરિત ભજવી બતાવનારાઓ તે.

રાસભ, પું૦ [સં.] ગધેડો; ખર.

રાસભી, સ્ત્રી૦ ગધેડી; ખરમાદા.

રાસમંડળ, પું૦ રાસનો ખેલ કરી બતાવનારાઓનો સમુદાય તે.

રાસલીલા, સ્ત્રી૦ રાસનું ખેલન તે; દાંડિયા રસ-દાંડિયા રમતાં ગાવું ને ગોળ કુદડીએ ફરવું વગેરે તે.

રાસી, વિ૦ રાશી; નઠારૂં; ખરાબ; નરસું; ભુંડું.

રાસુંદો, વિ૦ રાતના પાછલા ભાગમાં દેખનારો; રતાંધળાથી ઉલટું. (૨) આંધળો.

રાસો, પું૦ વીર રસવાળું કાવ્ય કે કથાનક તે; ખરા બનેલા બનાવનું અથવા તેવાજ બનાવટી બનાવનું કથાનક-કાવ્ય તે.:- પૃથુરાજ રાસો.

રાસ્ત, વિ૦ [ફા.] સાચું; સત્ય; ખરૂં. (૨) વાજબી; યોગ્ય; નેક; પ્રામાણિક.

રાસ્તી, સ્ત્રી૦ રાસ્તપણું; સાચવટ; સત્ય; ખરાપણું; ઇમાનદારી.

રાસ્ના, સ્ત્રી૦ [સં.] એક ઓષધિ.

રાહ, પું૦ [ફા.] રસ્તો; માર્ગ. (૨) રીત; ચાલ; ઢાળ. (૩) વાટ; ખોટી રહેવું તે. (૪) સમધારણપણું; એક સરખી ચાલ-રીત તે.:-રાહે રાહે બેલને ચાલવા દો. ક્રિ૦ પ્ર૦ રાહ જોવી=વાટ જોવી; પ્રતિક્ષા કરવી. રૂ૦ પ્ર૦ રાંમારવો= ફોડી દેઇને બગાડવું; ભૂલ કરી દેવાથી ધારેલી ધરણા રદ જતી રહેવી.

રાહદારી, વિ૦ માર્ગે જનાર તે; વટેમાર્ગુ; પ્રવાસી; રસ્તે ચાલનાર. (૨) એક ઠેકાણેથી બીજે ઠેકાણે માલ-વસ્તુ વગેરે લઈ જવાની રજા ચીઠી.

રાહવટ, સ્ત્રી૦ સ્ત્રી પુરૂષે સંસાર માંડી સાથે

રહેવું તે; સમ હકનો ભોગવટો તે; સહવાસ.

રાહિત્ય, ન૦ [**સં.**] રહિતપણું; નહિ હોવા-પણું; અભાવ.

રાહુ, પું૦ [**સં.**] એક ખુરો ગ્રહ. (૨) નઠારો દુષ્ટ માણસ તે; તોફાની માણસ; હરકત કરનારો.:- એને રાહુને ક્યાં અહિં લઈ આવ્યા.

રાળ, સ્ત્રી૦ એક જાતની લાખ; જવાળા આદી ગુંદર.

રાળવું, ક્રિ૦ સ૦ રોળી નાંખવું; માંડીવાળવું; પતાવી દેવું. (૨) રાળવાળું કરવું; રાળ ભરવી તે.

રાળો, પું૦ રાડો; હઠ, આડાઈ. (૨) આડા થઇ રોઈ ઝગડો મચાવી ધાંધલ કરી મૂકવી તે.

રાંક, વિ૦ શરીરથી, મનથી અને ધન વગેરેથી નબળું તે; નિર્બળ; સાહસ; નિર્ધન. (૨) ગરીબ; બિચારૂં; દીન; કંગાલ; નિસ્તેજ; અસહનશીલ; નાહિમ્મત; રડી દે એવું; દયા આવે એવું.

રાંકડું, વિ૦ રાંક; ગરીબ; દીન.

રાંકું, વિ૦ રાંકડું; રાંક; ગરીબ. (૨) સહેજ સહેજમાં રોઈ જાય એવું; નિર્માલ્ય.

રાંગ, સ્ત્રી૦ રાંધ; કોટ કિલ્લાની દિવાલને લગતો નીચલો ભાગ, ઉપકંઠ:–કોટની રાંગે આવીને પડયો.

રાંગો, પું૦ ધીમે ધીમે ચાલનારો.

રાંગોળી, સ્ત્રી૦ રંગોળી; રંગાવલી; રંગદાર વેલની ઓળો–હારો તે. દક્ષણીઓમાં પંક્તિ પાડતા પહેલાં જમીન ઉપર સલો કરી વાટેલા રંગની ઓળો એઠકો પાડે છે તે.

રાંચો, પું૦ અભણ ગામડિયો; ગમાર; નાગરિક વિવેક નહિ જાણનારો; ખુસો.

રાંઝણ, સ્ત્રી૦ ઝમઝમ થયા કરે એવો વાત રક્તનો એક રોગ.

રાંઝણી, સ્ત્રી૦ રાંઝણ.

રાંટ, સ્ત્રી૦ વાંકું આડું તે; વાંધો; વિરૂદ્ધતા; મતભેદ; મતભેદનો કીનો તે. (૨) ખોટું વિરૂદ્ધ હોય એવું જે તે; અવળું તે.

રાંટું, વિ૦ વાંકુ; મરડાતું; વળેલું; આડું; સીધું નહિ તે (૨) ખોટું; જુઠું; અસત્ય; અવળું; ફરી બોલેલું એવું. :- તે લગારે રાંટું બોલતો નથી- આડું; વિરૂદ્ધ.

રાંડ, વિ૦ રાંડેલી; વિધવા; જેનો પતિ મરી ગયેલો હોય તે. (૨) વેશ્યા; પાતર.

રાંડબાજ, વિ૦ રંડીબાજ: અનીતિમાં પડી ગયેલ.

રાંડબાજી, સ્ત્રી૦ વેશ્યાગમનાદિક અનીતિ તે; રંડીબાજીનો છંદ તે.

રાંડવું, ક્રિ૦ અ૦ દંપતીમાંનું એક મરણ પામવાથી બીજાની જે હાલત થવી તે; સ્ત્રીએ પતિ અથવા પતિએ પત્ની ગુમાવવી તે. મા રાંડી ને તરત છોકરો રાંડયો. (૨) માલીક સરદાર અથવા જેના વડે યશ શોભા હોય તેના મરણથી આગલી શોભા ને સ્વરૂપ જતું રહેવું તે. સુરપાળ જેવો સરદાર પડતાં ગુજરાત રાંડી. દયાજનક સ્થિતિ થવી.

રાંડવો, પુ૦ બાયલો; રાંડોમાં રાંડીરાંડોમાં બેસી વાતો કરનારો; બૈરાં જેવું બોલવું ચાલવું હોય તે; જનાની; નામર્દ.

રાંડીછાંડી, વિ૦ રાંડેલી અથવા તજાએલી જુવાન સ્ત્રી તે. :- કોઇ રાંડી છાંડી બાઈ મળે તો મિયાં ઘર કરો.

રાંડીરાંડ, વિ૦ રાંડેલી નિરાધાર સ્ત્રી; વિધવા.

રાંઢવું, ન૦ પાણી કાઢવાનું દોરડું; રસી.

રાંઢો, પુ૦ નાસ્તો; થોડો કામચલાઉ ખોરાક લઇલેવો તે.

રાંદેલ, ન૦ જવારા વાવી દેવીની પૂજાનું સ્થાપન કરવું તે; જાગ વાવવા; રન્નાદેવ; દેવી પૂજનનો એક પ્રકાર. ઉ૦ તમને કિયા ભાઇ મનાવે રાંદેલ રો' રો' રે.

રાંધણછઠ, સ્ત્રી૦ શીળી સાતમને દિવસે ટાઢું ખાવાને રાંધી મૂકવાની આગલા દિવસે પડતી છઠ તે; નર્મદાની ઉત્તરે તરફના ગુજરાતના ભાગમાં શ્રાવણ વદિ અને દક્ષિણ તેમજ સુરત તરફના ભાગમાં શ્રાવણ સુદિ છઠનો દિવસ તે.

રાંધણિયું, ન૦ રાંધવાનું ઠેકાણું; રસોડું.

રાંધણિયો, પું૦ રાંધનારો; રસોઇયો; રંધવારો.

રાંધણી, સ્ત્રી૦ રસોડું. (૨) રાંધવાની તરેહ-ઢબ તે; રાંધવું તે:–બીજાઓ કરતાં મેવાડાઓની રાંધણી સારી.

રાંધણું, ન૦ રાંધવું તે; રાંધવાની રીત.

રાંધવું, ક્રિ૦ સ૦ અન્નાદિક ખાવાને યોગ્ય થાય એમ અગ્નિ ઉપર તૈયાર કરવાં; બાફવું; પકવવું; ગરમી આપીને વસ્તુ રંધાય તેમ કરવું; સીઝવવું; ચઢાવવું. (૨) ઉપભોગને માટે તૈયાર કરવું:– બારિસ્ટરો ને સોલિસિટરો બધુંજ રાંધીને આપે છે. તેમને તો કોર્ટમાં માત્ર બોલવાનુંજ બાકી રહેછે. બાપે દેશ પરદેશ ફરી પેઢીઓ સ્થાપી હવે આ ચિરંજીવીને તો રાંધેલું ખાવાનું છે.

રાંપ, જુ૦ રાંપડી; કળપી.

રાંપડી, સ્ત્રી૦ કળપી; અનાજના કરસણમાં ઉગેલું ઘાસ કાઢી નાંખવાનું ખેડુતનું ઓજાર.

રાંપવું, ક્રિ૦ રાંપડી ફેરવવી.

રાંપી, સ્ત્રી૦ ખરપડી; ચામડાં કાપવાનું મોચીનું એક ઓજાર. કહે૦ રાંપીનો ઘા.=જાતે પોતાનો દોષ કહેવો તે.

રાંફ, પું૦ રાફડો.

રાંફડો, પું૦ રાફડો; કીડીઓ વગેરેએ જમીન ખણીને પાડેલું દર અને તેના મોં ઉપરનો માટીનો ઢગલો તે; ઉધેઇએ માટી કાઢીને બનાવેલો ઢગ.

રાંભો, પું૦ ખાડો ખોદવાનું ઓજાર. (૨) રાભો; અભણ ને અણઘડ ગામડિયો.

રિકાબી, સ્ત્રી૦ રકાબી; છીબું.

રિખવું, ક્રિ૦ અ૦ ઘુંટણીએ હિંડવું; ઘસણી કરવી; પેટે ચાલવું. ઉ૦ રિખતા આવે રામજી, ચકોરને જેમ ચંદ્ર. ઉદ્ધવ.

રિઝાવવું, ક્રિ૦ સ૦ ખુશ કરવું; પ્રસન્ન કરવું.

રિઝવટ, સ્ત્રી૦ રીઝવવાની કળા-યુક્તિ તે; ખુશ કરવાની કળા.

રિદ્ધિ, સ્ત્રી૦ લક્ષ્મી; પૈસો ટકો ને તેની સાહેબી; દોલત; આબાદાની. રિદ્ધિસિદ્ધિ=પૈસા ને સાહેબી.

રિપુ, પું૦ [સં] શત્રુ; દુશ્મન. (૨) જાસુસ; ભેદુ.

રિપોર્ટ પું૦ [અં] કોઈ બનાવનો હેવાલ કે હકીકત તે; વૃત્તાંત. (૨) કોઈ બાબત અને બનાવનું ટાંચણ-નોંધ તે. ગપ; લોકવાયકા.

રિબાવું, ક્રિ૦ અ૦ દુઃખમાં સબડવું; ઘણા દિવસ લગી દુઃખમાં પડયા રહેવું; પીડાવું.

રિવાજ, પું૦ ચાલ; ધારો; નિયમ; વહીવટ; રસમ; પદ્ધતિ; શિરસ્તો. (૨) મહાવરો; અભ્યાસ. (૩) આચાર.

રિસ્વત, સ્ત્રી૦ રૂશવત; લાંચ.

રિષ્ટ, વિ૦ ખોટું; નઠારૂં; ખરાબ.

રિસામણી, સ્ત્રી૦ રિસાવું તે; રીસ ચઢાવવી તે; રીસ; ઈતરાજી; રૂસણું.

રિસામણું, ન૦ રીસ ચઢાવવી તે; રિસાવું તે; રીસ; ગુસ્સો; ક્રોધ: (૨) રીસ ઉતારવી તે; ગુસ્સો ચઢેલો હોય તે ઉતારી-રાજી કરવું તે. રિસામણાં મનામણાં=રિસાવું અને મનાવું-મનવવું વગેરે તે.

રિસાવું, ક્રિ૦ અ૦ રીસ ચઢાવવી; નારાજ થવું; અપ્રિય વાતની ઉલટ લાગણી થવી તે. (૨) ગુસ્સે થવું; ક્રોધે ભરાવું. (૩) ચિઢાવું. ઉ૦ રિસાયાં રસિક સંગાથે રે રાધા, બોલું નહિ શ્યામસુંદર સાથે બાધા.

રિસાળ, વિ૦ સહેજમાં રિસાય એવું; સહેજ રીસ ચઢાવે એવું; રિસાળવું. ઉ૦ રિસાળ

રસિક રાધાનાથે, આથી નવ રહે મુગટ મણિ.

રિસાળવું, વિ૦ રીસ ચઢાવે એવું; સહેજમાં નાખુશ થાય અને બોલે ચાલે નહિ એવું; રિસાળ.

રિંગણી, સ્ત્રી૦ વેંગણનો છોડ; વંતાકડી. (૨) વ્યંગાર્થ=વિ૦ નીચીખામણીનું.

રિંગણું, ન૦ વેંગણ; વંતાક; એક જાતનું શાકફળ. (૨) હિંગણું.

રિંછ, ન૦ [સં. ઋક્ષ] આખે શરીરે જાડા-વાળવાળું એક હિંસક પ્રાણી. એને શરીરે બરસટ જાડા ને લાંબા વાળ હોય છે, તેના નખ મોટા ને મોં ભોટવા જેવું હોય છે. તે પાછલા પગ પર ઉભું થઈ શકે છે.

રિંછડી, સ્ત્રી૦ રિંછની માદા.

રિંછડું, ન૦ રિંછ. (૨) ખૂબ વાળવાળું ને ભડભડિયું તે. (૨) જેને શરીરે વાળ હોય તે.

રીકઝીક, સ્ત્રી૦ માથાકુટ; તકરાર; કલહ. (૨) હાના; આનાકાની.

રીઝ, સ્ત્રી૦ ખુશી; આનંદ; હરખ; પ્રસન્ન થવું તે. (૨) ખુશી થઇને કંઇ આપવું તે. ભેટ; બક્ષીસ. (૩) શીખ; રાજીપો; કૃપા; મહેરબાની;

રીઝવણી, સ્ત્રી૦ ખુશાલી; ખુશ થાય એમ કરવું તે; ખુશી થવાનું કારણ તે.

રીઝવું, ક્રિ૦ અ૦ ખુશી થવું; પ્રસન્ન થવું; રાજી થવું; રળિયાત થવું. બીજાની રીત ભાત, કામકાજ અથવા દેખાવથી આનંદ ઉપજવો તે.

રીડ, સ્ત્રી૦ બૂમ; રાઢ; ચીસ.

રીઢ, સ્ત્રી૦ રીડ, બૂમ; ચીસ.

રીઢું, વિ૦ વપરાઇને મજબુત થયેલું; પાકું; કઠણ; ઝટ ભાગે નહિ એવું:–રીઢું માટલું. (૨) દુઃખ અને સખતી વેઠીને અનુભવી થયેલું; સહન કરીને સખત થયેલું; અનુભવી; કઠણ મનનું; ગભરાઈ જાય નહિ એવું; ખડતલ.

રીત, સ્ત્રી૦ કામકાજ કરવાનો, વર્તવાનો–ચરિત ચલાવવાનો માર્ગ તે; પદ્ધતિ; રૂઢિ; વર્તન વર્તણુક. (૨) ધારો; નિયમ. (૩) ચાલ; શિરસ્તો; રસમ; ઘણો વખત ચાલતું આવેલું ધોરણ–માર્ગ તે; રવૈયો. (૪) પ્રકાર; તરેહ. રીતભાત=વર્તણુક; ચાલચલગત. રીતસર=યથાવિધિ; જેમ આચારવાનો રિવાજ હોય તેમ આચરણ કરવું તે; ધારાસર; યથાનુક્રમ; જેમ ઘટિત હોય તેમ:–બધું રીતસર કરવામાં આવશે.

રીતભાત, સ્ત્રી૦ વ્યવહારમાં કાર્ય કરવાની–ચાલવાની પદ્ધતિ-રીત તે; વર્તણુક; આચરણ; આચારપ્રકાર. ચાલચલગત. (૨) કરકરિયાવર.

રીતિ, સ્ત્રી૦ રીત; પ્રકાર; આચાર; પદ્ધતિ.

રીધ, સ્ત્રી૦ રિદ્ધિ.

રીબવું, ક્રિ૦ સ૦ દુઃખ દેવું; હેરાન કરવું; પીડવું; વિતાડવું. ક્રિ૦ અ૦ રિબાવું દુઃખી થવું; પીડાવું.

રીમ, ન૦ [અ.] કાગળના વીસ દસ્તાનો જથો તે; પાંચસેં કાગળનો પડો.

રીર, સ્ત્રી૦ ચીસ; બૂમ; તીણો દુઃખ–ભય વગેરેનો અવાજ.

રીસ, સ્ત્રી૦ બીજાના બોલથી કે કામથી મનમાં જે અપ્રિય લાગણી થઈ આવવી તે; રોષ, ચીઢ; મનમાં ખોટું લાગવું તે; કમન; નાખુશી. (૨) ગુસ્સો; ક્રોધ; કોપ. અણગમો; અભાવ; અપ્રીતિ અને ધિક્કાર ઉપજવો તે; મનમાં અપ્રિયતાનો ક્ષણિક ગુસ્સો ચઢવો તે. અણમનાનો આઘાત તે. ક્રિ૦ પ્ર૦ રીસ કરવી=અપ્રિય લાગવાથી ઉદાસી આણવી; કોપ–રોષ કરવો. રીસ ચઢવી=ખોટું લાગવું. અણમનાપણાના

ક્રોધનો આવેશ ચઢવો.

રૂઆબ, પું૦ [फा.] રોફ; ભભકો; અધિકાર–અભિમાનનો તોરી ફક્કડ દેખાવ તે; દમામ; ડોળ.

રૂઆંટી, સ્ત્રી૦ ઝીણા સુંવાળા ને ટુંકા વાળ તે; રૂંવાં.

રૂઇદાર, વિ૦ જેમાં રૂ ભરેલું હોય એવું; રૂએલ.

રૂએલ, વિ૦ જેમાં રૂ ભરેલું હોય એવું; રૂવાળું.

રૂકકો, સ્ત્રી૦ સંક્ષેપમાં લખેલી કોઈ મતલબ; ટુંકી ચીઠી; ટુંકોલેખ.

રૂક્તિ, સ્ત્રી૦ મનનું વલણ; ઇચ્છા; ભાવ; જે વખતે જેવો ભાવવૃત્તિ તરફ મન હોય તે. (૨) રૂખ; તાલ; પ્રસંગ; સમય સમજનું જે સ્વરૂપાંતર તે.:– રૂક્તિ જોઇને વાત કરશો તો ફાવશો.

રૂખડું, ન૦ ઝાડ; વૃક્ષ; વનસ્પતિ. (૨) તરી; ટાંપ.

રૂખસત, સ્ત્રી૦ રજા; છુટી. (૨) બરતરફી.

રૂચવું, ક્રિ૦ અ૦ પસંદ પડવું; ગમવું. (૨) ઠીક પડવું;ફાવવું.(૩)સ્વાદલાગવો; ભાવવું.

રૂચિ, સ્ત્રી૦ [सं.] ભાવ; મરજી; ઇચ્છા; અભિલાષ. (૨)મન; મનોભાવ; (ખાવાની વસ્તુ કરવાની) સ્વાદ. (૩) તેજ પ્રસાર; ઝગઝગાટ; પ્રભા; કાંતિ.

રૂચિકર, વિ૦ સુંદર; મનોહર; મનને પ્રસન્ન કરે એવું. (૨) ખાવાની ભાવના ઉપજાવે એવું; સ્વાદુ.

રૂચિર, વિ૦ [सं.] સુંદર; સુશોભિત; મનોહર; દિલપસંદ. (૨) સ્વાદુ; મધુર; ગમે ભાવે મન પસંદ પડે એવું તે.

રૂજવાત, સ્ત્રી૦ રજુઆત; હાજર કરવું; મોં આગળ ધરી દેવું તે; રજુ કરી દેવું તે; નિવેદન.

રૂજુ, વિ૦ [सं. ऋजु] સરલ; સીધું. (૨) કોમળ; નરમ.

રૂઝવું, ક્રિ૦ અ૦ ગુમડાપર નવી ચામડી વગેરે આવવું; ઘા પુરાવો; દરદ મટવું.

રૂઠવું, ક્રિ૦ અ૦ ગુસ્સે થવું; રોષે ભરાવું; નાખુશ થવું; ક્રોધે ચઢવું; કોપવું.

રૂડું, વિ૦ સારૂં; મજેનું. (૨) રૂપાળું; દેખાવડું. (૩) સુંદર; સુશોભિત. (૪) ભલું; નહિ ભુંડું. ઉ૦ રૂડો મુલક ગુજરાત રૂડો, જગકર્તાએ જગમાં ખૂબ ઘડયો.

રૂદન, ન૦ [सं.] રોવું–રડવું તે; વિલાપ; આક્રંદ. દુઃખ પોકારવું તે; વિલપન; ગળગળું દયાજનક ગળામાંથી બોલવું તે. રૂ૦ પ્ર૦ અરણ્ય રૂદન=કોઈ સાંભળે નહિ એમ દુઃખ પોકારવું–કંઈ કહેવું તે; દાદ પ્રતીકાર કે આશ્વાસન મળે નહિ એમ વલવલવું–બોલવું તે. ક્રિ૦ પ્ર૦ રૂદન કરવું=રડવું વિલાપ કરવો.

રૂદય, ન૦ હૈયું; મન; હૃદય. ઉ૦ ના વિસારશોરે–રૂદયામાંથી રામ.

રૂદિત, વિ૦ [सं..] રડેલું; રોએલું.

રૂદ્ર, પું૦ [सं.] શિવ; શંકર; મહાદેવ. (૨) વિ૦ ઉગ્ર; ભયંકર. (૩) સંકેત.

રૂદ્રતાલ, પું૦ [सं] ગાયનમાંનો એક ઠોકો–તાલ તે; જોરથી નરઘાં ઉપર મારવામાં આવતી થાપ તે.

રૂદ્રાક્ષ, સ્ત્રી૦ [सं.] હિમાલયની તળેટીમાં થતું એક જાતનું ઝાડ અને તેનાં બિયાં તે; રૂદ્રાક્ષ, સાપની કરોડના મણકા જેવું બી હોય છે અને તેને વિંધીને માળા તથા બેરખા કરવામાં આવે છે. શિવ ભક્ત રૂદ્રાક્ષ ધારણ કરે છે.

રૂદ્રી, સ્ત્રી૦ રૂદ્ર–મહાદેવની સ્તુતિ તે; મહાદેવ ઉપર અભિષેક કરતાં ભણવાનો સ્તુતિપાઠ તે.:–બ્રાહ્મણના છોકરાને રૂદ્રીનો આવડવીજ જોઇએ.

રૂધિર, ન૦ [सं.] લોહી; રક્ત; પ્રાણીઓના શરીરમાં હરહમેશ ફરતું રહેતું લાલ પ્રવાહી તે.

રુદ્ધ; વિ૦ [સં.] રોકેલું; અટકાવેલું; ખાળેલું બાંધેલું.

રુબરુ, અ૦ મોઢામોઢ; મોં આગળ–સંમુખ રજુ કરેલું હોય એમ; હજુરમાં હાજર કરેલું–રાખેલું હોય એમ; સમક્ષ; સામે નજર આગળ; પ્રત્યક્ષ એમ.

રૂમઝુમ, અ૦ ઠમક ઠમક ચાલુ અવાજ કરતું હોય એમ; આમતેમ ફરતાં ઝાંઝરની ઘુઘરીઓનો ચાલુ અવાજ કરવો તે; ઝીણા અવાજની ધુંસ થઈ રહેલી હોય એમ. ઉ૦ રૂમઝુમ રૂમઝુમ નેપુર વાગે. (૨) ઝીણી ફરફરે થોડો થોડો વરસાદ વરસ્યા કરતો હોય એમ; કંઇક અવાજ કરતું ઝીણું વર્ષણ તે:– રૂમઝુમ રૂમઝુમ વરસાદ તો હતો ને વાડોમાં તમરાંના અવાજ થઈ રહ્યા હતા.

રૂમડી, સ્ત્રી૦ એક છેડે પાતળી અને બીજે છેડે પહોળી શિંગડીને નિર્વાત કરીને શરીરમાંથી નઠારૂં લોહી ખેંચી લેવાને લગાડાય છે તે; ભુંગળી:– રૂમડી મુકાવવી, એમ કહેવાય છે. સાંધાઓ ઉપર વાયુને લીધે થીજી ગયેલા લોહીના ગઠ્ઠા વિખેરી નાંખવાનો–રૂમડીથી લોહી ખેંચી લેવાનો ઉપાય.

રૂમીમસ્તકી, સ્ત્રી૦ એક ઓષધિ; એક જાતનો સુંદર.

રૂરૂ, ન૦ [સં] એક જાતનું હરણ. એનાં ચામડાં પવિત્ર ગણાતાં અને બ્રહ્મચારીઓ તે પોતાની પાસે રાખતા. ઉ૦ ઓઢી ત્વચા રૂરૂની.

રૂવાંટી, સ્ત્રી૦ શરીર ઉપરના કુમળા ઝીણા વાળ તે; રૂંઆંટી; રૂઆં–વાં તે.

રૂવાંટું, ન૦ કુમળો ઝીણો ટુંકો વાળતે; રૂંઉ–વું.

રૂવાન, ન૦ [फा] રાજ; મહદું.

રૂવું, ન૦ નાનો સુંવાળો સુવાળો તે.

રૂવેલ, વિ૦ રૂ એલ; રૂભરેલું; રૂનું.

રૂવો, પું૦ રૂઓ; ચણિઆરાની અણી જેમાં ફરતી રહે છે તે; વચમાં નાની અણી રહે એવા ખામણાવાળો ઉંબરામાં બેસાડવાનો લોખંડનો કકડો–ચોરસ પાશેરો તે.

રૂખનાઇ, સ્ત્રી૦ લખવાની સાહી; રોશની; મસી. (૨) રોશની; દીવાઓનો ઝાક ઝમાળ.

રૂશ્વત, સ્ત્રી૦ પોતાનું કામ કાઢી લેવાને બીજાને છુપું કંઈ આપવું તે; લાંચ; લાલચ.

રુષા, સ્ત્રી૦[સં] રીસ; રાગ; ક્રોધ; ગુસ્સો.

રૂષ્ટ, વિ૦ [સં] રિસાયેલું; કુપિત; રીસે ભરાયેલું. (૨) અ૦ ગુસ્સે.

રૂસણું, ન૦ રૂશણું; લાડનું માન ધરવું તે. રીસ રાખવી તે.

રૂંઉ. ન૦ રૂવું; કુમળો ટુંકો સુવાળો તે; બ. વ. રૂંઆં.

રૂંઆંટી, સ્ત્રી૦ રૂવાંનો ભરાવો તે; કુમળા સુવાળા તે.

રૂંઆંટું, ન૦ [સં रुहांकुर] નાનો કુમળો સુવાળો–વાળ તે.

રૂંગું, ન૦ રોવું; રડવું; રૂદન:–છોરૂ સાંભરે ને રૂંગું, આવે, માવિતરનો જીવ એવો.

રૂંછાં, ન૦ નાના–સુવાળા કે તંતુ–તાંતણાનાં લટિયાં;લાંબા ટુંકા વાળ કે તાંતણાનાં છુંછાં.

રૂંડ, ન૦ [સં. रुण्ड] ધડથી જુદું પાડેલું એક મસ્તક તે; માથું; ડોકું; રૂંડમાળ=માથાંની માળા તે. શિવ ધારણ કરે છે. રૂંડમુંડ=મુંડેલું ગોળમટોળ માથું અથવા માથા જેવું ગોળમટોળ હોય એવું જે તે. રૂંડભુંડ=આકારની રૂપરેખા જણાય નહિ એવું ભારે બેડોળ–સ્થૂલ તે.

રૂંધન, ન૦ [સં] અટકાવ; રોકાણ. (૨) ગુંગળાટ.

રૂંધવું, ક્રિ૦ સ૦ અટકાવવું; રોકવું; ખાળવું.

(૨) ગુંગળાવવું; અંદર ને અંદર ઘોળાય એમ કરવું તે.

રૂંધાવું, ક્રિ૦ અ૦ રોકાવું; ખંચાવું. (૨) ગુંગળાવું; અંદર અંતરમાં અકળાવું; ગોટાવું–ઘુમાવું.:–શ્વાસ રૂંધાય છે.

રૂંવાડું, ન૦ રૂંવું; રૂંઆંડું.

રૂંવું, ન૦ રૂંવું; રોમ.:–એને રૂંવે રૂંવે ક્રોધ વ્યાપી ગયો.

રૂ, ન૦ વનસ્પતિનાં કેટલીક જાતનાં જિંડવાંમાંથી નિકળતો સુંવાળા જેવો તંતુ રૂપી પદાર્થ: તુર; કપાસનાં બી ઉપરના ધોળા તંતુ તે. કપાસનું, સીમળાનું; આકડાનું વગેરેના તંતુઓ રૂ કહેવાય છે, પરંતુ કપાસનું રૂજ વધારે ઉપયોગમાં છે. એની બહોળી ખેતી થાય છે અને એ રૂનાં કપડાં બને છે. બીજાં રૂ ઓસિકાં વગેરે ભરવાના કામમાં આવે છે.

રૂઆબ, પું૦ ભભકો; રોફ; દમામ; તોર; ઝળકી.

રૂઇએ, અ૦ રીતે; પેઠે; પ્રમાણે રૂએ; મારફતે; વડે; યોગે.

રૂએલ, વિ૦ રૂ ભરેલું હોય એવું; રૂવાળું.

રૂકાર, પું૦ રૂ એવો અક્ષર અને ઉચ્ચાર તે. (૨) કબુલાત; હા પાડવી તે.

રૂક્ષ, વિ૦ [સં] ખડબચડું; નહિ લીસું; લુખું; સુકું; કર્કશ. (૨૨) કઠોર; કઠણ.

રૂક્ષતા, સ્ત્રી૦ કઠોરતા; કઠણાશ, સુંવાળાપણું; કોમળાશ નહિ એવું તે.

રૂખ, સ્ત્રી૦ સમય સમયનો વા–ઘાટ–વિચાર તે; યોગ; પ્રસંગ; અનુકૂળતા. (૨) તર્ક; કલ્પના; અનુમાન; અટકળ; ક્યાસ. મોખ; તાલ. (૩) હેતુ. (૪) વલણ. ભાવ તાલની; વધઘટવાળી ધાટી તે:–રૂખ જોઇને માલ વેચજો.

રૂષી, પું૦ [ઋષિ] તપસ્વી; વિદ્વાન–સંત; તપ કરનારો વિતરાગી બ્રાહ્મણ.

રૂઝ, સ્ત્રી૦ અંકુર; ભોંય;માંસ–ચામડી આવવી તે; ઘા–ગુમડ પુરાવાં તે; રૂઝવું તે. આરામ થવો તે; દુઃખ દરદનું સરખું થઇ જવું તે.

રૂઝવું, ક્રિ૦ અ૦ ઘા-ગુમડું માંસ ચામડીથી પુરાવા માંડવું; અંકુર આવવા માંડવાં; દુઃખ દરદ મટવા માંડવું; નવું માંસ આવી ઘા સારો થવા માંડવો તે. (૨) શાતા વળવી; આરામ થવો.:–પુત્ર મરણનો ઘા રૂઝાયો નથી તે પહેલાં બીજો ઘા થયો.

રૂઝાવું, ક્રિ૦ રૂઝવા માંડવું; પુરાવું; ઘાનો ખાડ–અને ગુમડાં વગેરેના ખાડ પુરાઇ જઇ સમ થવું. (૨) દુઃખ દરદ કમી થવું.

રૂઠવું, ક્રિ૦ અ૦ રીસે ભરાવું; કોપવું; ગુસ્સે થવું; મહેરબાની ઉતારી નાંખવી; ક્રોધે ભરાવું.

રૂઢ, વિ૦ વપરાઈને રીઢું થયેલું; અમુક અર્થમાં વપરાઈ સિદ્ધ થયેલું; વ્યવહારમાં અમુક રીતે અમુક અર્થે સર્વ કોઇએ સ્વીકાર્યું હોય એવું તે. વ્યુત્પન્ન: લોકપ્રસિદ્ધ; ખ્યાત; ચાલુ વાપર–વ્યવહારનું.

રૂઢિ ન૦ [[સં] વ્યવહારમાં ચાલ્યાથી દૃઢ થયેલી રીત; વર્તન પ્રકાર તે; લોકમાં ઘણો વખત થયાં ચાલી રહેલો ચાલ–પ્રચાર–આચાર તે; રિવાજ, રવૈયો. રૂઢ થઇ ગયેલો–ખણાઇ–આચરાઇને સર્વમાન્ય થયેલો રિવાજ તે.

રૂણ, ન૦ [સં ઋણ] દેવું; કરજ.

રૂતુ, સ્ત્રી૦ [ઋતુ] મોસમ; તક; શીતાદિક વિભાગ તે.

રૂપ, ન૦ [સં] રંગ, આકાર અને રચનાથી આંખને ગમે એવો દેખાવ તે; સૌંદર્ય; સુરત; શિકલ; ઘાર; ડોળ; ખુબસુરતી; કાંતિ; તેજ–સ્વરૂપ. (૨)ધર્મ; સ્વભાવ; પ્રકૃતિ. (૩) વલણ; ગતિ–ક્રમ,–કેવું રૂપ લે છે તે હવે પછી જણાશે. (૪) વિ૦ જેવું; સરખું; [illegible]ન. સમ; મય. રૂપ રંગ

=આકારવર્ણ વગેરે યુક્ત ઘટમ તે; સમગ્રાલોક તે; સ્વરૂપ.

રૂપક, ન૦ [सं] કોઇ બાબતને અમુકનું રૂપ આપવું તે; ઉપમા; બનાવટ. (૨) નાટક; ખેલન. (૩) એક અર્થાલંકાર. (૪) ગાયનમાં એક તાલ.

રૂપવતી, વિ૦ રૂપાળી; સૌંદર્યવાન; ફુટડી; ખુબસુરત.

રૂપાળું, વિ૦ રૂપવાળું; સુંદર; સારા–આંખને ગમે એવા દેખાવનું; સૌંદર્યવાન; ખુબસુરત; સુશોભિત.

રૂપિયો, પું૦ રૂપાનો ચલણી સિક્કો; સોળ આના, છાપેલી–ઠરાવેલી કિમ્મતનો સિક્કો; રૂપૈયો. (૨) લક્ષ્મી; ધન; દોલત:–રૂપિયો રૂપિયાને લાવે. ગાડી ઘોડા રાખવા એ તો રૂપિયાનાં કામ. રૂ૦ પ્ર૦ ખોટો રૂપિયો=ન ચાલે એવો સિક્કો તે. (૨) આખરે ખોટો ઠરે–મરી જાય એવો (માંદો) માણસ.:–તમારો સગો ભલે હરે ફરે, પણ આખરે ખોટો રૂપિયો છે. ક્રિ૦ પ્ર૦ રૂપિયો આપવો=વિવાહનું બાનું આપવું.

રૂપું, ન૦ [सं. रूप्य] ધોળા રંગની એક ચકચકતી ધાતુ; ચાંદી; રજત.

રૂપેરી, વિ૦ રૂપાનું; રૂપા જેવું; રૂપાની બનાવટનું.:–રૂપેરી કસબ. રૂ૦ પ્ર૦ રૂપેરી બંધ છૂટવા=નાડીઓ તૂટવી; મરણ ચિહ્ન જણાવાં.

રૂપૈયો, પું૦ રૂપિયો; રૂપાનો ચલણી સિક્કો.

રૂબરૂ, [फा.] હજુર; હાજર; સંમુખ; નજર સામે; સમક્ષ; મોઢામોઢ.

રૂમવું, ક્રિ૦ અ૦ મસ્ત થઇ સ્વચ્છંદે ફરવું; ઘૂમવું; માલવું. (૨) ઝુમવું; આમતેમ–જેમ ફાવે તેમ મારમાર કરવું; ગાંડા થઇ કંઇ ક્રમ કે વિચાર વગર કાપણી કરવી; લડવું. (૩) તાનમાં ચઢી જેમ ફાવે તેમ બોલવું, ફરવું વર્તવું વગેરે તે.

રૂમાટ, પું૦ રૂમવાનો તોર–જુસ્સો તે; આનંદ–અભિમાન ને શૌર્યનો મલકાટ.

રૂમામસ્તકી, સ્ત્રી૦ એક જાતની ઔષધિ. (૨) એક દવા; એક જાતનો ગુંદર.

રૂમાલ, પું૦ [फा.] હાથ મોં લૂછવાનો કકડો; લુગડાનો કટકો; હજુરિયો; અંગુછો.

રૂલ, પું૦ [अं] નિયમ; ધારો; કાનુન. (૨) સામાન્ય નહિ પણ વિશેષ એવો ઠરાવ. (૩) શિરસ્તો.

રૂલર, સ્ત્રી૦ [अं.] લીટીઓ દોરવાની ચપટી કે ગોળ નાની લાકડી; આંકણી.

રૂવાન, ન૦ [फा. रवा] શબ; મડદું.

રૂવું, ન૦ રૂંવું; રૂંઉં; નાનો કુમળો સુવાળો.

રૂશણું, ન૦ લાડકી રીસ ચઢાવવી તે; લાડનું માન; રીસે ભરાવું–કૃત્રિમ રીસ તે.

રૂસ્વત, સ્ત્રી૦ [अ. रिश्वत्] કામ કરી આપવાને નહિ હકનું કંઇ લેવું–આપવું તે. લાંચ.:–લાંચરૂસ્વત એમ બોલાય છે. રૂસ્વતખોર=લાંચિયો.

રૂહ, ન૦ [अ.] પ્રાણ; જીવ; જીવાત્મા; પ્રાણીઓમાંનું જીવતત્ત્વ તે.

રે, અ૦ ઓ; હે; અરે; દુઃખનો; નિસાસાનો અથવા સંબોધન કરવાનો ઉદ્ગાર. (૨) સૂર મિલાવટ–અને લહેકણીને માટે કવિતાના પદને છેડે આવતો ઉદ્ગાર.:–અલબેલીરે! અંબેમાત જોવાને જઈએ લોલ.

રેખ, સ્ત્રી૦ [सं. रेखा] લીટી; આંકો; છેકો. (૨) વળ; વળિયું. (૩) રજ; કરચ; કકડી. (૪) નાની ચકતી; જડ; દાંતમાં મારેલી સોનાની ખીલીનો ચપટો અને ટીપકી જેવો ભાગ તે. (૫) અ૦ લગારે; કિંચિત્; જરાએ.

રેખતો, પું૦ ફારસી ને ઉર્દુ કવિતાનો એક ઢાળ; રાગનો લહેકો.

રેખા, સ્ત્રી૦ [सं] લીટી; આંકો. (૨) શુભાશુભ દર્શક ચિહ્ન; ચામડી ઉપરના કાપાવળિયાં તે. કર્મગતિ. (૩) વિષુવવૃત્તને છેદી

ઉત્તર દક્ષિણ ધ્રુવ તરફ જતી લીટીઓ તે; દક્ષિણોત્તર સૂત્ર.

રેખાંશ, પું૦ [સં.] ગોળાની વિભાગણી કરનારી દક્ષિણોત્તર રેખાઓથી પડતા વિભાગ તે. પૃથ્વીના ગોળા ઉપર એકાદ કલ્પિત સ્થળથી બીજા સ્થળ લગીનું પૂર્વ પશ્ચિમ દોરેલી રેખાઓથી મપાતું અંતર. હિંદુસ્તાનના જોશીઓ ઉજ્જનથી રેખાંશનું માપ લેતા.

રેચ, પું૦ પેટ અને આંતરડાંમાંનો મળ પાતળો થઇ બહાર પડવો તે; હગામણ.(૨) જેથી મળ પાતળો થઇ નીકળે તે ઓસડ; જુલાપ; સારકઔષધ. ક્રિ૦ પ્ર૦ રેચ આપવો=ધમકી આપવી; ભય લગાડવો; દાબ બતાવવો; ગભરાવવું; બીવડાવવું.

રેચક, વિ૦ ઝાડા થાય એવું; સારક; પેટમાંથી મળ કાઢે એવું.

રેચકું ન૦ મમરો; સળી; ફેલું; કોઇ વાત સાંભળે ને ઉશ્કેરાય એવું ફદદું—ચાંદવું તે.

રેજ, અ૦ જેર; હરવેલું એમ; પરાજિત. (૩) તાબે; હવાલે.

રેજી, વિ૦ જોડકાનું; જુદે જુદે પાસે-એક એક મળીને બે થાય એવું:—રેજી દાવ.

રેજું, ન૦ બે પાસના એક એક અંકની જોડ તે; સરવાળે સામટા બે તે; એલું; જોડું; જુગ. પાસા બાજીની રમતમાં. (૨) ફુમતું; કલગી; ફેંટાનો હવામાં ફરફરતો રહે એવો છેડો તે. (૩) ભાલા ઉપરનો વાવટો; વાવટાવાળા ભાલા-ધરોની જોડ. ઉ૦ તારાં રેજાં ફરકતાં મેલ, માંડવી જશે તો મારી હોંગકોંગ ભેટ. (૪) મોજ; અમત.:-રેજાં ઉડાવવાં=અમત-મોજ કરવી.

રેજો, પું૦ સુતરાઉ અથવા રેશમી કપડાનો એક કકડો; ખંડ.

રેઠાણ, ન૦ રહેઠાણ; રહેવાનું ઠામ-ઠેકાણું તે; મુકામ; વાસ. (૨) આશ્રમ.

રેઠ, સ્રી૦ પુંઠ; કેડો; પાછળ પડવું તે; અનુસરણ.

રેડવવું, ક્રિ૦ સ૦ ગબડાવવું; તળે ઉપર થતું થતું પડે એમ ઠેલી મૂકવું; રગડાવવું. (૨) રેડે એમ કરાવવું. (પ્રવાહી) (૪) નિભાવી લેવું; ચલાવવું.

રેડવું, ક્રિ૦ સ૦ પ્રવાહીની ધાર કરવી; એક પાત્રમાંનું પ્રવાહી બીજા પાત્રમાં અથવા નીચે પડે-રેલે એમ કરવું તે; ધધુડો કરવો; ધાર કરીને ઢોળવું-નાંખવું; નામવું.

રેઢિયાળ, વિ૦ રખડાઉ; ભટકતું; હરાયું. (૨) નમાલું.

રેઢિયાળું, ન૦ રખડાઉપણું; આમતેમ અમસ્તા ભટકયા કરવું તે. (૨) વિ૦ નહિ સુસ્પષ્ટ એવું; તરેહવાર; લક્ષ રહિત; ઉપલકિયું. (૩) નઠારૂં, નરસું; ખરાબ.

રેઢિયું, વિ૦ જાડું; ઘટ્ટ; ગાઢું; માવાદાર. (પ્રવાહી.) રેઢિયોકસુંબો.

રેઢું, વિ૦ રઝળતું; છુટું; બેકાર; રખડતું; સંભાળ વગરતું; નધણિયાતું. (૨) ગાઢું; જાડું.

રેણ, સ્રી૦ રેન; રાત; રાત્રિ. ઉ૦ ઝાઝી રેણ ગઇ જગજીવન, તેણે નિંદ ખુમારી. બ્રહ્મનંદ. (૨) રેણુ; રેત. (૩) ધાતુની સાંધ મેળવવાનો મસાલો, મિશ્રણ, રહેણ તે. ક્રિ૦ પ્ર૦ રેણ કરાવવું=રેણાવવું; સાંધાપુરાવવા, સંધાવવું.

રેણી, સ્રી૦ રાત; રાત્રિ.

રેણી, સ્રી૦ રહેણી, રહેવાની રીત તે; ચાલ; આચાર; વર્તણુક; રહેવાની-જીવન ગુજારવાની કળા-રીતભાત વગેરે તે. રેણીકરણી, એમ કહેવાય છે.

રેણુ, સ્રી૦ રેતી; રેત; રજ; ધૂળ.

રેણુકબીજ, ન૦ એક જાતની ઓષધિ.

રેત, ન૦ [સં.] વીર્ય; ધાત. (૨) સ્રી૦ રેતી.

રેતડી, સ્ત્રી૰ કાનસ; અતરડી; ધાતુ ઘસી નાંખવાનું રેતીના કણ જેવું કરકરૂં ઓજાર.
રેતદાની, સ્ત્રી૰ તાજી શાહી ઉપર નાંખવાની કાળી રેત રાખવાનું પાત્ર; રજિયું; રેતદાન.
રેતરડી, સ્ત્રી૰ ધાતુ ઘસવાનું લુહાર–સોની વગેરેનું એક ઓજાર; કાનસ; અતરડો.
રેતવી, વિ૰ રેતીના ભેળવાળું; કણદાર.
રેતાળ, વિ૰ રેતવાળું; રેતીનો ભરાવો હોય એવું.
રેતિયું, ન૰ રજિયું; રેતદાની.
રેતી, સ્ત્રી૰ નાની નાની કાંકરીવાળી રજ તે; કણદાર ભુકો; કરકરી ધૂળ. રૂ૰ પ્ર૰ રેતીમાં નાવ ચલાવવું=પોલંપોલ ચલાવવું; ખોટારૂં ચલાવવું.
રેથળ, પું૰ રથડ; થાપ; કુઓ.
રેન, સ્ત્રી૰ રાત; રજની. (૨) રાશ; લગામ.
રેફ, સ્ત્રી૰ [सं.] સ્વર રહિત 'રકાર' નું તેની આગલા અક્ષર ઉપર કરાતું અર્ધ વર્તુલાકાર ચિહ્ન. ગરૂવ= ગર્વ.
રેફુ, પું૰ બાતમીદાર; જાસુસ; દૂત.
રેલ, સ્ત્રી૰ ઘણો વરસાદ થવાથી નદીમાં પાણી વધીને ઉભરાઇ જવું તે; પુર. (૨) છોળ; પુષ્કળતા.:–રેલછેલ. (૩) લોઢાની સડક; આગગાડી.:–રેલગાડી.
રેલછેલ, અ૰ રેલીને છલકાઇ જવું તે; ચારે તરફ ઉછળી–પથરાઇ રહેવું; ખૂબ ઉડવું–બ્યાપી જવું–રહેવું–ઉભરાવું તે. ઉ૰ વાડીમાં રેલછેલ મોગરો. સ્ત્રીગીત.
રેલવું, ક્રિ૰ અ૰ પ્રવાહીનું વહેવું; રેલો ચાલવો. (૨) બધે ફેલાવું; પ્રસરવું; પથરાવું; પડવું. ઉ૰ કુંવરી મારે દુઃખના ડુંગર આજ રેલ્યા, તેં કુળના મારગ મેલ્યારે.
રેલવે, સ્ત્રી૰ [सं.] લોઢાની સડકનો રસ્તો તે; આગગાડી; રેલ.
રેલાવું, ક્રિ૰ અ૰ રેલેરેલા ચાલવા; દરેડે–ધારે વહેવું–દદડવું. (૨) ફેલાવું; પ્રસરવું; પુરની માફક બધે ફરી વળવું–વ્યાપી જવું.
રેલિયું, વિ૰ ઢીલું હોવાથી પ્રસરી–ફેલાઇ જાય એવું.:–રેલિયો ગોળ. (૨) રેલનું; પુરમાં તણાઇ આવેલું.:–રેલિયો કાટ સોંઘો મળે.
રેલો, પું૰ ઢીલા પ્રવાહી પદાર્થનું વહેવું તે; વહેણ; પ્રવાહ; ધાર; દદુડો; જથામાંથી નીકળી નિચાણ તરફ નદીની માફક લંબાણે વહેવું તે. રેલો ચાલવો=વહેવું; ધારે ચાલવું. ઉ૰ રેલો રા'ની વાડીએ શોભા નંદનારે.
રેવડી, સ્ત્રી૰ ખાંડની ચાસણીમાં તલ નાંખીને પાડેલી નાની ચકતીઓ તે. (૨) ફજેતી.:–રેવડી દાણાદાણ=ગભરામણ; મુશ્કેલીનો સમય.
રેવતી, સ્ત્રી૰ [सं] સત્તાવીસમું નક્ષત્ર. (૨) તુવેરની દાળ.
રેવન્યુ, સ્ત્રી૰ [अं.] જમીન વગેરેના કરની જે સરકારી ઉપજ તે; જમીનનો કર; કિસ્ત; મહેસુલ તે. રેવન્યુ ખાતું=મહેસુલ વસુલ કરનારૂં ખાતું; જમાબંધીખાતું; કર ઉઘરાતખાતું.
રેવવું, ક્રિ૰ અ૰ ઝાલવું.
રેવંચી, સ્ત્રી૰ એક વનસ્પતિનો ગુંદર–ચીક. એનો ગુણ રેચક છે. રેવંચીના ચીકને દૂધમાં ઉકાળી પાડેલા ગાંગડા, રેવંચીના શિરાને નામે ઓળખાય છે.
રેવંત, પું૰ ઘોડો; અશ્વ.
રેવાસી, જુ૰ રહેવાસી.
રેવું, જુ૰ રહેવું.
રેશ, વિ૰ જરા; લગાર; કિંચિત.
રેશમ, ન૰ [फा.] એક જાતના કીડાઓની લાળના તંતુ તે; હીર. સેતુરના ઝાડ ઉપર થતા કીડા ઝાડનાં પાન ખાઇ લાળના લાંબા ને લાંબા તંતુઓ કાઢે છે તે કોશીટો ગરમ પાણીમાં નાંખી કીડાને મારી નાંખી તેનો તાર–તંતુ ફાળકાપર ઉતારી લેવામાં આવે છે. કેટલીક જાતના

કરોળિયા પણ આવા તંતુઓ બનાવે છે.

રેશમી, વિ૦ રેશમનું; હિરાગળ:–રેશમી વસ્ત્ર. રેશમ સંબંધી.

રેષા, સ્ત્રી૦[સં.] લીટી; રેખા. (૨) ફળમાંના તંતુઓ; બીજના કોટલાપરના સુંવાળા. (૩) વનસ્પતિની નેસ–નસ; તંતુ.

રેસ, વિ૦ જરા; કિંચિત; લગારેક. (૨) સ્ત્રી૦ રૂપિયાનો બારસેંમો હિસ્સો–અંશ.

રેસા, પું૦ તાર; તંતુ; ફળ, પાન વગેરેમાંના તાંતણા, નેસ રેસાદાર=તંતુવાળું.

રેહેણી, સ્ત્રી૦ રહેવાની રીત; રેણી; રહેણી.

રેહેમ, સ્ત્રી૦ રહેમ; કૃપા; દયા; મહેરબાની.

રેળવું, ક્રિ૦ સ૦ છુટું પાડી નાંખવું; સમાધાન કરી દેવું; વિખેરી નાંખવું.

રેળીનાંખવું, રેળી નાંખવું.

રેંકડો, પું૦ રેંકળો; ચાર માણસ બેસે એવી બળદની ગાડી. મુંબાઇમાં ફરતી ભાડાની બેલગાડી તે. (૨) ભેંકડો; મોટેથી રોવું તે.

રેંકવું, ક્રિ૦ અ૦ ભેંસ ગાય વગેરેનું બોલવું; બરાડવું; આરડવું;

રેંકળો, પું બેલગાડી.

રેંગણ, ન૦ રિંગણ; વેંગણ; વંતાક.

રેંજીપેંજી વિ૦ નમાલું; હોશ વગરનું; નિર્માલ્ય; નબળું; પોચું; સાલસ; ગરીબ.

રેંટ, પું૦ કુવામાંથી પાણી કાઢવાનો ઉપર ગોઠવેલાં ઢોચકાંની માળા ફરે ને વારા ફરતી પાણી આવ્યા કરે એવો યંત્ર.

રેંટિયો, પું૦ કાંતવાનું યંત્ર; રૂમાંથી તાર કાઢવાનો એક સાદો ઘરગતુયંત્ર.

રેંઢડો, પું૦ રેંટ; ઘટમાળ.

રેંટો, પું૦ માથે બાંધવાનો કસબી કિનારનો ઉપરણો; ફેંટો; મોળ; પિછોડી.

રેંડલો, જુ૦ રેંલ્લો.

રેંઢવું, ન૦ ગાડું; શકટ.

રેંણ, ન૦ ધાતુનાં વાસણ સાંધવાની ધાતુ ને ક્ષારની મેળવણી; ઝાળણ. તાંબા પિત્તળનું અને સોનારૂપાનું રેંણ જુદીજુદી ધાતુનું હોય છે.

રેંણવું, ક્રિ૦ સ૦ ધાતુમાં પડેલું છિદ્ર, તરડ અથવા સાંધ બીજી ધાતુથી પુરી પાકી બંધ કરવી તે; ધાતુ ને ક્ષારથી તાંબા પિત્તળની સાંધ સીડવી બંધ કરવી:–રેંણ દેવું. તરડ, સાંધ કે છિદ્રને સાંધી–રેંણ ઝાળણથી પુરીદેવું તે; ઝાળવું.

રેંલ્લો, પું૦ જુવાન વાછરડો; ગોલ્લો–લ્યો નાનો–ઉછરતો બળદ; વાછરડો. સ્ત્રી૦ રેંલ્લી–વાછરડી; નાની ગાય.

રેંસવું, ક્રિ૦ સ૦ કાપીનાખવું ફાડીનાખવું; ઉતરડીનાખવું.

રેંસીનાખવું, ક્રિ૦ સ૦ ફાડી–ચીરીનાખવું; ઝબે કરવું.

રૈ, સ્ત્રી૦ રાઇ; તીખાં તેલી એક મસાલાનાં બીજ તે.

રૈયત, સ્ત્રી૦ દેશ ગામ અથવા શહેરમાં વાસ કરી રહેલા જે લોક તે; જનસમૂહ તે; પ્રજા; દેશમાંની જે વસ્તી તે; વસ્તીના જન.

રોક, વિ૦ રોકડું; હાજરાહજુર; તરત રજુ થાય તેવું. ઉ૦રામ રૂપિયા રોક(૨)રોકાણ.

રોકકળ, સ્ત્રી૦ રોવું ને કળકળવું તે; રડારડ. આક્રંદ.

રોકડ, વિ૦ રોકડું; તરત ગણાય બતાવાય–હાજર કરાય એવું. (૨) તરત ગણાય પ્રત્યક્ષ કરાય એવું ચલણી નાણું તે; તાજી–નગદ રકમ તે; સિક્કા:–હમણાં તિજોરીમાં ઝાઝી રોકડ રાખતા નથી.

રોકડમેળ, પું૦ જેમાં રોકડ રકમોનો હિસાબ રાખવામાં આવતો હોય તે ચોપડી કે ચોપડો તે; રોકડ–નાણાની ઉથલપાથલનો હિસાબ તે.

રોકડિયું, વિ૦ તરતજ નાણાં આપવા લેવાની રીતવાળું; રોકડે વહેવાર કરનારૂં; તરત–

હાજરાહજુર. આપલેથી કામ ચલાવનારું:–રોકડિયું ઘરાક. ઉધારે નહિ રાખનારું. (૨)પ્રશ્નનો બરોબર ઉત્તર આપી દેનાર; હાજર જવાબી; તરત જવાબ દેનાર–વાયદેચઢાવનાર નહિ.

રોકડી, સ્ત્રી૦ તરતજ ચલણી નાણામાં આપી દેવામાં આવતી મજુરી તે; કડિયા સુતાર વગેરેની મજુરી–લવાજમ–રોજી કે જે અઢી ત્રણ કલાકના કામને અંતે તરતજ રોકડે નાણે આપી દેવાય છે તે.

રોકડું, વિ૦ તરતજ અપાય–ગણાય–વપરાય એવું; જેને માટે વાયદો થાય નહિ તેવું; તાજું–તરત અપાતું એવું; નહિ ઉધાર; તરતનું; તરત હાજર કરવાનું; ચાલુ ચલણનું–નાણું, સિક્કા વગેરે. (૨) તરત જવાબ દે એવું. હાજરાહજુર. (૩)સ્પષ્ટ; ચોખ્ખું:–રોકડો જવાબ દીધો.

રોકણી, સ્ત્રી૦ રોકવું તે; અટકાયત; અવરોધ. (૨) ખોટી; રોકી રાખવું તે.

રોકવું, ક્રિ૦ સ૦ [सं. रुध्]અટકાવવું; ખાળવું; થોભાવવું; ખોટી કરવું; નહિ જવા દેવું; પ્રતિબંધમાં રાખવું. (૨) કામે વળગાડવું; નોકરીમાં રાખવું; કામ કરાવવા દરમાયો કરીને રાખવું.:–મેં પાંચ નોકર તેને માટે રોકયા છે=કામે લગાડયા છે. (૩) ઘેરીલેવું; આંતરવું; ખાલી ન રહે એમ કરવું; ભરીપૂરવું–તેણે બધી જગા રોકી:–બધો માર્ગ ન રોકશો.

રોકાણ, ન૦ રોકવું તે; અટકાવ; અવરોધ; ખાળો. (૨) કામ સોંપી ખાળવું તે; કામ નોકરીમાં ખોટી રહેવું પડે તે. (૩) આંતરવું ઘેરીલેવું; પુરાઈ રહે એમ કરવું; દબાણ:–જમીનનું રોકાણ.

રોકાવું, ક્રિ૦ સ૦ અટકાવવું; ખાળવું; રહીજવું; અટકવું; (૨) ખોટી થવું; રાહ જોતા રહેવું. (૩) ઘેરાવું; ગુંચાવું. કામમાં હોવું.

રોકું, વિ૦ અમુક આકારનું; અમુકના જેવું; સરખું; સમાન; મળતું:–ભાલા રોકું ફળ હોય તે કટાર અને તરવાર રોકું નાનું ફળ હોય તે જમૈયો:–ભાલા રોકું શિંગડું.

રોકુટ, સ્ત્રી૦ રોવું અને કુટવું તે; કલ્પાંત; આક્રંદ.

રોખ, વિ૦ રોકડું. (૨) ના૦ ઇચ્છા; આકાંક્ષા. (૩) રૂખ. (૪) દમામ; રોફ; ભભકો.

રોખણું, ન૦ કજિયા ટંટામાં લોકનું ભેગા થવું તે; બખેડો; ફિસાદ. (૨) ધીંધાટ.

રોખું, વિ૦ રોકું; અમુક જેટલી કિમ્મતનું. (૨) ના૦ બળતણ; લાકડાં.

રોગ, પું૦ [सं] શરીર પ્રકૃતિનો બગાડ તે; વ્યાધિ; દરદ; આજાર; પ્રકૃતિની વિકૃતિ તે. (૨) અંદરની રીસ; મગરૂબી; અડ તે; અંતરનો આંબળો. ક્રિ૦ પ્ર૦ રોગ કાઢવો =મદ ઉતારવો; મન મનવવું. રૂ૦ પ્ર૦ રોગચાળો=રોગનો ફેલાવો–પ્રસાર તે.

રોગરાધ, ન૦ રોગ અને વળગાટ વગેરે તે; રોગ જેવું જે કંઇ તે.

રોગાન, પું૦ [फ.] તેલ, મીણ અને લાખ વગેરેની એક જાતની મેળવણીનું પ્રવાહી. એ લાકડાં, લુગડાં વગેરે ઉપર ચઢાવવાના કામમાં આવે છે. વારનિશ. ક્રિ૦ પ્ર૦ રોગાન ચઢાવવો=ઉપર ઉપરથી સુશોભિત કરવું; ટાપટીપ કરવી.

રોગાની, વિ૦ રોગાન ચઢાવેલું. (૨) રોગાન ચઢાવનાર.

રોગિયું, વિ૦ રોગીલું; રોગી.

રોગિષ્ઠું, વિ૦ રોગી; રોગથી ઘેરાયેલું. (૨) રોગ ઉત્પન્ન કરે એવું.

રોગી, વિ૦ રોગવાળું; માંદું; દરદી; આજારી; વિકારી.

રોગીલું, વિ૦ રોગી.

રોગો, પું૦ ચુનો.

રોચક, વિ૦ રૂચે–ભાવે તેવું; પ્રકૃતિને અનુકૂળ આવે એવું. (૨) લહેજતદાર; સ્વાદિષ્ઠ.

રોચડી, સ્ત્રી० જાડું; લુચ્ચાઈ; અણુચી.

રોચું, વિ० જંગલી; અસભ્ય; અણુસમજુ.:–ગામડિયું–રોચું.

રોજ, પું० [फा] દહાડો; દિવસ. (૨) મજુરનો એક દિવસનો મુસારો તે; એક દિવસનું મહેનતાણું. (૩) અ० હમેશ; નિત્ય; સતત; દહાડી; અપ્પટ.

રોજગાર, પું० રોજનો જે ધંધો–વેપાર તે; આજીવિકા; નિર્વાહનું કામકાજ તે.

રોજગારી, સ્ત્રી० ધંધો; વેપાર. (૨) નોકરી–ચાકરી, જેથી આજીવિકા ચાલે તે.

રોજનામું, ન० રોજમેળ; રોજ ને રોજ લખાતો હિસાબ તે.

રોજનિશી, સ્ત્રી० રોજ ને રોજના કામની નોંધ પોથી તે; રોજના કામની નોંધણી; કચેરીમાં રોજ રોજ થતા કામનું ટાંચણ તે: ડાયરી.

રોજમેળ, પું० જેમાં રોજ ને રોજની જમાખરચી થતી હોય તે ચોપડી.

રોજરોજ, અ० હમેશ; નિત્ય; દરરોજ.

રોજિંદાર, વિ० રોજને મુસારે કામ કરનાર; રોકડી મજુરી લઈને કામ કરનાર.

રોજિંદું, વિ० હમેશનું; રોજનું; દૈનિક.

રોજી, સ્ત્રી० જે ધંધા રોજગાર ઉપર ગુજરાન ચાલતું હોય તે. (૨) ગુજરાન; આજીવિકા. (૩) રોજની આવક; પેદાશ તે.

રોજો, પું० [फा] મુસલમાની દીનમાં કહેલો દિવસનો ઉપવાસ તે; દિન ભર ખવાય નહિ અને રાતે ખવાય એવો જે ઉપવાસ તે. (૨) કબર; મોટા ને ધાર્મિક મુસલમાનની સમાધ.

રોઝ, ન० [सं. ऋष्य] ઘોડાની આકૃતિને મળતું એક વગડાઉ પ્રાણી; જંગલમાં રહેતું હરિણની જાતનું એક પ્રાણી. (૨) ઉંડી સમજ વગરનું; ભોળું; સાદું અને સરલ. રોઝ જેવું=અણુસમજુ. ઉ० રોજ રખડતો રોઝ રહ્યો.

રોઝડી, સ્ત્રી० રોઝની માદા. (૨) અણુસમજુ–અથંચળ સ્ત્રી; જેને શરીરે ખૂબ વાળ હોય અને નાગરિક–સંસ્કાર ન હોય એવી ભોળી ભલી સ્ત્રી.

રોટલી, સ્ત્રી० ઘઉં અને બાજરી વગેરેના લોટની પાતળી ગોળ ને વણેલા ખાવાની ચીજ; પાતળો–ઝીણો રોટલો તે; પાતળી ભાખરી; ખાવાનો પદાર્થ. (૨) આજીવિકા; પોષણ; ગુજરાન.

રોટલો, પું० જાડીને મોટી રોટલી તે; ભાખરી. (૨) આજીવિકા; ગુજરાન; પોષણ. ક્રિ० પ્ર० રોટલો થઈ જવું=ચગદાઈ જવું; ચંપાવું; ચપટ થઇ જવું. રોટલો વાળવો=વાળીને બેવડ ત્રેવડ કરી નાંખવું; લોચો કરી નાંખવું; ચુંથી નાંખવું. રોટલા ભેગા થવું=આજીવિકા મળવી. વખતસર–ખાવાને વખતે જવું. રોટલો ટાળવો=કોઈની આજીવિકા ટાળવી–જતી રહે એમ કરવું; ગુજરાન તોડવું. રૂ० પ્ર० રોટલાનું ભૂખ્યું=નાદાર; કંગાલ; આજીવિકા મેળવવાને આતુર.:–રોટલાનું ભૂખ્યું નથી=આજીવિકા છે, એમ.

રોટી સ્ત્રી० રોટલી; રોટલો. (૨) ગુજરાન. રોટીવહેવાર.

રોઠું, વિ० પરિપક્વ થતા પહેલાં સુકાઈ ગયેલું; કાચું; અપરિપક્વ; ચીમળાયેલું. (૨) કાચું હોવાથી તુરૂં.:–રોઠી સોપારી.

રોડ, વિ० રગડા જેવું; ગાઢું; રાબડી જેવું. (૨) ખૂબ જાડું.:–જાડું રોડ છે. (૨) [अं] રસ્તો; માર્ગ; :–રીચીરોડ, સેંડહર્સ્ટ રોડ; સ્ટેશનરોડ.

રોડું, ન० પત્થર ઈંટ વગેરેનો કકડો; પેંપોચો; ઈંટાળો; ભિંતમાંથી નિકળેલી ઈંટનો કકડો તે; ઢેપું.

રોઢું, ન० રોડું; ઈંટાળો. (૨) મોટું છાણું.

(૩) વિ૦ રખડતું; અથડાતું. (૨) ન ધણિયાતું.

રોઢો, પું૦ દગડ; મોટો સુકો લોચો.

રોણ, પું૦ જોશમાં ચાલતો કજિયો; ફિસાદ; બખેડો; તોફાન. (૨) રાતચોકી.

રોતરડું, વિ૦ વારંવાર રડયા કરે એવું; રડકણું; બહુ રોનારૂં. (૨) સહેજ સહેજમાં રડી દે એવું પોચું.

રોદણાં, ન૦ રડતાં રડતાં દુઃખ કહેવું તે; દુઃખની વાત; જુલમ–સીતમની વાત; વિતકડાં. રોદણાં રોવાં=દુઃખની વાત કહ્યા કરવી; દુઃખ પોકારવું; રોદડા.

રોદડા, પું૦ રોઇને દુઃખ પોકારવું તે; રોદણાં. (૨) બડબડાટ.

રોદન, ન૦ [सं.] રોવું તે; વિલપન; આક્રંદ.

રોદો પું૦ ખાડો; ગર્ત.

રોધ, પું૦[सं] અટકાવ; પ્રતિબંધ; ખાળો.

રોધક, વિ૦ [सं.] અટકાવ કરે એવું; રૂંધનારૂં; ખાળે એવું.

રોધન, ન૦ [सं.] રૂંધાવું તે; અટકાવ; ખાળો; પ્રતિબંધ.

રોધવું, ક્રિ૦ સ૦ અટકાવવું; ખાળી રાખવું; અટકાવ કરવો; રૂંધવું. (૨) પુરી નાંખવું. રોકવું; ઘેરવું.

રોન, સ્ત્રી૦ [अं.] બે ચાર સિપાઇઓએ રાતની ચોકી માટે ફરવું તે; રાતની ચોકી.

રોનક, સ્ત્રી૦ [फा.] છટા; મકાન અને મંડપ વગેરેનો ભભકાદાર દેખાવ તે; રચનાની શોભા. (૨)ઝલે; તેજી.(૩) નોંખ.

રોનકદાર, વિ૦ ઝલેદાર; સુશોભિત; છટાદાર; ફક્કડ રચનાવાળું.

રોપ, પું૦ રોપો; છોડવો; વનસ્પતિનો પ્રરોહ; નાનું ઝાડ.

રોપણ, ન૦ રોપવું તે; રોપાયેલી હાલત તે. (૨) રોપવાનું કામ તે.

રોપણી, સ્ત્રી૦ રોપવું તે; રોપવાનું કામ; ઘર ચાંપવાં તે; ચોપણી; વાવેતર.

રોપવું, ક્રિ૦ સ૦ વનસ્પતિના નાના છોડને અથવા ડાળને એક ઠેકાણેથી ઉપાડી બીજે ઠેકાણે ઘાલવાં તે; છોડ, કલમ, અને ડાળ વગેરેને એક સ્થળેથી લઇ બીજે સ્થળે જમીનમાં ખોડવાં; ચાંપવું. (૨) જમીનમાં દાટવું; ખોડવું; ઉભું કરવું; પાયો નાંખવો; સ્થાપવું; શરૂ કરવું. ઉ૦ રણજંગ રોપ્યો રાવણે.

રોપી, વિ૦ રોફી; ડોળી; આડંબરી.

રોપો, પું૦ ઉગેલા કરસણનો પ્રરોહ–ફણગો તે; છોડ; એક ઠેકાણેથી ઉખેડી બીજે ઠેકાણે જમીનમાં ઘલાય એવો ફણગો–છોડ તે. નાનું ફૂલઝાડ; નવો ઉગતો બાળ છોડ વગેરે તે; લીલી ને ફરીને મૂળ નાંખી જમીનમાં ચોટે એવી વનસ્પતિ તે. (૨) રોપણી; રોપવાનું કામ.

રોફ, પું૦ [फा.]સુંદર તેમજ તેજસ્વી દેખાવ તે; ભભકાદાર દેખાવ તે; ભભકો; ડોળ; ટાપટીપવાળી મજેની સુંદરતા તે; મોટાઇનો ને પહેરવેશ વગેરેનો છટાદાર દેખાવ તે. (૨) ડોળ; આડંબર; પતરાજ.:–રોફ મારતો નહિ, તારૂં કશું ચાલશે નહિ. (૩) પ્રતાપ; દમામ; કરપ.:–ઓધ્ધે ચઢયો પણ કંઇ રોફ પડતો નથી.

રોફી, વિ ટાપટીપિયું; ભભકો રાખનાર; પોષાક વગેરેનો ઠાઠમાઠ કરનાર. (૨) દેખવડું; શોભિતું; શણગારપ્રિય. (૩) શેખી; પતરાજખોર; ડોળી; આડંબરી; ગર્વી.

રોબ, પું૦ [अं.] મોટો ઝુલતો રહે એવો ડગલો; ઓઢો; મોટો ખભેથી નાંખવાનો બોચલો.

રોબડ, વિ૦ અક્કલ વગરનું; બુદ્ધિહીન. (૨) અરસિક; નિરાનંદ. (૪) અચતુર; અણસમજુ.

રેખડી, સ્ત્રી૦ એક જાતનું ઘરેણું. ઉ૦ અલ્યા, લાખ ટકાની મારી રેખડી જો; મોટા હીરા જડિત મારા હાર જો. રતનિયો. (૨) રેખડી-લોખડી. રૂવાં-રોમ-કનની સુંદર સાડી; હીરાગણ-કનનું ઉંચી જાતનું નાજુક વણાટનું સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર.

રોમ, ન૦ [સં] શરીરપરનો નાજુક નાનો ને સુંવાળો મુવાળો તે; રૂંવું. રોમ કૂપ; મુવાળાનું છિદ્ર; જેમાંથી પરસેવો નીકળે છે તે, વાળના મૂળ આગળનું નાજુક છિદ્ર. રોમશત્રુ=હજામ; ગાંયજો. રોમરાજી=રૂંવાંટીની હાર તે. પેટ ઉપરની; રોમાવલી. રોમરોમ=રૂંવેરૂંવે; રગેરગે; અંગોઅંગ. રોમહર્ષ=હરખને લીધે રૂંવાં ઉભાં થવાં તે.

રોમાવળી, સ્ત્રી૦ [સં. रोमावली] રૂંવાટાંની હાર-ઓળ તે; રોમરાજી. ઉ૦ રામા અંગની રોમાવળી, જોઇ વનસ્પતિ મરતી બળી. પ્રેમાનંદ.

રોમાંચ, ન૦ [સં] હરખ, ભ્રમ, ક્રોધ અને અજાયબીથી રૂંવાં ઉભાં થાય એવું તે;રોમોદ્ગમ. ટાઢની-ગલીની કંપારી આવી રૂંવાં ઉભાં થવાં તે.

રોમાંચિત, વિ૦ [સં] રૂંવાં ઉભાં થયાં હોય એવું; કંપારી આવી રૂંવાં ઉભાં થવાં તે.

રોયણું, સ્ત્રી૦ રોહિણી નક્ષત્ર. (૨)ન૦ રૂદન; વિલાપ. ઉ૦ રામા રોયણ રોષથી, નયણે ભરિયાં નીર.

રોયલી, સ્ત્રી૦ મછવો નાંગરવાની નાની બિલાડી; નાનું લંગર.

રોયું, વિ૦ રડ્યું; પિટયું. લાડકી ગાળ તરીકે અને સહજ કંટાળા તરીકે સ્ત્રીઓ બોલે છે.:-રોયું કામે નીઠતું નથી.

રોલ, ન૦ [અં.] હાજરી પત્રક, રજીસ્ટર. (૨) ચક્કર; ચકરડું. (૩).વેલણું (૪) વિંટા.

રોલું, વિ૦ રહોલું, બહાવરા જેવું; અર્ધ સમજ્યું; ચોક્કસ નહિ-ફરતા મનનું; બાધું. (૨) અચતુર; અરધું ઘેલું.

રોવરાવવું, ક્રિ૦ સ૦ રડાવવું; રૂવે રડે એમ કરવું; વિલાપ કરાવવો.

રોવું, ક્રિ૦ અ૦ [સં. रु]રડવું; રૂદન કરવું; વિલપવું. (૨) ઝીણા મંદ અવાજે-ગળામાંથી ગણગણવું; શોકકરવો; અંતર દાઝવું. કહે૦ રોતો જાય તે મુવાની ખબર લાવે.

રોશન, વિ૦ ચળકતું; ચકચકિત. (૨) જાહેર; ખુલ્લું. (૩) પાયમાલી; સમુળો નાશ; મોટી ખરાબી; નુકસાની.:-એણે તો રોશન વાળી નાખ્યું.

રોશનાઇ, સ્ત્રી૦ તેજનો ભભુકો તે; તેજશક્તિ; પ્રકાશ; દીવાઓ કરી ખૂબ અજવાળું-પ્રકાશ કરવો તે; રોશની. (૨) શાહી-સહી લખવાની.

રોશની, સ્ત્રી૦ તેજ; પ્રકાશ; જ્યોતિ. (૨) ભભક; ચળકાટ. (૩) શાઇ-હી.

રોષ, પું૦ [સં.] રીસ; ગુસ્સો; ક્રોધ.

રોહ, પું૦ એક જાતનું ઘાસ.

રોહડો, પું૦ એક ઝાડ. રોહડી; રોહીડો.

રોહિણી, સ્ત્રી૦ [સં.] સત્તાવીશ નક્ષત્રોમાં ચોથું નક્ષત્ર તે; પાંચ તારાનો સમૂહ.

રોળ, પું૦ ધમ્માચકડી; ગોંધળ; અવ્યવસ્થા. (૨) નુકસાન; ખરાબી; પાયમાલી. (૩) મરણાતિરેક; ઘણાં મરણ થવાં તે.:-મરકીએ રોળવર્તાવ્યો. ઘાણ; ગજબ; ભરભરાટ. ક્રિ૦ પ્ર૦ રોળ વળવો=ઘાણ નીકળી જવો. (૨) ખુબ વપરાઈ જવું.:-કંસારનું જમણ તો સારૂં પણ આવી મોંઘવારીમાં ઘીનો રોળ વળી જાય.

રોળવાવું, ક્રિ૦ અ૦ ચિડાવું; ગુસ્સે થવું; ખિજવાવું.

રોળવું, ક્રિ૦ સ૦ ચોળવું; મસળવું; કચરી નાંખવું; રગદોળવું. (૨) મારી નાંખવું; પાયમાલ કરવું; ધૂળ ચાટતું કરી નાંખવું. ઉ૦

તમારા ગર્વથી મેલા, રાજાને રથુ રોળવા.

રોળાવું, ક્રિ૰ અ૰ ચોળાવું; મસળાવું.:–અસ્ત્રી કરેલું અંગરખું ધૂળમાં રોળાયું. (૨) રમદોળાવું; ખરડાવું. (૩) બગડવું; પાયમાલ થવું (૪) જમીન પર લોટાવું. (૫) કામમાં વપરાવું.

રોળું, વિ૰ મલિન; અસ્વચ્છ. (૨) અંધારાવાળું; સૂઝે નહિ એવું.:–રોળીકોળી વેળા. ધુંધળીવેળા; સંધ્યાકાળ.

રોળો, પું૰ મોટી ધમ્માચકડી–ધીંધાટ ને તોફાન તે; આરતનો ખુમાટો. (૨) ભાંજગડ; પંચાત. (૩) કમાઈ; પેદાશ.

રોખડી, સ્ત્રી૰ સુતારનો રંદો.

રોંખણું, ન૰ પથ્થર લાકડા વગેરે ઉપર આંકો પાડવા–તાણવાનું ઓજાર; ટાંકણું.

રોંચું, વિ૰ ગામઠિયું.

રોંચો, પું૰ અણસમજુ; ખેડુત; રાંભો.

રોંઢો, પું૰ ત્રીજા પહોરનું જમણ (૨)મોં મીઠું કરવું તે.

રૌદ્રરસ, પું૰ [સં] કાવ્યના નવ રસમાંનો એક રસ; ક્રોધથી ઉત્પન્ન થતો રસ તે.

રૌરવ, ન૰ [સં] પાપીઓને શિક્ષા કરવાનાં સાત નરક સ્થાનોમાંનું બીજું સ્થાન; ખરાબ કારાગ્રહ–કુસ્થાન.

લ

લ, પું૰ [સં] ગુજરાતી મૂળાક્ષરોમાં ૩૯ મો. ને વ્યંજનોમાં ૨૮ મો. વ્યંજનવર્ણ–અક્ષર તે.

લઈઆવવું, ક્રિ૰ સ૰ આણવું; લાવવું. (૨) ખરીદ કરી લાવવું; સાથે લઈને આવવું.

લઈપડવું, ક્રિ૰ સાથે ભેળવવું; સામેલ ગણવું. (૨) સતાવવું. (૩) માની લેવું.

લઈબેસવું, ક્રિ૰ આરંભવું; શરૂ કરવું; માંડવું.

લઈલેવું, ક્રિ૰ ખુંચી લેવું; આચકીલેવું.

લઉઓ, પું૰ લૈલો; હાજર જવાબી, ચતુર ને ગમતી માણસ; ટોળી; મશ્કરો. (૨) નર્મસચીવ.

લકવો, પું૰ શરીરના અમુક અંગની સંજ્ઞા જતી રહેવી તે; અર્ધાંગવાયુ; પક્ષાઘાત. વાયુનો એક એવો રોગ કે જેથી અવયવો પોતાનું કામ કરતા અટકી જાય. જીભને લકવો થતાં બોલાતું નથી અને હાથ પગને થાય તો તે હાલતા નથી.

લકાર, પું૰[સં.] લ એવો ઉચ્ચાર અને અક્ષર તે.

લકીર, સ્ત્રી૰ લીટી; રેખા.

લકુંદરો, પું૰ વંઠેલો–લુચ્ચો માણસ; રંડીબાજ; ઇશ્કી.

લકુંબો, પું૰ નિતરતા સત્ત્વવાળો નવાલો; કોળિયો. (૨) લાભ; નફો; ફાયદો.:–તું ત્યાં શો લકુંબો લેવા ગયો હતો?

લક્કડ, ન૰ લાકડું; કાઠી. લક્કડ કામ=લાકડાનું બાંધકામ તે; એકલાં લાકડાંની રચના કે બનાવટ તે. (૨) સુતારે કરવાનું કામ તે. લક્કડ પીઠ=લાકડાંનું બજાર. લક્કડકોટ=લાકડાંનો કોટ–આંતરો–વાડ તે. (૨) લાકડાંથી બાંધેલો માલ ઉતારવાનો દરિયા અથવા નદી કિનારાપરનો પુસ્તો; લાકડાંનો વાડો તે.

લક્કડખોદ, પું૰ લાકડાંને ચાંચ મારી ટોચનારું એક પંખી; સુતારિયો; વાડો. મોટાં ઝાડવાળાં જંગલોમાં આ પંખીઓ લાકડાંને ટોચતાં તેના રણકારથી દિશાઓ ગાજી રહે છે.

લક્કડધક્કડ, અ૰ લાકડાને જેમ ધકેલી

આગળ વધારાય તેમ, લાકડાની માફક ધક્કા મારીને. (૨) ધમધોકાર; સપાટે; સ્પેટીમાં લઇને. (૩) દમ દઇ માર મારીને. દોરથી; જોરથી.:–લક્કડધક્કડ કામ લો. ક્રિ૦ પ્ર૦ લક્કડધક્કડ લેવું=દાદ નહિ આપતાં દમથી કાર્ય કરાવવું; કામમાં પલો-ટવું (૨) દમ દેવો. ગુનો મનાવવા માટે.

લકકડસી, વિ૦ લાકડા જેવું કઠણ; નહિ પોચું; સખત એવું તે.:–લકકડસી લાડુ. ચણાના લોટને ચાસણી પાઈ સખત બાંધેલા લાડુ તે; લક્કડસી લાડુ.

લકકડિયું, ન૦ લાકડામાંથી બનાવેલું પાત્ર તે; લાકડાનું પાત્ર અથવા ખાંડણિયો. કહોડું; વગેરે. (૨) તમાકુનો ભુકો કરવાનું લાકડાનું ખામણાવાળું ગચિયું. (૩) વિ૦ લાકડાનું. લક્કડિયો પુરજો પુસ્તો વગેરે.

લકકી, વિ૦ અમુક ચિહ્‌ન–રીતથી ઓળખાતું (કબુતર.):–લક્કીકબુતર.

લક્ષ, ન૦ [सं.] મન અને દૃષ્ટિની એકાગ્રતા તે; એક બાબત ઉપરની જે ચોટ તે; ધ્યાન; જે તરફ મન ને નજર એક તાર હોય તે. (૨) ચિહ્‌ન; નિશાન; ચોટ. (૩) હેતુ; ઉદ્દેશ. (૪) મન; જીવ; ચિત્ત. ક્રિ૦ પ્ર૦ લક્ષ રાખવું=ધ્યાન રાખવું. એકાગ્રતાથી એક બિંદુ અથવા હેતુ ઉપર ચિત્ત રાખવું તે; મન રાખવું. સિદ્ધ કરવાના આશય–હેતુ તરફ મનની જે એકાગ્રતા તે; એક ચિત્તતા તે. લક્ષ દેવું=ધ્યાન આપવું. (૫) સો હજાર તે; લાખ. ઉ૦ લક્ષ ચોરાસીવાર.

લક્ષણ, ન૦ [सं.] જેનાવડે વસ્તુ ઓળખાય તે; ચિહ્‌ન; નિશાન. (૨) ચાલચલગત; વર્તણુક; આચરણ. (૩) વ્યાખ્યા; ઓળખનું બ્યાન; નામ; જેમાં ઓળખાવવાની વસ્તુનુંજ સ્વરૂપ આપેલું હોય તે. (૪) ટેવ; લત. (૫) ગુણ; સ્વભાવ. (૬) દેખાવ; રૂપક.:–કુલક્ષણ; સુલક્ષણ. મનુષ્ય અથવા વસ્તુમાં રહેલા જે તે ગુણાવગુણ, કે જે ઉપરથી તે ઓળખાય.

લક્ષણવંતું, વિ૦ લક્ષણવાળું; સુલક્ષણું; સારી વર્તણુકનું. (૨) ચતુર; ગુણવાન.

લક્ષણા, સ્ત્રી૦ [सं.] એક મુખ્યાર્થમાંથી બીજો સંબંધી અર્થ લેવાય તે.:–ગામ બી ગયું–અર્થાત્ ગામ નહિ પરંતુ તેમાં રહેનારા લોક તે. આ લક્ષણાશક્તિ કહેવાય છે. ભાવાર્થ. મુખ્યાર્થમાં રહેલો બીજો જે શક્ય સંબંધી અર્થ તે–લક્ષણા.

લક્ષવું, ક્રિ૦ સ૦ કોઈ નામ, નિશાન, હેતુ વગેરે પર લક્ષ કરવું તે; ધારવું; તાકવું. (૨) આશા રાખવી; વાટ જોવી. (૩) શોધી કાઢવું; ધ્યાનમાં રાખવું. અટકળ કરવી; જાણવું; નિશાન માંડવું.

લક્ષવેધી, વિ૦ [सं.] તાકેલું નિશાન પાડનાર. (૨) ધારેલો હેતુ બર લાવનાર; તાકોડી.

લક્ષાધિપતિ, પું૦ લાખ રૂપિયાની પુંજીવાળો; જેની પાસે લાખો રૂપિયા હોય તે.

લક્ષાવાધ, અ૦ લાખ લગી; લાખની સંખ્યા લગણ; લાખે જેના અંદાજ હોય તેમ.

લક્ષી, વિ૦ લક્ષ ઉપર ધ્યાનવાળું; અમુક હેતુ રાખીને કામ કરનાર; ધ્યાન રાખનાર.

લક્ષ્મી, સ્ત્રી૦ [सं.] પૈસો; સંપત્તિ; દોલત. (૨) ધન આપનારી દેવી; અથવા ધન દેવતા તે. (૩) વિષ્ણુની સ્ત્રી. (૪) શોભા; શ્રી. (૫) ભાગ્યશાળી સ્ત્રી. દસ પ્રકારની લક્ષ્મી કહેવાય છે:–રોકડ પૈસો; ખેતર–જાગીર; સુખસાધન; વાહન; ઢોર; સ્ત્રી; છોકરા; મકાન; ઘર; સુકુળમાં જન્મ અને આબરૂ ઇજ્જત. વળી બીજે પ્રકારે:–૧ ધન, ૨ ધાન્ય, ૩ પશુ; ૪ સ્ત્રી, ૫ પુત્ર; આરોગ્ય, ૬ આશ્રય, ૭ આવરદા ૮ ઉદ્યમ, ૯ સંતોષ, ૧૦ જ્ઞાન. કહે૦ લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવાજવું=વખત નહિ વિચારવો; જે

વખતે જે લેવાય તે લઇલેવું.

લક્ષ્મીવાન, વિ૦ [સં.] પૈસાદાર; ધનવાન; શ્રીમંત; તવંગર.

લક્ષ્ય, વિ૦ [સં.] લક્ષ આપવા જેવું; લક્ષ આપી શકાય એવું; તાકી–ધારી શકાય તેવું.

લખ, સ્ત્રી૦ લત. (૨) લક્ષ્મી. (૩) વિ૦ લાખ. ઉ૦ લખચોરાસીનું લગડું, માથે વહોરી લીધું રે.

લખણી, સ્ત્રી૦ દાન–બક્ષીસની યાદી; ટીપ. આટલું આપીશ એમ જેમાં લખી આપેલું હોય એવો માગણનો કાગળ તે; ઉઘરાણાનો કાગળ–યાદી તે.

લખણું, ન૦ લખવાનું વતરણું; ટાંકણું; કલમ; લેખણ. (૨) લખાણ; લખેલું તે. (૩) ભેટ–દાન–બક્ષીસ આપવાને કરી આપેલી યાદી–ટીપ તે લખણી.

લખત, ન૦ લખાણ; લખેલું તે; લેખ. (૨) ખત; દસ્તાવેજ; ઠરાવનું લખાણ તે. લખતપત્તર=લખાણ કરેલું પતુ–પાન–તખતી વગેરે તે; દસ્તાવેજ.

લખપતિ, પું૦ લાખો રૂપિયાનો આસામી તે; લખેસરી; મોટો ધનવાન.

લખમી, સ્ત્રી૦ લક્ષ્મી.

લખલખ, અ૦ ઝળાંઝળાં. (૨) પ્રવાહી ઉછળતાં થતો એવો અવાજ તે.:–કુતરૂં પાણી પીએ ત્યારે લખલખ થાય છે.

લખલખવું, ક્રિ૦ અ૦ ઝળાંઝળાં થવું; ચકચકવું; તેજમારવું; પ્રકાશનાં કિરણોનું ઉડવું. (૨) લખલખ થવું; પાણી ઉછળવાથી લખલખ એમ થવું. (૩) જેમ તેમ બોલબોલ કરવું; બડબડવું.

લખલખાટ, પું૦ તેજનું ઝળાંઝળાં થઇ રહેવું તે; ઝગઝગાટ; હીરા મોતી અને તાછેલા સુવર્ણ વગેરેમાંથી ઉડતો તેજપ્રભાવ; લાવણ્ય. (૨) લખલખ થવું તે. (૩) બડબડાટ; બકારો; ઘોંઘાટ. (૪) હલામણ; સંક્ષોભ; આનંદઉત્સાહ અને કામકાજ વગેરેની જે તેજી–ધમાલ તે.

લખલુંટ, વિ૦ પુષ્કળ; બહુજ; અતિઘણું; ભરપુર; બેશુમાર;–આમ લખલુંટ ખરચ કરશો ત્યારે બચશે શું ?

લખવું, ક્રિ૦સ૦ [સં. લિખ્] ટાંકણા–વતરણાથી સપાટીપર ખોદીને ચિહ્ન કે આકૃતિ પાડવી; ખોતરવું–કોતરવું–ખોદવું; ઉંડો આંકો પાડવો. (૨) પિંછી અથવા કલમ પ્રવાહી રંગમાં બોળી લીસી સપાટી ઉપર ચિહ્ન કે આકાર પાડવો. આલેખવું; ચિતરવું; કાઢવું. (૨) ગ્રંથ કરવો; બનાવવું.:–એક ચોપડી કે નિબંધ લખ. (૪) યાદ રહે–વિસરાય નહિ એમ કરવું.

લખાણ, ન૦ લખેલું તે; લેખ. (૨) લખીને વસ્તુ બતાવવી તે; લખવાની છટા.

લખામણ, ન૦ લખવાનું મહેનતાણું; લખાવવાનો બદલો તે; લખામણી; લખાઈ.

લખામણી, સ્ત્રી૦ લખામણ; લખાઈ તે.

લખારો, પું૦ બોલબોલ કરવું તે; બડબડાટ.

લખાવટ, સ્ત્રી૦ લખાણ કરવું તે; મોઢે નહિ પણ લખીને કામ કરવું તે. (૨) ધાસ્તી. (૩) લવારો.

લખાવવું, ક્રિ૦ સ૦ લખે તેમ કરવું. (૨) ઝંપલાવવું; કુદીપડવું; તલપ મારવી.

લખાવું, ક્રિ૦ અ૦ ઘસાઇ જવું; નિર્બળ થવું; શરીર લેવાવું.

લખિત, વિ૦ [સં.] લખેલું. (૨) ભાગ્યમાં જે લખાયેલું હોય તે.:–લખિત કાંઇ મટે છે.

લખિતંગ, વિ૦ લખનાર; લખાણ કરનાર. ઉ૦ ચંપા નગરીથી લખિતંગ લલિતા દાસીરે.

લખીઆપવું, ક્રિ૦ સ૦ દસ્તાવેજ કરી આપવો; લખીને કબુલાત આપવી.

લખેશરી, વિ૦ જેની પાસે લાખ્ખો રૂપિયા

હોય તે; ધનવાન. ઉ૦ લખેશ્રી હશે તાત જેહનો, મારે તે બાઈ શા કામનો. એ ંમેરૂ.

લખોટવું, ક્રિ૦ સ૦ લાખ લગાડીને ઘુંટવું; જેમાં લાખ હોય એવું દ્રાવણ ચઢાવવું; લાખ ચઢાવી ઘુંટીને ચળકતું કરવું.

લખોટી, સ્ત્રી૦ લાખની ગોળી; મંજો; ઠેરી; છોકરાંઓને રમવાની બોર બોર જેવડી પત્થર, કાચ અથવા લાખની ગોળીઓ તે: નાની ગોળી; લકટી.

લખોટો, પું૦ મોટી લખોટી; લકટો; ઢીબો. (૨) અગત્યના કાગળોનો બીડો તે; સરકારી હુકમ-તુમાર વગેરે ઘાલેલું મોટું સીલબંધ પડબીડિયું.

લખ્ખણ, ન૦ લક્ષણ.

લખ્યુંપત્યું ન૦ લખત; લેખ; ખત; દસ્તાવેજ.

લગ, સ્ત્રી૦ ઘોડિયાટ ઉપરથી મોભને લાગે ટેકો દેવાય છે તે; ટેકણ; ટેકો. (૨) પાછલો ટેકો; આગલી ઠોકઠાક કરવા પાછલી તરફ જે જોર રાખવામાં આવે છે તે. (૩) સુતર-વાળની લટ તે. (૪) લગણ; લગી; સુધી.

લગડું, ન૦ ગધેડાની પીઠપર માલ ભરવાને મૂકવામાં આવતું ચોકઠું. (૨) છાલકું; ગધેડા ઉપર નાંખવાની ગુંણ; બન્ને બાજુ માલ ભરાય એવી ડળી; પીઠે બંધાય એવો બારે ને કંટાળા ભરેલો બોજ તે. ઉ૦ લખ ચોરાસી કેરૂં લગડું, માથે વહોરી લીધુંરે.

લગણ, અ૦ લગી; સુધી; પર્યંત; મર્યાદા-હદ બતાવે છે. (૨) પું૦ બોજ; ભાર. (૩) છેલ્લો અક્ષર લઘુ હોય એવો ગણ તે.

લગત, ન૦ સંબંધ. (૨) લગતું; સંબંધવાળું. (૩) પાસે; જોડે. આ પત્ર લગત ચેક છે.

લગતી, સ્ત્રી૦ સંબંધ; લાગતુંવળગતું. (૨) વગ; તરફેણ; પક્ષ; શરમ. (૨) નજીક; પાસે.

લગતું, વિ૦ સંબંધી; સંબંધ ધરાવતું; સાથે હોય એવું. (૨) તરફનું; પાસેનું; નજીકનું; સંબંધ-જોડાણમાં રહેલું-મારા ઘરને લગતી છુટી જમીન છે.

લગદી, સ્ત્રી૦ લુગદી; થપોલી.

લગન, ન૦ લગ્ન; વિવાહ; સાદી; વરકન્યાનું એક બીજા સાથે જોડાવું તે.

લગનગાળો, પું૦ લગન કરવાના શુભ દિવસો તે; લગનની મોસમ; થોડા દિવસમાં જે વખતે ઘણાં લગન થતાં હોય તે સમય. ઉત્તરાયણથી માંડીને ભડળી નોંમ લગી શુભ-ચોખ્ખા દિવસોમાં લગન થાય છે. લગન પડો=લગનનો શુભ દિવસ લખી મંગલાર્થ કંકુ ભરીને બનાવેલી લગ્નપત્રિકા તે. લગનસરા=લગનગાળો.

લગનિયો, પું૦ કન્યા તરફનો વરને તેડવા જનારો માણસ:-મામો લગનિયો. (૨) ઠાઠમાઠયો-માણસ.

લગની, સ્ત્રી૦ લેહ; ધ્યાન; લક્ષવૃત્તિ; મોહિની; રઢ; ગુણાકર્ષણની આસક્તિ; લગનસંબંધ પાડવાનું એક સરખું લક્ષ લાગી રહેવું તે. ઉ૦ લગની લાગી નંદલાલસુ.

લગમગ, અ૦ બહુ પાસે લગી એમ; પાસે; નજીક; અડોઅડ; સમત્વ સુધી પહોંચેલું એમ.

લગરીએક, વિ૦ જરા; થોડું; કંઈક.

લગવાડ, સ્ત્રી૦ સંબંધ; લાગતુંવળગતું હોય તે. (૨) આશુકમાશુકનો સંબંધ તે.

લગાડવું, ક્રિ૦ સ૦ ચોપડવું; ચોળવું; ચામડી પર ઘી લગાડ. (૨) અડકાડવું; સ્પર્શ થાય તેમ કરવું. ટેબલને હાથ લગાડતો નહિ. (૩) કામ-ધંધે વળગાડવું; બઝાડવું; ચીકટાવવું:-નાપાસ થયો એટલે ધંધે લગાડયો. (૪) બાળવું; સળગાવવું; પેટવવું:-ચુલામાં લગાડ. (૫) લડાઈ કરાવવી. (૬) સારી-માઠી અસર કરાવવી. (૭) ધ્યાન આપવું; મનપર લેવું. (૮) યોજવું; ખંત ધરવી; પ્રેરવું:-અભ્યાસમાં જીવ લગાડ. હવે ભક્તિમાં મન લગાડો.

લગામ, સ્ત્રી० [ફા.] પશુને રાખવા અને ધાર્યા પ્રમાણે ચલાવવા તેના મોં અથવા નાકમાં જે નથદોરી ઘાલવામાં આવે છે તે; નાથ; ચોકડું; વાગ; નાથ કે ચોકડાની રાશ–દોરી તે. (૨) અંકુશ; દાબ. (૩) મર્યાદા; હદ. (૪) અટકણ; અટકાવ, પ્રતિબંધ. (૫) વિવેક; શરમ.:–એને મોઢે લગામ નથી.

લગાર, વિ० થોડું; સહેજ; જરાક.

લગારેક, વિ० બહુજ થોડું; કિંચિત.

લગાવવું, ક્રિ० સ० લેપવું; ચોપડવું. (૨) મારવું; ઠોકવું. (૩) લાગુ પાડવું; કામમાં આણવું. (૪) સોબત કરવી.

લગી, અ० સુધી; તક; લગણ; વેર. મર્યાદા–હદ બતાવે છે.

લગીર, વિ० જરા; થોડું.

લગે, અ० ઉત્તેજનને માટે હં, ભલે, એવા અર્થમાં વપરાય છે.

લગોલગ, અ० છેક પાસપાસે; એક બીજાને અડીને રહેલું હોય તેમ; લગભગ.

લગ્ગુ, અ० પાછળ લાગેલું હોય તેમ; સાથે; જોડે. (૨) પાસે; નજીક.

લગ્ન, ન० [સં] સંબંધ વગરનાં વરકન્યાનો યોગ તે; વરકન્યાનો પતિપત્ની તરીકે રહેવાનો સંબંધ-બંધ તે; એક બીજાસાથે જોડાવું તે; વિવાહ. (૨) વરકન્યાએ પતિ પત્ની તરીકે સાથે રહેવાને શાસ્ત્રાનુસાર વિધિ કરવો તે; તે સંબંધી બેઉની રીત, નાતજાતનો વહેવાર તે. (૩) વિવાહનો અવસર–ટાણું તે. (૪) પાંચ ઘડી જેટલો સમય તે. જે રાશિમાં સૂર્ય હોય તે રાશિનું પહેલું લગ્ન ગણાય છે. (૫) લેહ; પ્રેમબંધ; ચિત્ત લાગવું તે.

લગ્નકુંડળી, સ્ત્રી० જ્યોતિષનું વિવાહ સંબંધ દર્શક ગ્રહ ચક્ર.

લગ્નપત્રિકા, સ્ત્રી० [સં] જેમાં લગ્ન જણાવેલું હોય તેવી પત્રિકા; કંકોતરી.

લગ્નમંડપ, પું० [સં] લગ્નનો વિધિ કરવાને બાંધેલો માંડવો તે.

લઘિમા, સ્ત્રી० [સં] આઠ યોગિક સિદ્ધિઓમાંની તે સિદ્ધિ, કે જેવડે શરીરને લઘુ–હળવું કરી શકાય છે.

લઘુ, વિ० [સં] નાનું; ટુંકું; સૂક્ષ્મ. (૨) હળવું; નહિ ભારે એવું. (૩) થોડું; અલ્પ; જરા. (૪) ઉચ્ચારમાં ભારે નહિ એવું; મૃદુસ્વરનું–સૂરનું. દીર્ઘથી ઉલટું; હ્રસ્વ.:–લઘુ ઉચ્ચાર–અક્ષર તે.

લઘુતા, સ્ત્રી० [સં] નાનાપણું; થોડપણ. (૨) હળવી હલક તે. (૩) નીચપણું.

લઘુતાઇ, સ્ત્રી० લઘુતા; હલકાપણું. (૨) ટુંકાણ; હ્રસ્વત્વ.

લઘુત્વ, ન० લઘુતા; ટુંકાણ.

લઘુલાઘવી, સ્ત્રી० એવી વિદ્યા કે જેથી નાના અને હલકા બની શકાય; ઇચ્છા પ્રમાણે શરીરને નાનું અને હલવું બનાવાય એવી સિદ્ધિ–આવડ તે. (૨) એક જાદુઈ કળા; હાથચાલાકી; પેચવાળી તદબીર; ઉંધુંચતું કરવાની, સામું માણસ સમજે નહિ એવી કળા તે.

લઘુશંકા, સ્ત્રી० પિશાબ કરવો તે; મુતરવું તે.

લચક, સ્ત્રી० જોર લાગવાથી, ભારપડવાથી અથવા આઘાતથી હાથ–પગના એકાદ અવયવનું લચકાવું–મરોડાવું, નમી પડવું તે; લબડવું–લટકતું થઇ જવું તે; લંઘાવું તે; મચકોડ; કરમોડ. લચકલચક=ઢીલું પડી–સાંધાનો સંબંધ શિથિલ થઇ ઝુલતું–ઝોલાતું લબડતું; લટકી પડી આમતેમ હાલતું ને અથડાતું.

લચકવું, ક્રિ० અ० ભારથી અથવા ટપકાવાથી સાંધામાંથી ખસી જવું–વાંકું વળવું; નમી જવું; મરડાવું; મોચાવું; કરમોડાવું; લચી જવું; ભારથી નમવું; ઉતરવું; ખોબરાવું.

(૨) જોબનના મદમાં ચાલતાં કમ્મરેથી મરડાવું–નમી જવાવું.

લચકો, પું૦ પોચા–ઢીલા પદાર્થનો લોદો; હાથમાં લઇ શકાય એટલા ઢીલા પદાર્થનો થોડો જથો તે. પાંચ આંગળાં વચ્ચે રહે એટલો ઢીલો ને લોંદા જેવો પદાર્થ તે.:–લચકો દાળ=ઢીલીદાળ–(પ્રવાહ નહિ.) લચકો લાબસી.

લચડવું, ક્રિ૦ સ૦ ચોપડવું; ખરડવું; લપેડવું.

લચપચ, વિ૦ રસ–પ્રવાહીથી ભરપુર; પ્રવાહી ભળવાથી લોચા–લોંદા જેવું થયેલું હોય એવું; અંદરથી પ્રવાહી ટપકે એવું; તરબોળ. (૨) ગુંદર જેવું.

લચપચતું, વિ૦ પ્રવાહીપૂર્ણ–તરબોળ; લોંદા–લચકા પડે એવું; રસ વગેરે પ્રવાહીથી ભરપુર.:–લચપચતી લાબસી.

લચલચવું, ક્રિ૦ અ૦ સાંધેથી ઢીલું પડી લબડવું; પસરી જાય એવું અથવા લેતાં લચકા થઈ સરી–પડી જાય એવું. (૨) લચકવું.

લચવું, ક્રિ૦ અ૦ વચમાંથી જરાક નમી જવું; સાંધામાંથી મરડાવું. (૨) નરમદોરી મૂકવી; આગ્રહ મૂકી દેવો. (૩) ફરી જવું; ખોભરાવું. (૪) ત્રાંસુ થઇ નમી પડવું; સૂતરમાંથી–સીધી લીટીમાંથી એકાદ બાજુ ધસી જવું.:–ભારથી ભારવટિયો લચ્યો ને ભારે વરસાદથી કરો લચ્યો.

લચાંડ, વિ૦ માથાફોડિયું.

લચાંડ, વિ૦ માથાફોડિયું; તકરારી. (૨) ખેન પડાવે એવું.

લચ્છન, ન૦ લક્ષણ.

લચ્છો, પું૦ કાચ ચઢાવેલા દોરાની આંટી; માંજો.

લછ, સ્ત્રી૦ [સં. લક્ષ્મી] લક્ષ્મી; લાછ.

લછો, પું૦ પગનું ઘરેણું; સેરોનો પગમાં નાખવાનો ગુચ્છ. (છડો !)

લજવવું, ક્રિ૦ સ૦ શરમમાં નાંખવું; શરમાવવું; લાજ લાગે એમ કરવું.:–નઠારો પોષાક પહેરી તમે મને લજવો છો.

લજવાવું, ક્રિ૦ અ૦ લાજ આવવી; શરમાવું. (૨) શેહ પડવી; સંકોચ લાગવો; બોલતાં મળતાં ને મર્યાદા સાચવતાં–વિનયથી અચકાવું તે.

લજામણી, સ્ત્રી૦ સ્પર્શથી–લાજથી સંકોચાઇ જનારી એક વનસ્પતિ; બીજાનો સ્પર્શ થતાં જેની પાંદડી નમીને પડી જાય છે એવી વનસ્પતિ.

લજામણું, વિ૦ લાજ આવે એવું; શરમ લગાડે તેવું. (૨) નહિ શોભતું; અયુક્ત લાગે એવું; નઠારૂં.

લજાવવું, ક્રિ૦ સ૦ શરમ પહોંચે તેમ કરવું; શરમાવવું.

લજ્જા, સ્ત્રી૦ [સં.] લાજ; શરમ. (૨) મર્યાદા; અદબ. (૩) સંકોચ. (૪) ફિટકાર. લજ્જાવાન=લાજવાળું.

લજ્જાળુ, વિ૦ શરમાળ; અદબવાળું; લાજે એવું; મર્યાદાશીલ. (૨) લજ્જાવલીનો છોડ.

લજ્જિત, વિ૦ [સં.] લાજેલું; લજ્જા પામેલું; શરમિંદું.

લટ, સ્ત્રી૦ ચોટલામાંના વાળનું ફેલું; મોટા લાંબા વાળમાંનો થોડાક વાળનો એક જથો–ગુચ્છ તે; જટિયું; લાંબા વાળની એક સેર; વેણી; વાળની પાતળી જુડી. (૨) હીર અને સૂતરના તારની પાતળી જુડી. (૩) વડની તંતુદાર ગુણી; પાતળી વડવાઇ. (૪) ચોટલો શણગારવાની મોતી પરોવેલી સેર; મોતીસેર.

લટક, સ્ત્રી૦ લળતા–નમી–લચી પડતા અંગનો લહેકાવ તે; અંગ હિંદોળી લળાવીને ચાલવાની ખૂબી તે; અવયવોનો મોહક ને શોભીતો ઝુકાવ તે; લટકો; અંગ મરોડ; અંગભંગ; વાંક. શોભીતું આથું હલાવવું;

હાથ સહોરી લજાવું; ચાલતાં મરોડ લઇ અંગ લચાવવાં વગેરે તે. ઉ૦ લટક ઉપર તારી-વારી જાઉં વારીરે. મચકોડ; મચકો; લટકોમટકો.

લટકણું, વિ૦ લટકનારૂં; લટકતું હોય એવું; લટકતું; લબડતું.:-એ વનમાં મેં કબી ન જાઉં; અને જાઉં તો લટકણ ફળ મેં કબી ન ખાઉં. (૨) લટકતું રહેલું હોય એવું અંતરાળિયું તે. છંડાયેલું; કાર્ય કરવા જતાં અધવચ રહેલું એવું તે.

લટકણિયું, વિ૦ લટકતું એવું; ઝુલતું-લટક્યા કરતું હોય એવું. (૨) ના૦ પાંદડી; લોલક; ધુલેર; લટકતું રહે અને ઝુલ્યા કરે એવું; સ્ત્રીઓના કાનનું એક ભૂષણ.

લટકતું, વિ૦ લબડતું; ટિંગાતું; ઝુલાતું; લટક્યા કરતું. (૨) પૂર્ણ મૂલાધાર રહિત; ઉપરથી વળગેલું અને નીચેથી આધાર વગરનું. (૩) ઉદ્યમ વગરનું; બેકાર. (૪) અધવચ રહેલું; અંતરાળિયું. ક્રિ૦ પ્ર૦ લટકતું મૂકવું=શરૂઆતમાં પૂછી, કામે લગાડી, અથવા નોંતરીને પછી અધવચ છોડીદેવું, પડતું મૂકવું, જવાદેવું; અધેથી તજી દીધેલું.

લટકવું, ક્રિ૦ અ૦ ઉપરને આધારે નીચેના આધાર વગર ઝુલતું રહેવું; લબડવું; ટંગાઇ રહેવું. (૨) આધાર રહિત થઇ જવું; ધારેલું નહિ પાર પડવું; રહીજવું નિરુદ્યમી થવું; અંતરિયાળ રહીજવું; નિષ્ફળ થવું.

લટકાવવું ક્રિ૦ સ૦ લટકે એમ કરવું; ટાંગવું; ઝુલતું રાખવું. (૨) ઉપરથી આધાર આપી બાંધી-નીચેથી આધારરહિત કરવું; લબડે ટંગાઇ રહે એમ કરવું.:-થાય તે કર, જોઇએ તો ફાંસીએ લટકાવને ! અદબદ-અંતરિયાળ રાખવું.

લટકાવું, ક્રિ૦ અ૦ ટંગાવું, ટિંગાવું; લબડવું; ઝુલતું રહેવું.

લટકાળું, વિ૦ લટકવાળું; શોભીતા મજેના મોહક અંગ મરોડવાળું લચી પડતી મોહક ચાલવાળું; મોં, હાથ પગ અને બીજા અવયવોની મોહક સ્વાભાવિક લટકવાળું તે; ચટકતી ચાલવાળું.:-લટકાળી સ્ત્રી.

લટકું, ન૦ છટાદાર અંગચાળો; નખરૂં; મજેદાર અંગ તરછોડનો લહેકો તે. ઉ૦ અમુલખ લટકું લાખનું, જીત્યા તે પામ્યા પાર. દયા.

લટકો, પું૦ શરીરના એકાદ અવયવની મોહક છટાદાર હિલચાલ તે; ભાવ ભર્યો અંગ મરોડ; મોં, હાથ, કમ્મર પગ વગેરેનો મચકોડ-લહેકાવ તે; છટાદાર મોહક અંગ ચાલન તે. (૨) છટાદાર મજેની લળી પડતાં અંગવાળી મોહક ચાલનો મરોડ; ગમન છટા; મદભર ગતિવાળી મજેની હલક તે. ઉ૦ મોળો મોળો ઝાંઝરને ઝમકે, માળો મોળો લીલાગત લટકે. અભિનય; નખરૂં; ચાળો. (૩) ચપળ લહેકાવ; સહેજ નમી-ઝુલીને પાછું હતું તેમ થઇ જાય એવું ઝમુકલું તે; લહેજું; લળક:-લટકો ઝટકો=સહેજસાજ; બન્યું ન બન્યું હોય એમ થઇ જવું તે; સહેજવાર એમ.:-મોટા કુટુંબમાં દહાડે તો વહુવર લટકો ઝટકો મળે એટલામાં શી વાતચીત કરે. લટકોમટકો=શરીરનો અને આંખનો ચાળો તે; ચાંપી ચીપી-નમી લચી અંગ ભાગીને ચાલવું તે. ઉ૦ લટકો મટકોને ચકરો તમારો.

લટપટ, સ્ત્રી૦ લાડવું અને પડવું-નમવું તે; ખૂબ લાડવું ને ગેલ કરવાં તે; ડોક અંગ નાંખી દઇ ખૂબ લટી પડવું તે:-લટપટ પંખી ચતુરસુજાણ. (૨) ધાલમેલ; ગાઢ સંબંધ; ઉદારસ્નેહ સંબંધ. (૩) ઝટપટ; ઝપટ. (૪) ઉદાર-ખુલ્લા દિલની આપલે; અતિશય.:-ઝાઝી લટપટ રાખશો નહિ, ક્યાંક ફસાઇ જશો.

લટપટિયું, વિ૦ લીસું; સ્નેહ દેખાડીને લટી

પડે એવું. (૨) ઉતાવળું; ચંચળ.

લટર, સ્ત્રી૦ લટ; કેશું; શાખા; નાની ડાળીઓનો ગુચ્છ. ઉ૦ લીલી લટરો લહેકે, રઘુપતિ. (૨) લટારઃ=આંટો; ફેરો.

લટવું, ક્રિ૦ અ૦ સમજવું; લટીપડવું; નમીપડવું; ફેરવી નાખવું. (૨) સંકોચાવું.

લટાર, સ્ત્રી૦ આમતેમ ફરી આવવું તે; ફેંકો; આંટો; ફેરો.

લટિયાં, ન૦ વેણીથી છુટાવાળનો પાતળો જથો તે; લટ; ગુંચાયેલી લટો તે; વાળનો ગુચ્છો તે; બાબરાં. (૨) પાતળી ડાળીઓ–શાખાઓ અને વેલના આગલા અંકુરો વગેરે તે. ક્રિ૦ પ્ર૦ લટિયાં પીખવાં=ભવાડો ફજેતો કરવો, ફેંદી નાંખવું; મારવું.

લટીપડવું, ક્રિ૦ અ૦ લાડવું ને પગે પડવું; ગેલ કરવાં; નમી પડવું; રીસ ઉતારી નાંખી બળીજવું; આજીજી કરીદેવી. (૨) સમજી જવું.

લટુરી, વિ૦ ઝુલતી; આનંદે નાચતી.

લટોઝટો, અ૦ સહેજસાજ; લેવાયું ન લેવાયું હોય તેમ; અતિ ઉતાવળે; ધાંધમાં; નહિ નિરાંતે; નાસતાં ભાગતાં–ભયમાં થોડું ઘણું એમ; જૂજજાજ.

લટોરો, પું૦ લટર; લટ. (૨) શાખા જૂથ.

લટ્ટુ, વિ૦ લીન; તલ્લીન; એકદમ અધીન–વશ. (૨) પરાધીન; પરવશ. (૩) એકજ વિષયમાં ચિત્ત ચોંટી રહેલું હોય એવું; મશગુલ; એકતાર; ચેંઘટ. (૪) સ્તબ્ધ; કંઈ પણ કરવાને અશક્ત; લોચા જેવું; નિર્બળ; મન તથા શરીરની હિલચાલ જેની બીજા ઉપર આધાર રાખનારી થઈ ગઈ હોય એવું તે.

લઠ્ઠ, પું૦ જાડી, ટુંકી અને મજબુત લાકડી; ડાંગ; ડંડો. (૨) વિ૦ શરીરે ભારે ને મજબુત; ધરખમ; પુષ્ટ ને બળવાળું:–એ તો હજી લઠ્ઠ જેવો છે.

લઠ્ઠો, પું૦ ગાડાં ગાડી વગેરેની નાભીઆંનો તે લોખંડી દંડુકો–ખીલો કે જેમાં પૈડાં પરોવવામાં આવે છે; જેમાં ગાડીનાં પૈડાં પરોવાય છે તે લોઢાનો દાંડો. (૨) જાડો ને મજબુત માણસ તે; તમે નહિ એવો બળવાન કડક વીર તે. (૩) જાડું સાદરપાટ. (૪) પાટલો; ઢાળકી; મોટી લગડી; આખેલી ધાતુનું અગિયું; ઘર બળી ગયું પણ સોના રૂપાના દાગીના અને રોકડ રૂપિયાના તો ગળીને લઠ્ઠા થઈ ગયેલા તે રાખના ઢગલા શોધતાં મળી આવ્યા.

લઠ, વિ૦ પુષ્ટ તેમજ મજબુત; શરીરે પોષાતો ને બળવાન. (૨) પું૦ જાડી મજબુત લાકડી.

લઠિંગો, પું૦ શરીરે પુષ્ટ મજબુત અને અકલે મૂર્ખ એવો તે; લઠિયો. (૨) લુચ્ચો.

લડકણ, વિ૦ લડાઇખોર; સહેજસહેજમાં લડી પડે એવું; લડકણું.

લડકણું, વિ૦ લડે–કંકાસ કરે એવું; લડવાડિયું.

લડત, સ્ત્રી૦ બે જણ અથવા બે પક્ષ વચ્ચેનો ઝગડો તે; તકરાર; ટંટો; કજિયો; મુકદમો. (૨) મારામારિયો ઝગડો; લડાઈ.

લડથડવું, ક્રિ૦ અ૦ શરીરની ધારણ સમતોલતા જતી રહેવાથી ઉથલી પડાવું; ગોથું ખાઇ જવું; અંબળાઇ–ઢળી પડવું; ધારણ તૂટવાથી પડીજવાવું.

લડથડિયું, ન૦ ગોઠિમડું; ગોથું; ગુલાંટ; અડબડિયું; લડથડી પડાવું તે. શરીરની ધારણ–સમતોલતા જતી રહેતાં ઉથલી પડાવું તે; સમતોલતા નહિ રહેવાથી આમ તેમ ડોલડોલા થઈ જવાવું તે.:–આ લડથડિયાં ખાતો કેમ ચાલે છે? પીધેલો છે કે શું?

લડધું, વિ૦ અલમસ્ત; લઠ્ઠ; ખાધેલ પીધેલ ને હૃષ્ટપુષ્ટ એવું તે.

લડધો, પું૦ લઠિયો; લઠિંગો; લઠ્ઠ. (૨) ખાધેલ પીધેલ તોરાની છોકરો તે.

લડબડવું, ક્રિ૦ અ૦ લટકી રહેવું; ટંગાઈ રહેવું; ઝુલવું; ઝુકવું. (૨) લાભ વગર

રહી—જવું; અરધે રસ્તે ગયા પછી નીચેનો આધાર જતો રહેવો અને નાસીપાસ થવું; નિષ્ફળ જવું. (૩) બાતલ રહેવું; નહિ લેખાવું; ઇચ્છા—ઉમેદનું અધુરે જવું.

લડખડિયું, ન૦ લથડી પડવું તે; ઠોકર ખાઇ પડવું તે. (૨) વિ૦ લડખડતું રહેતું હોય એવું.

લડમલડા, સ્ત્રી૦ લડાલડા તે. (૨) મસ્તી તોફાન.

લડલાડ, સ્ત્રી૦ લડાઈ; ટંટો; તકરાર; કજિયો; મારામાર; ઝગડો. (૨) બોલાબોલ.

લડવું, ક્રિ૦ અ૦ ગાળાગાળ કરવી; ખિજાવું; તકરાર કરવી. (૨) મારામાર કરવી; સામસામા હાથનો અને હથિયારનો ઉપયોગ કરવો; બળ બતાવવું; કાપાકાપી કરવી. (૩) બે જણે અથવા બે પક્ષવાળાઓએ પોતાનો મત—વિચાર સાબીત કરવાને મથવું; કજિયો—વાદવિવાદ ચલાવવો. પોતાનું સંસ્થાપન ખરૂં છે એમ બતાવવા કોઇ પણ રીતે બીજાની—વિરૂદ્ધવાળાની સાથે મોઢેથી કે હથિયારથી તોડ કાઢવાને મથવું તે.

લડવૈયો, પું૦ લડનારો; યોદ્ધો; શૂરવીર; સૈનિક-જોધ; સિપાઇ. (૨) લડાઈ લડવામાં પાવરધો તે; લડનાર—લડી જાણનાર; જેને લડતાં આવડતું હોય તે.:—ગુલામ અચ્છો લડવૈયો છે. કુસ્તીબાજ.

લડસડવું, ક્રિ૦ અ૦ સમતોલપણું નહિ રહેવાથી આમતેમ લળી પડાવું; લહેરથી મદથી પગ આમતેમ ફરી જવાને લીધે અડબડિયાં ખાવાં; ડોલતા લથડતા પગે ચાલવું. ઉ૦ લડસડતી ચાલે.

લડંલડા, સ્ત્રી૦ અંદર અંદર લડાઈ ટંટા કર્યા કરવા તે; બળમાઝુમી કર્યા કરવી તે; લડાલડ; બાઝંબાઝા; વઢંવઢા; કજિયો કંકાસ.

લડાઇ, સ્ત્રી૦ લડવું તે; બે માણસોએ અથવા સામસામા બે પક્ષોએ પોતપોતાના વિચાર અને હેતુઓ—સ્વાર્થો બર લાવવાને શારીરિક તેમજ માનસિક બળ એક બીજાની સામે અજમાવવાં તે; ઝગડો; તકરાર. (૨) વાદવિવાદ; બોલાચાલી; ટંટો. (૩) કજિયો; મુકદમો. (૪) બન્ને પક્ષે શસ્ત્ર લઈ એક બીજા સામે ભીડવું—મારામારી કરવી તે. અણબનાવ=બે ભાઇઓને લડાઇ છે. કંકાસ; ગાળાગાળ. સંગ્રામ; યુદ્ધ; જંગ.

લડાઇખોર, વિ૦ લડકણું; લડનારૂં; લડે એવા સ્વભાવનું.

લડાક, વિ૦ લડકણું. (૨) લડાયેલું; લાકડું.

લડાયક, વિ૦ લડકણું; લડકારૂં. (૨) લડવૈયું. લડી શકે એવું. (૩) લડવામાં કામ લાગે એવું; લડાઇના ખપનું.:—લડાયક વહાણો.

લડાલડ, સ્ત્રી૦ સામ સામે લડાઇ કર્યા કરવા તે; લડમલડા; વઢાવઢી. (૨) રોજનો કજિયો તે.

લડાલડી, સ્ત્રી૦ લડાલડ; લડાઇ; વડવાદ; ટંટો; ફિસાદ.

લડાવવું, ક્રી૦ સ૦ બે જણ લડે એમ કરવું; બઝાડવું. (૨) કુસંપ કરાવવો; કજિયો કરાવવા. (૩) લાડ કરાવવું; વહાલથી રમાડવું; કલાવવું; જે માગે તે આપી તથા જે કહે તે સહી ખુશીમાં રાખવું.:—લાડ લડાવવાં; પંપાળવું; ફુલાવીફુલાવી રાખવું.

લડુ, ન૦ ગુંછળું; આંટી. (૩) સોનીનું તાર વિંટવાનું ઓજાર. (૪) લડ્ડુ, લાડુ; લાડવો; ગોળો.

લઢણ, સ્ત્રી૦ આચરણ; રીત; પદ્ધતિ. (૨) આદત; ટેવ. (૩) મહાવરો; બખ.

લઢવું, જુ૦ લડવું.

લણનાર, વિ૦ કણસલાં તોડીને એકઠાં કરનાર; બાજરિયાં વગેરે વિંણનાર; પાક ઉતારનાર.

લણવું, ક્રિ૦ સ૦ અનાજના છોડ ઉપરથી બાજરી, વગેરનાં કણસલાં તોડવાં; દાણા

કાઢવા માટે કણસલાં એકઠાં કરવાં; પાકેલા છોડ પરનાં દાણિયાં ચુંટી લેવાં. (૨) ગુણ લેવો; સંઘરવું. (૩) ફળ પામવું; ભોગવવું. (૪) સાંભળવું; જાણીલેવું. (૫) થોડે થોડે તિણી વિણીને ભેગું કરવું.

લત, સ્ત્રી૦ વળી વળી અમુક કર્યા કરવાનું મન થવું તે; હમેશ મનમાં થયા કરતી ઇચ્છા–ભાવના તે; જેની તરફ વારંવાર લક્ષ જતું હોય તે ઇચ્છા કે મનનું વલણ તે. લેહ; ધ્યાન; લગની. (૨) આદત; ટેવ. (૩) વ્યસન; છંદ.

લતા, સ્ત્રી૦ [સં] વેલ; વેલી; એવી વનસ્પતિ કે જેના વેલા નિકળતા હોય તે.

લતાગૃહ, ન૦ [સં] વેલીનો માંડવો; વેલમંડપ, જેની પર લીલી વનસ્પતિના વેલા ચડેલા હોય એવી ઝુંપડી–કુંજ; કુટિ તે.

લતામંડપ પું૦ [સં] વેલનો માંડવો; કુંજ.

લતાડ, સ્ત્રી૦ યુક્તિથી ફરી જવું તે; ફરીને તોળવું તે; ફરી પાઘડી બાંધવી. (૨) છળ પ્રપંચ; તરકટ. (૩) ગોથ–ગોથ ખવડાવી પતંગને બીજી બાજુ ખેંચી લઈજવો તે.

લતાડવું, ક્રિ૦ સ૦ ખરાબ કરવું; માઠી હાલતમાં આણવું; કોઇ જાતની લતથી ખરાબ થયું હોય તેમ થવું. (૨) જુઠેજુઠું તાકવું.

લતિકા, સ્ત્રી [સં] લતા; વેલ; વેલી; વેલાની વનસ્પતિ.

લત્તાં, અ૦ લુગડાંની સાથે જોડાઇને વપરાતો એક શબ્દઃ–લુગડાંલત્તાં લેવાં છે ?

લત્તો, પું૦ અમુક પ્રદેશ-જિલ્લા કે મહોલ્લાને લગતો અમુક નામે ઓળખાતો વિભાગ તે; મુલક, વસ્તી રાજ્ય અથવા ક્ષેત્રને લગતો ભાગ. (૨) મહોલ્લો; વાસ; પોળ–પાડો તે. (૩) જિલ્લો; વિભાગ, પ્રદેશ; ક્ષેત્ર.

લથડપથડ, અ૦ પાણીથી ભિંજાયેલ એમ; તરબોળ. (૨) અંટેવાળિયે આવે તેમ; લથડે અને પગે અથડાય એમ.:–વરસાદ આવ્યો તેથી લથડપથડ થઈ ગયો અને એવાં લથડપથડ કપડાં પહેર્યાં હતાં કે ચાલ ખે અંટેવાળિયે આવે; સથરપથર; વેરણ છેરણ.

લદબદ, વિ૦ પ્રવાહીથી ભરપુર ભરેલું હોય એવું; ખૂબ પલળેલું-ભિંજાયેલું એવું. (૨) અ૦ લચકા જેવું હોય તેમ; કોઇ ઢીલા પદાર્થમાં હાથ પગ પડી ખરડાયાં હોય તેમ. (૩) લીન; તલ્લીન; ચકચૂર; મસ્ત.

લદાવવું, ક્રિ૦ સ૦ પીઠ પર ભરાવવું; ઉપર સિંચાવવું; પશુઓની પીઠ પર માલ નંખાવવો.

લપ, સ્ત્રી૦ પીડા; આપદા; સંતાપ; પંચાત; ઉપાધિ; લફરં. (૨) ચીકણો માણસ; માથું પકવનારો. (૩) અ૦ ઉપરા ઉપરી સપાટા બધ ઉપાડતાં થતો એવો અવાજ, ઉતાવળે બોલતાં થતો અવાજ; લપલપ એમ, ચટ, ચટ, ઝટ. ક્રિ૦ પ્ર૦ લપલપ કરવું=વચમાં બોલ બોલ કરવું તે.

લપકારો, પું૦ જીભ અથવા બીજા કોઈ અંદરના અવયવનું કે માંસ પેસીનું ઉતાવળે ધ્રુજવું તે.

લપકો, પું૦ ચીકણા ગંદા પદાર્થનો લોચો; ગળફો. (૨) લોંદો; લચકો. નરકનો. (૩) મહેણું; ટાણો. ક્રિ૦ પ્ર૦ લપકા તોડવા= ટાણા મારવા. બોલચાલમાં અને કામકાજમાં દોષ કાઢ્યા કરવા.

લપકોઝપકો, પું૦ તાણખેંચ; સહેજ કોઇ કામ થયું ન થયું કરી નાંખવું તે; ઝટાઝટ કંઈક બનવું બનાવવું તે. (૨) સહેજસાજ એમ; થોડું ઘણું એમ.

લપછપ, અ૦ ધામમેલ; પેસનિકળ; લટપટ.

લપટ, સ્ત્રી૦ ઝપટ; ઝુંટ (૨) તલપ. (૩) ધીમે ધીમે ચડવું તે; લહેર (૪) પેચ; ધ્રાંટી. (૫) એકાએક સુગંધિ ઉડી આવવી તે.

લપટ, વિ૦ તલ્લીન; એકતાર; મગ્ન. (૨) એકદમ અતિ ચિકાશને લીધે ચોંટેલું હોય

એવું; સજ્જડ વળગેલું-ચોંટેલું હોય તેવું. અત્યંત ચીકણું; ચીવટ.:-ચીકણું લપટ. ચોંટી જાય એવું.

લપટઝપટ, સ્ત્રી૦ ઓચિંતી ઝડપ-ઝૂંટ મારવી તે. (૨) લાપોટઝાપોટ; લપ્પડથપ્પડ. (૩) જે કંઈક થોડું ઘણું થવું-હાથ આવ્યું તે ખરું એમ.

લપટવું, ક્રિ૦ સ૦ લપેટવું; વિંટાળવું; ગુંડાળવું; એકાદ બીજની આસપાસ ચારે બાજુ લુગડું કે કાગળ વિંટાળવાં. (૨)આંબળામાં લેવું; પેચમાં-વળમાં ગુંચવીનાંખવું; વિંટલાઈ જાય એમ કરવું.

લપટાવું, ક્રિ૦ અ૦ ચોંટી જવું; લીન થવું; ગુલતાન થઈ જવું. (૨) જાળમાં-ધંદામાં જવું; ફસાવું; લાલચમાં પડવું; ગુંથાઈ જવું; વળગી રહેવું. (૩) આંબળો આવ્યો હોય તેવું થવું; ચિકાશમાં ખરડાવું.

લપટું, વિ૦ ઢીલું; રમતું; પેચમાં બરોબર પકડ રાખે નહિ એવું; અંદરના ગાળાને નહિ બેસતું; ગાળા-કાણા કરતાં પાતળા કદનું; ઢીલા થઈ ગયેલા ફેરનું અથવા પેચનું તે. (૨) ચીકણું; લીસું; નરમ. (૩) લાલચુ; લોલુપ; સહેજમાં અનુકૂલ થઈ જાય એવું. (૪) લાસરિયું.

લપડવું, ક્રિ૦ સ૦ [सं लिप] ચોપડવું; ચીકણું લગાડવું; લપરડવું; લપેડવું; લેપન કરવું.

લપડાક, સ્ત્રી૦ તમાચો; લાપોટ; ધોલ. (૨) દાવ; મહેણું; ટાણો. ક્રિ૦ પ્ર૦ લપડાક-મારવી=ટાંચો મારવો; ચોકનો ચોઢવો; ફટકો મારવો; બનાવવું.

લપરડવું, ક્રિ૦ સ૦ લપેડવું; ચોપડવું; લગાડવું; લેપન કરવું; ખરડવું.

લપરકો, પું૦ ગાઢા પ્રવાહીનો લેપ; જાડી ને ચીકણી ચીજનું લેપન તે; ઓઘરાળો.

લપલપ, અ૦ ચપચપ; ઉપરા ઉપરી લપલપ એવો અવાજ થાય તેમ; ઝડપથી; ઝડપથી; જીભ હાલ્યા કરતી હોય તેમ.:-લપલપ ખાઈ ગયો. (૨) સ્ત્રી૦ લવલવાટ; બકવાદ; બડબડ.:-લપલપ ના કર.

લપલપાટ, પું૦ લપલપ કરવું તે; ઉતાવળે સમજ્યું ન સમજ્યું બોલબોલ કરવું તે; બકબકાટ; લવારો; બોલબોલ. (૨) ઝટ ઝટ જેમતેમ ઉતાવળે કરી નાંખવું તે.

લપલપિયું, વિ૦ લપલપ કરનારૂં; ઉતાવળિયું; ઉત્પાતિયું. (૨) લવરીખોર; બોલકણું.

લપવું, ક્રિ૦ અ૦ સંતાવું; છુપાવું.

લપસણું, વિ૦ લપસી જવાય એવું; સરકણું; પગ ખસી જાય એવું; લીસું.

લપસવું, ક્રિ૦ અ૦ સરકવું; ખસી જવું; સરવું; પગ નહિ ઠરવો; પડી જવાવું.

લપસિંદર, ન૦ ઘણું લાંબું ને ટાયલું એવું તે; ખૂબ લાંબું; કંટાળો આપે એવું.

લપાટિયો, પું૦ બુસટિયો; લપડાક મારનારો.

લપાવું, ક્રિ૦ અ૦ ઓઠે ભરાવું; આશ્રયમાં સંકોરાઈ બેસવું; સંતાવું; છુપાવું; અંગ સંકોચી બીજાના ઓઠામાં ભરાઈ બેસવું.

લપુકલપુક, અ૦ ડરથી મનનું-અંગનું ઉઘડવું ને સંકોચાવું તે; ભયથી મન અને ગાત્ર ઉપર થતી અધીરતાની અસર તે. લબુકલબુક; ભયની થરથરાટી.

લપુકું, વિ૦ જેના પેટમાં વાત રહે નહિ એવું; લપલપિયું; વેવલું; અલાવડું. (૨)

લપુ લપુ, અ૦ લપુક લપુક; મન અને ગાત્રનું સંકોચાવું ને વિસ્તૃત થવું તે; ભયની અસર.

લપેટવું, ક્રિ૦ સ૦ ઢંકાય તેમ વિંટાળવું; ઓટી લઈ ઢાંકવું; પડમાં ઘાલવું; કોઈ વસ્તુ ઉપર લુગડું કે કાગળ વિંટવા તે; ઢાંકી દેવું; વેષ્ટન કરવું. (૨) સંડોવવું; સાથે જોડવું; સામેલ કરવું; ફાંદામાં લેવું; ગુંચવવું.

લપેટાવું, ક્રિ૦ અ૦ વિંટાવું; ઢંકાવું; વિંટાઇને વિંટાઇ જવું; વેષ્ટિત થવું; બીજા ઉપર આસપાસ ચિકટાઇ જવું. (૨) સામેલ થવું; સંડોવાઇ જવું; ફાંસામાં પડવું

લપેટો, પું૦ એવો પટો અથવા કોર કે જેમાં રેશમના તાર કરતાં કસબ-જરી-વધારે હોય; ખૂબ કસબવાળું વણતર તે; કસબથી લપેટી લીધેલા તારનો વણાટ તે; રેશમ કે સુતર જેમાં કસબથી બિલકુલ ઢંકાઇ ગએલું હોય એવું તે:-લપેટાની સાડી. લપ્પો (૩) આચ્છાદન; ઢાંકણ; આવરણ.

લપેડવું, ક્રિ૦ સ૦ જાડું ચોપડવું; ખરડવું; લિંપાય એમ કરવું.

લપેડાવું, ક્રિ૦ અ૦ ચોપડાવું; ખરડાવું.

લપેડ, વિ૦ ચોંટી જાય એવું; ખૂબ ચીકણું; ઓવટ. (૨) સ્ત્રી૦ ચીકણું-કંટાળો આપે એવું કામ; પંચાત.

લપેડવું, ક્રિ૦ સ૦ જાડું ચોપડવું; જાડું લિંપવું; જાડો લેપ ચઢી રહે એમ કરવું; લગાડવું; ખરડવું; ગંદું કરવું. (૨) લેપમાં ઢાંકી દેવું. (૩) સંડોવવું; સામેલ કરવું: સાથે જોડી દેવું; બીજાની ભેગું લઇ લેવું.

લપેડો, પું૦ જાડો લેપ; ઓઘરાળો; જાડા પ્રવાહીનો લીટો-પટ તે; ચીકણા જાડા પ્રવાહી વગેરેનો લાંબો લેપ.

લપોડ, વિ૦ બુદ્ધિ કે સારી સમજ વગરનો મૂર્ખ; અણસમજુ. (૨) જુઠો બેમજ કેળવણી વગરનો; ચારિત્ર્ય-ચારિત્ર્ય રહિત; ઇજ્જત ને મોભા વગરનો. ૩૦ પ્ર૦ લપોડશંખ-મોટો ને બહુ બોલો મૂર્ખ.

લપોટો, પું૦ મોટી ઉંમરના પુરુષની ઇંદ્રી.

લપ્પડ, વિ૦ લપટાઇ જાય એવું; ચીકણું; ચોંટી જાય એવું. (૨) સ્ત્રી૦ થપ્પડ; લપડાક; ધોલ; લપેડ.

લપ્પનછપ્પન, સ્ત્રી૦ સંતાઇ છુપાઇને કરવું તે; છુપી ઘાલમેલ; કોઇ જાણે નહિ તેમ અહિંનું તહિં-આઘુંપાછું ને ઉંધુંચતું કરવું તે; છુપું કામકાજ-વ્યવહાર; છાનો સંબંધ તે; ખાનગી લાગતું વળગતું રાખવું તે. (૨) સાફ ખુલ્લું-ઉઘાડું નહિ તે; સ્પષ્ટ ને જાહેર નહિ તે:-કોઇની સાથે લપ્પનછપ્પન રાખવી નહિ; છાનું જુઠાણું. (૩) બહાનું, નિમિત્ત; ઢોંગ. (૪) અ૦ છુપાછુપ ચાલતી લેવડ દેવડ; છાની ઘાલમેલ; ખાનગી કહેતાકહેતી વગેરે તે.

લપ્પાદાર, વિ૦ લપ્પો, લપેટો ચઢાવેલું એવું; ખૂબ કસબ-જરીવાળું; પુષ્કળ ભારેજરીની ભરચકતાવાળું.

લપ્પો, પું૦ ખૂબ-ભરપુર કસબ ચઢાવેલો હોય એવો પટો-કોર તે; કસબથી ખૂબ લપેટેલું હોય એવું તે; ભરચક કસબવાળો વણાટ તે:-લપ્પાની સાડી-લપ્પાનીકોર.

લફડલફડ, અ૦ આમ તેમ લબડલબડ થતું હોય તેમ; લટકતું ને ફડફડ થતું હોય તેમ. (૨) ઝુલતું; લબડતું; આમ તેમ લટકતું રહેલું હોય એવું. (૩) ડોલતું; ફરફરતું; ડગમગતું; અંટેવાળિયે આવતું અથડાઇ વિંજાતું; લફડફફડ.

લફડબંધું, વિ૦ લેંધું પણ સ્વભાવે ધૂર્ત એવું; સાદું છતાં ધૂર્ત.

લફડતું, વિ૦ આમ તેમ છુટું અને લબડતું હોય તેવું; લટકતું; લબડતું; ઝુલતું ને ફફડતું; અંટેવાળિયે આવતું; પગે અથડાતું-આડે આવતું.

લફડવું, ક્રિ૦ અ૦ લબડવું; આમ તેમ લબડ્યા કરવું; આડે આવે, અથવા અથડાય એમ લટકવું; નીચે અડતું-તણાતું રહે એમ લબડવું; લફડલફડ થવું તે; લબડાવું; અંટેવાળિયે આવવું.

લફરું, ન૦ કામમાં આડે આવે એવું તે; કામમાં પીડા-લમણાંઝીંકોને જન્માવે એવું અને અળગતું પ્રતિ; ઝટ ખસે કે છુટે

નહિ એવું તે. (૨) નડતર; ખેંન. (૩) પજવે, દુઃખી કરે ને કંટાળો આપે એવું માણસ, કામ વગેરે તે; સાથે વળગેલું-ન છોડી દેવાય એવું છતાં પજવે કંટાળો આપે તે. (સ્ત્રી છોકરાં પરિવાર વગેરે તે.):—સાગે આ લદ્દૂ ક્યાંથી લાવ્યા? અણગમતું એવું તે-સો.

લદ્દૂ, ન૦ નાકના ચીકણા મળનો લોંદો; લિંટનો લપકો; નાકનો મળ.

લફંગાઈ, સ્ત્રી૦ લફંગાપણું; લુચ્ચાઇ; ઇજ્જત-આબરૂની દરકાર વગર અનીતિએ ચાલવાપણું તે; નફટતા; ઉદ્ધતાઈ; બેશરમીપણું. (૨) ધૂર્તતા; રીતભાત નીતિરીતિ તેમજ સત્યાસત્ય જોયા વગર સ્વચ્છંદે ચાલવું તે.

લફંગાવેડા, પું૦ લફંગાની માફક વર્તવું તે; લફંગાઇ કરવી તે; લફંગી વર્તણુક તે. ગમે તેમ બેલલ્લે અસત્ય બોલવું; ઉદ્ધતાઇથી અનીતિએ વર્તવું વગેરે આચરણો તે.

લફંગું, વિ૦ જેની લુચ્ચામાં સાખ હોય એવું; જુઠું; નિર્લજ, અને નીતિભ્રષ્ટ તે; ઠેકાણા-વિશ્વાસ વગરનું; અસત્ આચરણવાળું. (૨) ખંધું; પાકું. (૩) કપટી; દગલબાજ.

લબ, પું૦ [फा.] ઓઠ. (૨) લાળ; મુખમાંથી નિકળતું પ્રવાહી. (૩) અ૦ લપ; એવો અવાજ; ઉતાવળે હાલતાં-ધ્રુજતાં થતો એવો અવાજ. (૪) ઝટ.

લબલબ, અ૦ લપકે લપકે; ઝટઝટ; ઉતાવળે ચાટતાં થતો એવો અવાજ.

લબડધક્કે, અ૦ દમમાં લેવું; ધમકાવીને-બીકથી કામ કરાવવું ધક્કા દેવા તે બળાત્કારે; જોરથી; દબાણેર; નામરજીએ.

લબડવું, ક્રિ૦ અ૦ ઉપરના આધારે નીચેની તરફ ઝુલતા રહેવું; લટકાવું; ટંગાઈ રહેવું; ઝોલાં ખાવાં; ઝુલવું; અધર રહેવું. (૩) ઢીલું-હાથમાંથી જતું રહેવું; ધારેલું અરધેથી તૂટીજવું; નિષ્ફળજવું.

લબડાવવું, ક્રિ૦ સ૦ લબડે એમ કરવું; લટકાવવું; ઉપરથી ચીકટાવી નીચેથી ઝુલતું રહે એમ કરવું; ટાંગવું; ઝુલાવવું. (૨) આશા ભંગ કરવું; નહિ સફળ થવા દેવું; નાસીપાસ કરવું.

લબાતરૂં, વિ૦ પોચું અને સુંવાળું; નરમ; સ્નિગ્ધ. (૨) કૌવત વગરનું; પાતળું; કૃશ; ક્ષીણ; નબળું; લબોતરૂં.

લબાચિયો, વિ૦ ચિંથરિયો; લુગડાંના ચુંથા રાખનારો.

લબાચો, પું૦ મેલાં ફાટેલાં લુગડાંના લોચાનો જથો; જેવાં તેવાં લુગડાં વગેરેનું પોટલું; ડુચાનો જથો તે. (૨) લુગડાં, ડુચા; વગેરે જેવો તેવો સર સામાન અને કપડાંનો જથો તે.:—આ તારો લબાચો લઈજા.

લબાડ, વિ૦ [म] જુઠું; અસત્ય બોલનારૂં.

લબાડી, સ્ત્રી૦ જુઠ; જુઠાણું; અસત્ય.

લબુલબુ, અ૦ અવયવનું ભયને લીધે શિથિલ થવું તે થરથરવું; અંતરની બીકે અવયવનું ઢીલા થઈજવું તે; વેપથુ; થરથરાટી; ઢીલા પડી જવું તે. લપુકલપુક થવું તે. 'શું થશે ને શું નહિ' એવા ભયના વિચારે મન અને શરીર ઉપર થતી અસર તે.:—ગામમાં વાઘ મારવાની વાતો કરતા હતા પણ જંગલમાં આવ્યા એટલે લબુલબુ થઈ ગયા.

લબુકલબુક, અ૦ લબલબ; લપલપ; લબુલબુ થવું તે.

લબુકિયાં, ન૦ લબુલબુ થવું તે.

લબોચું, ન૦ મોં; મોઢું; માથાનો આગલો ભાગ. (૨) ડાચું; આંખો નીચેનો ગાલ ને જડબાનો ભાગ તે:—પોલ મારી લબોચું ફેરવી નાંખીશ.

લબ્ધ, વિ૦ [सं.] મેળવેલ; પ્રાપ્ત; લીધેલું.

લબ્ધિ, સ્ત્રી૦ [સં.] પ્રાપ્તિ; લાભ; ઉપજ; મળવું તે.

લભ્ય, વિ૦ [સં.] મળે એવું; પ્રાપ્ત થઈ શકે એવું; પહોંચાય; લેવાય એવું તે.

લમણું, ન૦ ગાલની બાજુનો કાન આગળનો માથા નીચેનો ભાગ તે; કપાળનાં બે પડખાં તરફનો ભાગ—અવયવ પ્રદેશ તે.

લય, પું૦ [સં.] નાશ; વિધ્વંસ; પાયમાલી. (૨) જગતનો નાશ તે; પ્રલય. (૩) ગળીને એક થઇ જવું તે. (૪) એકાગ્રતા; કોઇ બાબત-વસ્તુમાં લીન થઇજવું તે; એકલક્ષતા. (૫) ગાયનમાં સૂરની જે એકતારતા તે; સ્વરની એકતાલતા—ઐક્ય તે, સ્વરનું ધીરે ધીરે એકાકારતામાં વિરમવું તે; વિરામ.

લયાનત, સ્ત્રી૦ (ન૦) ગેરિયત; શરમ; લાજ. (૨) ધિક્કાર; ફટકાર; ફટ. (૩) કુદુઆ. લ્યાનત.

લલકાર, પું૦ આનંદ ભેર લાંબો સૂર કાઢી ગાવું તે; આનંદે છુટે મોંએ સૂર કાઢવો તે; આનંદી—લલિત લાંબા સૂરનો સણસણાટ તે. (૨) લલિત ધ્વનિ; થનથનાટ તે.

લલકારવું, ક્રિ૦ સ૦ આનંદભેર લાંબે સ્વરે ગાવું; છુટે મોંએ—આનંદી કંઠે સ્વર તાણવો; મોટે રાગે સૂર ખેંચીને ગાવું તે.

લલચાવવું, ક્રિ૦ સ૦ લાલચમાં નાંખવું; લાલચ આપવી; લલચાય—લોભાય તેમ કરવું; મળવાનું મન કરે એમ કરવું. (૨) ભમાવવું. (૩) મોહિત કરવું; આકર્ષવું.

લલચાવું, ક્રિ૦ અ૦ લાલચમાં પડવું; લોભાવું; ચાહના થવી; લોભમાં લેવાવું. (૨) મોહિત થવું; પ્રેમ લાગવો.

લલના, સ્ત્રી૦ [સં.] વિલાસી—લહેરી—ક્રીડાસક્ત સુંદર નાજુક સ્ત્રી તે; રસિક અને વિલાસી સ્ત્રી; જુવાન, પ્રેમ ઘેલી રંઢિયાળી બાળા તે.

લલંતિકા, સ્ત્રી૦ [સં] નાભી લગી લટકતી રહે એવી લાંબી માળા તે; મોટો અને લાંબો હાર; કંઠી.

લલાટ, ન૦ [સં.] કપાળ; ભાલ. (૨) નસીબ; ભાગ્ય. લલાટલેખ=ભાગ્યલેખ. છઠ્ઠીનો લેખ.

લલાટિકા, સ્ત્રી૦ [સં.] સ્ત્રીઓના કપાળ પર પડી રહે એવું જડિત્ર ઘરેણું; દામણી; લલાટભૂષણ.

લલિત, વિ૦ [સં.] રંજન કરે એવું; ખુશકારક; આનંદ ઉપજાવે એવું. (૨) સુંદર; મનોહર; છબીલું. (૩) ચંચળ; અસ્થિર; હાલતું; કંપિત, ઝંાપતું. (૪) નાજુક; કમળું; રઢિયાળું; રોચક. (૫) એક રાગ—છંદ.

લલિતા, સ્ત્રી૦ [સં] રસિક, સુંદર ને નાજુક સ્ત્રી; લલના; મનોહર તરૂણ સ્ત્રી. (૨) રાધાની એક સખી.

લલુતા, સ્ત્રી૦ લાલચ; ચાહના; લોભ; તૃષ્ણા; કોઇ ચીજ મેળવી લેવાની મોટી આતુરતા—ઇચ્છા તે; આશા; આકાંક્ષા.

લલુપતા, સ્ત્રી૦ લાલચ; લલુતા; તૃષ્ણા.

લલુપતાં, ન૦ લાડકાં સવાસલાં; ઓવારણાં; ખુસામતિયાં વખાણ. (૨) અલાવડાં; હાજીહા કરવું તે; સારૂં લાગે અને ખુશ થાય એમ કરવું તે. (૩) લાડ; વહાલ ભર્યાં મનવણાં; પ્રેમથી ખુસામતથી ફુલાવ્યા કરવું તે. બહુ પ્રેમ અને વાત્સલ્યની શુભેચ્છાઓવાળાં લાડકાં વર્તન તે.:—લલુપતાં કરશો તો છોકરાં બગડશે. લલોપતાં.

લલ્લો, પું૦ લકાર; લ, એવો અક્ષર અને ઉચ્ચાર તે.

લવ, પું૦ [સં] કણ; દાણો; અણુ. (૨) અંશ; ભાગ. (૩) નિમેષનો સોળમો ભાગ. (૪) લવારો; બકબકાટ. (૫) વિ૦ લગાર; જરા; થોડુંક; લવલેશ.

લવણ, ન૦ મીઠું; લુણ; નિમક. (૨) તેજ; નૂર; કાંતિ. (૩) બાહોસી; હોશિયારી.

લવરી, સ્ત્રી૦ [**સં. લપ્** ઉપરથી.] વગર સમજે તેમ સંબંધ વગર ગમે તેમ બોલ બોલ કરવું તે; બકવા; લવારો. રોગના જોરમાં, કેફમાં કે મગજના બગાડાથી સંબંધ વગર અતિશય બોલ બોલ કરવું તે, ક્રિ૦ પ્ર૦ લવરીએ ચઢવું=વગર સમજ અને સંબંધનું બોલબોલ કરવું: ગમે તેમ બોલ્યા કરવું; મગજની સમતા વગરનો બકવાદ.

લવલવ, સ્ત્રી૦ લવરી; બકવા; લવારો.

લવલવવું, ક્રિ૦ અ૦ નકામું લાભવગરનું બોલ બોલ કરવું; વગર સમજે સંબંધ વગરનું જેમ ગમે તેમ બોલ્યા કરવું; લવરી–લવારો કરવો તે; બકવું; નિરર્થક બબડયા કરવું.

લવલવાટ, પું૦ લવરી; બકવા; લવલવ–લપ લપ કરવું તે.

લવલી, સ્ત્રી૦ [**સં.**] એક જાતની વેલી; લતા.

લવલેશ, વિ૦ જરાક; કંઇક; કિંચિત્; તલમાત્ર.

લવવું, ક્રિ૦ અ૦ લવારો કરવો; વગર કારણે વગર સંબંધનું બોલબોલ કરવું; બકવું; બડબડવું.

લવંગ. [**સં.**] એક જાતનો ગરમ તેજાનો અને તેનું ઝાડ તે; લવિંગ. લવંગલતા. લવંગિયું=વિ૦ લવંગ જેવું નાનું ને તીખું. (૨) ના૦ કર્ણાભૂષણ.

લવંત્રી, સ્ત્રી૦ લવરી.

લવાજણ, [**સં. લાવણ્ય**] બોલવા ચાલવાની લાયકી તે; વિવેક; મર્જાદા બોલીની મિઠાશ; રીતભાત–આચાર વર્તણુક વગેરેમાં લાયકી ને મિઠાશ–મુલાયમપણું તે.

લવાજમ, ન૦ [**અ.**] અમુક મુદતે આપવાની રકમ તે; વરસુંદ; મુકરર કરેલો મુદતનો દર–ભાવ કે મૂલ તે. (૨) મજુરી; કામનો બદલો; મજુરી; હકસાઇ. (૩) હપતે આપવામાં આવતું નાણું તે.

લવાદ, પું૦ [**અ.**] પક્ષકારો વચ્ચે પડેલો વાંધો પતવી આપનાર; પંચાતિયો મધ્યસ્થ બેઉ પક્ષની વાત સાંભળી તોડ લાવી આપનાર પંચ.

લવાદી સ્ત્રી૦ લવાદનું કામ તે; તકરારની પતવણી સંબંધી પંચાત તે.

લવાર, પું૦ લુહાર; લોઢું ગાળવા ને ઘડવાનો ધંધો કરનારા લોકની નાત તે. લવારવાડો =લવારવાસ; લુહારવાસ; લુહારોનો મહોલ્લો તે. કહે૦ લવારવાડે સોય વેચવી. જ્યાં જેની કિમ્મત નહિ ત્યાં તેનો ભાવ કરવો; સ્થાન પસંદગીની અનાવડ–મૂર્ખતા.

લવારી, સ્ત્રી૦ લવારો; બકવાદ; લવલવ, મિથ્યા ભાષણ.

લવારૂં, ન૦ બકરીનું બચ્ચું. (૨) ધાવણું બાળક.

લવારો, પું૦ લવારી; બકવાદ; લવલવ.

લવિંગ, ન૦ લવંગ.

લવિંગિયું, વિ૦ લવંગ જેવું નાનું અને તીખું. (૨) ન૦ કર્ણાભૂષણ; લવંગ જેવું નાજુક કાનની બુટનું ઘરેણું.

લવજ, પું૦ [**અ.**] શબ્દ; બોલ.

લવ્વો, પું૦ લકવો; લોચો; મશ્કરો; વિદૂષક. (૨) બોલવા માટે જીભના છેડાનું સારી રીતે હાલવું તે; જીભનો લોચો; જીભની હિલચાલ તે:–હવે બોલતાં લવ્વો=લવો વળતો નથી. સ્પષ્ટ ઉચ્ચાર કરવાને ઇચ્છા પ્રમાણે જીભ હલવી શકાવી તે.

લશ્કર, ન૦ [**ફા.**] લડનારા માણસોનો સમૂહ તે; લડવૈયાનું ટોળું–સમુદાય તે; સેન; ફોજ. (૨) ઝુંડ; ટોળું; માણસો વગેરેનો મોટો સમૂહ તે; જૂથ.

લશ્કરી, વિ૦ લશ્કર સંબંધી; સૈનિક; ફોજનું.

લસણ, ન૦ [**સં. લશુન**] ઉગ્રવાસવાળો એક કંદ; કળીદાર કંદ. મસાલા અને ઓસડમાં એનો ઉપયોગ થાય છે.

લસણિયું, વિ૦ લસણની મેળવણીવાળું; જેમાં લસણ મેળવેલું હોય એવું. (૨) લસણ જેવું; લસણની કળીના આકાર અને રંગનું.

લસણિયો, પું૦ લસણની કળીના જેવા રંગનું નંગ, કિમતી પત્થર હીરો તે.

લસતું, વિ૦ શોભતું; સુંદર. (૨) ઢીલું; નરમ.

લસરક, અ૦ ખૂબ લાંબું એમ.:–લાંબું લસરક.

લસરકો, પું૦ લાંબો લીટો; આંકો; ઉઝરડો; કાપ; રેખા. (૨) સપાટી ઉપર લંબાણે ઘસવું તે; ઘસરકો.:–બે લસરકા સુંઠ ઘસી આપ.

લસલસતું, વિ૦ સુંવાળું અને સ્નેહથી ભરપુર; તાજું, તાતું ને ઘીથી ભરેલું.:–લસલસતી લાપસી. (૨) ચળક ચળક થતું; તેજ મારતું ને લલિત લાગતું. (૩) મોજમાં ડોલતું નાચતું હોય એવું; સ્નિગ્ધ; મધુર; ભરપુર ભરેલું.

લસલસવું, ક્રિ૦ અ૦ સ્નેહથી ભરપુર હોવું. (૨) તેજથી–કાંતિથી ચળકવું; તેજ મારવું. (૩) મોજમાં–આનંદથી ડોલવું–નાચવું.

લસલસાટ, અ૦ લસલસ, શ્વાસ ચાલતો હોય તેમ; સારી રીતે ઉંઘાતું હોય તેમ; નિર્ભ્રાન્ત નિદ્રા આવી રહેલી હોય તેમ.:–તે લસલસાટ ઉંઘ્યો. સારી રીતે; કંઈપણ ખલેલ વગર; પૂર્ણ શાંત એમ. ઘસઘસાટ; શ્વાસની ઘોર બોલે એમ.

લસવું, ક્રિ૦ અ૦ ચળકવું; ઝળાંઝળાં થવું. (૨) શોભવું; ખલવું; સારૂં લાગવું. (૩) રમવું નાચવું; થનથન થવું. (૪) સરીજવું; સરકવું.

લસોટવું, ક્રિ૦ સ૦ લસરકે વાટવું; ઘસીને વાટવું; ઘુંટવું પીસવું; ઝીણું કરવું; ખૂબ બારીક થાય–મુલાયમ થાય એમ કરવુ.

લહકો, પું૦ ખાવાની ટેવ–ભાવ તે; જિહ્વાસ્વાદ; ચોહ; લગની (૨) ચાળો; મરોડ.

લહર, સ્ત્રી૦ લહેર; તરંગ; મોજું; નાની છોળ.:–પાણીમાં કેવી લહર આવ્યા કરે છે. (૨) ઝાપટ; ફરકું; મંદ પવન આવવો–લાગવો તે.—શીળા પવનની લહર. (૩) તુરંગ; ઉભરો; વેળ.:–બાઈ તો લહર આવે તેમ નાચે એવા છે. (૪) આનંદની ખુસાલી મોજમઝા.:–એને લહર છે, શા માટે મુજી જેવો રહે.

લહરી, સ્ત્રી૦ તરંગ; મોજું; ધીરી નાની છોળની પરંપરા તે.–સરોવરમાં રૂપાના લાટ જેવી લહરીઓ આવી રહી હતી.

લહવું, ક્રિ૦ અ૦ લહેવું; જાણવું; સમજવું.

લહાણ, ન૦ ફળ; લાભ; નફો; પરિણામે જે કંઈ ફળ પ્રાપ્તિ થવી તે.–તોફાન કર્યું તેમાં શું લહાણ મળ્યું, ખાલી ફજેત થયા. (૨) કમાઈ; આયપત.

લહાણી, સ્ત્રી૦ શુભ કાર્યમાં, ઉત્સવના મેળાવડામાં તથા રમત ગમત અને ગાયન વગેરેમાં ભાગ લેનારને કંઈ બક્ષીસ આપવી તે; લહાણું આપવું તે; સમાપ્તિની ભેટ; ઇનામ.:–ગરબો માંડીએ તો લહાણી લહાવી પડે. (૨) બક્ષીસ ભેટ–ઇનામની ચીજ–વસ્તુ તે.

લહાણું, ન૦ લાણું: લ્હાણું. એક વર્ણના વર્ગના અથવા નાતના દરેક ઘર જન અથવા કુટુંબ દીઠ ભેટ–બક્ષીસ આપવી તે; બક્ષીસની વસ્તુ. પોતાના વર્ગમાં નાતમાં નામ રાખવા માટે ધાતુપાત્ર વગેરેની વહેંચણી કરવામાં આવે છે તે. એથી કુટુંબ કે વ્યક્તિત્વની ગણતરી અને પિછાન થાય છે.:–તમારી નાતમાં કેટલાં લહાણાં નોતર્યાં છે ? રૂ૦ પ્ર૦ લહાણુંનોતરૂં=વ્યક્તિત્વની ગણના, એક વર્ગ–સમૂહના ઘટકાવયવ તરીકે ગણના તે.

લહાવું, ક્રિ૦ સ૦ પોતાના વર્ગના કે ઓળખીતાઓમાં જથ્થાદીઠ કંઈ આપવું; વહેંચવું; વાંટવું; પિછાનવાળાને ભેટ–બક્ષીસ વહેંચી આપવી તે.

લહાવો, પું૦ ઉપભોગાનુભવ; લાભ; ભોગવટો. ઉ૦ એડક બે ન લહાવો, જળનો વાસી જવાંય પ્રમાણ્યો. (૨) એરિયો; ઓરતો.

લહિયો, પું૦ લખવાનું કામ કરનારો; પુસ્તકનો ઉતારો–નકલ કરવાનું કામ કરનારો; લેખક; લખનાર.

લહી, સ્ત્રી૦ લાહી; લાઈ; ખેળ; કાંજી; ઘઉંના મેંદાને પાણીમાં ઉકાળીને બનાવેલ કોઈ વસ્તુ ચીકટાવવાનો ચીકણો પદાર્થ તે.

લહે, સ્ત્રી૦ લેહ, તાન; નેડો; અનુરાગ; મોહ.:–લહે લાગી, લહે લાગી. (૨) એક ચિત્ત થઈ જવાવું તે; એક લક્ષપણું; એક ધ્યાન.:–હવે એને લહે લાગી ખરી. (૩) આનંદ આવવો તે; મઝા પડવી તે. (૪) સ્વાદ લાગવો; એક ભાવ થવાવું તે; લહેજત.

લહેકવું, ક્રિ૦ અ૦ હવામાં ફરફરી રહેવું; ઝૂલી રહેવું; ઝૂકવું; ફરફરવું; અદ્ધર–હવામાં નાચી–રમી રહેવું. ઉ૦ લીલી લતાઓ લહેકે, રઘુ૦

લહેકો, પું૦ આકર્ષણ કરે એવું જે અંગ સંચાલન તે; મજેદાર ચાળો; અંગવિક્ષેપ. (૨) તાણી ઝુલાવી ચાંપીને બોલવું તે; ચાપલુસી.:–છાની બેસ–બહુ લહેકા કરવી ના.

લહેર, સ્ત્રી૦ લહર; લ્હેર; મંદ પવનની ઝાપટ; ઠરેલું–શીતળ વાયુની ફૂંક. (૨) પવનને લીધે પાણીમાં આવતાં નાનાં નાનાં મોજાં તે; તરંગ; લહરી. (૩) સાપની ચાલ જેવી વાંકડી–ચૂંકી ઊંચી લીટીની ભાત તે; તરેહ.:–લહેર ભાતનું લહેરિયું. (૪) વિચારોના ઊભરા–મોજાં તે; તરંગ; ઊર્મિ. (૫) કેફ, ઉંઘ અને આનંદની ખુમારી. (૬) સમૃદ્ધિની વૃદ્ધિ; આબાદી. (૭) મોજમઝા; આનંદ.:–લહેર મારવી=આનંદમાં–મોજમઝામાં રહેવું. (૮) મદ; અહંતાનો ફાંકો. (૯) ઓકળી.

લહેરિયું, ન૦ વાંકડિયા લીટાની ભાતનું સ્ત્રીઓને પહેરવાનું લુગડું. (૨) એક ઘરેણું. (૩) મદ, ખુમારી, ઉંઘ વગેરેનું ઝોકું; ઝુલન. (૪) ઓકળી.

લહેરી, વિ૦ આનંદી; મનમોજી. ઊર્મિવાળું. (૩) રંગીલું; તાની. (૪) કેફી; વ્યસની. (૫) ખ્યાલી. (૬) ઇશ્કી; વિલાસી; તરંગી.

લહેવું, ક્રિ૦ સ૦ ધ્યાનપર લેવું; સાંભળવું; (૨) સમજવું.

લહોડું, ન૦ લ્હોડું; લોઢું; લોખંડ.

લહોવું, ક્રિ૦ સ૦ લુછવું; લુછવું. (૨) ઉપરથી ઝાટકી નાંખવું; ઘસરડીને સાફ કરવું. (૩) ચોંટેલું–વળગેલું લઈલેવું.

લળકવું, ક્રિ૦ અ૦ લળવું; નીચા નમવું; ઝૂલવું લબડવું. (૨) લટકતાં હાલવાથી ઝળકવું; તેજ મારવું; લળાં લળાં થવું. (૩) શોભવું; દીપવું; સારૂં દેખાવું. (૪) ખાવાનો ભાવ થવો.:–એની જીભ લળકે છે.

લળવું, ક્રિ૦ અ૦ નીચું વળવું; નમવું; ઝુકવું; નમી પડવું. ઉ૦ આંબા લળી લળી જાય. (૨) તેજ મારવું; ચળકવું. (૩) પ્રેમથી ઉભરાવું. (૪) ભાવના ભારથી નમી જવાવું. (૫) સ્વાદ લાગવો; ભાવવું; રસ આવવો; ખાવાનો ભાવ થવો.

લળીપડવું, નમી પડવું; ઝોક આવવો; ભારથી નમવું; લચી પડવું:–ધાંચણો તો ઘરેણે લચી પડતી હતી.

લંક, સ્ત્રી૦ (ન૦) લંકા; રાવણની નગરી. ઉ૦ લંકપુરી સળગી અળગી, ભભકારથી રાવણની છબિ ભાગી. (૨) કમ્મરનો સંકોચ;

સાંકડ; ઉપરથી ભારે પહોળો ને નીચે જતાં પાતળો એવો જે ઘાટ તે; વાંકડાપણું; સંકડાયલો મરોડ; કમ્મર આગળનો પાતળો —સાંકડો ભાગ તે. ઉ૦ કેસરી કટિનો લક. ક્રિ૦ પ્ર૦ લંક લાગવું=લંકા જીતાવી; મોટો જય મળવો; બીજીવાર ઉદ્યોગ કરવાનો સ્હેજ નહિ એવી ફતેહ મળવી, તરી જવાવું; પાર પડી જવું; લંકા સોનાની બાંધેલી હતી તેમ રાવણના હાથમાંથી જીતી લેવી એ પણ મહા મુશ્કેલ હતું એટલે લંકા જીતવાથી ધન માટે અને પરાક્રમ કરવા માટે નામ કરવા માટે ફરીને બીજો ઉદ્યોગ કરવાની જરૂરજ રહે નહિ. આવી માન્યતાથી 'લંક લાગવું—લગાડવું' કહેવાય છે. લંક જીતાઇ એટલે પરાક્રમથી નામ કરવાની કે ધન મેળવવાની જરૂરજ રહે નહિ, એવો રૂઢાર્થ થયો.

લંકા, સ્ત્રી૦ રાવણની નગરી. હાલનો સિંહલદ્વીપ. (૨) એક જાતની આતસબાજી; દારૂખાનું. ક્રિ૦ પ્ર૦ લંકા કરવી=આગ લગાડવી; બાળવું; ફેંકી દેવું. લંકા લુંટવી=ખૂબ ધન મેળવવું; મોટા ખજાના મેળવવા; ખૂબ સોનું મેળવવાનો ઉદ્યોગ કરવો. લંકા બાળવી=સૌ જાણે એમ કરવું; ખુલ્લું કરી નાખવું; મંત્ર ભંગ કરવો; પહેલેથી ઉઘાડું પાડી દેવું; ખરાબ કરવું. કહે૦ લંકાની લાડી ને ઘોઘાનો વર=ન જોગ ખાય એવી વાત તે, ન સધાય.—ઝટ ન સંજોગ મળે એવું તે; બહુ દૂર દૂરનું—અશક્ય હોય એવું તે. લંકા લુંટાણી ત્યારે ડોસી કહે મારી પુણીઓ ગઈ=મોટાને કોઇ પૂછે નહિ ત્યાં સાધારણ નાનાની શી વાત ! (૨) સૌ સૌની પીડ પોકારે. લંકામાં સોનું શા કામનું ? દૂરની વસ્તુ તેની શી આશા—ભાવના ? અલભ્ય વસ્તુનો શો લોભ કે લાલસા. એમ મનાતું કે રાવણે સોનાની લંકા બંધાવી હતી એટલે તે સોનાની ખાણજ હતી સોનું તો લંકાનુંજ એમ સૌ માનતું. આ માન્યતાને લીધેજ 'લંકા, ગઢ વહાણ પુરાવો ને સોનાં મંગાવો. એમ ગીતોમાં ગવાય છે.

લંગડ, વિ૦ લુલું; લંગડાતું; ખોડું; પંગુ; પાંગળું; પગની ખોડને લીધે ચાલતાં ખોડંગાતું હોય એવું તે. લંગડખાં=લંગડો.

લંગડાવું, ક્રિ૦ અ૦ ખોડાવું; ચાલતાં લંઘાવું; સંઢું ચલાવું; હિંડતાં નીચા ઉંચા ને વાંકા ચુકા પગ પડવા—મુકાવા તે.

લંગડું, વિ૦ લુલું; પંગુ; પાંગળું; ખોડું; હિંડતાં ખોડંગાતું હોય એવું; ચાલવાને અશક્ત એવું.

લંગર, ન૦ વહાણની બિલડી; નાંગર. (૨) પગનું ઘુઘરીઓવાળું ઘરેણું; ઝંઝર. (૩) એક છેડે વજન બાંધેલી દોરી; ઝોલો નાંખવાની દોરી. (૪) હારકતાર; એકએકની પાછળ લાગેલું—વળગેલું હોય એવું જૂથ; ટોળું; મોટો સમૂહ.:—આંબાવાડિયામાં વાંદરાંનાં લંગર ને લંગર ફરે છે.

લંગરવા, ન૦ લંગર; ઓળંબો; છેડે વજન બાંધેલી છોકરાંને રમવાની—ઝોલો નાંખવાની દોરી. (વળગણુ; ઝોલાખેંચ)

લંગરવું, ક્રિ૦ સ૦ જમીનમાં ખુંપી બેસે એવા દાંતવાળું દોરને છેડે બાંધેલું વજન—બિલાડી—નાંગર નાંખીને વહાણને થોભાવવું; નાંગરવું; લંગરવાર કરવું; લંગર નાંખી વહાણ—હોડી વગેરેને પાણીના હેલા કે ઓટ સાથે ઘસડાઈ જાય નહિ એમ એક ઠેકાણે સ્થિર કરવાં.(૨)એક બીજાની પાછળ જોડવું; વળગાડવું; જોતરવું. (૩) આંતરવું; ફાંદામાં નાખવું.

લંઝરિયાં, ન૦ ઘુઘરીઓવાળાં પગનાં આંબળિયાં; નાનાં ઝાંઝરિયાં.

લંઝરિયું, ક્રિ૦ લંઝરવાળું. (૨) ના૦ ઝાંઝર;

આંબળિયું. જુઓ લંગૂરિયું.

લંગરી, સ્ત્રી૰ ઘુઘરીઓવાળું પગનું ઘરેણું; ઝાંઝર; તોડા. ઉ૰ સુંદર બાળક રૂપરૂપાળું, ચરણુ લંગરી વાગેરે. દયા.

લંગાર, સ્ત્રી૰ લાંબીહાર; પંક્તિ; ધાલ. (૨) સાંકળી; એક એકને અંકોડે ગંઠાયેલું હોય એવું તે.

લંગાવું, ક્રિ૰ અ૰ લંઘાવું; લંગડાવું; પગ તાણી–તરછોડીને ચલાવું તે; ખોડંગાવું; ઝોક લઇ હિંડાવું.

લંગૂર, ન૰ [સં. લંગૂલ.] પુચ્છ; પુંછડું. (૨) વાંદરૂં; માકડું. ઉ૰ પ્રતીહાર અચરત પામીઓ લહર જોઇ લંગૂરની. સામળ. (૩) લંગૂરવા=પિછો; કેડો. (૪) લફરૂં.

લંગૂરિયું, વિ૰ પુંછડાવાળું; પુંચ્છડિયું. (૨) ના૰ માકડું; વાંદરૂં;. (૩) લફરૂં.

લંગોટ, પું૰ ખેંચીને સખત વાળેલી લંગોટી; કાછોટો. રૂ૰ પ્ર૰ લંગોટબંધ=લંગોટ છુટ્યો ન હોય તેમ; બ્રહ્મચારી અવસ્થામાં; સંયમમાં. ક્રિ૰ પ્ર૰ લંગોટ મારવો=સંસારથી દૂર રહેવું; સાધુ–વેરાગી થઈ જવું.

લંગોટિયું, વિ૰ લંગોટી વાળીને ફર્યા કરે એવું; બાળ–અપુખ્ત અવસ્થાનું; નાનું. લંગોટિયામિત્ર=બાલ્યાવસ્થામાં દોસ્તદારી બંધાઈ હોય એવા દોસ્ત; બાળમિત્ર; સાથે રમનારા; લંગોટી પહેરી સાથે ફરતા હોય એવા સોબતી. લંગોટિયો વસ્તાર =પુત્રસંતતિ; કન્યા નહિ પણ છોકરાઓ જ હોય એવો. લંગોટિયું ધન, વગેરે.

લંગોટી, સ્ત્રી૰ એમ ઢંકાય તેમ કમ્મરે બાંધેલા દોરા સાથે ખેંચીને બાંધવાનો લુગડાનો કકડો; નાભીથી બે પગ વચ્ચે લઈ પાછળ કમ્મરના કંદોરામાં ખોસી શકાય એવડો વેંત પહોળો ને દોઢેક હાથ લાંબો દાપલો. ક્રિ૰ પ્ર૰ લંગોટી વાળવી=બાવા થવું; સાધુ –વેરાગી થઇજવું; સંસાર છોડી દેવો.

(૨) માલમિલકત ગુમાવી દેવાં; બધું ઉડાવી દેવું; ગરીબ થઇજવું.

લંગોટો, પું૰ મોટી લંગોટી; કચ્છ. (૨) વેરાગી; બાવો; સાધુ; લંગોટી વાળનારો.

લંઘન, ન૰ [સં] લાંઘવું તે; લાંઘણ; ઉપોષણ કરવું તે; ઉપવાસ. (૨) કુદી જવું તે; કુદકો; હદ કુદી આગળ જવું તે. (૩)દેવ, રાજા કે શાસ્ત્ર વગેરેની આજ્ઞાનો અનાદર તે.

લંઘવું, ક્રિ૰ અ૰ નહિ જમવું; ઉપવાસ કરવો, ખોરાક નહિ લેવો. (૨) નહિ ખાવાની હઠ લઈ બેસવું; લાંઘણો કરવી. (૩) ઓલંગવું; કુદી જવું; અનાદર કરવો.

લંઘી, સ્ત્રી૰ કુટાવનારી; રાજિયા ગાઇ કુટણી કરાવનારી; ભાટડી; વડારણ કે હજામડી તે.

લંઘો, પું૰ સરણાઈ વગાડવાનો ધંધો કરનારો.

લંઘોરૂ, વિ૰ સુંદર જાંગવાળી; રૂપાળી સ્ત્રી. (લંગરવા?)

લંચ્છન, જુઓ [સં. લાઞ્છન] લાંછન, લાખું; ચિહ્ન; નિશાન. (૨) કાળાટીલી. (૩) ખોડ.

લંઠ, વિ૰ લાંઠ; દાંગું; દાંડિયું; લાંઠિયું. (૨) લુચ્ચું; ધૂર્ત્ત. (૩) તોફાની; વંઠેલ.

લંડ, વિ૰ લબાડ; જુઠું. (૨) દાંગું; લાંઠિયું. (૩) લુચ્ચું. (૪) પું૰ પુરૂષની ઇન્દ્રી.

લંડાર, વિ૰ મોટી ઉમ્મરનો કુંવારો અને ઠેકાણા વગરનો; રાંડેલો; સંસાર વ્યવહાર બહારનો (બહિષ્કૃત) નાગો; રખડેલ; સ્થિર ગૃહસ્થાશ્રમી નહિ એવો.

લંપટ, વિ૰ [સં.] વિષયમાં લપટાઈ ગયેલો; કામી; કામાનુરક્ત; કાર્મુક; લાગુ–મચ્યો રહેનાર; વિષયમાં લટ્ટુ થઇ ગયેલો; લુચ્ચો; રંડીબાજ.:—સ્ત્રીલંપટ, વ્યભિચારી.

લંબ, વિ૰ [સં.] લાંબું; દીર્ઘ. (૨) વિસ્તીર્ણ; વિશાળ. (૩) ઓળંબો; લંગર;

પાણી આપવાની દોરી. (૪) કાટખુણો. લંબકર્ણ=ગધેડો. લંબોદર=ગણેશ.

લંબકર્ણ, વિ૦ [સં.] લાંબા કાનવાળું.(૨) ના. ગધેડું.

લંબગોળ, વિ૦ અંડાકૃતિ; અંડાકાર; મધ્યમાંથી સામસામી બે બાજુ તરફ ગોળ થતી લાંબી સપાટીવાળું.

લંબાઇ, સ્ત્રી૦ લંબાણ; દીર્ઘતા; લાંબું ભરેલું એવું તે; લાંબું અંતર તે.

લંબાણ, ન૦ લંબાઈ; દીર્ઘતા; મોટા દૂર લગીના વિસ્તારવાળું એવું તે. (૨) છેટું; દૂર લગીનું અંતર-માપ તે; વિસ્તાર; ફેલાવો.

લંબાવવું, ક્રિ૦ સ૦ લાંબું કરવું; વધારવું; તાણી-ખેંચીને દૂર લગી જાય એમ કરવું; ઘણો વખત લે એવું કરવું; દૂર લગી પહોંચાડવું; ઘણો વખત ચલાવવું.

લંબાવુ, ક્રિ૦ અ૦ લાંબું થવું; ઘણો વખત ને દૂરને અંતરે પહોંચવું; વધવું; તણાવું; ખેંચાવુ; ચાલવું.

લંબુશ, વિ૦ શિરસ્તાથી વધારે ઉંચું કે લાંબું હોય એવું; લાંબું; ઉંચું; દીર્ઘ.

લંબોચાઇ, સ્ત્રી૦ સીધી ઉંચાઇ.

લંબોદર, વિ૦ [સં.] લાંબા પેટવાળું; ફાંદવાળું. (૨) ના. ગણપતિ.

લાઈ,સ્ત્રી૦ લે; લ્હાઈ; લાહી; ઘઉં વગેરેના આટાને પાણીમાં ઉકાળીને બનાવેલો ચીકણો પદાર્થ તે; કાંજી; ખેળ.

લા-ઈલાજ, વિ૦ લાચાર; નિરૂપાય; ઈલાજ થાય એમ ન હોય એવું; અશરણ.

લાઉલશ્કર,ન૦ સાધનવાળું લશ્કર; રાજા અને ફોજ સૌ તે; લાવ લશ્કર; રાવ અને લશ્કર; જે કોઇ મદદ કરનાર હોય તે સૌનો સમુદાય. (૨) મોટો રસાલો; કુટુંબપરિવાર; બચ્ચાં છોકરાં સૌ તે; વસ્તાર:-બિલાડીબાઈ તો એમનું લાઉલશ્કર લઇને આવ્યાં છે. (૩) સહાય; કુમક:-જા તારૂં લાઉલશ્કર લઇને આવજે, પછી વાત!

લાએક, વિ૦ લાયક; યોગ્ય.

લાકડ, ન૦ લાકડું; કાષ્ઠ; કાઠી. (૨) લાકડાનું; કાષ્ઠ સંબધી.:-લાકડકામ.

લાકડકુકડ, ન૦ આખાં ને ભાગ્યાંતૂટ્યાં લાકડાં વગેરે તે; લાકડાંના કકડા વગેરે તે; કાષ્ઠકુટ.

લાકડસી, વિ૦ લાકડા જેવા કઠણ-લાડુ તે; લક્કડ સદૃશ; ચણાના આટાના ચાસણીથી બાંધેલા લાડુ તે. (૨) કણુસાઈ.

લાકડસાઇ, વિ૦ લાકડસી લાડુ; કણુસાઇ.

લાકડાં, ન૦ લાકડું (બ. વ.) લાકુડ; લાકડ; લક્કડ; કાષ્ટ; કાઠી; વનસ્પતિનું સ્થૂલાંગ તે; ઝાડનાં હાડ તે.

લાકડિયું, વિ૦ લાકડાનું; લાકડાની બનાવટ તે લક્કડિયું:-તમાકુ કરવાનું લાકડિયું (૨) કઠોડું; આખા લાકડામાં ખાનાં પાડીને મસાલો ભરવાને બનાવેલી બનાવટ.

લાકડી, સ્ત્રી૦ હાથમાં પકડાય એવો પાતળો ને લાંબો લાકડાનો દંડો-કકડો; દંડ; જેષ્ઠિકા; લાઠી; કાઠી; સોટો; ડાંગ. શોખથી હાથમાં રાખવાની લાકડી-છડી; સોટી: ક્રિ૦ પ્ર૦ લાકડી કરવી=આંગળી કરવી; ઉશ્કેરવું; તકરાર મારામાર કરવાને સાન-ઈસારો કરવો તે. લાકડી ઉગામવી=મારવા જવું, -તડવું-બીક બતાવવી. એક લાકડીએ હાંકવું=નાના મોટા ઉપર એક સરખો દોર ચલાવવો; એક અક્કે મુકવું; સૌને સરખાં ગણી હુકમ પળાવવો. લાકડી લેવી=મારવા તડવું; જોર વાપરવું; લડવા તૈયાર થવું. અશક્તિને લીધે ચાલવા માટે ટેકો લેવો; ઘરડપણુ આવવું. લાકડીઓ ઉડવી=મારા માર-લડાઇ થવી.

લાકડું ન૦ [સં. લકુટ-લગુડ.] ઝાડનું કલેવર તે;ઝાડના કલેવરમાં ફૂલપાન વગરનો લીલો અથવા સુકો મોટો ભાગ-કકડો તે;

કાષ્ઠ; દારૂ. કેટલાક ઝાડનાં કાષ્ઠ—લાકડાં ઘરબાંધવા નેસરસામાન કરવાના કામમાં આવે છે, અને કેટલાકનાં બાળવાના કામમાં આવે છે. ઇમારતી લાકડું અને બળતણનું લાકડું. ક્રિ૦ પ્ર૦ લાકડું ઘાલવું=વચમાં નવી—ચાકરી બાબત ઘુસાડવી; કર—દાણ—રિવાજ વગેરે હરકત કરે એવી બાબત આડખીલી દાખલ કરી દેવી તે. પોતાના સ્વાર્થની બાબત વચમાં અડાવી દેવી; પગ પેસારો કરવો તે. લાકડે માંકડું વળગાડવું=એક બીજાને અનુકૂલ પડે નહિ એવાં બે માણસને સાથે જોડી દેવાં; બને ન બને એવું જોયા વિચાર્યા વગર ગમે તેવા ઉલટ સુલટ સ્વભાવનાં વરકન્યાનો સંબંધ બાંધી દેવો; એક બીજાને હમેશ તકરાર થાય તેમ કરવું; યોગ્યતા જોયા જાણ્યા વગર સંબંધ બાંધી દેવો તે. લાકડાં લડાવવાં=એકને આમ ને બીજાને તેમ ઉલટું સુલટું સમજાવી ઝગડો—તકરાર થાય તેમ કરવું; સાચાં જુઠાં કરી લડાઈ કરાવવી. લાકડાં સંકોરવાં=લડનારાંને લડવાને ઉત્તેજન આપવું. તકરાર લંબાય એમ કર્યા કરવું; ઉશ્કેરણી આપ્યા કરવી તે. લાકડાંમાં જવું=મરી જવું. કહે૦ લાકડાની તરવારે મહીનો ખાવો=પોલંપોલ દમમાં ને દમમાં કામ કર્યે જવું; આડંબર ખોટા દેખાવમાં ને દેખાવમાં કામ ચલાવ્યે જવું તે. સત્ત્વ બળ વગર કામ કરવું તે; ખોટે ખોટું દમમાં ચલાવવું તે. (૨) આડખીલી; નડતર:—આપણા કામમાં આ શું લાકડું. એવું લાકડું ન જોઇએ. લાકડા જેવું=બરડ; નહિ નરમ; સુકું; રસ કસ વગરનું; લુખું. (૩) બળતણ.

લાક્ષણિક, વિ૦ [સં] લક્ષણથી જણાતા જેમ કે અર્થ વગેરે તે; લક્ષણયુક્ત; સાંકેતિક; લક્ષણ સૂચક. (૨) અસાધારણ; સ્વભાવદર્શક; ગૌણ; અપ્રધાન વિશેષ ગુણબોધક.(૩) પારિભાષિક; લક્ષણ સંબંધી.

લાક્ષા, સ્ત્રી૦ [સં] લાખ; લાલ રંગનો ઝાડનો ચીકણો ચીક—ગુંદર.

લાખ, વિ૦ [સં.] લક્ષ; સો હજાર; ૧૦૦૦૦૦. રુ૦ પ્ર૦ લાખ રૂપિયાનું માણસ; પ્રમાણિક—સત્યવાદી ભલું માણસ. (૨) કિમતી; અમૂલ્ય; મોંઘું. ઉ૦ લાખ ટકાની મારી લોબડી જો:—લાખ ટકાની વાત=ખરી અમૂલ્ય વાત એમ. ઉ૦ અજાચક વ્રત મૂક્યું આજ, લાખ ટકાની ખોઈ છે લાજ. લાખ વાતની એક વાત=ટુંકામાં એમ; ઝાઝી વાત નહિ પણ ટુંકામાં સારાંશ. કહે૦ લાખ જજો પણ સાખ ન જશો. લાખના તૂટયા કોડીએ સંધાય નહિ. લાખ પંચોતરી=લબાડી; વધારી વધારીને બોલનાર. લાખો વણજારો=લાખ પોઠી રાખનારો મોટી વણજારનો ધણી. લાખે લેખાં=સોએ કે હજારે નાક પણ જ્યાં લાખે લખાણ ચાલતાં હોય તે; નાનું નહિ પરંતુ મોટે સાગે ચાલતું એવું કામ—વ્યવહાર લાખોની લેવડ દેવડ તે. (૨) અગણિતપણું:—ભાઇને ત્યાં લાખે લેખાં છે ત્યાં સો પચાસનો શો હિસાબ!

લાખ, સ્ત્રી૦ [સં. લાક્ષા.] ઝાડમાંથી નીકળતો લાલ રંગનો ચીકણો ચીક; એક જાતનો વૃક્ષ નિર્યાસ. પિંપર—બોરડી વગેરે કેટલાંક ઝાડોને એક જાતની કીટ લાગતાં તેમાંથી રસ ઝરી આ ચીક ઉત્પન્ન થાય છે. આનો ગાળી ચોખ્ખી લાખ બનાવવામાં આવે છે.(૨) એક જાતનાં જીવડાંનાં ખોખાંમાંથી બનાવેલી લાલ રંગની ચીકણી બનાવટ; લાલ રંગ; અળતો. આગળ સ્ત્રીઓ આના વડે પગ રંગતી. શાહી કરવામાં તેનો ઉપયોગ થતો. લાખ પાણીમાં નહિ પણ ગરમી લગાડતાં ઓગળે છે.

લાખવું, ક્રિ૦ સ૦ લાખવાળું કરવું; માટીનાં વાસણો ઉપર લાખ ચઢાવવી. (૨)લાખની સીલ મારવી; રહેણવું; બંધ કરવું. (૩) નાંખવું; ફેંકવું. સુરત તરફ લ ને ઠેકાણે ન બોલાય છે.:-મારી લાખ્યો; મારી નાંખ્યો; કરી લાખ=કરી નાંખ.

લાખિયું, વિ૦ લાખનું; લાખવાળું; લાખ ચઢાવેલું; લાખેલું. (૨) ના૦ લાખનું કંકણ અથવા કડું તે.:-લાખિયા કંકણ કાશીમાં સારાં બને છે.

લાખું, ન૦ જન્મથી પડેલો શરીર ઉપરનો લાખના જેવો-લાલ ડાઘ તે; શરીર ઉપરનું ચાઠું; લાંછન; ગુંજ; ચિહ્ન.

લાખેણું, વિ૦ પ્રતિષ્ઠિત; આબરૂદાર; પ્રમાણિક ને ભલું એવું. (૨) ઉંચા ગુણવાળું; અમૂલ્ય; જેના ગુણની રૂપની, ભલાઇની કિમ્મત ન અંકાય એવું. ઉ૦ લાખેણી લાડી લઇ ગયો રે.

લાખોટું, વિ૦ લાખેલું; લાખ ચઢાવેલું.

લાખોટો, પું૦ લખોટો; લાખની સીલ મારી બીડેલો કાગળ તે; લાખથી બંધ કરેલા કાગળનો બીડો તે.(૨)લાખની મોટી લકટી; લખોટી; લાખની ગોળી.

લાગ, પું૦ કામ કરવાને યોગ્ય વખત-લાભકારક સંજોગ તે; વક; તાલ; પ્રસંગ; યોગ્ય અવસર; અનુકૂલ જોગ; તાકડો; દાવ; ચોટ; ધાર્યું પાર પડે એવી જોગવાઇ તે. (૨)ટેકણ; પાછલું-ઝીલણ, આધાર.:-લાગ રાખીને પછી ખીલો ઠોકો કે જેથી પાટિયું ધ્રુજે કે ફાટે નહિ. ક્રિ૦ પ્ર૦ લાગ આવવો=તક મળવી. લાગમાં આવવું=દાવમાં-ચોટમાં આવવું. (૩) યુક્તિ; કળ; સવળ.:-લાગે લાકડું ફાટે; અર્થાત્ જુક્તિએ લાકડું ચિરાય જોરથી નહિ. કાર્ય કરવાને અનુકૂલ-કાર્ય સિદ્ધ થાય એવો વખત-જોગ તે લાગ.

લાગટ, અ૦ હમેશ; ચાલુ; એક પછી એક ચાલુ એમ; જારી; બંધ ન પડે એમ; એક સરખું; સતત; નિરંતર.

લાગટું, ન૦ અંતરનો ચાલુ સંબંધ તે; ગાઢો સંબંધ; એક બીજાને લાગુ ને લાગુ રહેવું તે; બે જણ વચ્ચેનો ચાલુ ગાઢ સંબંધ;-દોસ્તી તે. (૨) ખરાબ સંબંધ. સ્ત્રી પુરૂષનો. (૩) ઘરવટ; પરિચય; સંબંધ.

લાગણી, સ્ત્રી૦ અંતરમાં થતી સારી માઠી અસર તે; મનોવૃત્તિ; ભાવના. પ્રેમ, દયા અને ક્રોધ વગેરેની અસર તે.:-દયાની લાગણી. (૨) જ્ઞાન; બોધ; સમજ. (૩) ડંખ; દાઝ; મનમાં ખુંપીને પ્રેમ, વાત્સલ્ય, દયા, અભાવ, વગેરે સંબંધી જે અસર કરનારો વિચાર તે.

લાગત, સ્ત્રી૦ લાગેલું-બેઠેલું તે; બેસરામણી; ખરચ; આપવું-ખરચવું પડેલું-ચઢેલું જે મૂલ તે.

લાગતું, વિ૦ લાગેલું હોય એવું; સંબંધવાળું.

લાગતુંવળગતું, ન૦ સંબંધ રાખતું હોય એવું જે તે; સંબંધ; લાગેલું અને વળગેલું હોય એવું તે; જેની સાથે કંઇ સંબંધ જોડાણ હોય એવું તે-સ્નેહ, ઓળખાણ; સગાઇ; પરિચય; આર્થિક સંબંધ વગેરે હોય તે.:-મારે ને એને કંઈ લાગતુંવળગતું નથી. વળી લાગતાવળગતા=અમુક વાત-કામ વગેરે સાથે જોડાયેલા અથવા સંબંધવાળા તે.

લાગભાગ, પું૦ સંબંધનો જે હક અને હિસ્સો તે; સંબંધીઓનો જે સાધિકાર ભાગ કે હિસ્સો તે; વહેંચણી; વાટણી.

લાગલાગટ, અ૦ ચાલુ; નિરંતર; હમેશ; જારૂ; તાબડતોબ. (૨) એક પછી એક ચાલુ ધારામાં એમ; ઉપરાઉપરી; સંબંધમાં સાથે સાથે. (૩) તરતજ; તેજ વેળાએ.

લાગલું, અ૦ તરતજ; તેજ વેળાએ; સંબં-

ધમાં સાથે આયેજ.

લાગવું, ક્રિ૦અ૦.[સં. लग्न]સંબંધ થવો;સ્પર્શ થવો; અથડાવું; અડકવું; ઝપટાવું.:–મારા હાથને એનો પગ લાગ્યો. (૨) વાગવું; આઘાત થવો; ઘા–કાપ પડવો.:–પટા ખેલતાં તરવારની અણી લાગી. (૩) ફૂટવું; બાઝવું; વળગવું.:–કેળે કેળાં લાગ્યાં. (૪) જણાવું; દેખાવું; ભાસવું.:–તે ડાકણ જેવી લાગે છે. (૫) સારી માઠી લાગણીની–અસર થવી.:–એને સહેજમાં ખોટું લાગે છે. તે હસીને બોલ્યો તેથી મને બહુજ સારૂં લાગ્યું. (૬) ભાવના થવી; મન થવું; હાજત થવી; ઇચ્છા ઉપજવી.:–ભૂખ તરસ લાગવી;–પેશાબ લાગવો. (૭) બળવું; સળગવું; ભડકો થવો.:–આ લાકડાં લાગતાં નથી; લાય લાગવી. (૮) ચોટવું; લપેડાવું; ઉપર ટકવું; લિંપાવવું; ભિંજાવું; વળગી રહેવું; ચીકટાવું.:–તેલિયા કાગળ પર શાહી લાગતી નથી, મારવાડીને લુગડે પાણી લાગતું નથી. (૯) કિમ્મત પડવી; મૂલ બેસવું; ખરચ થવું.:–ધોતરના મને પાંચ રૂપિયા લાગ્યા. મુંબઇ ઘરવાખરો લઈ આવતાં પાંચ પચીસ રૂપિયા લાગશે. (૧૦) જડવું; મળવું; પ્રાપ્ત થવું.:–એનો મને કંઈ પત્તો લાગ્યો નહિ. (૧૧) સંબંધી થવું; સગપણ હોવું.:–તે એનો બાપ લાગે છે. (૨) ભાસવું; દીસવું.:–એને ફતેહ મળે એમ લાગે છે. (૧૩) કામે વળગવું; ઉદ્યોગે ચઢવું; જોડાવું; લાગુ થવું.:–હવે એ ખરેખરો ધંધે લાગ્યો. (૧૪) બેસતું આવવું; લાગુ પડવું; અનુકૂલ આવવું.:–આ તાળાને એકકે કુંચી લાગતી નથી; દસમી કલમ એને લાગશે. (૧૫) મચ્યા રહેવું; પછવાડે પડવું; વળગ્યા રહેવું; કેડો લેવો.:–તે મારી પુઠે લાગ્યો છે. (૧૬) હેરાનગતિ પહોચવી; દુઃખ થવું; સતાવું. ઉજાગરો લાગ્યો. (૧૭) રીસ ચઢવી; તીવ્ર લાગણી થવી; મનમાં આવવું;–કંઇ કહેતાં એને ચટકો લાગે છે. (૧૮) ઉપયોગી થવું; સહાયકારક નિવડવું.:–તે મને આજે કામ લાગ્યો. બીજાં ક્રિયાપદ સાથે જોડાઇ વિવિધ અર્થે વપરાય છે. શરૂ થઇ ચાલુ રહેવું:–તે ખાવાને રોવા લાગ્યો. રૂ૦ પ્ર૦ પગે લાગવું=નમવું, વિનય કરવો. કામ લાગવું=ઉપયોગી થઈ પડવું. ચટકો લાગવો =રીસ ચઢવી. રંગ લાગવો=રસ પડવો; મોહિત થઇ જવું; વળગ્યા રહેવું; ચડસ પડવો; અનુરાગ ચઢવો. શાપ લાગવો; પાપ લાગવું; હાય લાગવી; વગ લાગવી; અચંબો લાગવો. વગેરે.

લાગુ, વિ૦ લાગેલું; વળગેલું હોય એવું; સાથે જોડાયેલું; સંબંધ હોય તેવું. (૨) મળતું; બંધબેસતું; અનુકૂલ આવતું. (૩) પ્રેમમાં–મોહમાં પડેલું; અનુરક્ત. (૪) ચાલુ; જારી. ક્રિ૦ પ્ર૦ લાગુ પડવું=સામેલ થઇ જવું; સાથે જોડાઈ જવું. પ્રેમમાં–મોહમાં પડવું; સંબંધ બાંધી દેવો. લાગુ થવું; પાછળ પડવું; પુંઠ લેવી. સાથે ભળવું; સામેલ થવું. બેસતું આવવું.:–આ ચાવી લાગુ થશે. લાગુ પડવું=પાછળ પાછળ જવું.

લાગેલું, વિ૦ અડકેલું; વળગેલું.:–મોભનો છેડો એની ભિંતને લાગેલો છે. (૨) બાઝેલું; ચોંટેલું; લિંપાઇ રહેલું.:–જોડાને કચરો લાગેલો છે. (૩) મોહમાં પડેલું; સંબંધે જોડાઇ રહેલું. (૪) બળેલું; સળગેલું.

લાગો, પું૦ સત્તાથી નંખાયેલો–બાંધી આપેલો જે દાણ–કર–વેરો વગેરે લેવાનો હક–અખતિયાર તે; હકનો કર; દાપું; વેરો; દાણ; જકાત; હાંસલ; હકસાઈ. (૨) લાગતું વ-

જામતું હોવું તે; સંબંધ; સગપણ. (૩) પીંછી; કેડી.

લાઘવ, ન૦ [સં.] નાનાપણું; લઘુતા; નાનું ઓછું કદ–આકાર તે. (૨) હળવાપણું; હલકાપણું. (૩) નીચતા. (૪) નાજુકપણું; મૃદુતા; કોમળતા. (૫) ચપળતા; ચંચળાઈ. (૬) ક્ષુલ્લકપણું. નાનમ; લઘુતા.

લાચાર, વિ૦ [फा.] નિરૂપાય; પોતાનાથી કંઈ બની શકે નહિ એવી સ્થિતિમાં આવી પડેલું; અશક્ત; નિરાશ; અસમર્થ. (૨) ગરીબ; રંક; દીન; પામર.

લાચારી, સ્ત્રી૦ કંઇ બની શકે નહિ એવી હાલત તે; અશકતતા; નિરૂપાયતા. (૨) ગરીબાઈ; દીનતા: સાધન–શક્તિ રહિતપણું.

લાછ. સ્ત્રી૦ [सं. लक्ष्मी] લક્ષ્મી; ધન; દોલત. ઉ૦ વિદ્યા આગળ લાછ હિંડે છે આધું ઓઢી. સામળ. લાછાકુંવર=લક્ષ્મીના છોકરા; ધનવાનના પુત્ર; પૈસાદાર વર.

લાછાં, ન૦ લાછો–લાછા (પું૦) હાથેળી અને પગનાં તળિયાં બળવાં–દાઝવાં તે; ગરમ કરેલા તવેથાને લિંબડો ને છાશ છાંટી દરદીનાં તળાં શેકવાં–ડામવાં તે.:–લાછાં લેવડાવવાં. અમુક જાતના દરદના ઉપાય તરીકે ગરમ લોખંડથી તળાં દઝાડવાં તે. રૂ૦ પ્ર૦ લાછા લેવડાવવા=ત્રાસ આપવો; ખૂબ સંતાપવું; ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવવી. ગરમ રેતીપર ચલાવવું. અગ્નિ દિવ્યની એક ક્રિયા–શિક્ષા તે.:–અધિકારીઓ લાછાં લેવડાવે છે.

લાછો, પું૦ હીરની પોચી ને સુંવાળી આંટી–ગુંછળી તે; નરમ ને સુંવાળા રેશમની કોકડી –ફાળકો તે. રૂ૦ પ્ર૦ હીરના લાછા જેવું =સુંવાળું અને નરમ સ્વભાવનું–જેમ વાળીએ તેમ વળે એવું; જરાએ કડક નહિ એવું, સીધું ને સુંવાળું.:–છોકરો તો હિરાના લાછા જેવો છે, વહુ લાંટ છે. (૨) તળિયાની દાઝ–ડામ તે.:–લાછો લેવડાવવો.

લાજ, સ્ત્રી૦ [सं लज्जा] મનનો સંકોચ તે; શરમ; છોભાવું તે. (૨) અદબ; મર્યાદા; મલાજો; વિવેક. (૩) વડીલો અને વર વગેરેની અદબ રાખવા માટે વહુઓ ને જુવાન સ્ત્રીઓ માથા ઉપરનો છેડો મોં પર ખેંચે છે તે; મોં ન દેખાય એમ વસ્ત્ર રાખવું તે; ઘુંઘટો; આડું ઓઢવું તે.:–ગુજરાત કાઠિયાવાડમાં સ્ત્રીઓ વડીલોની લાજ કાઢે છે. (૪) માન; પ્રતિષ્ઠા; આબરૂ; ટેક; સાખ.:–આટલી વખત થોડાં નાંણા ધીરીને મારી લાજ રાખો. ક્રિ૦ પ્રિ૦ લાજ રાખવી=આબરૂ–સાખ સાચવવી; માન જાળવવું. કહે૦ જેણે મૂકી લાજ તેને નાનું શું રાજ. લોકલાજ=લોકમાં નિંદા થવાનો ભય–માન–પ્રતિષ્ઠા ભંગનો ભય તે; વ્યવહાર મર્યાદા તે; વ્રીડા; હ્રી; લજ્જા.

લાજમ, વિ૦ [आ.] ઘટિત; યોગ્ય; લાયક.

લાજલજામણી, સ્ત્રી૦ શરમ; લજ્જા; સંકોચ.:–માગતા લહેણાની બાબતમાં એને લાજલજામણી લાગવાની નહિ, ચોખ્ખો છે. (૨) લાજાુપણું–આંગળી કે પવનનો સપાટો લાગતાં પાતરીઓ કરમાઇ જાય એવી એક નાની વેલ–છોડ તે.

લાજવાળું, વિ૦ શરમાળ. (૨) આબરૂદાર; વ્યવહારભંગની બીક રાખનારૂં.

લાજવું, ક્રિ૦ અ૦ શરમાવું; મનથી સંકોચાવું; લાજ આવવી; અદબમાં રહેવું. (૨) માન ભંગનો ડર રહેવો; ટેકમાં રહેવું; આબરૂ માટે બીવું.

લાજા, [सं.] ડાંગેરની ધાણી; મમરા; કુરમુરા. લાજાહોમ=લગ્ન વિધિમાં વરકન્યા વેદીમાં જે ડાંગેર હોમે છે તે ક્રિયા–વિધિ; એક વૈવાહિક વિધિ.

લાજામણી, સ્ત્રી૦ લજામણી; સ્પર્શથી જેની પાતરી કરમાય છે એવી એક નાની વેલ.

લાજાળું, વિ૦ લાજવાળું; શરમાળ. (૨) લજામણીનો છોડ.

લાજુલાડી, વિ૦ શરમાળ; મોં સંતાડતું ફરે એવું; ચબરાક-નિડર-ધૃષ્ટ નહિ એવું. સ્ત્રી પુરુષ અને બાળક સૌ માટે વપરાય છે. આ છોકરો જરા લાજુલાડી છે તો.

લાટ, સ્ત્રી૦ ધાતુ અથવા લાકડાની ધરી તે; ચાક વગેરેની વચ્ચે રહેતો જાડો ખીલો તે; લઠ્ઠો; મધ્યે રહેલો ખીલો; કેન્દ્રાધાર (૨) ચરખાની ધરી. (૩) પાણીનું ફરતું મોટું લાકડું કે જેના ફરવાથી તેલી બિયાં પિલાય છે:-ઘાણીની લાટ. (૪) સોરટીમાં નક્કી કરેલા નંબર તે; મોટા જથાનો એકાદો ભાગ. (૫) લાકડી; સળિયો. (૬) તરંગ; મોજો; વેઢ-ઓડો. લાટબંધ=જથાબંધ; નહિ છૂટક. અ૦ સાગે; સામટી રીતે.

લાટાનુપ્રાસ, પું૦ [**સં.**] કવિતાની રચનામાં આવતો એક શબ્દાલંકાર; સમ ઉચ્ચારવાળા એક વર્ગના અક્ષરનું આવર્તન તે; વર્ણસગાઈ; યમક. ઉ૦ મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન, મોટા મોટા મહીપતિ મહીપતરામ. ક. દ. ડા.

લાટી, સ્ત્રી૦ લાકડાંની વખાર-દુકાન; લક્કડપીઠ. (૨) લખાણની એક રીત, શૈલી. લાટી; ગૌડી વગેરે. (૩) લાટ દેશની ભાષા; ભરૂચીભાષા; દખ્ખણ તરફની ગુજરાતી.

લાટો, પું૦ મોજો; તરંગ; ઓડો.

લાઠી, સ્ત્રી૦ જાડી અને મજબુત લાકડી; જેષ્ટિકા, ડાંગ.

લાઠો, પું૦ ધાતુનો ભારે પાસલો; લગડી. (૨) દગડ. (૩) તરંગ; ઓડો; મોજો.

લાડ, ન૦ પ્રેમના ઉભરાથી ખેલાવવું તે; ખવરાવવું અને બોલાવવું વગેરે જે વહાલસોયું વર્તન તે; સારી વસ્તુ આપી, હસાવી ખેલાવી બાળકને રાજીરાજી રાખવું તે; બાળક, સ્ત્રી વગેરેને પ્રસન્ન રાખવ તે. (૨) પ્રસન્ન રાખવાનાં સાધન અને વર્તન તે. (૩) હેત; પ્રેમ; વહાલ. (૪) લાટ દેશનું વતની; વાણિયાની એક નાત.

લાડકડું, વિ૦ લાડકું; લાડમાં રાખેલું-અત્યંત વહાલું. લાડકડી=લડાવેલી અને વહાલી છોકરી; લાડી; લાડકી; લાડકવાઈ. (૨) માનીતું; ખૂબ વહાલું.

લાડકવાઇ, સ્ત્રી૦ લાડકી છોકરી; વહાલી છોકરી. લાડકવાયો=લાડકો. લાડકવાયું =વહાલું ને લડાવેલું; લાડમાં રાખેલું.

લાડકાલાડુ, પું૦ જનોઇ ને વિવાહ વગેરે અવસરે સ્નેહીસગાં તરફથી ભેટ અપાતી મિઠાઇ તે.

લાડકું, વિ૦ વહાલથી કલાવી રાખેલું-ઉછેરેલું; વહાલું ને રમાડવા જેવું; લડાવેલું; વહાલું લાગે એવું; મોજમાં-આનંદમાં રાજી રાખેલું હોય એવું; કાલું; સ્વચ્છંદમાં ઉછરેલું ને વહાલથી પાલન કરેલું. લાડકી=લડાવેલી છોડી. લાડકો=લડાવેલો છોકરો; બાળેલો અને ખૂબ લાલન પાલન કરી વહાલમાં રાખેલો.

લાડણી, સ્ત્રી૦ લાડઘેલી કન્યા;-નવવધૂ. (૨) માનીતી; વહાલી.

લાડણો, પું૦ લાડઘેલો-છોકરો-વર તે. લાડકડો; લાડવાયો. ખૂબ લાલનપાલનમાં ઉછેરેલો ને વહાલો. (૨) માનીતો; પ્રેમપાત્ર પુત્ર.

લાડલી, સ્ત્રી૦ લાડમાં ઉછેરેલી-કન્યા કે સ્ત્રી; લાડકવાઈ. ઉ૦ આંખભરેલા અલબેલડા, લાડલી લાવું. (૨) કાલી; લાડકવાયી; રમતિયાળ-રંગુજી.

લાડવ[illegible], સ્ત્રી૦ લાડકી સ્ત્રી; માનીતી સ્ત્રી; ગોંધીવડુ.

લાડવાઇ, સ્ત્રી૦ લાડકી; વહાલી; જેને ખૂબ લાડ લડાવવામાં આવતાં હોય એવી.

લાડવાયું, વિ૦ લાડકવાયું; લાડકું; લાડમાં સુખથી મોજમાં રહેલું એવું. વહાલ બતાવનાર આગળ લાડ કરનાર-લાડ માણનાર તે; કાલુઘેલું. લાડવાયો=લાડકો,

લડાવી રાખેલો છોકરો, વહાલો પુત્ર તે.

લાડવું, ક્રિ૦ અ૦ લાડ કરવું; વહાલ બતાવનાર આગળ રિસાવું; આનાકાની કરવી; માન ધરવું; ગેલ કરવાં; કાલાં કાઢવાં.

લાડવો, પું૦ પાણી ઘી વગેરેમાં પલાળેલી વસ્તુ ને એ હાથ વડે દાબીને બનાવેલો ગોળો; માટી; આટો; મિઠાઇ વગેરેના ગોળ લોંદો. ગોળો; લાડુ; મોદક. (૨) ગુંથણ વગેરેની ગોળાકાર ભાત તે; ચંદ્રક. (૩) લાભ; નફો; ફાયદો; પ્રાપ્તિ.:–એમાંશો લાડવો છે ?

લાડસલું, વિ૦ લાડથી કાલું થઇ ગયેલું; વહાલ–લાડથી બાળક જેવા સ્વભાવનું બની ગયેલું; લાડઘેલું; ચાવળું; કાલું; વહાલનાં ગાંડાં કાઢતું. ઉ૦ મારી લાડઘેલી લાડણીરે.

લાડાલાડ, સ્ત્રી૦ લાડ લાડ કરવું તે; વહાલનાં ઓવારણાં; કાલાં કાઢયા કરવાં તે, વારંવાર રિસાવું ને મનાવું તે.

લાડી, સ્ત્રી૦ લાડકી; લાડવાળી; માનીતી; ખૂબ વહાલી–વહુ, છોકરી, સ્ત્રી વગેરે. આનંદમાં મોજમઝામાં રાખ્યા કરેલી સ્ત્રી અથવા કન્યા તે.

લાડીલું, વિ૦ લાડકું; લાડવાયું; લાડમાં ઉછેરેલું–રાખેલું તે.

લાડુ, પું૦ ઘઉં, બાજરી અને ચણા વગેરેના લોટનો ઘી ગોળ નાંખીને બનાવેલો ગોળો તે; લાડવો; મિઠાઇ વગેરેનો ગોળો; મોદક. (૨) ફાયદો; લાભ; પ્રાપ્તિ.

લાડુવો, જુ૦ લાડવો.

લાડો, પું૦ લાડમાં ઉછેરેલો જુવાન છોકરો; માનીતો; લાડકવાયો છોકરો; વર. ઉ૦ લાડોલાડી જમેરે કંસાર.

લાણ, ન૦ લહાણુ; લાભ; નફો; ફાયદો.:–વાઘને છોડીને શું લાણ કાઢશો ? (૨) ઇનામ; બક્ષીસ; પરિતોષિક.

લાણી, સ્ત્રી૦ લહાણી; ઘણાંને લાભ થાય એમ વહેંચી આપવું તે; લહાવું તે; બક્ષીસ ઇનામ–વહેંચી આપવાં તે. (૨) ઘણાં જણના લાભ માટે વહેંચવાની વસ્તુ તે; ઘણાં જણમાં લહી આપવાની ચીજ તે. ગરબો મંડાવશો ત્યારે લાણીઓ પણ લહાશોને ? (૩) કાપણી.

લાણું, ન૦ લહાણું;ઘણા જણના લાભાર્થે કરવામાં આવતી વહેંચણી તે; ઘણા જણને લાભ થાય એમ અથવા મંડળ કે નાતમાંના દરેકને મળે એમ વહેંચવું તે; વહેંચણી; વાટણી; બક્ષીસ વહેંચી આપવી તે. (૨) લહાવાની–વહેંચણીની વસ્તુ–ચીજ તે. લાણું નોતરું=જ્ઞાતિમંડળમાંની વહેંચણી–વાટણી અને આમંત્રણનો હક તે; મંડળના સભ્ય તરીકેનો હક–અધિકાર તે.:–નાતના લાણા નાતરાના સર્વેને હક છે.

લાત, સ્ત્રી૦ પગથી કરેલો આઘાત–ઝાપટ મારવી તે; પદાઘાત; પાટુ; ક્રિ૦ પ્ર૦લાત મારવી= તરછોડી નાંખવું; નહિ દરકાર કરવી; નહિ સ્વીકારવું–કબુલ રાખવું.:–તેણે નોકરીને લાત મારી. લાત ખાવી=તુચ્છકાર સહવો.

લાતા, સ્ત્રી૦ બંદર ઉપર વહાણમાંથી ઉતરેલો માલ રાખવાની જગા; મોટી ખુલ્લી વખારની જગા; પીઠું; પીઠ; વખાર; કોઠી. વેચાઉ માલભરીકે ગોઠવી રાખવાની જગા.

લાદ, સ્ત્રી૦ ઘોડા ને ગધેડા વગેરે પશુનો મળ; ખડ ખાનારાં પ્રાણીઓનાં લિંડાં.

લાદવું, ક્રિ૦ સ૦ પીઠ પર વાહન નૌકા પર ભરવું–સિંચવું તે; ખડકવું; ઉંટને ગધેડાં વગેરે પ્રાણીની પીઠ ઉપર માલ સામાન વગેરે ભરવા સિંચવાં તે; ભાર ભરવો.

લાદી, સ્ત્રી૦ ફરસબંધીનાં પત્થરનાં પાતળાં ચોસલાં; પત્થરની નાની અને પાતળી તખતી; પત્થરનાં પાટિયાં. (૨) ફરસ બંધી.

લાધવું, ક્રિ૦ અ૦ પ્રાપ્ત થવું; મળવું; જડવું; પાવું; હાથ લાગવું; ઉ૦ એક હીરો લાધ્યો છે મારા હાથમાંજો. (૨) જમીન કાદવ સાથે વહાણ વગેરેનું ચોંટી બેસવું; અથડાવું; અટકી પડવું; થોભી જવું.:–છીછર

અખાતમાં સહેજ વહાણ લાધી જાય છે. (૩) વહાણ ઉપર અથવા ભાર ખરદારી પ્રાણીઓની પીઠ ઉપર માલ ભરવો–ખડકવો.

લાનત, સ્ત્રી૦ શરમ; ગેરિયત.

લાપટ, સ્ત્રી૦ લાપોટ; થપડાક; તમાચો. લાપટિયો=અઘરણિયાતને ગાલે કંકુનો હાથો મારનાર–દિયેર.

લાપન, ન૦ અન્વય પાડી અર્થ કરવો તે; અર્થ જ્ઞાન કરવું તે.

લાપસી, સ્ત્રી૦ બાફેલો લોટ–આટો તે; કંસાર; લાબસી.

લાપી, સ્ત્રી૦ લાંપી.

લાપોટ, સ્ત્રી૦ લપડાક; તમાચો; થાપટ.

લાપોટિયું, ન૦ ગાલ અને ગળા આગળ થઇ આવતો સોજાનો એક રોગ; એક જાતનો તાવ, કે જેમાં કાન આગળ લાપોટ વાગી હોય એવો લાલ સોજો થઈ આવે છે. આ ચેપી રોગ છે.

લાફાલાફ, સ્ત્રી૦ જેમ ફાવે તેમ ફેંકવું; વેડફવું તે; ઉડાડવું તે; લખલુંટપણું. (૨) મોટાઇમાં ઘણું ખરચવું–ઉડાડવું તે. (૩) ફુલ, ફુલાશ; બડાશ.

લાફાવેડા, પું૦ ઉડાઉવેડા; જેમ ફાવે તેમ ઉડાવવાની ટેવ–વૃત્તિ તે.

લાફો, પું૦ પોલા હાથની થાપટ; લપડાક; તમાચો: પાછળથી બોચી પર થાપટ મારવી તે લાફો.

લાબડી, સ્ત્રી૦ લાવરી.

લાબરૂં, ન૦ લાવરી; એક જાતનું પ્રાણી. (૨) વિ૦ પોચું ને સુંવાળું હોય એવું; અક્કડપણા વગરનું. (૩) કુમળું; નરમ.

લાભ, પું૦ ફાયદો; નફો; લબ્ધિ; પ્રાપ્તિ તે. (૨) નાપણિયા–બપારાનો માલ આપતા પહેલાં ઉચ્ચરાતો શકુન; જોખાઓ પહેલું તોલું જોખતાં એક એમ નહિ પરંતુ 'લાભ સવાયાં' એમ કહે છે તે લાભકારી=લાભ કરે એવું.

લાભવું, ક્રિ૦ અ૦ [सं. लभ्] લાભ કરવો; કમાવું; રળવું.

લાભાલાભ, પું૦ લાભ અને અલાભ તે; નફો નુકસાન. (૨) ઠાઠ.

લાભોજીલાભ, પું૦ ઉડાઉવેડા કરવા તે; લાભ છે લાભ છે એવી ડફાંશે અંધેર ચલાવ્યે જવું–ઉડાવ્યા કરવું તે.

લામણદીવો, પું૦ રામણદીવો; નામણદીવો. વરની માતા વરઘોડામાં જે શકુનનો દીવો હાથમાં રાખે છે તે. દેવને નમન કરી કાર્ય સિદ્ધિ માટે ઉપાડેલો શુભ શકુનનો દીવો.

લામા, પું૦ ટિબેટના બૌદ્ધ મતના વડા આચાર્યનો ઇલ્કાબ અથવા ઉપનામ તે. ટિબેટના બૌદ્ધધર્મ રાજ્યનો વડો તે–લામા.

લાય, સ્ત્રી૦ આગ; અગ્નિ. (૨) બળતરા; ઝાળ; તીવ્ર લાગણી; કારી દુઃખ લાગવું તે.

લાયક, વિ૦ [फा.] યોગ્ય; ઘટિત. (૨) પાત્ર; ગુણવાન. (૩) અનુરૂપ; સમાન; સરખું.

લાયકાત, સ્ત્રી૦ યોગ્યતા. (૨) પાત્રતા. (૩) કામ કરવા–પસંદગીને યોગ્ય ગુણ હોશિયારી વગેરે હોવાપણું તે; લાયકી.

લાયકી, સ્ત્રી૦ લાયકપણું; પાત્રતા; યોગ્યતા. (૨) વિવેક; સભ્યતા; વિનય.

લાયરી, સ્ત્રી૦ બોલવાની બડાઇ; આડંબર; ચાપલુસી. (૨) પતરાજ; એડસાઈ.

લાયલેપા, પું૦ ત્રાસ; તોબાતોબા; બેચેન. (૨) મહા–મુસ્કેલી વેઠવી કે ખમવી પડે એવું તે.

લાર, સ્ત્રી૦ લહાર; હાર; ઓળ; પંક્તિ; લીટી જેવી સીધી પંક્તિ–પરંપરા તે. (૨) ટોળું; સમૂહ; ધાડું:–કીડાઓની લાર.

લારી, સ્ત્રી૦ [अं. Lorry] રેલના સડક ઉપર ધકેલીને ચલાવાય એવી ખુલ્લી ગાડી; ઠેલણગાડી. એ રેલવે સડકના તપાસ માટે ઉપયોગમાં આવે છે.

લારૂં, ન૦ લહારૂં; ટોળું; ધાડું; સમૂહ; મંડળ;

ઘણા જણાઓ–પ્રાણી જીવાત વગેરેની ધાડની ધાડ તે. (૨) ઝાંખરું; લક્કરું. ઉ૦ મન મૂકી દેજેરે માયાનું લારૂં.

લારે, અ૦ ઓળખંધ; હારે. (૨) સાથે; સંગાથે. (૩) ટોળે; ધાડે. લારે આવે ને લારે જાય. ઘણાંઓના ટોળા સાથે આવે ને ટોળા સાથે જાય તે. સંઘોડે; સથવારે; ટોળાબંધ.

લાલ, પું૦ છેલ–ફાંકડો જુવાન; રંગીલો; ઇશ્કી; બાંકો. ઉ૦ ભલે લાલ ! તમાચો મારી મુખડું લાલ રાખો રે. કે. ભોજક. વરણાગિયો. (૨) રાતા રંગનો પંખી. (૩) રાતા રંગનું નંગ; માણેક. (૪) સ્ત્રી૦ માણેકની કણી–મણકો; રાતું લોલક; કિમતી પત્થરનું નંગ; ચુની. છેલ કડીમાં આગળ પાછળ બાજુઓએ મોતી ને વચમાં લંબગોળ લાલ હોય છે.

લાલ, વિ૦ રાતું; રાતા રંગનું, રક્ત; લોહિત.

લાલચ, સ્ત્રી૦ લાભની આશા તે; લાલસા; કંઇક મેળવી લેવાની ભાવના–ઇચ્છા તે; લોભ; ગળ. (૨) લોભથી મોહમાં પડવું તે. (૩) લાંચ. રૂ૦ પ્ર૦ લાલચ આપવી= ફાયદો બતાવવો. લાલચમાં પડવું=લોભ લાગવો; કંઇક મળવાની આશામાં લોભાવું. લાલચ રાખવી=કંઇક મળવાની ઇચ્છા રાખવી તે. ઉ૦ લાલચમાં લપટાયા.

લાલચટક, વિ૦ લાલ સુરખીદાર; તેજ મારતી લાલાશવાળું; ચટકદાર લાલ; રાતુંચોળ; લાલસુરેખ.

લાલચોળ, વિ૦ ખૂબ રાતું; ઘણું લાલ.

લાલચું, વિ૦ લાલચવાળું; લાલસા રાખનારૂં; લલુતાવાળું; કોઇ સ્વાર્થ સાધી લેવાની કામનાવાળું (૨)ખાવા–ભોગવવાની ઇચ્છાવાળું; સારૂં ખાવાપીવાની લાલચ રાખનારૂં.:–આ છોકરૂં જરા લાલચુ છે એટલે કાંઇ મિઠાઈ આપીને કલ્લાઇ કાઢી લે.

લાલજી, પું૦ ઘુંટણિયે ચાલતા શ્રીકૃષ્ણની બાળ મૂર્તિ તે; શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપની પ્રતિમા.

લાલન, ન૦ [સં.] લાડ; લડાવવું તે; હાથમાં ઝુલાવી રાખવું તે; લાડમાં ઉછેરવું–રાખવું તે.:–લાલનપાલન=સારી રીતે રાખવું અને પાળવું તે.

લાલપાલ, ન૦ લાડકોડથી પાળવું–મોટું કરવું ને ખુશીમાં રાખવું તે; ખૂબ આસના વાસના કરવી તે.

લાલબાઇ, સ્ત્રી૦ આગ; લાય; અગ્નિ.:–એના કામમાં લાલબાઇ મૂકો. બળ્યું, એવા અર્થમાં વપરાય છે.

લાલમલાલ, વિ૦ રાતુચોળ; ખૂબ લાલ. (૨) સુંદર; સુરેખ; ફાંકડું. (૩) દિલ બહલાવે એવું; મદ–આનંદ–ઉત્સાહ ઉપજાવે એવું.

લાલસા, સ્ત્રી૦[સં.] લાલચ; લોભ; તૃષ્ણા. (૨) ઇચ્છા; આશા; કામના; આતુરતા.

લાલા, સ્ત્રી૦ [સં.] મોંની લાળ. (૨) પું૦ ગુલાલા. (૩) લાલાઇવાળો રંગીલો જન તે. :–ભાઈ તો લાલા સાહેબ છે.

લાલાઇ, સ્ત્રી૦ છેલાઈ; રંગીલાપણું; ફાંકડાઈ.

લાલાજી, પું૦ ફક્કડ; ખુશ મિજાજી; રંગીલો. ફક્કડ થઇને–વર્ણાગિયા થઇને ફરવું અને રળવા કે વ્યવહાર તરફ બેદરકાર રહેવું, એવી વૃત્તિનો માણસ તે. (૨) ગૃહસ્થ; સભ્યજન–પંજાબ તરફ.

લાલાશ, સ્ત્રી૦ રતાશ; રક્તતા. (૨) જેમાં થોડો લાલ રંગનો અંશ હોય એવું તે.

લાલિત્ય, ન૦ [સં.] ભાષણ અને કવિતા વગેરેમાં આવતી મજેની સુંદરતા તે; શબ્દ અને પદની ગોઠવણ અને તેમના અર્થનું સૌંદર્ય તે.:–શબ્દ લાલિત્ય; પદલાલિત્ય અને અર્થ લાલિત્ય. (૨) સુંદરતા; શોભા; કાન્તિ; લાવણ્ય; સુરેખપણું; મન હસે–આનંદિત થાય એવું જે વાણી વગેરેનું માર્દવ ને માધુર્ય તે. લલિતપણું; છટા; ચાતુર્ય.

લાલિયો, પું૦ ઢેડો; અત્યંજ. સુરત તરફ વપરાય છે.

લાલી, સ્ત્રી૦ લાલાશ; રક્તિમા. (૨) સુંવાળી ચામડીમાંથી સ્વચ્છ લોહીની જે તેજી ને લખલખાટ દેખાય છે તે; સારી તંદુરસ્તીને લીધે શરીર–ખાસ કરીને ગાલ ઉપર દેખાતી રાતા અને સ્વચ્છ લોહીની સુરખી તે; નવા, તાજા, સ્વચ્છ અને રાતા લોહીની ચામડી પર દેખાતી ભભક તે. (૩) લાળી; જીભ; ઘંટમાંનું લોલક.

લાવ, પું૦ લહાવ; ઓરિયો; લાભ; ઓરતો; મનનો અભિલાષ તે.

લાવણી, સ્ત્રી૦ લલકારાય એવી ચર્ચાતી વાતની કવિતા; એક રાગ–અથવા ઢાળ તે.

લાવણીપત્રક, ન૦ સરકારી લહેણાનું આસામીવાર પત્રક તે.

લાવણ્ય, ન૦ તેજસ્વી છતાં કોમળ–મૃદુતાપૂર્ણ સુંદરતા તે; સૌંદર્યનો લખલખાટ; સુંદર ને મોહક તરલત્વ તે; નાજુક સુરેખપણું; ઉડતી છટાવાળી સુંદર ભભક તે.

લાવણ્યતા, સ્ત્રી૦ લખલખાટી.

લાવરી, સ્ત્રી૦ એક જાતનું પંખી. એ ખેતરોમાં ફરે છે ને ભોથામાં રહે છે.

લાવરૂં, ન૦ એક પંખી; લાવરી. (૨) કુતરાનું ભસવું.

લાવલશ્કર, ન૦ સરંજામ સાથેનું મોટું લશ્કર; બધું–તમામ લશ્કર.

લાવવું, ક્રિ૦ સ૦ આણવું; લઇ આવવું; પાસે આવે તેમ કરવું. (૨) ખરીદ કરી આણવું; વેચાતું લઈ આવવું.:–બજારમાંથી કાપડ લાવ્યો. તું શું લાવ્યો? જ. ટોપી. (૩) બંધ કરવું; વાસવું. ક્રિ૦ પ્ર૦ લાવી મકવું =ઠેકાણે આણવું; બેસતું કરવું; બેસાડવું.

લાવું, જુ૦ લહાવું.

લાવો, પું૦ લહાવો.

લાશ, વિ૦ બરબાદ; નકામ. (૨) છેલ્લું. (૩) નુકસાનીમાં આવી ગયેલું. ક્રિ૦ પ્ર૦ લાશ જવું=નકામ થઈ પડવું; પાયમાલ થવું; ખતમ થવું. (૨) બેહાલ થઈ જવું; બરબાદ જવું.

લાસ, સ્ત્રી૦ મડદું; શબ; લોથ. જનાવરની લાસ ને માણસનું મડદું.

લાસરિયાપણું, ન૦ કહેવું ને કરવું નહિ–બોલ્યું નહિ પાળવાપણું; લપસી જવાપણું; આમતેમ ફરી જવાપણું તે.

લાસરિયું, વિ૦ વિસરભોળું; ઠામઠેકાણા વગરનું; બોલ્યું નહિ પાળનારૂં; ધડા વગરનું.

લાહ, જુ૦ લાય; આગ. (૨) ભૂખ. (૩) રેશમી કપડું.

લાહાવું, જુ૦ લહાવું; સૌને સરખે હિસ્સે પાંતીએ વહેંચી આપવું.

લાહાળો, પું૦ જીવતો કોયલો; અંગારો; લાળો.

લાહી, સ્ત્રી૦ લાઇ; ખેળ; ઘઉં વગેરેના લોટને બાફીને બનાવેલો ચીવટપદાર્થ.

લાહે, જુ૦ લાય; આગ. (૨) ઉગ્ર વેદના. અંતરનો બળાપો.

લાહેરી, સ્ત્રી૦ પતરાજી; બેડસાઈ; ચાપલુસી. (૨) દોઢડહાપણ.

લાળ, સ્ત્રી૦ [सं. लाला] મોઢાનો ચીકણો પ્રવાહી. ખટાશ અને ગળપણ જોતાં મોંમાંથી આ પ્રવાહી છુટે છે. સુકો ખોરાક મોંમાં નાંખી ચાવતાં લાળથી ભિંજાઇ નરમ થાય છે અને પચે છે.

લાળિયું, ન૦ તાજી ઉંબી; કણ ભરાતું કણસલું. (૨) વિ૦ લાળ પડતી હોય તેવું છોકરૂં; (૩) ના૦ લાળથી બદન પલળે નહિ તે માટે બાળકોને પહેરાવવાનું ગળે નાખવાનું જાડું કુડતું.

લાળી, સ્ત્રી૦ કાનની નીચે લબડતી કુમળી ચામડી તે; બુટ. (૨) લોલક.

લાળો, પું૦ અંગારો; બળતો કોયલો.

લાંક, પું૦ પાતળી વસ્તુનો વાંક–મરોડ તે. કમ્મર વગેરેનો. ઉ૦ સિંહાકારે કટીનો લાંક. મારો ફરે [illegible] ડાબા પગનો લાંક.

લાંગ, પું૦ એક જાતનું કઠોળ. એનો દાણો વટાણા જેવડો પણ જરાક ચપટો થાય છે.

લાંગકલોથ, ન૦ [अं] લાંબો પાટ; એક જાતનું સુતરેલ કપડું.

લાંગર, ન૦ લંગર; વહાણ થોભાવવાની બિલાડી.

લાંગરવું, ક્રિ૦ સ૦ લંગર નાંખીને અટકાવવું; વહાણ થોભાવવું; ઉભું રાખવું.

લાંઘ, સ્રી૦ લાંઘણ કરવી તે; ભૂખ્યા રહેવું તે; ઉપવાસ.

લાંઘણ, સ્રી૦ ઉપવાસ; ભૂખ્યા રહેવું; નિરાહાર રહેવું તે.

લાંઘણી, સ્રી૦ ગાડીના ધુંસરા નીચે મૂકવાની ઘોડી તે.

લાંઘણું, ન૦ દેણદાર દેવું પતાવે ત્યાં લગી લેણદારે ભૂખ્યા તરસ્યા તેને આંગણે બેસી રહેવું તે. લાંઘણું ઘાલવું એમ કહેવાય છે. લાંઘણું ઘાલવું=ખાવાપીવાના સોગન લઈ આડા થઈ બેસવું.

લાંઘવું, ક્રિ૦ અ૦ ભૂખ્યા તરસ્યા બેસી રહેવું; ભૂખ્યા રહેવું; ઉપવાસ કરવો.

લાંઘો, પું૦ લાંઘણ; ઉપવાસ. (૨) લાંઘણું.

લાંચ, સ્રી૦ કામ કાઢી લેવા સારૂ કોઇને છાનુંમાનું કંઈ આપવું તે; રૂસ્વત. ક્રિ૦ પ્ર૦ લાંચ આપવી=કામ કાઢી લેવાને પૈસા કે બીજી કંઇ વસ્તુ આપવી. લાંચ લેવી=કામ કરી આપવાને બીજાથી છાનું માનું કંઈ લેવું તે.

લાંચખાઉ, વિ૦ લાંચિયું; લાંચ-રૂસ્વત લેનારૂં.

લાંચખોર, વિ૦ લાંચ ખાનાર; રૂસ્વત લેનાર.

લાંચવું, ક્રિ૦ અ૦ નમીજવું; વાંકાવળવું.(૨) રૂસ્વત આપવી.

લાંચિયું, વિ૦ લાંચ લેનારૂં; રૂસ્વતખોર.

લાંચું, વિ૦ કમી; ઓછું; ન્યૂન.:-એને કંઇ લાંચું પડયું ?

લાંછુ, ન૦ લાંછન; ડાઘ; બટ્ટો.

લાંજો, પું વાંધો; [illegible]; નડતર.

લાંઠ, વિ૦ વશમાં રહે નહિ એવું; લોહામી; મસ્તાની. (૨) ખંધું, ધૂર્ત. (૩) શઠ.

લાંઠાઇ, સ્રી૦ લાંઠપણું; નફ્ફટપણું. (૨) ખંધાઇ; ડાંડાઇ; લુચ્ચાઈ. (૩) શઠતા.

લાંઠિયું, વિ૦ વશમાં રહે નહિ એવું; નિરંકુશ; તોફાન કરે એવું, નફ્ફટ. (૨) લુચ્ચું, ઢોંગું; તોફાની; ખંધું; કોસ્તાની. (૩) જબરૂં; ન ઝાલ્યું રહે એવું; નહિ પકડાય એવું.

લાંઠો, પું૦ લાંઠ માણસ; ઢોંગી; જબરો. (૨) ધૂર્ત; લટ્ઠ; કશું આપે પરખાવે નહિ અને કામ કાઢી જાય એવો. (૩) યાર; રાખેલો.

લાંણ, ન૦ લાભ; નફો; ફાયદો. (૨) લહાવો; ઓરિયો.

લાંદો, પું૦ પલળેલા દ્રવ્યનો લોચો; લચકો.

લાંપ, પું૦ [अं. लैंप] દીવો; બત્તી.

લાંપડું, ન૦ સુકું ઘાસ; ચીમળાયેલું ઘાસ.

લાંપી, સ્રી૦ સપેતાને એરંડિયામાં ઘુંટીને બનાવેલી ચીકણી લુગદી. એ કાચ ચોઢવાના અને તરડો પુરવાના કામમાં આવે છે. લાંબી.

લાંબટંગિયો, વિ૦ શરીરના પ્રમાણમાં જેના પગ લાંબા હોય તે; લાંબા પગવાળો.

લાંબભાત, પું૦ આગલા વર્ષના ડાંગેરના છોડ તે; બડઘો.

લાંબી, સ્રી૦ લાંપી; સપેતામાં દિવેલ નાંખી ઘુંટીને બનાવેલો ચીકણો પદાર્થ.

લાંબીટુંકી, વિ૦ આડીતેડી; એલફેલ. (૨) પંચાતી; ચિકાશ; ચર્ચા. (૩) ગાળાગાળી; તકરાર.

લાંબીનજર, સ્રી૦ દૂર લગીનો-પરિણામનો વિચાર કરવો તે; બનવાની-કરવાની વાત બાબત-સંબંધી આગળ શું થશે એનો વિચાર રાખવો તે.:-લાંબી નજર પહોંચાડીને કામ કરજો નહિ તો ફસાઇ જશો. અગમચેતી.

લાંબું, [**सं. लम्ब**] સીધી લીટીએ વધારે આગળ વધેલું હોય એવું; પહોળાઇ કરતાં બીજી તરફ વધારે લંબાણ હોય એવું.:–ઘર લાંબું છે પણ પહોળું નથી. પનો બરોબર છે પણ કપડું લાંબું બહુ છે. ટુંકાણથી ઉલટું. (૨) ઘણું; મોટું.:–એ હવે લાંબું જીવશે નહિ. (૩) ઉંચું:–આ છોકરો પાતળો છે એટલે લાંબો લાગે છે. (૪) વિસ્તારવાળું; ફેલાવાવાળું.:–લાંબાં સગાં એટલે નાતમાં તે ફાવે છે. લાંબાં વાર્તાઓ. (૫) અ૦ આઘે; છેટે; દૂર.:–અહિંથી ગામ તો હજી બહુ લાંબે રહ્યું. ક્રિ૦ પ્ર૦ લાંબા થવું=સૂઇ જવું; પગ પસારીને પડવું. લાંબા થઈ જવું=પાયમાલ થઇ જવું; મરી જવું. લાંબું કાઢવું=ઘણું જીવવું. લાંબું ચાલ્યું=મામલો લંબાવો. દીર્ઘ; વિશાળ.:–ઉનાળાના દહાડા લાંબા અને શિયાળાના ટુંકા.

લાંભવું, ન૦ લાંબું; વિભાગ; અંશ; હિસ્સો. (૨) પાડેલા સરખા ભાગમાંથી કયો કોણે લેવો તે નક્કી કરવાને નાંખવામાં આવતી તે ભાગ–જથ્થો દેખાડનારી ચીઠી–કાપલી તે.

લાંભું, ન૦ જુ૦ લાંભવું.

લિખિત, વિ૦ [**सं.**] લખેલું.:–હસ્તલિખિત.

લિથોગ્રાફ, પું૦ શિલાછાપ. પથર ઉપર અવળા અક્ષર લખીને ઉતારેલા લખાણને બીજા કાગળ પર છાપવાની કળા તે.

લિપિ, સ્ત્રી૦ [**सं.**] એક એક ઉચ્ચારનાં ચિહ્ન અથવા શબ્દનાં ચિહ્નથી મનોગત જણાવવાની લેખન કળા તે; ભાષામાં બોલાતા બોલને વર્ણ રૂપે ઓળખંધ માંડવાની રીત તે; લખવાની ભાષા; લખાણની પંક્તિ તે. લિપિપ્રાસ=જોડણી; લખવાની કળા તે.

લિપ્ત, વિ૦ [**सं.**] લિંપાયેલું; ખરડાયેલું. (૨) ચોપડેલું. (૩) મશગુલ; તલ્લીન; તદાકાર; વ્યાપ્ત; સંમિશ્ર; ભળેલું; રચીપચી રહેલું; આસક્ત.:–એમાં લિપ્ત થઇ ગયો તે પાછો આવ્યો નહિ.

લિપ્સા, સ્ત્રી૦ [**सं.**] ઇચ્છા; વાંછા; મન કામના; આશા.

લિમોત્સવ, પું૦ લિંબડો ખાવાનો મહોત્સવ; ચૈત્ર સુદિ પડવો. એ દિવસે લિંબડાનાં પાન અને તેનો રસ પીવાનું માહાત્મ્ય છે.

લિલમ, ન૦ કાનની વાળી વગેરેમાં પરોવવામાં આવતો હીરો અથવા કિમતી રત્ન વગેરે તે; લાલ; લોલક.

લિલવટ, ન૦ કપાળ; ભાલ. ઉ૦ લિલવટ ઉપરરે શોભે કુંકુંમ બિંદુ કીધું: દયારામ.

લિલાઉ, ન૦ લિલામ; હરાજી; ઘણા ગ્રાહકો વચ્ચે કિમ્મત પોકરાવી જે વધારે આપે તેને માલ વેચવાની રીત તે. Lilao આ ચિનાઇ શબ્દ પોર્ટુગીઝો મારફત હિંદમાં આવેલો છે. (કરકરિયા.)

લિલાણ, ન૦ લાલાપણું; તાજી વનસ્પતિ તે; વનસ્પતિની જે તાજી હાલત તે. (૨) લિલોતરીથી ભરપુર હોય એવું તે; લિલોતરીવાળી જગા. (૩) વિ૦ લીલું; નહિ સુકું; ભીનું; સહેજ આર્દ્ર; ચવડું.

લિલામ, ન૦ હરરાજી; ઉછામણી.

લિલાસું ન૦ આઘાતથી લોહી બાઝી જઈ ચામડીપર પડેલું લીલા રંગનું ચાઠું, ચકામું.

લિલાશ, સ્ત્રી૦ વનસ્પતિની તાજગી તે; વનસ્પતિમાંની આર્દ્રતા–લીલાપણું તે. (૨) વનસ્પતિ જેવા રંગની જે છટા–ભભક તે; નીલત્વ; લીલારંગપણું. (૩) ભિનાશ; જલાંશતા; નહિ સુકાપણું તે: આર્દ્રતા.

લિલોતરી, સ્ત્રી૦ લીલોતરી: જે કંઈ તાજી વનસ્પતિ તે; ઝાડ છોડવા ને ઘાસ વગેરે તે: ભાજીપાલો; બકાલું.

લિસોટી, સ્ત્રી૦ [**सं. लिख्**] ઝીણી નાની

રેખા-લીટી તે; પાતળો ટુંકો-ઉઝરડો તે.

લિસોટો, પું૦ મોટો ને વાંકો આડો અવળો લીટો તે.આંકો સાપ ગયા ને લિસોટા રહ્યા.

લિસ્ટ, ન૦ [અં. List] યાદી; ટીપ.

લિંગ, ન૦ [સં.] ચિહ્‌ન; નિશાની. (૨) જાતિ દર્શક સંજ્ઞા અથવા ચિહ્‌ન. (૩) મહાદેવની પિણ્ડી-બાણ તે. (૪) સૂક્ષ્મતા અરૂપ દેહત્વ. પ્રજોત્પાદક અવયવ.

લિંગદેહ, પું૦ [સં.] સૂક્ષ્મદેહ; ઇંદ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિ સમન્વિત અદૃશ્ય જીવ તે; સ્થૂલદેહથી ઉલટો દેહ-માનવા માત્ર-કર્મસંસ્કાર જેને વળગેલાં હોય એવો જીવાત્મા.

લિંગશરીર, ન૦ [સં.] લિંગદેહ.

લિંગાપત, વિ૦ ગળામાં શિવલિંગ રાખનારા લોકની જાતિ. (દક્ષ્ખણમાં.)

લિંટ, સ્ત્રી૦ શ્લેષ્મ;નાકમાંથી નિકળતો ગાઢોને ચીકણો મળ.

લિંટિયું, વિ૦ લિંટ ગળ્યા કરતા હોય એવું ગંદું-છોકરૂં. (૨) લિંટ લેવાનો રૂમાલ.

લિંડી, સ્ત્રી૦ ઉંદર, બકરી વગેરેના મળની ગરગોલી; ગરગોલીના આકારની હગાર.

લિંડીપિંપર, સ્ત્રી૦ લાંબી ગોળ લિંડી જેવા આકારની ઝીણી પિંપર. એક જાતની ગરમ ઓષધિ.

લિંડું, ન૦ [સં. લોષ્ટ]ગરગોલા જેવો કઠણ મળ તે. ઉંટ, ગધેડાં ને ઘોડાનો મળ તે.

લિંપણ, ન૦ લિપેલું તે; છાણ માટીનો લેપ તે. કહે૦ ધૂળ ઉપર લિંપણ=ન રહે ન ટકે એવું અફળ કામકાજ-બોલવું વગેરે તે.:- એને કહેવું-ઠપકો દેવો તે તો ધૂળ ઉપર લિંપણ છે.

લિંપવું, ક્રિ૦ સ૦ છાણમાટીની ગાર કરી જમીન ઉપર લગાડવી; લેપ કરવો; ચોપડવું; વહાવું; લગાડવું; ગારાનો થર-લપરડો કરવો તે. (૨) કોઇ ઢીલો પદાર્થ બીજા પદાર્થ ઉપર થરની માફક લગાડવો. લીપવું. ઉ૦ લીંપી ધારા દિલધરી, ભૂમિ ભલી ચીતરેલ.

લિંબડી, સ્ત્રી૦ નાનો લિંબડો.

લિંબડો, પું૦[સં નીમ્બ]લીમડો; એક જાતનું મોટું ઝાડ, એનાં સર્વાંગ કડવાં હોય છે. બીજો મીઠો લિંબડો થાય છે તે જાતજ તદ્દન જુદી છે. એનાં પાંદડા સુગંધિદાર હોઇ તે કઢી વગેરેમાં વપરાય છે.

લિંબુ, ન૦[સં નીમ્બ] ખાટા રસથી ભરપુર એક જાતનું નાનું ફળ. એ ખટાશ તરીકે દાળ શાકમાં નિચોવી ખવાય છે અને એનું અથાણું પણ થાય છે. રંગવાના કામમાં અને ઓસડ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે.(૨)કોઠ-નારંગી જેવડું બીજું એક મીઠા રસથી ભરેલું ફળ થાય છે, તે મીઠુંલિંબુ કહેવાય છે. તે તાજા ફળ તરીકે ખાવા-ચુસવાના કામમાં આવે છે. લીલામેવામાં તે ગણાય છે.

લિંબોઇ, સ્ત્રી૦ લિંબોળીના ઘાટનું પહોળા મોંનું એક વાસણ. (૨) લિંબોળી

લિંબોડી, સ્ત્રી૦ લિંબોળી (૨)એક જાતનો સોનાનો દાગીનો.

લિંબોળી, સ્ત્રી૦ લિંબડાનું રાયણ જેવું પણ કડવા રસથી ભરેલું ફળ. એ પાકતાં સહેજ ગળ્યું થાય છે, તે ઉપરથી પ્રૌઢ વયે પહોચવા છતાં પણ કડવા સ્વભાવના માણસને ટાણો મારતાં એમ કહેવાય છે કે, પાકતાં તો લિંબોળીએ મીઠી થાય છે. લિંબોળીના ઠળિયા પીલતાં તેમાંથી ગંધાતું તેલ નિકળે છે. એ તેલથી કીડ મરી જાય છે. ગરીબો તેને દીવે પણ બાળે છે. એનો ખોળ ક્યારાઓની જીવાતનો નાશ કરે છે.

લીક; સ્ત્રી૦ લીટી; પંક્તિ; હાર. (૨) હદ; સીમા. ઉ૦ હસે લોક રૂપે હદવાળી, નાંખે કાંકરા ને પાડે તાળી. પ્રેમાનંદ.

લીખ, સ્ત્રી૦ નિમાળા-વાળમાં પડતાં જૂઓનાં

ઝીણાં ઈંડાં તે. (૨) ઝીણા જંતુનાં ઈંડાં.

લીખિયું, ન૦ લીખ કાઢી નાંખવાની ઝીણા દાંતાની કાંસકી.

લીટી, સ્ત્રી૦ રંગ કે શાહીથી પાડેલો સીધો આંકો તે; રેખા; છેકો. (૨) હાર; પંક્તિ; ઓળ. (૩) પદ; કડી. (૪) થોડુંક લખેલું હોય તે.(૫) પા રૂપિયાનો અથવા આખી વસ્તુના ચોથા ભાગનો સંકેત તે.(૬)પહોળાઇ નહિ પણ લંબાઈ હોય એવી પાતળી રેખા; આડ. (૭) હદ; સીમા. ક્રિ૦ પ્ર૦ લીટી દોરવી=છેકો કરવો; રદ કરવું. (૨) હદ બાંધવી. (૩) લખવું.

લીટો, પું૦જાડી લીટી; આંકો; ઉઝરડો.(૨)છેકો.

લીદ, સ્ત્રી૦ પશુઓની લિંડા જેવી હગાર. હાથી, ઘોડા અને ગધેડાંની હગાર-લાદ તે.

લીધરો, પું૦ લબાચિયો; ચિંથરિયો.

લીધે, અ૦ તેથી; તેટલા માટે; કબૂલ રાખ્યા પછી.

લીન, વિ૦ [સં] તલ્લીન; એકતાર. (૨) સમાઈ ગયેલું; ગરકાવ. (૩) લેહ લાગેલી હોય એવું; એકાગ્રચિત્ત; (૪) નમ્ર. ક્રિ૦ પ્ર૦ લીન થવું=એકતાર થવું; તલ્લીન થઇજવું.

લીપવું, જુઓ૦ લિંપવું.

લીમડો, પું૦ લિંબડો; નીમ્બ.

લીલ, સ્ત્રી૦ સેવાળ; ચાલુ પાણી રહેવાથી ભિંત અને પત્થર વગેરે ઉપર બાઝતી નાની અને સુંવાળી ચીકણી વનસ્પતિ તે. (૩)નદી વગેરેમાં થતી રેશમના તાર-નિમળા જેવી સુંવાળી ને લાંબી વનસ્પતિ. (૨) વાછડી; જુવાન ગાય. ઉ૦ લીલ પરણાવવી નીલોદ્વાહ.

લીલછોયું, વિ૦ લીલું; લીલી છાલનું; ઉપરથી લીલું દેખાતું પણ અંદરથી પાકેલું હોય એવું.

લીલઝાયું, ન૦ લીલાસું; ચાંદું.

લીલપત્ર, સ્ત્રી૦ લીલોતરી; તાજી વનસ્પતિ; તાજાં છોડવા-શાક વગેરે તે.

લીલવણી, સ્ત્રી૦ લીલોતરી; તાજી ભાજી વગેરે વનસ્પતિ; સુકવણીથી ઉલટું.

લીલવા, પું૦ વાલ; પાપડીમાંના દાણા; કઠોળના લીલા દાણા.

લીલવેણ, સ્ત્રી૦ સુકાતાં પણ લીલા રંગની રહે એવી સળીનું ઘાસ. આ સળીઓની ટોપલીઓ અને કરંડિયા વગેરે થાય છે.

લીલવો, પું૦ વાલ પાપડીનો લીલો કણ; કોઇ પણ કઠોળ વગેરેનો લીલો દાણો તે. (૨) ટણિયો.

લીલા, સ્ત્રી૦ [સં.] ક્રીડા; ખેલ; તમાસો. (૨) અદ્ભુત કરામત; ખુબી; ચમત્કારી બનાવ. (૩) વેષ; અવતાર; સ્વાંગ. (૪) વિલાસ; વિનોદી ગમત. ક્રિ૦ પ્ર૦ લીલા કરવી; રંગરાગ ભર્યા વિલાસ કરવા. (૨) મરી જવું.:-મહારાજે ગઇ કાલે લીલા કરી.

લીલાલહેર, સ્ત્રી૦ આબાદી; આનંદ-મંગળ હોવાં તે; સુખ કરતું એવું જે ભરપુરપણું તે; મોજમઝા; સુસ્થિતિ; પૂર્ણ સુખ રૂપતા. (૨) આનંદ ઉપજાવે એવું પૂર્ણત્વ. જેથી આબાદી-વિભૂતિ વધે એવી આનંદ રૂપતા તે.

લીલાંપાણી, ન૦ ઘુંટેલી ભાંગનું પાણી તે.

લીલીઘોડી, સ્ત્રી૦ ભાંગ. (૨) ભાંગની કેફ. જેમ વછેરી નાચે કૂદે તેમ લહેર ચઢાવનારી ભાંગની કેફ તે.:-બાવાજી લીલી ઘોડીએ ચઢે એટલે અગમનિગમની વાતો કરવા મંડી જાય. (૩) સુંદર ઘોડી.:- લીલીઘોડી ને લીલો ચાબકો.

લીલીચા, સ્ત્રી૦ લીલી ચાહ; સુકી પણ પાન લીલા રંગનાં લાગે એવી ચાહ તે; ચાની એક જાત. (૨) કુશ-ડાભના જેવું એક જાતનું સુગંધિદાર બાગાયતી ઘાસ. આની લાંબી પાનઠો થાય છે તે લીલીચા તરીકે ઓળખાય છે. એનો ઉકાળો કરી લોક પીએ છે અને ન્યાસ પણ લે છે.

લીલીપીઠ, સ્ત્રી० શાક બજાર; બકાલું; જ્યાં લીલોતરી શાક વેચાતું હોય તે જગા.

લીલું, [સં. નીલમ્] વનસ્પતિ જેવા રંગનું; મોરથુથાના રંગનું; આસમાની અને પીળો રંગ એકઠો કરવાથી જે વર્ણ બને છે તેવી છટાનું; સહેજ કાળી-પીળી ઝાંયનું. (૨) પાણીવાળું; પચપચું; ભીનું.:–આ દ.:–આ જમીન અને ધોતિયું બેઉ લીલાં છે. (૩) રસકસ ભરેલું; તાજું; નહિ સુકું.:–લીલોમેવો. (૪) પૈસાટકાવાળું; સુખી-ધનવાન; તાજું:–એ તો કોઈ લીલો માણસ શોધે છે. (૫) સારૂં; ઉજળું.:–એ શું લીલું કરશે ? ક્રિ० પ્ર० લીલું કરવું; સારૂં કરવું; કલ્યાણ-ઉદય કરવો તે. લીલું પીળું થવું=એકદમ ગુસ્સે થઇ જવું; ક્રોધ કરવો. (૨) છેલ-ફક્કડ બનવું-થવું તે; રોફ મારવો; ભભકો કરવો:–લીલા પીળા થઇને ફર્યા તેથી શું કંઇ કમાઈ જાણ્યું ? રૂ० પ્ર० લીલી લેખણ=તાજો લેખ. (૨) ધીકતી પેઢી-કામકાજ. લીલે તોરણે=કાર્ય સિદ્ધ થયા વગર; એમને એમ; વગર પરણ્વે.:–એને લીલે તોરણે પાછો કાઢયો. લીલુંપીળું તરેહવાર રંગવાળું. મજેનું સુંદર રંગીન.:–વહુવારૂ માણસ લીલાંપીળાં પહેરીને ફરેસ્તો કહે० લીલા ઝાડ તળે ભૂખે મરે એવું; અચતુર; સહેજ મળે એવું હોય તે પણ મેળવી ન શકે એવું; ભોળું; નિર્બળ. (૨) આળસુ; અકુશળ; આવડ-હોંશિયારી વગરનું; ભોટ.

લીસું, વિ० નરમ; કણ વગરનું; લપકું; ચીકટ ને સુંવાળું:–આ ઘી લીસું છે. (૨) નહિ ખડબચડું; સાફ; નહિ બરસટ; ખાડા-ગોબા વગરનું; હાથ લીસી સરકી જાય એવું; સુંવાળું. (૩) સાફ; સ્વચ્છ; ચકચકિત; (૪) પોચું; સરકણું; સકમ રહે નહિ એવું; ખસી જાય એવું.:–એ જરા લીસો માણસ છે, એટલે એની સાથે લિખિત કસર વગર કામ પડાય નહિ. લાસરિયું.

લીહ, સ્ત્રી० લીટી. (૨) હદ; સીમા.

લુઓ, પું० લુવો; કણકનો ગોળો; કણકનો રોટલો-રોટલા કરવાનો લોચો. ક્રિ० પ્ર० લુઆ કરવા-પાડવા=કણકના નાના નાના ગોળા કરવા પૂરી વગેરે વણવા માટે. લુઆ દાબવા. ચાંપવા=મર્દન.

લુખરી, સ્ત્રી० ખુજલી.

લુખસ, સ્ત્રી० ચામડી લુખી પડી જઇ ખણજ આવ્યા કરે એવો એક ત્વચારોગ; ખુજલી.

લુખિયું, ન० તમાકુ પીવાની માટીની ચુંગી; નાની ચલમ.

લુખું, વિ० [સં. રુક્ષ] જેમાં સ્નેહાંશ અને સુંવાળાપણું ન હોય એવું; રસકસ વગરનું; રૂક્ષ. (૨) ચોપડયા વગરનું; મળે વળગે એવું. (૩) શાકાદિ વગરનું; એકલું.:–લુખી રોટલી-ખીચડી વગેરે. (૪) તેજ વગરનું; ભભક રહિત. (૫) ધન વગરનું; ગરીબ; ખાલી; વિત્ત રહિત.:–એ લુખા માણસ પાસેથી તમે શું લેશો ?

લુગડાં, ન० માણસને પહેરવા ઓઢવાનાં વસ્ત્ર; લુગડાં લત્તાં એમ કહેવાય છે. ક્રિ० પ્ર० લુગડાં લેવાં=આબરૂ લેવી; લુંટવું; હરાવવું; ફજેતો કરવો.:–સૌ દેખતાં એણે મારાં લુંગડાં લીધાં. રૂ० પ્ર० લુગડા બોળ=લુગડાં સાથે-લુગડાં બોળવાં પડે તેમ. કહે० લુગડે માણસ ઉજળું અને વહેવારિયું ગણાય છે.

લુગડું, ન० વસ્ત્ર; વસન; પટ. (૨) સાલ્લો; સ્ત્રીઓને પહેરવાનું વસ્ત્ર તે.

લુગત, ન० શબ્દકોષ; સમૂહ.

લુગદી, સ્ત્રી० એકાદો પદાર્થ પ્રવાહીમાં ઘુંટીને બનાવેલી ઢીલી ગોળી; લોચો તે. તેલ-પાણી વગેરેમાં કોઇ ચીજને ખરલ કરીને બનાવેલો ચીકણો લોંદો તે.:–લીંબીની લુગદી.

લુચ્ચાઇ, સ્ત્રી० ખંધાઇ; ઠગવિદ્યા; લુચ્ચાપણું.

(૨) દોંગાઇ; કપટથી છેતરવું તે; ચોટ્ટાઇ; અનીતિએ ચાલવું તે; ધૂર્તતા.

લુચ્ચું, વિ૰ ખંધું; સમજાવી-કપટ કરી કે ભોળવીને કામ કાઢી લે એવું; પક્કું; ઠગ. (૨) જુગતીવાળું; છળભેદ જાણનાર. જુઠાણું, ચોરી ને દોંગાઇવાળું.

લુછણિયું, ન૰ લુછવાનું કપડું; અંગુછો.

લુછવું, ક્રિ૰ સ૰ લૂછવું; ભીનું કે મેલું હોય તેને કપડું ફેરવી સાફ કરવું; લોવું; ઘસીને કોરૂં કરવું.

લુણચાં, ન૰ લૂણચાં; મીઠું-લૂણ ચઢાવેલાં ચીરિયાં; કાતળી વગેરે તે.

લુણહરામ, વિ૰ લૂણહરામ; કૃતઘ્ની; જેનું ખાય તેનુંજ ખોદનાર; નિમકહરામ. લુણહરામી=કૃતઘ્નતા; નિમકહરામી.

લુણી, સ્ત્રી૰ ખારાટ જમીનમાં થતી એક જાતની ભાજી; પહેલે વરસાદે એની મેળેજ ઉગી નિકળતી ઝીણાં પાદડાંની ભાજી.

લુણો, પું૰ માટી, ઇંટ, અને છો વગેરેમાં રહેલો એવો ક્ષાર કે જે ચોમાસામાં એ-લળે છે. ભેજ; હવા અને જમીન ભિંત વગેરેમાં વરસાદને લીધે ભિનાશ આવવી તે; માટી વગેરેમાંના ક્ષારનું ઓગળવું તે; ભિંતને છારી વળવી તે:-આ ભિંતે લુણો લાગ્યો છે.

લુપ્ત, વિ૰ [સં.] નાશ પામેલું; ઉડી ગયેલું; રહી ગયેલું; વચમાંથી જતું રહેલું.

લુપ્તોપમા, સ્ત્રી૰ [સં.] અસંપૂર્ણ ઉપમા તે; વચમાં એકાદ ગુણદર્શક વિશેષણ રહી જતું હોય એવી ઉપમા તે.

લુબ્ધ, વિ૰ [સં.] લોભાયેલું; લાલચુ; જેને લોભ લાગેલો હોય એવું.

લુબ્ધક, પું૰ [સં.] લોભાયેલો; જેને લાલચ લાગેલી હોય એવો, શિકારી; વ્યાધ.

લુબ્ધાવું, ક્રિ૰ અ૰ લોભાવું; લલચાવું; લોભ લાગવો.

લુમખું, ન૰ ઘણાં ફળફૂલ અને પાનવાળો ગુચ્છો; ફળફૂલવાળી માંજર; ઝુમખું.

લુલરી, સ્ત્રી૰ હાસી; ચાકરડી: ઉ૰ ચાહિરડાં અમો કયમ ગમું રે; લુલરી લાગ્યો રંગ.

લુલી, સ્ત્રી૰ જીભ.

લુલું, વિ૰ ટટાર રહી શકે નહિ એવું; લંગડું; ખોડું. (૨) ઢીલું; ઉભું રહી શકે નહિ એવું; શક્તિ-બળ વગરનું:-તે પગે લુલો છે. (૩) નિર્બળ; અશક્ત.

લુવાણી, સ્ત્રી૰ લુવાણાની સ્ત્રી.

લુવાણો, પું૰ રજપૂતમાંની વેપાર કરનારી એક જાતિ-નાત અને તેનો એકાદ જણ તે.

લુવાર, પું૰ લુહાર; લોઢું ઘડનારાઓની એક નાત અને તેનો એકાદ જણ તે.

લુવારણ, સ્ત્રી૰ લુવારની સ્ત્રી; લુહાર જાતિની સ્ત્રી; લુહારેણ.

લુવો, પું૰ રોટલી કે પૂરી વણવાને બનાવેલો કણકનો નાનો ગોળો; લુઓ.

લુશ, વિ૰ નરમ; ઢીલું; શિથિલ:-થાકીને લુશ થઇ ગયો.

લુશલુશ, અ૰ ઉતાવળે; ઝટઝટ; જલદી જલદી:-તે લુશલુશ ખાય છે.

લુંગી, સ્ત્રી૰ વાળ ઝીલવાની હજામની નાની પિછોડી-રૂમાલ તે; લુગડાનો કકડો.

લુંચી, સ્ત્રી૰ દોડતાં દોડતાં એકદમ ઉલટા ફરી જવું તે:-સુવરે લુંચી ખાઇ શિકારીના ઘોડાના પેટમાં કાતી મારી.

લુંટ, સ્ત્રી૰ [સં. લુંટ] લુંટવું તે; ચોરી:-ત્યાં વારંવાર લુંટ થાય છે. (૨) લુંટેલી જે ચીજો અને માલમતા વગેરે તે:-અમીરના ઘરમાંથી એમને ખૂબ લુંટ મળી. (૩) અપહરણ.

લુંટણિયો, પું૰ લુંટ પાડનારો; ચોર; લુંટારો.

લુંટફાટ, સ્ત્રી૰ ચોરી; તસ્કરી:-આ રસ્તે વારંવાર લુંટફાટ થાય છે.

લુંટવું, ક્રિ૰ સ૰ [સં. લુંટ્] જબરજસ્તીથી-સામાને માર મારીને તેની પાસે જે કંઇ માલમતા વગેરે હોય તે લેઇ લેવી;

બળાત્કારે છીનવી લેવું; ચોરવું. (૨) ઘણા જણે એક સાથે તૂટી પડી જે કંઈ હાથ આવે તે ઝપાટીને લઇ લેવું.:-વરઘોડાની વાડી લુંટવી. (૩) દરોડો પાડી ગામ ઘર વગેરેમાંથી જેને જેમ ફાવે તેમ જે હાથમાં આવે તે ઉપાડી જવું. (૪) સામાની સારી વસ્તુનો ઉપયોગ કરવો. જોબન લુંટવું. (૫) છેતરી સમજાવી કે જોર કરી બીજાના માલ ઉપર હાથ ચલાવવો.

લુંટાઉ, વિ૰ લુંટી લેવા જેવું; લુંટનું; ચોરીનું. લુંટાઉ માલ. (૨) નધણિયાતું.

લુંટારૂ, પું૰ [સં. लुंटक] લુંટારો; ચોર; દરોડો પાડનારો.:-લુંટારૂની ટોળી.

લુંટારો, પું૰ ચોર; તસ્કર. જોર વાપરી બીજાની માલમિલકત હરી લેનારો.

લુંટાલુંટ, સ્ત્રી૰ જેને જેમ ફાવે તેમ અને જ્યાંથી જેમ હાથ લાગે તેમ જે તે લુંટી લેવું તે; આમ તેમથી લુંટલુંટ કરવું તે; પરાયો માલ જેને જેમ ગમે તેમ જોર વાપરી લઇ લેવો તે. ઘણા જણે એક સાથે કોઇ ગામ કે ઘરમાં પેસી જે કંઈ જડે તે લઈ લેવું.

લુંટાવવું, ક્રિ૰ સ૰ કોઇ લુંટે તેમ કરાવવું. (૨) ઉડાડી નંખાવવું; રફેદફે કરાવવું.

લુંટાવું, ક્રિ૰ અ૰ લુંટને ભોગ પડવું; ચોરથી માલમતા લઈ લેવાવી.

લુંડપણું, ન૰ દાસત્વ; ગુલામગીરી.

લુંડી, સ્ત્રી૰ ઘરનું કામકાજ કરનારી ચાકરડી; બુંદી; ગુલામડી.

લુંડો, પું૰ હલકું-ઘરગતું કામકાજ કરનારો ચાકર; દાસ; ગુલામ. મજુરી-મહેનતનું કામકાજ કરાવવા વેચાતી રાખેલો દાસ.

લુંઠ, પું૰ લઠ્ઠો; ધૂર્ત. (૨) પતિ; ધણી ? (૩) વિ૰ વસમું; જખરૂં.

લુંઠવું, ક્રિ૰ અ૰ [સં.लुंठ] આળોટવું. (૨) ભોંભોડિયે ચાલવું; ડિચકિયે હિંડવું.

લુંદ, પું૰ લોંદ; લમકો; લોચો.

લુંબ, સ્ત્રી૰ ઝુમખું; ફળ-પાનના ભરાવાવાળી ડાળી; ગુચ્છ.

લુંબેલુંબે, અ૰ ઝુમખે ઝુમખે; માંજરે. (૨) માંજર. ફૂલ ફળના જથાવાળી ડાળખી એ ડાળખીએ એમ; લટરેલટરે.

લૂ, સ્ત્રી૰ તપેલી જમીન પરનો ઉનો વા તે; ગરમ પવન અને તડકાથી આવતી બિમારી તે; ઉનો પવન લાગવાથી આવતો તાવ તે.:-આ છોકરાને લૂ લાગી છે.

લૂઇ, સ્ત્રી૰ રોટલી કે પૂરી વણવાની કણકની ગરગોલી.:-પાપડની લૂઇ.

લૂક, સ્ત્રી૰ ગરમ પવનનો ઝપાટો લાગવાથી આવતી બિમારી; તડકાનો તાવ.:-બપોરે બહાર રખડવાથી લૂક લાગે છે.

લૂણ, ન૰ મીઠું; નિમક; સબરસ; ખાવાનો ખાર. (૨) ખાધાનું એહશાન; બીજાને ત્યાં ખાવાથી તેનો આપણા ઉપર ચઢેલો ઉપકાર તે; અન્ન, જળનો આભાર.:-મેં એનું લૂણ ખાધું છે તે હલાલ કરીશ. ક્રિ૰ પ્ર૰ લૂણ ઉતારવું=અલાબલા દૂર રહે તે માટે વરના માથા પર નિમક વાળવું-ફેરવવું. વરને કોઇની નજર લાગે નહિ તે માટે બહેન તેની પાછળ ઘોડે બેસી એક વાડકીમાં મીઠાના કાંકરા ભરીને તેના માથા પર ફેરવ્યા કરે છે તે. લૂણ ઉતારનારી 'લુણારી' કહેવાય છે.

લૂમ, સ્ત્રી૰ ફળ, ફૂલ પાન ભરેલી ડાળી; લુંબ; ઝુમખું; ગુચ્છ. (૨) ડાળી-ઉપલી શાખાને લાગેલો ફળોનો મોટો જથો તે.:-કેળાંની લૂમ. (૩) અં. સાળ.

લે, સ્ત્રી૰ લેહ; રઢ; અનુરાગ; આસક્તિ; લગની; મોહિની. (૨) સ્વાદ; રસ. (૩) એકતાન-એકતાર થઇ જવું તે; તલ્લીનતા; એક ધ્યાનપણું. (૪) ચડસ; વ્યસન; ટેવ; આદત. (૫) ગમત; મઝા.

લેકિન, અ૰ [फा.] પણ; તોય; તથાપિ.

લેખ, પું૦ [સં. लिख] લખેલું તે; લખેલો નિબંધ કે લખાણ તે. (૨) ખત; કરાર, વગેરે.

લેખક, પું૦ લખનારો; કર્તા; લેખ ઉપજાવી કાઢનારો. (૨) લહિયો; લખનાર.

લેખણ, સ્ત્રી૦ [સં. लेखिनी] અક્ષર કાઢવાની કલમ; ટાંકણું;પિંછી;લખવાનું વતરણું. ક્રિ૦ પ્ર૦ લેખણ ચલાવવી=લખાણ પટી કરવી. (૨) ઉતાવળે લખવું.

લેખન, ન૦ ખોદવું તે; ખોતરવું–કોતરવું તે; ખોદેલું હોય એવું જે તે. (૨) લખેલું તે; લખાણ. લેખન કળા=લખવાની કળા તે; જેથી સારૂં લખતાં આવડે તે.

લેખપત્ર, ન૦ લખાણ; લખેલું હોય તે. (૨) ખત; દસ્તાવેજ સંબંધી જે લખાણ–કરાર વગેરે તે.

લેખવણું, ક્રિ૦ અ૦ ગણવું; ગણકારવું; દરકાર રાખવી; હિસાબમાં લેવું.

લેખવું, ક્રિ૦ અ૦ ગણવું; હિસાબમાં લેવું; ધ્યાન પર લેવું.

લેખા, સ્ત્રી૦ લિપિ; લીટી; રેષા.

લેખાવટિયો, પું૦ ચોપડા વગેરે લખનારો માણસ; લેખક; લખાણ કરનારો. (૨) ગણિત જાણનારો; જોશી; ગણક.

લેખિની, સ્ત્રી૦ [સં.] કલમ; લેખણ.

લેખું, ન૦ લખાણ. (૨) વગર આંકડા માંડયે મોંએ ગણાય એવા હિસાબ તે; ટુંકા સહેલા હિસાબ. (૩) ગણતરી; હિસાબ. (૪) પ્રમાણ; માપ; ગજુ.:– રાજદરબારમાં એનું શું લેખુ ?

લેખે, અ૦ હિસાબે; હરસુજબ. (૨) દરકાર રાખીને; વાસ્તે; અર્થે.:–પરમેશ્વરને લેખે. ક્રિ૦ પ્ર૦ લેખે લાગવું=નજરે પડવું; સાર્થ થવું; કામ લાગવું.

લેજ્જત, સ્ત્રી૦ લેઝત; લહેજ્જત; મઝા; ગમત. (૨) સ્વાદ; રસ.

લેઝો, પું૦ આંખ ઉઘડે ને બંધ થાય એટલો વખત તે; નિમેષ; પળ વાર. (૨) પલકારો.

લેટવું, ક્રિ૦ અ૦ આળોટવું; થોડીવાર સુવું; આડું થવું.

લેણ, ન૦ લહેણું; માગતું; લેવાનું તે. (૨) ગીલીદંડાની રમતમાંનો એક દાવ. (૩) લે એવું–(પ્રત્યય.):–જીવલેણ=જીવ લે એવું.

લેણદાર, વિ૦ માગનાર; આપેલું પાછું લેનાર; દેણદારથી ઉલટું લેણદાર; લેણિયાત.

લેણાદેણી, સ્ત્રી૦ લેવાદેવાનો પૂર્વ સંબંધ તે; ઋણાનુબંધ; અમુકની લેવાની સરજત હોય એવો સંબંધ તે.

લેણિયાત, વિ૦ લેણદાર; માગનાર; આપેલું પાછું લેવાનો હકદાર તે; ધીરનાર; જેનું બીજાપર લહેણું હોય તે:–છોકરો લેણિયાત થઇ આવ્યો છે તે લેણું વસુલ કરી જતો રહેશે.

લેણું, ન૦ આ જન્મનું અથવા પેલા જન્મનું માગતું તે; પાછું લેવાને આપેલું હોય તે; દેવાથી ઉલટું. (૨)બીજાની પાસેથી લેવાનો સંબંધ તે; સુસંબંધ; સુખ થાય એવો સંબંધ તે.

લેતાણ, સ્ત્રી૦ ભય ભરી ગભરામણ; લેમેલ; હાયવાય. (૨) એકદમ ઉતાવળે કામ કરી દેવાની વ્યાકુળતા તે.

લેપ, પું૦ [સં] જાડા–ગાઢા પાણીમાં કાલવેલા દ્રવ્યનું લિંપણ તે; ઢીલા પદાર્થનું લેપન તે; ખરડ; ચોપડેલું–લગાડેલું દ્રવ્ય તે. (૨) પાતળો થર; લપેડો. (૩) ચોપડવાનું–ખરડ કરવાનું ઓસડ તે.

લેપટી, સ્ત્રી૦ લોંદા જેવા દ્રવ્યની લુગદી.

લેપડો, પું૦ પોપડો; થથરડો; થર.

લેપન, ન૦ લેપ કરવો તે; લગાડવું–ચોપડવું તે; લેપ; ખરડ.

લેપવું, ક્રિ૦ સ૦ લગાડવું; ચોપડવું; (૨)

લાગવું; વળગવું; ચોંટવું. ઉ૦ સહુ ચંદ્રને લેપે. (૩) ઓળંગવું; કૂદી જવું—લોપવું જુઓ. લિંપવું.

લેફો, પું૦ લોંદો; લપકો; વળગેલો કાદવ મળ વગેરે તે.

લેબાસ, પું૦ [ફા.] પોષાક; પહેરવેશ. (૨) પહેરવા ઓઢવાની રીત—ઢબ તે.

લેભાગુ, વિ૦ લઇ પડેલું; ઉંડી આવડ હોશિયારી વગરનું; ઉપરચોટિયા જ્ઞાનવાળું. (૨) પારકું થોડું થોડું લઈ પોતાનું છે એમ બતાવનાર; કોઇ કામમાં દોડા દોડી કરનાર, લઇને નાસીજનાર.

લેમેલ, સ્ત્રી૦ લેવા મૂકવાની ઉતાવળ તે; ઉતાવળે કામ કરી દેવાની ગભરામણ; ધાઇ. (૨) વિણાચુંટા, મરવાની તૈયારી. (૩) લૈતાણુ.

લેર, સ્ત્રી૦ લહેર; પવનનો મંદ મંદ તરંગ તે; વાયુનો ધીરો ને ઉતાવળો ઝપાટો તે. (૨) પવનને લીધે હાલતા પાણીપર આવતી નાની છોળો તે; ઝીણી તરંગમાળા; કપડાની કરચલી જેવી પાણીની સપાટી પરની હિલચાલ તે. (૩) આનંદી વિચારનો ઉછાળો; ગમતનો ઉભરો. (૪) કેફની ખુમારી:—બાવાજી ગાંજાની લેરમાં છે. (૫) ઉંઘની અસર. ઉંઘ—આળસના ઘેનનું ડોલન તે. છોળ; ઉભરો; ખળકો. (૬) આનંદ; મોજ; ગમત; તન મનની પ્રસન્નાવસ્થા; સ્વાસ્થ્ય:—બધાંય લેરમાં છે. ક્રિ૦ પ્ર૦ લેરે ચઢવું=ગમતમાં ઉત્સાહે ઉભરાવું; તરંગે ચઢવું; સ્વચ્છંદતાએ બોલવું ચાલવું તે. લેર કરવી=આનંદે સુખ ભોગવવું; મોજમજા માણવી. લેરમાં હોવું=સુખી હોવું. લક્ષ્મી આબાદીની વૃદ્ધિ તે.

લેરખડું, ન૦ લેરખું; ઝુમખું.

લેરખું, ન૦ ફૂલ ફળ કે પાન વગેરેના ભારથી નમીને પવનમાં ઝુલી રહેલું ડાળખી વાળું ઝુમખું; ફળ ફૂલના જથ્થાથી ઝુલતી ડાળી; મંજરી; માંજર; લુમખું.

લેરિયું, ન૦ લહેરની ભાતવાળું લુગડું; ઓટળીદાર તરેહનું લુગડું. લેરિયાં=લહેરલહેર જેવી ભાત—તરેહ તે.

લેરી, વિ૦ મનમોજી; તરંગી; આનંદી; ખુશાલ ચિત્તનું. (૨) વાયે ચઢે એવું; વાયલ; ઠેકાણા વગરનું.

લેલાટ, ન૦ કપાળ; ભાલ. ઉ૦ ટીલડી તપે લેલાટરે.

લેલી, સ્ત્રી૦ લાલ રંગની ચકલી.

લેલું, ન૦ કડિયાનું કેલ પાથરવાનું ઓજાર; લેલો.

લેલુંટ, વિ૦ જેમ લેવાય ને લુંટાય તેવું; ન ધણિયાતું. (૨) લેવા લુંટવાની છૂટ હોય એવું; ઉડાવવાને ખુલ્લું મુકાયેલું હોય એવું તે.

લેલુર, વિ૦ ઉંઘે ઘેરાયેલું; ઉંઘેટું. (૨) ચારે તરફથી મગતું ને ખુલતું એવું તે; ખૂબ લાંબું—પહોળું ને પહોચતું એવું; તંગ કે ટુંકું પડતું નહિ એવું.

લેલેમજનું, વિ૦ હાલ બેહાલ; નિર્ગત; ઝુરીને કાયર ને નિર્બળ થઈ ગયેલું.

લેલો, પું૦ કડિયાનું ઓજાર; લેલું.

લેવટાં, ન૦ નાનાં માછલાં.

લેવડ, સ્ત્રી૦ ઉધાર લેવાનો વ્યવહાર તે; લેવું કરવું તે.

લેવડદેવડ, સ્ત્રી૦ લેવા દેવાનો વ્યવહાર તે; આપસનો સંબંધ; લેણદેણ.

લેવડાઉ, વિ૦ ક્ષિનાળ.

લેવડાવવું, ક્રિ૦ સ૦ લઇ લે એમ કરાવવું; ઉપડાવવું; ઉઠાવરાવવું. (૨) ખરીદ કરાવવું. (૩) લે—ધારણ કરે—ગ્રહે—અસર તળે જાય એમ કરાવવું:—સમ લેવડાવવા; બેસે લેવડાવવું, વગેરે.

લેવાદેવા, અ૦ કોઇ પણ જાતનો સંબંધ; આપવા લેવાનો સંબંધ; લાગતું વળગતું. મારે કંઈ લેવાદેવા નથી; લેવા આપવા । સંબંધ તે.

લેવાવું, ક્રિ૦ અ૦ શરીરે સુકાવું; ફીકા પડી જવું. (૨) લુંટાવું.

લેવું, ક્રિ૦ સ૦ ઇંદ્રિયો અને અવયવોવડે ગ્રહણ કરવું; ધરવું; ઝાલવું; પકડવું; ગ્રહવું ગ્રેવું; ધારણ કરવું.:-ઘડો લે. શીખ લે. (૨) ઉપાડવું; ઉંચકવું. (૩) અંદર દાખલ કરવું; ગળવું. (૪) ખેંચવું; વળગવું. (૫) કબૂલ કરવું. (૬) ખરીદવું; કિમ્મત આપી કબજે કરવું.:-એક રૂપિયામાં આ ચોપડી મળે છે તું લે. (૭) આણવું; લાવવું. (૮) તોડી પાડવું; હરવું; નાશ કરવો. (૯) ધમકાવવું; ઠપકો આપવો. (૧૦) ઉચ્ચારવું; બોલવું; રટવું.:-ઇશ્વરનું નામ લે. (૧૧) અસર કરવી. બીજા ધાતુઓ સાથે મળતાં જુદા જુદા અર્થ થાય છે.:- ક્રિ૦ પ્ર૦ કામ લેવું=ચાંપથી તકેદારી રાખીને કામ કરાવવું. મોં લેવું=મોં આવી જાય એવી દવા લેવી. પત લેવી=ટેક તોડવો, આબરૂ ભાગવી. પણ લેવું=નહિ કરવાનો ઠરાવ કરવો. ગુણ લેવો=આભાર માનવો. ચપ્પણ લેવું=ચાડી ખાવી, ભીખ માગવી, બનવું. લોહી લેવું=તાજા થવું લહાય લેવી=દેવાળું કાઢવું. હાય લેવી-શાપ લેવો; શોષાઇજવું; નબળા પડીજવું. મન લેવું=બીજા માણસના મનનો ભેદ લેવો.

લેવુંદેવું, ન૦ લેણદેણ.

લેશ, વિ૦ કિંચિત્, જરાક; રજ. લેશમાત્ર= થોડુંક; અલ્પ; રજ.

લેસ, સ્ત્રી૦ જરિયેલ કોર-પટી તે; જરીની કિનાર.

લેહ, સ્ત્રી૦ તલ્લીનતા; તાન; રાગ.

લેહકવું, ક્રિ૦ અ૦ ઝુલવું; લચકવું. (૨)મરોડે ડોલવું; હિલોળાવું.

લેહકો, પું૦ અવયવનો ઝુકાવ; મરોડદાર હિલોળ તે; ચાળો; હાથ અને પગ વગેરેનો રૂઆબદાર મરોડ તે. (૨) લટકો.

લેહલીન, વિ૦ એકતાર; તલ્લીન, મશગુલ. ઉ૦ લક્ષવેત્તા લેહલીન વાસના, પરખે પરખનહારોરે. નિરાંતભક્ત.

લેહજત, સ્ત્રી૦ [આ.लज्जत] રસ; સ્વાદ; અંદરની મન રીઝવે એવી ખુબી તે. (૨) મઝા; ગમત આનંદ મોજ; રસ મિઠાશ.

લેહજો, પું૦ [આ. लहज] આંખ મિચાઇને ઉઘડે એટલો અલ્પ વખત તે; ક્ષણ; પળ.

લેહણું, ન૦ માગણું (૨) લેણદેણ. (૩) ભિંડીની દોરી વણતાં એક પછી એક અકેકું છેડું આપવું તે.

લેહર, સ્ત્રી૦ લહેર; લેર, તરંગ. (૨) વેળ; વા; મનનો તર્ક-ઘોડો તે.

લેહેરિયાં, ન૦ વાંકી ચુંકી હારો-ઓકળીઓ તે; પવન અને પાણીના તરંગોથી રેતી ઉપર પડતી લહેરની ભાત તે.

લેહેરી, વિ૦ વાયલ; તરંગી. (૨) મોજી; ગુલાબી; આનંદી.

લેહેવું, ક્રિ૦ સ૦ જાણવું; સમજવું. (૨) પિછાણવું; ઓળખવું; મનમાં આણવું. ઉ૦ જે ચિત્ત અણથી ઉપજે ભાઈ! એમ નિપજતાં લેહેવાય. ધીરો.

લેંકવું, ક્રિ૦ અ૦ ઝુલવું; લચકવું; ડોલવું; ફરફર થવું. (૨) મરોડે ચાલતાં અથવા હિલચાલ કરતાં શોભવું-સુંદર લાગવું. ઉ૦ એવી લીલી લટકો લેંકે, રઘુપતિરામ.

લેંકાવવું, ક્રિ૦ સ૦ લહેકાવવું; ઝુલાવવું; વિંઝવું; હિલોળવું. (૨) તાણી-લંબાવીને બોલવું; દીર્ઘ ઉચ્ચાર થાય તેમ ખેંચીને ઉચ્ચાર કાઢવો. (૪) ધ્રુજાવવું; ફરકાવવું.

લેંકો, પું૦ લહેકો, હાથ વગેરે અવયવ હિ-

લોળી—લાંબા ટુંકા કરીને ચાળો કરવો તે; લટકો; મરોડ. (૨) ચાવી ચાવીને ડહાપણના બોલ બોલવા તે; દીર્ઘ ઉચ્ચાર થાય તેમ ખેંચીને બોલ કાઢવો તે:—હવે તારા લેંકા જવા દે, સાંભળ્યું ?

લેંઘાવું, ક્રિ૦ અ૦ ખોડાવું; લંગડાવું; ચાલતાં પગ ખેંચાવો.

લેંઘી, સ્ત્રી૦ બાળકની સુંથણી; ચોરણી.

લેંઘું, વિ૦ જરા ગાંડા જેવું—અદપાંસળી જેવું તે; ચાલાક ને તેજસ્વી નહિ એવું; દાધારેંગું; ભોળું, ચારબાક નહિ એવું તે.

લેંઘો, પું૦ કમ્મરથી ઘુંટીએ પહોંચી રહે એવું પુરૂષ કે સ્ત્રીનું સિવેલું કમ્મરે પહેરવાનું કપડું; ચોરણો; સુરવાળ; સુંથણો. બેઉ પગને માટે જુદી જુદી ખોલ હોય એવો ધાઘરો.

લેંચી, સ્ત્રી૦ પાતળી ને કુમળી બેપડી રોટલી; મોટી સુંવાળી—પોચી રોટલી:—કેળાં લેંચીનું જમણ.

લૈ, સ્ત્રી૦ લાહી; લાઈ; પેસ્ટ. (૨) લોકોને લાગતા વળગતા એમ:—લોક લૈ. લોકો અને લોકોની પાછળ રહેનારા વગેરે એમ. ઉ૦ લોકલૈ પુંઠે વાત કરે છે.

લૈયો, પું૦ લહિયો; લેખક; નકલ કરનારો; પુસ્તકોનો ઉતારો કરવાનો ધંધો કરનાર.

લો, અ૦ લોહ; લોઢું. (લોહ ઉપરથી.)

લોઇ, ન૦ લોહી; રૂધિર; રક્ત, (૨) લુઇ; કણકની ગોળી.

લોઇયું, વિ૦ લોઢાનું. (૨) લોઢી.

લોક, પું૦ [સં.] નહિ જાણીતાં માણસો તે; વસ્તીમાંનાં માણસો તે; જન. (૨) તર્કશક્તિ ને બુદ્ધિવાળાં પ્રાણીઓથી વસાએલો દેશ ભૂમિ; ખંડ વગેરે તે:—માનવલોક; દેવલોક; સ્વર્ગલોક, વગેરે. (૩) દુનિયા; જગત; મલક; આલમ; મૃત્યુવશજીવ સૃષ્ટિ. (૪) પ્રજા; રૈયત. (૫) કોમ; જાતિ; વર્ગ વગેરેમાં વહેંચાયલો માનવસમૂહ તે:—કોળીલોક; ધોબી લોક ક્રિ૦ વસવાયા લોક વિપ્ર સંધાતે પાડયો વાંધો. (૬) માણસ જાતિ તે; માનવ. ત્રણ લોક=સ્વર્ગ. મૃત્યુ અને પાતાળ. સાતલોક=ભૂર, ભુવર, સ્વર, મહર, જન, તપ અને સત્ય. ભૂર્લોકમાં બીજા સાત લોક ગણાય, એટલે ચોદ લોક થાય છે.

લોકડિયાં, ન૦ સાધારણ લોક તે. કવિતામાં વપરાય છે.

લોકપાળ, પું૦ [સં.] ગ્રામ દેવતા; દિશાઓનું રક્ષણ કરનાર દેવ તે.

લોકપ્રિય, વિ૦ [સં.] જન સમુદાયમાં જેણે પ્રેમ ચાહ ઉત્પન્ન કરેલો હોય તે; લોકને ગમતું—માનીતું એવું તે.

લોકમત, પું૦ [સં.] આસપાસની વસ્તીમાં અમુકને માટે જે સારો ખોટો વિચાર બોલાતો હોય તે; લોકાભિપ્રાય; સામાન્ય માણસો જે સારૂં ખોટું કહેતાં હોય તે.

લોકલાજ, સ્ત્રી૦ લોકમાં લાજ લાગવી તે; લોક શરમ; લોકમાં સારૂં ખોટું બોલાય તેનો જે ડર તે.

લોકવાયકા, સ્ત્રી૦ લોકમાં બોલાતી—ચર્ચાતી વાત તે; લોકમાં વગર આધારે બીન સત્તાવાર રીતે જે કંઇ વાત થતી હોય તે; ગપ; અફવા.

લોકાઇ, સ્ત્રી૦ લોકપણું; પરાયાપણું.

લોકાચાર, પું૦ લોકમાં ચાલતો આચાર તે; લોકોમાં મોટે ભાગે ચાલતી જે આચરણ પદ્ધતિ હોય તે; વ્યવહાર; રૂઢિ; રીત; ચાલ. ઉ૦ લોકાચારથી ઉલટું, સાચું ખોટું ગણાય; ' મા ' કહેવાય, પરંતુ ના ' બાપની વહુ ' કહેવાય.

લોકાપવાદ, પું० [સં.] લોકમાં અમુકને માટે જે બુરૂં બોલાવું તે; લોકો તરફથી મુકાતો દોષ તે; લોકમાં નઠારૂં કહેવાવું તે.

લોકાયત, પું० [સં.] ચાર્વાક મત, કર્મ અને ઈશ્વિર વગેરે પ્રાચીન સિદ્ધાંતોને નહિ માનનારાઓનો એક મત-સંપ્રદાય. ગમે તે રીતે ઈશ્વિરને નહિ માનનારાઓનો પંથ તે; નાસ્તિક મત તે.

લોકીક, ન० સગાં સ્નેહી કે ઓળખીતાને ત્યાં થયેલા મરણ ટાણે દુઃખ કરવા-દુઃખ વિસરાવવા જવું તે; રોવા-કાણ કૂટવા કે નાંખવા જવું તે; ખરખરો.

લોકો, પું० લોક; જન; જનતા; પ્રજા; રૈયત; માણસો. (૨) નહિ ઓળખીતા અને નહિ જાણીતાં એવા માણસો તે.

લોકોત્તર, વિ० [સં.] લોકમાં ઉત્તમ ગણાતું હોય એવું; આલોકમાં શ્રેઠ હોય એવું; અતિ ઉત્તમ; લોકમાં ન હોય એવું; ઘણું સરસ; દૈવી.

લોકોપકાર, પું० [સં.] સૌ લોકનું સારૂં કરવું તે; સૌ લોકના કલ્યાણની વાત-બાબત તે; સાર્વજનિક કલ્યાણ.

લોખંડ, [સં. લોહ.] લોઢું; લોહ; ખડ્ડ; તીખું; કાળી પણ કઠણ અને ઘસવાથી ચકચકિત થનારી એક સાધારણ થઈ પડેલી ધાતુ. એનાં ઓજાર વગેરે બને છે.

લોખંડી, વિ० લોખંડનું; લોઢાની બનાવટનું. (૨) લોખંડના જેવું દઢ, ભાગે તૂટે નહિ એવું; સખત; મજબુત. (૩) કઠણ :- લોખંડી મુક્કો.

લોચક, વિ० લોચા જેવું પોચું; રૂના લોચા જેવું. (૨) ન० લોચો; લોંદો; પિંડ; ગોળો. (૩) સ્તન; કુચ. (૪) સુતારનું હથિયાર-ઓજાર. (૫) કાજળ. (૬) સાપની કાંચળી.

લોચન, ન० [સં.] આંખ; નેત્ર; નયન; ચક્ષ. ઉ० લોચન મનનો હો રાજ, ઝગડો લોચન મનનો. (૨) ચુંટી નાંખવું; તોડી નાખી દેવું. ઉતારી લેવું. તે તો વસ્તર લોચન કરી ગયો.

લોચના, સ્રી० બેચેની; અસુખ.

લોચવું, ક્રિ० અ० આમ તેમ આળોટવું; ગોથાં ખાવાં; લોથવું. (૨) ચુંથાવું; લોચા જેવું થઇજવું. (૩) ચહાવું; તલસવું. (૪) બોલબોલ કરવું.

લોચાવું, ક્રિ० અ० લોચા જેવું થઈ જવું; ચુંથાવું-એક સરખું નહિ રહેવું પણ એક બાજુ તરફ એકઠું થઇજવું. (૨) મિચાવું; પાંપણો આળસથી એજો એજો મિચાઇ જવી.

લોચો, પું० [સં. લુંચ्] લોંદો; લચકો; ગોળો; ઢીલા ઘટ પદાર્થનો થોડો જથો તે. (૨) ડમુચો; ભેગું થઇ ગયેલું કપડું કે બીજો પદાર્થ તે. (૩) નહિ સુલાયમ થઇ જતો લચકા=ગાંઠા જેવું આમ તેમ ઘોળાયા કરતું તે.:-મોંમાં લોચા વળે છે. (૪) ગડબડ ગોટાળો. (૫) નહિ સમજાય -વેચાય એવું કરી નાંખેલું તે. (૬)વાંધો; તકરાર. ક્રિ० પ્ર० લોચા વાળવા=ગડબડ ગોટાળો કરવો. ખુલ્લે ખુલ્લું-સમજાય તેવું સ્પષ્ટ નહિ લખવું બોલવું તે; ગોંધળ કરી મૂકવું. લોચા કાઢવા=ચોખ્ખું કરવું; દેવું લહેણું, ખરૂં ખોટું-ઉંધું ચતું જે ગડબડવાળું હોય તે બધું જોઈ નિકાલ કરવો. લોચો પોચો=કપડું અથવા ભિંજાયેલા ચૂર્ણ જેવું જે એક આકારમાં કડક-અક્કડ રહી શકે નહિ એવું તે; લોંદા-લચકા જેવું; પિંડ જેવું:-લોચો પોચો માડીનો ને છેલ છબિલો લાડીનો. સત્યભામાખ્યાન.

લોટ, પું० [સં. લોષ્ટ.] અનાજ વગેરેનો બારીક ભુકો તે; આટો; ચૂર્ણ. (૨) જેર; ભુકલી; રેત; ઝીણી કચુંબર; ગર. ક્રિ० પ્ર० લોટ માગવો=ભીખ માગવી. કંગાલ ભિખારી થઈ જવું. લોટ ફાકવો=ગાંડાની

આપડ અમે તેમ બકવું; વિકળતા–કાયરતા દેખાડવી; સાધન રહિત સ્થિતિ બતાવવી. ૩૦ પ્ર૦ લોટ ચાટતું=પાયમાલ કંગાલ હાલતે જઈ પડેલું; નિર્ધન; સાધનરહિત; લોટ ચાટતો કર્યો=પાયમાલ કર્યો; ખરાબ કરી નાંખ્યો એમ. કહે૦ હસવું ને લોટ ફાકવો=એમાંથી એકકે બરોબર બની શકે નહિ એવું મોખ્ખું તે. લોટ ફાકે ને હસવા જાય એટલે લોટ મોંમાંથી ઉડી જાય અને બરોબર હસાય નહિ અને બેઉ બગડે. સાથે ન બને એવી બે બાબતો કરવા જેવી મૂર્ખતા કરવી તે. લોટ ઉડવો=સડી જવું; પાયમાલ થઈ જવું; ભિખારી થઇ જવું; ખલાસ થઇ જવું; કંઈ અવશેષ નહિ રહેવું.

લોટકું, ન૦ માટીનું નાનું વાસણ; ઢોચકું; સહેજ મોટો ચેડવો; લોટું.

લોટણ, ન૦ [સં. लुठ.] લોટવું તે; લુંઠન; આળોટવું તે; લોટવાની ટેવ તે. ગધેડાં, ઘોડાં અને ઉંટ વગેરે પ્રાણીઓ લોટીને થાક ઉતારે છે. એક પ્રાણી આળોટે એટલે બીજાને તેમ કરવાનું મન થાય છે.:–અરધી નદીએ ગયા એટલે ઉંટ કહ્યું કે મને લોટણ આવ્યું છે. ગધેડા! તને જેમ ખેતરમાં ભુંકણ આવ્યું હતું તેમ મને લોટણ આવ્યું, હું શું કરૂં, હું તો લોટીશ. (૨) વિ૦ લોટતું હોય તેમ ઉડનારૂં, કબુતરની એક જાત.

લોટપોટ, વિ૦ મોઢ માથે–બધું શરીર ઢાંકીને સુતેલું–પડેલું; ગોટમોટ થઈ ઓઢીને પડેલું. (૨) થાક અથવા અશક્તિથી નિ:સત્ત્વ થઇ પડેલું; આય વગર થઈ ગયેલું; બોલવું ચાલવું બંધ કરી પડેલું.

લોટવું, ક્રિ૦ અ૦ [સં. लुठ् .] આમને આમ તેમ શરીર ફેરવ્યા કરવું; સુતા સુતા આળોટવું; શરીરને આમ તેમ ગબડાવ્યા કરવું. (૨) સુવું:–ઘડીવાર લોટીજાઓ.

લોટિયું, ન૦ ઘંટીના થાળામાંથી લોટ વાળી લેવાનું લુગડું; લોટ ઉસરડી લેવાનો કપડાનો કકડો તે.:–ઘંટીમાંથી કુતરાં લોટિયાં લઇ જાય છે. (૨) વિ૦ માટીના લોટાના તળિયા જેવું; બોડુંરોડું.:–લોટિયો વહોરો. લોટા જેવા બોડા માથાવાળો.

લોટી, સ્ત્રી૦ નાનો લોટો; કસલી. (૨) માટીનું નાનું લોટા જેવું વાસણ.

લોટું, ન૦ માટીનો કળસિયો; ઢોચકું; માટીનું નાના ઘડા–ચેડવા જેવું વાસણ તે.

લોટો, પું૦ નાના ઘડા જેવું ધાતુનું પાણી પાત્ર; કળસિયો; તાંબિયો. ૩૦ પ્ર૦ લોટે જવું=ઝાડેજવું; હગવાજવું.

લોડ, પું૦ લોઢ; તરંગ; છોળ. (૨) તાપથી માટી ગળી જઇને બાઝેલો ગઠ્ઠો.

લોઢી, સ્ત્રી૦ લોઢી; તવી.

લોઢું, ન૦ લોહ; લોઢું; લોખંડ. (૨) હથિયાર. (૩) લોઢાનું ઓજાર.:–આ સુતારનાં લોડાં–ઢાં સારાં નથી.

લોઢ, પું૦ મોજો; તરંગ; છોળ.:–દરિયામાં ભરતી ચઢતાં મોટા લોઢ આવે છે. (૨) હિંદોળો; હિલોળ. (૩) માટી મળ વગેરેનો કઠણ ગઠ્ઠો તે.:–બંધકોશને લીધે એના પેટમાં લોઢ બાઝી ગયા છે તે નિકળશે ત્યારે તાવ ઉતરશે. (૪) લોઢાનો લઠ્ઠો–લાટ તે.:–ચરખામાં એક લોઢાનો લોઢ ને બીજી લાકડાની લાટ એ બેની વચ્ચે કપાસ લોઢાય છે. લોખંડનો પાટડો.

લોઢવું, ક્રિ૦ સ૦ બે લાટો વડે કપાસમાંથી કપાસિયા ને રૂ જુદાં પાડવાં; પીલવું; કપાસને રૂ જુદાં પાડવાં. કપાસ લોઢવાનો સાંચો 'જીન' ચરખો લાટોથી પીલવું.

લોઢી, સ્ત્રી૦ તવી; તવો. (૨) બહેન.

લોઢું, ન૦ [સં. लोह] લોઢું; લોખંડ; બઇ; પોલાદ; કાળી ને કઠણ ધાતુ. (૨) ઓજાર; હથિયાર; વતરણું:–સીલા ઠાર! કાલે તમે કામે આવશો એવી ખાતરી

તો ત્યારે પડે કે જ્યારે તમે લોઢાં અહિં મૂકતા જાઓ.

લોથ, સ્ત્રી૦ લાસ; મડદું; શબ. (૨) ટટાર રહી ન શકે એવું થઈ ગયેલું તે; નિઃસત્ત્વ થાકીને લોચા જેવું થઇ ગયેલું હોય એવું તે. (૩) વિ૦ ઠોઠ; બેહોશ; ઢીલું–નરમ થઈ ગયેલું.

લોથડી, સ્ત્રી૦ ભરસાડમાં શેકેલી ભાખરી.

લોથવું, ક્રિ૦ અ૦ પીડાને લીધે ચેન નહિ પડવાથી પથારીમાં આમતેમ આળોટવું; આમતેમ ગોથાં–ગડબડિયાં માર્યા કરવાં; ગડમથલ કર્યા કરવું; આમતેમ લોટયા કરવું. (૨) આરામ માટે વળખાં મારવાં; અજંપો કર્યા કરવો.

લોથિયું, વિ૦ નરસું; નઠારૂં; ખરાબ. (૨) માલ વગરનું; નિઃસત્વ; કંઈ કામનું નહિ એવું; લોથાડ; નકામું.

લોદવું, ક્રિ૦ સ૦ ખુંદવું; ગુંદવું. ?

લોધર, ન૦ [સં. लोध्र] એક ઓષધિ; એક જાતના ઝાડનું છોડિયું. દવા તરીકે વપરાય છે. (૨) એક ઝાડ.

લોધો, પું૦ દોંગો; લાંબો ને મજબુત બાંધાનો માણસ; લઠ્ઠ.

લોપ, પું૦ [સં] નહિ દેખાવું તે; નજર બહાર હોવું તે; જતું રહેવું તે; અભાવ. પ્રત્યક્ષ નહિ જણાવું-દેખાવું તે.

લોપડચોપડ, ન૦ ચીકટ; ઘી, તેલ વગેરે ચીકણાં દ્રવ્યો–તેલો વગેરે તે.

લોપવું, ક્રિ૦ સ૦ ઓળંગવું; ઉથાપવું; નહિ માનવું; અવજ્ઞા કરવી.:–તેણે મારી આજ્ઞા લોપી.

લોબડી, સ્ત્રી૦ ઉનનું બારીક વણાટનું સુંદર વસ્ત્ર; સ્ત્રીઓને પહેરવાની સુંદર ધાબળી; બારીક વણાટનું ઉનનું કાપડ–એ કાપડની ઓઢણી વગેરે તે. ઉ૦ અલ્યા! લાખ ટકાની મારી લોબડીજો.

લોબાન, પું૦ એક જાતનો ગુંદર. એ ધૂપ કરવાના તેમજ દવાના કામમાં આવે છે.

લોભ, પું૦ [સં.] કોઈ વસ્તુ મેળવી લેવાની તીવ્ર લાગણી–ઇચ્છા તે; તૃષ્ણા; લાલચ. કહે૦ લોભ પાપનું મૂળ. લોભે લક્ષણ જાય.

લોભાવવું, ક્રિ૦ સ૦ લલચાવવું; મેળવવાની ઇચ્છા કરાવવી; લાલચમાં નાંખવું.

લોભાવું, ક્રિ૦ અ૦ લોભમાં પડવું; લાલચું થવું.

લોભિયું, વિ૦ લોભી; તૃષ્ણાવાળું. કહે૦ લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે.

લોભી, વિ૦ લાલચું; જેને કોઈ વસ્તુ મેળવવાની ઘણી ઇચ્છા હોય એવું; તૃષ્ણાળુ.

લોમ, ન૦ [સં.] રોમ; વાળ; કેશ; રૂંવું; નિમાળો.

લોમડી, સ્ત્રી૦ પાતળી કાંબળી; બારીક વણાટની ધાબળી.

લોમવિલોમ, વિ૦ ઉલટું સુલટું; અવળું સવળું. (૨) સમવિષમ; વહેરો આંતરો.

લોયું, જુ૦ લોહિયું.

લોલ, વિ૦ ચચળ; ફરફર થતું હોય એવું; ઝુલતું ને રમતું. (૨) સુંદર; સુરેખ. લચીને તાળી પાડતાં રાગની ટુકમાં વધારાતો લલિત શબ્દ. ઉ૦ સજની શા માટે રિસાણી, કે રાણી રાધિકારે લોલ.

લોલક, ન૦ ઝુલતું લટકણિયું; લટકતી ને ઝુલતી એવી વસ્તુ :–ઘંટની જીભ, લોળિયું વગેરે. ઘડિયાળનું લોલક; પેંડુલમ.

લોલણી, સ્ત્રી૦ લટકાળી સ્ત્રી; લાડલી; સુંદર સ્ત્રી. ઉ૦ શીલ સંતોષ કહો તો તુસીઓ ઘડાવું; ગનાન ઘુઘરા મુકાવું, હો લોલણી, સાચી સમજણ બુદ્ધિને બોટીરે લાગે.

લોલા, સ્ત્રી૦ જીભ.

લોલિયું, ન૦ લોળિયું; કણુસલું; ઉમી; કંટી. (૨) વિ૦ નમાલું.

લોલુપ, વિ૦ [સં.] લાલચું; લોભિયું; ઇચ્છાવાળું; ઇપ્સુ.

લોવું, ક્રિ૦ સ૦ લહોવું; લૂછવું; કપડાથી પાણી-મેલ વગેરે ઘસી કાઢવાં તે.

લોહ, ન૦ [સં.] લોઢું: લોખંડ.:-લોહભસ્મ. લોહકાન્ત=ચમકપહાણ.

લોહચુંબક, ન૦ ચમકપહાણ; અયસ્કાન્ત; લોઢાને ખેંચવાના ગુણવાળું એક દ્રવ્ય; પત્થર.

લોહડું, ન૦ લોઢું; લોહું; લ્હોહું.

લોહર, વિ૦ લાંબો ને જાડો લોઢાનો સળિયો. પાતળો લાંબો ને કડક માણસ-લોહરિયો. નિર્લજ, બેશરમો.

લોહવું, જુ૦ લોવું; લૂછવું.

લોહિયાળ, વિ૦ લોહીનું ભરેલું; સ્થૂલ નહિ પણ જેનામાં તાજું ખૂબ લોહી હોય એવું.

લોહિયાળું, વિ૦ લોહીવાળું; લોહીથી ખરડાયેલું હોય એવું. ઉ૦ મુખ લોહિયાળું પેલે કર્યું ને જાણ્યું માએ બાળક મર્યું. સામળ.

લોહિયું, ન૦ પેણી; કઢાઈ. (૨) તવો; લોઢી;

લોહી, ન૦ [સં. લોહ] પ્રાણીઓના શરીરમાં ફરતું રહેતું લાલ-લોહિત પ્રવાહી તે; રૂધિર; રક્ત; ખૂન. (૨) તુકમ. (૩) સગપણ. ક્રિ૦ પ્ર૦ લોહી આવવું=શરીર ભરાવું; પુષ્ટ થવું. લોહી ઉકળવું=ક્રોધ ચઢવો. લોહી ઉડીજવું=ફીકા પડી જવું. શરમિંદા થઇ જવું; ઝાંખા પડી જવું. લોહી પડવું=છાતી કે ગુંદામાંથી ચોખ્ખુ લોહી નિકળવું. લોહી પીવું=સંતાપવું; દુઃખ દેવું; હેરાન કરવું. લોહી બળવું=ચિંતા થવી; સોસાઇ જવાવું; સંતાપ થવો. લોહી મુતરાવવું=ખૂબ સીતમ ગુજારવો; મહા દુઃખ દેવું ને દુઃખી કરવું. ત્રાસ આપવો. રૂ૦ પ્ર૦ લોહીનું તરસ્યું=દુઃખ દેનારૂં; સંતાપનારૂં. લોહીનો કોળિયો=મહા દુઃખ ને શોકનો ભોગવટો; દિલગીરીનું ખાવું તે. લોહિયાળે મોઢે=મોટા શોકને વખતે; કારી ઘા વાગેલો હોય તેવે સમે. મીઠા લોહીનું=વહાલ ઉત્પન્ન કરે એવા શરીર અને સ્વભાવનું; વહાલ આણે એવું.

લોહીલુહાણ, વિ૦ લોહીલોહી થઇ ગયેલું; લોહીના ઓઘરાળાવાળું; લોહીચુતું.

લોળિયું, ન૦ કાનની બુટનું ઘરેણું. (૨) કણુસલું.

લોળો, પું૦ જીભના ટેરવાનો ભાગ તે.

લોંકડી, સ્ત્રી૦ એક નાનું ચોપગું જનાવર.

લોંડાપણું, ન૦ ગુલામગીરી; દાસત્વ.

લોંડી, સ્ત્રી૦ ઘરકામ કરવાને વેચાતી રાખેલી સ્ત્રી; દાસી; ચાકરડી.

લોંડો, પું૦ ગુલામ; દાસ; ચાકર; હલકાં ઘરકામ વગેરે કરવાને વેચાતી રાખી લીધેલો માણસ તે.

લોંદો, પું૦ લચકો; ચીકણા નરમ પદાર્થનો લોચો તે.

લોંબડી, સ્ત્રી૦ [સં. રોમ.] ઉનનું બારીક વણાટનું કપડું તે.

લૌઓ, પું૦ લકીઓ, લૌવો. મોટા માણસો અને રાજાઓ આગળ તગકડાં કરનારો-હાજરજવાબી માણસ; મસ્કરો; વિદૂષક; વૈહાસિક.

લૌકિક, વિ૦ [સં.) લોકમાં ચાલતું એવું; સાધારણ. (૨) દુનિયાદારી (૩) ખરખરો.

લૌહિત, વિ૦ [સં.) લાલ રંગનું; રાતું.

લ્યાનત, સ્ત્રી૦ ધિક; ફટ; શરમ; ફિટકાર.(૨) નામોશી; બદનામી.

લ્યાળો, પું૦ અંગારો; બળતો કોયલો.

—×—

વ, પું૦ [સં. **વ્**] ગુજરાતી મૂળાક્ષરોમાંનો ૪૦ મો અને વ્યંજનોમાંનો ૨૯ મો વર્ણ. (૨) અ૦ અથવા; વા. (૩) અને.

વઇ, સ્ત્રી૦ વૈ; વાઇ. વાયુનું દરદ; ફેફરૂં. આ દરદથી માણસના હાથ પગ અને મોં વગેરે ખેંચાઈ જાય છે, ફીણ આવે છે અને ભાન જતું રહે છે.

વઇદ, પું૦ [સં. **વૈદ્ય**] દવા કરનારો; ચિકિત્સક; કવિ રાજ; વૈદ. ઉ૦ ફાટયું ગુમડું વઇદ થયો વેરી; મોહન વહેલા આવજો મથુરાંથી.

વઇદું, ન૦ દવા આપવાનું કામ તે; પ્રાણીનો રોગ જોઇ તેના પ્રતીકાર માટે ઉપચાર કરવાનું કામ-ધંધો તે. વૈદું. (૨) ફૂટી નાંખવું તે; દવાની માફક કચરી નાંખવું તે.:-તારી પાસે આવે તો તું એનું વઇદું કરજે.

વઇશાખ, પું૦ [સં. **વૈશાખ**,] વૈશાખ વિક્રમ સંવતનો સાતમો ને શાલિવાહન શકસંવત્સરનો બીજો મહીનો. ઉ૦ વઇશાખે વાવલિયા વાયા.

વઉ, સ્ત્રી૦ [સં. **વધૂ**] પરણેલી-પત્ની; બાઈડી; ધણિયાણી. (ગુણવતી.):-મોતીલાલની વઉ=મોતીલાલની પત્ની. (૨) છોકરાની, ભાઇની, ભાણેજ ભતરીજાની કે સ્નેહી સંબંધીની-વરવાળાં તરફની સગાઇએ પરણેતર તે; છોકરાની સ્ત્રી તે. ઉ૦ વઉરે વઉ મારાં સરદાર વઉ લંકા લખી દેખાડો કઉ. (૩) પરણેલી સ્ત્રીના નામ આગળ સાસરિયાં તરફથી પત્નીને અર્થે લગાડતો શબ્દ.:-ગિરિજાવઉ; શામાવઉ (૪) ચીરો; તરડ; ફાટ.:-પગમાં વઉઓ પડી જાય છે.

વઉઅર, ન૦ વહુવર; પતિપત્ની; ધણી ધણિયાણી. (૨) નવું પરણેલું વરકન્યાનું જોડું તે. (૩) તરત પરણીને આવેલી નવોઢા; વરવાળી-સૌભાગ્યવતી સ્ત્રી; માથે વડીલો હોય એવી જુવાન સ્ત્રી. ઉ૦ ઓશિયાળી દિસે દ મણી, વઉઅર આવી સાસુ ભણી. પ્રેમાનંદ, લાડકી-માનિતી વહુ તે. ઉ૦ વઉઅર વહેલાં આવજો, વહુવર; વધૂવર.

વઉઆરૂ, ન૦ વહુવારૂ; સાસરિયાંમાં વહુરૂપે રહેલી જુવાન સ્ત્રી; પાકી સમજણવાળી નહિ એવી જુવાન-વરઘેલી વહુ તે. વહુપણામાં રહેલી એવી તરૂણ સ્ત્રી. ઉ૦ વઉઆરૂ માણસરે, ડાહ્યાં બહુ થશો માં, જળ ભરવા એકલડાંરે, હવે પછી જાશો માં. દયારામ.

વકટ, ન૦ [તે. **વકટુ-એક**] ગીલી દંડાની રમતમાં મોઇ અને ગબી(બદી)ની વચ્ચેનું અંતર તે. એ અંતરાળ ભરતાં વકટ ભરવી, એમ બોલાય છે. વકટરેંડ=એક બે, એમ ગણતરીમાં બોલાય છે.

વકરવું, ક્રિ૦ અ૦ [સં. **વિ-કૃ**] ફરી જવું; વિકાર પામી બદલાવું; પટલાઈ જવું; વિપરીત થઇ જવું. (૨) ફાટવું; બહેકવું.-વકર્યો ઉંદર ઢોળ થાય. (૩) જોરથી ફુટી નિકળવું; ફાલવું.-તડકો નિકળવો, રાંપડી દીધી ને પછી બાજરીના છોડ એવા વકર્યા કે કંઇ પ્રજોજ નહિ. (૪) આડું-વાંકા થવું. (૫) સામા થવું; છટકવું; ખસીજવું.

વકરો, પું૦ [સં. **વિક્રય**] વેચવું તે. (૨) વેચાણ. (૩) વેચાણથી ઉપજેલા પૈસા તે. (૪) વેચાણને લગતું નામું તે. (૫) બદલે-કિમ્મત આપીને લીધેલું હોય તે. ક્રિ૦ પ્ર૦ વકરો કરવો=વેચવું; માલ વેચીને નાણાં કરવાં તે.

વકારવું, ક્રિ૦ અ૦ વકરે એમ કરવું; ચડાવવું; ઉશ્કેરી મૂકવું. (૨) બહેકાવવું; સામું થાય એવું બનાવવું. (૩) બળ આણવું; ધણધણાટી આણવી. ઉ૦ વૃક્ષો-

ફરે વકારી, એક મુક્કી તેને શિર મારી.

વકાલત, સ્ત્રી૦ [अ.] વકીલનું કામ તે; વકીલ તરીકેનો ધંધો તે.

વકાલતનામું, ન૦ વકાલત કરવાની સત્તાનો લેખ; મુખત્યારનામું તે.

વકાસ, પું૦ ખીલવું તે; અવકાશ, તરડ; બોલ.:-બારણામાં વકાસ છે.

વકાસવું, ક્રિ૦ અ૦ ફાડવું; પહોળું કરવું ઉઘાડવું. (૨) મોં ફાડીને ટકટક જોયા કરવું; નહિ ફાવવાથી નાસીપાસ થઈને બેસીરહેવું. (૩) ક્રિ૦ અ૦ ઉઘડવું; ખીલવું; પ્રફુલથવું.

વકી, સ્ત્રી૦ [**अ. वाकिअ**] વકી; સંભવ; જોગ. (૨) વાટ; વાયદો; રાહ. (૩) ઉમેદ; આશા; ધારણા. (૪) અંદાજ; મદાર. ઇચ્છેલા સમયની આશા. વકી રાખવી=આશા–ઇચ્છા રાખવી. (૩) લાગ; પ્રસંગ; કોઇ વસ્તુ બનવા-થવાનો સંભવ હોવો તે.

વકીલ, [अ] પર રાજાના દરબારમાં રાખેલો પોતાનો માણસ તે; એલચી. (૨) આડતિયે; સત્તાથી કામ કરનારો માણસ. મુખત્યાર. (૩) ઇનસાફની અદાલતમાં પક્ષકારો તરફની દલીલો કરનાર સનંદી માણસ. અમુકની તરફેણું સત્તા–લઇ કાયદેસર લડત ચલાવનારો માણસ.

વકીલાત, સ્ત્રી૦ વકીલનું કામ-ધંધો તે. (૨) વકીલપણું; બીજાની તરફથી દલીલ-વિવાદ ચલાવવાનું કામ તે

વકુફ, સ્ત્રી૦ [अ **वकूफ**] સમજ; અક્કલ. (૨) ડહાપણ; શાણપણ; ધીરજ અને જ્ઞાનવાળી યોગ્યતા તે. વકુફદાર=સમજુ; ડહાયું; વકુબ.

વકકર, પું૦ [**अ. वकूर**] ભાર બોજ; માન મર્તબો; મોભો; વજન. (૨) દાબ; માની-શેઠ. (૩) લાયકીવાળી રીતભાત; ઢંગ. (૪) વિ૦ લોંઠ કપડું; તોફાની; પક્કું ને આકરા મિજાજનું:-વક્કરનો પિંડ. ક્રિ૦ પ્ર૦ વક્કર ખોવો=વજન ગુમાવવું; હલકા પડીજવું.

વક્તવ્ય, વિ૦ [**सं.**] બોલવા જેવું; બોલવાને-યોગ્ય કહેવા જેવું તે. (૨) ભાષણ; ઉક્તિ.

વક્તવ્યતા, સ્ત્રી૦ [**सं.**] બોલવાપણું; કહેવા જેવું જે તે. (૨) અપવાદ; દૂષણ.

વક્તા, વિ૦ [**सं**] બોલનાર; ભાષણકાર; કથા કરનાર:-શ્રોતાવક્તા.

વક્તૃત્વ, ન૦ [**सं.**] બોલવું તે; બોલવાની શક્તિ-છટા તે; ભાષણછોપ. છટાદાર રીતે બોલવાની સફાઇ તે

વક્ત્ર, ન૦ [**सं.**] મોં; મોઢું; મુખ; વદન (૨) ચહેરો.

વક્ર, [**सं.**] વાંકું; આડું; તેડું. (૨) વજેલું. (૩) ઉલટું; વિરુદ્ધ

વક્રતા, સ્ત્રી૦ [**सं.**] વાંકાપણું; વાંકડાઇ; વાંક; આડ.

વક્રી, વિ૦ [**सं.**] વાંકી ગતિએ જનાર; વાંકુ ચાલનાર. ( ) એક રાશિમાંથી બીજી રાશિમાં જતું રહે એવું વક્રનો ગ્રહ. વક્રીભવન=કિરણોનું ઉલટાં-સામે અડાપડવું તે.

વક્રોક્તિ, સ્ત્રી૦ [**सं.**] કટાક્ષનું બોલવું તે; વાંકમાં કહેવું તે. (૨) મહેણું; ટાણો; ડપકો. (૩) એક કાવ્યાલંકાર.

વક્ષ:સ્થળ, ન૦ [**सं.**] છાતી; પેટની ઉપરની પાંસળીઓની પેટી તે.

વક્ષ્યમાણ, વિ૦ [**सं.**] આગળ કહેવામાં આવનારૂં તે; આગળ પર બોલવાનું તે.

વખ, ન૦ [**सं.** विष] વિષ; ઝેર. (૨) દ્વેષ.

વખત, પું૦ [**अ. वक्त**] કાળ; સમય. (૨) મોસમ; ઋતુ. (૩) સંધી; લાગ; તક; જોગ. (૪) માઠી હાલત. (૫) મોડું. (૬) નવરાશ; ફુરસદ. (૭) ગીલી

દંડાની રમતમાં એક દાવ. રૂ૦ પ્ર૦ એ વખત=કવખત–યોગ્ય અવસરે નહિ એમ, મોસમનો વખત નહિ તે.

વખવખ, સ્ત્રી૦ ખાઉખાઉ; ભૂખનાં વળખાં, વલોપાત; વખવખાટ; વખવખો. કોઇ પ્રકારની ઇચ્છાની તૃપ્તિ માટેનો વાલોપાત તે. (૨) કણકણ; રગરગ. (૩) વિણાચુંટા.

વખવખવું, ક્રિ૦ સ૦ ખાઉંખાઉં કરવું; વળખાં મારવાં; શાંફાં મારવાં. (૨) રગરગ કરવું; કણકણવું.

વખવખાટ, પું૦ વખવખ; વલોપાત. અન્ન પાણી અથવા બીજી કોઇ ઇચ્છાને તૃપ્ત કરવા માટે વલોપાત કર્યા કરવો તે; વળખાં મારવાં તે (૨) ખાઉંખાઉં કર્યા કરવું તે; ખાઉધરા વેડા. (૩) કકણાટ.

વખવાદ, પું૦ વિખવાદ; દ્વેષ; ઝેર. (૨) ટંટો; કજિયો.

વખાણ, ન૦ [**सं. व्याख्यान**] પરમેશ્વરના ગુણ ગાવા તે; તીર્થંકરોનો ગુણાનુવાદ ગાવો તે. જૈનોમાં. (૨) તારીફ; સ્તુતિ; પ્રશંસા. (૩) શાબાશી.

વખાણવું, ક્રિ૦ સ૦ તારીફ કરવી; ગુણ ગાવા. (૨) માન આપવું. પ્રશંસા–સ્તુતિ કરવી. કહે૦ વખાણી ખીચડી દાંતે વળગી.

વખાણું, ન૦ લોકમાં વ્યાખ્યાન રૂપ થઇ પડેલી જે શિખામણની ધાત તે; શિક્ષા વચન; લોકસત્ય; ઉખાણું; કહેતી.

વખાર, સ્ત્રી૦ [**प्रा. वक्खारिअं**] વેચવાનો માલ રાખવાનું સ્થાન–મકાન તે; કોઠાર; કોઠી; માલ ભરેલી દુકાન. ક્રિ૦ પ્ર૦ વખારે નાંખવું=ઓછી અગત્ય આપવી; ટાઢો આવકાર આપવો. લંબાણ પર–પડયા ખાતે રાખી મૂકવું. બહુ દરકાર કે ઉત્સાહ નહિ દેખાડવો તે.

વખારિયો, વિ૦ વખારનો માલીક. (૨) વખાર ઉપર રહેનારો નોકર. (ગોડાઉનકિપર)

વખારી, વિ૦ વખારિયો. કહે૦ છપ્પન વખારી ને ભારો કુંચી.

વખુટું, વિ૦ વિખુટું; જૂથથી જુદું પડેલું; સાથમાંથી છુટું પડી ગયેલું.

વખું, વિ૦ પક્ષનું; તરફનું; ચાહ–પ્રીતિ–ચલણવાળું.: પિયેરવખું બાઇડી. (૨) ના૦ પક્ષ; ઓથ; વગ; સહાય.

વખેરવું, ક્રિ૦ સ૦ વિખેરવું; જુદા પડે એમ કરવું; છુટું કરી નાખવું; વેરી નાખવું (૨) પાથરવું; પહોળું કરી નાખવું. (૩) એક જયે નહિ રહેવા દેવું; છિન્નભિન્ન કરી નાંખવું; ભાગ–ભંડોળ છુટાં કરી નાંખવાં.

વખો, પું૦ વિપત્તિ; ભૂખનું દુઃખ અથવા હેરાનગતી; સંકટ; આજીવિકાની મુસ્કેલી–તંગીનું દુઃખ તે.:–વખાના માર્યા દેશ છોડી પરદેશ આવ્યા તો અહિંએ દુકાળ પટગો.

વખોડવું, ક્રિ૦ સ૦ [**प्रा. पक्खोड**] ખોડ કાઢવી; નિંદવું; સારૂં નથી એમ કહેવું; ધિક્કારવું; રદ ગણવું; ખોડ-દોષવાળું ઠરાવવું; નહિ વખાણવું.

વખોરો, પું૦ ટેબલ–કબાટ વગેરેનું ખાનું તે. (૨) પાન પેટી.

વગ, સ્ત્રી૦ [**फा.**] ઓળખાણ–પિછાણનો જે સારો સંબંધ તે; શિફારસ. (૨) લાગ; તક; અવસર; યોગ. (૩) જગા; માગ. (૪) પક્ષ; તરફેણ; લાગત; સંબંધ–પરિચય.:–તે મારી વગનો માણસ છે. (૫) સત્તા; ટેકો. રૂ૦ પ્ર૦ વગેવગે કરવું=લાગ ને સગવડ હોય તે પ્રમાણે કાર્ય કરવું.

વગડવું, વાગવું; વગડાવવું.

વગડાઉ, વિ૦ જંગલી; રાની.

વગડો, પું૦ [**सं. वाटिका**] જંગલ; રાન.

વગદાં, ન૦ શાંફાં; વળખાં.:–જ્યાં ને ત્યાં વગદાં શું વિંણો છો ?

વગર, અ૦ [**अ.**] સિવાય; વિના; વણ.

વગવસીલો, પું૦ સહવાસથી ઉપન્ન થયેલો સુસંબંધ તે; મોટાની સહાય તે; ઓળખાણ અને સહવાસને લીધે બીજાની ઉપર

સત્તા ચલાવી શકાતી તે; સહવાસનું ચલણ.
વગસગ, સ્ત્રી૦ વગ; વસીલો; શિફારસ. (૨) સમાવેશ થાય એવી જગો; સગવડ.
વગળ, ન૦ [**સં. વિમલ**] ભેગ મેળવણી; મિશ્રણ. (૨) ભ્રષ્ટતા. (૩) કપટ.
વગાડવું, ક્રિ૦ સ૦ આઘાત અથવા ફુંકથી શબ્દ નિકળે એમ કરવું; ઠોકીને ફુંકીને અવાજ થાય એમ કરવું.–ઢોલ વગાડવું=ઠોકીને–આઘાતથી અને ભુંગળ વગાડવી=ફુંકીને પવનપૂરીને. (૨) વાગે–આઘાત થાય એમ કરવું; અથડાય–અફળાય–ઘા પડે એમ કરવું.:–જો જો બરછી વગાડતા? (૩) લાગવું; મારવું.–ઢોર વગાડે તેમાં આપણે શું કરીએ?
વગિયું, વિ૦ વગનું; તરફેણનું; પક્ષનું. (૨) ઓળખીતું; સંબંધનું. (૩) ના૦ વગ વાળાને આપવું–પોષવું તે; તરફદારી; પક્ષપાત.:–વગિયાં કરવાં.
વગુ, અ૦ જથે; તરફે. (૨) બાજુ; તરફેણ.:–છાણ એક વગુ કરો=એક બાજુએ કરો.
વગુતવું, ક્રિ૦ અ૦ ગુંચાવું; ભરાવું; સંકડામણમાં આવી પડવું.
વગુતી, વિ૦ (સ્ત્રી૦) ભટકતી; રખડતી; અસચ્ચરિતવાળી–સ્ત્રી.
વગેરે, અ૦ અમુક અમુક અને બીજા સર્વે એમ; ઈત્યાદિ; અમુક અને બીજું રૂપ લક બધું–એમ તે.:–કાશી જગન્નાથજી વગેરે બધીએ જાતરાઓ કરી, તમે છોકરાં વગેરે સૌ આવજો. અમુક અને બીજું બાધિભારે.
વગો, પું૦ વગુ; બાજુ; અમુક ભાગની જગા.
વગોણું, ન૦ [**સં. વિગર્હણા**] નિંદા; ફજેતી; લોકમાં ખોટું બોલવું તે.
વગોવવું, ક્રિ૦ સ૦ નિંદા કરવી; પોતાના માણસના દોષ બીજાને કહી તેની ચાલ ચલગતને હીણું લાગે એમ કરવું; ફજેત કરવું; ખરાખોટા દોષ બહાર મૂકી સામાની અકીર્તિ થાય એમ કરવું.
વગોળવું, ક્રિ૦ સ૦ વાગોલવું; ઢોર વગેરે પ્રાણીઓ ચાવેલાને ફરીને ચાવે છે તે; ફરીને ચાવવું; મમળાવવું.
વઘરડું, ન૦ [**સં. વિઘ્ન**] વઘેડું; વઘરણું; હરકત; અડચણ. (૨) વિઘ્ન; આડખીલી; અપાય. (૩) [**વિગર્હિત**] નિંદા કાઢેલું એવું તે; સેળભેળ થઈ ગયેલું અને કુશકામાં કાઢી નાંખેલું એવું–અનાજ વગેરે–બગડેલ તે.
વઘરણું, ન૦ વિઘ્ન; હરકત; અડચણ. (૨) આડખીલી.
વઘરો, પું૦ [**સં. વિગ્રહ**] ટંટો; કજિયો; અણબનાવ. (૨) વિઘ્ન.
વઘળવું, ક્રિ૦ ઝરવું.
વઘાર, પું૦ મરચાં રાઇ ને હિંગ વગેરે તેલમાં તડતડાવી દાળ–શાક વગેરેમાં છમકારવાં તે; ખોરણી. (૨) મમરો; ટુચકો.:–તમે વઘાર ના મૂકતા.
વઘારણી, સ્ત્રી૦ હિંગ. (૨) વઘાર કરવાની ઢબ તે.
વઘારવું, ક્રિ૦ સ૦ વઘાર કરવો; ખોરણી કરવી; છમકારવું. (૨) લાભ કરવો; ફળ મેળવવું; નફો કરવો; અર્થ કાઢવો–સરવો.:–મારી પાસેથી લીધું એમાં એણે શું વઘાર્યું? ગયું તો બીજાના હાથમાંને? (૩) તીખી–મીઠી ધુણી દેવી.
વઘારિયાં, વિ૦ મસાલાની તીખી મીઠી ધુણી દીધેલાં; વઘારની વાસ આપેલાં ખોરણી દીધેલાં.
વચકલું, ન૦ વાંકું; આડું; વાંધો. અરધેથી આડું પડવું તે.:–એને વચકલું ના પડે તે સંભાળજે.
વચકવું, ક્રિ૦ અ૦ વચ્ચેથી–અરધેથી છેડાઈને

જવું; સરકવું; રિસાવું; છટકી જવું; બે-દિલ થવું.

વચકાવું, ક્રિ૦ અ૦ રિસાવું; વચ્ચેથી છટકી જવું. (૨) વાંધો પાડી વિરૂદ્ધ પડવું; છેડાવું.

વચકેલ, વિ૦ વંઠેલ; આડે માર્ગે ઉતરી પડેલું; છટકેલ; નહિ હાથમાં રહેલું એવું તે.(૨) અટકચાળું; આડું; રિસાયેલું. (૩)તોફાની.

વચકો, પું૦ બેદિલી. (૨) વહેમ. (૩) વાંધો.

વચગાળે, અ૦ વચ્ચે; અરધે રસ્તે; દરમિયાન; મધ્યે. (૨) અંતરાળે. (૩) અવકાશમાં; ખાલી રહેલા ભાગમાં; મધ્યાંતરે; મહિંમહિં.

વચગાળો, પું૦ વચમાંનું અંતર; બે ચીજ વચ્ચેનો ભાગ તે; વચલો ભાગ; આંતરો; વચમાં આવતું જે કાંઇ તે.

વચડવું, ક્રિ૦ અ૦ વલુરવું; ઉઝરડા પાડવા.

વચન, ન૦ [સં.] શબ્દ; બોલ. (૨)વાણી; ભાષણ; કથન. (૩) કબુલાત; કોલ; બોલની દૃઢતા ઉપર બીજાને વિશ્વાસ આપવો તે. (૪) પ્રતિજ્ઞા; પણ; ટેક. (૫) મહેણું; ટાણો; મર્મનો બોલ. (૬) પ્રમાણ વાક્ય; ઉદાહરણ. (૭) વ્યાકરણમાં એક અને અનેક એવી સંખ્યા બતાવવાની સંજ્ઞા. ક્રિ૦ પ્ર૦ વચન આપવું=કબુલાત–વિશ્વાસ આપવો. વચન કાઢવું=બોલવું; ઉચ્ચાર કરવો. વચન તોડવું=ફરી જવું; બોલ્યું ન બોલ્યું કરવું. વચન પાળવું=જેમ બોલ્યા હોઇએ તેમજ કરવું; બોલ્યા પ્રમાણે વર્તવું. વચન લેવું=કોલ વિશ્વાસ–ખાતરી કરી લેવી.

વચનાધીન, વિ૦ તાબેદાર.

વચનિકા, સ્ત્રી૦ ઉદાહરણ; પ્રમાણનું ટુચકું; વિદ્વાનના વચનની પ્રતિઉક્તિ તે.

વચની, વિ૦ વચનવાળો; વચન–બોલથી ફરે નહિ એવું:–એકવચની માણસ છે. (૨) પ્રમાણિક; સત્યવાદી.

વચનીય, વિ૦ કહેવા જોગ; બોલવાને યોગ્ય હોય તે. (૨) કહેવાને યોગ્ય. (૩) ન૦ કહેતી; મહેણું; ટાણો. (૪) દૂષણ; લાંછન; નિંદા. વચનીયતા=દૂષણ; દોષ. (૨) નિંદા; લોકમાં નઠારૂં બોલાવું તે.

વચમાં, અ૦ વચ્ચે.

વચરમાવું, ક્રિ૦ અ૦ પાણી અને ઠંડકને અભાવે કુમળી વનસ્પતિનું કરમાવું તે; તાજગી જતી રહેવી; શાકભાજી વાસી રહેવાથી ચિમળાવાં તે. (૨) વચળવું (?)

વચલાવાંધાનું, વિ૦ મધ્યમ સારૂં; સાધારણ હાલતનું; ઘણું ઉંચું–સારૂં નહિ તેમ ઘણું નીચું કે નરસું પણ નહિ એવું; માધ્યમિક:–આ મોંઘવારીમાં વચલા વાંધાના લોકને દુઃખ છે, ગરીબને નહિ.

વચલું, વિ૦ વચમાંનું; વચ્ચેનું; મધ્યમ (૨) ના૦ વચમાં જે હોય તે.

વચવચ, સ્ત્રી૦ વચલી બકબક તે; બડબડાટ.

વચવચાટ, પું૦ વચમાં વચમાં ઉતાવળથી બડબડવું તે; વગર પૂછે વચમાં બોલ બોલ કરવું તે; બહુ બોલાપણું. (૨) ચાપલ્ય.

વચળવું, ક્રિ૦ અ૦ જુવાનીના મદમાં છકી જવું; મર્યાદા બહાર જતા રહેવું:–છોકરો વચળી ગયો. (૨) વચમાં વિઘ્ન નડવું; હરકત પડવી; કથળી જવું; ઉંઘ વચળી ગઇ. (૩) ડાગળી ખસી જવી; ગાંડા થઈ જવું; ચળી–બહેકી જવું. વચળેલ=વિચળેલ; બહેકી ગયેલ; ફાટી ગયેલું; મર્યાદા બહાર જતું રહેલું હોય એવું તે; નિર્લજ્જ.

વચાળું, ન૦ કોઠી, અને પેટી પટારા વગેરે સરસામાન વચ્ચેની ખાલી અવ્વડ જગા તે; બે વસ્તુ વચ્ચે રહેલો અવકાશ–ખાલી જગા:–કોઠી વચાળે હાથ ઘાલતો નહિ, એરૂઝાંઝર હોય તો કરડે. (૨) ખુણો; બાકું; કાણું:–ખુણેવચાળે જુઓ ઝીણી ચીજ એટલે કહિં પડી હશે તો જડશે.

વચેટ, વિ૦ વચલું; મધ્યમ.

વચ્ચે, અ૦ બન્ને બાજુ સરખું અંતર હોય તેવે ઠેકાણે અથવા ત્યાં એમ. ગામ ગામની વચ્ચે એક એક થાણું. (૨) કોઇ કામ

અથવા વાતને વચલે ભાગે, કામની અંદર; મધ્યમાં. (૩) અન્યોન્ય પ્રતિ; એક બીજાની મહિંમહિં; પરસ્પરના સંબંધે:—મારી તમારી વચ્ચે શી શી વાત થઇ તે તમે કોઇને કહેતા નહિ. (૪) જાહેરમાં; ખુલ્લંખુલ્લા; સૌ કોઈ જાણે તેમ:—ગામ વચ્ચે કુવો તે કોઈ ઉંડો કહે ને કોઈ ઉતળો પણ કહે. વચમાં; દરમિયાન; અંદર; માં. ક્રિ૦ પ્ર૦ વચ્ચે આવવું=દરમિયાનગીરી કરવી. વચ્ચે પડવું=હાથ ઘાલવો; સમાધાન કરવું; અંતરાળમાં ઉભા રહેવું.

વચ્ચોવચ, અ૦ મધ્ય ભાગે, વચ્ચે; કેન્દ્રસ્થાને.

વચ્છ, પું૦ [सं. वत्स] છોકરૂં; બાળક; બચ્ચું. ગાયનું બચ્ચું.

વછનાગ, પું૦ [सं. वत्सनाभ] વચ્છનાગ; એક ઝેરી ઓષધિ. aconite. આ બહુ ઝેરી વનસ્પતિ છે અને તે ઝેર બહુ કારી હોય છે. ઉ૦ વ્યભિચાર વેર્યો વચ્છનાગ, સમજ મન મારારે.

વછિયાત, પું૦ મોટા વેપારી તરફથી માલ ખરીદ કે વેચાણ કરવા પરદેશ ગયેલો ગુમાસ્તા—નોકર માણસ તે; આડતિયો.

વછુટવું, ક્રિ૦ અ૦ જોરભેર બીજાનો સંબંધ છોડી દેવો; જોરથી ઉખડવું—જુદું પડવું; છુટવું; જોરથી ઉડી નિકળવું; જેની સાથે જોડાયેલું હોય તેની સામેના આકર્ષણ—જોરથી તૂટવું; છુટું પડવું. (૨) ફુટવું; સ્ફોટ સાથે ઉડી પડવું:—તીર—ગોળી, પત્થર વછુટયો (૩) હેડો છોડવો; સ્વતંત્ર રમતું થવું:—બાળક વછુટયું. (૪) વિયોગ થવો.

વછુટું, વિ૦ જુદું; છુટું; અળગું; આઘું ખસેડેલું, નોખું.

વછેરી, સ્ત્રી૦ ઘોડીનું માદા બચ્ચું; નાની ઘોડી; ટટવાણી. (૨) તિરસ્કારમાં છોડી—જુવાન કન્યા—બૈરી તે.

વછેરો, પું૦ ઘોડીનું નર બચ્ચું; નાનો ઘોડો; ટટવો. (૨) તેજીને જુવાનીનું જોર દેખાડવા માટે વપરાયમાં છે તેજ—છોકરો; જુવાનિયો.

વછો, પું૦ [सं. वियोग] વિજોગ; જુદાઈ. ઉ૦ મેં જાણ્યું વધૂવછો નહિ પરે, પૂરશે મનની આશ. નાકર. અભિમન્યુ આખ્યાન. (૨) વિચ્છેદ; ભેદ; ફાટફુટ.

વછોડવું, ક્રિ૦ સ૦ બાઝેલું—ચોંટેલું હોય તેને જોરથી ખેંચી બીજાથી અળગું કરવું; જોર કરીને જુદું પાડવું; આઘું ખસેડવું. (૨) ધીરે ધીરે સંગ—હેવા—વ્યસન મુકાવવું; ઓછું કરતાં કરતાં તદન મૂકી દે એમ કરાવવું. વ્યસન, ટેવ, કુસંગ; પ્રેમ વગેરે માટે વપરાય છે. (૩) છોડવું; ફોડવું; એક ઠેકાણેથી છુટી વેગભેર દૂર જાય એમ કરવું. ગોળી અને તીર વછોડવાં.

વછોયું, વિ૦ વિખુટું પડેલું; વિયોગી. ઉ૦ ટોળા વિછોઈ મરગલી.

વજન, ન૦ [अ.] ભારેપણું તે; ઓજ; તોલ; ભાર. (૨) તોળવાનું કાટલું; જોખ. (૩) ભારઓજ; મોભો; માન. (૪) પ્રભાવ; શૌરવ; શેહ; વક્કર. (૫) દબાણ; (૬) વગ.

વજનદાર, વિ૦ ભારે; વજનવાળું; ઓજદાર; સંગીન. (૨) ભારઓજવાળું; માન આબરૂ ને શેહ પડે એવું; પ્રતિષ્ઠિત.

વજનસર, વિ૦ પ્રમાણમાં જોઇએ તેટલું; ઘટતા વજનનું.

વજરબટું, ન૦ એક જાતનું કઠણ બી. રિંછના મોમાં રખાવી મંતરેલું જેથી નજર લાગે નહિ એવું મનાતું એક જાતનું કાળું બી. એ છોકરાંના હાલરામાં રાખવામાં આવે છે.

વજંતર, ન૦ વાજિંતર; વાજંતર; વાજું.

વજા, સ્ત્રી૦ મતિ; બુદ્ધિ. (૨) વૃત્તિ; વલણ. (૩) ફાંફાં; વળખાં; ભ્રમણા. ઉ૦ અખાજીવ તણી એ વજા, અજને ઠામે પૂજે અજા.

વજાડવું, ક્રિ૦ સ૦ વગાડવું; બજાવવું; ઠોક દઇ કે પવન પુરી વાજામાંથી અવાજ કાઢવો.

વજીફેદાર, વિ૦ જેને સરકાર તરફથી વજીફો–ઇનામી જમીન–મળેલી હોય તે; જમીનદાર; જાગીરદાર; ગરાસિયો; દેસાઇ.

વજીફો, પું૦ રાજા કે સરકાર તરફથી ઇનામ દાખલ મળેલી વાડીની જમીન તે; વાડી–બાગ બગીચો બનાવવા જેવી જમીનનો કકડો તે; ઇનામી–બાગાયતી જમીન તે.

વજીર, પું૦ [अ.] પાદશાહને સલાહ આપનારો મુખ્ય મસલતિયો; પ્રધાન; મંત્રી. (૨) સેતરંજમાંનું પાદશાહથી ઉતરતી પંક્તિનું મહોરૂં.

વજીરાઇ, સ્ત્રી૦ વજીરપણું; પ્રધાનનો ઓદ્ધો અમલ અને કારકિર્દી તે.

વજીરાત, સ્ત્રી૦ વજીરાઇ; પ્રધાનવટું. (૨) વજીરનો દરજ્જો. (૩) વજીર તરીકેની સાહેબી તે.

વજીરી, સ્ત્રી૦ વજીરાત.

વજુ, ન૦ ચળુ; હાથ પગ અને મોં ધોવાં તે. વજુ કરવું.

વજુદ, ન૦ સત્ય; ખરાપણું. (૨) વાસ્તવિકતા; વિશ્વાસ કરવા જેવું તે. (૩) મૂળ; આધાર. (૪) વિ૦ સાચું; ખરૂં; ખાતરી લાયક.

વજે, સ્ત્રી૦ ગણોત; નગદમાં નાહ પરંતુ પાકેલા અનાજ વગેરેમાં હિસ્સો પાડીને લેવાતી મહેસુલ–રાજ્યકર–માલકીનો કર તે.

વજેવળતિયું, વિ૦ ભાડું જમે થાય અને વ્યાજ ખાતે મંડાય એવી સરતવાળું ખાતું અથવા લખત તે.

વજ્જર, ન૦ વજ્ર; ઇન્દ્રનું બહુજ કઠણ હથિયાર (૨) વિ૦ અતિ કઠણ; કદીએ ભાગે, વળે કે તૂટે નહિ એવું શસ્ત્ર.:–વજ્જરખાણ.

વજ્ર, ન૦ [सं] ઇંદ્રનું આયુધ. (૨) ભાગે, તૂટે વળે કે ખંડિત થાય નહિ અને જેના પર પછાડે તેનો ભુકો કરી નાખે એવું એક અતિ કઠણ અને મજબુત હથિયાર. (૩) વિદ્યુત, વિજળી; વાદળના અથડાળનો અગ્નિ તે. (૪) હીરા–(એ પણ બહુ કઠણ હોય છે.) બીજાથી ઘસાય છેદાય નહિ પરંતુ બીજાને ઘસે છેદે એવું જે તે. (૫) દીટું; ફૂલની ડાંડી; તે સળેખડી કે જેને ફૂલ લાગેલું હોય.:–દેવને ચઢાવવાનાં ફૂલ છે તેનાં વજ્ર કાઢી નાંખ.

વજ્રદંતી, સ્ત્રી૦ એક ઓષધિ.

વજ્રલેપ, પું૦ એવો લેપ કે જે ઝટ ઉખડે કે ખરે નહિ. (૨) વિ૦ કદી ઉખડે કે ખરી પડે અથવા ખસે નહિ એવું તે; સખત; ખરેખરૂ સજ્જડ; જેમાં પવન કે પાણી પણ નિકળી શકે નહિ અથવા જેને કોઇથી કોઈ રીતે આઘુંપાછું કરી શકાય નહિ એવું તે.

વજ્રી, વિ૦ [सं] વજ્રને ધારણ કરનાર; ઇન્દ્ર; દેવોનો રાજા.

વટ, પું૦ [सं.] વડ; એક મોટું ઝાડ. એની શાખાઓ અને ફાલ ઘણો વધે છે, અને ડાળમાંથી નવાં મૂળિયાં ફૂટી નીચે લબડી થડનું રૂપ લે છે.

વટ, પું૦ (સ્ત્રી૦) ટેક; પણ. (૨) આબરૂ; ધીર. (૩) [वाट] ધીરધાર કરવાની જગા–સ્થાન તે; બજારના અર્થમાં:–નાણાવટ.

વટક, સ્ત્રી૦ ઉપરામણી; વધારાની રકમ. (૨) નુકસાની; ખોટ; બદલો. ક્રિ૦ પ્ર૦ વટકવાળવી=બદલો વાળવો; વેર વાળવું.

વટકવું, ક્રિ૦ અ૦ વટકી જવું; રીસથી પ્રતિકૂળ થઈ જવું; વંકાવું; છટકી–જવું. અવળું થઇ જવું.

વટકીજવું, ક્રિ૦ અ૦ વટકવું; વંકાવું; છટ-

ફી–છોડાઇ જવું. માટું મારી ખસી જવું.
વટલવું, ક્રિ૦ અ૦ સ્વજાતિને ધર્મ તજીને પરજાતિને પર ધર્મ સ્વીકારવો; કુઆચાર ભ્રષ્ટ થવું; પતિતથવું.
વટલાવવું, ક્રિ૦ સ૦ વટલે એમ કરવું; સ્વધર્મ કે અસલ કુલાચાર તજાવવો.
વટલાવું, ક્રિ૦ અ૦ વટલીજવું; આચાર ભ્રષ્ટથવું.
વટલેલ, વિ૦ વટલેલું; ધર્મભ્રષ્ટ.
વટલો, વિ૦ નરસું; પાજી.
વટલોઇ, સ્ત્રી૦ ઝારી જેવું વાસણ; તાંબડી.
વટવું, ક્રિ૦ અ૦ થઈ ચૂકવું; જતું રહેવું; પસાર થઈ ગયેલું હોવું. (૨) પાછું હઠવું; ઓસરવું. (૩) નાસીજવું; આઘાપાછા થઇ સંતાઇજવું.
વટહુકમ, પું૦ સંબંધવાળા સર્વ જણ તરફ લખેલો હુકમ; મુખ્ય હુકમ.
વટંતર, વિ૦ વટાંતર; ઘરેણિયાત; રૂપિયાનું વ્યાજ નહિ ને ઘરનું ભાડું નહિ એવું; વટાવથી જેવું અંતર ભાગી નાંખવામાં આવેલું હોય એવું.વ્યાજ વટંતરનો ધંધો.
વટાણા, પું૦ [સં; वातान] એક જાતનું કઠોળ. ક્રિ૦ પ્ર૦ વટાણાવાવી જવા=નાસી જવું; સટકીજવું.
વાટણું, ન૦ ધૂળિયા પાટી ઉપર લખવાની લાકડાની કલમ; વતરણું.
વટાવ, પું૦ [હિં] વળતર; તાકીદે વસુલ કરવા માટે અવેજ લેતાં કંઇ ઓછું લેવું અથવા કાપી આપવું તે. (૨) મોટા સિક્કાનું પરચૂરણ લેતાં જે ઓછું આવે તે; વેચાણ, રોકડ વગેરે ઉપર બદલો–વળતર આપવું લેવું તે.
વટાવવું, ક્રિ૦ સ૦ એક જાતનું નાણું આપી બીજી જાતનું–પરચૂરણ નાણું લેવું; ખુરદો કરવો. બદલો કરાવવો. (૨) હુંડી; નોટ, વગેરેનાં રોકડ નાણાં કરવાં તે. (૩)પસાર કરાવવું; પાછળ મૂકવું; ઓળંગવું; છોડવું. (૪) કચરાવવું: લોટ કરાવવો; ઝીણું કરાવવું; ભંગાવવું; ભુકો થાય એમ કરાવવું.
વટાવું, ક્રિ૦ અ૦ ભુકો થવો; લોટ થવો; ચુરો થવો. (૨) કચરાવું; ખુંદાવું; પિસાવું. (૩) ખૂબ મહેનત લેવી; ઘસાવું.:–નાનો ગુમાસ્તો ઘણું વટાય.
વટાળ, પું૦ વટલાવું તે; વટલાવાપણું, ભ્રષ્ટતા.:–વહાલાંમાં વળી વટાળ શો ?
વટાળવું, ક્રિ૦ સ૦ કોઇએ કોઇનો ધર્મ છોડાવવો; આચાર મુકાવવો. (૨) નહિ ખપતું ખાય તેમ કરવું. (૩) પોતાના મત ધર્મમાં લઇ આવવું; જન્મ ધર્માચારને તજાવી પોતાના મતધર્મના આચારમાં આણવું. (૪) ક્રિ૦ અ૦ ટપી જવું; ઉપરી થવું; આગળ જવું; અમુક કરતાં શ્રેષ્ઠ કે કનિષ્ઠ બનવું.:–છોકરો એના બાપને વટાળે એવો છે.
વટાળો, પું૦ વટાળ; ભ્રષ્ટતા. (૨) વગળ.
વટિકા, સ્ત્રી૦ [સં] ગોળી.
વટી, વિ૦ ટેકવાળું. (૨) ધીરધાર કરનાર.:–નાણાવટી. (૩) ધારણ કરનાર.:–કંઠાવટી. કુંકુ ધારણ કરનાર=પાત્ર વિશેષ.
વટીક, અ૦ પણ; સુદ્ધાંત.
વટીજવું, ક્રિ૦ પસાર કરી જવું; દૂર જતા રહેવું; ઓલંગી જવું.
વટું, વિ૦ [સં. वत्–त्व] ત્વ ને પણું ના અર્થમાં શબ્દની આગળ જોડાય છે.:–પ્રધાનવટું.
વટુક, પું૦ [સં] બટુક; બાળક છોકરો.
વટુકાર, પું૦ ઢંગ; રીતભાત; વટુકો.
વટુકો, પું૦ ઢંગ; વટુકાર.
વટેણું, ન૦ વતરણું; વટાણું.
વટેમાર્ગુ, વિ૦ વાટે જનાર; સહદારી; મુસાફર; પ્રવાસી.
વડ, પું૦ [સં. वट] સારી છાયા આપનારૂં એક મોટું અને ઘટાદાર ઝાડ. આ

ઝાડ મોટા વિસ્તાર ઉપર ફેલાય છે અને તેનાં લાંબાં ડાળાંમાંથી મૂળિયાં ફૂટી લબડતાં લબડતાં જમીનમાં જઇ પહોંચી ભોંય ઉતરી નવા વડનું રૂપ લેછે. અણી ભોર જેવાં અંદરથી અંજીર જેવા દાણાનાં એને ફળ થાય છે. એની શાખા ને પાન તોડતાં દૂધ જેવો પ્રવાહી નિકળે છે. કહે૦ બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા. વડનાં વાંદરાં ઉતારવાં=બહુ તોફાન કરવું. તોફાની છોકરા માટે કહેવાય છે કે 'બા! એ તો વડનાં વાંદરાં ઉતારે એવો છે.

વડકણું, વિ૦ વઢકણું; તકરાર કરે એવા સ્વભાવનું; વડવાડિયું; તકરારી; લડકણું; ટંટાખોર; સહેજ વાતમાં કજિયો કરે એવું; વડકારૂં. ઉ૦ વડકણી વહુએ દીકરો જણ્યો.

વડકારૂં, વિ૦ વડકણું; કજિયાખોર; લડવાડિયું; તકરારી; મિજાજી.

વડકાવવું, ક્રિ૦ સ૦ ખીજવવું. (૨) ધમકાવવું. (૩) વઢવું.

વડભીરૂ, પું૦ મોટા–મુખ્ય સાથી તે; વડોમિત્ર, મંડળનો આગેવાન.

વડવાઇ, સ્ત્રી૦ વડવાઇ.

વડવા, પું૦ પિતૃઓ; પૂર્વજો. [**સં.**] સ્ત્રી૦ ઘોડી.

વડવાઇ, સ્ત્રી૦ વડ અને પિંપર વગેરેનાં ડાળમાંથી ફૂટીને લબડતાં મૂળિયાં તે; વડ અને તેની જાતનાં ઝાડોને ડાળમાંથી મૂલ જેવા જે રેસા ફૂટે છે તે; વડની જટા.

વડવાગોળ, સ્ત્રી૦ [**સં. વલ્गुली**] એક જાતનું રાત્રિચર પંખી. આ પંખી આખો દિવસ મોટાં ઝાડને ડાળે ઉંધે માથે લટકી રહે છે અને રાતે ચારો કરવા આમતેમ ઉડી જાય છે. આ પંખી ઈંડાં મૂકતું નથી પણ બચ્ચાંને જન્મ આપે છે.

વડવાડ, સ્ત્રી૦ વઢવાડ; લડાઇ; ટંટો; કજિયો; મારામાર; બોલચાલ.

વડવાડિયું, વિ૦ ટંટાખોરિયું; લડકણું. (૨) વડવાડિયાં=એક જાતનાં પંખી; ચીબડી વગેરે. વડવાગલાં.

વડવાનળ, પું૦ [**સં. वडवानल**] સમુદ્રમાં રહેલો અગ્નિ તે; સમુદ્રના તળિયામાં રહેલી ગરમી તે. (૨) જળમાંની પૌરાણિક અગ્નિદેવતા. એનું મોં ઘોડી જેવું ને શરીર જ્વાળારૂપ કહેવાય છે.

વડવું, ક્રિ૦ અ૦ બોલચાલ કરવી; કજિયો કરવો; બાઝવું; લડવું. (૨) સ૦ ઠપકો આપવો; ચીઢવું; ખીજવવું.

વડવો, પું૦ બાપ અથવા માનો બાપ તે; દાદો; આજો. વડવા=પૂર્વજો.

વડસસરો, પું૦ સસરાનો અથવા સાસુનો બાપ તે.

વડસાવિત્રી, સ્ત્રી૦ વટસાવિત્રી; એ નામનું જેઠ સુદમાં આવતું એક વ્રત. નવાં પરણેલાં વરવહુએ સૌભાગ્યને માટે તેનું આરાધન અને વ્રત પૂજા વગેરે કરવાં તે.

વડસાસુ, સ્ત્રી૦ સસરા કે સાસુની મા તે. ઉ૦ વડસાસુ ઘણું મોટું માણસ.

વડહથ્થ, વિ૦ મહાબાહુ; બળવાન; સમર્થ. જમણો હાથ, મોટો સહાયક.

વડાઈ, સ્ત્રી૦ મોટાઇ; લોકમાં મોટા ગણાવાપણું તે. (૨) આબરૂ, ઇજ્જત, કીર્તિ. (૩) અભિમાન; પતરાજ; ફૂલાશ.

વડાગરૂં, વિ૦ દરિયા કિનારા ઉપર ખોદેલા કુવાઓના ખારા પાણીને સુકવીને બનાવેલું; મોટા અગરનું–મીઠું. પાસાદાર ગાંગડું મીઠું.

વડારણ, સ્ત્રી૦ ગોલી; ખવાસણ; રાણીની દાસી.

વડાવડ, સ્ત્રી૦ લડાલડ; ટંટોફિસાદ. (૨) એક બીજા સાથે ટંટો કર્યા કરવો તે.:– એમના ઘરમાં નિત્ય વડાવડ થવાની.

વડાવડી, સ્ત્રી૦ લડાલડી; ટંટો; કજિયો; વડાવડ.

વડાવા, પું૦ બાપદાદાઓ; પૂર્વજો.
વડાંડસાંત; સ્ત્રી૦ વિનાયક શાન્તિ.
વડિયાઇ, સ્ત્રી૦ બાપાની અથવા માની મા તે; દાદી.
વડિયો,–પ્રતિસ્પર્ધિ; સામાવાળિયો. (૨) સમાનતા ધરાવનારો:-સમોવડિયો,=પોતાની સમાન હોય એવો તે; ભીરૂ; સમબળવાળો –સરખેસરખો તે.
વડી, સ્ત્રી૦ [સં. वटी] ગોળી; ગરગોળી; નાની લચકી. (૨) ચોળાની દાળને વાટી મસાલો નાંખી તેની નાની લુગદાઓ બનાવી સુકેવેલી જે ગરગોલીઓ તે; વડીઓ.:–વડીઓપાપડ, વડી વંતાકનું શાક.
વડીલ, વિ૦ મોટું; માનનીય, પૂજ્ય; મુરબ્બી. (૨) ગુરુજન કુટુંબ સગાંસ્નેહી તેમજ ઓળખીતાંમાંનું જે માનનીય મોટું માણસ તે. (૩) પું૦ વડવો; દાદો; પૂર્વજ.:–વડીલોપાર્જિત=દાદાએ પેદા કરેલું; વડવાની (માલમિલકત) તે; વારસે મળેલું; વડીલનું કમાયેલું એવું.
વડું, વિ૦ મોટું. (૨) વૃદ્ધ. સગપણ, ઉમ્મર, ગુણ, પદવી અને ઓદ્ધા વગેરેમાં મોટું; ઉત્તમ: શ્રેષ્ઠ તે. ક્રિ૦ પ્ર૦ વડું કરવું=બુઝાવવું.:–દીવો વડો કરીને સૂઈ જા.
વડું, ન૦ અડદની દાળ વાટી તેનાં તળી કાઢેલી નાની પણ જાડી થેપલીઓ તે; ધારી (નાગરમાં) અડદની જાડી પૂરિ.:–વડાં પૂરી ને બાકળા.
વડે, અ૦ એ અને થી વિભક્તિઓનો પર્યાય.: –ગોળીવડે વાઘ મરાયો. એ તમારા વડે પૂજાય છે. (૨) મારફત; લીધે; દ્વારા; યોગે, સાધને, વગેરેના અર્થમાં વપરાય છે.
વડોવો, પું૦ દાદો; આજો. (૨) પૂર્વજ.:– તારા વડોવાનું ઘર છે ?
વઢકણું, વિ૦ લડવાડિયું; કજિયાખોર; સહેજમાં લડી પડે એવું.
વઢવાડ, સ્ત્રી૦ અણબનાવ; તકરાર.(૨) કજિયો; લડાઈ; મારામાર.
વઢવું, ક્રિ૦ અ૦ વડવું; લડવું. (૨) કે પાઠ દેવો. (૩) તકરાર કરવી; વિવાદ કરવો.
વઢાવું, ક્રિ૦ અ૦ કપાવું; છેદાવું.:–છિંકનારનું નાક વઢાય.
વણ, અ૦ વિના; વગર; સિવાય. (૨) પું૦ કપાસના છોડ તે.
વણકર, પું૦ સુતર, રેશમ કે રેસાના તંતુઓનું લુગડું બનાવનાર; વણનારો. (૨) પું૦ કપડાં વણવાનો ધંધો કરનારાઓની એક નાત–સમૂહ તે.
વણકરી, સ્ત્રી૦ વણાવવાનું લવાજમ–મજુરી તે; વણાઇ.
વણછો, પું૦ છાગો; છાંયડો. (૨) ઓથ. ઝાડની છાયાની મર્યાદા તે.
વણજ, ન૦ [સં. वाणिज्य] વેપાર, ધંધો; વેચવુંસાટવું તે. (૨) કાર્યસંબંધ; વ્યવહાર.
વણજાર, સ્ત્રી૦ વેપારી માલની પોઠ તે; માલ ભરેલા પોઠીની લંગાર તે; કાફલો. (૨) હેલ; એક સામટો આવેલો માલનો જથો. .:–કાલે તલની વણજાર આવી. વેપારી માલની પરંપરા તે; દેશપરદેશના વેપારી માલની આવજાનો વહેવાર.
વણજારી, સ્ત્રી૦ વણજારાની સ્ત્રી. (૨) વેપારીની સ્ત્રી; શેઠાણી; વેપારણ. ઉ૦ વણજારો તું, હું વણજારી, મુગટપર મેંવારી, મેંવારી.
વણજારૂં, વિ૦ વણજારમાંનું; ટાંડાનું. (૨) વેપારીનું; બજારૂં.
વણજારો, પું૦ બળદોની પીઠપર માલ ભરી દેશ પરદેશ લઇજનાર વેપારી. (૨) દેશ પરદેશ માલ લાવઆણ કરવાનો વેપાર ખેડનારી એક નાત અને તેમાંના માણસ તે; પરદેશી માલનો આખરદાર વેપારી.
વણતર, ન૦ વણવું તે; વણાટ. (૨) વણવાની તરેહ–રીત તે. (૩) પોત; કુમાશ.:–

આ કપડાનુ વણતર સારૂં નથી. આછું વણતર હવે ના વણતા.

વણવું. ક્રિ૦ સ૦ રેસા અને તંતુઓને એક બીજા સાથે આંબળી લાંબો દોર કે તાર બનાવવો; આંબળવું; આંબળા દઇ લાંબું કરવું:–દોર વણવો. (૨) આડા ઉભા તંતુઓ–તારને સાળ પર ચઢાવી ઠોકીને કપડું બનાવવું. ૩, રેશમ, શણ અને બીજા ઝીણા રેસાઓની સંકલના કરવી તે. (૩) કણકના લુવાને વેલણવતે ચંદા જેવો બનાવવો; લુવાને પાતળો ને મોટો કરવો.:–રોટલી ને પૂરી વણવી. (૪) વિસ્તારવું; વધારવું; બનાવટ કરવી; ખીલવવું:–વાતને એવી વણીને મૂકી કે તરતજ રાજાને ધણધણાટ લાગી આવ્યું. (૫) ચુંટી કાઢવું; ચગદી દાબીને રોટલા જેવું કરી નાંખવું; પાયમાલ કરવું. ઉ૦ વાટ આવ્યો નાંખે વણી. (૭) કેળવવું કચરવું; ગદડવું કુંપવું; ખુંદવું.–દીકરી જણી ત્યારે વણી શે નહિ ? (૮) જુઓ વિંણવું.

વણસવું, અ૦ ક્રિ૦ પોષણ વગર બગડવું. ખરાબ થઇ જવું; કથળી જવું.:– કરસણ વણસ્યું=પાણી વગર બગડ્યું–સુકાઇ–કરમાઈ ગયું. (૧) નાશ પામવું; પાયમાલ થઈ જવું. સુકાવું; કરમાવું; જીર્ણ થઇ જવું; તેજી–તંદુરસ્તી ઉતરી જવી.

વણસાડ, પું૦ બગાડ; કરમાઇને ખરાબ થઇ જવું તે; નાશ; ક્ષય; લય.

વણસાડવું, ક્રિ૦ સ૦ ભેલાડવું; તોડી ફોડીને ખરાબ કરી નાંખવું; બગાડવું. ઉ૦ વણસાડયાં વન ઉપવન; લંકા બાળી ઉલંઘીઓ ઉદધિ. (૨) પાયમાલ કરવું; નાશ પામે એમ કરવું. મટાડવું; ફિટાડવું. ઉ૦ સિંહ બળદનો વન વિષે; વધ્યો હતો બહુ સ્નેહ, લોભી ચુગલ શિયાળવે, વણસાડ્યો પણ તેહ.

વણાઇ, સ્ત્રી૦ વણવાનું મહેનતાણું તે; વણનારનું લવાજમ તે; વણામણ ણી (૨) વણવાની–ખુબી કારીગરી તે. વણાટ.:–આ પીતામ્બરની વણાઇ જરા આછી છે.

વણાટ, પું૦ વણાઇ; વણતર. (૨) કુમાશ; પોત.

વણાવવું, ક્રિ૦ સ૦ કપડું બીજા પાસે તૈયાર કરાવવું; બીજો વણે એમ કરાવવું. (૨) રોટલી પૂરી કરાવવી; લુવાને વેલણથી ચંદ્રા જેવો ગોળ ને પાતળો બનાવરાવવો.

વણિક, પું૦ વેપારથી આજીવિકા કરનાર તે; ખેતી નહિ પરંતુ ધંધો કરનાર. (૨) ધંધો કરનારા વેપારીઓનો સમુદાય–નાત તે; ધંધાદારી જાતિ વિશેષ.

વણિયર, ન૦ નોળના જેવું ભારે પુંછડાવાળું ને કાબરા રંગનું એક રાત્રિચર નાનું ચોપગુ–પ્રાણી. એમ કહેવાય છે કે, એને ગોળ બહુ ભાવે છે.

વત, અ૦ પેઠે; માફક; રીતે; પ્રમાણે. (૨) જેવું; સરખું; સમાન.:–એ તો સોનાને લોહવત ગણે છે.

વતડવું, ક્રિ૦ અ૦ વતેડવું; વતરડવું; વલુરવું; (૨) નખથી ચામડી ખણી નાંખવી; ઉઝરડી નાંખવું.:–વાંદરૂં તો ચિઢાય ત્યારે વતરડી–વતેડી નાંખે. લુખસવાળો દરદી હમેશ ચામડી વતડ વતડ કરે છે.

વતન, ન૦ પોતાનું મૂળ ગામ કે દેશ તે; અસલ રહેઠાણ; જન્મભૂમિ.:–હું મારે વતન સુરત ગયો હતો; સ્વદેશ. (૨) વંશપરંપરા આજીવિકા ચાલ્યા કરે તે માટે સેવાના બદલામાં સરકાર કે રાજ્ય તરફથી અપાયેલી જમીન, ખેતર વગેરે તે; જાગીર; ગામગિરાસ.

વતનદાર, વિ૦ જાગીરદાર; મજમુદાર; દેસાઇ.

વતનવાડી, સ્ત્રી૦ રાજા તરફથી રાજ્યસેવાના

બદલામાં મળેલી જમીન વગેરે તે; સ્થાવર મિલકત.:—હાલ તો નામની દેસાઇગીરી છે, વતન વાડી તો કેદહાડાનાં જતાં રહ્યાં.

વતની, વિ० રહેવાસી; રહીશ; રહેનાર:—દેસાઇજી સુરતના વતની છે.

વતરડવું, જુ० વતડવું; વતેડવું; વલુરવું; (૨) નખથી ખણવું.

વતરણું; ન० લખવા; ચિતરવા, કોતરવાનું ઓજાર, કલમ; પિંછી ટાંકણું તે.:— નઠારા છોકરાને વતરણાં ઘણાં,

વતરેક, અ० [સં. व्यतिरेक.]સિવાય; વગર; વિના.

વતરોગ, અ० વિના; વગર; સિવાય.

વતાગરો, પું० વેતરો; હેલકરી; મજુર; મોટલિયો.

વતાડવું, ક્રિ० સ० વિતાડવું; ખુટવાડવું; ગુમાવવું. (૨) સતાવવું; પજવવું.

વતાવવું, ક્રિ० અ० છેડવું; અડપલું કરવું; અડવું; અડકવું; ચાંદવું કરવું.:—એ ગાંડાને વતાવશો નહિ, ગાળ દેશે. (૨) સળી કરવી; બોલાવવું; ચીઢવવું; છંછેડવું.

વતીપાત, પું० જુ० વ્યતીપાત; સત્તરમો યોગ.

વતીપાતિયું, વિ० અડપલું; ચાંદવું; જંપીને બેસે કે બેસવા દે નહિ એવું—તોફાની; ઉછાંછળું. (૨) ચંચળ. (૩) વિઘ્ન કરે એવું.

વતી, અ० વિભક્તિનો પ્રત્યય; થી—થકી. માટે, વાસ્તે એ; વડે. (૨) બદલે; માટે.

વતું, વિ० [સં. वर्धित] વત્તું; વધારે; ઘણું; બહુ. (૨) વધેલા વાળ, હજામત.

વતે, અ० વિભક્તિ—પ્રત્યય; થી થકી; એ; વડે:—હાથવતે. (૨) મારફતે.

વતેસર, વિ० લંબાણવાળું; વિસ્તારવાળું. (૨)ના० ટાયલું લંબાણ પિંગળ. કથાનક.:—વાતનું વતેસર ન કરતા.

વતેડ, સ્ત્રી० વલુર; ખણુજ, ચેળ.:—કાળી દાદરને લીધે બહુ વતેડ આવે છે. (૨) ખુજલીનો રોગ.

વતેડવું, ક્રિ० અ० વલુરવું; ખણવું, ખંજવાળવું. (૨) નખથી ચીરી નાંખવું.

વત્તું, વિ० ઘણું; વધારે; પુષ્કળવત્તુંઓછું=વધારેઓછું. (૨) ન० વધેલી હજામત તે.

વત્સ, ન० [સં.] બાળ; બાળક; છોકરું; બચ્ચું. (૨) ગાયનું બચ્ચું—વાછડું.

વત્સા, સ્ત્રી० પુત્રી; દીકરી. (૨) બાળકી. (૩) વાછડી.

વધાવો, પું આશિષ અને સંમતિના ભેટ તે; ખુશાલીની બક્ષીસ તે. (૨) અમુક ધારણા બાંધી નાંખેલા દાણામાં એકી આવવી તે. (૩) મંગળસૂચક પાસો તે; કાર્યારંભની ફતેહ બતાવનારૂં પહેલું શુભ—મંગળ તે. ઉ० ભમરા પહેલો વધાવો મારે આવિયો.

વધુ, વિ० વધારે; ઘણું; પુષ્કળ.

વધૂ, સ્ત્રી० વહુ; બૈરી; સ્ત્રી; જુવાન બાઇડી. (૨) છોકરાની વહુ તે. વરવધૂ.

વધેરવું, ક્રિ० સ० બલિદાન આપવું; ભોગ આપવો. (૨) દેવની પ્રસન્નતા માટે પશુ શ્રીફળ વગેરે તેની આગળ કાપવું—ફોડવું તે; વધ કરવો; ભોગ દેવો; ઝટકે નાંખવું.:—સ્ત્રીએ પણ મરદની માફક કેટલાય દુશ્મનોને રાણીવાસમાં પેસતાં પેસતાં વધેરી નાંખ્યા.

વધ્ય, વિ० [સં] વધ કરવાને યોગ્ય; મારવા જોગ.

વન, ન० [સં]. ખૂબ ઝાડપાનથી ભરેલું ક્ષેત્ર, ભૂમિભાગ તે; બાગ; બગીચો; વાડી. (૨) ઝાડી; વગડો; જંગલ; અરણ્ય.

વનકુલ, ન० ઝાડની છાલના રેસાનું વસ્ત્ર તે; વલ્કલ.

વનચર, વિ० વનમાં રહેનાર—ફરનાર—પ્રાણી તે. (૨) રાક્ષસ. (૩) વાનર. ઉ० વનચર વીરા! વધામણી.

વનદેવતા, સ્ત્રી० [સં.] વનની દેવી તે;

વનમાં રહેનારી જે શક્તિ તે; ઇશ્વરની વનમાં રહેલી જે શક્તિદેવતા તે

વનપ્રિયા, સ્ત્રી૦ [સં.] કોકિલા; કોયલ.

વનમાળા, સ્ત્રી૦ [સં.] ઢિંચણ લગી લટકતી રહે એવી પુષ્પમાળ તે; ફુલનો મોટો હાર.

વનરાજ, પું૦ [સં.] વનનો રાજા તે; સિંહ. (૨) મોટો કેશાળીવાળો વાઘ. ઉ૦ એક વિકટ વનમાં વસે, સિંહ વડો વનરાજ.

વનવાગળું, ન૦ વાગોલ; એક દિવાંધ રાત્રિચર પંખી. પંખીમાં વનવાગળું બચ્ચાને જન્મ આપે છે.

વનવાસ, પું [સં.] વનમાં જઇ રહેવું તે; વનમાં વાસ કરવો તે. (૨) દેશવટો.

વનવાસી, વિ૦ [સં.] વનમાં જઈ રહેલું; વનમાં રહેનારૂં. (૨) જોગી, જતિ ને તપસ્વી વગેરે.

વનવિહાર, પું૦ [સં.] વનોવન ફરવું તે. (૨) બાગ બગીચાની ગમ્મત મેળવવી તે; વાડી ઉપવનમાં ફરવું હરવું ને આનંદ માણવો તે.

વનસ્પતિ, સ્ત્રી૦ [સં.] જમીન પર ઉગતાં ઘાસ, મોલ, છોડવા અને ઝાડપાન વગેરે લીલોતરી; ઝાડપાલો; ઉદ્ભિજ્ય વગેરે તે. વનસ્પતિવિદ્યા=ઉદ્ભિજ્યવિદ્યા; ઝાડપાલા સંબધીનું જ્ઞાન વિજ્ઞાન તે.

વના, અ૦ વગર; સિવાય; વણ.:-મીઠા વના નહિ ચાલે. વિના.

વનિતા, સ્ત્રી૦ [સં.] નારી; સ્ત્રી; બાઇડી. (૨) અનુરાગવાળી જુવાન સ્ત્રી તે.

વનેખા, પું૦ પીડા; દુઃખ; સંકટ. (૨) મુશ્કેલી; આફત; હેરાનગતી. (૩) અડચણ; આપદા.

વનેચર, વિ૦ વનચર; જંગલી. (૨) રખડાઉ; કમઅક્કલ.

વનો, પું૦ [સં. विनय] વિનય; સભ્યતા; વિવેકી શાંત વર્તન તે. કહે૦ વનો વેરીને વશ કરે.

વનૈડવું, ક્રિ૦ સ૦ બગાડવું; ખરાબ કરી નાંખવું; યુક્તિથી ગોઠવેલા કાર્યને અરધેથી બગાડી નાંખવું.:-એણે કામ વનૈડયું.

વનૈડો, પું૦ બગાડો; કોઇ કાર્યક્રમ અરધેથી છિન્નભિન્ન થઇ જાય એવો જે ઝગડો-વાંધો તે; વાદ; કાર્ય બગડે એવી મુશ્કેલી તે.

વપત, સ્ત્રી૦ [સં. विपत्ति] વિપત્તિ; દુઃખ; પીડા. (૨) મુશ્કેલી; હેરાનગતી; આપદા; અડચણ; હરકત.

વપન, ન૦ [સં.] મુંડન; વાળ બોડાવી નાંખવા તે. (૨) હજામત; વત્તું.

વપની, સ્ત્રી૦ વપન કરવાનું ઓજાર; અસ્ત્રો. (૨) વણવાનું સાધન.

વપરાવું, ક્રિ૦ અ૦ વાપરમાં આવવું; કામમાં આવવું. (૨) ખરચાવું.:-ધન છે પણ વપરાતું નથી. (૩) ઘસાવું; ઓછું થવું.

વપરાશ, સ્ત્રી૦ વાપર; ઉપયોગ. (૨) ખપત. (૩) ઘાસ; ઘસારો થવો તે.

વપલો, પું૦ કોતૂક; અચરત.

વપા, સ્ત્રી૦ [સં] મજ્જા; હાડકામાં રહેલો ચીકણો રસ તે; ચરબી. (૨) રાફડો.

વપુ, વિ૦ [સં] સુંદર. (૨) ના૦ શરીર; તન; કાયા; દેહ.

વફા, સ્ત્રી૦ [અ. वफा] વચનને વળગી રહેવું તે; પ્રમાણિકપણું; સન્નિષ્ઠા. (૨) ભક્તિ; શ્રદ્ધા; વિશ્વાસ.

વફાદાર, વિ૦ વચનને વળગી રહેનાર; સત્યવાદી; પ્રમાણિક. (૨) વિશ્વાસુ; ભક્તિવાળું; સન્નિષ્ઠ.

વફાદારી, સ્ત્રી૦ વચનને વળગી રહેવાપણું; પ્રમાણિકતા; પરમભક્તિ; અચલિત શ્રદ્ધા-વિશ્વાસ રાખ્યા કરવો તે.

વભુહણુ, ન૦ પીડા; આપદા; દુઃખ.

વશો, પું૦ મહત્તા; ભાર. (૨) મર્યાદા; અદબ. (૩) ઠાઠ; વૈભવ.

વમન; ન૦ [સં] ઉલટી થવી તે; ઓકારી.

વમળ, ન૦ વહેતા પાણીમાં થતાં કુંડાળાં તે; આવર્ત્ત; ભમરી; પાણીની ઘુમરીઓ તે. (૨) વિચારની ગુંચ; ભ્રમ; આમ કરૂં કે તેમ કરૂં ? એવી વિચારની ડગુમગુ હાલ તે; ગુંચવારો ડામાડોળ હાલત તે; કિંકર્તવ્ય મૂઢતા તે.

વમાસવું, ક્રિ૦ સ૦ અમુક કાર્ય છોડી દીધા પછી તેને માટે વિચાર કરવો; પશ્ચાત્તાપ કરવો; પસ્તાવું; ચિંતવું;વિચારમાં પડવું તે; વિમાસવું. કર્યું હોત તો ઠીક, એવો વિચાર આણ્યા કરવો.

વય, સ્ત્રી૦ [સં.] જન્મથી માંડીને ગણાતો જીવનકાળ તે; ઉમ્મર. (૨) આયુષ્ય; આવરદા. રૂ૦ પ્ર૦ નવીવય=જુવાની; જોબન; યૌવન.વયોવૃદ્ધ=વયમાં મોટું; વૃદ્ધ.

વયણ, ન૦ વચન; વેણ; બોલ.

વયસ્ય, પું૦ [સં] મિત્ર; દોસ્ત; સોબતી.

વયસ્યા, સ્ત્રી૦ સરખી વયની સાહેલી; સખી; સૈયર.

વયા, વિ૦ વયનું; ઉમ્મરનું.:–સમવયી=સરખી વયનું.

વર, વિ૦ [સં.] સારૂં; ઉત્તમ; શ્રેષ્ઠ.

વર, પું૦ પરણવા યોગ્ય છોકરો–પુરૂષ તે. (૨) પતિ; સ્વામી; ધણી. (૩) તપશ્ચર્યા કે દેવારાધન કરવાથી જે અભીષ્ટ પ્રાપ્ત થાય છે તે; શુભાશિષ; દેણગી; પ્રસન્નતાનું ફળ તે; વરદાન.

વરક, પું૦ સોના રૂપાનાં પાતળાં પાનાં તે; વરખ.

વરકન્યા, ન૦ વિવાહિત છોકરો છોકરી તે; પરણતું સ્ત્રી પુરૂષનું જોડું. ઉ૦ વરકન્યા પરણી પરવર્યાં–મુવા.

વરખ, પું૦ વરક. (૨) ત્રીજી રાશિ. ખ, વ, ઉ. અક્ષર ઉપરનાં નામ એ રાશિમાં ગણાય છે.

વરખડી, સ્ત્રી૦ એક ઝાડ.

વરખાસન, ન૦ વર્ષાસન; સાલિયાણું.

વરખે, અ૦ વરસમાં.

વરગ, જુ૦ વગ.

વરગણી, સ્ત્રી૦ વર્ગણી; વહેંચણી. (૨) વળગણી. (કપડાં નાંખવાની)

વરઘેડ, સ્ત્રી૦ વરઘોડાની સામે ઘોડે બેસીને જતી કન્યા સાથેનું સરગસ.

વરઘોડો, પું૦ વરનો ઘોડો તે. (૨) પરણવા જતા વરની સ્નેહી સંબંધી સાથેની સ્વારી તે; પરણવા જતા વરનું સરગસ. ઠાઠ માઠવાળી સવારી. (૩) ફજેતી; ધાંધલ. રૂ૦ પ્ર૦ વરઘોડાની વાડી=ચાર ઘડીની શોભા. ક્રિ૦ પ્ર૦ વરઘોડો કાઢવો=ધતિંગ ઉભું કરવું; વિઘ્ન આણવું. વરઘોડે ચઢવું=પરણવા જવું. (૨) ફજેત થવું. (૩) જાહેરમાં આગળ પડવું.

વરચવું, કંટાળવું; કાયર થવું.

વરચસ, પું૦ બીજાને ઓસિયાળું કરવાની રીસ તે.

વરજવું, વર્જવું; તજવું; છોડીદેવું.

વરજોળો, પું૦ ઉચાટ; સંતાપ; ફિકર; ચિંતા; કંટાળો આપે એવો ઉદ્વેગ તે; પીડા.

વરડવું, ક્રિ૦ સ૦ ઉઝરડવું; સાંભરી–ખણી ખોતરી લેવું. (૨) વર્ગ પાડવા.

વરડું, ન૦ ફૂટેલો–ફણગાયેલો કઠોળનો કણ; વાલ; વટાણા, મગ વગેરેના ફણગાયેલા દાણા.:–વાલ–મગનાં વરડાં. (૨) વ્યંજન સાથે જોડાતું ઉકારનું ચિહ્ન; ઉનું નીચેનું પાંખડું.

વરણ, સ્ત્રી૦ [સં. વર્ણ] જાતિ; પ્રકાર. (૨) પું૦ રંગ. (૩) અક્ષર. વરણસંકર=જુદી જુદી જાતિનું–ભેળ વગળવાળું; મા અને બાપ જુદા વર્ણના હોય એવું; મિશ્ર

લોડીનું. (૪) ખરાબ.

વરણાગિયું, વિ૦ જેને રૂપાળા દેખડાવવાનો કોડ હોય તે; ટાપટીપિયું; છેલ્લાઇવાળું. વરણાગિયો=ફક્કડ થઈને ફરનારો; છેલ; રંગીલો. ઉ૦ વેગળો રે'ની વરણાગિયા. દયા.

વરણાગી, સ્ત્રી૦ વરણાગિયા થવું તે; સારા રૂપાળા દેખાવું તે; ટાપટીપ; રૂપાળા દેખાવાને માટે શણગાર સજવામાં ચપચીપ કરવી તે; શણગાર; શોભા. ગોસાંઇજીના લાલના લગનમાં બધાં સ્વરૂપની વરણાગી નિકળે છે. કહે૦ વરણાગીમાં વાટ ઉઠી.

વરણાવરણી, સ્ત્રી૦ વરણાવરણની જે વહેંચણી તે. વર્ણાશ્રમ ધર્મ તે. જાત પ્રમાણે જુદા જુદા તડા પાડવા તે; ચુંટણી. (૨) વિ૦ જુદી જુદી જાતનું. વરણાવરણી. પહેરવેશ.

વરત, ન૦ [સં. व्रत] ઇચ્છિત વસ્તુ મેળવવા માટે દેહને કષ્ટ આપીને નિયમ-સંયમ રાખીને કોઇ દેવનું પૂજન આરાધન વગેરે કરવું તે. (૨) માન્યતા, બાધા. (૩) નિયમ; પણ; સંકલ્પ. (૪) પું૦ કોસ ખેંચવાનો જાડો-ચામડાનો દોર તે. વા'લે ઉંડા કુવામાં ઉતાર્યાં, વા'લે. વા'લા વરત વાઢી શીદ લો છો ઘટે નહિ તમને રે. (૫) ઢોરની ચરાઇ.

વરતડી, સ્ત્રી૦ પાતળો વરત-દોર તે.

વરતણિયો, પું૦ ગામનું રખવાળું કરનારો પગી; ચોરી શોધી આપનારો; ગામનો ચોકીદાર; તલાટીનો સિપાઇ. (૨) વળાવો; મુસાફરને બીજા ગામ સુધી સહીસલામત વળાવી આવનારો.

વરતલો, પું૦ કાપલો; બાળોતિયું.

વરતવું, ક્રિ૦ અ૦ [સં. वर्त्] વર્તવું; ચાલવું; આચરવું. (૨) પારખવું; જાણવું. (૩) (૩) બનવું; થવું.

વરતારો, પું૦ ભવિષ્યમાં બનનારા બનાવો કહેવા તે; હવે પછી શું થશે? તે સંબંધીનું અનુમાન તે; જોશ જોવા તે; અગમચેતી; થનાર વસ્તુનું આગળથી કરવામાં આવતું કથન તે.

વરતાવવું, ક્રિ૦ સ૦ ફેલાવવું; પ્રસિદ્ધ કરવું. (૨) ધંધે લગાડવું. (૩) ઉડાડી દેવું; વેડફી નાંખવું; કાઢી નાંખવું. (૪) આપી દેવું; જોખમ નાંખી દેવું. વર્તાવવું=ચલાવવું.

વરતાવું, ક્રિ૦ અ૦ પોષાવું; વપરાવું; જણાવું; પરખાવું

વરતી, અ૦ વળતી; પછી; પછવાડેથી; કેડે.

વરદ, વિ૦ વરદાન આપનાર; દાતા; દયાળુ; વરદાયી.

વરદાઈ, વિ૦ વર આપનાર; કૃપાળુ. (૨) જેને વરદાન મળેલું હોય એવું; જેને દેવાદિકનો વર મળેલો હોય તે; બરદાયી.:- ચંદબરદાયી.

વરદાન, ન૦ ભક્તની ભક્તિ-તપ વગેરેથી પ્રસન્ન થઇ દેવ દેવીએ તેની આશા પૂર્તિ થાય એવું વચન આપવું તે; આશીર્વાદ; દુવા; કૃપાપ્રસાદ; વર.

વરદાયી, જુ૦ વરદાઇ.

વરદી, સ્ત્રી૦ વરધી; ખબર; કહેણ; સંદેશ. (૨) હુકમ; આજ્ઞા. (૩) રજા; પરવાનગી. આગળથી કોઇ કામકાજને માટે આપવામાં આવતી ખબર તે.

વરધ, સ્ત્રી૦ સારા અવસરને માટે નક્કી કરેલા દિવસની આડે રહેલા દિવસ-સમય તે; મુહૂર્ત દરમિયાન આડા રહેલા જે દિવસો તે; મુદત પહેલાંનો વાર-વાસર-વાસો તે. ત્રીજી વરધે ગણપતિ બેસાડયા ત્યારથી વૈવાહિક ધામધુમ શરૂ થઇ છે. ઉ૦ ત્રણ દીની વરધે લગન લીધાં આજ, શિશુપાળ આવે છે લેઇ એનો સાજ, વ્હેલા વળજો હોરાજ !

વરધસુંવાળું, ન૦ જનનાશૌચ; બાળકની વૃદ્ધિ-જન્મનું સૂતક તે.

વરધસાંકળી, સ્ત્રી૦ બાળકની કોટે પહેરા-

વાતી વર્ષો વર્ષ એક એક અંકોડે વધારતા જવાની સાંકળી તે. જેનાં બાળક જીવતાં ન હોય તે માતા, જેનું એકકે બાળક મરી ગયું ન હોય એવી અખો વનકૂખની માતા પાસેથી સોના કે રૂપાનો એક અંકોડો લઇ તે પોતાના બાળકની કોટે નાંખે ને જેમ જેમ વર્ષ થતાં જાય તેમ તેમ અકકેકો અંકોડો પેલી સાંકળીમાં ઉમેરતાં જાય. બાળકનો મરણભય ટાળનારી સાંકળી–હાલરૂં.

વરમ, પું૦ સોજો.

વરમાળ, સ્ત્રી૦ પસંદ કરેલા વરને કન્યા જે ફૂલહાર પહેરાવે છે તે; સ્વયંવરમાં કન્યા જેને પસંદ કરી આરોપે છે તે ફૂલમાળા. (૨) હસ્ત મેળાપ કરાવી વર કન્યાના કંઠમાં જે સૂતરની આંટી નાંખવામાં આવે છે તે; વરને પહેરાવવાની માળા—હારાવલી તે.

વરરાજા, પું૦ રાજા જેવા ઠાઠમાઠથી પરણવા જનારો તે; પરણનાર–પરણવા જતો જુવાન તે.

વરવાઢ, સ્ત્રી૦ લડાઇ; તકરાર; ટંટો; કજિયો; મારામાર.

વરવાઢિયું, વિ૦ તકરારી; કજિયાખોર.

વરવું, વિ૦ અશોભન; બેડોળ; કદરૂપું; બદસૂરત. (૨) નરસું; નઠારૂં.

વરવું, ક્રિ૦ અ૦ પસંદ કરવું; પરણવું; ચુંટી કાઢવું. (૨) જોડાઇ જવું; સંલગ્ન થવું. ઉ૦ વરિયા વરિયા શ્રી ગોરધનલાલ, મીરાં મન મોહનસુ મોહ્યું.

વરવેશ, પું૦ સારો વેશ.

વરસ, ન૦ [સં. વર્ષ] બાર મહીના જેટલો કાળ તે; સાલ; પૃથ્વીને સૂર્યની પાછળ ફરતાં જે વખત લાગે છે તે. (૨) વાર્ષિક મુસારો તે; સાલિયાણું.:–આગળ તો મુમાસ્તાને પાંચ રૂપિયાનું વરસ મળતું. રૂ૦ પ્ર૦ વરસ થવાં=મોટા-ઘરડા થવું. (૩) ઉમ્મર; વય.:–આ છોકરાને પાંચ વરસ થયાં.

વરસગાંઠ, સ્ત્રી૦ દર વર્ષે આવતો જન્મનો દિવસ તે; જન્મદિવસ; સાલગીરી.

વરસવું, ક્રિ૦ અ૦ [સં. વર્ષ્] મોટે જથે પણ વેરાતું વેરાતું ઉંચેથી પડવું; ઉપરથી આકાશમાંથી નીચે છંટાવું–વેરાવું તે; વરસાદ પડવો. (૨) ઉદાર થવું અને આપવું; મહેરબાની કરવી; નવાજેશ કરવી; છૂટે હાથે વેરવું. ઉ૦ વીરો ક્યાંરે ગાજ્યો ને ક્યાંરે ગડગડયો, ક્યાં વરસ્યો અસાડો મેહ. સ્ત્રીગીત.

વરસાણ, ન૦ વર્ષો વર્ષ અમુક ધર્મભાગ આપવો તે; વાર્ષિક દેણગી–બક્ષીસ તે; સાલિયાણું.

વરસાદ, પું૦ [સં. વર્ષા] આકાશમાંથી બિંદુરૂપે જે પુષ્કળ પાણી પડે છે તે; મેઘ; વૃષ્ટિ; મેહ. (૨) ઉંચેથી–ઉપરથી ધારાની માફક ઘણું પડવું તે:–તીર, પથરા અને ગાળોનો વરસાદ. ક્રિ૦ પ્ર૦ વરસાદ વરસવો=ધારાની માફક ઉપરાઉપરી પુષ્કળ વર્ષણ થવું. રૂ૦ પ્ર૦ વરસાદની પેઠે વાટ જોવી=બહુ આતુરતાથી રાહ જોવી. કહે૦ વહુ, વરસાદ ને ધુમાડો, ત્રણનો ગંધવા ગમે નહિ ને ત્રણ વગર ચાલે નહિ. વરસાદનો વખત તે ચોમાસું. વરસાત, એમ પણ બોલાય છે.

વરસાવવું, ક્રિ૦ સ૦ ઉંચેથી નીચે પડે એમ કરવું; પાડવું; વેરવું; નાંખવું. (૨) ઉદારતા બતાવવી; ત્રુઠવું; સારી પેઠે આપવું.

વરસી, સ્ત્રી૦ મરનારની પહેલી વાર્ષિક તિથિ; વરસાંતે આવતી મરનારની મરણતિથિ.(૨) મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા ને બ્રહ્મભોજન તે. આ અશુભ અવસર ગણાય છે તેથી

કહે૦ વિવાહની વરસી. ઉલટુંસુલટું કરી નાંખવું—શુભનું અશુભ કરી નાંખવું, એવા ખરાબ અર્થમાં કહેવાય છે કે, એ તો વિવાહની વરસી કરે એવો તરેહવાર માણસ છે.

વરસુંડી, સ્ત્રી૦ બળદ વગેરેની ખાંધે પડેલા આંટણનો પાક; ગરદનનો રોગ. (૨) ગળાપર ગાંઠો નિકળીને પાકે એવો રોગ; કંઠમાળ.

વરસુંદ, સ્ત્ર૦ હજામ, ધોબી અને દરજી વગેરેને તેમના કામના મહેનતાણા તરીકે વરસ દિવસે આપવા ઠરાવેલું બાંધ્યું લવાજમ તે; ઉધડ ઠરાવેલું વાર્ષિક મહેનતાણું. વરસોંત—સોંધ.

વરસોંત, વરસોંધ; વરસુંદ; વાર્ષિક મહેનતાણું તે. (૨) દર વર્ષે મળતો હક તે.

વરસોવરસ, અ૦ દરવરસ; પ્રતિવર્ષ; હરહમેશ; વરસે વરસે ચાલુ એમ.

વરસોળી, સ્ત્રી૦ પ્રાણીઓના શરીર ઉપર નહિ દુખતી પણ કદે વધ્યા કરતી માંસની ગાંઠ; રસોળી.

વરસોંધ, સ્ત્રી૦ જુ૦ વરસુંદ.

વરંગો, પું૦ ઢોરને થતો એક રોગ.

વરાક, વિ૦ [સં] કંગાલ; ગરીબ. (૨) નીચ; હલકટ; અધમ.

વરાગડું, વિ૦ તડકે સુકાઇને હલકું ને પાસાદાર થયેલું—મીઠું.

વરાટી, સ્ત્રી૦ [સં વાટિકા] કોડી; નાની મજબુત પોટલિયા જેવી છીપ.

વરાડ, સ્ત્રી૦ ભાગ; હિસ્સો; વાંટો.:—વરાડે આવે તે તમે લો, વધારે શાના લો ?

વરાડું, ન૦ [સં. वराट]દોરડું; દોરી; રજ્જુ.

વરાઢ, સ્ત્રી૦ લડાઈ; કજિયો; ટંટો. (૨) ભાગ ?

વરાઢવું. ક્રિ૦ સ૦ લડાવવું; કજિયો કરાવવો. (૨) ના૦ દોરડું; રોઢવું.

વરાહિયો, પું૦ એક જાતનો વેલો ને તેનાં ફૂલ. એમ કહેવાય છે કે એ વેલો કે તેનાં ફુલ બે જણ ઉપર નાંખ્યાં હોય તો તેમને લડાઇ થાય.

વરાણિયે, અ૦ વડે; થી. (૨) આધારે; સહાય—હુંફ—જોરને લીધે.:—પગ વરાણિયે= પગવડે—પગને આધારે. વરસ સારૂં છે ને પાકશે એ વરાણિયે હું જીવતી હતી, પણ તીડ પડયાં એટલે પગ ભાગી ગયા.

વરાધ, સ્ત્રી૦ ઉધરસ, તાવ, કબજિયત ને હાંફનો નાનાં છોકરાંને થતો જીવ લેણ રોગ; ન્યુમોનિયા—ત્રિદોષ; ભારે સસણી.

વરાધે, અ૦ બહાને; મિષે.

વરાપ, સ્ત્રી૦ અંતરાળની શાંતિ; રાયત; અપ્રવૃત્તિ;:—બહુ હેલી થઇ હવે ડાંગેર ચોપવાની વરાપ આપે તો સારૂં. થોડા વખતની અટકાયત; વિરામ; અવકાશ. (૨) તલપ; ઈચ્છા; આતુરતા.:—એને હુક્કાની વરાપ આવી છે.

વરાપિયું, ન૦ કોરી ડાંગેર પુંખીને કરેલું ધરૂ, વરસાદ આવે તે અંતરાળમાં પાણી પાઇને ઉગાડેલા છોડવા તે.

વરારોહા, વિ૦ [સં.] કમ્મર નીચેનાં માંસલ ઉંચા અવયવોવાળી સુંદર સ્ત્રી. ઉ૦ ચાલ ચાલ વરારોહે! ચાલ આ રંગમેલમાં, સમુદ્ર વલયા ભૂ ને, દેવયાનિની એલમાં.

વરાવવું, ક્રિ૦ સ૦ પરણાવવું. (૨) ચુંટી કઢાવવું; આમંત્રવું. (૩) આપીદેવું.

વરાવું, ક્રિ૦ અ૦ વરેલું થવું. (૨) વરણીમાં આવવું.:—ચાર બ્રાહ્મણ વરાયા છે.

વરાહ, ન૦ [સં.] ભુંડ; ડુક્કર; સુવર. વરાહાવતાર=વિષ્ણુનો ત્રીજો અવતાર.

વરાળ, સ્ત્રી૦ પાણી અથવા ભિનાશ ગરમ થતાં તેમાંથી ધોળી વાયુરૂપ જે ધુમાડી નિકળે છે તે; બાષ્પ; બાફ. આ વરાળ સ્થિતિસ્થાપક હોય છે અને તેને ઠંડી કે ટાઢક લાગતાં તેનું ફરીને પાણી થય છે. વરાળનાં વાદળાં બને છે અને

તેને ઠંડી હવા લાગતાં વરસાદ રૂપે પાણી થઇને પૃથ્વી ઉપર પડે છે. (૨) ગુસ્સા–ક્રોધનો ઉદ્દગાર; દાઝ; લાગણીનો ધ્વનિ. (૩) જોસ; બળનો ઉછાળો; ક્રોધનો ઉભરો; અહંકાર. વરાળયંત્ર=બાફના જોરથી ચાલે એવી કરામત તે; સાંચો. આગગાડી, મિલો અને કારખાનાંના મોટા સંચાઓ વરાળથી ચાલે છે.

વરાળિયું, વિ૦ વરાળવાળું; જેમાંથી વરાળ નિકળતી હોય એવું–ઉનું. વરાળિયો શેક.

વરાં, ન૦ વેળા; વખત.

વરાંગ, ન૦ [સં.] મસ્તક; માથું.

વરાંગના, સ્રી૦ [સં.] સુંદર શરીરવાળી સ્રી; રૂપાળી સ્રી.

વરાંગી, સ્રી૦ સુઘડ ને સુંદર સ્રી; સુંદરાંગી.

વરાંસવું, ક્રિ૦ અ૦ પસ્તાવું; પાછળથી અફસોસ થવો. (૨) ભરોસે ભૂલવું; છેતરાવું.

વરાંસે, અ૦ ભરોંસે; જાણે હોય નહિ તેમ. (૨) મિષે; ભ્રમે. (૩) વડે; આશ્રયે.

વરાંસો, પું૦ ભરોસો. આશ્રય; વિશ્વાસ.

વરિયાળી, સ્રી૦ જીરાની જાતનાં સુગંધિદાર બિયાં; એક વસાણું. એ ઠંડી ને કફ હરનારી છે તથા મુખવાસમાં વપરાય છે.

વરિષ્ઠ, વિ૦ [સં.] વડું; મોટું; સર્વોત્તમ. ઉપલું; ઉપરનું.

વરી, અ૦ ફરીથી; બીજીવાર; પુનઃ (૨) ના૦ સાઠી.

વરીડો, પું૦ નદી અથવા તળાવના સુકા તળિયામાં ખણેલો કાચો કુવો; વીડો.

વરૂ, ન૦ કુતરાના જેવું માંસાહારી જંગલી ચોપગું; વૃક; નાહર.

વરૂડ, ન૦ પલાળીને ફૂટવા દીધેલી ડાંગેર; ફણગાવેલી ડાંગેર.

વરૂણ, પું૦ [સં.] પાણીનો દેવ; પશ્ચિમ દિશાનું રક્ષણ કરનારો દેવ. (૨) વેદનો એક મોટો દેવ; ઇન્દ્ર.

વરૂણી, સ્રી૦ ક્રિયા–કર્મ કરવાને બ્રાહ્મણ ચુંટી કાઢવો તે; ચુંટણી; વરણી. (૨) શિક્ષા; સપડાવવું તે.

વરે, અ૦ સાથે; સોબતે.

વરેઠી, સ્રી૦ વરોઠી; વર તરફથી લગનની ખુશાલીમાં અપાયેલું જમણ. (૨) જનોઇ લગન વગેરેની ક્રિયાઓમાં અપાયેલું ખુશાલીનું જમણ તે.

વરેડું, ન૦ દોર; દોરડું.

વરો, પું૦ નાતનું જમણ; નાત મિત્રો વગેરેને જમાડવા પાછળ વાવરવું તે; સ્નેહી સંબંધીને ખાણું આપવું તે. ઉ૦ વરો ન કરીએ ઘર વેચીને, જુગટડે ન૦ રમીએજી. (૨) ખૂબ વપરાશ તે; ઘણી ખપત થઇ જવી તે; વાપર–વાવર તે. :–અમારે ઘેર ખાંડ–ગળપણનો બહુ વરો છે, તોપણ વરા કરતાં વધારે ભરી રાખતા નથી.'

વરોટો, પું૦ વાટો–લાટ જેવો મોટો ગોળ પત્થર તે; રોલ; રસ્તો સરખો કરવાને કાંકરેટ દબાવવાનો ગોળ પત્થર તે.

વરોઠી, સ્રી૦ વરેઠી; લગનની ખુશાલીમાં વરવાળાઓ તરફથી અપાતું જમણ–જમણવાર તે. :–વરની વરોઠી.

વરોત, ન૦ વરત; મોટું જાડું દોરડું.

વરોલ, ન૦ વાંઝિયાપણું. (૨) ભમરો. વરોલા=ભમરી. (૩) બરોળ; ડાબા પડખાના હૃદય નીચેનો એક અવયવ. તાવની બિમારીમાં તે વધીને હોજરી ઉપર દબાણ કરે છે.

વરોળાવું, ક્રિ૦ સ૦ વલોવવું.

વર્ગ, પું૦ [સં.] સજાતીય વસ્તુઓ–પ્રાણી વગેરેનો એકાદ સમુદાય તે; જથો. એક જાતિયોનું ટોળું–મંડળ તે. :–દેવ વર્ગ; પ્રાણીવર્ગ; મત્સ્ય વર્ગ. (૨) ભાગ–વિભાગ; ટુકડી. (૩) મંડળ. (૪) ખંડ; પ્રકરણ વગેરે. (૫) એક સંખ્યાને તેજ સંખ્યાએ ગુણવી તે. :–૯×૯=૮૧ વર્ગ.

વર્ગમૂળ, ન૦ [સં.] ગણિત પ્રમાણે અમુક

આંકની—વર્ગની મૂળ સંખ્યા કાઢવાની જે રીત તે, અને વર્ગનો મૂળાંક. :–૧૬ નું વર્ગમૂળ ૪; ૬૪ નું આઠ અને ૮૧ નું ૯.

વર્ગીકરણ, ન૦ [સં.] સરખે સરખી વસ્તુઓને એક જથે કરવી તે; સમાનતાવાળી વસ્તુઓ જાતવાર જુદી પાડવી—વહેંચી નાંખવી તે; જથા પાડવા; સરખાપણાને ધોરણે જુદું જુદું કરવું—પાડવું; વર્ગીકરણ; વર્ગ કરવા.

વર્ગીય, વિ૦ [સં] સજાતીય; એકજ વર્ગનું હોય એવું; સરખાપણામાં એક બીજાને મળતું હોય એવું તે. (૨) વર્ગનું; વર્ગ સંબંધી.

વર્જનીય, વિ૦ [સં] તજવા જોગ; છોડી દેવા જેવું.

વર્જવું, ક્રિ૦ સ૦ તજવું; છોડીદેવું. (૨) રદ કરવું.

વર્જિત, વિ૦ [સં.] તજવા જોગ; છોડી દેવા જેવું.

વર્જ્ય, વિ૦ [સં.] ત્યાગ કરવા જોગ; તજવા લાયક.

વર્ણ, પું૦ [સં.] રંગ; ભાત; તરેહ. (૨) અમુક ચિહ્ન અને તેનો ઉચ્ચાર કરવોતે; ઉચ્ચારનું રેખાત્મક ચિહ્ન તે; અક્ષર; હરફ; દસ્કત. (૩) સ્ત્રી૦ જાતિ; ગોરા કાળા વગેરે ચામડીના રંગ ઉપરથી ઓળખાયેલો અમુક જન સમૂહ તે; નાત જાત; કર્માનુસાર પાડેલા મનુષ્યના વર્ગમાંનો એક વર્ગ તે. —બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર. (૪) ભેદ; વિભાગ.

વર્ણન, ન૦ [સં.] કોઇ વસ્તુને તે જેવી હોય તેવી કહી—લખી જણાવવી તે; યથાર્થ સ્વરૂપાલેખન; બ્યાન; હકીકત; વિવેચન; જેવું જોઇએ તેવું આલોચન તે.:–બહુ સારૂં વનવર્ણન છે. (૨) તારીફ; વખાણ; પ્રશંસા. ઉ૦ ભોજન આજ જમ્યા જે અમો, તેનું વર્ણન સુણજો તમો.ક૦ દ૦ ડા૦

વર્ણનીય, વિ૦ [સં] વર્ણન કરવા જોગ; વિવેચન કરવા લાયક. (૨) જેનું વર્ણન કરવાનું હોય તે. (૩) વખાણવા લાયક.

વર્ણમાલા, સ્રી૦ અક્ષરમાળા; કક્કો; મૂળાક્ષરો.

વર્ણવું, ક્રિ૦ સ૦ વર્ણન કરવું; હકીકત જણાવવી. (૨) વખાણવું. ઉ૦ અલ્પ મતિ અજ્ઞાની હું તે, કયી પેરે ગુણ વર્ણું.

વર્ણસગાઇ, સ્રી૦ એકજ સ્થાનના—જાતના વર્ણોનું એક પછી એક આવવું તે; સજાતીય વર્ણોનું આવર્તન તે; વર્ણાનુપ્રાસ. ઉ૦ મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન, મોટા મોટા મહીપતિ મહીપતરામને.

વર્ણસંકર, વિ૦ જેનાં માબાપે ફેર હોય એવું; જેનામાં મિશ્ર વર્ણ હોય તે; વગળવાળું; વ્યભિચારથી ઉત્પન્ન થયેલું; મિશ્ર વર્ણનું. (૨) તોફાની; ઉચ્છૃંખળ; અનાડી; અયોગ્ય રીતભાતનું.

વર્ણાવર્ણ, વિ૦ વર્ણ ને અવર્ણનું જેમાં ઠેકાણું ન હોય એવું; ખીચડખાતું. (૨) શંભુ મેળો; સેળભેળ, ખીચડો.

વર્ણાશ્રમ, પું૦ [સં] જાતિવાર વિભાગ અને તેમનાં કર્તવ્યો વગેરેની જે વ્યવસ્થા તે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણના વિભાગ અને તેમને વહેંચી આપેલાં કાર્ય વગેરે કરવાની તેમની ફરજ વગેરેની વ્યવસ્થા તે. વર્ણાશ્રમ ધર્મ=વર્ણ વર્ણના વિભાગે આચરવાના જે ધર્મ—કર્તવ્ય—ફરજ વગેરે તે. વર્ણ પ્રમાણે અને વય પ્રમાણે મનુષ્યે કેમ ચાલવું તેને લગતાં ફરમાન તે.

વર્ણોચ્ચાર, પું૦ [સં] વર્ણ—અક્ષરનું જે સ્પષ્ટ ઉચ્ચારણ તે; અક્ષરે અક્ષર ખુલ્લા સમજાય એમ બોલવું તે.

વર્તણૂક, સ્રી૦ આચરણ; વર્તવાની રીતભાત

તે; ચાલચલણ; ચાલ, વર્તન.

વર્તન, ન૦ [સં.] સંસારમાં વર્તવાની જે રીત ચાલચલણ તે; આચરણ. (૨) ચરિત; વર્તણૂક; આચાર.

વર્તમાન, વિ૦ [સં] ચાલુ; ચાલતું. (૨) આધુનિક; હમણાંનું; ચાલુ જમાનાનું.(૩) ના૦ સમાચાર; ખબર; વૃત; ચાલતી વાત કે ચર્ચા તે. વર્તમાનકાળ=ચાલતો સમય. વ્યાકરણમાં–ચાલતો વખત દેખાડનારી ક્રિયા અને તેના પ્રત્યયો વગેરે. મુખ્ય ત્રણ કાળ છે:–ભૂત–વર્તમાન ને ભવિષ્ય.

વર્તમાનપત્ર, ન૦ જેમાં ચાલુ સમયના વર્તમાન–સમાચાર છપાતા હોય એવું પત્ર તે; છાપું. રોજિંદુ, અઠવાડિક, ને માસિક વગેરે. જે પત્રમાં ચાલતા સમયની ચર્ચાઓ આવતી હોય તે સામયિક લેખપત્રિકા.

વર્તવું, ક્રિ૦ અ૦ [સં. वर्त] અમુક રીત પકડી તે પ્રમાણે ચાલવું; અમુક રીતે આચરણ કરવું; ચાલવું; વ્યવહરવું; વર્તન કરવું. (૨) હોવું; રહેવું; થવું; બનવું. (૩) સ૦ ક્રિ૦ પારખવું; જોવું; જાણવું:-તેણે ભવિષ્ય વર્ત્યું.

વર્તારો, પું૦ વરતારો; ભવિષ્યમાં બનનારા બનાવ સંબંધી જ્યોતિષ જોઈ ને તારવેલાં અનુમાનો તે.(૨)અંદાજ; આશરો; અડસટ્ટો; કલણ.:–વર્તારો કાઢવો=અંદાજ કાઢવો; આશરે શું થશે ? કેટલું થશે ? તે સંબંધી અનુમાન કરવું.

વર્તાવવું, ક્રિ૦ સ૦ પરખાવવું; શું છે, કેવું ને કેટલું છે તેનું અનુમાન કરાવવું. (૨) ભવિષ્યમાં શું બનશે તે જ્યોતિષ પ્રમાણે જોવરાવવું. (૩) વહેંચવું. (૪) લુંટાવવું. (૫) વળગાડી દેવું; માથે મારવું; આપી દેવું; બઝાડવું; ચોરીનો માલ છે જેને તેને ઝટ વર્તાવી દોને !

વર્તિક, પું૦ શ્રાવકલોકની જાતિ.

વર્તી, વિ૦ [સં] અંદર, તરફ અથવા હોનાર; રહેનાર. અગ્રવર્તી, સૌથી આગલ રહેનાર; ચક્રવર્તી.

વર્તુલ, ન૦ [સં] કુંડાળું; ગોળચકરડું; ગોળ આકાર તે. (૨) વિ૦ ગોળ, ગોળ આકારનું.

વર્ધક,વિ૦ [સં] વધારનાર, :–પ્રજાહિત વર્ધક, આરોગ્યવર્ધન.

વર્ધન, ન૦ [સં] વધારવું તે.

વર્ધમાન, વિ૦ વધતું રહેતું; વધે જતું; પ્રતિદિન સુખ સંપત્તિમાં વધતું એવું તે; ચઢતી દશામાં આવતું; આબાદ થતું; ઉગતું.

વર્ધિત, વિ૦ [સં.] વધેલું; લંબાણે જયે વગેરે ગુણે મોટું થયેલું.

વર્મ, ન૦ [સં.] રક્ષણ કરનાર–કવચ તે; બખતર. (ઇષ્ટદેવનું નામ કે મંત્ર તે.)

વર્ય, વિ૦ [સં.] ઉત્તમ; શ્રેષ્ઠ. (૨) મુખ્ય; પ્રધાન.

વર્ષ, ન૦ [સં.] બાર મહીના અથવા ૩૬૦ દિવસ જેટલો કાળ તે. (૨) ઉમ્મર; વય.

વર્ષણ, ન૦ વરસવું તે; વરસાદ, તીર, પત્થર વગેરેનું મોટે જથ્થે ઉપરથી નીચે પડવું–વરસવું તે.

વર્ષફળ, ન૦ આવતા–આગલા વર્ષે દરમિયાન શું ફળ મળશે તે સંબંધીનો જોશીઓ જે વર્તારો કાઢે છે તે.

વર્ષા, સ્ત્રી૦ છ ઋતુઓમાંની વરસાદની ઋતુ તે; અસાડ શ્રાવણ–વરસાદની મોસમ તે; ચોમાસું; વર્ષાકાળ; વરસાદના દહાડા.

વર્ષાસન, ન૦ વરખાસન; વરસુંદ; બ્રાહ્મણો–પંડિતો અને બીજા આશ્રિતો વગેરેને રાજા કે ગૃહસ્થ તરફથી મળતી વાર્ષિક આજીવિકા તે; સાલિયાણું; જીવાઈ.

વલણ, ન૦ મનનું જે તરફ વળવું થાય છે તે; મનનો ઝોક; મરજી; ઇચ્છા; મનોવૃત્તિ,

(૨) મરોડ; વાંક; વળવું તે. (૩) કવિતામાં કડવાની અંતે અને શરૂઆતમાં આવતી સાખી તે; ઢુથલો. (૪) જુવારના પુહોગા ઘાસ હોય તેમાંથી ઉખેડી લીધેલા છોડ તે.

વલદહાશિયાં, ન૦ મુદ્દલ ને વ્યાજ વળે ત્યાં લગી કબજે રાખેલી જમીન. એવું લખત કે જ્યાં લગી વ્યાજ ને મુદ્દી વસુલ થઇ જાય ત્યાં લગી ખેતરમાં થતા દાણા વાળી લેવાતા જાય.

વલદે, અ૦ [अ.] દીકરો-પુત્ર એમ. -મહમદમિયાં વલદે રહેમાનખાન. અર્થાત્ મહમદમિયાં તે રહેમાનખાનનો દીકરો.

વલય, ન૦ [सं.] સ્ત્રીઓને કાંડે પહેરવાના કંકણ; બલેયાં.

વલવલ, સ્ત્રી૦ બોલ બોલ કરવું તે; વારંવાર વગર પૂછવે ઘણું બોલ્યા કરવાપણું તે. ટાયલું; મિથ્યા ભાષણ. :—તું વચમાં વલવલ ના કરતી. (૨) જોઇએ તેથી વધારે ચંચલતા તે. (૩) ચિબાવલાવેડા ને ચાલા કરવા તે.

વલવલતું, વિ૦ વલવલ-બોલબોલ કરે એવું; છૂટી જીભનું; સમજ્યું ન સમજ્યું માત્ર બોલ્યા કરે એવું ટાયલું કરનારૂં. (૨) અતિ ચંચળ; ચિબાવલું.

વલવલવું, ક્રિ૦ સ૦ બોલબોલ કરવું; ટાયલું કર્યા કરવું; મોઢામાં જીભ નહિ ઘાલવી તે. (૨) વિલાપ કરવો; રોતાં રોતાં બોલવું; દુઃખ પોકારતા રડવું; સંભારવું ને શોક કરવો. ઉ૦ વૈદર્ભી વનમાં વલવલે. (૩) વળખાં મારવાં; કાયરતાથી આમ તેમ જોવું ને રોવું.

વલવલાટ, પું૦ વલવલ કરવું તે; વલોપાત; હાયવાય. (૨) ખણુજ આવ્યા જેવું થવું તે; સળવળાટ; ચામડી ઉપર થતી ખણવા જેવી જે લાગણી-સ્પર્શની અસર તે.:- પથારીમાં જોઇએ છીએ તો માંકણ જણાતો નથી ને આંખ મળતાં વાંત પીઠે વલવલાટ થાય છે.

વલવલિયું, વિ૦ વલવલતું; બોલ બોલ કરનારૂં. (૨) વલોપાત કરતું. (૩) ટાયલું કર્યા કરે એવું; બહુબોલું.

વલંદો, પું૦ હોલંડનો રહેવાસી: ડચ.

વલંબાવું, ક્રિ૦ અ૦ રોકાવું; ગુંથાવું.

વલી, પું૦ [अ.] બંદો; ઓલિયો. (મુસલમાનમાં)

વલું, ન૦ વળું; પડ; થર; પોપડો.

વલુંધવું, ક્રિ૦ સ૦ મંડવું; વળગવું; વિંટાળવું. (૨) પેંધવું; પલકવું.

વલુંધું. વિ૦ પેધેલું; ટેવાયેલું; લાગેલું. (૨) અ૦ વડે; લીધે.

વલુર, સ્ત્રી૦ ખણુજ; ચેળ; વતૈડ.

વલુરવું, ક્રિ૦ અ૦ ખણવું; વતૈડવું; ચેળ ભાગવી; ઉઝરડા ભરવા.

વલે, સ્ત્રી૦ સ્થિતિ; અવસ્થા; હાલ; દશા. (૨) ભુંડા હાલ. (૩) વેતરણ.:-હવે તારી વલે કરીશ. (૪) ઉપાય.

વલેણ, ન૦ વણિયર.

વલો, પું૦ ધંખના. (૨) જોઇએ તેવી હિલચાલ થવી તે; જીભનું હાલવું તે.

વલોણાવારે, અ૦ ત્રણ ચાર દિવસે; હમેશ; વારંવાર; આખો દહાડી.:-વલોણાવારે લડવું અને એકઠા થવું, એ ટેક કહેવાય નહિ.

વલોણું, ન૦ માખણ કાઢવા માટે દહિંને વલોવવું તે; રવૈથી દહિં ભાગીને માખણ કાઢવું તે. (૨) વિચારો કામકાજ અને લડાઇની જે ડહોળાડહોળ તે; ઘુમાઘુમી; ઘોળાઘોળ. રૂ૦ પ્ર૦ વલોણામાં મુતરવું:- સારાં કામમાં ફદકું નાંખવું; ઠીક થવા ઉપર હોય એવા કામને બગાડી નાંખવું.

વલોપાત, પું૦ આતુર હૃદયે રડતાં રડતાં વલવલ કરવું તે; સંતાપ-ચિંતા-શું થશે?

શું નહિ ? એવા વિચારની હાયવલાળ તે; અધીરતાથી આકળાપણું દેખાડવું તે. (૨) હાયવાય; આક્રંદ. (૩) ગાભરા પડી જવું તે.

વલોપાતિયું, વિ૦ વલોપાત કરનારૂં; અધીર થઇ ચિંતા ને ઉતાવળ કર્યા કરનારૂં. (૨) અધીરૂં; વલવલારિયું; ઇચ્છિત શ્રેય અને પ્રેમને માટે અધીર.

વલોરવું, ક્રિ૦ સ૦ વલુરવું; ખણવું; ખંજવાળવું.

વલોવવું, ક્રિ૦ સ૦ માખણ કાઢવા માટે રવૈથી દહિંને ડહોળી–હલાવી નાંખવું; દહિં ભાગવું: (૨) આમતેમ હલાવવું; ડહોળી નાંખવું; ઘુમરડવું, ખૂબ સંડોવવું; ઉથલપાથલ કરી નાંખવું, તળે ઉપર–ઉલટ સુલટ કરી નાંખવું; ચર્ચવું; ચુંથવું. આ બાબત ઝાઝી વલોવશો નહિ. મંથન કરવું; મથવું.

વલ્કલ, ન૦ [સં] ઝાડની અંતર છાલના રેસાઓમાંથી બનાવેલું વસ્ત્ર; શણિયું, આશ્રમવાસીઓ વલ્કલ વાપરતા. ઉ૦ વલ્કલ અતિ ઝીણું ઓઢતી જે ખભે એ. શાકુન્તલ. ઝ. ઉ.

વલ્મીક, પું૦ [સં] ઉંદર અને કીડી વગેરે ભોંયમાં રહેનારાં પ્રાણી–જંતુએ જમીન ખણી દરની આગળ કરેલો માટીનો ઢગ; રાફડો.

વલ્લભ, વિ૦ [સં] વહાલું; પ્રિય. (૨) પું૦ પતિ; સ્વામી. (૩) આશક; પ્રીતમ; યાર.

વલ્લભા, વિ૦ વહાલી; પ્રિયા; પ્રિયતમા. (૨) પત્ની; વહુ. (૩) માશુક.

વલ્લભી, વિ૦ [સં. વલ્લભીય] વલ્લભ સંપ્રદાયનું; વલ્લભાચાર્યનું–સંબંધી તે.

વલ્લંખખ્ખા, અ૦ સામ સામા દાવની પતાવટ; સરખેસરખું; પુરૂં થઇ ગયું એમ; નહિ લાગતું વળગતું, કે માગતું લહેણું રહ્યું નથી એમ કહી હાથ ખંખેરતાં–વલ્લંખખ્ખા, એમ કહેવાય છે.

વલ્લરી, સ્ત્રી૦ વેલ; લતા. ઉ૦ વૈરાગ્યવલ્લરી હરિ ભજવા વખાણી.

વલ્લવ, પું૦ ગોપ; ગોવાળિયો.

વલ્લી, સ્ત્રી૦ [સં] વેલ; વેલી; લતા.

વલ્લું, વિ૦ પહોળું; ઝાંકું. (૨) ફંટાતું; રાંટું. વલ્લું ચાલવું=પહોળે પગે ચાલવું; બે પગ વચ્ચે થયેલા ગડગુમડને લીધે કે સાથળો ઘસાવાને લીધે બે પગ વચ્ચેના અંતરને મોકળું રાખી ચાલવું તે; રાંટું ચાલવું.

વવરાવું, ક્રિ૦ અ૦ વપરાવું; ખપવું; ખરચાવું.

વવળતું, વિ૦ વવળાટ કરતું; વવળે એવું; ખંજવાળવું પડે એવી ચામડી પર અસર ઉપજાવતું. (૨) ગીલી થાય એવી અસર કરતું.

વવળવું, ક્રિ૦ અ૦ ખંજવાળવું પડે એમ થવું; ચામડી ઉપર લાગે એમ ખુંચવું; ખુજળી થવી–લાગવી તે. જંગલી પતરવેલિયાં ગળામાં વવળે છે.

વવળાટ, પું૦ વવળવું તે; વપસ્પતિની ઝેણ અને જંતુના પગનું ખુંચવું તે; ખણુજ; ખંજવાળ; ચેળ.

વવાવું, ક્રિ૦ અ૦ છેતરાવું; ઠગાવું; બહકાવું.:–ફ્રાવ્યા કે વવાયા તેથી શું ?

વવ્વો, પું૦ વકાર. (૨) વિવેક. ઉ૦ એક વવ્વા વિના સર્વે ટાળ્યું.

વશ, વિ૦ [સં] જીતેલું–તાબાનું હોય તેવું; અધીન; તાબેદાર; અનુકૂળ. (૨) મુગ્ધ; મોહિત. તાબે; શરણે. આજ્ઞા–હુકમમાં રહેલું હોય એવું.

વશા, સ્ત્રી૦ [સં.] વાંઝણી સ્ત્રી. (૨) હાથિણી. (૩) પું૦ અંશાંક; આના; દોકડા–અમુક ભાગ તે.:–મગના ૫ વશા, સોનાના ૧૫ વશા. ઉ૦ કહેવત છે કે ભૂષણ વીસ વશાનાં શરીર શોભાવે, પણ આનાં અંગો તો ભૂષણને પણ વિશેષ શોભાવે. કી. ઘ. ભદ્ર.:–એ તો વીસે

વીસ વશાનું માણસ છે વસો.

વશાત્, અ૦ [સં] થી-થકી; લીધે; કારણુસર.:-દૈવવશાત્, પ્રસંગવશાત્.

વશિયર, પું૦ વિષધર; સાપ; નાગ. ઉ૦ આડો વશિયર ઉતર્યો, પ્રભાત કેરે પહોર. ગોપિચંદ.

વશિષ્ઠ, પું૦ એક મોટા પ્રસિદ્ધ વૈદિક ઋષિ; સૂર્યવંશના મુખ્ય ગુરૂ.

વશીકરણ, ન૦ [સં] વશ કરવું તે; વશ કરવાનો મંત્ર અથવા યુક્તિ તે.

વશેક, ત્રિ૦ વિશેષ. (૨) અ૦ (ના૦) મળતા વશેક=વીસેવીસ વશા મળતી રાશિ હોય એમ. સ્વરૈક્ય; એક મનસ્કતા; સારો મેળ હોવો તે. ઉ૦ ભલી બનતા વશેકની એક, બંગડી હોય હાથમાં.

વશ્ય, વિ૦ વશ કરાય એવું; તાબે થાય એવું; અધીન.

વસટાણું, ન૦ રિસાયેલા-બેદિલ થયેલાને સમજાવવાનું કામ તે; વિષ્ટિનું કામ તે. કુટિણીપણું; કુટણું. (૨) દરખાસ્ત.

વસટાળો, પું૦ ભડવો. (૨) સમજાવટ કરાવનારો.

વસતી, સ્ત્રી૦ [સં] વસવું તે; વાસ (૨) રહેવાનું સ્થાન; રહેઠાણ. (૩) લોકો જ્યાં વસેલા હોય તે જગા; વાસ હોવો તે. (૪) અમુક સ્થાન રોકીને રહેલા માણસોનો સમુદાય તે; લોક સંખ્યા તે. (૫) બાળબચ્ચાંનો વધારો તે; માણસોનો ભરાવો-વધારો તે.

વસતીપત્રક, ન૦ ગામ, શહેર, દેશ, નાત કે અમુક સમૂહમાંના માણસોની ગણતરીનો કોઠો તે; માણસોની સંખ્યાની ગણતરીની કુલ નોંધ

વસતીવાડી, સ્ત્રી૦ છોકરાં છૈયાં; બાળબચ્ચાં.

વસતેવ, પું. અગ્નિ; દેવતા; આગ.

વસન, ન૦ [સં] વસ્ત્ર; કપડું; લુગડું.

વસમું, વિ૦ મુશ્કેલ; અઘરૂં; કઠણ. (૨) કપરૂં; વાંકું; તરેહવાર. (૩) ખરાબ; ખોટું; માઠું. :-વસમો બનાવ.

વસલ, પું૦ સંબંધ.

વસલો, પું૦ ભાગ.

વસલ્લો, પું૦ વચ્છલ્લો; કપડું વણતાં વચમાં તાર એકઠો થઇ જવાથી આવેલી ઘુંચ; જાળું તે. (૨) બારદાન; ગુણપાટ.

વસવસો, પું૦ અંદેશો; ખતરો; શક; વહેમ; સાંસો.

વસવાયું, ન૦ બોલાવીને વસાવેલું તે; વસવાને બોલાવેલું તે;ગામ વસાવતાં ગામના લોકોને મદદ કરવા અમુક ઠરાવથી જમીનનો બદલો આપી વસવાને બોલાવેલા જે કારીગર લોક તે. સોની, સુતાર, લુહાર, કુંભાર, ઘાંચી; સઇ; સાળવી; મોચી તથા હજામ વગેરે લોક તે. આ લોક ગામના લોકનું કારીગરી વગેરેને લગતું કામકાજ કરે છે અને તેના બદલામાં પસાયતી જમીન ભોગવે છે. વસવાયા લોકે વિપ્ર સંઘાથે પાડયો વાંધો, વેનચરિત્ર.

વસવાસ, સ્ત્રી૦ સરસાઇ; ચડસાચડસી;સ્પર્દ્ધા.

વસવું, ક્રિ૦ અ૦ [સં. વસ્] વાસ કરવો; રહેવું; વસ્તી કરવી. (૨) મનમાં આવવું; દિલમાં ઉતરવું. (૩) ગમવું; પસંદ પડવું; મોહવું. ઉ૦ દાદાજી! એ વર જોજે, એ વર મારે મન વસ્યારે. સ્ત્રીગીત.

વસંત, પું૦ (સ્ત્રી૦) [સં.] વરસની ૭ ઋતુ ઓમાંની ફાગણ ચૈત્રમાં પડતી ઋતુ તે; વરસની ત્રણ ઋતુ ગણતાં શરૂઆતનો ઉનાળો તે. મીન અને મેષ રાશિમાં સૂર્ય હોય તે કાળ. વસંતમાં વનસ્પતિ નવાં પાનથી અને મહોર ફૂલ વગેરેથી ખીલી રહે છે. (૨) એ નામનો એક રાગ. (૩) વર તરફથી કન્યાને આપવામાં આવતી વસ્ત્રાલંકારની ભેટ. :-વહુને વસંત ચઢાવ્યું તેમાં આટલો બધો ખરચ શો? (૪)

આનંદ-મૌજનો સમય તે; જુવાનીના બહારનો વખત તે.

વસંતતિલકા, પું૦ [સં.] ચૌદ અક્ષરનો એક ગણુ મેળ છંદ. એમાં તગણુ, ભગણુ, બે જગણુ ને છેલ્લા બે ગુરૂ અક્ષરો આવે છે.

વસંતપંચમી, સ્ત્રી૦ માઘ શુક્લ પંચમી તે; મહા સુદિ પાંચમ તે.આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થવા માંડે છે.

વસંતપૂજા, સ્ત્રી૦ રળિયામણી વસંત આવવાથી ખુશી થયેલા લોક ઇશ્વરનો ઉપકાર માનતાં જે આનંદ ઉત્સવ અને ધર્મ દાન નિમિત્તે પૂજન વગેરે કરે છે તે; હોળીનો ઓચ્છવ. બાગ બગીચાઓમાં જઈ મિજબાનીઓ કરી વનસ્પતિના સૌભાગ્યને પૂજી બ્રાહ્મણોને દાન દક્ષિણા વગેરે આપવાં તે.

વસંતિયું, ન૦ વસંત ઋતુમાં પહેરવા જેવું ફૂલપટાકિયું ચિત્ર વિચિત્ર સુંદર ઝીણા પોતનું વસ્ત્ર તે; વસંતનો ફૂલ બહાર ખીલ્યો હોય એવું મજેનું ધોળું અને અંદર ફૂલવાળું વહુવારૂને પહેરવાનું વસ્ત્ર તે; સાળુ વગેરે. સુલાયમ પોતનું વસંતની શોભાવાળું સુંદર ફૂલેતાર વસ્ત્ર તે.

વસાણું, ન૦ વનસ્પતિનાં મૂળ, લાકડાં, પાન, ફળ ને બીજ વગેરે જે ઓસડ તરીકે વપરાય છે તેમાંનું એક એક તે; વનસ્પતિની વસ્તુ તે; ઓષધિ. (૨) દવા; ઓસડ; ઓસડિયા તરીકે વપરાતી ચીજ તે. (૩) રોગ મટાડે અને શરીરને સુધારી દઢ કરે એવો ઓષધિ નાંખીને બનાવવામાં આવે લો પાક તે. :-ડોસો હજીએ શિયાળામાં વસાણું ખાધા વગર રહેતો નથી. કાષ્ઠૌષધિ. તીખી તમતમી, તેલી અને મીઠી ઓષધિ ઘણું ખરૂં વસાણામાં ગણાય છે.

વસાત, સ્ત્રી૦ વિસાત; માલ; પુંજી; સામર્થ. :-છોકરામાં શી વસાત છે, લઈ-જતાં રહો. (૨) હિસાબ; ગણતરી; લેખું; કિમ્મત. :-હજાર પંદરસેં રૂપિયા ખરચવા એ તો એને કંઈ વસાતમાં નથી.

વસાવવું, ક્રિ૦ સ૦ વસ્તી કરવી; વાસ કરાવવો. (૨) ઉપયોગને માટે ખરીદી રાખવું; ખરીદ કરવું; વેચાતી લઇ રાખવું; ઉપયોગ માટે સંઘરવું. ઉ૦ શેલાં વસાવ્યાં તે તો પોતાને કાજે રાજ, સાડીઓ વસાવો તો ભલાઈ-સ્ત્રીગીત. સર્વ સાધન ખરીદી તૈયાર કરવું. :-એણે બધું ઘરમાં જોઇતી તમામ વસ્તુઓ વસાવી છે.

વસાવું, ન૦ વસ્તીનું રખેવાળું કરવું તે. (૨) રખેવાળી કરવાનું મહેનતાણું તે. (૩) રહેવાવું; ટકાવું. :-જંગલમાં કેમ વસાય?

વસાવો, પું૦ વસ્તીની રખવાળી કરનારો; રખો; ચોકિયાટ; પગી.

વસિયત, સ્ત્રી૦ [અ.] વારસા તરીકે આપવું-તેમજ આપવાનું તે; મુવા પછી અમુકને ઇસ્કામત મળે, એવો મરનારે કરેલો લેખ. (૨) વારસો.

વસિયતનામું, ન૦ મરનારે પોતાની મિલકતની વ્યવસ્થા માટે કરેલો લેખ તે; મૃત્યુપત્ર; વિલ; વસિયત.

વસી, વહીવટ કરનાર; ગામ ઉપર રહી તેનો બંદોબસ્ત રાખનાર.

વસીલો, પું૦ [અ] લાગવગ; ભલામણ થાય એવો સુસંબંધ તે. (૨)મોટાની લાગવગનો ટેકો તે; કુમક; મદદ વગેરે. (૩) યોગ; સંધિ. (૪) મારફત; દ્વારા.

વસુ, પું૦ [સં.] પૈસો; ધન; દ્રવ્ય; લક્ષ્મી. (૨) આઠની સંખ્યાનો સંકેત. કહે૦ વસુ વગર નર પશુ.

વસુકવું, ક્રિ. અ૦ ગાય ભેંસે દૂધ દેતાં બંધ થવું; દૂધ સુકાઇ જવું, નહિ આવવું તે; ઉચી-ફરી જવું તે. વસુકી જવું.

વસુધા, સ્ત્રી૦ [સં] પૃથ્વી; ધરા; જમીન.

વસુમતિ, સ્ત્રી૦ [સં.] વસુધા; પૃથ્વી.

વસુલ, ન૦ (સ્ત્રી૦) જમે લેવાનું જે તે; માગતા પેટે અથવા કર તરીકે જમે લેવું તે. (૨) આવક; આમદાની; મહેસુલ. (૩) જમીન ઉપરનો કર કે ભાડું તે.

વસુલદાર, વિ૦ માગતું અને કર વગેરે ઉઘરાવનાર તે; આમદાની ભેગી કરનાર.

વસુલાત, સ્ત્રી૦ જમીન ઉપર લેવાતો કર તે; વસુલ કરવાની સાંથ, ભાડું અથવા કર વગેરે તે; જમાબંધી; મહેસુલ; વસુલ. (૨) માગતું હોય તે એકઠું કરવું તે; વસુલ લેવું તે.

વસુંધરા, સ્ત્રી૦ [સં.] પૃથ્વી; વસુધા; ધરા; જમીન.

વસો, પું૦ જમીનનું એક માપ; વિઘાનો ૨૦ મો. ભાગ તે. (૨) સો અથવા વીસનો અનુક્રમે સોમો કે વીસમો જે અંશ–વિભાગ તે; આની–આનો; અંશ હિસ્સો; દોકડો. :–સો વસા તમારૂં કામ થશે. (૩) આબરૂ; સાખ. :–તે વસા હાર્યો.

વસ્ત, જુ૦ વસ્તુ.

વસ્તારણ, સ્ત્રી૦ જેને પુષ્કળ વસ્તાર બાળ બચ્ચાં હોય તે સ્ત્રી; પનોતી; વસ્તીવાળી; પુત્ર પૌત્રાદિકવાળી.

વસ્તારી, વિ૦ વસ્તીવાળું; બચરવાડ; બાળ બચ્ચાં અને કુટુંબ પરિવારવાળું તે; કુટુંબ કબીલાવાળું.

વસ્તી, સ્ત્રી૦ વસતી; બાળબચ્ચાં વગેરેનો ભરાવો તે; પરિવાર; પુત્રાદિક તે. (૨) રૈયત; પ્રજા. (૩) એક સ્થાને રહેનારો સમુદાય તે.:–આ ગામમાં સારી વસ્તી છે. વસેલા લોક તે; રહેનારા તે; લોકજનતા.

વસ્તુ, સ્ત્રી૦ [સં.] હર કોઇ પદાર્થ તે; ચીજ. (૨) મૂળ સ્વભાવ; ગુણ ધર્મ. (૩) મૂળ ઉદ્દેશ, ભાવ, મતલબ. (૪) વિષય; વાર્ત્તા; વૃત્ત; હકીકત.

વસ્તુતઃ, અ૦ [સં.] વસ્તુ રૂપે; ખરી રીતે; નિશ્ચય રૂપે; કામ રૂપે; મૂળ સ્વરૂપે એમ.

વસ્તેવ, પું૦ દેવતા; આગ; અગ્નિ.

વસ્ત્ર, ન૦ [સં.] લુગડું; કપડું; પટ. રૂ૦ પ્ર૦ નવસ્ત્ર=નાગું; ઉઘાડું. વસ્ત્રલોચન=ચોરી; લુગડાં વગેરે સૌ ચોરાઇ જવું તે; નાગા થઇ રહેવું તે.:–ધાડ પાડી તેમાં શેઠ વસ્ત્રલોચમ થઇ ગયા–નાગા–ઉઘાડા થઇ ગયા.

વહન, ન૦ [સં. **વહ્નિ**] અગ્નિ, દેવતા; આગ.

વહન, ન૦ વહેવું; ઉપાડી લઈ જવું તે; ચલાવવું–નિભાવ કરવો તે. (૨) વહેવું તે; વોહ; ચલન; ગમન–પાણી વગેરેનું. (૩) વાહન; યાન.

વહવાવું, ક્રિ૦ અ૦ છેતરવું; ઠગવું; વહાવું.

વહાડ, પું૦ ઝટકો; જખમ; ઘા:–એને શા વહાડ પડ્યા છે? (૨) કાપ; ચીરો; છેદ; કાપવાનો કે કાપેલો જે ભાગ તે.:–આ થડિયામાં ત્રણ વહાડ મૂકજો એટલે લાંબી ચિતાળો પડે નહિ. (૩) કાપવાની શક્તિ તે; ધાર; કાપણી; વહાડવાપણું તે.:–આ છરીનો વહાડ સારો છે. (૪) કાપેલો છેડો તે; વહેરીને આણેલો છેડો તે. (૫) કાપણીને યોગ્ય થયેલું શેલડીનું વાવેતર તે; શેલડીનું ખેતર અથવા વાવેતર અને તેની કાપણી તે. આ ગામમાં શેલડીના બે ત્રણ વહાડ હશે. રૂ૦ પ્ર૦ વહાડકાપ=પ્રાણીના શરીર ઉપર છેદાદિક ક્રિયા કરવી તે; વૈદ્યનું છેદન કર્મ તે. (૨) કડદો કરવો તે; કાપકુપ, વહાડકુટિયું=કડદો કરનારૂં. (૨) કાપકુપ કરનાર; મૂળમાંથી ઓછું આપનાર. (૩) તોફાની; મારફાડિયું. ક્રિ૦ પ્ર૦ વહાડ મૂકવો=કાપવું. (૨) ઓછું કરવું. (૩) ખરાબ કરવું.

વહાડવું, ક્રિ૦ સ૦ કાપવું; છેદવું; વાઢવું. (૨) બાતલ કરવું; ઘુંડું પાડવું.

વહાડિયું, ન૦ તાડ–ખજુરીનાં છોટાંનો કોથળો; જેમાં ખજુર ભરવામાં આવે છે તે થેલો.

વહાડિયો, પું૦ વાઢિયો; ગળકો; ભાવ; હોંસ; ઇચ્છા; ઉમળકો.

વહાડી, સ્રી૦ વાઢી; ટુંકા નાળચાની ઝારી; ઘી તેલ વગેરે ભરવાનું નાના નાળચાવાળું માટી કે ધાતુનું લોટા જેવું પાત્ર.:–વાઢીએ ઘી પીરસો.

વહાણ, ન૦ ઝાઝ; બારકસ; નાવ; મોટી હોડી –મછવો. રૂ૦ પ્ર૦ વહાણ કમાવું=મોટો પરદેશી વેપાર ખેડવો; સારી કમાઇ કરવી. દરિયાઇ વેપાર કરવો.

વહાણુઇ, સ્રી૦ પાવડી; ખડા. ઉ૦ વહાણુ ઇ પગે પહેરી’તી જેહ; શિલા પર પછાડી તેહ. ઉદ્ધવ.

વહાણવટી, પું૦ વહાણો ખેડનારો; વહાણોથી દેશ પરદેશનો વેપાર ખેડનાર; વહાણ મારફતે દરિયો ખેડનારો. (૨) વહાણ રાખનાર અને ચલાવનાર તે; વહાણનો માલીક અને ઉપરી તે; મોટો ખલાસીઓ. (૩) મોટો દરિયાઈ વેપારી.

વહાણવટું, ન૦ વહાણ રાખી દરિયાઇ સફરો કરવા કરાવવાનું અને માલની આયાત નિકાશ કરવાનું કામ–ધંધો તે; વહાણો રાખીને દરિયાઈ વેપાર ખેડવો તે. (૨) સફરો કરવી કરાવવી તે; વહાણવટીપણું તે.

વહાણું, ન૦ પ્રાતઃકાળ; ઉષાકાળ; સવાર. (૨) પ્રભાત; પરોઢિયું; મળસકું. કવિતામાં વહાણલિયું પણ વપરાય છે. ઉ૦ ઉગતે વહાણે રાધાની આડી જાગી ર × × વહાણલિયાં ભલે વહાયાંરે. વળી વહાણેલું, પણ કહેવાય છે.

વહાર, સ્રી૦ મદદ; કુમક; ઉપરાણું. (૨) સહાય: આશ્રય. (૩) દાદફરિયાદ; પોકાર; મદદ માટેની અરજ તે. ઉ૦ વહારે વળજોરે વિઠ્ઠલા! હરિ હદ થઇ દીનાનાથ. (૪) ત્રણ ફુટનું માપ તે; બે હાથનું પ્રમાણ. ડગલામાં અઢી વહાર બનાત જોઇશે.

વહાલ, ન૦ પ્રેમ; માયા; સ્નેહ; પ્રીતિ.

વહાલપ, સ્રી૦ પ્રેમ; વહાલ તે. (૨) પ્રેમમયપણું તે; માયાળુપણું.

વહાલા, વિ૦ (સ્રી૦) પ્રિયા; પ્રિયતમા; વલ્લભા.

વહાલું, વિ૦ પ્રિય; પ્રેમપાત્ર; ઉમળકો આવે, સ્નેહ ઉપજે એવું; વલ્લભ. વહાલેરડું. (૨) મન ગમતું; જીવને આનંદ આપે–મનમાં હરખ આણે એવું જે તે:–નદી કિનારો વાઘને બહુ વહાલો, કારણ કે ત્યાંથી એને ઝટ ભરખ મળી આવે છે.

વહી, સ્રી૦ વઇ; લખવાની ચોપડી; હિસાબ –નામાની ચોપડી; કિતાબ. (૨) પેઢીનામું; વંશાવલી; પાછલો ઇતિહાસ; પૂર્વ વૃત્તાંત.:–હવે એની વધારે વહી ના વાંચતો?

વહીજવું, ક્રિ૦ અ૦ [સં. वह्] વહેવું તે; માથે ઉંચકીને લઈ જવું; ઉપાડી ઉંચકી જવું. (૨) વહન થઇ જવું; રેલવું; ચાલી જવું.:–પાણી વહીજવું=જતું રહેવું. (૩) વીતીજવું; જતું રહેવું; સમય થઇ જવો.:–રૈના પાર રાતે વહીગયા. (૪) ઉચ્છુંખળ થઈ જવું; વહીવટ–રીતરિવાજ બહાર જતા રહેવું; ઉદ્ધત થઈ જવું.:–દાબ નહિ રાખો તો આ છોકરો–વહીજશે. ઉન્માર્ગગામી થઇજવું.

વહીતરૂં, ન૦ વૈતરૂં; મહેનત; મજુરી; થાક લાગે એવું સખત કામ તે. (૨) મહેનતાણું.

વહીતરો, પું૦ વૈતરો; વઇતરો; મજુર; મહેનત કરનાર; બોજો ઉઠાવવાનું કામ કરનારો તે.

વહીપૂજા, સ્રી૦ ચોપડાપૂજન; શારદાપૂજન; પુસ્તકની પૂજા કરવી તે.

વહીલાવવું, ક્રિ૦ સ૦ ઉપાડી લાવવું; ઉંચકી લાવવું.

વહીલેવું, ક્રિ૦ સ૦ સહી લેવું; નિભાવી લેવું. (૨) છેતરી લેવું.

વહીવટ, પું૦ વ્યવસ્થાપૂર્વક કામ કરવું–ચલાવવું તે; લેવડદેવડનું નામું વહી રાખીને કામ કરવું તે. (૨) કારભાર કરવો તે; બંદોબસ્ત રાખવો તે. (૩) ચાલતો વ્યવહાર તે; શિરસ્તો; રવૈયો. (૪) સંબંધ; પ્રસંગ, વ્યવસ્થા.

વહીવટી, વિ૦ વહીવટનું; ચોપડાને લગતું; વ્યવસ્થા–બંદોબસ્તથી કાર્ય ચલાવવાનું–વહીવટી કામ. ચાલુ ધોરણ પ્રમાણેનું. કારભાર સંબંધી.

વહીવટદાર, પું૦ વહીવટ કરનારો કારભારી; વ્યવસ્થાથી કામ ચલાવનારો. (૨) દિવાન; વજીર; પ્રધાન.

વહીવંચો, પું૦ અન્નદાતાનું પેઢીનામું રાખનાર; રજપૂત–ગરાસિયા અને જમીનદાર ખાનદાનોની વંશાવલી રાખનાર અને તેમના પૂર્વજોનાં પરાક્રમોની નોંધો વાંચી આજીવિકા ઉપજાવી લેનાર ચારણ જેવી એક જાતિ. બારોટ; ભાટ.:—વહીવંચાના ચોપડામાંથી કેટલાક નાના નાના સરદારો ને ઠાકોરોની વંશવલીઓ મળી આવે છે.

વહુ, સ્ત્રી૦ [**સં. વધૂ**] સાસરે આવેલી જુવાન સ્ત્રી તે; પરણીને સાસરે આવેલી જુવાન સ્ત્રી:–ગુલાબવહુ, શ્યામાવહુ વગેરે. સાસરિયાંથી જુવાન સ્ત્રીને વહુ કહીને બોલાવાય છે. (૨) છોકરાની સ્ત્રી; પુત્રવધૂ. ઉ૦ સાસુ કે' વહુ ! પગેપરણાં શાં લાવ્યાં રે. (૩) સ્ત્રી; પત્ની; ધણિયાણી; બૈરી; ભાર્યા. (૪) સ્ત્રી; બાઇડી.

વહુવર, ન૦ [**સં. વધૂવર**] વહુને વરતે. (૨) નવું પરણેલું જોડું. (૩) જુવાન નવોઢા સ્ત્રી. વહાલથી વહુને વર સાથે જોડીને બોલવાનો ચાલ છે. ઉ૦ ઓશિયાળી દિસે દામણી, ને વહુવર આવી સાસુ ભણી. આમેરૂ. લાડકી–માનિતી એમ. વરને હળેલી.

વહુવારૂ, ન૦ વહુવર; જુવાન–માનિતી વહુ તે. (૨) વહુ રૂપે હોવું તે; કન્યા કે પ્રૌઢાની તેમજ પિયેરની પરિસ્થિતિમાં રહેલી નહિ પરંતુ હલેતી–જુવાન અને સાસરાની પરિસ્થિતિમાં–વહુ તરીકેની પરિસ્થિતિ તે. ઉ૦ વહુવારૂ માણસ રે, ડાહ્યાં બહુ થાશો માં, જળ ભરવા એકલડાં રે; હવે પછી જાશો માં. દયારામ.

વહેતું, વિ૦ રેલતું; વહીજતું; પ્રવાહમાં ચાલતું; ગતિ કરતું. રૂ૦ પ્ર૦ વહેતી નીક=ચાલુ પ્રવાહ; ચાલુ જીવિકા–જીવન ઉદ્યોગ, વગેરે તે. ઉ૦ મેં તો વહેતી નીકે પગ મૂકયો. વહેતીસેર=ચાલુ ચાલ્યાજ કરતું હોય તે.:-વહેતી સેર ના તોડીએ ક્રિ૦ પ્ર૦ વહેતું મૂકવું=છુટું મૂકી દેવું. (૨) જતું કરવું: અંકુશ નહિ રાખવું; જેમ જાય–ચાલે તેમ સ્વચ્છંદે ચાલવા દેવું.

વહેમ, પું૦ શક; સંદેહ. (૨) ભ્રમ; ભ્રાંતિ; ખોટી માન્યતા; શંકા; અજ્ઞાનને લીધે ખરૂં માની લીધેલું હોય એવું તે. ભૂત પ્રેત, મંતરજંતર વગેરે વહેમ છે. (૩) અવિશ્વાસ. (૪) વસવસો; દગ.ગો.

વહેમી, વિ૦ શંકાશીલ; વહેમાય એવું; અવિશ્વાસી. (૨) કાચા કાનનું; તરંગી; લહેરી.

વહેર, પું૦ લાકડાને વહેરતાં કે શારતાં પડતો ગોર તે; લાકડાનો ઝીણો ભુકો.

વહેરણ, ન૦ વહેરવું તે. (૨) વહેરામણ.(૩) વહેરવાનું ઓજાર; આહિયું; કરવત.

વહેરણિયો, પું૦ વહેરનારો; લાકડાંને કરવતથી વહેરીને ચીપો–પાટિયાં વગેરે પાડનારો :–વહેરણિયા સુતાર.

વહેરવું, ક્રિ૦ સ૦ દાંતાવાળા ઓજારથી ધીરેધીરે લાકડાની ચીપો–પાટિયાં વગેરે પાડવાની ક્રિયા કરવી તે; કરવત અથવા

આડિયાથી લાકડાને ઉભું અથવા આડું કાપવું; લાકડાને ધીરેથી ઘસીને છેદવું. (૨) દાંતવાળા ઓજારથી ઘસીને ધીરેધીરે કાપવું; ઝટ જુદું પડી જાય નહિ એમ કાપવું. (૩) દુઃખ દેવું; રિબાવવું; લસરકા દઇદઇને વાઢવું.

વહેરાઈ, સ્ત્રી૦ વહેરામણ; વહેરામણી.

વહેરામણ, ન૦ વહેરાઇ.

વહેરામણી, સ્ત્રી૦ વહેરામણ.

વહેરો, પું૦ ભેદ; આંતરો; તફાવત. (૨) જુદાઈ:–વહેરોઆંતરો. તફાવત–અંતર રાખવું તે.

વહેલ, સ્ત્રી૦ વેલ; માફો; સુંદરગાડી; રથ. (૨) ન૦ શીતકટિબંધના સમુદ્રોમાં થતું એક મોટું માછલું. એની ચરબીની મીનબત્તીઓ બને છે.

વહેલું, વિ૦ ઉતાવળું:–વહેલો હિંડજે. (૨) જલદી; સત્વર. ઉ૦ ચાલ ચાલ ઝટ વહેલી, તજ તુજ મનથી તમામ લજ્જાને. ઉ. શા. ચ. (૩) અમુક નિર્ણીત વખત પહેલાં:–વહેલો આવજે; વહેલો ઉઠજે. મોડાથી ઉલટું તે વહેલું. અગાઉ; આગળ. રૂ૦ પ્ર૦ વહેલા થવું=જલદી કરવું; પાર લાવવો. વહેલું તે પહેલું=આગળ જાય તે જીતે. યથાનુક્રમે એમ.

વહેવડાવવું, ક્રિ૦ સ૦ વહે-રેલો ચાલે એમ કરવું; રેલાવવું; નિગળાવવું; ધાર ચાલે એમ કરવું.:–એણે અમસ્તાં આંસુ વહેવડાવ્યાં. (૨) છેતરાય એમ કરવું; ઠગાવવું. (૩) માથે પીઠે ઉપડાવી લેવરાવવું; ઉચકાવરાવવું; વહન–સહન કરાવવું; ઉપડાવવું.

વહેવરામણ, ન૦ વહેવાની–ઉંચકી લઇ જવાની મજુરી તે; મહેનતાણું. (૨) તણામણ.

વહેવરાવવું, ક્રિ૦ સ૦ નફો કરાવવો; રળાવવું.

વહેવાઈ, પું૦ વરકન્યાના બાપ આમણસામણ જે સંબંધે ઓળખાય છે તે. વરનો બાપ કન્યાના બાપનો વહેવાઇ ને કન્યાનો બાપ વરના બાપનો વહેવાઇ.

વહેવાણ, સ્ત્રી૦ વરકન્યાની માતાઓની આમણસામણ સગાઈ કે ઓળખ તે.

વહેવાર, પું૦ લેવડદેવડ અને બીજું કામકાજ કરવાનો આમણસામણ જે સંબંધ કે વહીવટ તે; ચાલ; રિવાજ; પ્રથા; રવૈયો. :–પંક્તિવહેવાર, અને કન્યા વહેવાર, વગેરે કાર્ય કરવા અને કરાવવાની ચાલુ રૂઢિ વગેરે તે. (૨) સંબંધી સમૂહ; ભોજન વગેરે કરવા કરાવવાને બાંધેલો સંભા તે: નાત નહિ પણ વહેવાર જમાડશો તોપણ ચાલશે. (૩) આબરૂ; સાખ. (૪) ઘરોબો; ગાઢસંબંધ. (૫) પરિચય; સંબંધ; છૂટ.:–એને બોલચાલનોએ વહેવાર નથી.

વહેવારિયો, પું૦ લેવડદેવડમાં ચોખ્ખવટવાળો માણસ; સાહુકાર; ચોખ્ખો વહીવટ રાખનારો; વહેવારે ચાલનારો.

વહેવારીકું, વિ૦ સાધારણ; વહેવારતે શોભતું; એકદમ મોટું–ઉચ્ચ કે એકદમ નીચું–ઉતરતું નહિ પણ વચગાળાનું હોય એવું; મધ્યમ; જેથી કામ ચાલે એવું તે.

વહેવારૂ, વિ૦ વ્યાવહારિક; મધ્યમસરનું; વ્યવહારમાં કામ આવે એવું; સર્વ સાધારણ; સર્વોપયોગી થઇ પડે એવું તે. (૨) શક્ય; બની શકે એવું.

વહેવું, ક્રિ૦ સ૦ [સં. વહ્] ઉંચકવું; ઉપાડવું.:–આ બળદ કેટલો ભાર વહે છે. (૨) વેઠવું; સહન કરવું; સહેવું. (૩) નિભાવવું; ચલાવવું. (૪) ક્રિ૦ અ૦ પ્રવાહે ચાલવું; ધારે સરવું; રેલવું. (૫) ઘસડાઈ જવું; તણાવું; ખેંચાઇજવું; ખરી–સરીજવું. ઉ૦ આંખે ચોધાર આંસુ વહે છે.

વહેળો, પું૦ વહેતા પાણીનો નાનો પ્રવાહ તે; નાની નદી; ઝરણું; ઝરો; પાણીનો રેલો–વહેવુ તે. (૨) જ્યાં આગળ પાણી

જતું હોય તે ખોદાયેલી જમીન; વહેણનો લાંબો ખાડ તે.

વહેંચણ, સ્ત્રી૦ વાંટણી; વહેંચણી; બે અથવા વધારે સરખા ભાગ પાડવા તે; વહેંચવું તે; વિભાગ કરવા–હિસ્સા પાડવા તે.(૨) વિભાગ; હિસ્સો; ફાળો.

વહેંચણી, સ્ત્રી૦ વહેંચણ.

વહેંચવું, ક્રિ૦ સ૦ ભાગ-હિસ્સા પાડવા; જુદું કરવું; સરખે હિસ્સે જુદું જુદું કરી નાંખવું; આખાને બે અથવા વધારે સરખે કકડે–વિભાગે ભાગવું; વાંટવું; નિરાળું કરવું.(૨) મતભેદ પડવો.

વહેંચાવું, ક્રિ૦ અ૦ ભાગ થવા; જુદું થવું–પડવું. (૨) ફુટ પડવી; ભગાવું.

વહોણું, અ૦ વગર; વિના; વિહોણું. ઉ૦ માતા વહોણાં બાલુડાં.

વહોન, ન૦ વહન.

વહોરત, સ્ત્રી૦ વોરત; ખરીદ; વેચાણ. (૨) વહોરવું–માગવું તે. (૩) વહોરવામાં આવેલું અન્ન વગેરે તે.:–શી વહોરત મળી. (૪) જોખમ.

વહોરતિયો, પું ખરીદનાર; ગ્રાહક. (૨)વહોરનાર–યતિ; શ્રમણ.

વહોરવું, ક્રિ૦ સ૦ વોરવું; ખરીદ કરવું; વેચાતું લેવું. (૨) સંઘરવું; એકઠું કરવું. (૩) માગી લાવવું; આણવું; લઇ આવવું.

વહોરો, પું૦ દેશી મુસલમાનની એક નાત–જાત. :–લોટિયા વહોરા; હોરા; વોરા.

વહ્નિ, પું૦ (સં.) અગ્નિ; દેવતા.

વહ્યુંજવું, ચાલ્યાજવું; ખેંચાઇજવું, તણાવું; નકામું જતું રહેવું. (૨) છેતરાવું; ઠગાવું.

વળ, પું૦ આંબળો; આંટો; ફેર. (૨) મારાપણાનું અભિમાન તે; મમત. (૩) કસ; આગ્રહ. (૪) અંટસ; કીનો; ખાર. (૫) જુગતી; પ્રપંચ. (૬) લાગ; દાવ; તાકડો. (૭) પક્ષ; સ્નેહ–મિત્રતા વગેરેનો સંબંધ. (૮) ઉતાર; ઢાળ. ક્રિ૦ પ્ર૦ વળ દેવો=આંબળવું; ચઢાવવું. વળ ચઢાવવો=કસ ચઢાવવો; ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; મમત કરાવવો. વળ ઉતારવો=હુંપદ તોડવું; મમત મુકાવવો. રૂ૦ પ્ર૦ વળેવળે=લાગે લાગે; યુક્તિએ. વળકવળ=પ્રસંગે પ્રસંગ; યુક્તાયુક્તઃ—એ તો વળકવળ ગમે તેમ બોલે છે.

વળકો, પું૦ બાફલો; ગરમી લાગવાથી વરાળ વળવી તે; બફાવું–ચઢવું તે; શાક વગેરેને ગરમી લાગતાં છુટેલી વરાળ શમીને જરા પરિપકવતા–બાફલો આવવો તે.:–તાજાં શાકને તો વળકો વળે એટલે ઉતારી નાંખવાં. (૨) શાન્ત પડવું તે; વિશ્રામ મળવો તે; ઠરે પડવું તે; સાંસતા.

વળગણ, ન૦ નિસબત, સંબંધ; લાગતું વળગતું; જોડાણ. (૨) પ્યાર પ્રેમની ગાંઠ. (૩) ભૂતાદિકથી સપડાવું તે; વળગાટ.

વળગણી, સ્ત્રી૦ અદ્ધર રાખેલી લાકડી કે દોરી, જેની ઉપર લુગડાં સુકવવા અથવા મૂકવામાં આવે છે તે; અવળી, ઓવરણ; કપડાં મૂકવા સુકવવાની ઘોડી.

વળગવું, ક્રિ૦ અ૦ બાઝવું; ચોટવું; બીજાને અડી–ચીકટાઇ રહેવું. (૨) ભેટવું; કોટી કરવી. (૩) વિંટાવું; લપેટાવું. (૪) આગ્રહથી લાગ્યા રહેવું. (૫) તકરાર કરવી; લડવું. (૬) મન–શરીરમાં દાખલ થવું. રૂ૦ પ્ર૦ ગળે વળગવું=માથે પડવું. ઝાંખરૂં–પાપ વળગવું=દુર્વ્યસન પડવું; પીડા લાગવી. ક્રિ૦ પ્ર૦ ભૂત વળગવું=શરીરમાં ભૂત આવવું, ભ્રમણા લાગવી. (૭) રોકાવું.:-વાતે વળગવું. ઉ૦ વાટે ને ઘાટે રે કે વળગો છો વાતે. દયારામ.

વળગાટ, પું૦ વળગાડ; (ભૂત) વળગેલું એવું તે; ભૂતાદિકનો કહેવાતો સંચાર તે.:–છોકરાનો મંદવાડ કંઇ રોગનો છે, કે કાંઇ વળગાટનો છે તે નક્કી કરાવો?

વળગાડવું, ક્રિ૦ સ૦ અડાડવું; ચોટાડવું;

ભેટાડવું. (૨) સોંપવું; જુમે કરવું; ભેરવવું; માથે નાંખવું. (૩) લપેટવું; વિંટાળવું; લગાડવું.

વળણ, ન૦ વલણ; વૃત્તિ; મન-સ્વભાવનો ઝોક. (૨) મરોડ; ઢંગ; રીત. (૩) ખુણો; વળવાનું સ્થાન; વાંક. (૪) રાગનો ઉથલો; સાખી-દુહો વગેરે તે.

વળણદાર, વિ૦ મરોડદાર.

વળતર, ન૦ બદલા તરીકે જે કંઇ મજરે આપવાનું હોય તે; ફકસાઇ; વટાવ; બદલો; એવેજ.

વળતી, અ૦ પછી; બાદ; ફરીને, પછવાડેથી જરા રહીને એમ.

વળદાર, વિ૦ આંબળાવાળું; મરોડદાર; ટેકીલું; મમતી; સ્વમત માટે આગ્રહી. (૩) અટસિયું. (૪) પેચદાર; આંટીઘુંટીવાળું.

વળવળ, સ્ત્રી૦ ચામડી ઉપર થતી એવી અસર; ખણજ; ચેળ; પંપાળવું પડે એવી લાગણી-ખનખન થવી તે; ચટપટ; ચળવળ. કીડી જેવા જંતુના પગના સ્પર્શ જેવી અસર તે.

વળવું, ક્રિ૦ અ૦ પાછા ફરવું; આગળ નહિ વધતાં જ્યાંથી આવ્યા હોઇએ તે તરફ આવવું. (૨) વાંકું થવું; વચ્ચેથી નમવું; મરડાવું વંકાવું. (૩) રાહે આવવું; સીધા થવું; માનવું; મનાવું. (૪) મહાવરો પડવો; ઠરવું; કસાવું; કેળવણી મળવી. (૫) સુધરવું; મરોડમાં આવવું:-એના અક્ષર વળ્યા. (૬) બાંધો પકડાવો; તાજા થવું; આરોગ્ય આવવું:-એનું શરીર વળ્યું. (૭) ગુંછળા ગાંઠ રૂપ થવું; ગંઠાવું:-અંબોડો વળે એટલા લાંબા વાળ નથી. (૮) પાકવું; ફળ મળવું; સરવું:-એમાં કંઇ વળે નહિ. (૯) બાઝવું; ચિકાશથી એકઠા થવું-જોડાવું; લોચો વળવો; લાડુ વળવો.

વળાવવું, ક્રિ૦ સ૦ વદાય કરવું; મોકલવું. ઉ૦ મને મારે મહિયેર વળાવોરે, ઓધવરાય અમને. (૨) કાઢી મૂકવું; દૂરકરવું. (૩) જનારને રસ્તો દેખાડવો-માર્ગે પાડી આવવું. (૪) ઝાડુ કઢાવવું; સાફ કરાવવું; પુંજો કઢાવવો.

વળાવિયો, પું૦ વળાવો; વાટ દેખાડનારો; રક્ષક અને ભોમિયા તરીકે મુસાફરની સાથે રહેનારો.

વળાવું, ક્રિ૦ અ૦ વાંકું થવું-કરાવું. (૨) ના૦ રક્ષક અને ભોમિયા તરીકેનું કામ તે; સંગાથે જવું તે. ઉ૦ વળાવું વેરીને કર્યું. (૩) ભોમિયા કે માગદર્શકનું મહેનતાણું-લવાજમ તે.

વળાવો, પું૦ રસ્તો દેખાડનારો તેમજ રસ્તે રક્ષણ કરનારો ભોમિયો તે; વરતણિયો.

વળિયાં, ન૦ દબાણ વગેરેનાં આંકા-લિસોટા જેવાં નિશાન-ડાઘ તે; આંબળા; આંકા; છાપાં; ચાઠાં. (૨) આંટણ. (૩) વચ્છલ્લા. (૪) થર; પડ; એક એક ઉપર નીચેના પોપડા, જમીનના.

વળિયું, ન૦ ડાઘ.

વળી, સ્ત્રી૦ પાતળો પણ લાંબો સોટો; કહે૦ વળીને એક અને મોભને હજાર ખીલા=નાના ને થોડું ને મોટાને વધારે, દુઃખની પીડા એમ.

વળી, અ૦ પણ; અને. (૨) પછી; ફરીથી; બીજીવાર એકથી વધારે એમ. પાછું:- વળી તમે કહેશો કે બોલે છે ?

વળીજવું, વાંકું થવું; નમવું. (૨) સમજી જવું; ઉશ્કેરાયેલા વિચારમાંથી પાછા ઠેકાણે આવી જવું. (૩) પક્ષમાં જતા રહેવું:-એ તમારી તરફ વળીગયો.

વળું, ન૦ થર; પડ; પોપડો. (૨) અસ્તર; માંહેલું ઢકણ-પરથાર-તળિયું. (૩) પોળ. (૪) મંડળ; સમુદાય; રાહ; ઢાળ; પક્ષ.:- એ એમના વળા બહાર કન્યા દેતા નથી.

વળો, પું૦ જાડી ને લાંબી વળી તે; સાગટો; મોટો સોટો

વળોક, પું૦ વિવેક; રીતભાત; રૂપ; વાણી, રીતભાત વગેરેનું સૌષ્ઠવ તે. (૨) ઘાટ; મરોડ.

વળોટવું, ક્રિ૦ અ૦ ચઢિયાતા થવું; ઉત્તમમાં ગણાવું.

વંક, પું૦ વાંક; આડું વલણ તે.

વંકાઈ, સ્ત્રી૦ આડાઇ; અવળાઇ. (૨) વિરોધ; વિરુદ્ધતા. (૩) હઠ; આગ્રહ.

વંકાવું, ક્રિ૦ અ૦ વાંકું થવું; આડા થવું; રિસાવું. (૨) વળવું; વાંક આવવો. પોતાના મતની વિરૂદ્ધ કે પોતાને નહિ પસંદ કંઇ બનતાં સહકારમાંથી દૂર ખસી જવું તે.

વંગ, સ્ત્રી૦ [સં **वंग**] કલાઇ; ઝટ ગળે એવી આછા ધોળા રંગની એક ધાતુ.

વંચક, વિ૦ [સં] ઠગ; કપટી; છેતરનાર; છળ કરનાર. (૨) ન૦ વાંચનનો વિષય તે; વાંચવું તે. વાચનઃ- એને વંચકમાં કંઇ દોકડા મળ્યા નહિ.

વંચવું, ક્રિ૦ અ૦ ઉગરીજવું; બચવું.:- ઉંચેથી પડયો પણ વંચીગયો.

વંચાર, ન૦ કમ્મર.

વંચાવું, ક્રિ૦ અ૦ ઉકલવું (અક્ષરનું) વાંચી શકાવું; લખેલી બાબત ઉચ્ચારે બોલવી તે. (૨) ચર્ચાવું; નિંદા થવી, ફજેતી થવી.

વંચાળો, પું૦ અવાવરો ખુણો; ખાલી–અળવડ જગા.

વંજી, સ્ત્રી૦ ખપાટોની ભારી.

વંઝા, સ્ત્રી૦ [સં. **वन्ध्या**] વાંઝણી સ્ત્રી.

વંટોળ, પું૦ ભ્રમરી લેઈ ફરતો જોરદાર પવન; વાવાઝોડું; કુંડાળે વહેતો વાયુ; વાવંટોળ.

વંટોળિયો, પું૦ કુંડાળાં લેતો જોરમાં છુટેલો પવન તે.

વંઠ, પું૦ શરીરમાં વાયુના ગોળા આવવા તે.

વંઠવું, ક્રિ૦ અ૦ મર્યાદા બહાર જવું; ફાટવું; બહેકવું; બગડવું; હદ બહાર જવું.

વંઠીજવું, ક્રિ૦ અ૦ બગડી જવું.

વંઠેલ, વિ૦ વંઠેલું; છટકીગયેલું.

વંડળ, પું [સં. **व्यंडल**] બ્યંડળ; હિજડો; ખોજો.

વંડી, સ્ત્રી૦ માટીનો નાનો કોટ–દિવાલ તે. (૨) વાડો; ભિંતથી આંતરી લીધેલી જગા. રૂ૦ પ્ર૦ વંડી છાવી=નાનું ક્ષુલ્લક–કામ તે કહે વંડીપરનું ખરસલું=તુચ્છ; નિર્બળ; તત્ત્વરહિત.

વંડો, [સં. **वरण्ड**] મોટી વંડી, માટીનો કોટ. (૨) દિવાલથી આંતરી લીધેલું મોટું ખુલ્લું વાડી જેવું સ્થાન. (૩) કોટથી આંતરી લીધેલું ખુલ્લા ચોગાનમાંનું ભવ્ય મકાન. નગરશેઠનો વંડો. (૪) પોળ; પાડો; મહોલ્લો.

વંત, વિ૦ વાન; વાળું:-ધનવંત;

વંતરી, સ્ત્રી૦ જે રાંડીરાંડ વિધવા ભૂત થયેલી હોય તે; ડાકણ; સ્ત્રીપ્રેત; ભૂતડી. (૨) નઠારી લડકણી સ્ત્રી.

વંતાક, ન૦ વંત્યાક; વેગણ; એક શાક ફળ; રિંગણાં.

વંદન, ન૦ [સં] વંદવું તે; નમન.

વંદનીય, વિ૦ [સં] વંદન કરવા જોગ. (૨) વખાણવા લાયક.

વંદવું, ક્રિ૦ સ૦ પૂજન–સ્તુતિ કરીને દેવને પગે લાગવું તે; નમવું; પ્રણામ કરવો. (૨) પ્રસાદ લેવો; જરા ખાવું; ચાખવું.

વંદિત, વિ૦ વંદન કરેલું.

વંદો, પું૦ વાંદો; ઝલ.

વંદ્ય, ત્રિ૦ [સં.] વંદન કરવા જોગ; પૂજ્ય; નમવા યોગ્ય. (૨) વખાણવા લાયક.

વંધ્યા, વિ૦ [સં] વાંઝણી, છોકરાં ન થયાં હોય એવી–સ્ત્રી; વંઝયા.

વંશ, પું૦ [સં.] એક પુરૂષથી પુત્ર, પૌત્ર, વગેરે

રૂપે ચાલેલી જે પરંપરા તે; એક પછી એક ચાલતો જે પુરૂષ–પુત્ર–પૌત્ર વગેરેનો ક્રમ તે; કુળ; ગોત્ર. (૨) સંતતિ; બાળબચ્ચાં; પરિવાર.

વંશજ, વિ૦ વંશનું; વંશમાં જન્મેલું.

વંશાવળી, સ્રી૦ [સં.] એક એકની પછી થયેલા પિતા–પુત્ર–પૌત્ર વગેરેની જે અનુક્રમણી તે; વંશમાં થયેલા પુરૂષોની યથાક્રમ નોંધ તે; પેઢીનામું.

વંશવૃક્ષ, ન૦ [સં.] વંશનો શાખા પ્રશાખાવાળો વિસ્તાર બતાવતું પેઢીનામું તે.

વંશી, વિ૦ વંશનું; કુટુંબનું.:–સૂર્યવંશી.

વંશી, સ્રી૦ વેણું; વાંસળી; વાંસની ફૂંકીને વગાડવાની ભુંગળી.

વા, પું૦ [સં. **वायु**] વાયુ; પવન. (૨) શરીરના વાયુનો વિકાર–સાંધા દુઃખે એવો એક રોગ. (૩) વાઇનો રોગ; ફેફરૂં. (૪) મનસ્વી તુરંગ; લહેર; મનનો ફાંટો; વિચારનો ઉછાળો–જોસ. (૫) મગરૂબી. (૬) જીવ; ચૈતન્ય; પ્રાણવાયુ. ક્રિ૦ પ્ર૦ વા આવવો=સાંધા દુખવા. (૨) વિચારનો જોસ આવવો; તરંગ ચઢવો. વા કાઢી નાંખવો=પ્રાણવાયુ જતો રહે એમ કરવું–મારવું–ધમકાવવું તે. વાખાતું કરવું=રખડાવવું; નહિ ફાવવા દેવું. વાખાવો=રખડવું; નહિ અર્થ સરવો. વા નીકળી જવો=મરી જવું. (૨) થાકી જવું, કાયર થઇ જવું. વા વહાવો=અસર થવી.:–સંસારનો વા વહાયો નથી. (૨) અમુક જાતના વિચાર કે ભાવનાઓની ખૂબ પ્રવૃત્તિ થવી:–હમણાં એવો વા વહાયો છે કે જે તે અમુક વાતપર દોડયુંજ જાય છે. પ્રસર પસરવો; ઘેલછા આવવી. રૂ૦ પ્ર૦ વાએ ચઢવું=લહેરે ચઢવું; મનસ્વીપણે કામ કર્યે જવું; ઉડેલની પેઠ કામ કરવું; ખીલવું, ઉશ્કેરાવું–આનંદે ઝુમવું=કાર્ય કરવું. કહે૦ વા સાથે લડે એવું=સહેજ સહેજમાં લડી ઉઠે એવા સ્વભાવનું; લડકણું. વાનું ફોફું=સંગીન નહિ પણ માત્ર પોચું જાડું. વાએજવું=ગર્ભ ઉડી જવો; અધુરે જવું; રજ ચઢીજવું તે. વાના ઘોડા=જેવો તુરંગ આવે તેવું કરનારા; દૃઢ વિચાર ઉપર નહિ રહી શકે એવા; વાએ–ચલ, વા ઘેલું=મનસ્વી. વા કડવું=સહેજ કડવું.

વા, અ૦ અથવા; કિંવા; યા. (૨) વાવા આ શું કર્યું?

વાઇ, સ્રી૦ એક મહા મોટો પીડાકારી અસાધ્ય વાયુરોગ. એથી શરીર ખેંચાય છે, મોઢે ફેણ આવે છે અને હાથપગ તણાય છે, ફેફરૂં, હિસ્ટીરિયા.

વાઉ, સ્રી૦ પગને તળિયે પડતા ચિરાડા તે.:–વાઉફાટી છે. (૨) વિ૦ બેવકુફ; વાયલ; ઢંગ વગરનું.

વાએજ, જુ. વાયજ.

વાએડું, વાયડું.

વાએદો, વાયદો.

વાક્, સ્રી૦ [સં.] વાણી; બોલી; બોલવું તે. (૨) વચન; બોલ વાક્ચાતુરી=બોલવાની ચતુરાઇ તે; બોલવાની ખુબી. વાક્પટુતા=બોલવાની છટા.

વાક, પું૦ (સ્રી.)બંધાય એવું ચીવટ સત્વ તે; કસ; ચિકાશ; સાર. (૨) દમ; બળ; જોર; સત્વ. (૩) પાણી; તેજ; નૂર.

વાકડવું, વિ૦ સહેજ કડવું. (૨) હઠીલું. (૩) સહેજમાં વાંકું પાડે એવું.

વાકફ, વિ૦ [અ **वाकिफ**] વાકેફ; જાણીતું.

વાકળો, પું૦ વહેળો; નાળુ; નહેર.

વાકેફ, વિ૦ માહિતગાર; જાણીતું; ભોમિયું; પ્રવીણ; નિપુણ.

વાકેફગારી, સ્રી૦ માહિતી; જાણ; ખબર. (૨) પ્રવીણતા.

વાક્ય, ન૦ [સં.] પૂર્ણ અર્થ બતાવતો એકથી વધારે શબ્દોનો જે સમૂહ તે; બે અથવા વધારે શબ્દોનો પુરેપુરો વિચાર

દેખાડનારો શબ્દ સમુચ્ચય. (૨) વચન; કહેણું; કથન વાક્યરચના=વાક્ય બનાવવાની કળા તે. વાક્યાર્થ=વાક્યનો મુખ્ય અર્થ તે.

વાક્‌વિદગ્ધા, સ્ત્રી૦ [સં] સંકેતની વાણી બોલવામાં ચતુર સ્ત્રી; બોલવામાં કુશળ એવી એક નાયિકા.

વાખ, પું૦ તાડછાંના ફેંટા; દાંડાના દોરા જેવા રેસા. (૨) શિંગની બાજુની નસ-(નેસ.)

વાખરો, પું૦ ભાગ્યો-તૂટ્યો તેમજ ઘરગતુ કામનો સરસામાન તે; ઘર ચલાવવાને ઉપયોગી સામાન તે.:-ઘરવાખરો.

વાખદ, વિ૦ વા લાગતાં ખદખદે એવું-વાથી ઉબળતું-આંખનું એક દરદ. વારંવાર થતું આંખનું દરદ અને તે દરદથી ઝીણી થઈ ગયેલી એવી આંખો તે.

વાખો, પું૦ વખો; ભૂખમરાની પીડા; ભૂખનું દુઃખ તે; આજીવિકાની સંકડામણ તે; આપદા. (૨) કમબખ્તી; મુસ્કેલી; વિપત્. સાંસો.:-ખાવાના વાખા છે. વખાનાં માર્યા પરદેશ ભટકે છે.

વાગ, સ્ત્રી૦ વાણી; બોલી. વાગ્દાન, વાગ્દેવતા, વાગ્બાણ.

વાગડિયું, વિ૦ વાગડનું; વાગડ સંબંધી. (૨) ન૦ અમુક તરેહથી છાપેલું છયલ-સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું કપડું.

વાગવું, ક્રિ૦ અ૦ એક વસ્તુ બીજીને જોરથી અથડાવી-લાગવી તે; અથડાવું; ચોટ-ધક્કો-લાગવો; ઉપર આવી ટિચાવું; પછડાવું.:-તેને મારી સોટી લાગી. (૨) ઇજા થવી; આઘાત લાગવો.:-છરીવાગી, કુહાડીવાગી.-(૩) ઠોકાથી અને ફુંક વગેરેથી અવાજ નીકળવો; અંદરથી-અવાજ થવો.:-ઢોલ વાગ્યું; ભુંગળ વાગી.

વાગળું, ન૦ વાગલું એક રાત્રિચર પંખી; વનવાગોલ.

વાગીશ, પું૦ [સં] બૃહસ્પતિ.

વાગીશ્વરી, સ્ત્રી૦ [સં] સરસ્વતી; શારદા.

વાગો, પું૦ વાઘો; ગળાથી ઘુંટણ લગીનો મોટો ડગલો. (૨) પોષાક.

વાગોલ, સ્ત્રી૦ રાત્રિચર પંખી.

વાગોળવું, ક્રિ૦ અ૦ ખાધેલું મોંમાં લાવી ફરીને ચાવવું; ચગળવું; ચાવવું; ધીરેધીરે ચાવીને ખાવું. (૩) મનન કરવું. ઢોર-જેમની ખરીમાં ફાટ હોય છે તે વાગોળે છે.

વાઘ, પું૦ [સં. व्याघ्र] પીળા રંગનું કાળા ચટાપટાવાળું એક હિંસક પશુ.

વાઘણ, સ્ત્રી૦ વાઘની માદા.

વાઘબકરી, સ્ત્રી૦ કાંકરીઓની એક રમત અથવા ખેલ બાજી.(૨)તરતાં પાણીમાં રમાતી અથવા જમીન ઉપર ખેલાતી એક રમત.

વાઘબારસ, સ્ત્રી૦ આસો વદ બારસને દિવસે પડતો દિવાળીનો પહેલો તહેવાર. એ દિવસે બારણામાં વાઘ કાઢવામાં આવે છે.

વાઘમારુ, વિ૦ વાઘ મારનાર; વાઘનો શિકારી. (૨) બહાદુર; શૂરવીર. (૩) ફીસિયારીખોર; મોટી મોટી બડાશની વાતો કરનાર; બાયલો; બીકણ.

વાઘરણ, સ્ત્રી૦ વાઘરીની સ્ત્રી. (૨) ફુવડ-નઠારી-ગંદી અને અસભ્ય સ્ત્રી; વાઘરણ.

વાઘરી, પું૦ [સં. वागुरिक] જાળ નાંખી પશુ પંખીઓ પકડી આજીવિકા કરનારો; અનાર્ય શિકારી; પારધી. (૨) એ લોકની એક નાત તે. (૩) જાળ નાંખી પંખી પકડનારાઓની જાતિનો એકાદ માણસ તે. (૪) મલિન અનાર્ય-નીચ માણસ તે.

વાઘાંબર, [સં.] વાઘના ચામડાનું વસ્ત્ર તે; વસ્ત્ર-પાથરણુ-આસન તરીકે વપરાતું વાઘનું ચામડું તે, વાઘાંબરી=વાઘના ચામડાને વસ્ત્ર તરીકે વાપરનાર તે; શિવ; શંકર; જોગી.

વાઘેણ, સ્ત્રી૦ વાઘની માદા.

વાઘેર, પું૦ કાઠી લોકની એક જાત. ઓ-

આમંડળમાં આ જાતના લોકો વસે છે.:–વાઘેરોનું તોફાન.

વાઘેલો, પું૦ રજપૂતની એક પેટા જાતિ-શાખા. પાટણની ગાદી ઉપર સોલંકીઓ પછી વાઘેલા આવ્યા હતા. :–કર્ણ વાઘેલો, વાઘેલી રાણી=વાઘેલા રજપૂત-પિતાની કન્યા તે.

વાઘો, પું૦ વાગો; ગળાથી ઘુંટી લગીનો સુંદર ડગલો. (૨) પોષાક.

વાચ, સ્ત્રી૦ વાચા; વાણી; બોલી; ભાષા.

વાચક, વિ૦ બોલનાર; બોલતું. (૨) દર્શક; દેખાડનાર બોધક. :–ગુણવાચક. (૩) વાંચનાર. અવાચક=જેને વાચા ન હોય તે. (૨) અજ્ઞાન; બોલવાની શક્તિ રહિત. :–અવાચક જીવ બિચારો શું કરે ?

વાચન, ન૦ વાંચવું તે; પાઠ કરવો તે. (૨) વાંચવાની ઢબ–છબ તે. :–એનું વાંચન બહુ સારૂં છે.

વાચસ્પતિ, પું૦ બૃહસ્પતિ; દેવના ગુરૂ. (૨) વિદ્યાનો ભંડાર. (૩) ડાહ્યો.

વાચા, સ્ત્રી૦ [સં] બોલી; વાણી. (૨) બોલવાની શક્તિ. ઉ૦ વાચા નહિ તે બોલે કેમ.

વાચાળ, વિ૦ જેને બોલવાની ખૂબ છુટ હોય એવું; ધડેડાટ બોલતું; છટાદાર બોલી બોલનારૂં. (૨) બહુ બોલું; બોલ બોલ કરનારૂં; વાતોડું, વાચાળપણું=બહુ બોલવાપણું.

વાચિક, વિ૦ [સં.] વાણીનું બોલી સંબંધી; મુખનું; વચનથી કરેલું એવું. :–વાચિક પાપ. :–કાયિક–વાચિક.

વાચ્ય, વિ૦ [સં.] બોલવા જેવું; બોલવા જોગ. (૨) બોલેલું; કહેલું.

વાચ્યાર્થ, પું૦ [સં.] ખુલ્લો–સ્પષ્ટ અર્થ તે. બોલેલા બોલનો જે ચોખ્ખો અર્થ થતો હોય તે.

વાછટ, વાછંટ.

વાછડું, ન૦ [**सं. वत्स**] ગાયનું બચ્ચું; વાછડી, વાછડો, વાછ્રડું.

વાછરડી, સ્ત્રી૦ ગાયનું માદા બચ્ચું; વાછડી; નાની ગાય.

વાછરડું, ન૦ વાછડું.

વાછરડો, પું૦ ગાયનું નર બચ્ચું; વાછડો; વત્સ; ધોલ્યો.

વાછરૂં, ન૦ [**सं.वत्स**] ગાયનું બચ્ચું; વાછડું.

વાછલ, [**सं. वत्सल**] વહાલું: પ્યારૂં. (૨) લડાવેલું; લાડકું; લાડમાં ઉછેરેલું.

વાછંટ, સ્ત્રી૦ પવનથી ઉડેલા વરસાદના છાંટા; વરસાદનાં ફોરાં પડવાં–ઉડવાં તે.

વાછંટિયું, ન૦ વરસાદની છાંટ આવતી અટકાવનારૂં પાટિયું; ઘરમાં–બારીમાં વરસાદની છાંટ આવે નહિ તે માટે બાંધેલું ટાટું. (૨) છજું.

વાછુટ, સ્ત્રી૦ અધોવાયુ; પાદ.

વાજ, વ્યાકુળ થઈ જવાનું તે; તોબા; ત્રાસ; હેરાન થવાવું તે. (૨) હારી જવું તે. ક્રિ૦ પ્ર૦ વાજ આવવું=તોબા તોબા પોકારવી; કાયર થઈ જવું; હેરાન થવું. ઉ૦ દામોદર આનું વાજ, વહેલા વગજો હો રાજ !

વાજણ, સ્ત્રી૦ સારી ઓલાદ ઉત્પન્ન કરે એવી ઘોડી; ઘોડારમાંની મુખ્ય મોટી અને સારી જાતની ઘોડી તે.

વાજબી, વિ૦ [**अ. वाजिब**] યોગ્ય; બરોબર; યુક્ત. (૨) ખરૂં; સત્ય; રાસ્ત. (૩) ઉચિત; લાયક; વાજબી.

વાજવું, ક્રિ૦ અ૦ વાગવું; ઠોકવાથી અથવા ઘસવાથી અવાજ નીકળવો; ખડખડવું; ગાજવું; સૂર થવો. રૂ૦ પ્ર૦ વાજતે ગાજતે=બડી ધામધુમથી; ઠાઠમાઠથી ઢોલ ડંકા દેતા એમ. (૨) ચાહન; જાહેરરીતે.

વાજંતર, ન૦ વાજાં; ઢોલ, સરણાઇ વગેરે જે વાદિત્ર તે. ઉ૦ વાજંતર વાગિયાં.

વાજાં, ન૦ વાજંતર, વાજાંવાળા=ઢોલ પડ-

ધમ, પિપુડી વગેરે વગાડનારા.

વાજિયા, વિ૦ પાણી પાઇને પકવેલા ઘઉં તે. ઘઉંની એક જાત.

વાજિંત્ર, ન૦ વાજું; વાદિત્ર.

વાજી, પું૦ સારી ઓલાદનો ઉંચા તુખમનો જે ઘોડો તે. અશ્વ; હય. રૂ૦ પ્ર૦ વાજી-બુલ વજુદ=પોતાની મેળે હયાતીમાં આવેલું.

વાજીકરણ, ન૦ સારૂ પુરુષત્વ આપનારી જે ઔષધક્રિયા તે; બળ વીર્ય આપે એવો જે પ્રયોગ તે. (૨) વિ૦ બળ-વીર્યવર્દ્ધક; જાદું.

વાજું, ન૦ ઠોકવાથી, ફુંકવાથી અને ઘસવા કે થરકાવ્યાથી અવાજ કાઢે એવી બનાવટ તે; વાદ્ય; વાજિંત્ર. (૨) મંડળ; ટોળું; જૂથ ધાડું. :-વંઠેલ વાજું. (૩) જમાવટ.

વાઝડું, ન૦ પવનનું તોફાન; વાવાઝોડું.

વાઝોડું, ન૦ વાવાઝોડું.

વાઝોડું, ન૦ વાઝોડું.

વાટ, સ્રી૦ રસ્તો; માર્ગ; પંથ વાટે ને ઘાટેરે, વળગો છો વાતે. દયા. (૨) ખોટી-રહેવું-થવું તે; પ્રતીક્ષા-રાહ. ઉ૦ વાટ જોઇ જોઇ હું વાજ આવી. (૩) દિવેટ; બત્તી; કાકડો. (૪) લોઢા કે રબ્બરનો ગાડીના પૈડા પર ચઢાવવામાં આવતો પાટો. ક્રિ૦ પ્ર૦ વાટ ઉકલી=બળવું; જવા દેવું; કંટાળીને પડતું મૂકવું. વાટ જોવી=રાહ જોવી; ખોટી રહેવું; વણસવું. વાટ પડવી=રસ્તો થઇ જવો; છિદ્ર પડવું; હમેશ-નિર્બંધ થઇ જવું:-ઝાડાની વાટ પડી, હવે અફીણે પણ ઝાડો અટકતો નથી. વાટ પાડવી= છિંડું-પાડવું; ધાડ પડવી, લુંટ ચલાવવી. વાટમારૂ=લુંટારો; ચોર; ધાડપાડુ.

વાટકી, સ્રી૦ વાડકી; છાલિયું. વાટકી=કવિતામાં-ઉ૦ વાટકડીમાં દહોતી ગોરી ગાય જો.

વાટખરચ, ન૦ મુસાફરી જનારને વાટમાં થનારૂં ખરચ તે; મુસાફરી દરમિયાન લાગતું ખરચ.

વાટખરચી, સ્રી૦ મુસાફરી દરમિયાન ખરચવાની રકમ તે. વાટમાં લાગતું ખરચ તે.:-પરદેશ જવા માટે તમારે વાટ ખરચી આપવી જોઇશે.

વાટણિયો, પું૦ વાટવાનો ગોળ પથરો; નિશાતરો ઉપરવટણો.

વાટણી, સ્રી૦ વાંટણી; વહેંચણી; ભાગ પાડી આપવા તે.

વાટણો, પું૦ વાટવાનો ગોળ પત્થર; નિશાતરો.

વાટપાડુ, પું૦ વાટે-રસ્તે અટકાવી લુંટનાર. (૨) ખેતરની વાડ-ઘર વગેરે ફાડી-વાટ પાડીને લુંટનાર; ખાતરપાડુ. (૩) નવો રસ્તો કાઢનાર; લુંટારો; ચોર.

વાટમારૂ, પું૦ મુસાફરોને મારીને લુંટીલેનાર. (૨) મારનારો.

વાટલો, પું૦ અરધાથી નાનો ચોખાનો કણ; મોટી કણકી.

વાટવું, ક્રિ૦ સ૦ કુટી-છુંદીને બારીક કરવું; કચરવું; કુટવું; ખાંડવું. (૨) વહેંચવું; ભાગ પાડવા; ભાગલા કરી આપવા.

વાટવો, પું૦ પાન સોપારી અને પૈસા વગેરે રાખવાની પડ-ખાનાં પાડેલી સરક્યા દોરીવાળી થેલી કોથળી તે.

વાટસરૂ, પું૦ વાટે સરનારો તે; મુસાફર; પ્રવાસી; પંથી.

વાટિકા, સ્રી૦ [સં.] ફૂલબાગ; બગીચો; વાડી; ઉદ્યાન. (૨) વાડકી.

વાટી, સ્રી૦ નાળિયેરમાંથી નિકળેલા સુકા કોપરાના ગોળાનો કચોળા જેવો અરધો ભાગ તે; કાચલી. (૨) વાડકી.

વાટુ, ન૦ બોઘરણાના ઘાટનું એક વાસણ.

વાટુઓ, પું૦ વાટવો; મોં બંધ કરવાની સર-

ફિયા દોરીવાળી ખાનાંદાર કોથળી.

વાટો, પું૦ ગોળ લાંબો વિંટો તે; વિંટલો. પત્તરવેલિયાંનો વાટો. (૨) ચુનાનો લાંબો ગોળાકાર તે. ચોકડીમાં ભિંત જોડે વાટો નાંખજો નહિ તો પાણી ચૂસે. (૩) ચામડીની કરચલી; વળિ; વિંટલો :–સુખ ને સંતોષ હોય ત્યારેજ પેટે વાટા પડે. (૪) તરંગ; લોઢ; મોજો.

વાડ, સ્ત્રી૦ જમીન કે ખેતરની આસપાસ કાંટા કે કાંટાવાળાં ઝાડ વાવીને કરેલો આંતરો તે; ઝાંખરાંની આડ–દિવાલ તે.: વાડવાળું ખેતર ભેળાય નહિ. (૨) મહોલ્લો; માઢ;. વાસ; ફળિયું; પાડો; વાડો.:– કાપડીવાડ. રૂ૦ પ્ર૦ વાડ તેવો વેલો= જેવો રાજા તેવી પ્રજા. વાડ સાંભળે, વાડનો કાંટો સાંભળે=બહુજ ધીરેથી મંત્ર વગેરે છાની વાત બોલવી–કોઈ નહિ તે કોઈપણ સાંભળે નહિ માટે. વાડ તુરિયાં ગળે=જેનો આશ્રય તેજ હણે ત્યારે શું કરવું, એમ. વાડ બાંધવી=આસપાસ રક્ષક જમાવટ કરવી. સારા નરસા કામ માટે સાથ જમાવવો. જુઓ વાઢ.

વાડકી, સ્ત્રી૦ પેય ભરવાનું નાનું પાત્ર; છાલી; પ્યાલી.:–થાળી વાડકી. રૂ૦ પ્ર૦ વાડકીનો વહેવાર=રાંધેલું આપવા લેવાનો વહેવાર તે.

વાડકો, પું૦ જમતી વખતે નરમ ખોરાક લેવાનું પાત્ર; મોટી વાડકી; પ્યાલો; કાંસિયો; છાલું.:–વાડકો ભરીને દૂધ પી ગયો. વાટકડો; કટોરો.

વાડવ, પું૦ [સં] બ્રાહ્મણ; વિપ્ર; દ્વિજ.

વાડવું, ક્રિ૦ સ૦ વાઢવું; કાપવું; છેદવું. (૨) ચીરવું. (૩) જુદું પાડવું. (૪) બાતલ કરવું.

વાડિયું, ન૦ વાઢિયું; ખજુર ભરવાનો સાદડાંનો થેલો.

વાડી, [सं. वाटिका] બાગ, બગીચો; ઉદ્યાન. (૨) માથે ફૂલ ગુંથવાં તે; ફુલનો શણગાર કરવો તે.:–ઘેનને વાડી ભરાવો. (૩) બાજુએ ઓશરીઓ ઉતારેલું જમણવાર માટેનું ખુલ્લું મકાન; નાતવરા કરવાની બંધિયાર થોડી પશાળીઓ અને છુટા ચોકવાળું ચોગાન તે. (૪) ટુંકા નાળચાની ઝારી.

વાડો, પું૦ ચોમેર વાડથી આંતરી લીધેલું ચોગાન;કાપણી કરેલો પાક પુળા અને ઘાસ વગેરે નાંખવા–રાખવાનું બંધિયાર ચોગાન તે. (૨) ઘરપાછળની બાંધયાર ખુલ્લી જગા; મોટી છિંડી તે. (૩) મહોલ્લો; પાડો; પોળ; શેરી; વાસ.:–લુહારવાડો, ઢેડવાડો. સંડાસ; તાજખાનું; પાયખાનું; જાજરૂ. (૫) પક્ષ; તડ; તફો, સમૂહ; જૂથ. ઉ૦ વાડોવાળી બેઠારે. ક્રિ૦ પ્ર૦ વાડો વાળવો=પક્ષ–તડ–ટોળું બાંધવું. વાડેજવું=ઝાડે જવું.

વાડોલિયું, ન૦ નાનો વાડો; વાડથી આંતરેલી થોડી જગા. (૨) ઢુંગલું; નાનાં બાળ ઝાડના રક્ષણ માટે તેની આસપાસ કરેલો વાડનો આંતરો તે.

વાઢ, પું૦ ચીરો; કાપ; ઘા; જખમ. (૨) કાપવાની શક્તિ તે.:–આ છરીનો વાઢ બહુ સારો છે. (૩) ધાર; તીક્ષ્ણતા. (૪) શેલડીનું ખેતર–વાવેતર તે. (૫) કોહલ; શેલડી પીલવાનું યંત્ર. ચીચુડો. ક્રિ૦ પ્ર૦ વાઢમૂકવો=કાપવું; આડું કાપવું તે. ઉભું રદ કરવું, બગાડી નાંખવું. રૂ૦ પ્ર૦ વાઢકાપ= શરીરના કોઇ અવયવ ઉપર કાપકુપ કરાવવી તે; ગડગુમડ વગેરે કાપવાં છેદવાં તે. તકરાર કરી કંઇક ઓછું કરવું–કરાવવું તે. સુતારી કામકાજ તે. લડાઇટંટો અને કુસંપ કરાવવો તે.

વાઢકુટિયો, પું૦ વાઢકાપ કરનારો; શસ્ત્રવૈદ્ય. (૨) આમતેમ ઉંધું છતું કરનારો; આમ

તેમ જ્યાં ત્યાં બગાડે કે લડાઈટંટા ઉભા કરાવે એવો ખટપટિયો.

વાઢવું, ક્રિ૦ સ૦ આડું કાપવું; જુદું પાડવું; (વહેરવાથી ઉલટું) આડા–ભાગ પડે એમ કરવું; તોડી જુદું કરવું; કાપી નાખવું. (૨) ચીરવું; ફાડવું. કાપ પાડવો; ચીરો પડે એમ કરવું. (૩) બાતલ કરવું; કાઢી નાખવું; કાપકુપ કરવી.

વાઢિયું, ન૦ ખજુર ભરવાની (ભરેલી) સાદડાની ગુંણુ; ખજુરીનાં છોટાંની ગુંથેલી થેલી; છોટાં–સાદડાંનો પોચો કરંડિયો.

વાઢિયો, પું૦ ઉત્કટ ઇચ્છા; ખૂબ-હોંશિલી ભવના; ઉમેદ; લલુતા. (૨) ચડસ; મોટો ઉમળકો: ઉછરંગ. (૩) વાઢો; સુતાર; કાપનારો.

વાઢી, સ્ત્રી૦ ઘી વગેરે ભરવાનું નાળચાવાળું વાસણ; ઝારી.:–વાઢીએ ઘી પિરસવું.

વાઢો, પું૦ વાઢનારો–સુતાર.

વાણ, સ્ત્રી૦ વાણી; બોલી. ઉ૦ સાચી વદજો વાણ. (૨) ફાયદો–લાભ થાય એમ મળવું તે; કિફાયત. :–વાણ પડતું લેવું. (૩) ન૦ શણુ, ભિંડી અને બીજા વનસ્પતિ રેસાઓની દોરી તે. :-વાણ કહોઇ ગયું ને ખાટલો ભાગી પડી ગયો. ખાટલાનું વાણ. (૪) સ્ત્રી૦ કસર; ટાંચ; કમીના; ઓછપ. :–વરામાં જરાએ વાણ આવવા દેતા નહિ.

વાણ, ન૦ વહાણુ; નાવ; નૌકા. દરિયા પર તરતું વાહન–યાન તે.

વાણવટી, પું૦ વહાણ ઉપર વૃત્તિ કરનારો; વહાણ ચલાવનારો; વહાણનો માલીક–વહાણ રાખી ધંધો કરનાર ખલાસી.

વાણિજ્ય, ન૦ [સં.] માલ લેવા આપવાનો અને નાણાંની ધીરધાર વગેરેનો ધંધો તે; વેપાર.

વાણિયણ, સ્ત્રી૦ વાણિયાની સ્ત્રી; સ્ત્રી વણિક; વાણિયેણ. (૨) વણજારી.

વાણિયાશાહી, વિ૦ વણિકની ઢબ–નીતિ રીતિનું. ન૦ વાણિયાની માફક કામકાજ ચલાવવાં તે; કરકસરિયો શાંત અને ખામોશવાળો કારભાર તે.

વાણિયો, પું૦ [સં. वणिक्] વેપાર ધંધો કરનારી એક જાતિ અને તેમાંનો એકાદો માણસ તે; વૈશ્ય; વણિક. (૨) વેપારી; મોદી. કહે૦ વાણિયા મુંછ નીચી=પાછા પડયા તોપણ કંઇ નહિ, કાર્ય સરે એટલે બસ.

વાણી, સ્ત્રી૦ [સં.] વાચા; સ્પષ્ટ ઉચ્ચારેલો–અવાજ–સ્વર તે; બોલી; (૨) ભાષા. (૩) રાગ. (૪) સરસ્વતી. :-કાગ કપોતની વાણી. ક. દ. ડા.

વાણું, ન૦ વહાણું; સવાર. (૨) પ્રભાત; મળસકું. વાણેલું, વાણલિયું. કવિતામાં વપરાય છે. ઉ૦ વાણલિયાં ભલે વાયાંરે.

વાણો, પું૦ વણતરમાં નંખાતા જે આડા તાંતણા–સુતર તે, ઉભા તાતણા તે 'તાણો' ને આડા–પને પડતા તાણા તે 'વાણો' કહેવાય છે.

વાણોતર, પું૦ ગુમાસ્તો; વેપારીનું નામું લખનાર તથા સોદા વગેરેનું કામ કરનાર નોકર; મહેતો. ઉ૦ વિશ્વાસુ વાણોતર કયાં છ મારા ?

વાણ્ણું, ન૦ વાયણું; ઉમળકાનું–અભિનંદક જમણુ તે. તરતનાં પરણેલાં વરકન્યાને અને સીમંતવાળી સ્ત્રી વગેરેને હોંસનું જમણુ આપવું તે.

વાત, પું૦ [સં.] પવન; વાયુ. (૨) શરીરમાંહેલો વિકારી થયેલો વાયુ, અને તેથી ઉત્પન્ન થતા રોગો વગેરે તે.:–વાતપિત્ત, વાતરક્ત; સંન્નિવાત–વગેરે તે.

વાત, સ્ત્રી૦ [સં. वार्त्ता] વાર્તા; કથા; કહાણી; ગાથા. (૨) બીના; હકીકત.:–ત્યાંની વાત કહો? (૩) ઇતિહાસ; તવારીખ. (૪) બ્યાન; વર્ણન. (૫) સમા-

ચાર; ખબર. (૬) વિષય; બાબત.:–આ વાત તારા કામની નથી. (૭) વિનંતિ; અરજ.:– ગરીબની વાત કોઇ સાંભળતું નથી. (૮) લોકમાં ચાલતી ચર્ચા; કુથલી નિંદા.:–લોક ગમે તેવી વાત કરે તેથી શું? (૯) ગપ; ખોટી અફવા; ગપાટો. એવી વાત ચાલી છે કે, ગાય બોલે છે. (૧૦) હાલત; સંસ્થિતિ; સામર્થ્ય. પૈસાદારની વાત જુદી, તે ચાહે સો કરે, ને ગરીબની વાત જુદી. (૧૧) મુદ્દો; ધારેલો હેતુ–કર્તવ્ય, ધારણા; દરખાસ્ત વગેરે.:–કમિટીમાં એની વાત મારી ગઈ. (૧૨) શિખામણ; કહેણ. (૧૩) મંત્ર; ખાનગી બાબત. ક્રિ૦ પ્ર૦ વાત ઉડાડવી= મુદ્દાનો વિષય મૂકી દેવો ને બીજી બાબત ઉપર બોલવા માંડવું. ગપ ચલાવવી, વાત કહેવી, જેમાં રસ પડે એવો બનાવ કહી સંભળાવવો. વાત કહું=વાતને બહાને ખાનગીમાં બોલાવવું; ઉભું રાખવું; ખોટી કરવું. ઉ૦ હું વાત કહું ઉભાં તે રહોની અલબેલી. વાત ચાલવી= ગપ ચાલવી; ચર્ચા ચાલવી; નિંદા થવી. વાત પામવી=જાણી જવું; સમજાઈજવું. વાત ફોડવી=ખાનગી બાબત જાહેર કરવી; મંત્ર ભાગવો. વાત બનાવવી=ગીબત કરવી; જુઠાણું ઉભું કરવું. વાત મળવી= સમાચાર મળવા; બીજાની મારફત જાણવું. વાત મારીજવી=મુદ્દાની બાબત ઉડી જવી; ધારેલી બાબત નહિ પાર પડવી. રૂ૦ પ્ર૦ વાત કરવાનું ઠેકાણું=સુખ દુઃખની બાબત જણાવાય એવું પ્રિય–ખાસ માણસ તે; ખાનગી વાત કરી હૈયું હળવું કરવાનું ઠેકાણું. વાતનું વતેસર=પિંછાનું પારેવું– કાગનો વાઘ કરવો તે. વાતે વળવું=બીજું કામ રહેવા દઇ રસની વાતમાં રોકાવું; વાતમાં ગુલતાન થઇ જવું.

વાતગરૂં, વિ૦ વાત કર્યા કરવાની ટેવવાળું; વાતોડું.

વાતગુલ્મ, ન૦ [સં.] આંધળું ગડ. વૈદકમાં આના ત્રણ ચાર પ્રકાર છે, અને તે પીઠે, તથા પાસાંએ થાય છે. પાઠું.

વાતઘ્ન, વિ૦ [સં.] વાયુને હઠાવનારૂં; વાતહારક. દવા–ઓષધ તે.

વાતચીત, સ્ત્રી૦ કામકાજ સંબંધી અથવા ખાલી ગપ્પાં જેવું સંભાષણ તે; વાત તે. ચિત્ત રાખીને કોઇ ખાસ બાબત સંબંધી ખાનગી મસલત કરવી તે.

વાતજ્વર, પું૦ [સં.] અજીર્ણને લીધે પેટમાંનો વાયુ વિકારી થવાથી આવતો તાવ તે.

વાતડ, સ્ત્રી૦ લાંબી લાંબી વાત તે; ટાયલું. (૨) વા–તેડ=નહિ દેખાય એવી ચુના માટી વગેરેની બનાવટમાં કે લાકડામાં પડેલી તરડ ચીર તે.

વાતાયન, સ્ત્રી૦ [સં.] બારી.

વાતરક્ત, ન૦[સં.] શરીરમાં રહેલા વાયુના પ્રકોપથી થયેલો રોગ; હાથ પગ અને બીજા અવયવો સુજી તેમાંથી ઝાંખું પાણીજેવું લોહી–રસી ઝર્યા કરે એવો એક રોગ; પત.

વાતાવરણ, ન૦ [સં.] પૃથ્વીની આસપાસ વિંટાયેલું વાયુનું પડ–આવરણ તે; પૃથ્વીના ગોળાની ચોફેર રહેલી હવા તે. (૨) સંસ્થિતિ; હાલત; વર્તમાન વૃત્ત તે.:– હાલ તો ત્યાંનું વાતાવરણ ક્ષુભિત છે. વાદળ; સંજોગ વગેરે તે.

વાતી, સ્ત્રી૦ વાટ; દિવેટ; બત્તિ. (૨) જેની ધુણીમાંથી સુવાસ આવે એવી સુગંધિદાર વનસ્પતિ દ્રવ્યોની શળી, અગરબત્તી.

વાતૂલ, પું૦ વાનો ગોટો; પવનનો ગોળો. (૨) વિ૦ વાવાળું; વાયલ.

વાતોડું, વિ૦ વાતગરૂ; વાચાળ.

વાત્સલ્ય, ન૦ [સં.] વત્સલતા; મમતા;

માયા; બાળક વગેરે ઉપરનો જે દયાળુ-તાવાળો સ્નેહ તે. (૨) દયાળુતા.

વાદ, પું૦ [સં.] કોઇ પણ બાબતના નિર્ણયને માટે બે અથવા વધારે જન વચ્ચે પ્રશ્નોત્તર રૂપે જે સંભાષણ થાય તે; નિર્ણય-તારણ માટેનું ભાષણ તે. (૨) સામ સામે તકરાર કરવી તે; ભાંજગડ; ચર્ચા; ઊહાપોહ. (૩) કજિયો; ટંટો. (૪) ફરિયાદ. (૫) સ્પર્ધા; સરસાઇ; હરીફાઇ. (૬) છંદ; મમતા; રાડો. ઉ૦ મારી બેનોને સખીઓના વાદે, મારે જાવું મૈયર બ'ઠાઠે.

વાદન, ન૦ [સં.] વગાડવું તે; બજવણી. (વાધની.)

વાદવિવાદ, પું૦ [સં.] સામ સામી પ્રશ્નો પૂછવા અને ઉત્તર આપવા સંબંધી જે ભાષણ તે; વાદ; સંભાષણ. (૨) તકરાર; ભાંજગડ; પંચાતી.

વાદળ, ન૦ આકાશમાં ઘુમાતો બાફ-વરાળનો સમૂહ તે; ગરમીથી પાણી સોસાઈ થયેલી ધુમાડા રૂપ આકાશમાં ગોટાતી દેખાય એવી વરાળ; અભ્ર; આભલું; ઘનસમૂહ-મેઘ મંડળ તે. (૨) અણગમતો અવરોધ; આડખીલી. (૩) ભય; સંકટ, દુઃખ વગેરેનો ઘેરવો-ઓઘ તે. (૪) છાયા; ઢાંકણ; આવરણ. ક્રિ૦ પ્ર૦ વાદળાં આવવાં= વરસાદનાં પગરણ થવાં. વાદળ ઘેરાવું= ભય-દુઃખનો ચઢાવો ઝઝુમી રહેવો તે; વાદળ ચઢવું. વાદળ વિખરાવું=સંકટ-દુઃખ ઉતરી જવું. રૂ૦ પ્ર૦ દળવાદળ= ખૂબ ભરાવો; બહુ મોટો ચઢાવો.

વાદળી, સ્ત્રી૦ ભુંખરી ને આછી વરાળનો આકાશમાં ઘુમાતો સમૂહ તે; લગભગ જળરૂપ થઇ ગયેલી વરાળનો સમૂહ તે. ઉ૦ આ વાદળીઓએ ઘુમાઘુમ માંડીરે. રૂ૦ પ્ર૦ વાદળી તાપ= આછી વાદળીઓમાં થઇને પડતો કડક તડકો તે; ચોમાસાનો વાદળીમાં થઇને પડતો બહુજ આકરો તડકો તે. ઘેરાવો ગગડે અને વાદળી તો વરસે અર્થાત્ મોટા ફુફવાડા=ફડાકા મારે, જ્યારે નાના માણસો તો કરી દેખાડે. (૨) વિ૦ વાદળાના જેવા રંગનું; ભુરૂં.

વાદળી, સ્ત્રી૦ દરિયામાં ખડકોને ચોટી રહીને થતાં હાડ રહિત દરિયાઇ પ્રાણીનું મધપુડા જેવાં કાણાં કાણાંવાળું પોચું અને આછા પીળા રંગનું સુકું શરીર-ખોખું. આ કાણાં કાણાંવાળાં ખોખાં પાણીમાં બોળતાં ભરાય છે ને દાબતાં ઝટ નિચોવાય છે. ગડગુમડ ધોવાના કામમાં તેનો ઉપયોગ થાય છે.

વાદળું, ન૦ વાદળ. (૨) અણગમતું આવરણ. (૩) સંકટ; દુઃખ, વગેરે તે.

વાદિત્ર, ન૦ વાજું; ઢોલ; ભુંગળ; સારંગી; વગેરે તે; વાધ.

વાદી, વિ૦ વાદ કરનાર; તકરારી. (૨) પહેલી ફરિયાદ-અરજ કરનાર; દાદ માગનાર; ફરિયાદી. (૩) અમુક એકાદા મતવાળું; એક વાતને સમર્થન કરવાના આગ્રહવાળું.:-અભેદવાદી. (૪) ગારૂડી; ખેલાડી; જાદુગર. (૫) સાપ, નોળ વગેરે પ્રાણીને પાળનાર; જંગલી અને ઝેરી પ્રાણીઓ પકડી, પાળી, કેળવી તેમનો ખેલ કરી બતાવી આજીવિકા કરનારી એક અનાર્ય જાતિ.

વાદીગર, પું. ગારૂડી; ખેલાડી; બાજીગર.

વાદીલું, વિ૦ વાદે ચઢી જાય એવું. (૨) મમતી. (૩) સ્પર્ધાળુ; ચડસીલું; છંદીલું.

વાદ્ય, ન૦ [સં.] વાજું; વાજિત્ર; વાજિંતર.

વાધણ, સ્ત્રી૦ અટકડી; હેડકી; અટકેલા શ્વાસનું રહી રહીને અવાજ સાથે બહાર નીકળવું તે.

વાધણી, સ્ત્રી૦ વાધણ; અટકડી.

વાખર, ન૦ વાખરડી.
વાખરડી, સ્ત્રી૦ લીલા-તાજા ઝાખડાની પટી-સાટ. કહે૦ વાખરડી મારે ભેંસ મારવી:-ઉંદર પકડવા ડુંગર ખણવો.
વાખરી, સ્ત્રી૦ વાખરડી.
વાધવું, ક્રિ૦ અ૦ વધવું; આગળ ધપવું; કલ્યાણ-સૌભાગ્ય-સારૂં થવું. (૨) બનવું.
વાન, અ૦ વાળું ને અર્થે વપરાતો પ્રત્યય.:-ધનવાન, પુત્રવાન થાઓ.
વાન, ન૦ શરીર; દેહ; બાંધો. (૨) શરીરનો વર્ણ; રંગ. (૩) સ્વરૂપ. (૪) ટાઢથી ઉખડેલી ચામડી. ક્રિ૦ પ્ર૦ વાન વળવું=શરીર અસલ ઘાટમાં આવવું-ભરાવું તે. કહે૦ સોળે સાન ને વીસે વાન.
વાનગી, સ્ત્રી૦ કોઈ સારી ચીજ વાપરી નાંખતાં બાકી રાખેલી શેષ તે; થોડી ને સારી નવાઈની ચીજ તે; નમુનો; માસલો.
વાનપ્રસ્થ, પું૦ [સં.] એક અવસ્થા વિશેષ; ત્રીજો આશ્રમ તે. બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમ ભલી રીતે ગાળી સ્ત્રી સાથે વનમાં જઈ રહેવાની સ્થિતિ બ્રાહ્મણાદિક સ્વીકારે છે તે. (૨) વનમાં જઇને રહેવું તે. ધર્મ શાસ્ત્રોમાં બ્રાહ્મણાદિકની જિંદગીના ચાર ભાગ કરી તેને ચાર આશ્રમ એવાં નામ આપેલાં છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ.
વાનર, પું૦ [સં.] માણસના આકારનું પણ પુંછડાવાળું પ્રાણી રહિત એક અર્ધ જંગલી પ્રાણી; મર્કટ; માંકડું; કપિ; વાંદરૂં. રૂ૦ પ્ર૦ વાનરચેષ્ટા=ચાંદવાં કરવાં તે.
વાનવું, વિ૦ જંગલી; રાની.
વાની, સ્ત્રી૦ જાત; પ્રકાર.:-પાંચવાનીનાં પકવાન. (૨) નવા અન્નમાંથી બનાવેલો પદાર્થ; કુમળી જુવારનો પોંખ. (૩) રાખ; છાર. (૪) ચિતાની રાખ. વાની વાળવી =બાળ્યા પછી ત્રીજે દિવસે ચિતાની રાખને નદીમાં નાંખી ટાઢી વાળવી.
વાનીર, ન૦ [સં.] એક જાતનું પાણીમાં થતું ઘાસ; નેતર; બરૂ જેવા સાંઠાનું ઘાસ.
વાનું, ન૦ ચીજ, વસ્તુ; જણસ.:-એકે વાનું ભૂલતો નથી. (૨) વાત; બાબત.:-કેટલાં વાનાં યાદ રખાય, સાહેબ ! (૩) ઠપકાનાં વચન; વાક્પ્રહાર.:-ચાકરને ઘણાંએ વાનાં કર્યાં. (૪) સમજુતી આપવી તે; વિનવવું તે; આજીજી; આગ્રહ; વિનંતિ. -વહેવાઇએ ઘણાંએ વાનાં કર્યાં પણ હું વધારે રહ્યોજ નહિ. (૫) અકેકું, નિરાળું કંઇ કંઇ તે; અકેકું સાહિત્ય:-લગ્નનાં કેટલાં વાનાં થાય છે, તે કહે ? (૬) રીત; પ્રકાર; જાત.
વાનો, પું૦ એક જાતનો સુગંધિદાર પદાર્થ. ધૂપેલ-પીઠી વગેરેમાં પડે છે. ક્રિ૦ અ૦ વાનો ઘાલવું=વિવાહાદિકની દીક્ષા આપવી; પીઠી ચોળવી. (૨) લેપ; ખરડ; ખડી-રંગ વગેરેનો હાથ મારવો તે. ઉ૦ ચિત્ર ચાળીને, વાનો વાળીને, રંગ પુરીને. ઓખાહરણ.
વાન્તિ, સ્ત્રી૦ [સં.] ઉલટી; ઓકારી.
વાપર, પું૦ વપરાવું તે; ખરચ થઈ જવું તે; ખપ; વપરાશ; ખરચ (૨) ઉપયોગ. (૩) ભોગવટો.:-એના ઘરમાં ખાંડનો વાપર છે.
વાપરવું, ક્રિ૦ સ૦ વાવરવું; ખરચવું; ખપમાં લેવું. (૨) ઉપયોગ કરવો; ભોગવવું. (૩) રોકવું; ભોગવટામાં રાખવું.
વાપી, સ્ત્રી૦ [સં.] વાવ; વાવડી; પગથિયે પગથિયે અંદર ઉતરાય એવો ખંડ પાડેલો લંબાકૃતિ કુવો તે.
વાફો, પું૦ [સં. बाष्प] બાફો; બીજમાંથી અંકુર ફુટાડવા માટે બીને બાફ આપવાને બનાવેલી ખાતર ને માટીવાળી પોચી જમીન; બીજ ફણગાવવાને બનાવેલો ક્યારો.
વા-બસ્તું, વિ૦ સગું, સંબંધી, સ્નેહી ને

ઓળખીતું તે; સંબંધી.

વા–આરૂં, ન૦ વા આવે એવું જાળિયું–બાકું તે.

વામ, સ્ત્રી૦ બે હાથ પહોળા કરી છાતી સાથે મપાતી જે લંબાઇ તે; આશરે ત્રણ ગજ, છ ફુટ જેટલી લંબાઇનું માપ તે. (૨) વિ૦ [સં.] સુંદર; મનોહર:–વામલોચના. વામોરૂ. (૩) ડાબું:–વામ હસ્ત–વામાંગ. (૪) ઉલટું; અવળું:–વામમાર્ગ. રૂ૦ પ્ર૦ વામકૂક્ષિ કરવી=જમીને ડાબે પાસે સૂઇ રહેવું તે.

વામણું, વિ૦ ઠીંગણું; નાના–ટુંકા કદનું; નીચું.

વામતા, સ્ત્રી૦ અધમતા; હલકાઇ; નીચપણું.

વામન, વિ૦ [સં.] ઠીંગણું; નીચું; ટુંકું. (૨) ના૦ વિષ્ણુનો પાંચમો અવતાર. વામન દ્વાદશી=ભાદરવા સુદિ બારસનો દિવસ તે.

વામમાર્ગી, વિ૦ આર્ય ધર્મ નીતિથી ઉલટી રૂઢિ–રીતનું; વામ સંપ્રદાયનું–વામમાર્ગ–ઉલટા માર્ગવાળા સંપ્રદાયને માનનારૂં તે.વામમાર્ગમાં મદ્ય, માંસ વગેરે નિષિદ્ધ પદાર્થો ને અવળો માર્ગ લેવાય છે. વેદમાર્ગથી ઉલટો માગ–સંપ્રદાય છે તેને માનનાર. (૨) દેવીભક્ત; શાક્ત; શક્તિને માનનાર.

વામવું, ક્રિ૦ સ૦ ભાર ઓછો કરવાને કાઢી નાખવું; કમીકરવું; બોજો ઘટાડવો. (૨) ઉલટી કરવી; કાઢી નાખવું; ઉછાળી બહાર ફેંકી દેવું.

વામવું, ક્રિ૦ ઓછું કરવું; કમી કરવું. ઘટાડવું. (૨) મટવું; શમીજવું:–દુઃખ વામ્યું.

વામા, સ્ત્રી૦ [સં.] સ્ત્રી; બાઇડી; નારી. (૨) લક્ષ્મી. (૩) સરસ્વતી.

વામાંગ, ન૦ [સં.] ડાબું અંગ તે; શરીરની જે ડાબી બાજુ તે. ઉ૦ વામાંગે પાર્વતી. (૨) સ્ત્રી; પત્ની.

વામાટામા, પું૦ અનિશ્ચયમાં–સંશયમાં વખત ગાળવો તે; રસલાટ. (૨) આનાકાની; ગલ્લાંતલ્લાં.

વામી, વિ૦ વામમાર્ગી; વેદ વિરુદ્ધ નીતિના સંપ્રદાયને માનનાર. (૨) મંત્રશાસ્ત્ર પ્રમાણે દેવીને ભજનાર. મદ્ય, માંસ મત્સ્ય, મુદ્રા ને મૈથુન્ય, આ પાંચ મમ્માના ભોક્તાઓ તે. (૩) નાસ્તિક.

વામોરૂ, વિ૦ [સં.] વામ–સુંદર–સાથળવાળી સ્ત્રી; રૂપાળી.

વાય, પું૦ વાયુ; પવન. ઉ૦ વાયે વાય સવાય, વાચે વેણુ પરજળે. રાણક. (૨) અ૦ હાય. (૩) વાહવાહ. કહે૦ આય તેની વાય; અર્થાત્ મળતરની વાહવાહ છે.

વાયક, ન૦ [પ્રા.] વચન; વેણુ; વાક્ય; બોલ; કહેણ. ઉ૦ એકાંતમાં શંકરને કહેજે, માશં વળી વાયક આ પ્રમાણે.

વાયજ, સ્ત્રી૦ મૌલાઓ ઇસ્લામી ધર્મ સંબંધી જે ઉપદેશ દે છે તે; મુસલમાન ધર્મગુરૂનું મોઢાનું વ્યાખ્યાન; ઉપદેશ; ભાષણ.

વાયડું, વિ૦ પેટમાં વાયુ ઉત્પન્ન કરે એવું; બાદી કરે એવું. (૨) મમતી; જિદ્દી. (૩) વહેમી; તરેહવાર સ્વભાવનું; સ્થિર, દૃઢ વૃત્તિવાળું નહિ એવું; ઢીલજંદું.

વાયણું, ન૦ નવાં પરણી આવેલાં વરકન્યાને અને સીમંતિનીને સગાં તરફનું અભિનંદક હોંસનું જમણ આપવું તે; ખુશાલીનું જમણ.

વાયદાસર, અ૦ નક્કી કરેલે વખતેજ એમ; મુદત પ્રમાણે; અવધિને દિવસે:–એ વાયદાસર નાણાં આપશે નહિ.

વાયદો, પું૦ [अ. वअद.] કોઇપણ કામને માટે મુકરર કરેલો વખત તે; મુદત; અવધિ; કાર્ય કરવા, નાણાં આપવા લેવા કે જવા આવવા માટે ઠરાવેલો અમુક વખત કે દિવસ તે. ક્રિ૦ પ્ર૦ વાયદો બાંધવો=મુદત ઠરાવવી. વાયદે ચઢવું=એક ઘ

છી એક મુદત મળવી; ટોલ્લે ચઢવું. કહે૦ અગરતના વાયદા=ખોટા વાયદા; મુદત આપવી પણ તે કદી પાળવી નહિ એમ.

વાયન, ન૦ એક સુપડામાં ફળ, કંકુ અને કાંસકી મૂકી બ્રાહ્મણને દાનમાં આપવું તે. ઉ૦ વાયન દાનને વાયે લેવા, લલના શકે ભૂમિ ભેટે. પ્રેમાનંદ.

વાયરૂં, ન૦ ખરડિયું; કોરડું ચોસાસું.

વાયરો, પું૦ વાયુ; પવન. ક્રિ૦ પ્ર૦ વાયરે ચઢવું=કોઇના કહેવાથી ઉશ્કેરાઈ જવું; વિચારના તરંગો ઉપર ઉડવું. (૨) ખૂબ ખીલવું; મનસ્વીપણે વિચારોના ઉભરા સાથે દોડવું-ઘુમવું તે.

વાયલ, વિ૦ વાતુલ; જેમ વામાં-વિચારના ઉભરામાં આવે તેમ કરનારૂં; વા આવે-તુરંગ આવે તેમ વર્તનારૂં; ચંચળ; અ-નિશ્ચિત વિચારનું; સહેજ વારમાં ફરી જાય એવું; દઢતા વગરનું. (૨) વહેમી; તરંગી; ઉડેલ મનનું.

વાયલી, વિ૦ વાયલ; તરંગી; તરેહવાર-અ-નિશ્ચિત વિચારનું.

વાયવડિંગ, ન૦ એક જાતની ઓસડમાં વપ-રાતી વનસ્પતિ ને તેનાં મરી જેવાં બિયાં તે.

વાયવ્ય, વિ૦ [સં.] પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનો ખુણો તે.

વાયસ, પું૦ [સં.] કાગડો; કાકપક્ષી, વાય-સાન=શ્રાદ્ધમાં કાગડાને નાખવાનું અ-ન્ન તે. (૨) ઉડી જાય એવું એક ઝાડ-માંથી નિકળતું તેલ તે; ટરપેનટાઇન.

વાયુ, પું૦ [સં.] વા; પવન. (૨) બાદી; અપચો. વાયુચક્ર=પૃથ્વીની આસપાસ વિં-ટાયેલું વાયુનું પડ તે; પૃથ્વીની પાછળ ફરતો વાયુ; વાતાવરણ. વાયુચર=વાયુમાં ફરનારૂં પંખી.

વાયું, ન૦ પવન લાગે નહિ એવું દીવો મૂક-વાનું માટીનું ફાનસ.

વાર, પું૦ વહાર; ત્રણ ફુટની લંબાઇનું માપ; બે હાથ જેટલું માપ-હોઢ ગજ તે, યાર્ડ.

વાર, પું૦ [સં.] સાત ગ્રહોના નામ ઉપ-રથી પાડેલાં સાત દિવસનાં નામ તે.:-રવિ ઉપરથી રવિવાર, મંગળ ઉપરથી મંગળવાર, શુક્ર ઉપરથી શુક્રવાર વગેરે; અઠવાડિયાના સાત દિવસમાંનો અકેકો દિવસ તે. (૨) ન૦ વારિ ઉપરથી વાર=પાણી; જળ.

વાર, સ્ત્રી૦ ઢીલ; ખોટી. (૨) સમય; વેળા. (૩) ખેપ; પાળી; ફેરો; આવૃત્તિ. (૪) મુજબ; પ્રમાણે.:-તપસીલવાર. (૫) તરત; આ ઘડીએજ.:-આ વાર જોઇએ. (૬) વહાર; કુમક; મદદ.

વારણ, ન૦ [સં.] વારવું તે; અટકાયત; રોકાણ; રોધ; અટકાવવું તે. (૨) હાથી; ગજ.

વારણાં, ન૦ વહાલનાં અભિનંદન; ઓવારણાં.

વારતા, સ્ત્રી૦ વાર્તા; કથા; કહેણી.

વારતેહવાર, પું૦ વ્રત ઉત્સવનો દિવસ; મં-ગળ-આનંદનો અવસર-પ્રસંગ.

વારવું, ક્રિ૦ સ૦ અટકાવવું; મના કરવી; થોભાવવું; નહિ કરવા-આચરવાનું કહેવું.

વારસ, વિ૦ [अ.] મરનારની પછી આવનાર; મિલકતનો હકદાર; મિરાશગીર. (૨) પું૦ ઉત્તરાધિકારી; દાયાદ; ઔરસ અથવા દ-ત્તક, જેને મરનારની મિલકતનો હક અને અધિકાર હોય તે.

વારસનામું, ન૦ મરનારે પોતાની મિલકત અને અધિકાર, અમુકને મળે એવા હે-તુથી કરેલો લેખ તે; વસિયતનામું.

વારસો, પું૦ [अ.] મરનારની માલ મિ-લકત તેના વારસને મળી હોય તે; મિ-રાશ; વતન; દાયભાગ; મરનારની મિલ-કત અને અધિકારના ભોગવટાનો હક તે. (૨) માલમિલકત; ધન-પૈસો વગેરે તે. (૩) પરંપરાએ ઉતરી આવેલું તે.

વારંટ, ન૦ [અં.] ગુનેગારને એકદમ પકડી લાવવાનો તાકીદનો હુકમ તે.
વારંવાર, અ૦ વારેઘડીએ; આખોદહાડી; રહી રહીને; ફરીને.
વારાણસી, સ્ત્રી૦ [સં.] કાશી; બનારસ.
વારાફરતી, અ૦ જેમ જેનો વારો આવે તેમ; એક પછી એક યથા અનુક્રમે; ક્રમ પ્રમાણે. (૨) રહીરહીને; થોડી થોડી વારે એમ.
વારાફેરા, પું૦ વારંવાર આવવું જવું; આંટા ખાવા તે; આમતેમ વારંવાર આવજા ક્ર્યાં કરવી તે.
વારાંગના, સ્ત્રી૦ [સં.] ગણિકા; વેશ્યા; વારસ્ત્રી.
વારિ, ન૦ [સં.] જળ; પાણી; સલિલ.
વારિજ, ન૦ [સં.] પાણીમાં ઉત્પન્ન થયેલું એવું તે; કમળ; પદ્મ; પોયણું.
વારિજા, સ્ત્રી૦ [સં.] પાણીમાંથી ઉત્પન્ન થયેલ–લક્ષ્મી; રમા; વિષ્ણુનાં પત્ની. દેવ દાનવોએ મળીને સમુદ્ર મંથન કર્યું ત્યારે તેમાંથી ચૌદ રત્ન નિકળ્યાં હતાં, તેમાં લક્ષ્મી પણ એક હતાં. તે સમુદ્રની પુત્રી કહેવાય છે.
વારિજવું, ક્રિ૦ અ૦ ફીદા ફીદા થઈ જવું; વહાલના ઉભરાથી ખુશ ખુશ થઇ જવું. (૨) મોહી પડવું; મુગ્ધ થઇ જવું; ઓવારણાં લેવાં. ઉ૦ હું વારી જાઉં ઉભાં તે રહોની અલબેલી ! (૩) તારી બલા–રોગ દોગ લેઉં.
વારિધિ, પું૦ [સં.] સમુદ્ર; સાગર; દરિયો.
વારિનિધિ, પું૦ [સં.] પાણીનો ભંડાર; સમુદ્ર; સાગર; દરિયો.
વારી, સ્ત્રી૦ વારો; પાળી; અનુક્રમે કામ કરવાના સમયની મુદત તે. (૨) શેલડીનો રસ ઉકાળવાનું ઝરડનું બળતણ. (૩) હય; ઘોડો.
વારી, અ૦ વિભાગ પાડેલું હોય તેમ; વિગત જુદી પાડી હોય તેવું:–તુલવારીપત્રક, જાતવારી.
વારૂ, વિ૦ સારૂં; મજેનું; સુંદર. (૨) અ૦ ઠીક; સારૂં; હા; અસ્તુ. (૩) ભલે; વાહ; ઓહો. ઉ૦ વારૂ પાળો છો વિઠ્ઠલવર આપ્યા વાયદારે.
વારૂણી, સ્ત્રી૦ [સં.] પશ્ચિમ દિશા. (૨) મદિરા; એક જાતનો પીવાનો દારૂ.
વારેઘડીએ, અ૦ વારંવાર; આખો દહાડી; ઘડીએ; ઘડીએ; થોડી થોડી વારે રહી રહીને એમ; હમેશ; ઘણીવાર એમ.
વારેદાર, વિ૦ વારાવાળું; કામકાજ કરવા અને લેવા દેવા માટે રાખેલી બાંધી મુદતનું; જેનો વાર હોય તે. (૨) કર ઉઘરાવનાર. (૩) ક્રમાનુસાર અધિકાર અથવા કામ ઉપર ચઢનાર તે. (૪) અનુક્રમે જેનો જેનો હક હોય તે.
વારેવારે, અ૦. વારંવાર; ઘડીએ ઘડીએ; રહી રહીને–હમેશ.
વારો, પું૦ ઠરાવેલી મુદતે દર કોઇ કામ થયા કરવું તે; પાળી; વખતસર આપલે કરવાને ઠરાવેલો અનુક્રમ તે.:–દૂધનો વારો. છાશનો વારો. (૩) વેપારીઓએ પાળવાની રજાઓમાં એકાદ જણે દુકાન ખુલ્લી રાખવાને ગોઠવેલો અનુક્રમ તે; પાળી; વારી. (૩) કામકાજને માટે ઠરાવેલો સમય તે.:–હજામતનો વારો; તક; પ્રસંગ; અનુક્રમમાં ગોઠવેલો અવસર તે. (૪) દાવ; લાગ. (૫) ખેપ; ફેરો. (૬) અણોજો. કહે૦ સો વારા સાસુના તો એક વારો વહુનો.
વાર્તા, સ્ત્રી૦ [સં.] વાત; કથા; કહાણી; ગાથા; (૨) સમાચાર; ખબર. (૩) બનાવ. (૪) હકીકત; વૃત્તાંત.
વાર્તિક, ન૦ [સં.] સૂત્રાદિ ઉપરની લંબાણ ખુલાસાવાર સમજુતી તે; વિવેચનવાળી

ટીક તે. (૨) ખાતમીદાર; ચાર.

વાર્ષિક, વિ૰ [સં.] વરસે વરસે આવતું-બનતું હોય એવું તે; વર્ષ સંબંધી; વર્ષો વર્ષનું; પ્રતિવરસ આવતું. (૨) વરસ દિવસનું :-વાર્ષિક હિસાબ.

વાલ, પું૰ એક જાતનું કઠોળ; ઝાલર; ઓળિયા. ઉ૰ લાડુ ને વાલ, આવો મારા લાલ. (૨) ત્રણ રતિભાર જેટલું વજન તે; તોલાનો ૩૨ મો. ભાગ તે વાલ:-વાલ સોને ગયેકું મહાય. (૩) વહાલ; પ્યાર; પ્રેમ; હેત; ઉમળકો.

વાલપાપડી, સ્ત્રી૰ વાલની શિંગ તે; જેમાંથી ઝાલર નિકળે છે તે-લીલી શિંગપાપડી.

વાલરા, સ્ત્રી૰ જેની ઉપરથી આગલા પાકના ખુંપરા બાળવામાં આવ્યા હોય એવી જમીન.

વાલંદ, પું૰ હજામ; નાપિત; વાળલેનારો.

વાલમ, વિ૰ વહાલો; વલ્લભ; પ્રિયજન. ઉ૰ જઈને કહેજે મારા વાલમનેરે. (૨) બ્રાહ્મણની એક વાત.

વાલિયા, પું૰ ઝોળી બાંધવાની દોરી; ડોયણાંની દોરી. (૨) તાજવાંની દોરીઓ-સાટા. (૩) નેતરાં.

વાલી, વિ૰ [आ.] રક્ષક-પાલક તે; પાળી પોષી ઉછેરનાર મુરબ્બી; વડીલપણાનો જેને હક હોય તે; શરણ આપનાર; હિમાયતી.:-એનાં નાનાં છોકરાંનું વાલી કોણ ? (૨) સ્વામી; ધણી; માલીક. (૨) વહાલી; વલ્લભા; પ્રિયા.

વાલીઘોડો, પું૰ ઘોડારમાંનો મુખ્ય-ઉંચા તુખમનો ઘોડો તે; મજબુત બાંધાનો ને સારી જાતનો-આધાન માટે ખાસ રાખેલો ઘોડો તે.

વાલુકા, સ્ત્રી૰ [સં.] રેતી. વાલુકાયંત્ર=રેતી ગરાવી વખત માપવાની શીશી; વખત માપવાની ઘડિયાળ તે.

વાલું, [સં.] વહાલું; વલ્લભ; પ્રિય; પ્યારું. (૨) હેત ઉપજે એવું. (૩) મનને પસંદ પડતું; મનગમતું. (૪) માનીતું.

વાલેસરી, વિ૰ વહાલ રાખનારૂં. (૨) હિતસ્વી; શુભચિંતક. (૩) આસ.

વાલોળ, સ્ત્રી૰ જાડા-શાકના વાલની શિંગ તે; વાલ-જાડા વાલની પાપડી. એનું શાક થાય છે અને પાકતાં કડવા વાલ નીકળે છે.

વાલ્લો, પું૰ વેલ્લો; સ્ત્રીઓને કાને અને નાકે પહેરવાનો સોનાનો વાળો તે; વેઢા; મોટી નથ. (હિંદી અને મુલતાનીઓ વાપરે છે.)

વાવ, સ્ત્રી૰ [सं. वापिका] ઢાળ પડતાં પગથિયાં વાળો-લંબાણ કુવો; (ફેર પગથિયાં વાળો ઉભો ઉંડો કુવો નહિ.) વાપિકા ; વાવડી. ઉ૰ વાવ કુવા નદી તીર તળાવો. ક. દ. ડા. દાદાહરિની વાવ.

વાવટો, પું૰ ધ્વજા ; પતાકા ; અમુક નિશાન કરેલો લાકડીને છેડે બાંધી ઉંચે વામાં ફરફરતો રાખેલો લુગડાનો કકડો તે; નેજો વાવટા કાઠી=ધ્વજાનો દંડ તે. ઝંડો. ક્રિ. પ્ર. વાવટો ચઢાવવો=જય ચિન્હ રોપવું. (૨) જાહેર કરવું; ફતેહનું નિશાન ફરકાવવું. વાવટા ઉડાડવા=પ્રજેત કરવું; નાશી જાહેર કરવી.

વાવડ, પું૰ સમાચાર; ખબર. (૨) ભાળ; પત્તો. (૩) વાવર; મરજ; વ્યાધિ પ્રસર.

વાવડી, સ્ત્રી૰ વાપિકા; નાની વાવ. (૨) કુવો.

વાવણિયો, પું૰ ખેતરને ખેડયા પછી તેમાં અનાજ ઓરવાનું ઓજાર; દડકી; ચાગ્રોળ.

વાવણી, સ્ત્રી૰ વાવવું તે; ઓરણી; બોવું તે. વાવણી અને રોપણીમાં ફેર છે વાવણી એટલે બી જમીનમાં નાખવાં અને રોપણી =ઉગેલા છોડને ફરીને જમીનમાં ચોપવા.

વાવર, પું૰ મરજ; પ્રસર; કોઈએક રોગનો ઉપાડ. (૨) વપરાશ; ખપ; ઉપયોગ.

વાવરવું, ક્રિ૰ સ૰ ખરચવું; વાપરવું; ઉડાડી દેવું; ખપમાં લેવું.

વાવલાં, ન૦ વળખાં; ઝાંફાં. (૨) વસવાયાંને ગામનું કામકાજ કરવાના બદલામાં ખેડી ખાવા આપેલી જમીન તે; પસાયતું.

વાવલું, ન૦ પસાયતું. (૨) આંખમાં પડેલું ઝીણું ફૂલ તે.

વાવવું, ક્રિ૦ સ૦ બિયાંને જમીનમાં દાટવાં-નાખવાં; પ્રેરવું. (૨) ઉગે-આગળ ઉપર ફુટી નીકળે એમ કરવું; ઉત્પન્ન થાય, ફળે કે ઉગીનીકળે એમ કરવું.:-તમે ઝેર વાવતા નહિ.

વા-વંટોળ, ન૦ વંટોળિયા-ઘુમાતા વાનું તોફાન તે; ચક્રવાત; ઠેકઠેકાણે ઘુમરી લેતા વાયુનું જોર, વહાવું તે; વાનું તોફાન:-વા-વંટોળ થઈને વરસાદ આવે.

વાવા, વિ૦ સારૂં મજેનું; સરસ; સુંદર (૨) અ૦ વાહવાહ.

વાવાઝોડું, ન૦ પવનનું મોટું તોફાન તે; વા-વંટોળ; જોરથી પવન ફુંકાવો તે.

વા-વાદળ, ન૦ જોરથી પવન ચાલવો અને વાદળ ચઢી આવવાં તે; તોફાન સાથે વાદળ ચડી આવી વરસાદ થવો તે. (૨) જોરથી પવન ફુંકાવો ને સાથે સાથે વરસાદ પડવો તે. (૩) સંકટ; મોટી આપત્તિ. કટકદળ; એક સાથે થયેલું મોટું આક્રમણ;

વાવું, ક્રિ૦ અ૦ વહાવું; પવન ફુંકાવો; વા ચાલવો. (૨) શરીરને હવા લાગવી; ચામડી ઉપર ટાઢા ઉના પવનની અસર થવી.:-ટાઢ વાય છે, લૂ વાય છે માટે બપોરે બહાર ના જતો. (૩) વાગવું; બજવું; અવાજ-સૂર નિકળવો. (૪) ખેંચાવું; તણાવું. (૫) વિયાવું; બચ્ચાંને જન્મ આપવો, પ્રસવ થવો;:-હમણાં ગાય વાઈ.

વાવું, ક્રિ૦ સ૦ પોતાનું નામ કાઢી બીજાને સમજાવવું; પટાવવું; છેતરવું. (૨) ફોસલાવવું; ઠગવું. (૩) ફુંકવાથી સૂર નિકળે એમ કરવું; વગાડવું; બજાવવું. ઉ૦ વાઈ છું વિઠ્ઠલ રે મોરલી વાશોમાં.

વાવેતર, ન૦ વાવવું તે. (૨) વાવેલું તે; કરસણ; ઉગેલા છોડ વગેરે તે. (૩) જેમાં વાવેલું હોય તે જમીન-ખેતર વગેરે તે. (૪) પાક.

વાવ્ય, સ્ત્રી૦ પશ્ચિમ અને ઉત્તર વચ્ચેની દિશા તે; વાયવ્ય.

વાસ, પું૦ સ્ત્રી૦ [સં.] ગંધ; પરિમળ; બો. (સારી નઠારી બેઉ) (૨) વસ્ત્ર.

વાસ, પું૦ [સં.] વસવું તે; રહેવું; રહેઠાણ. (૨) વસ્તી.:- ગામમાં સારા લોકનો વાસ નથી. (૩) મહોલ્લો; પોળ; વાડો.:-અર્જુનજીના વાસમાં તપાસ કરજો, પત્તો લાગશે. (૪) ઘર; મકાન; સ્થાન. (૫) આશ્રમ; મુકામ. (૬) ઘરખટલો અહિંથી વાસ ઉઠાવો. ક્રિ૦ પ્ર૦ વાસ પુરવો=રહેવું; વસવાટની શરૂઆત કરવી.

વાસકસજ્જા, સ્ત્રી૦ અષ્ટ નાયિકાઓમાંની એક નાયિકા. ભોગની તૈયારી કરી ઠીકઠાક થઈ પ્રીતમની વાટ જોયા કરતી હોય એવી નાયિકા તે. ઉ૦ પંખી કે પવને કરી ખડખડે, પત્રો લગારેક કે, શય્યા સજ્જ કરે ઘડે ઘટવિષે, લાખો અભિલાખ તે. કે. હ. ધ્રુવ.

વાસકુટ, પું૦ [અં. WaistCoat.] બાંડિયો કબજો; બંડી; કબજો; બદન. (૨) ચોળી; પોલકો.

વાસણ, ન૦ રસોઈ કરવાની તેમજ પ્રવાહી કે દાણા દુણી ભરવાની માટી, કાચ કે ધાતુની બનાવટો તે; ઠામ; ભાંડ, પાત્ર: ભાજન. વાસણકુસણ=વાસણ વગેરે તે. કહે૦ બે વાસણ હોય તો ખડખડે. સગાંસંબંધી હોય તો તકરાર થાય, ન હોય તો કયાંથી થાય? એમ.

વાસના, સ્ત્રી૦ [સં.] મનમાં થઈ આવતી સ્વાભાવિક ઇચ્છા તે; ભાવના; મન. (૨) ગંધ પરિમળ.

વાસર, પું [સં.] દિવસ; દહાડો; વાર; દિન.

વાસરમણિ, પું [સં] સૂર્ય; રવિ; આદિત્ય.

વાસવ, પું૦ [સં.] દેવ લોકોનો રાજા; ઇંદ્ર.

વાસવું, ક્રિ૦ સ૦ બંધકરવું; ઢાંકવું; અડકાવવું.:- બારણાં વાસવાં. પેટી વાસવી; તાળું વાસવું. (૨) વગાડવું; બજાવવું. ઉ૦ વાંસલડી માં વાસો. (૩) ક્રિ૦ અ૦ સુગંધીદાર થઈ રહેવું; વાસવાળું થવું. ફોરી રહેવું. ઉ૦ કેવડે વાસ્યાં વન ખેતરો.

વાસંતી, સ્રી૦ [સં.] વસંત ઋતુમાં ફાલનારી એક ફુલવેલ. (૨)વિ૦ વસંત ઋતુ સંબંધી, વસંતને લાગતું–વસંતનું. ઉ૦ દિન ધાલ તા'તા ચૈત્રકેરા, બધે વાસંતી ઝીલા ભરેલા.

વાસિત, વિ૦ [સં.] વાસવાળું; પરિમલ; યુક્ત; ફોરીરહેલું; સુગંધીદાર.

વાસી, વિ૦ રહેનાર; વાસ કરનારૂં.:- ઉ૦ મથુરાંના વાસીરે. (૨) એક રાત જેટલું જુનું; પડી રહેલું; નહિ તાજું–આગલા દિવસનું. (૩) કરમાયેલું; ચીમળાયેલું; (૪) બગડી ગયેલું વાસમારતું.

વાસીદું, ન૦ ઢોરનું છાણુ અને કચરો પુંજો તે; ગોશાળાનો કચરો; કોઢિઆનું ગોબર. (૨) કચરો; પુંજો; કેર; ઝાડું.;–વાસીદે કંઇ સાંબેલું જાય ? અર્થાત્ નહિ બનવા જોગ હોય તે કંઇ બને ? એમ. જેની ભૂલ સંભવિતજ ન હોય તેવી ભૂલ થાયજ–થવી જોઇએજ નહિ.

વાસુકિ, પું૦ નાગનો રાજા; મોટા નાગ.

વાસુદેવ, પું૦ વાસુદેવનો પુત્ર; કૃષ્ણ.

વાસુપિયો, પું૦ તૈયાર થએલા પાકની ચોકી કરવાને રાતે સીમમાં–ખેતરમાં જઈ રહેનારો તે; ખેતરમાં રાતવાસો રહેનારો.

વાસેલ, વિ૦ ચાલુ વાવેતરને લીધે જતો રહેલો કસ લાવવાને માટે વાવણી કર્યા વગર–વાસી રાખેલું એવું–ખેતર; સાંખું; ઝાજખી; કાનવી; પડતર રાખેલું એવું તે.

વાસો, પું૦ વાસ કરવો તે; રહેવું–ઠરવું.:- રાત વાસોએ ત્યાં ના રહ્યો. રાત રહેવું તે; વિસામો લેવા–ચોકી કરવા વસવું તે–વાસો. (૨) વાસર, દિવસ. સારા વખતની ગણતરીમાં 'દહાડો' નહિ પણ 'વાસો' કહેવાય છે.:- વહુને છોકરો આવ્યા ને પાંચ વાસા થયા.

વાસ્તવ, વિ૦ [સં.] બરોબર; યોગ્ય; ઘટિત. (૨) સાચું; ખરૂં; વાજબી.

વાસ્તવિક, વિ૦ જેવું હોય–જોઇએ તેવું; ખરેખરૂં; વાજબી; યોગ્ય; બરોબર.

વાસ્તવ્ય, વિ૦ [સં.] રહેવા–વસવા યોગ્ય; વસવાને યોગ્ય એવું. (૨) વાસ કરનાર; રહેનાર; રહેવાસી.:- સુરત બંદરે વાસ્તવ્ય પંડયા હરજીવન ગોપાળ.

વાસ્તુ, ન૦ [સં.] ઘર બાંધવાની જગા તે. (૨) ઘર; મકાન; વાસસ્થાન. (૩) નવા ઘરમાં રહેવા જવાની ક્રિયા તે; નવા ઘરમાં રહેવા જતાં પહેલાં ભૂમિદેવતાની શાંતિ અર્થે જે હોમાદિક ક્રિયા કરવામાં આવે છે તે. (૨) નવી ચીજનો પ્રથમ ઉપયોગ કરવો તે.

વાસ્તુપૂજન, ન૦ ઘરનો પાયો નાખતાં જે ક્રિયા કરવામાં આવે છે તે. (૨) નવા બંધાવેલા ઘરમાં રહેવા જતા પહેલાં કરવામાં આવતી હોમાદિક ક્રિયા તે.

વાસ્તુવિદ્યા, સ્રી૦ શિલ્પ; મકાન માટે કેવી જગા પસંદ કરવી અને કેવી સગવડવાળાં બાંધવાં તે સંબંધીની વિદ્યા તે.

વાસ્તુશાંતિ, સ્રી૦ નવા ઘરમાં રહેવા જતા પહેલાં તેમાં જે શાંતિહોમ અને બ્રહ્મભોજન વગેરે ક્રિયા કરવી તે.

વાસ્તે, અ૦ કાજે; માટે; અર્થે; સારૂ. (૨) લીધે.

વાહ, અ૦ વાહ:; શાબાશ; ધન્ય. (૨) શરમ ભરેલું છે એમ; ખરાબ; ખોટું કહેવાય એમ.:- વાહ ! તમારે હાથે એનું અહિત

થયું. સારૂં ન કર્યું, એમ. વાહ ? ધાર્યું જ કર્યું ! (૩) અરે હા. રૂ૦ પ્ર૦ વાહવાહ=બહુ સારૂ; ધન્ય; ધન્ય; શાબાશીનો ઉદ્‌ગાર.:– વાહવાહ ! શું મજેનો કારભાર કર્યો. (૨) ઠીકજ; સાધારણ; ગરીબને ઘટે તેવું એમ. જેને ધણીનું માન તેને ઘરેણું જોઇએ, અમારે તો વાહવાહ ? સ્ત્રી સંભાવણ. મજેનું, રળિયામણું; ખુશકારક બહુ અચ્છુ એવા આનંદના ઉદ્‌ગારમાં વપરાય છે. ઉ૦ વાહરે વાહ રસાળી મહીજ જહી મળી સાર હવારે હવા. ક. દ. ડા.

વાહક, વિ૦ વહી જનાર; ઉંચકી અથવા ખેંચીને લઇ જનાર.:– ભારવાહક વહેનાર; ઉઠાવી લઇ જનાર. (૨) હાકનાર; ચલાવી જનાર.:– રથવાહક.

વાહન, ન૦ જેની ઉપર બસી દૂર જવાય તે; પોતાની ઉપર બેસાડી લઇ જનાર. ઘોડો, બળદ, ઉંટ, હાથી વગેરે પ્રાણીઓ અને રથ વગેરે ગાડાં ગાડીઓ તથા ડોળી પાલખીઓ તે. જેની ઉપર બેસાય એવું તે. વાહન.:–આગગાડીમાં ઉતર્યા પછી ગામ જવાને કંઇ વાહન મળે એમ છે કે નહિ ! ગરૂડ વાહન=વિષ્ણુ. મશકવાહન=ગણપતિ.

વાહરવું, અધોવાયુ મૂકવો; પાદવું.

વાહવું, વાવું; છેતરવું; ઠગવું.

વાહિની, વિ૦ વહેનારી; વહીજનારી: ધારા–પ્રવાહ રૂપે દોડનારી તે.:– રક્તવાહિની=લોહીને વહેવનારી–નાડી–રગ તે. (૨) નદી; (૩) સેના

વાહી, વિ૦ વહેવું તે; વહેનારૂં.:– ભારવાહી. (૨) વાહિની.

વાહેલું, વિ૦ જેણે બચ્ચાંને જન્મ આપેલો હોય એવું વિયાયેલું.:– પોળમાં વાહેલી કુતરી છે તે છાનીમાની કરડે છે. (૨) છેતરાયલું ઠગાયેલું.

વાળ, પું૦ બાલ; સુવાળો; કેશ.

વાળણ, ન૦ ઉતાર.:– રેચનું વાળણ ખીચડી. વાળવું તે. મારણ જાણે તે વાળણ કેમ ન જાણે ?

વાળન, પું૦ હજામ; વાળંદ.

વાળવું, ક્રિ૦ સ૦ વાંકું કરવું; નમાવવું; મરડવું. (૨) ગોળાકારે બનાવવું; વિંટો કરવો; ગોળ લપેટવું. (૩) ગાડી કરવી; કલ્લી કરવી. ઉપરા ઉપરી આવે એમ ગોઠવવું; સંકેલવું.:– લુગડાની ગડીવાળ; કલ્લી વાળવી. (૪) શળ પડે તેમ કરવું; ભુંગળા જેવું કરવું.:– બીડી વાળવી. બીડવું;– કાગળ નાખવો. (૫) ગોળગાંઠ બાંધવી:– અંબોડો વાળવો. (૬) પાછું ફેરવવું; બીજી દિશા તરફ હંકારવું; બીજી બાજુ તરફ જાય એમ કરવું:– ગાયો વાળવી; ગાડીને પેલે ખાંચેથી વાળી લેજે, એટલે સીધા અહિં આવશે. હવે ટાંકામાં પાણી વાળજો. (૭) પાણી પસરાવવું; ફેલાવવું; બધે ફેરવવું.:– ખેતરમાં પાણી વાળવું. (૮) અટકાવવું; જતું બંધ કરવું; ગળતું અટકાવી લેવું.:– નીક વાળવી, કાનો વાળવો. (૯) મોં ઢાંકીને રડવું.:– મોં વાળવાં. (૧૦) પુરૂ કરવું: ઉઠામણું કરવું; સામાસ કરવું.:– વરસી વાળવી. (૧૧) અસર ન કરે એમ કરવું; ઉતારવી; મુંઠ વાળવી; ઝેર વાળવું. (૧૨) ટુચકો કરવો; માથે ઉતારવું.:– દાણા વાળવા. (૧૩) ગોળો બઝાડવો.:– લાડુ વાળવો. (૧૪) ખાચડો કરવો; એકઠું ને શેળભેળ કરી નાખવું. (૧૫) ઉંધું ખણવું; બગાડી–વેતરી નાંખવું. (૧૬) જોરવાળું ને પુષ્ટ કરવું.:– શરીર વાળવું. (૧૭) સુધારવું; ઠરાવવું મરોડદાર કરવું.:– અક્ષર વાળવા. (૧૮) ઉભરો શમાવવો; દિલાસો દેવો; નિરાંત વાળવી.:– મન વાળવું. (૧૯) પાછું આપવું; ભરપાઇ કરવું:– દેવું કરવું. (૨૦) જવાબ દેવો:– સવાલ વાળવો; ઉત્તર વાળવો. (૨૧) બદલો લેવો.

વેર વાળવું. (૨૨) કચરો કાઢવો; સાફ કરવું; બહારવું; ઝાડું દેવું.:– પુંજો વાળવો. (૨૩) વિખરાએલા કેશને હોળીને ઠીક. ઠાક કરવા.:– ચોટલો વાળવો. ક્રિ. પ્ર. હાથ વાળવા=કૂટવું. પગ વાળવા=થાક ખાવો. મન વાળવું=સંતોષ પકડવો; સમાધાન કરી લેવું. જીભ વાળવી; અધરા ઉચ્ચાર કરવા શીખવું. કમ્મર વાળવી= મહેનત ઉઠાવવી; પરિશ્રમ લેવો. વાળી આપવું=માગતા પેટે માલ વગેરે જમે આપવો; અદા કરવું. વાળીલેવું=બદલો વસુલ કરી લઇને આપવું. (૨) વગર સહાયે ઉંચકી લેવું; જાતે ઉઠાવી લેવું.

વાળંદ, પું૦ હજામ.

વાળા, પું૦ ધાતુના તારનાં ગુંછળાં તે. (૨) ધાતુ–વનસ્પતિ વગેરેના લાંબા પાતળા તાર તે. (૩) કડીઓ; કડક–મોતી.

વાળાકુંચી, સ્ત્રી૦ જાડા બરસટ વાળની સોનીની દાગીના ધોવાની પિંછી; જાડા વાળનો ઓપણિઓ; ગુચ્છ–જુડો તે.

વાળાગરણું, વિ૦ શેળભેળવાળું; મિશ્ર; મોલિક નહિ એવું. (૨) બાદલું; તકલેદી.

વાળિયો, પું૦ ખળીમાં અનાજ ઉપણતાં જે ઠુંઠાંવાળો કચરો તે; ઉપણો.

વાળી, સ્ત્રી૦ નથ; વેસર; નાસાભૂષણું; વિટલી (પુરૂષનું) કોકરવું.

વાળુ, સ્ત્રી૦ કણદાર રેતી. (૨) કાંકરી; ચોળિયું.

વાળું, ન૦ સાંજનું–રાતનું ભોજન તે; વિયાળુ. આપણે મન વરો અને નાતને મન એક દહાડાનું વાળું, એવું ખરચ ન થાય તો શું.

વાળું, અ૦ (પ્રત્યય) યુક્ત; સહવર્તમાન.:– ગુણવાળું. (૨) ભરેલું; ભરપુર. આ પુડો –મધવાળો છે. (૩) ખરડાએલું; ચોપડાએલું; અમુક લાગેલું હોય એવું.:– કાદવવાળું, ઘીવાળી રોટલી તથા રામનાર, સંબંધી વગેરે અર્થ બતાવે છે.

વાળો, પું૦ ધાતુ વગેરેનો તાર–તાંતણો તે. (૨) વનસ્પતિનો તાર જેવો રેસો. (૩) એક જાતની વનસ્પતિનાં લાંબાં તાર જેવાં સુગંધીદાર મૂળિયાં.:– વાળાની ટટ્ટી–વિજણો. (૪) એક જાતનું સુગંધીદાર ઘાસ ને તેની સળીઓ તે. (૫) પાણી મારફત શરીરમાં ગયેલો તંતુ જેવો એક જીવડો કે જે અંદર ગયા પછી શરીરના એકાદ ભાગને સુજાડી નારૂ પાડી ધીરેધીરે બહાર નિકળે છે; શરીરમાંથી તંતુ રૂપે બહાર નિકળતો એક પાણી વિકારી રોગ. વાળો નિકળવો, શરીરમાંથી પાતળો તાંત જેવો તંતુ પીડા કરીને નિકળતો જાય એવો એક રોગ, ચામડીની અંદર થતો વાળ જેવો તંતુજીવ ને તે સંબંધીનો રોગ તે. zuinea worm.

વાળોળ, સ્ત્રી૦ વાલપાપડીની જાતની એક શાક શિંગ વાળોળ ત્રણ ચાર જાતની થાય છે. તેમાંથી એક પાકે ત્યારે જાડા લાલ વાલ નિકળે છે.

વાળોળિયો, પું૦ જેને વાળોળ થાય છે તે વેલો.

વાંક, પું૦ વાળેલાપણું તે; વક્રતા, વાંકપણું; વાંકાશ ઇ. (૨) રાંટ; વળ તે; મરડાટ. નહિ સીધાપણું તે; તેડાઇ; ધુંક.

વાંક, પું૦ સ્ત્રીઓને કોણી ઉપર પહેરવાનું એક જાળીદાર ઘરેણું; વાંકડું; સોના રૂપાના વાળાનો આંબળો.

વાંક, પું૦ ગુનો; અપરાધ; દોષ; તકસીર. (૨) ખોટ–ડ; ભૂલ. (૩) રાંટ;. મરડાટ. ઉ૦ વાંક પડ્યો શો વહુનો રે. વાંક કાઢવો=ભૂલ કાઢવી. (૪) દૂષણ.

વાંકડલું, વિ૦ વાંકું; વળેલું એવું. (૨) ખોટું લાગવું ને; વિરૂદ્ધ લાગવું. કવિતામાં વપરાય છે. (૩) વાંક કે.ડાવાંક.

વાંકડવેલું, વિ૦ વેલા જેવું વાંકું; ગુંથણીના વાંકડા આંટાઓવાળું.

વાંકડી, વિ૦ સેવરધની; સારી જાતની સોપારી. (૨) ફક્કડ; સરસ.

વાંકડું, ન૦ સ્ત્રીઓએ કોણી ઉપર પહેરવાનું એક ઘરેણું; વાંક; ઘોડાવાંક. (૨) સ્ત્રી પુરૂષ બન્નેને હાથની વચલી આંગળીએ પહેરવાનું વિંટલા જેવું એક ઘરેણું; વેઢ; ઘોડો.

વાંકડો, પું૦ કન્યાવાળા તરફથી વરને આપવાની રોકડ પૈઠણ તે; પહેરામણી; વરને આપવા ઠરાવેલી રોકડ રકમ તે. ચરોતરના પાટીદારો, બંગાળીઓ, પારસીઓ અને સુરત તરફના અનાવિલ બ્રાહ્મણોમાં વાંકડાની રીત છે. દક્ષિણીઓમાં કહેવાય છે.

વાંકસાથીઓ, પું૦ મોટા સાથીઓ; સાથિયાની એક તરેહ. (૨) મંડળ; રેખાચિત્ર.

વાંકાઇ, સ્ત્રી૦ વાંકાપણું; વાંકાશ. (૨) છેલાઈ ટેડાઈ. (૩) આડાશ વિરૂદ્ધ આગ્રહ તે; હઠીલાઇ.

વાંકાબોલું, વિ૦ બોલીને ફરી જનારૂં; આડાબોલું. (૨) જાુઠું; અપ્રમાણિક. (૩) નિંદક; ખોટું અને અવળું—ભુંડું બોલનારૂં.

વાંકાશ, સ્ત્રી૦ વાંકાઇ; વક્રતા. (૨) આડાઈ (૩) વિરૂદ્ધતા.

વાંકું, વિ૦ નહિ સીધું; વળેલું; વાંકવાળું; અસમાન; એકાદ બાજુ નમેલું.(૨) ઉલટું; અવળું; વિરૂદ્ધ. (૩) જાુઠું; ખોટું. (૪) બાંકું; છેલ; તેડું; ફાંકડું. (૫) ઓરમિજાજનું; વિચિત્ર વલણનું. (૬) કુટિલ. ક્રિ૦ પ્ર૦ વાંકું ચાલવું=ઉખર રસ્તે જવું; વિરૂદ્ધ વર્તવું અનીતિએ ચાલવું. વાંકી નજરે જોવું=છાનામાના જોવું.અપ્રસન્નતા દેખાડવી. વાંકુ પડવું=નાખુશ થવું; ખોટું લગાડવું; નારાજ થવું. (૨) ઉંધું પડવું; ગુસ્સે થવું. વાંકું બોલવું=બોલીને ફરી જવું, નાસુકર જવું; આડું બોલવું. જાુઠું બોલવું; નિંદા કરવી. વાંકું વળવું=નમી જવું; વાંકા થઇ જવું; નીચા વળવું; નમવું; ફંટાવું. વાંકું વાળવું=મરડવું; નમાવવું. વાંકી પાઘડી મૂકવી; છેલાઇ કરવી; ટાપટીપ કરવી. ઉ૦ વાંકી મેલે પાઘડી ને છાંયડો જેતો જાય રે ગોરમા. (૨) દેવાળુ કાઢવું; દાંત દેખાડવાં રૂ૦ પ્ર૦ વાંકો દહાડો કમબખતીનો સમય; નહિ લાભકારક સમય; અવળો દહાડો; વાંકી નજર કટાક્ષ. ઇતરાજી વાંકું મોં કરવું; અવળું જોવું. (૨) ચેષ્ટા;—મશ્કરી કરવી. વાંકો વાળ યત્કિંચિત્ પીડા ઇજા; હરકત હેલો; નડતર; આંચ, ગેર સમજુતી; અણબનાવ.

વાંકુંચુકું, વિ૦ આડુંતેડું; સહેજસાજ વાંકું. (૨) આડું—અયોગ્ય લાગે એવું; ખોટું—નઠારૂં એવું. (૩) ગાળા ગાળનું; વધારે પડતું; સર્પાકાર વાંકું તે.

વાંકુંતેડ, વિ૦ બહુજ વાંકું થઈ ગયેલું હોય એવું તે; વળીગયેલું.

વાંકુંવસમું, વિ૦ આડુંતેડું; અયોગ્ય અને આકરૂં લાગે એવું; વિરૂદ્ધ અને કઠણ:—ત્યાં કંઇ વાંકું વસમું બોલતો નહિ. જાુઠું ને રીસ ચઢે એવું.

વાંકુંવરણાગિયું, વિ૦ ટેડાઇને ટાપટીપવાળું; ફક્કડતા દેખાડવાને અક્કડપણે વર્તનારૂં; છેલાઇના મરોડમાં રહેનારૂં; ટાપટીપિયું.

વાંગલાં, ન૦ વળખાં; ફાંફાં. ઉ૦ અન્ન વિના ઊંયાં મારે વાંગલાં તો ક્યાંથી કરીએ ટોપી આંગલાં.

વાંઘું, ન૦ ચોમાસાના પાણીના જોરથી કે નદીના પુરથી જમીન ખોદાઇ જઈને પડેલો લાંબો અને ઉંડો ખાડો તે; કોતર.

વાંઘો, પું૦ [સં. વર્ગ] વર્ગ; પંક્તિ:—વચલા વાંઘાના લોક દુકાળમાં બહુ દુ:ખી થાય છે. (૨) જાત; તરેહ.

વાંચન, ન૦ [સં. वाचन] વાંચવું તે; ઉકેલવાની ઢબછબ તે; પઠન; ચિહ્ન અક્ષરે

લખેલી બાબત મુખથી ઉચ્ચારવી તે. (૨) ચિહ્નનો અથવા સંજ્ઞાઓ બેસાડી અર્થ સમજવો તે. (૩) કહેવું; ભાખવું તે. (૪) અભ્યાસ; જ્ઞાન; માહિતી.

વાંચનમાળા, સ્ત્રી૦ વાંચવા-ભણવાશ્રી ક્રમાનુસારી ચોપડીઓ તે; વાંચવાની ચોપડીઓની માળા-શ્રેણિ તે.:-હોપવાંચનમાળા.

વાંચનાલય, ન૦ [**સં. वाचन आलय**] વાંચનશાળા; ગ્રંથાલય; પુસ્તકશાળા; લાયબ્રેરી. (૨) અભ્યાસગૃહ.

વાંચવું. ક્રિ૦ સ૦ [**સં. वाच**] ચિહ્ન-સંજ્ઞાઓ કે અક્ષરે લખેલી ભાષા સમજાય તેમ ઉકેલવી; કોતરેલું, લખેલું, કે ચીતરેલું જોઇને સમજવું અને બોલવું; લખેલું મનમાં બેસાડી સમજવું અથવા તો મોટેથી ઉકેલવું તે. (૨) અભ્યાસ કરવો; જ્ઞાન મેળવવું; સમજવું; જાણવું; ભણવું. (૩) કહેવું; ભાખવું.:-ગઇ વેળા બ્રાહ્મણે વંચતો નથી. (૪) ઇચ્છવું; ચિંતવું:-કોઇનું પણ ભલું વાંચવું.

વાંછના, સ્ત્રી૦ [**સં.**] ઇચ્છા; ભાવના; કામના; મરજી.

વાંછા, સ્ત્રી૦ [**સં.**] ઇચ્છા; અભિલાષ; ભાવ. ઉ૦ વરવાંછા નથી બીજી. (૨) મરજી.

વાંછિત, વિ૦ [**સં.**] ઇચ્છેલું; ધારેલું; અભિલષિત.

વાંઝ, સ્ત્રી૦ અફળદ્રુપતા; નહિ ફળવાપણું તે; નવો ઉદ્ભવ કે પ્રજોત્પત્તિ નહિ થવાપણું તે-વાંઝ.

વાંઝણી, વિ૦ [**સં वन्ध्या**] જેને પ્રજા ન થતી હોય એવી માદા-સ્ત્રી તે.

વાંઝણું, વિ૦ પોતાના જેવું નવું બીજું બનાવવાની શક્તિરહિત; પોતાની જાતિ વધારવાને-પ્રજોત્પત્તિ કરવાને અશક્ત; પ્રજોત્પત્તિ જેને થઈ કે થતી ન હોય એવું તે. (૨) ન ફળે ફૂટે એવું તે.

વાંઝિયાબારૂં, વિ૦ વાંઝિયાનું; બીનવારસી. (૨) વાંઝણું ઘર-કુટુંબ તે. (૩) વાંઝણું થતાં ઘરનાં બારણું ઉઘાડાં રાખી આપનારૂં; નિર્વંશ જતો રાખી આપનારૂં; એકનું એક-બહુજ વહાલું-મોઘું છોકરૂં તે.:-વાંઝિયાબારનો દીકરો;

વાંઝિયું, વિ૦ જેને છોકરાં ન થયાં હોય એવું-સ્ત્રી તેમજ પુરૂષ-બન્ને માટે વપરાય છે; પ્રજારહિત; પ્રજોત્પાદનની શકિત રહિત, અફળ રહે એવું; નવી ઉત્પત્તિ ન કરી શકે એવું; જેમાંથી નફો-લાભ થાય નહિ એવું.:-વાંઝિયો ધંધો.

વાંટ, સ્ત્રી૦ વહેંચણી; વિભાજણી; ભાગ પાડવા તે. (૨) ભાગ; હિસ્સો; ફાળો. (૩) નૈવેદ્યની પ્રસાદી.

વાંટવું, ક્રિ૦ સ૦ વહેંચવું; ભાગ પાડવા.

વાંટો, પું૦ ભાગ. હિસ્સો. (૨) ગરાસમાં મળેલી જમીનનો ભાગ તે; જેની ઉપર સરકારી કર આપવાનો ન હોય એવી જમીન-ખેતર તે; રાજસેવાના બદલામાં મળેલી બીનકરવાળી જમીન તે.

વાંઢો, પું૦ કુંવારો; વગર પરણેલો પુરૂષ.:-કેટલાંક નાતોમાં કન્યાની અછતને લીધે ઘણા પુરૂષો વાંઢાજ મરી જાય છે. (૨) વિધુર; રંડાયેલો; વગર પરણેલો માણસ. (૩) કુટુંબ-સ્ત્રી છોકરાં વગરનો માણસ-પુરૂષ તે. વાંઢી=વગર પરણેલી. બાયડો વાઢો હોય કંઈ સ્ત્રી વાંઢી હોય છે ?

વાંતરવું, ક્રિ૦ સ૦ દાંડાદોરા કરી નાખવું; વિખેરી-વછેરી નાખવું; બગાડી નાખવું. (૨) વેતરવું; કાપવું. (૨) કરડવું.

વાંતરી, સ્ત્રી૦ ઉનનાં કપડાં અને કાગળને લાગતી કીડ તે; ઉન, અને કાગળ વગેરેને કરડી ખાનારાં એક જાતનાં નાનાં જીવડાં તે.

(૨) અનાજમાં પડતાં જીવડાં તે. (૩) ઉધેઇ જેવી જીવાત તે.:—શાલને છુટી અને વપરાતી રાખજો, નહિ તો વાંતરી ખાઇ જશે.

વાંતિ, સ્ત્રી૦ [**સં. वान्ति**] ઉલટી; ખાધેલું પાછું ફરવું તે.

વાંદર, પું૦ [**સં. वानर**] માણસને મળતી આકૃતિનું શરીરે વાળવાળું અને અટકચાળા સ્વભાવનું એક વનચર પ્રાણી; વાનર; કપિ; મર્કટ; ભોજલું. આની ઘણી જાતો થાય છે. કેટલાકને પુંછડી નથી હોતી. વાંદર ચેષ્ટા=અટકચાળાં કરવાં તે. વાંદર વેડા=વાંદરાની માફક ચાળા કરવા તે.

વાંદરી, સ્ત્રી૦ વાંદરની માદા; ભોજલી. (૨) બેડોળ ને ચિબાવલી સ્ત્રી તે.

વાંદરૂં, ન૦ વાંદર; મર્કટ; કપિ; વાનર. કહે૦ વાંદરાને નીસરણી આપવી=ખીલવા ને ખીલાવવું, મૂર્ખને ઉશ્કેરણી આપવી; ચઢાઉને ચઢાવવો એમ.

વાંદરો, પું૦ નર વાનર તે; કપિ. (૨) કળ; ચાંપ; ઘોડો:—બંદુકનો વાંદરો. (૩) તાળાનો ખીલો; ઉલાળો. (૪) સળગાવતાં આમતેમ કુદે ને ઘુમરી ખાય એવી આતસબાજી. રૂ૦ પ્ર૦ વાંદરાનો ઘા=થોડાને ઘણું કરી નાખવું; ચુંથીને બગાડવું તે.

વાંદો, પું૦ હવા ને ભેજવાળી અંધારી જગોમાં થતો રાતી પાંખવાળો જીવડો; ઝલ; વંદો. (૨) એક ઝાડમાંથી બીજી જતના ઝાડનો જે પ્રરોહનું એકાદ જુદી જાતના ઝાડના પોલાણમાં થાય તે.

વાંનર, વિ૦ વૃષણ વિકારવાળું—બળદ. ખાસી કરતાં રહી ગયેલી એકાદ રગને લીધે જેના વૃષણ વધી ગયેલા હોય એવું—આખલું.

વાંધો, પું૦ હરકત; અડચણ. (૨) બાધ; મતભેદ. (૩) વિરોધ; તકરાર. (૪) શક; વહેમ. વાંધોસાંધો=બાધ; હરકત. ક્રિ૦ પ્ર૦ વાંધો કહાડવો=બાધ લેવો; વિરૂદ્ધ પડવું; શક લઇજવો. ખોટું લાગવું. (૫) દોષ; ભૂલ; ખોડ.

વાંન, ન૦ વાન; વર્ણ; રૂપરંગ. (૨) અ૦ વંત; વાન; વાળું. જાતવાન.

વાંફળ, વિ૦ વાયેલ; જેમ તેમ બોલે અને વિવેક વગર ચાલે—ખરચે—વાવરે એવું; અસ્થિર સ્વભાવનું; અબી બોલ્યું ને અબી ફોગ કરે એવા સ્વભાવનું; વિકળ. (૨) ફોગટ; અમથું. (૩) માલ વગરનું.

વાંફળાઈ, સ્ત્રી૦ વિકળતા; મનની અસ્થિરતા; વાયેલપણું. (૨) ઉડાઉપણું.

વાંસ, પું૦ [**સં. वंश**] ઉભા સોટા જેવી ગાંઠેપેરે પેરે પાન ને ગાંઠવાળી એક વનસ્પતિ; વંશ; કીચક; વેણું. (૨) લાંબો ગાંઠાદાર સોટો; વળો; લાંબો ને જાડો સાંઠો. (૩) ૭–૮ હાથ જેટલું કે ૧૦ ફુટ જેટલું પરિમાણ—માપ તે.:—વાંસજાળ બે વાંસ પાણી છે. (૪) મોટા સ્વૈગો; છેડે લાકડાનો ફૂલ જડેલો દહિં ભાગવાનો વાંસ.:—વલોણાનો વાંસ. રૂ૦ પ્ર૦ વાંસ ફરવો=ઘરમાં રાછરછીલું સરખુંએ નહિ હોવું. નિષ્કિંચનતા દેખાડે છે.:—એના ઘરમાં તો વાંસ ફરે છે! પછી આપે શું રાખ? સુકો વાંસ મારવો=ઘસીને ના પાડવી. વાસ બંધાય=ઠાઠડી બંધાય—મરી જાય. એક ગાળ.

વાંસકપૂર, ન૦ વાંસ ફોડતાં તેમાંથી નિકળતો કપૂર જેવો ધોળો ઠરી ગયેલો વાંસનો રસ; વંશનિર્યાસ; વંશલોચન.

વાંસડો, પું૦ વાંસ; લાંબો વાંસનો સોટો; વળો.

વાંસણી, જુ૦ વાંસળી.

વાંસફોડો, પું૦ વાંસને ફોડનારો; વાંસને ચીરી તેનાં ફાંબડાં કરનારો. (૨) વાંસ ફોડી તેની ચીપોની ટોપલીઓ અને છાબલાં બનાવનારો.

વાંસલડી, સ્ત્રી૦ વા ફુંકવાથી વાગે એવી વાંસની ભુંગળી; વાંસળી. પાવો; વેણુ;

વેણું; બંસી. ઉ૦ વાંસલડી વાગીને હું તો જાગી.

વાંસલો, પું૦ લાકડાં છોલવાનું સુતારનું ઓજાર. કહે૦ વાંસલો હલાવીને ચાલ્યા જવું=કામ કરવું નહિ પણ માત્ર દહાડો ભરવો.

વાંસળી, સ્ત્રી૦ વેણુ; બંસી ફુંકવાથી વાગે એવી વાંસની ભુંગળી; પાવો. (૨) હારે એક એક રૂપિયો રહે એવી મજબુત કપડાની કોથળી.

વાંસી, સ્ત્રી૦ એક છેડે દાતરડા જેવું ફળું બેસાડેલો વાંસ; ઉંચા ઝાડનાં નાનાં ડાળાં કાપી નાખવાનું એક ઓજાર.: વાંસી લઇને ડાળાં આંપીનાંખ્યાં.

વાંસે, અ૦ પાછળ પુંડે. મારી વાંસે આવ. (૨) પુંઠે લાગુ ને લાગુ રહેવું તે. તે વાંસે લાગ્યો કે, મને સાહેબની મુલાકાત બસ કરાવોજ, એટલે હું શું કરૂં ? ખંતે

વાંસો, પું૦ બરડો; પીઠ. રૂ૦ પ્ર૦ વાંસો ભારે થવો=માર ખાવાનાં લક્ષણ થવાં.

વાંસોડ, ન૦ વાંસનું વન; વાંસવાડો.

વિ, અ૦ [સં] જુદાઇ, અભાવ, ફેરફાર, વિવિધતા, વિરોધ, પ્રતિકૂળતા, ચલન, ફેલાવો અને પુષ્કળપણું વગેરે બતાવનારો ઉપસર્ગ:—વિશ્લેષ, વિધવા, વિકાર, વિસ્મરણ વગેરે.

વિઆજ, ન૦ વ્યાજ.

વિઆજુ, વિ૦ વ્યાજુ; વ્યાજ સંબંધી

વિઆવું, ક્રિ૦ અ૦ [સં. વી.] વહાવું; જણવું પ્રસવવું; બચ્ચાને જન્મ આપવો.

વિઆળુ, ન૦ વાળુ, સાંજનું રાત્રિભોજન તે, ઉ૦ વિઆળુની વેળા થાઇજી.

વિકટ, [સં.] અઘરૂં; મુસ્કેલ. (૨) કઠણ; જબરૂં. (૩) ભયંકર; ભારે. (૪) અણઘડ.

વિકરાળ, વિ૦ [સં.] બીક લાગે એવું; બિહામણું ડરામણું.

વિકલ્પ, પું૦ [સં] અપવાદ; શક; તફાવત. (૨) અનિશ્ચય; સંશય. (૩) બદલ. (૪) કલ્પનામય વિચાર; તર્કવિતર્ક.

વિકસવું, ક્રિ૦ અ૦ [સં] ખીલવું, ઉઘડવું ફૂલવું. (૨) પહોળું થવું.

વિકળ, વિ૦ [સં.] આતુર; આકળું; શું કરવું તે શું નહિ ? એવી વિણાચુંટમાં પડેલું. ઉ૦ સખી ! મને વિકળ કરી છે એની વાંસળીએરે. દયા.

વિકળતા, સ્ત્રી૦ વિકળપણું; આતુરતા; અકળામણ; વિણાચુંટા.

વિકળા, સ્ત્રી૦ કળાનો સાઠમો ભાગ તે; ક્ષણથી પણ થોડો વખત તે.

વિકંપિત, વિ૦ ધ્રૂજતું; કંપતું; થરથરતું; કંપાયમાન.

વિકાર પું૦[સં.]કોઇ પણ વસ્તુની સ્વાભાવિક-અસલ સ્થિતિમાં થતો જે (નરતો)ફેરફાર તે; બગાડ. (૨) શરીરનો તે રોગ; વ્યાધિ. મનનો તે-ગુસ્સો, આવેશ, લાગણી. (૩) મૌલિક ગુણ-સ્વરૂપની વિપરીતતા; વિપર્યય.

વિકારી, વિ૦ વિકારવાળું; બગડીગયેલું. (૨) વિકાર ઉત્પન કરે એવું; શરીર-મન વગેરે બગડે એવું; રોગી; અપથ્ય. (૩) ખરાબ ભાવનાવાળું; કુત્સિત; જેમાં સ્વાર્થભાવના ભરેલી હોય એવું.:- વિકારી આંખ-મન વગરે.

વિકાશ, પું૦ [સં.] વિકાસ; ખીલવું તે; ઉઘડવું-ફૂલવું તે; ઉદ્ઘાટન; ખિલાવ; ઉઘાડ. (૨) ખુલ્લું થવું તે; સ્પષ્ટ-ઉઘાડા-સ્વરૂપમાં આવવું તે; ફેલાવ; પ્રસવ; વધ; આવિષ્કાર. (૩) તેજોમયતા; ભભુકો.

વિકાશવાદ, પું૦ વનસ્પતિ અને પ્રાણીઓ વગેરે દેશ, કાળ અને પરિસ્થિતિને લઇને વધતાં અને ખીલતાં જાય છે એવો જે ક્રમિક-મત તે. ઉત્ક્રાન્તિવાદ. યુરોપમાં ડાર્વિન નામના વિદ્વાને ગયા સૈકામાં આ મત પ્રતિપાદન કર્યો ત્યારપછી ઘણાં શાસ્ત્રોમાં તે લગાડવામાં આવ્યો છે. [illegible]

પોતામાં રહેલી શક્તિઓથી પરિસ્થિતિને યોગ્ય સ્વરૂપ લે છે અને તે પોતાના જેવું બીજું પોતામાંથી ઉત્પન્ન કરી સ્થિતિ પ્રમાણે ખીલવણી કર્યે જાય છે, એવો આ મત-વાદનો મુદ્દો છે.

વિકાસ, પું૦ [સં.] ઉઘડવું તે; ફૂલવું ખીલવું તે. (૨) તેજ; પ્રકાશ. (૩) હરખ; આનંદ.

વિકાસવું, ક્રિ૦ અ૦ ખીલવું; ફૂલવું; ઉઘડવું. (૨) ક્રિ૦ સ૦ ઉઘાડવું; પહોળું કરવું; ફાડવું. ઉ૦ અજગર પડયો'તો રે વાટમાં, વિકાસી મુખ ભાગ; દમયંતીએ પ્રીછયો નહિ. (૩) ટગરટગર જોયાકરવું.

વિકાસી, વિ૦ ફૂલનારૂં; ખીલનારૂં:– પોયણાં ચંદ્ર વિકાસી ને પદ્મ સૂર્ય વિકાસી (૨) ખુલતું; પહોળું. (૩) આનંદ આપે એવું.

વિકીર્ણ, વિ૦ [સં.] વેરાયલું; આમ તેમ ફેંકાયેલું–ફેલાયલું હોય તેવું; વિખરાયેલું. (૨) ઉડાડેલું; છુટું છુટું કરી નાંખેલું; ફેંદાયેલું.

વિકૃત, વિ૦ [સં.] જેના સ્વરૂપમાં–ગુણમાં ફેરફાર થઇ ગયેલો હોય એવું; બગડી ગયેલું; ખરાબ; બેડોળ; તરેહવાર. (૨) વિકાર પામેલું.

વિકૃતિ, સ્ત્રી૦ [સં.] વિકાર; વિક્રિયા; સ્વાભાવિક સ્વરૂપ–ગુણ વગેરેમાં થયેલો જે નરસો ફેરફાર તે; બગાડો.

વિકૃષ્ટ, વિ૦ [સં.] ખેંચેલું; તાણેલું; વાળી નાખેલું. (૨) ઘસરડેલું.

વિક્રમ, પું૦ [સં] પરાક્રમ; પુરૂષાર્થ; શૌર્ય; બળ. (૨) પરાક્રમવાળું સૌભાગ્ય; જાહોજલાલી ઉ૦ રાવણ વિક્રમ રવિના, અસ્ત સમયને સમીપ સૂચવે છે. (૨) પગલું; કદમ. વિક્રમ ઉજ્જનનો પરાક્રમી પરોપકારી એક મોટો રાજા. વિક્રમ સંવત=વિક્રમ રાજાએ ચલાવેલો સંવત્સર. ગુજરાતમાં વિક્રમ સંવત ચાલે છે, વિક્રમ અને વિક્રમ સંવત માટે ઇતિહાસકોમાં ઘણું મતભેદ છે ઇતિહાસમાં વિક્રમ સંવતની શરૂઆતના કાળમાં કોઈ એ નામનો રાજા થયો જણાતો નથી, તેમ વિક્રમ સંવતનાં પહેલાં ચાર પાંચ સૈકામાં લખાયેલો કોઇ લેખી પુરાવો મળતો નથી પણ એમ કહેવાય છે કે, એક જુના 'માળવ સંવત' ને પાછળથી ઉપાડેલો તે એ છે.

વિક્રય, પું૦ [સં.] વેચાણ: મૂલ્ય લઇને આપવું તે:– કન્યાવિક્રય. (૨) વકરો.

વિક્રાંત, વિ [સં.] પરાક્રમી; બહાદુર. (૨) બિયામણું; બીક લાગે એવું. (૩) ઉશ્કેરાયલું; ઉન્માદ ઉપર ચઢેલું.

વિક્રિયા, સ્ત્રી૦ [સં.] વિકાર; વિકૃતિ. (૨) ઉલટી ક્રિયા થવી–બગડવું તે.

વિક્ષેપ, પું૦ [સં.] આંતરો; ખતરો; આડ; અડચણ; હરકત; અટકાવ. (૨) કોઈ કાર્ય–વિચારમાં લાગી રહેલા ધ્યાનમાં વ્યવધાન પડવું તે; મનનું સાતત્ય તૂટવું તે; વ્યવધાન. (૩) વાર; વિલંબ.

વિખ, ન૦[સં. **વિષ.**] ઝેર; પ્રાણ હાનિ કરે એવું દ્રવ્ય તે; વિષ; વખ.

વિખડું, ન૦ વિખ; વખ; ઝેર. ઉ૦ વહાલે અમરત પૈને ઉછેર્યાં, વહાલે મારે અમને રે, હવે ત્રિખડાં ઘોળી ઘોળી દો છો, ઘટે નહિ તમને રે. પ્રા. કા.

વિખરવું, ક્રિ૦ અ૦[સં. **વિષ્કિર્**] વેરાવું; છુટું છુટું પડવું; પથરાતાં પડવું; ખરવું. ઉ૦ વિખરતાં ખરતાં કુસુમોવડે.

વિખરાવું, ક્રિ૦ અ૦ વેરાવું; ફેલાવું; પથરાવું. (૨) આમ તેમ છુટું છુટું થઇ જવું. ઉ૦ છુટો સુંવાળો વિખરાયલો હતો, નિતંબની ઉપર કૃષ્ણ ચોટલો.

વિખવાદ, પું૦ વેર ઝેર થાય એવી બોલચાલ; કજિયો; તકરાર; વેરઝેર.

વિખવું, ક્રિ૦ સ૦ પીંખવું; ફેંદવું; ચુંટી નાંખવું; ધાડી તોડીનાખવું.

વિખિયા, સ્ત્રી૰ સ્ત્રી; બાઈડી. (૨) છેરીલી—કુલટા સ્ત્રી. (૩) વિષકન્યા,

વિખે, અ૰ વિષે; માં. (૨) સંબંધે; અર્થે. સાતમી અને ચોથી વિભક્તિને અર્થે વપરાય છે.

વિખેરવું, ક્રિ૰ સ૰ છૂટું પાડવું; આમતેમ આડું પાછું કરી નાંખવું; વેરી—વખેરી નાંખવું. ઉ૰ એ વેરીઓના વાસને વિખેરી નાંખી. ક—દ ડા વેરાતું કરવું.

વિખ્યાત, વિ૰ [सं.] નામાંકિત; પ્રખ્યાત; લોકમાં જાણીતું હોય એવું; નામીચું.

વિખ્યાતિ, સ્ત્રી૰ [सं.] નામાંકિતપણું; પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ. (૨) યશ; કીર્તિ; આબરૂ. સારાં કામથી લોકમાં ઓળખાવું તે.

વિગત, સ્ત્રી૰ સારી રીતે જાણેલું એવું તે; બીના; સંપૂર્ણ વાત—વૃત્ત તે; હકીકત; તપસીલ; જેમ બન્યું હોય તેમ ક્રમવાર અથેતિ કથન તે. વિગતે=એ રીતે. અર્થ—સમજણ અને વિવેચન—મનન વગેરે સાથે. ઉ૰ પણ વિગતેથી જો વંચાય, તો તેમાંથી કારજ થાય. (૨) માહિતી; જાણ.

વિગતવાર, અ૰ સઘળી અથેતિ હકીકત સાથે; તપસીલવાર; જુદી જુદી વસ્તુઓના જુદા જુદા સ્પષ્ટ ખુલાસાઓ સાથે.:- કાલે હું તમને વિગતવાર પત્ર લખીશ.

વિગેરે, અ૰ વગેરે: આદિ લઇને—સૌ એમ; અમુક અમુક અને બીજાં વધારે એમ.:— કાગળ, શાહી, કલમ વિગેરે લખવાનાં સાધન જોઇશે.

વિગ્રહ, પું૰ [सं.] તકરાર; ઝઘડો; નહિ મેળ તે, (૨) લડાઇ; વઢવાડ. (૩) શરીર; દેહ. (૪) વ્યાકરણમાં—સમાસના અવયવો—શબ્દ જુદા પાડવા તે (૫) અંશ; ભાગ; ટુકડો. (૬) આકાર; સ્વરૂપ.

વિગ્રહવાન, વિ૰ શરીરી; દેહી; દેહધારી; (૨) પ્રાણી.

વિઘરવું, ક્રિ૰ અ૰ વેરાઇ જવું; આમતેમ જુદું પડી જવું; ફાટીજવું. (૨) તાપથી ઓગળીજવું.

વિઘરાવું, ક્રિ૰ અ૰ વિઘરવું; વેરાઇ જવું; સમૂહનો જુસ્સો જતો રહેવો. (૨) ઓગળી જવું.

વિઘરો, પું૰ કજિયો; ઝગડો; ટંટો. (૨) કુસંપ થવો તે.

વિઘાત, પું૰ [सं.] મારવું તે; ઘા કરવો તે; ઘાત; સંહાર. (૨) હાર; નાશ.

વિઘાતક, વિ૰ તોડી પાડનાર; નાશ કરનાર. (૨) પાયમાલી કરે એવું; ઉચ્છેદક.

વિઘું, ન૰ સો હાથ ચોરસ, ચાળીસ ગુંઠા જેટલું જમીનનું પ્રમાણ—એક માપ તે; વિઘો.

વિઘો, પું૰ વિઘું; ચાળીસ ગુંઠા માપ તે. (૨) સો હાથ લાંબો પહોળો જમીનનો કકડો તે. એકરનો નવ આની જેટલો ભાગ તે વિઘાનો એકર.

વિઘ્ન, ન૰ [सं] કોઈ કાર્ય કરવામાં જે વાંધો—હરકત આવે તે; અડચણ, નડતર; આડખીલી; પ્રત્યવાય. (૨) સંકટ; વિપત્તિ; દુઃખ. (૩) મુશ્કેલી; વિડંબના.:— વિઘ્નહર—હારી, વિદારણ=ગણપતિ.

વિઘ્નહર, વિ૰ વિઘ્નને હરનાર; ગણપતિ; ગણેશ.

વિઘ્નિત, વિ૰ વાંધામાં—હરકતમાં આવી પડેલું. (૨) કોઇ કારણે અટકેલું; કોઇ નડતરને લીધે ખળેલું.

વિચક્ષણ, વિ૰ [सं] ચતુર—તીવ્ર સમજશક્તિવાળું; તરત સમજી જાય એવું. (૨) ચંચળાઇવાળું; ચાલાક. (૩) ભણેલું; જ્ઞાની; શાણું. (૪) નહિ ગાંજ્યું જાય એવું; કાબેલ; બહુશ્રુત ને ઘણી બાબતોનું જાણકાર હોય એવું.

વિચરવું, ક્રિ૰ અ૰ [सं.] દૂર—આઘે જવું; ચાલવું; જવું. (૨) બહાર જવું; નિકળવું; આગળ ગતિ કરવી. (૩) દાખ-

લ થવું; પેસવું. ઉ૦ વિચરી વિલાયત લાયક વિલોકયા લોક. ક. દ. ડા.

વિચાર, પું૦ [સં] સારૂં ખોટું; ખરૂં ખોટું અને કર્તવ્યાકર્તવ્ય સંબંધી તુલના–પરીક્ષા કરવાની જે સમજશકિત તે; સદસદ્ વિવેક કરવાનું જ્ઞાન તે; ઇંદ્રિયો મારફત જણાયેલી બાબત ઉપર મનમાં ચાલતો જે વ્યાપાર તે; મનમાંનું ચિંતન; મનન તે; મનોવ્યાપાર. (૨) મન, બુદ્ધિ અને અંતઃકરણમાં ઊહાપોહ થઇ બંધાયેલો અભિપ્રાય તે;(૨) મત; નિશ્ચય;ઠરાવ.: ઘર રાખવાનો વિચાર થયો કે નહિ ? (૩) ઉદ્દેશ: હેતુ; આશય:–ઘર લેવું એવો વિચાર છે પણ જોઇએ છીએ. (૪) વિવેક; સભ્યતા; મર્યાદા.:–કંઇક બોલતાં વિચાર રાખવો, એ તો ગમે તેવો પણ અમલદાર છે. (૫) કલ્પના; તર્ક; મનસુબો. (૬) આનાકાની; ગુંચવણ; ગડમથલ. (૭) બીક; ભય. (૮) અટકાવ; અડચણ; થોભવું તે. (૯) ચિંતા; ફિકર; કાળજી. (૧૦) ધ્યાન; લક્ષ. (૧૧) પશ્ચાત્તાપ. ક્રિ૦ પ્ર૦ વિચાર આવવો=કાર્યાકાર્ય સંબંધી મનોવ્યાપાર ચાલવો. (૨) કલ્પના ઉઠવી. (૩) ડબકો–વહેમ–શંકા પડવી. વિચાર ઉઠવો=તર્ક થવો. વિચાર કરવો=મનોવ્યાપાર ચલાવવો; કાર્યાકાર્ય નિર્ણય માટે મનમાં મથવું. (૨) મનસુબા–ઠરાવ કરવો. (૩) થોભવું; બોલતાં અટકવું. (૪) બીજા સાથે વિવાદ ચલાવવો. વિચાર ચલાવવો;વિચાર કરવો;વિવાદ કરવો; નિર્ણયને માટે થોભવું–વખત લેવો. વિચાર છુપાવવો=હેતુ જાહેર નહિ કરવો. વિચાર જાણવો=સામાનો શો અભિપ્રાય છે તે જાણવાનો યત્ન કરવો. વિચાર ડગમગવો =ઠરાવ, મનોભિપ્રાય શિથિલ થવો; આનાકાની ઉજવવી. વિચાર દબાવવો=મનોભાવ છુપાવવો અથવા સંયમ ધરવો. વિચાર ધરવો=મનસુબો રાખવો. વિચાર પરખવો=સામાનું મન જોઇ લેવું. વિચાર ભમવો–ડોલાયમાન થઇજવું; મનની સુસમતોલતા જતી રહેવી. વિચાર રાખવો =વિવેક રાખવો. વિચાર સાંભળવો=બીજાનો મત સાંભળવો, વક્તવ્ય જાણવું. ક્રિ૦ પ્ર૦ વિચારપૂર્વક વિચાર સાથે; જાણી બુજીને; અજાણતાં કે અકસ્માત એકદમ નહિ એમ. વિચારશીલ=ડહાયું વિચાર–વિવેકવાળું; ગંભીર; સાહસિક નહિ એવું.

વિચારક, વિ૦ વિચાર કરનાર.

વિચારણા, સ્ત્રી૦ વિચાર કરવો તે. (૨) પરીક્ષા; તપાસ.

વિચારવું, ક્રિ૦ સ૦ વિચાર કરવો; જોવા જાણવા સમજવામાં આવેલી બાબત ઉપર મનમાં વ્યાપાર ચલાવવો તે; સાર અસાર સમજવો.

વિચારિત, વિ૦ વિચારેલું; ચિંતેલું. (૨) મનથી નક્કી કરેલું.

વિચારી, વિ૦ વિચારશીલ; વિચારવાળું. (૨) ડહાયું; શાણું.

વિચિ, સ્ત્રી૦ તરંગ; લહેર; મોજો.

વિચિક્ષણ, વિ૦ વિચક્ષણ; ચતુર; ચાલક. (૨) ઝટ સમજી જાય એની તીવ્ર બુદ્ધિનું.

વિચિત્ર, ત્રિ૦ [સં] વિવિધતાવાળું; ભાત ભાતનું. (રંગ વગેરે માટે) તરેહવાર. (૨) અજાયબ જેવું; અદ્ભુત; નવલ. (૩) ઘાટ, ડોળ કે સમતા વગરનું. (૪) ભગીવાર વગરનું; ચંચળ મનનું;સ્વભાવના ઠેકાણા વગરનું.

વિચિત્રતા, સ્ત્રી૦ વિચિત્રપણું; તરેહવારપણું.

વિચેતન, વિ૦ [સં.] ચેતનારહિત; બેભાન; નિ:સંજ્ઞ.

વિચેષ્ટા, સ્ત્રી૦ (સં.) ચેષ્ટા; મશ્કરી. (૨) અડપલું.

વિચ્છિન્ન, વિ૦ (સં.) જુદું છુટું પડેલું; છેદાઇ ભેદાઇ ગયેલું; ફાટી–તૂટી ગયેલું.

વિચ્છેદ, પું૦ (સં.) છેદ; કાપ; ઘા. (૨)

કાપીને જુદું પાડવું તે. (૩) જુદાઈ; વિજોગ; છૂટા પડીજવું તે.

વિછળવું, ક્રિ૦ સ૦ વાસણ અથવા વસ્ત્રને પાણીએ ખંખાળવું; પાણીમાં ઝબકોળી અથવા પાણી નાંખીને ધોવું તે. :-ગોળી-કળશિયો વિછળવો=તેમાં પાણી નાંખી ખૂબ હલાવીને સાફ કરવાં; પાણીથી સાફ કરવું-ધોવું. :-લુગડાં વિછળવાં=પાણીમાં ઝબકોળી-મચમચાવીને ધોવું. (૨) ઉછળવું; ચમકવું. (૩) છેતરવું; ઠગવું. (૪) ઝાપટી નાંખવું; ખંખેરવું; પીખી નાંખવું.

વિછુઆ, પું૦ (સ્ત્રીઓ) પગને અંગુઠે પહેરવાનું ઘરેણું; વિંછીના આકારનાં ફૂલ. વિછુવા. ઉ૦ અણુવટ વિછુઆ.

વિછોહ, પું૦ બે સ્નેહીઓ વચ્ચે જુદાગરી પડાવવી તે; જુદું પાડવું તે; અળગું રાખવું તે; વિજોગ; જુદાઇ.

વિજણુવારા, પું૦ વિંજણાનો પવન. વિરણુવાળા=એક જાતના ઘાસનાં સુગંધિદાર મૂળિયાંનાં વાળો તે. આ વાળા-વિંજણો, ટટ્ટી વગેરે બનાવવાના કામમાં આવે છે. વિરણુવાળાના વિં..ણાનો પવન તે.

વિજણો, પું૦ [સં. व्यजन] વિંઝણો; પંખો. હવામાં હલાવ્યાથી વાની લહરી… આપે એવી કાગળ, કાંબડાં, વાસની ચીપો કે તાડપત્રની બનાવટ તે, વિજણલો કવિતામાં-ઉ૦ વિજણલે વા ઢાળું રાજ.

વિજન, વિ૦ [સં.] માણસના વસવાટ કિંવા અવરજવર વગરનું; જ્યાં મનુષ્યનો સંચાર ન હોય એવું; ઉજડ. ઉ૦ વિજન વગડે આર્ય રખડયા. ઉ. રા. ચરિત. (૨) એકાંત; જ્યાં કોઈ હોય નહિ એવું (સ્થાન. જંગલ.) વેરાન.

વિજય, પું૦ [સં] જીત; ફતેહ; જય. (૨) એ નામનો વિષ્ણુનો પોળિયો.:-જય વિજય.

વિજયા, સ્ત્રી૦ [સં] દુર્ગા; પાર્વતી. (૨) ભાંગ; ગાંજાની મોજરો અને પાનનો ભુકો. ઉ૦ આક, ધંતુરો, શિવજી વિજયાના ભોગી.

વિજયાદશમી, સ્ત્રી૦ આસો સુદિ દશમનો તહેવાર તે; દસરા. ઉ૦ વિજયા દશમીના વાયદા વીતિયા, નણદી! નાવ્યા તમારા વીર. મુસાફરો અને યતિઓ વગેરે જેઓ ચોમાસું એક ઠેકાણે અટકી રહ્યા હોય તેમને પ્રયાણ કરવાનો દિવસ. સીમાનું ઉલ્લંઘન કરવાનો અને ચાસ પંખી જોવાનો મહિમા તે દિવસે હોય છે. રાવણ ઉપર ચઢાઈ લઈ જવાને રામ કિષ્કિંધાથી અને પાડવો વિરાટ નગરમાંથી એ દિવસે શમી-સીમળાનું પૂજન કરીને નિકળ્યા હતા, અને વિજય પામ્યા હતા.

વિજયાનંદ, પું૦ [સં.] જીત થયાની ખુશાલી તે; જય થયાનો આનંદ તે.

વિજયી, વિ૦ [સં.] જીતેલ; ફતેહ મેળવેલી હોય એવું; જીત પામેલ; ફતેહમંદ; જયવંત; યશસ્વી.

વિજવું, ક્રિ૦ સ૦ વિંઝવું; હવામાં આમતેમ જોરથી ફેરવવું; અ મતેમ ઘુમાવવું.

વિજળી, સ્ત્રી૦ [સં. विद्युत्] વાદળાં એક બીજા સાથે અથડાવાથી આકાશમાં તેજનો જે ભભુકો થતો દેખાય છે તે; વિજ; વિદ્યુત. (૨) એક જથામાં રહેલા સૂક્ષ્મ અણુઓ અને તેની આસપાસ રહેલા ઇથરમાં-સૂક્ષ્મ વાયુમાં થતી હિલચાલથી ઉત્પન્ન થતી એક તેજોમય શક્તિ તે. ઇલેક્ટ્રીસિટી, વિજળી રાસાયનિક પ્રયોગથી ઉત્પન્ન થતી એક શક્તિ.

વિજાતિ, સ્ત્રી૦ પર નાત-જાત તે.

વિજાતીય, વિ૦ [સં.] બીજી નાત જાતનું; જુદી જાતનું.

વિજાપરો, પું૦ છુટકો; નિકાલ; તોડ.

વિજારી, સ્ત્રી૦ જારીને છુપાવવાની કળા -ચંચળાઇ તે.:-જારીવિજારી.

વિજોગ, પું [સં વિયોગ] પ્રિયજનથી, સ્વજન અને સ્વદેશથી દૂર હોવું તે; જુદાઇ; વિરહ; નહિ સંયોગ તે; અળગું. વિખુટું દૂર રહેવું તે. (૨) નહિ મેળાપ-મુલાકાત હોવી તે; અળગા-અતડા રહેવાપણું તે; નહિ સંસર્ગ-સોબત તે.

વિજોગણ, સ્ત્રી૦ પતિથી દૂર પડેલી સ્ત્રી; વિજોગી; વિરહિણી. ઉ૦ હું વિજોગણને મુકી અહિં, પતિ છે વર્ષ થયું વસ્યા તહિં.

વિજોગી, વિ૦ વિયોગી; વિરહી; પ્રિયજન, સ્વજન અથવા સ્વદેશથી દૂર રહેલું-પડેલું તે. સ્વજનથી વિખુટું; દૂર પડેલું; વિજોગ વાળું.

વિજ્ઞપ્તિ, સ્ત્રી૦ [સં.] વિનંતિ; અરજ; આ જીજી; વિજ્ઞાપના.

વિજ્ઞાત, વિ૦ [સં.] સારી રીતે જાણેલું; વિદિત.

વિજ્ઞાન, ન૦ [સં.] સવિશેષ-ખાસ જે જ્ઞાન તે; ઉંડું અને ઉચ્ચ પ્રતિનું જ્ઞાન તે; તત્ત્વજ્ઞાન, કેવળજ્ઞાન. (૨) વિદ્યા શાસ્ત્રીયજ્ઞાન; પૂર્ણજ્ઞાન; શુદ્ધ અને વિષયનાં અંગેઅંગનું અનુભવમાં આવેલું જ્ઞાન તે; ભણતર.:- મનોવિજ્ઞાન; તત્ત્વ ને વસ્તુસ્થિતિને લાગતું પૂર્ણ જ્ઞાન તે.

વિજ્ઞાનમયકોશ, પું૦ [સં.] શરીરમાં કલ્પેલા પાંચ કોશમાંનો તે કોશ કે જે જ્ઞાન ને છણીને સમજે છે-હૃદયમાં ઉતારે છે; ગ્રહણ કરેલા જ્ઞાનનો વિવેક કરી તેને ધારણ કરવાની શક્તિ તે.

વિજ્ઞાનિક, વિ૦ વિજ્ઞાનનું, વિજ્ઞાન સંબંધી-લાગતું તે.: વિજ્ઞાનિકકોશ. શાસ્ત્રીય.

વિજ્ઞાની, વિ૦ વિજ્ઞાન જાણનાર; ઉંડા તત્વનો વિચારક; શાસ્ત્રી; જ્ઞાની.

વિજ્ઞાપના, સ્ત્રી૦ [સં.] બહુ વિવેકથી વિનવવું-અરજ કરવી તે; વિજ્ઞપ્તિ; વિનંતિ સાથે નિવેદન કરવું તે.

વિટ, પું૦ [સં.] શઠ; ધૂર્ત; ઠગ. (૨) ભડવો; જાર. (૩) મળ; વિષ્ટા.

વિટપ, સ્ત્રી૦ [સં.] ડાળી; પલ્લવ; શાખા; નવો અંકુર.

વિટપી, ન૦ [સં.] શાખાવાળું તે; ઝાડ; વૃક્ષ; તરુ.

વિટલ, વિ૦ ન ટળે એવું; અવિચળ; દઢ. (૨) મૂર્ખ; અણસમજુ.

વિટલા, પું૦ સ્ત્રીઓ અને છોકરાંને કાને પહેરવાના સોનાના વાળા.

વિટલાવું, ક્રિ૦ અ૦ વિંટાવું; આસપાસ ફરી વળવું; લપેટાવું; ઘેરાવું.

વિટવું, ક્રિ૦ સ૦ વિંટવું; લપેટવું; દોરો-વસ્ત્ર વગેરે બીજાની આસપાસ ગોળાકારે લપેટવું; ચોમેર ફેરવવું. (૨) ઘેરીલેવું; કબજામાં ઘાલવું.

વિટંબા, સ્ત્રી૦ કુલટા.

વિટંડ, પાખંડ; વિતંડ ફેલ.

વિટંબણા, સ્ત્રી૦ [સં. વિડંબન] પીડા; દુઃખ; સંકટ. (૨) મુશ્કેલી; હરકત; નડતર. (૩) માથાફોડ; પંચાતી; તકરાર.

વિટાળવું, ક્રિ૦ સ૦ વિંટવું. (૨) ગોળાકાર ગડી કરવી.:- બિસ્તરો વિટાળી ચાલ્યો.

વિટાળો, પું૦ વિંટો.

વિંટો, પું૦ વિંટો; વિંટલો; ભુંગળા જેવી ગોળ ગડી.:- ગાંદડાંનો વિંટો; (૨) આંટી. ગુંછળી.

વિઠ્ઠલ, પુ૦ [સં.] વિષ્ણુનો અવતાર; કૃષ્ણ; પરમેશ્વર; એક દેવ. પંઢરપુર વિઠ્ઠલનાથજીનું ધામ છે.

વિડંબન ન૦ [સં.] પીડા; સંકટ; આપદા. (૨) મુશ્કેલી; અડચણ. (૩) પંચાતી; ગુંચવણ. વિટંબના.

વિડારવું, ક્રિ૦ સ૦ [સં. વિ+દાર] ચીરવું; ફાડવું. (૨) મારી નાખવું. (૩) શમાવવું; ઓછું કરવું.

વિણુ, અ૦ વિના; વગર; સિવાય. ઉ૦ જળ વિણુ કેમ રહેવાય ?

વિણવું, ક્રિ૦ સ૦ અનાજમાંથી કાંકરા, કસ્તર ને જીવ વગેરે કાઢી નાખવાં. (૨) સારૂં સારૂં જોઇને ઉપાડી લેવું. (૩) ઘણામાંથી પસંદ કરી લેવું; વરણી કરવી તે. (૪) એકઠું કરી લેવું; ભેગું કરવું (૫) ચુંટી લેવું; તોડવું; વેડવું; ઉપરથી ખેંચી તોડી લેવું.:—ફૂલ વિણવાં; ઉતારવું. રૂ૦ પ્ર૦ વિણી લઇએ એવું=સુવ્યક્ત; સુંદર; મજેનું સ્પષ્ટ.:— એના બોલ તો જાણે વિણી લઇએ એવા સ્પષ્ટ આવે છે. ખુલ્લું; તરત દૃષ્ટિ ને ધ્યાન ખેંચે એવું.

વિણાચુંટા, પું૦ વહાલ, બીક, અને અધીરપણાથી શું થશે ? શું કરીશું અને કયારે મળાશે ? એવો જે વલોપાત થઇ રહેવો તે; વ્યાકુળતા; અકળામણ; ગભરામણ; ઉત્તાપ; ચિંતા; બહુજ કાળજી થવી તે. બેચેની; વ્યગ્રતા:— ત્યાંથી વિણાચુંટા થાય એવા સમાચાર આવ્યા. હાયહાય.

વિણામણ, ન૦ અનાજ વગેરેમાંનું કાંકરા વગેરે કસ્તર તે. (૨) વણવાનું જે તે. બદલવા જેવું—બાતલ કરવા જેવું—ટાળવા જેવું જે કંઇ તે; ખોડખાંપણ; દોષ; કહેવા જેવું.:— એનામાં કંઇ વિણામણ નથી. (૩) વિણવાંનું મહેનતાણું તે.:—પાંચ શેર દાળે પાઇ વિણામણ મળે તેમાં શું કમાયાં ? કહે૦ ધૂળનું વિણામણ કાંકરા.

વિણામણી, સ્ત્રી૦ વિણામણ.

વિતક, ન૦ વિતેલું જે તે; ગુજરી; ગુજરેલું તે; ગુજરેલી હાડમારી—સંકટ વગેરે તે. વિતક વાર્તા.

વિતકડાં, ન૦ વિતેલાં જે સંકટ—મુશ્કેલીઓ વગેરે તે. ઉ૦ વિતકડાં વિત્યાં તે કોને કહીએ.

વિતથ, વિ૦ નહિ સાચું; ખોટું; અસત્ય.

વિતનુ, પું૦ [સં.] અનંગ; કામ; સ્મર. (૨) વિ૦ ઘણું ઝીણું. (૩) સુંદર. (૪) નાજુક.

વિતર્ક, પું૦ [સં.] ઉડતા વિચાર તે; તરેહવાર તર્ક. (૨) કલ્પના, તરંગ. (૩) ભ્રાન્તિ; અંદેશો. (૪) અટકળ; ધારણા તે.

વિતલ, ન૦ [સં.] સાત પાતાલમાંનું બીજું પાતાલ તે.

વિતવું, ક્રિ૦ અ૦ ગુજરવું; પડવું; અનુભવમાં આવવું. (૨) વહીજવું.

વિતસ્તા, સ્ત્રી૦ [સં.] એક પુરાણ પ્રસિદ્ધ નદી.

વિતંડા, પું૦ ખોટો વાદ; બકવાદ. ઉ૦ વિતથ વિતંડા કરી મરે, લેવો તેણે આ લાવ. વિતંડવાદ=નકામી તકરાર; માથાઝીક; પોતાનો જુઠો પક્ષ સ્થાપિત કરવાને ખોટા મુદ્દાઓ આણ્યા કરવા તે.

વિતાડવું, ક્રિ૦ સ૦ દુઃખ દેવું; પજવવું; હેરાન કરવું; પીડા કરવી.

વિતાન, ન૦ [સં.] ચંદરવો; છત.

વિતી, સ્ત્રી૦ ગુજરી; વિતેલું જે તે; આપદા; પીડા; સંકટ; દુઃખ. ઉ૦ મુજ વિતી તુજ વિતશે ધીરી બાપુડિયાં.

વિત્ત, ન૦ [સં.] સત્ત્વ; બળ; હીર; કૌવત. (૨) ધન; દોલત; પૈસોટકો. (૩) માલ મિલકત; (૪) સાર; કસ. (૫) રસ; પાણી; હીર. (૬) જીવ; વિત્તપાળ=ધનપતિ; કુબેર.

વિદગ્ધ, વિ૦ [સં.] બળેલું; દાઝેલું. (૨) ચતુર; હોંશિયાર; કાબેલ; મુસદ્દી. (૩) ઠગણું; ધુર્ત; પહોંચેલું. (૪) આવડવાળું,

વિદગ્ધતા, સ્ત્રી૦ હોંશિયારી; ચતુરાઇ. (૨) આવડ; કારીગરી; વૈદગ્ધ્ય.

વિદગ્ધા, વિ૦ ચતુર—કાબેલ સ્ત્રી. (૨) કાવ્યશાસ્ત્ર પ્રમાણે ચતુર નાયકા.

વિદળ, વિ૦ બે ભાગે વહેંચાયેલું; જેમાં તડ પડેલા હોય તેવું.

વિદાય, વિ૦ વળાવેલું; મોકલેલું; વદાય.

વિદાયગીરી, સ્ત્રી૦ મોકલવું—વળાવવું તે; પ્રેષણ.

(૨) જવાની રજા આપવી તે. (૩) વળાવતાં–જતા માણસને જવાની રજા અને ભેટ આશિષ આપવી તે.:– વિદાયગીરીનો પોષાક આપ્યો.

વિદારક, વિ૦ [સં.] વિદારનાર; ફાડનાર; ચીરનાર.(૨) ડાળનાર; મટાડનાર; ભાગનાર.

વિદારણ, નં૦ [સં.] વિદારવું–ફાડવું તે. (૨) વિ૦ ટાળનાર.:–દુઃખ વિદારણ. તોડનાર; મટાડનાર; ભાગનાર.

વિદારવું, ક્રિ૦ સ૦ ફાડવું; ચીરવું. (૨) મટાડવું; ટાળવું. (૩) નાશકરવું.

વિદિત, વિ૦ [સં.] માહિત; જાણમાં આવેલું; જાણેલું; જણાવેલું.

વિદિશા, સ્ત્રી૦ મધ્ય દેશનું એક પ્રાચીન નગર.

વિદુર, વિ૦ [સં.] ડાહ્યું; શાણું; અનુભવી ને બહુશ્રુત હોય એવું. (૨) કંગાલ; ગરીબ; દીન. વિદુરવેડા=કંગાલિયત બતાવ્યા કરવી તે; દુઃખ પોકાર્યા કરવું તે.:–ગરીબ હોઇએ તેથી શું જ્યાં ને ત્યાં વિદુરવેડા કર્યા કરીએ. દીનતા દેખાડવાની વૃત્તિ સ્વભાવ તે.

વિદૂષક, પું૦ [સં.] ભણેલો ગણેલો ટોળી માણસ; રાજા અને મોટા માણસો પાસે હાજરજવાબી માટે રહેતો ટોળી માણસ–મિત્ર હોય છે તે. સંસ્કૃત નાટકોમાં રાજાની સોબતમાં એને રાખવામાં આવે છે. (૨) મસ્કરો; રંગલો; જુઠણું; તરકડિયો. ભવાઇ વગેરે ખેલો અને જલસાઓમાં હાસ્ય ઉપજાવે એવું બોલનાર રમુજી પાત્ર તે.

વિદૂષકપણું, નં૦ વિદૂષકનું કામ તે; મસ્કરાનું કામ. (૨) અમુકને એક અને બીજાને બીજી વાત કહી થોડી ઘણી મોજી તકરાર કરાવવાપણું તે; વિદૂષકવેડા તે. સાંઠી ઝાંખરાં–આમતેમ–ઉલટસુલટ કહીને બે મિત્ર કે દંપતી વગેરે વચ્ચે ગમતી તકરાર થાય એમ કરવાપણું.

વિદેશ, પું૦ [સં] પોતાનો જન્મદેશ નહિ તે; પરદેશ; પારકો–પરાયો દેશ તે.

વિદેશી, વિ૦ બીજા દેશનું; સ્વદેશી નહિ તે; પરદેશી, બીજા દેશ સંબંધી.

વિદેહી, વિ૦ [સં.] દેહ-શરીરને લગતી માયા જેને ન હોય એવું; છતે દેહે જેણે દેહને વળગેલા સંસારનો તેમજ દેહનો અહંકાર તજ્યો હોય એવું; જીવન્મુક્ત; જ્ઞાની.

વિદ્ધ, વિ૦ [સં] વિંધાયેલું;વેહ પડેલો હોય એવું. (૨) વપરાયેલું; ઉપયોગમાં આવેલું. (૩) અનુભવી; જેને વિતેલું હોય, જેણે દુઃખ સહેલાં હોય એવું.

વિદ્યમાન, વિ૦ [સં] જાગતું; જીવતું; હયાત. (૨) નજર સામે હોય એવું; હાજર; સમક્ષ; પ્રત્યક્ષ.

વિદ્યા, સ્ત્રી૦ [સં] સારી રીતે જાણવાનું જે તે; ઉંડી સમજ તે. (૨) ભાષા, વિચાર, અને અમુક વિષય સંબંધી જે ઉંડું જ્ઞાન–અને જ્ઞાન લેવા જેવું ભણતર તે; જ્ઞાન; સમજણ. (૩) સુશિક્ષા; કેળવણી. (૪) કોઇ વસ્તુ કે કામની માહિતી અથવા આવડત તે; ઇલમ; હુન્નર; કળા વગેરે. (૫) બરૂમાંના રેસા. ચાર વિદ્યા=આન્વીક્ષકી,ત્રયી,વાર્ત્તા ને દંડનીતિ. ૫ મી આત્મવિદ્યા ચૌદવિદ્યા=૧ ઋગ, ૨ યજુસ્, ૩ સામ, ૪ અથર્વ (ચારવેદ) ૫ શિક્ષા, ૬ કલ્પ, ૭ વ્યાકરણ, ૮ નિરુક્ત, ૯ છંદ, ૧૦ જ્યોતિષ (છ અંગ) ૧૧ ધર્મ, ૧૨ મીમાંસા, ૧૩ તર્ક અથવા ન્યાય ને ૧૪ પુરાણ. ચૌદવિદ્યા જાણ=પંડિત; વિદ્વાન. (૨) ભણેલો; અનુભવી. (૩) હોંશિયાર; ડાહેલ; પહોંચેલો. (૪) છેતરાય નહિ એવો; ઠગ; ધૂર્ત. અવિદ્યા=અજ્ઞાન, માયા; અણસમજ. મેલી વિદ્યા=મંતરતંતર સંબંધી જ્ઞાન તે; ભૂતપ્રેત સંબંધી વશીકરણનું જ્ઞાન તે.

વિદ્યાગુરુ, પું૦ વિદ્યા ભણાવનારો તે; આચાર્ય; શિક્ષક; મહેતાજી.

વિદ્યાધર, પું૦ કૈલાસ પર્વત ઉપર રહેતા અર્ધ દેવલોકની એક જાતિ; કુબેરના સંબંધી એ તે યક્ષ; ગાંધર્વ, વિદ્યાધર, અને કિન્નર વગેરે. વિદ્યાધરી=વિદ્યાધરની સ્ત્રી.

વિદ્યાભ્યાસ, પું૦ ભાષા, વિચાર, વિષય વગેરે બાબતોના સારા જ્ઞાનને માટે જે બોધ–શિક્ષા લેવી તે; ભણવું તે; જ્ઞાન લેવું–વ ચી સમજી ગોખી મનમાં ઉતારવું તે.

વિદ્યાલય, ન૦ [સં] શાળા; પાઠશાળા; જ્યાં વિદ્યાભ્યાસ કરાવવામાં આવતો હોય તે સ્થાન.

વિદ્યાર્થી, પું૦ ભણનાર; નિશાળિયો; શિષ્ય; શીખનાર તે.

વિદ્યાશાળા, સ્ત્રી૦ વિદ્યાલય; પાઠશાળા; નિશાળ.

વિદ્યુત, સ્ત્રી૦ [સં વિદ્યુત] વિજળી; વાદળાં એક બીજા સાથે અથડાવાથી ઉત્પન્ન થતો અગ્નિ તે; ઘર્ષણાગ્નિનો ભભુકો તે; ચપળા.

વિદ્રાવણ, ન૦ [સં.] ગળીને પાણી થયેલું હોય તે; કોઇ ચીજ ગળવાથી થયેલું જે પ્રવાહી તે. અમુક દ્રવ્ય જેમાં ગાળેલું હોય તે પાણી–પ્રવાહી. (૨) ઓગાળવું તે; પ્રવાહી કરવું તે.

વિદ્રુમ, ન૦ [સં.] પ્રવાલ; પરવાળું. (૨) પરવાળાનું ઝાડ. (દરિયામાં એક જાતનાં જીવડાં પોતાના શરીરના મળમાંથી રાફડા જેવું ઘર બાંધે છે તે.) એક રત્ન વિશેષ. (૨) કિસલય; કુંપળ.

વિદ્વજ્જન, ન૦ [સં.] વિદ્વાન માણસ; પંડિત; ભણેલા ગણેલા માણસ તે.

વિદ્વત્તા, સ્ત્રી૦ [સં.] વિદ્વાનપણું તે; પંડિતાઇ. (૨) જ્ઞાન.

વિદ્વાન, વિ૦ [સં.] વિદ્યા ભણેલું; જ્ઞાનવાન –જ્ઞાની; પંડિત; વિબુધ.

વિદ્વેષ, પું૦ [સં.] ઝેર; ખાર; અદેખાઇ; ઇર્ષ્યા.

વિધ, પું૦ [સં.] પ્રકાર; તરેહ; જાત:–નાના વિધ; બહુવિધ.

વિધણું ન૦ વિંઝણું; સુતારનું એક હથિયાર; ૪રસી.

વિધવા, સ્ત્રી૦ [સં.] જેનો પતિ મરી ગયેલો હોય તે સ્ત્રી; રાંડીરાંડ; પતિરૂપી સૌભાગ્યરહિત સ્ત્રી.

વિધવિધ વિ૦ જુદી જુદી જાતનું; બહુ પ્રકારોવાળું; જેમાં ઘણી તરેહો હોય–વિચિત્ર રંગ, આકૃતિઓ વગેરે હોય એવું.

વિધાતા, પું૦ [સં.] બ્રહ્મદેવ; બ્રહ્મા; પ્રજાપતિ. (૨) ભાગ્યદેવતા; દૈવ.

વિધાત્રી, સ્ત્રી૦ ભાગ્ય નિર્માણ કરનાર દેવતા; કર્મ દેવતા; દૈવ. લોકમાન્યતા એવી છે કે, બાળક જન્મ્યા પછી છઠ્ઠે દિવસે ભાગ્યદેવતા તેની આગળ આવી તેનું નસીબ આંકી જાય છે. ઉ૦ વિધાત્રી તું છે દીન દયાળ, એવું કહીને પગે લાગી બાળ.

વિધાન, ન૦ [સં.] વિધિ; રીત; પ્રકાર:–વ્રતવિધાન. (૨) સેવા; ઉપાસના. (૩) ઉપાય; ઉપચાર. (૪) ક્રિયા; સંસ્કાર. (૫) વળગાડવું તે.

વિધિ, પું૦ [સં.] બ્રહ્મદેવ; પ્રજાપતિ. (૨)ભાગ્ય દેવતા; દૈવ. ઉ૦ વિધિ છે તે કન્યાને અનુકૂલ ભર્તા સદાય આપે છે. (૩) પ્રકાર રીતિ; પદ્ધતિ, યજ્ઞવિધિ. (૪) કરવાનું તે; કરવુંજ જોઇએ એવા અર્થમાં વપરાય છે. આજ્ઞા;આદેશ; શાસ્ત્રપ્રમાણ.:–વિધિવાક્ય વિધિ–નિષેધ કરવાની રીત; ધારો. (૫) સંસ્કાર.

વિધિનિષેધ, પું૦ આમ કરવું અને આમ ન કરવું, એવી શાસ્ત્રની જે આજ્ઞા તે; કરવા ન કરવા સંબંધી શાસ્ત્રનું વિધાન તે.

વિધિયુક્ત, વિ૦ [સં.] શાસ્ત્રમાં બતાવેલા પ્રકારને અનુસાર; જેમ કરવું જોઇએ તેમ કરવું તે.

વિધિવત, અ૦ વિધિ પ્રમાણે; શાસ્ત્રમાં કહેલી રીતે.

વિધુ, પું૦ [સં.] ચંદ્ર; ચંદ્રમા; શશી.:– વિધુવદની=ચંદ્રમુખી.

વિધુર, વિ૦ વ્યાકુળ; અકળાયેલું; (૨) વિયોગી. (૩) રંડાયેલો.

વિધુરું, વિ૦ આકુળવ્યાકુળ; અકળાયેલું. (૨) વિયોગી. (૩) ગભરાયેલું; ગાભરૂં.

વિધુત, વિ૦ [સં.] ફેંકી દીધેલું; ખંખેરેલું; ઉડાડી મૂકેલું–નાંખેલું. (૨) કંપિત.

વિધૃત, વિ૦ [સં.] ધરી રાખેલું; ધારણ કરેલું; ઉપાડેલું.

વિધેય, વિ૦ [સં.] કરવાજોગ. (૨) અધીન; તાબાનું; વશ હોય એવું. (૩) આજ્ઞાધારક

વિધ્યર્થ, અ૦ [સં.] આજ્ઞા પ્રકારે એમ; આજ્ઞાના અર્થમાં, ક્રિયાકાળદર્શક તે.:–કર; બનાવ; રચ. આજ્ઞાર્થ.

વિધ્વંસ, પુ૦ [સં.] નાશ; પાયમાલી; ખરાબી. ઉ૦ યજ્ઞનો વિધ્વંસ કરતા, ગાજતા ગંભીર, ઉધ્ધવ. (૨) પ્રતિકૂળતા. વિધ્વંસી=નાશ કરનાર; પાયમાલી આણનાર; ઉચ્છેદક.

વિનતા, સ્ત્રી૦ [સં.] ગરૂડ અને અરૂણની માતા. ગુજરાતીમાં વનિતા=સ્ત્રી એ અર્થે પણ વપરાયેલ છે.

વિનતિ, સ્ત્રી૦ [સં.] નમ્રતાઇથી કહેવું તે; અરજ; વિનંતિ. (૨) નમ્રતા.

વિનય, પુ૦ [સં.] નમંતાઇ; નમ્રતા દેખાડવી તે; નમ્રવિવેક; સભ્યતા; સલુકાઇ; નમતા રહી વર્તવું તે. ઉ૦ સાંભળ વિધા વશીકરણની વિનય વિષે વાસો વસે. વિવેકી રીતભાત–વર્તન તે.

વિનવવું, ક્રિ૦ અ૦ વિનતિ કરવી; નમંતાઇથી કહેવું; અરજ કરવી. (૨) કરગરવું; કાલાવાલા કરવા; આજીજી કરીને કહેવું.

વિનષ્ટ, વિ૦ [સં.] પાયમાલ બગાડી નાંખેલું; નાશ કરેલું–થયેલું હોય તેવું; ખરાબખસ્ત; ધૂળધાણિયા.

વિનંતિ, સ્ત્રી૦ વિનતિ; વિનયથી કહેવું તે; અરજ; કાલાવાલા; આજીજી.

વિના, અ૦ વના; વગર; સિવાય.

વિનાયક, પું૦ [સં.] ગણપતિ; ગણેશ; ગજાનન; શંકરસુત; ગૌરીપુત્ર.

વિનાશ, પું૦ [સં] નાશ; પાયમાલી થવી તે; બગાડો. (૨) તદ્દન–સાવ પાયમાલી; નામાવશેષ થઇ જવું તે. કહે૦ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ=જ્યારે ખરાબી થવાની હોય ત્યારે બુદ્ધિએ પલટાઈ જાય, એમ.

વિનાશક, વિ૦ નાશકારક; નાશ કરનાર; વિધ્વંસક.

વિનાશી, વિ૦ નાશ પામે એવું; નાટકે એવું; ભંગુર.

વિનિપાત, પું [સં.] પતન; પડવું તે. (૨) અવનતિ; પરાજય; પાત; મોટી આફત.

વિનિમય, પું૦ [સં.] અદલોબદલો; ફેરફાર કરવો તે; મોબદલો; એક વસ્તુ આપીને બીજી વસ્તુ લેવી તે. (૨) મૂકવું તે; નિક્ષેપ.

વિનિયોગ, પું૦ [સં.] અર્થ સિદ્ધિને માટે સ્વકર્મ–વસ્તુ વગેરેનો ઉત્સર્ગ કરવો તે; ત્યાગ; છોડીદેવું, તજવું, અર્પણકરી દેવું તે. (૨) અમુક અર્થની બીજી બાબત સાથે યોજના કરવી તે; જોડી દેવું તે; નાંખવું મૂકવું–જતું કરવું તે; નિમણુક; યોજના; સંધાન.

વિનીત, વિ૦ [સં.] નમ્ર; સૌમ્ય; વિનય સંપન્ન; વિવેકી; મર્યાદ શીલ; સભ્ય. (૨) સુશિક્ષિત; સુધરેલું; અનુદ્ધત. (૩) પાળેલું; પળોટાય એવું ગરીબ.

વિને, પું૦ વિનય; સલુકાઇ; વનો.

વિનોદ, પું૦ [સં.] આનંદમાં રહેવું–રાખવું તે; ખુશીમાં હસવું બોલવું વગેરે તે; મોજ; ગમત. (૨) રમુજ; મઝા; ગટા. (૩) ઠઠ્ઠામશ્કરી; મજાક. ખુશીખુશાલી અને રમતગમતમાં વખત કાઢવો તે.

વિનોદી, વિ૦ આનંદી; ગમતી; રમુજી; હસે હસાવે એવું. (૨) ઠઠ્ઠામશ્કરી કરી વખત ગળાવે એવું; લહેરી.

વિન્યાસ, પું૦ [સં.] મૂકવું તે; માંડવું તે; વ્યવસ્થા પૂર્વક ગોઠવવું; નિયમિત રચના થાય એમ મેલવું તે. (૨) સ્થાપના; માંડનચાતુર્ય.:–પદવિન્યાસ.

વિપક્ષ, પું૦ [સં.] સામોપક્ષ; વિરૂદ્ધતાવાળું મંડળ તે; વિરોધી લોક તે; સામાવાળિયા. (૨) શત્રુ; દુશ્મન.

વિપત, સ્ત્રી૦ [સં. विपद्] દુઃખ; પીડા. (૨) આપત; મુશ્કેલી; વિડંબના.

વિપત્તિ, સ્ત્રી૦ [સં.] વિપદ; પીડા; દુઃખ. (૨) મુશ્કેલી; વિટંબણા.

વિપથ, પું૦ [સં.] અવળો માર્ગ; કુમાર્ગ; આડો રસ્તો.

વિપરીત, વિ૦ [સં.] ઉલટું; અવળું; વિરૂદ્ધ; ઉંધું. (૨) સામું; પ્રતિકૂલ.

વિપરીતતા, સ્ત્રી૦ ઉલટપણું; વિપર્યય. (૨) પ્રતિકૂલતા.

વિપર્યય, પું૦ [સં.] પલટો; ઉલટું તે; વ્યત્યય; ઉંધુંચતું થઇજવું તે; વિપરીતતા. (૨) ફેરફાર (૩) અડચણ.

વિપર્યાસ, પું૦ [સં.] વિપર્યય. (૨) શત્રુતા; વિરૂદ્ધતા. (૨) ફેરફાર; વિક્રિયા.

વિપળ, સ્ત્રી૦ [સં. विपल] પળનો સાઠમો ભાગ તે; એક સેકંડના ત્રીજા ભાગ જેટલો અલ્પ વખત તે.

વિપાક, પું૦ [સં.] સારી રીતે પાકી–ચઢી–તૈયાર થઇજવું તે. પરિપક્વતા; પચન. (૨) છેવટ; પરિણામ; છેલ્લું ફળ તે. (૩) રૂચિ; લહેજત; સ્વાદ.

વિપાશા, સ્ત્રી૦ પંજાબમાંની એક નદી; બિયાનદીનું પૌરાણિક નામ.

વિપન, ન૦ [સં.] વન; અરણ્ય; રાન.

વિપુલ, વિ૦ [સં.] મોટું; વિશાળ; વિસ્તીર્ણ. (૨) પુષ્કળ; ખૂબ. (૩) ઉંડું.

વિપુલતા, સ્ત્રી૦ મોટાપણું; વિસ્તીર્ણતા. (૨) પુષ્કળપણું.

વિપ્ર, પું૦ [સં.] બ્રાહ્મણ. (૨) ઋષિ.

વિપ્રયુક્ત, વિ૦ [સં.] પ્રિયજનથી જુદું–અલગ; દૂર પડેલું–રહેલું હોય તે; વિજોગી; વિરહી.

વિપ્રયોગ, પું૦ [સં.] સ્વજન, પ્રિયજનનો સહવાસ નહિ તે; જુદાઇ; વિજોગ. (૨) જુદાપણું; ફાટફુટ; અમેળ.

વિપ્રયોગી, વિ૦ [સં.] વિયોગી; વિરહી; પ્રિયજનથી જુદું પડેલું; અળગું રહેલું તે.

વિપ્રલબ્ધ, વિ૦ [સં.] ઠગાયેલું; વંચિત; પ્રતારિત. (૨)નિરાશ;નાસીપાસ થઇ ગયેલું.

વિપ્રલંભ, પું૦ [સં.] વિપ્રયોગ; વિયોગ. (૨) વિયોગનો શૃંગાર તે.

વિપ્રિય, વિ૦ [સં.] અપ્રિય; નહિ પ્રિય; અળખામણું.

વિપ્લવ, પું૦ બોળાણ; પૂરમાં બોળાઇ નાશ પામવું તે; મોટા પૂરમાં ડુબાડુબ થઈ જવું તે; જળપ્રલય. (૨) પ્રજામાં બખેડો થઇ રહેવો તે; ઉથલપાથલ અને અંધાધુંધી થઇજવી તે. (૩) અરિષ્ટ; સંકટ; પાયમાલી, સંહારકાળ.

વિફરવું, ક્રિ૦ અ૦ મિજાજ ખોવો; ઉશ્કેરાવું; શૂર ચઢવું. ફાટવું; બહેકવું વકરવું.

વિફળ, વિ૦ [સં. विफल] નિષ્ફળ; નકામ; ખાલી; નહિ ફળ થવું–આવવું તે; મિથ્યા.

વિબુધ, પું૦ [સં.] પંડિત; જ્ઞાની. (૨) દેવ; સુર.

વિભક્ત, વિ૦ [સં.] સમુદાયથી જુદું પડેલું; નહિ જોડાયેલું; અળગું થયેલું. (૨)વહેંચાઈ ગયેલું; વાંટા પડી ગયા હોય એવું.

વિભક્તિ, સ્ત્રી૦ [સં.] વ્યાકરણના કારક પ્રત્યયો તે; નામનો ક્રિયા સાથેનો સંબંધ દેખાડનારા પ્રત્યયો તે.

વિભવ, પું૦ [સં.] ઐશ્વર્ય; સાહેબી; વૈભવ; જાહોજલાલી; આબાદી.
વિભા, સ્ત્રી૦ [સં.] પ્રભા; પ્રકાશ. (૨)શોભા. (૩) કિરણ.
વિભાકર, પું૦ [સં.] સૂર્ય; રવિ.
વિભાગ, પું૦ [સં.] ભાગ; હિસ્સો; વાંટો; ફાળો.
વિભાજ્ય, વિ૦ [સં.] ભાગી–વહેંચી શકાય એવું;ભાગવા જેવું; વાંટા–હિસ્સા કરવા જોગ.
વિભાવ, પું૦ [સં.] રસ ઉત્પન્ન કરે એવો ભાવ તે; ઉશ્કેરનારૂં કારણ તે. ભાવ, અનુભાવ, વિભાવ, વ્યભિચારિભાવ, કાવ્ય અને નાટક વગેરેમાં વર્ણવાય છે. અને વસ્ત્ર, શૃંગાર વગેરેથી જે ભાવનાનો પ્રાદુર્ભાવ થાય તે. (૨) પ્રેમ; માયા.
વિભાવના, સ્ત્રી૦ [સં.] ધારણા; કલ્પના કરવી તે.(૨) પદાર્થના ગુણવિષે વિચાર તે.
વિભાવરી, સ્ત્રી૦ [સં.] રાત્રિ; રાત; નિશા.
વિભાવું, ક્રિ૦ અ૦ શોભવું; પ્રકાશવું.
વિભાષા, સ્ત્રી૦ [સં.] વિકલ્પ; આમે થાય ને તેમે થાય એવી જે છુટ તે.
વિભિન્ન, વિ૦ [સં.] જુદું; છુટું પડેલું; અલગ; (૨) છેદાયલું.
વિભિન્નતા, સ્ત્રી૦ જુદાપણું; પાર્થક્ય.
વિભીષિકા, સ્ત્રી૦ [સં.] ભય; બીક. (૨) ખોટો વહેમ; ભયનો ઓળો તે.
વિભુ, વિ૦ [સં.] સર્વવ્યાપક; નિત્ય. (૨) પું૦ પરમેશ્વર.
વિભૂતિ, સ્ત્રી૦ [સં.] સંપત્તિ; ઐશ્વર્ય. (૨) આબાદી; કલ્યાણ; શ્રેય. (૩) પ્રસાદી. (૪) યજ્ઞની ભસ્મ તે; હોમની–હુતદ્રવ્યની રાખતે.
વિભૂષણ, ન૦ [સં.] શણગાર; અલંકાર; ઘરેણું. (૨) શ્રી; શોભા; સારૂં દેખાય–દેખાડે એવું જે કંઈ તે.
વિભૂષિત, વિ૦ [સં.] અલંકૃત; શણગારેલું.
વિભેદ, પું૦ [સં.] જુદાઈ તે; આંતરો; ભેદ. (૨) છેદ; ક્ષત. (૩) વિરોધ; વેર; અંટસ.
વિભ્રમ, પું૦ [સં.] ચિત્તની અનવસ્થા તે; વહેમ; શક; ભ્રાન્તિ; (૨) સ્ત્રીઓનો એક હાવ તે; મનની મોજ; ઘેલછા.
વિભ્રાન્ત, [સં.] ગુંચવાયેલું; બેશુદ્ધ નિઃસંજ્ઞ.
વિમત્સર, વિ૦ મત્સરરહિત; નહિ અદેખું; ઇર્ષ્યારહિત.
વિમર્ષ, પું૦ [સં.] રહી રહીને મનમાં વિચાર્યા કરવું તે; વિવાદ; મનમાં ને મનમાં તત્વ શોધનાર્થે ઉંડો વિચાર કરવો તે; આલોચન; મનન કરવું તે. (૨) નહિ સહન થવાપણું; ચીઢ; ક્રોધનો આવેશ; નાખુશી.
વિમળ, વિ૦ [સં.] મળરહિત; નિર્મળ; ચોખ્ખું, સ્વચ્છ;
વિમળતા, સ્ત્રી૦ સ્વચ્છતા; મળ–ગંદવાડ–મેલરહિતપણું.
વિમાચીઠી, સ્ત્રી૦ એક ઠેકાણાનો માલ બીજે ઠેકાણે સહીસલામત પહોંચે તે માટે કરાવેલી વિમાની ચીઠી તે.
વિમાન, [સં.] આકાશમાં ઉડે એવું વાહન તે; આકાશયાન; બલૂન.
વિમાની, વિ૦ વિમાન ચલાવનાર; વિમાનવાળો (૨) વિમાન ચલાવવાની કળાનો જાણકાર.
વિમાવાળો, પું૦ વિમો ઉતારવાનો ધંધો કરનારો; અમુક રકમ લઈને માલની કિમ્મત ભરી આપવાની, અને જિંદગીની આખરીએ અમુક રકમ આપવાની જોખમદારી લેનારો વેપારી–માણસ તે.
વિમાસણ, સ્ત્રી૦ કાર્ય નહિ કરવા માટે પાછળથી થતી ચિંતા કે વિચાર તે; પશ્ચાત્તાપ; પસ્તાવો; નાસીપાસીની લાગણી તે; મનસ્તાપ.
વિમાસવું, ક્રિ૦ સ૦ પશ્ચાત્તાપ કરવો; પસ્તાવું; કોઈ કાર્ય નહિ કરવા માટે પાછળથી ચિંતા કરવી; નહિ કરવા માટે શોક કરવો.
વિમુક્ત, વિ૦ [સં.] છુટું; બંધનથી મોકલું;

છુટેલું; સ્વતંત્ર. (૨) ત્યક્ત; તજેલું, મૂકી દીધેલું.

વિમુખ, વિ૦ [સં.] મોં ફેરવી બેઠેલું; વિરુદ્ધ. (૨) અળગું; જુદું; (૩) દૂર રહેલું; નહિ મુલાકાતમાં રહેલું; અવળ; પ્રતિકૂળ.

વિમુખતા, સ્ત્રી૦ પરાંગમુખપણું; અવળાઇ; જુદાઈ; વિરુદ્ધતા.

વિમુગ્ધ, વિ૦ [સં.] બહેબાકળું; ગભરાયેલું, ભ્રાન્ત, વ્યાકુળ ચિત્તવાળું. (૨) ઘેલું; મોહપામેલું.

વિમૂઢ, વિ૦ [સં.] અણુસમજુ; નહિ સમજી શકે એવી ઓછી અક્કલનું; મૂર્ખ.

વિમો, પું૦ હકસાઈ લઇ જિંદગી અને માલની નુકસાનીનું જોખમ માથે લેવું તે. અમુક મુદત દરમિયાન મરણ થાય તો અમુક હકસાઇએ અમુક રકમ ભરી આપવી, અથવા આગ, જળ અને બીજી આફતોમાંથી અમુક મુદત દરમિયાન મકાન અને માલમતાને નુકસાન લાગે તો ભરપાઇ કરી આપવાં, એવો કરારીસોદો તે.:—વિમો ઉતારવો, એમ કહેવાય છે.

વિયત, ન૦ [સં.] આકાશ. વ્યોમ; નભ; ઉ૦ વિયત સરિતમાં વિહરતી અમરીના.

વિયાણ, વિ૦ વિયાતી:—વરસ વિયાણ. (૨) ના૦ વિયાવું તે.

વિયાવું, ક્રિ૦ અ૦ [સં. વી] બચ્ચાને જન્મ આપવો; પ્રસવવું; જણવું.:—ભેંસ વિયાઇને પાડો આવ્યો. (આ શબ્દ કેટલીક નીચી ન્યાતિના માણસોમાં સ્ત્રીના જણવાને માટે પણ વપરાય છે.) પશુ પંખીની માદાઓને માટે વિયાવું કહેવાય છે.

વિયોગ પું૦ [સં.] પ્રિયજનની જુદાઈ; વહાલામાંથી વેગળાં હોવું તે; નહિ જોગ મેળ—સમાગમ તે.

વિયોગિની, સ્ત્રી૦ વિરહિણી; વિજોગણ; પતિથી દૂર—જુદી પડેલી સ્ત્રી.

વિયોગી, વિ૦ પ્રિયજનથી દૂર પડેલું; સમાગમ —સહવાસથી અલગ રહેલું હોય એવું; પ્રિયજનથી વિખુટું; વિરહી.

વિરક્ત, વિ૦ [સં] નહિ આસક્ત; જેણે માયા—સંસાર ઉપરની પ્રીતિ=મોહ તજી દીધો હોય એવું; સંસારની આસક્તિરહિત; નિઃસ્પૃહ; બેદરકાર; ત્યાગી.

વિરક્તિ, સ્ત્રી૦ નહિ આસક્તપણું તે; ત્યાગ; સંસાર ઉપર નહિ ભાવ હોવો તે.

વિરચિત, વિ૦ [સં] રચેલું; બનાવેલું.(૨) સરજેલું.

વિરડો; પું૦ વરીડો; વરડો; જળાશયમાંનું પાણી સુકાઇ ગયા પછી તેના તળિયામાં અથવા કાંઠા ઉપર ખણેલો કાચો કુવો; નદી કે તળાવના સુકા તળમાં ખોદેલો ખાડો.

વિરણ, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ. આનાં રેસા રેસા જેવાં મૂળિયાં સુગંધિદાર હોય છે અને તે વિરણવાળા કહેવાય છે. તેની ટટ્ટીઓ અને વિંજણા વગેરે બને છે. પાણી છાંટવાથી તે ઠંડક સાથે સુગંધ આપે છે. વિરણ વાળાનો પંખો.

વિરતિ, સ્ત્રી૦ [સં] પ્રવૃત્તિ છોડીને આરામ લેવો તે.

વિરમવું, ક્રિ૦ અ૦ અટકવું; થોભવું; કામ કરતા બંધ પડવું; જંપવું; નિરાંતે બેસવું; આરામ લેવો. ઉ૦ વિરામ્યાં વાડીમાં, વિહગ પણ ચારો લઇ કરી.

વિરલ, વિ૦ [સં.] આછું; ગીચ નહિ એવું; પાંખું. (૨) દુર્લભ; નહિ સાધારણ; ક્વચિત બનતું હોય એવું. (૩) કોમળ; નાજુક.

વિરલતા, સ્ત્રી૦ આછાપણું; ઓછપ. (૨) દુર્લભતા.

વિરલું, વિ૦ ક્વચિતજ બની આવતું હોય એવું; ઘણામાં કોઇક જ વાર બનતું—જણાતું—ઉત્પન્ન થતું હોય એવું; અસાધા-

રણુ. ઉ૦ દાદાભાઇ જેવા નર પાકવા તો વિરલાજ.

વિરવાણુ, ન૦ વિરણુવાળો; એ નામના સુગંધિદાર ઘાસ–વનસ્પતિનાં મૂળ.

વિરસ, પું૦ [સં.] રસ વગરનું; બેસ્વાદ. રસ રહિત.

વિરહ, પું૦ વિજોગ; જુદાઈ; (૨) પ્રિયજનના સહવાસ વગર થતી લાગણી તે.

વિરહાતુર, વિ૦ વિજોગથી અકળાયેલું; પ્રિયજનને મળવાને અકળાતું–આતુર તે; વહાલાંની જુદાઇથી વ્યાકુળ.

વિરહિણી, સ્ત્રી૦ પતિથી દૂર પડેલી જુદાઇવાળી સ્ત્રી; નાથ વિખુટી; વિજોગણ.

વિરહિત, વિ૦ વિજોગી· પ્રિયજનથી વિખુટું તે.

વિરહી, વિ૦ વિરહવાળું;વિજોગી;જુદું પડેલું.

વિરંચિ, પું૦ [સં.] બ્રહ્મા, પ્રજાપતિ.

વિરાગ, પું૦ [સં.] સંસાર ઉપરનો પ્રેમ ઉઠી જવો તે; વૈરાગ્ય; ત્યાગ.

વિરાગી, પું૦ ત્યાગી; વેરાગી; સાધુ–સંત.(૨) સંસાર ઉપરની માયા વગરનું.

વિરાજમાન, વિ૦ શોભાયમાન; શોભા–ભભકવાળું: સુંદરતા અને ઠાઠથી તેજ મારતું; દેદીપ્યમાન. (૨) બેઠેલું; બિરાજેલું.

વિરાજવું, ક્રિ૦ અ૦ [સં. विराज] શોભવું; દીપવું; ખલવું; સારૂં દેખાવું. (૨) ભભકાદાર લાગવું; પ્રકાશવું; વિલસવું.

વિરાજિત, વિ૦ [સં.] શોભતું; સુંદર લાગતું. (૨) શોભી રહેલું; સુશોભિત; જોવા જેવું કરેલું હોય તે. (૩) આવિષ્કૃત.

વિરાટ, વિ૦ [સં.] મોટું; વિશાળ; ભવ્ય. (૨) બ્રહ્માંડ; વિશ્વ રૂપે ઇશ્વરનો દેહ તે.

વિરામ, પું૦ [સં.] આરામ; વિશ્રામ (૨) જંપ; થોભ; અટકાવ. (૩) અંત; અવસાન; મરણ. વિરામચિહ્ન=વિશ્રામ લેવાની નિશાની (વાચનમાં):—અલ્પવિરામ=થોડી વાર થોભવાનું તે, અને પૂર્ણવિરામ=પુરો શ્વાસ મૂકી દઇને અટકવાનું ચિહ્ન તે.

વિરામવું, ક્રિ૦ અ૦ અટકવું; થોભવું; કામ કરતા બંધ પડવું. (૨) આરામ લેવો; કામ બંધ કરી બેસવું; થાક ખાવો; જંપવું. (૩) નિવૃત્ત થવું; મરીજવું.

વિરાવ, પું૦ [સં.] ધ્વનિ; અવાજ; શબ્દ; નાદ.

વિરૂદ્ધ, વિ૦ [સં.] ઉલટું; સામું; પ્રતિકૂલ. (૨) રોકેલું; અટકાવેલું. (૩) નહિ મળતું; અયોગ્ય; અવળું; જુદા વિચારનું.

વિરૂદ્ધતા, સ્ત્રી૦ સામાપણું; ભિન્ન મત હોઇ નહિ સંમતપણું દેખાડવું તે; વૈપરીત્ય; પ્રતિકૂલતા.

વિરૂપ, વિ૦ કદરૂપું; વરવું: રૂપરહિત; બદસીકલ.

વિરૂપતા, સ્ત્રી૦ બેસુરતપણું; અસુંદરતા; બેડોળપણું; બદસીકલ.

વિરેચન, ન૦ જુલાપ; રેચ. (૨) દસ્ત થાય એમ કરવું તે; રેચ આપવો તે; રેડામણ; છેરામણ; મળશુદ્ધિ.

વિરોચન, પું૦ એક રાક્ષસ રાજા; વિષ્ણુ ભક્ત પ્રહ્‌લાદનો પુત્ર.

વિરોધ, પું૦ [સં.] વેર; અંટસ; દ્વેષ. (૨) વિરૂદ્ધતા; સામાવાળિયાપણું; વિપક્ષતા. (૩) લડાઇ; ટંટો; તકરાર (૪) અટકાવ; અવરોધ; વારણ. (૫) અભાવ; દુશ્મનાઇ. (૬) સંકટ; આફત. (૭) અવળાઈ; એક બીજાથી ઉલટ અભિપ્રાય વગેરેનો ઉછાળો તે. (૮) એક બીજાથી ઉલટાસુલટા હોવું તે. (૯) એક અલંકાર (સાહિત્યમાં) ઉ૦ વિરોધે સૌ વામ્યો, નિવૃત્તિ ધન છાયો રસ બધે. ઉ. રા. ચ.

વિરોધી, વિ૦ વેરી; દ્વેષીલું; ઝેરી. (૨) સામાવાળિયો; પ્રતિપક્ષી; દુશ્મન. (૩) કજિયો–તકરાર કરે એવું.

વિલક્ષણ, વિ૦ [સં.] ઢંગધડા વગરનું, તરેહવાર; ઠેકાણા વગરનું. (૨) અદ્‌ભુત;

નવાઇનું; અલૌકિક:–એને બોલાવશો નહિ, વિલક્ષણ છે.

વિલમન, ન૰ [સં.] રૂદન; બોલીને રડવું તે; શોક કરવો તે. (૨) બડબડાટ.

વિલપવું, ક્રિ૰ સ૰ બોલીને રડવું; શોક કરવો; આક્રંદ કરવું.

વિલય, પું૰ [સં.] ગળીને પ્રવાહી થઇજવું તે; દ્રાવણ; બીજાની સાથે મળીને એક થઇજવું તે. (૨) ગળી–ગરક થઇ નાશ પામવું તે. (૩) નાશ; પાયમાલી; પ્રલય.

વિલસવું, ક્રિ૰ અ૰ [સં.] સુંદર-મોહક દેખાવું; ઝળકી રહેવું; તેજની–શોભાની ભભકથી ઝગાંઝગાં થઇરહેવું; શોભવું; વિરાજવું (૨) ફરૂકવું; હવામાં ઉડવું. (૩) આનંદ–ગમતમાં રમવું; ક્રીડા કરવી.

વિલસિત, ન૰ [સં] રમત ગમતનાં મલાવડાં, ગતકડાં; લટકાં; નખરાં. આનંદી–ગમતી ચેષ્ટાઓ.

વિલંબ, સ્ત્રી૰ વાર; ખોટી; ઢીલ; મોડું કરવું તે.

વિલાત, વિલાયત; વતન; સ્વદેશ.

વિલાપ, પું૰ [સં.] રોવું તે; શોક કરવો તે; રૂદન; બોલીને રડવું તે. (૨) ખરેખરા અંતરના દુઃખનો પોકાર તે; સાંભળતાં દુઃખ ઉપજે એવું દીનતા પૂર્ણ રૂદન તે.:–એના વિલાપ નથી સંભળાતા, છાતી ફાટી જાય છે.

વિલાયત, સ્ત્રી૰ (ન.) સ્વદેશ; વતન; જન્મભૂમિ. (૨) તુર્ક સલ્તનતનો એક ભાગ: તુર્ક પ્રજાનો અસલ દેશ. (૩) ગોરા –યુરોપિયન લોકનો દેશ; યુરોપ.:–વિલાયતના લોક ગોરા હોય છે.

વિલાયતી, વિ૰ વિલાયતનું–વિલાયત સંબંધી; વિલાયતમાં બનેલું.:–વિલાયતી માલના વેપારીઓને હમણાં ખોટ છે. (૨) તરેહવાર; સ્વભાવના ઠેકાણા વગરનું; વિચિત્ર.:–એ વિલાયતી માણસ છે–ફક્કડ.

વિલાવું, ક્રિ૰ અ૰ કરમાવું; ઢીલા–મંદ પડી જવું; ઉતરી જવું. (૨) પીગળવું; ગળીજવું.

વિલાસ, પું૰ [સં.] આનંદી ખેલન; ગમતી ક્રીડા; રસિક રમત. (૨) મોહક હિલચાલ; લટકો; લહેરી લહેકો; ઉત્તેજક અંગ મરોડ વગેરે તે. (૩) તાન ભરી રંગબાજી; આનંદી નખરાં તે; ગેલ; લટકમટક.

વિલાસી, વિ૰ આનંદી–રમતિયાળ; મોજીલું; ગમતી; રંગી; ક્રીડાસક્ત. (૨) લહેરી; ગુલાબી; લટકમટકિયું; ચેનચાળાવાળું; નખરાંબાજ; રસિક. (૩) ગેલમાં–મોજમઝાને રમતગમત પ્રિય તે.

વિલિયું, ન૰ અરધો રૂપિયો.

વિલીન, વિ૰ [સં] બીજામાં એકતાન–ર; તન્મય; તદાકાર (૨) ગળીભૂત; બીજામાં ભળી–ગળી ગયેલું. (૩) નાશ પામી ગયેલું. એકાકાર.

વિલુબ્ધ, વિ૰ [સં.] લોભાયેલું; આકર્ષિત; ખેંચાયેલું; કામનાનો જેને લોભ લાગ્યો હોય એવું.

વિલેપન, ન૰ [સં] ચોપડવું તે; ચંદનાદિકના ઘાસનો લપેડો તે; લેપ.

વિલોકણી સ્ત્રી૰ જોવાની ઢબ; વિલોકન છટા –ખુબી તે. (૨) નિરીક્ષા; તપાસણી.

વિલોકન, ન૰ [સં.] જોવું તે. નિરખવું તે; અવલોકન.

વિલોકનીય, વિ૰ [સં] જોવાજોગ; સુંદર.

વિલોકવું, ક્રિ૰ સ૰ જોવું; નિહાળવું. (૨) તપાસવું.

વિલોચન, ન૰ [સં.] નેત્ર; આંખ; નયન; (૨) તપાસવું.

વિલોમ, વિ૰ (સં.) ઉલટ ક્રમવાળું; વિપરીત; અસમ; વ્યસ્ત; વિલોમજ=ઉચ્ચ જાતિની સ્ત્રીમાં નીચ–હલકી જાતના પુરૂષથી ઉત્પન્ન થયેલું.

વિલોલ, વિ૰ (સં.) હાલતું; કંપતું; ધ્રુજતું. (૨) તરલ; ચંચળ.

વિલોલતા, સ્ત્રી૦ ચંચળતા; તરલતા; અસ્થિરતા; હાલહાલ થયા કરવું તે.

વિવક્ષા, સ્ત્રી૦ [સં.]બોલવા-કહેવાની ઇચ્છા કે સ્પૃહા તે. (૨) ઇરાદો. (૩) કંઈ પૂછવાની મરજી તે; પૃચ્છા.

વિવક્ષિત, વિ૦ મનમાં ધારેલું બોલવાનું તે; આગળ બોલવા ધારેલો અર્થ તે; મનમાં બોલવા માટે ઇચ્છેલું-ધારેલું.

વિવર, ન૦ (સં.) છિદ્ર; કાણું; દર. (૨) પોલાણ; ગુફા.

વિવરણ, ન૦ (સં) શબ્દ અથવા પદનો લંબાણ ખુલાસો કરવો તે; વ્યાખ્યાન; સ્પષ્ટીકરણ; વિવેચન; ટીકા.

વિવર્જિત, વિ (સં) ત્યાગ કરેલું; તજેલું.

વિવર્ણ વિ૦ (સં.) બેરંગું; ફીકું. (૨) બેડોળ; કરૂપ. (૩) લાલી-ઉત્સાહ અથવા ઝળકી રહિતઃ- વિવર્ણ વદન.

વિવર્ત, પું૦ (સં.) ચક્રાકાર ફરવું તે; પરિભ્રમ. (૨) અવિદ્યાભ્યાસ; મિથ્યામતિ. (૩) વિકૃતિ; વિકાર. (૪) જમાવ; રાશિ.

વિવર્તન, ન૦ ફરવું-ફરી જવું તે; ફેરફાર; ઉલટસુલટ થઇ જવું તે; પાછા ફરી બદલાઈ જવું તે; ઉલટ ચક્કર. (૨) ફરક; ફેરફાર; પ્રત્યાવર્તન.

વિવર્દ્ધિત, વિ૦ [સં.] વધેલું; ઉમેરાયેલું; આગળ વિસ્તાર પામેલું.

વિવશ, વિ૦ [સં.] બીજાને વશ હોય એવું; પરાધીન; પરતંત્ર; તાબેદાર; વ્યાકુળ.

વિવસ્વત, પું૦ [સં.] સૂર્ય; રવિ; આદિત્ય.

વિવાદ, પું૦ [સં.] કોઇ બાબતની યોગ્યાયોગ્યતા કે સારાસારતા સંબંધી બે જણ કે બે પક્ષ વચ્ચેનું સામસામે મુદ્દાસર બોલવું તે; ઊહાપોહ; વિચારની તકરારઃ ટીકા; ટં ા; વાદ. (૨) કજિયો; તકરાર. (૩) બોલચાલ.

વિવાદી, વિ૦ વાદ કરનાર; તકરારી.

વિવાસન, ન૦ [સં.] દેશવટો; દેશનિકાલ. ઉ૦ ગઇ અનુપમા, આદી આવ્યો, વિવાસન વાસ ને, તરત નિપજ્યું, તેમાં પાછું, પિતાતણું મૃત્યુ એ.

વિવાહ, પું૦ [સં.] વરકન્યાનો સંબંધ કરવો તે; વેસવાળ; સગાઈ. (૨) વર કિંવા કન્યા પરણાવવાનો સંબંધ તે તથા -તૈયારી વગેરે તે. ઉ૦ બળદ વડા વઢિયારના રે, મંગાવો સૈકાં બેચાર, વિવાહ આવ્યો ઢુંકડો રે. (૩) દાંપત્ય સંબંધનો સંસ્કાર તે; પાણિગ્રહણ; લગ્ન; વરકન્યાને ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે એક બીજા સાથે જોડવાં તે. ક્રિ૦ પ્ર૦ વિવાહ માંડવો= વિવાહની ગોઠવણ તેમજ ઉઝવણી કરવી તે. કહે૦ વિવાહ માંડી જુઓ ને ઘર ઉકેલી જુઓ. વિવાહનાં ગીત વિવાહેજ ગવાય. વિવાહ પહેલાં માંડવો. વિવાહ વીત્યો ને મોઢ થાંભલે. રૂ૦ પ્ર૦ વિવાહની વરસી=બોળનું ડોળ; અવળસવળ કરી નાંખવું; બગાડી નાંખવું તે.

વિવાહવાજન, ન૦ વિવાહ અને તેને લગતી વાજાં વગેરેની ધામધુમ તે; મોટા આનંદ મંગળનો ધામધુમિયો અવસર તે. (૨) વાજાં વાગતાં હોય અને મોટી ધામધુમ થઇ રહી હોય એવું તેઃ-ગામમાં કહિં વિવાહ વાજન છે કે શું? ના ભાઇ! રાજાની વરસગાંઠ છે.

વિવાહિત, વિ૦ પરણેલું; જેનું લગ્ન થયેલું હોય તે; લગ્ન કરેલ.

વિવિધ, વિ૦ [સં.] અનેક પ્રકારનું; બહુવિધ; જેમાં ઘણી જાતો-તરેહો હોય એવું.

વિવૃત, વિ૦ ઉઘાડું; ખુલ્લું. (૨) વિસ્તૃત.

વિવેક, પું૦[સં.] સારાસાર સમજવાની શક્તિ તે; કેમ કરવું અને શું ન કરવું તે પારખીને કાર્ય કરવાની સમજ તે; સદસદ્ વિચાર. (૨) સભ્યાચાર; સભ્યતા; વિનય; મર્યાદા; મલાજો. (૩) જ્ઞાન; ડહાપણ. (૪) કરકસર; સંભાળીને વાપરવા-ખરચવાની રીત તે.

વિવેકી, વિ૦ સભ્ય; વિનયવાળું; વિવેકથી વર્તનાર. (૨) સમજુ; ડહાપું.
વિવેચન, ન૦ [સં.] વિગતે બોલવું-સમજાવવું તે; સ્પષ્ટીકરણ; ગુણ દોષ જુદા પાડી બતાવવા તે; ટીકા; ચર્ચા.
વિશદ, વિ૦ [સં.] ચોખ્ખું; સ્વચ્છ; નિર્મળ. (૨) સ્પષ્ટ; ખુલ્લું. (૩) શ્વેત; ધવલ.
વિશાખા, ન૦ શોળમું નક્ષત્ર.
વિશારદ, વિ૦ [સં] નિપુણ; કુશળ; જાણીતું. (૨) દક્ષ; ચતુર,
વિશાળ, વિ૦ [સં] બહોળું; મોટું; લાંબું,-પહોળું અને ઉંચું એવું; વિસ્તીર્ણ.
વિશાળતા, સ્ત્રી૦ વિસ્તીર્ણતા બહોળા-મગતાપણું. (૨) મોટાઈ.
વિશાંપતિ, પું૦ [સં.] રાજા; નૃપ; ટોળાનો વડો તે. ઉ૦ વચને બંધાયાં વિશાંપતે! આપ્યા આપણે કોલ.
વિશિષ્ટ, વિ૦ [સં.] બીજાથી વધારે સારૂં તે; ઉત્કૃષ્ટ; ઉત્તમ. (૨) અસાધારણ. વિશિષ્ટતા=વિશેષતા; વધારેપણું.
વિશુદ્ધ, વિ૦ [સં.] સારૂં શુદ્ધ તે; પવિત્ર; દોષરહિત. (૨) ચોખ્ખું; ભેળ વગરનું. વિશુદ્ધતા=પવિત્રતા. ચોખ્ખાઈ;નિર્મળપણું.
વિશુદ્ધિ, સ્ત્રી૦ સારી શુદ્ધિ તે; પવિત્રતા; દોષરાહિત્ય; વિશુદ્ધતા.
વિશે, અ૦ વિષે; માં. (૨) સંબંધી બાબત; ઉપર.
વિશેષ, વિ૦ ઘણું; બહુ; પ્રમાણ કરતાં વધારે તે. (૨) અમુક; ખસુસ. (૩) જાત; પ્રકાર; ભાત.
વિશેષણ, ન૦ [સં.] પ્રાણી પદાર્થની સંખ્યા અને ગુણ બતાવનાર શબ્દ; પ્રકાર દર્શક;અને ગુણ-સંખ્યા વગેરે બોધક શબ્દ તે; દસ માણસ. લાલ ઘોડો; ખરાબ છોકરો.
વિશેષતઃ, અ૦ [સં.] ઘણું કરીને; મુખ્યત્વે કરીને; ખસુસ.
વિશેષતા, સ્ત્રી૦ વધારેપણું; ઉત્કૃષ્ટતા શ્રેષ્ઠાઈ.
વિશેષેકરીને, અ૦ ખસુસ કરીને; ઘણું કરીને.
વિશેષ્ય, ન૦ [સં.] વ્યાકરણ પ્રમાણે વિશેષણનો જેની પર અન્વય થતો હોય તે.:— લાલ ઘોડો, એમાં લાલ વિશેષણ ને ઘોડો વિશેષ્ય. (૨) વિશેષે કરીને જાણવા જોગ વિષય તે.
વિશ્રામ, પું૦ વિસામો; આરામ. (૨) થાકીને બેસવું તે; વિરામ લેવો તે.
વિશ્રામવું, ક્રિ૦ અ૦ આરામ લેવો; થાક ખાવો; ઉભારહેવું; કામ કરતાં અટકવું; દમખાવો.
વિશ્રાંતિ, સ્ત્રી૦ [સં.] વિશ્રામ; આરામ. (૨) થાક ખાવા થોભવું તે; દમ ખાવો તે.
વિશ્રુત, વિ૦ [સં.] જાણીતું; પ્રખ્યાત; જાહેરમાં જણાયેલું. (૨) વિદિત.
વિશ્લેષ, પું૦ [સં.] જુદાપણું; ભેદ; અંતર; પાર્થક્ય. (૨) વિજોગ.
વિશ્વ, ન૦ [સં.] બ્રહ્માંડ; જગત; સૃષ્ટિ; દુનિયા;ભૂગોલ ખગોલ જે આ બધું આપણી નજરે પડે છે તે.
વિશ્વકર્મા, પું૦ [સં.] દેવનો શિલ્પી. (૨) કારીગર; સુતાર.
વિશ્વસનીય, વિ૦ [સં.] વિશ્વાસનું-વિશ્વાસને યોગ્ય; ખાતરીનું.
વિશ્વંભર, વિ૦ [સં.] વિશ્વનું ભરણપોષણ કરનાર; પરમેશ્વર.
વિશ્વાત્મા, પું૦ વિશ્વનો આત્મા તે; પરમેશ્વર.
વિશ્વામિત્ર, પું૦ ગાધીરાજાનો પુત્ર-એક મોટો રાજા. (૨) એક ક્ષત્રિય ઋષિ.
વિશ્વાસ, પું૦ [સં.] ભરોસો; ખાતરી; ઈતબાર. (૨) શ્રદ્ધા; આકીન. પ્રતીતિ; પ્રત્યય; નિષ્ઠા. નિઃશંકતા. વિશ્વાસઘાત=વિશ્વાસ આપીને અવળું કરવું તે; દ્રોહ દેવો તે. વિશ્વાસઘાતી=દ્રોહી; વિશ્વાસ આપીને ફરી જનાર; ગળાકાપુ; નિમકહરામ.
વિશ્વાસી, વિ૦ વિશ્વાસુ; વિશ્વાસ રાખે એવું.

પ્રામાણિક. (૨) ખ્રિસ્તી; ઇસુના ધર્મને માનનાર.:-વિશ્વાસીલોક.

વિશ્વાસુ, વિ૦ વિશ્વાસ કરવા જોગ; વિશ્વાસી; પ્રામાણિક.

વિશ્વેશ્વર, પું૦ વિશ્વનો ઇશ્વર તે; પરમેશ્વર. (૨) કાશીનાથ; કાશીમાંના મહાદેવ.:-કાશી વિશ્વેશ્વર.

વિષ, ન૦ [સં.] ઝેર; જેથી જીવ જાય એવું દ્રવ્ય તે; હાલાહલ. (૨) અત્યંત કડવું દ્રવ્ય તે: વખ.

વિષણ્ણ, વિ૦ [સં.] ખિન્ન; ઉદાસ. (૨) ફીકું; ઉતરી ગયેલું હોય એવું નિસ્તેજ.

વિષધર, પું૦ [સં.] ઝેરવાળો સાપ; ઝેર ધરનાર ભુજંગ.

વિષમ, વિ૦ [સં.] મુસ્કેલ; કઠણ; કષ્ટસાધ્ય; મહેનતનું. (૨) અસમ; ઉચુંનીચું; નહિ સરખું. (૩) ઉલટું; વિરુદ્ધ. (૪) દારૂણ.

વિષમતા, સ્ત્રી૦ કઠણાઈ; મુસ્કેલી. (૨) ન્યૂનાધિકતા; અસમતા.

વિષય, પું૦ [સં.] ઇંદ્રિય ગ્રાહ્ય બાબત તે; ઈન્દ્રિયોથી જે કર્મ કરી શકાય તે.:-બોલવું, એ વાગિંદ્રિયનો વિષય છે. (૨) મનોવૃત્તિ; વિચારણા તે. વસ્તુ; વાત; બાબત; પદાર્થ. (૩) દેશ; મુલક; જમીન. ઉ૦ વિષય લઘુ લાગે ભ્રમણથી.

વિષયાનંદ, પું૦ [સં.] ઈંદ્રિયોને પોતાના કર્મના ભોગથી થતો આનંદ તે; ભોગાનંદ; સંસારી બાબતોમાં જે રસ આવવો તે.

વિષયાંધ, વિ૦ વિષયની લાલચમાં અંધ તે.

વિષયી, વિ૦ વિષયાસક્ત; વિષય ભોગી; વિષય-લોલુપ; કામી.

વિષયે, અ૦ વિષે, માં; અંદર. (૨) સંબંધે; ઉપર.

વિષાદ, પું૦ [સં.] ઉત્સાહ ભંગ થવાથી મન ઉપર થતી જે દુઃખદ લાગણી તે; શોક; દિલગીરી. (૨) આપદા; દુઃખ.

વિષુવ, ન૦ [સં.] વર્તુલ—ગોળના બે સરખા ભાગ કરનારી રેખા-લીટી તે. (૨) પૃથ્વીના ગોળાના ઉત્તર દક્ષિણ બે સરખા ભાગ દેખાડનારી રેખા. મેષ અને તુલા સંક્રાન્તિમાં રાત અને દિવસ સરખાં થાય છે, તે અયન દર્શાવનારી ભૂરેખા. વિષુવ વૃત્ત-વર્તુલની મધ્યરેખા.

વિષૂચિકા, સ્ત્રી૦ ઝાડાનો એકદમ થઇ આવતો રોગ તે; કોલેરા.

વિષે, અ૦ માં; અંદર; મહિં. (૨) ઉપર; બાબત; સંબંધે.

વિષ્કંભક, પું૦ [સં.] ભજવવામાં આવતા નાટકની વસ્તુનો આગલો અને આગળ આવનારો વૃત્તાંત જેમાં ઇશારા રૂપે-પ્રેક્ષકોને સમજવા માટે જણાવવામાં આવેલો હોય એવો અગ્રલેખ તે; ઉપોદ્‌ઘાત; આમુખ; અવતરણ લેખ. પૂર્વકથા સાર સાથે ભાવિકથા સંદર્ભનું કથન તે.

વિષ્ટર, પું૦ [સં.] દર્ભાસન; ઘાસનું આસન.

વિષ્ટિ, સ્ત્રી૦ [સં.] સમાધાનીની પંચાત તે; સંધિ માટેની ખટપટ; ઝઘડો નહિ થાય તે માટે સમજુતીનું કહેણ તે; શિષ્ટાઇ; સમજુતીની ખટપટ. (૨) સંધિવિગ્રહ કરવામાં કુશળ વકીલનું પ્રેષણ તે.

વિષ્ઠા, સ્ત્રી૦ [સં.] પ્રાણીએ ઉત્સર્ગ કરેલો મળ તે; ગૂ; નરક.

વિષ્ણુ, પું૦ [સં.] પરમેશ્વર; સત્વગુણનું સ્વરૂપ: સૃષ્ટિનું પાલન કરનાર દેવ; નારાયણ. (૨) સ્થિતિપાલકસાકત.

વિષ્ણુતેજ, ન૦ વિષ્ણુનું જે ઐશ્વર્ય તે. (૨) ઘી; ઘૃત.

વિષ્ણુપદ, ન૦ [સં.] આકાશ; ગગન; વ્યોમ. ઉ૦ ઉંચે ઉચ્ચ વિશાળ વિષ્ણુપદમાં જેને વસેલો હશે.

વિસમવું, ક્રિ૦ અ૦ ગરમી ઉતરવી; શાંત પડવું; શમવું; શમવું:–ખીચડી વિસમે છે. (૨) બેસ–થાક–ઉત્તાપ ઉતરવો; થોડી વાર આરામ મળે એમ થવું. (૩) ઉભરણુ ઉતરીજાવું. રેલનાં પાણી હવે વિસમે છે.

વિસરભોળું, વિ૦ સહેજ વારમાં ભૂલી જાય એવું; ભૂલકણું. (૨) નિષ્કપટી.

વિસરવું, ક્રિ૦ સ૦ [સં. विस्मृ] ભૂલવું; ચૂકવું; નહિ સ્મરણ રહેવું.

વિસર્ગ, પું૦ [સં.] સ્વર આગળ કંઇક ઉચ્ચાર ભાર દર્શાવનારૂં ચિહ્ન તે; એક વર્ણસ્વરૂપ. (૨) ત્યાગ; દાન; છોડી–મૂકી દેવું તે.

વિસર્જન, ન૦ [સં.] છોડી દેવું તે; જતું કરવું તે. (૨) ત્યાગ; દાન; જળ મૂકવું તે. (૩) કામ બંધ કરી છુટા પડીજવું તે.:–સભા વિસર્જન થઇ.

વિસર્જનીય, વિ૦ [સં.] છોડી–ત્યજી દેવા જેવું; આપી દેવા જેવું; ઉત્સર્જનીય તે.

વિસંજ્ઞ, વિ૦ [સં.] સંજ્ઞા–ભાન રહિત એવું; બેભાન; અચેત.

વિસંવાદ, પું૦ [સં.] મિથ્યાભાષણ; ખોટું બોલવું તે; નકામો ઝગડો તે. (૨) મિથ્યારોપ, ઉલટ ભાષણ.

વિસાત, સ્ત્રી૦ ઉપયોગિતા–સત્વ–સાર દેખાડે છે:–એમાં શી વિસાત છે? જાઓ લેઇ જાઓ. (૨) ત્રાણ; જીવ; દમ.

વિસામો, પું૦ [સં. विश्राम] થોભવું–અટકવું તે; થાક ખાવો તે; થોડી વાર કામથી ફારગ થઇબેસવું તે. (૨) થોભવાની જગા; વિસમવાનું સ્થાન તે. (૩) બોજ લઇ જતાં થોભવાની જગા.

વિસાર, પું૦ વિસારો; ભુલાવું તે; વિસ્મરણ.

વિસારવું, ક્રિ૦ સ૦ વિસરવું; ભૂલીજવું. (૨) મનમાંથી કાઢી નાખવું; યાદદાસ્ત પર નહિ લાવવું.

વિસારો, પું૦ વિસાર; વિસ્મરણ; વિસ્મૃતિ.

વિસૃત વિ૦ (સં) વિસ્તૃત.

વિસ્તરવું ક્રિ૦ અ૦ ફેલાવું; પ્રસરવું; વધવું; વિસ્તાર પામવું.

વિસ્તાર પું૦ [સં.] ફેલાવો; પ્રસાર; વધારો; વિશાળતા; જમીન વગેરેનું લાંબુંપહોળું ક્ષેત્રફળ તે. (૨) પરિવાર.

વિસ્તારવું, ક્રિ૦ સ૦ ફેલાવવું; વધારવું; લંબાવવું.

વિસ્તીર્ણ, વિ [સં.] વિસ્તારવાળું; વિશાળ; ખૂબ મગદું; મોટું; ઘણી લંબાઇપહોળાઇવાળું,

વિસ્તીર્ણતા, સ્ત્રી૦ વિશાળતા; મોટો ઘેરાવ તે; મોકળાશ.

વિસ્તૃત, વિ૦ [સં.] મોટું; બહોળું; વિશાળ; ફેલાયેલું.

વિસ્ફોટક, પું૦ [સં.] લોહી વિકારનો એક ત્વચા રોગ. આ રોગમાં શરીર ઉપર પૈસા પૈસા જેવડા ધોળા ફોલ્લા ફુટી નિકળે છે. ચાંદીના રોગનો આ વિકાર છે.

વિસ્મય, પું૦ [સં.] અજબ લાગવું તે; આશ્ચર્ય; અચંબો; અચરતી, તાજુબી.

વિસ્મરણ, ન૦ [સં.] ભૂલી જવું તે; વિસ્મૃતિ; નહિ યાદ રહેવું તે.

વિસ્મિત, વિ૦ વિસ્મય પામેલું; ચકિત: આશ્ચર્યાન્વિત,

વિસ્મૃતિ, સ્ત્રી૦ વિસ્મરણ; નહિ યાદ રહેવું તે. (૨) ભૂલ.

વિસ્રંભ, વિ૦ [સં.] એકાંતિક; ખાનગી; ગુહ્ય. (૨) એકાંત–પ્રણય; વિશ્વાસી. (૩) ના. પ્રણયપ્રાર્થના.

વિહગ, ન૦ [સં.] પક્ષી; પંખી.

વિહરવું, ક્રિ૦ અ૦ આનંદે મહાલવું–રમવું; ખેલવું; ક્રીડા કરવી.

વિહંગ, ન૦ [સં]પંખી; પક્ષી.(૨) એક રાગ.

વિહંગમ, ન૦ [સં.] પંખી; પક્ષી. ઉ૦ હોરે વિહંગમ, હોરે વિહંગમા પ્રેમ

વિહાણવું, ક્રિ૦ સ૦ વટાવવું; ગુજારવું; ગાળવું. ઉ૦ રમતાં તે રજની વિહાણીજી.

વિહાર, પું૦ [સં] રમત; ખેલ; ક્રીડા. (૨) આનંદે હરવું ફરવું અને રમવું તે. (૩) આમ તેમ ફરવું-મુસાફરી કર્યા કરવી તે; અહિંતહિં જવું આવવું તે; ઠામઠામ ફરતા રહેવું તે; ભ્રમણ.

વિહારી, વિ૦ વિહાર કરનાર; ફરનાર. (૨) હોંશભેર આનંદ માણનાર; ખેલાડી; ક્રીડા કરનાર.

વિહીન, અ૦ [સં.] વગર; સિવાય. (૨) વિ૦ રહિત:-બુદ્ધિવિહીન.

વિહીલું, વિ૦ વીલું; ફીકું; શરમિંદું. (૨) છુટું; રઝળતું; બેદરકારીથી વહેતું મૂકેલું; નજર-ધ્યાન બહાર જવા દીધેલું.

વિહુણું, વિ૦ વિખુટું; વગરનું.

વિહોણું, વિ૦ વિખુટું; છુટું; વગરનું. સાથ રહિત; અળગું. (૨) એકલું.

વિહ્વલ, વિ૦ [સં.] કામ, ક્રોધ, લોભ અને ભય વગેરેની લાગણીથી અકળાયેલું; જુસ્સાથી ગભરાઇ ગયેલું; લાગણીના જોરે બાવરૂં પડી ગયેલું. (૨) આતુર; આકળું; ગાભરું; ભારે લાગણીવાળું; વિષયઘેલું.

વિહ્વલતા, સ્ત્રી૦ ગભરાટ; અકળામણ. (૨) બાવરાપણું. (૩) અતિ આતુરતા તે; વિષયઘેલછા; અત્યાસક્તિ. (૪) ગુંચવણ; કોઇ પણ જાતની અત્યંત આતુરતાવાળી બેચેન મનસ્થિતિ તે.

વિળાલો, પું૦ બાવરો; વેવલો; બેવકૂફ.

વિંછી, પું૦ [સં વૃશ્ચિક] ઝેરી ડંખવાળો એક જીવ; વીછુ; વિંછુડો; એને આઠ પગ, બે લાળિયાં અને છ ગાંઠા વાળી એક પુંછડી હોય છે. પુંછડીને છેડે કાળો વાંકડો અણીદાર આંકડો હોય છે. પોતાના રક્ષણ માટે તે પુંછડી છટકાવી આંકડો મારે છે.

વિંજણો, પું૦ [સં. વ્યજન] હવામાં વિંઝવાથી પવનની લહેરો ઉત્પન્ન કરવાની એક બનાવટ; પંખો; વ્યજન: વીઝણો.

વિંજવું, ક્રિ૦ સ૦ વીઝવું; હવામાં આમતેમ જોરથી ફેરવવું-હલાવવું; હવામાં ઘુમાવવું.

વિંઝણું, ન૦ લાકડાં કોચવાનું સુતારનું ઓજાર; ફરશી. વિંધવાનું જે તે. (૨) ચમરી.

વિંટલો, પું૦ વીટલો; ગોળ વાળેલી ગડી; ભુંગળા જેવી ગડી તે.

વિંટવું, ક્રિ૦ સ૦ લપેટવું; એક એકની ઉપર વળાતું જાય એમ કરવું; વીટવું.

વિંટાવું, ક્રિ૦ અ૦ લપેટાવું.

વિંટાળવું, વિંટવું; લપેટવું; એકની ઉપર એક આંટા આવે એમ કરવું; એકઠું કરવું; ગુંડાળવું.

વિંટાળો, પું૦ ગુંડાળો; વિંટીને બનાવેલો ગોળ ઘાટ તે; વીટો.

વિંટી, સ્ત્રી૦ વીટી; મુદ્રિકા; અંગુઠી. ૨૦ પ્ર૦ વિંટીમાંનું નંગ=કાબેલ; પહોંચેલું; ઉસ્તાદ. (૨) અળવીતરૂં; ચાંદવું. દુર્ગુણી તરીકે જાણીતું થયેલું-ચોર, લુચ્ચો, ઠગ, ઉઠાઉગીર. એ તો વિંટીમાંનું નંગ છે. વિંટી બદલવી=વરકન્યાએ એક બીજાના હાથમાંની વિંટીઓ બદલી સ્ત્રીપુરૂષ બનવું; વિવાહિત થવું. યુરોપ તરફની વિવાહની એક રીત.

વિંટો, પું૦ વીટો; લાંબાં પાથરણ વગેરેની ગોળ ગડી તે; એક એકની ઉપર લપેટાય એમ વાળેલું ભુંગળું; ભુંગળા જેવો આકાર તે.

વિંઢારવું, ક્રિ૦ સ૦ પાલવવું; નિભાવવું; ચલવવું. (૨) બરદાસ કરી સંભાળીને સાથે રાખ્યા કરવું; દુઃખ; અગવડ પડે તોપણ પાસે રાખ્યા કરવું. (૩) ભાર-દુઃખ, અગવડ સહીને ચલાવવું.

વિંધ, પું૦ વેહ; ભોક; કાણું; નાકું.

વિંધણું, ન૦ સુતારનું ભોક પાડવાનું ઓજાર; ફરશી; વિંઝણું.

વિંધવું, ક્રિ૦ સ૦ કાણું કરવું; વેહ પાડવો; શારવું. (૨) કોરવું; પોલ-પાડવું; આર પાર માર્ગ કરવો. (૩) ઘા કરવો, ભોક પાડવું. (૪) પિંગળવું; ભારે દુઃખ થાય એમ કરવું.

વિંધારો, પું૦ વિંધનારો; વેહ પાડનારો; મોતી વિંધનાર તે. કાન, દાંત, અને મોતી વગેરેમાં વેહ પાડવાનું કામ કરનારો માણસ તે.

વિંધાવું, ક્રિ૦ અ૦ કાણા-વેહવાળા થવું; શરાવું; કોચાવું; ઘવાવું; છેદાવું. (૨) દુઃખ માં-કામના બોજામાં કુટાવું; અનુભવ થવો; પળોટાવું; પાવરધા થવું.

વીખ, ન૦ [સં. **विष**] ઝેર; હલાહલ; જીવનને હાનિ કરે એવું દ્રવ્ય તે. (૨) ખાર; દ્વેષ; અંટસ:-વીખવાદ=દ્વેષ-ખારની લડાઇ; ઝેરીલડાઇ.

વીઘું, ન૦ વીઘો; સો હાથ લાંબી અને સો હાથ પહોળું જમીનનું એક માપ; ૨૩ ગુંઠા જેટલું માપ તે.

વીઘો, પું૦-વીઘું. પાંચ વીઘા જમીનવાળો હોય તે પણ જમીનદાર તો ખરો.

વીઘોટી, સ્ત્રી૦ વીઘાને હિસાબે જમીન ઉપર લેવાતો કર તે; કિસ્ત; સાંથ; મહેસુલ.

વીચિ, સ્ત્રી૦ તરંગ; છોળ.

વીજ, સ્ત્રી૦ વિજળી.

વીજન, પું૦ [સં] વિંઝણો; પંખો.

વીણ, અ૦ વગર; સિવાય; વિના.

વીણા, સ્ત્રી૦ [સં.] એક તંતુવાદ્ય; બીન; તંબુરો. વીણાપાણિ=નારદ.

વીત, ન૦ વિત્ત; ધન; પૈસો.

વીતક, ન૦ વીતેલું હોય તે; વિપત્તિ; દુઃખ; સંકટ.

વીતરાગ, વિ૦ [સં.] જેનો રાગ ગયેલો છે એવું; શાંત; સંયમી. (૨) જૈન તિર્થંકર.

વીતવું, ક્રિ૦ અ૦ વિપત્તિ પડવી; દુઃખ થવું; સંકટ-મુશ્કેલી પડવી. (૨) ગુજરવું; પુરૂં થવું; પસાર થઇ જવું; જવું. ઉ૦ પિંપળ પાન ખરંતાં. હસતી કુંપળિયું; મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયું. ભાષા.

વીતાડવું, ક્રિ૦ સ૦ દુઃખ દેવું; હેરાન કરવું; પીડવું.

વીથિ, સ્ત્રી૦ કુંજ; બાગમાંની શેરડી; લતાઓ વચ્ચેની સાંકડી વાટ.

વીમો, પું૦ અમુક હકસાઇથી જિંદગી કે માલમિલકતનું જોખમ રાખવું તે; માણસ અને પ્રાણી વગેરેની જિંદગીને માટે અમુક હકસાઇથી અમુક રકમ ભરી આપવાનો કરાર તે; માલ, મકાન વગેરેના જોખમ નુકસાનનો બદલો આપવાનું સાટું તે.

વીર, વિ૦ [સં.] શૂર; પરાક્રમી; બળવાન; બહાદુર; જોરાવર. (૨) ના૦ મરદ માણસ; લડવૈયો; જોધ; શૂર પુરૂષ. (૩) પૌરૂષ; મરદાઇ. (૪) બળ; પરાક્રમ; ઉછળતો જોસ તે. (૫) ઉગ્ર સ્વભાવનું એક ભૂત તે; બળવાન પિશાચ:-એ તો જાતે ગરીબ છે પણ એના શરીરમાં કોઈએ વીર મૂક્યો છે, તે આવે ત્યારે તોફાન કરે છે. વીર મૂકવા=બળવાન પિશાચ વળગાડવું.

વીરણ, સ્ત્રી૦ સુગંધવાળાં મૂળિયાંની એક વનસ્પતિ. એનાં મૂળિયાં 'વાળા' કહેવાય છે. એના પંખા, અને ટટ્ટીઓ વગેરે થાય છે. પાણી છાંટતાં તેમાંથી મીઠી વાસ આવે છે.:-વીરણનો પંખો.

વીરતા, સ્ત્રી૦ વીરપણું; શૌર્ય; બળ; પરાક્રમ; પૌરૂષ; મરદાઇ.

વીરપત્ની, સ્ત્રી૦ શૂરવીર પુરૂષની પત્ની; બહાદુર માણસની બાઇડી. (૨) પુરૂષના જેવાજ શૌર્યવાળી સ્ત્રી તે.

વીરરસ, પું૦ [સં.] વાંચનાર કે સાંભળનારને પૌરૂષ-જુસ્સો ઉશ્કેરે એવો કાવ્ય કે લખાણનો ભાવ તે; જુસ્સો ઉપજાવે-પરાક્રમ કરવાને પ્રેરે એવું વર્ણન તે. કાવ્યના નવરસમાંનો એક રસ તે.

વીરવિદ્યા, સ્ત્રી૦ મરદાનગીને લગતું શિક્ષણ તે. (૨) ઉગ્રસ્વભાવનું-બળવાન ભૂત સાધવાની મંત્રવિદ્યા તે. (૩) પરાક્રમ કરવા સંબંધી સમજણ તે; લડાયક તાલીમ.

વીરશ્રી, સ્ત્રી૦ પરાક્રમની ઝળકી; જુસ્સાની તેજી (૨) બળ-પરાક્રમની વાહ વાહ તે.

વીરહાક, સ્ત્રી૦ લડવાના ઉકાંટાથી શત્રુને ભય ઉપજાવે એવો જોરથી હાકોટા પાડવો તે; જુસ્સાભેર હોકારો કરી લડવા માંડવું તે. (૨) ત્રાડીને એવું લડવું કે જેથી રણ ગાજી રહે; લડવાના જુસ્સાથી રણ ગજવી મૂકવું તે. (૩) એવી ત્રાડ કે જેથી શત્રુનાં-સામાનાં હૃદયમાં ત્રાસ પડે અને ખૂબ ભય થાય.

વીરૂધ, સ્ત્રી૦ [સં.] એક જાતની વેલ; વેલી.

વીરો, પું૦ ભાઇ; બંધુ.

વીર્ય, ન૦ [સં.] શુક્ર; ધાતુ; બીજ. (૨)બળ; શક્તિ; કૌવત. (૩) મર્દાઇ; શૌર્ય. (૪) તેજ; કાન્તિ. (૫) ગૌરવ.

વીર્યવાન, વિ૦ બળવાન; જોરાવર.

વીર્યહીન, વિ૦ નિર્બળ; અશક્ત; શૌર્ય રહિત. (૨) પૌરૂષરહિત.

વીલ, ન૦ અરધિયું; અરધો; ફાડિયું-સંકેતમાં. (૨) વારસનામું; વસિયતનામું. (૩) ભરતી.

વીલાં, ન૦ એક જાતનાં પંખી. આ પંખી કાબરો જેવાં હોય છે અને ટોળે ઉડે છે.

વીલું, વિ૦ વિલીલું; ફીકુ; ઝાંખું; નિસ્તેજ. (૨) ઓશિયાળું; શરમિંદું પડી ગયેલું; નાસીપાસીથી ખિન્ન-પડી ગયેલા મોંવાળું. (૪) વિખુટું; છુટું; રખડતું રહેવા દીધેલું; રઝળતું.

વીસ, વિ૦ [સં. **વિંશતિ**] બે વાર દસ દસ તે; ૨૦; કોડી. ૩૦ પ્ર૦ વીસવસા= સોળ આની; સો ટકા; ઘણું ખરૂં; મોટે ભાગે; લગભગ ખાતરીનું; પૂર્ણ; ખચીત; ન્યૂનતા-ખામી આવે-હોય નહિ એવું; જરૂર. ઉ૦ કહેવત છે કે ભૂષણ, વીસવસાનાં શરીર શોભાવે; પણ આનાં અંગો તો, ભૂષણને પણ વિશેષ દીપાવે. ફી. ઘ.

વીસી, સ્ત્રી૦ વીસ વરસનો જુમલો; વીસ વીસનો સમુદાય-એકમ તે. (૨) ભોજન ગૃહ; ખાણાવળ; પૈસા આપીને જમવાનું ઠેકાણું. છુટક અથવા માસિક લવાજમ લઇ જમવાની સગવડ આપે એવું રસોડું. (૩) વિ૦ પ્રમાણિક; સત્યવાદી; ડહાપું; વ્યવહાર કુશળ; શાણું; વિવેકી સમજુ એ તો વીસી માણસ છે.

વુજુ, ન૦ વજુ; હાથ મોં ધોવાં તે. પ્રાર્થના પહેલાં નહાવું-શુદ્ધ થવું તે.

વુજુદ, ન૦ હયાતી. (૨) તત્ત્વ.

વુઠવું, ક્રિ૦ અ૦ ત્રુઠવું. (૨) વરસવું. ઉ૦ અમૃત વુઠયા મેહ.

વુહવું, ક્રિ૦ અ૦ જવું.

વૃક, ન૦ [સં.] વરૂ; નાહર.

વૃકોદર, પું૦ વરૂના જેવા પેટવાળો; ભૂખાળવો. (૨) પાંડુરાજાનો બીજો પુત્ર; ભીમસેન.

વૃક્ષ, ન૦ [સં.] ઝાડ; તરુ. (૨) છોડવો. પુષ્પવૃક્ષ. (૩) વનસ્પતિ; ઉદ્‌ભિજ્જ.

વૃત્ત, ન૦ [સં.] વળેલી આકૃતિ; વર્તુલની લીટી; કંદોરા જેવી રેખા. (૨) વર્તુળ; ગોળાકૃતિ. (૩) આચરણ; વર્તણુક; રીતભાત. (૪) ચરિત; ચાલ. (૫) કવિતાના માપનો એક પ્રકાર; છંદ; ઢાળરાગ. (૬) કામ;

ધંધો; ઉદ્યોગ. (૭) બાબત; વાત. (૮) ખબર; સમાચાર. (૯) હકીકત; ઇતિહાસ.

વૃત્તાન્ત, ન૦ [સં.] હકીકત; વિગત; વર્ણન. (૨) કથા; કહાણી; ઇતિહાસ; પ્રકરણ. જાતિ; તરેહ. (૫) વર્તણૂક; રીતભાત.

વૃત્તિ, સ્ત્રી૦ [સં.] ગુજારા માટે જે ધંધો વગેરે કરવાનું તે; જીવનોપાય; નિર્વાહાર્થ વ્યાપાર; આજીવિકા; ઉદ્યમ. (૨) અંતઃકરણનું વલણ; મનનો ભાવ. (૩) પ્રકાર; પદ્ધતિ. (૪) ટીકા; વિવરણ; ટિપ્પણ. (૫) શબ્દાર્થનો બોધ કરનારો પ્રકાર. (૬) વાણીની અમુક અમુક પ્રકારની રચનાઓ તે. (૭) નિષ્ઠા.

વૃત્ત્યનુપ્રાસ, પું૦ [સં.] ગદ્યપદ્યમાં એકમે એક જાતના અક્ષરોની આવૃત્તિથી આવતી વાણીની શોભા તે; ઝડઝમક; એક શબ્દાલંકાર. ઉ૦ મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન, મોટામોટા મહીપતિ મહીપતરામને.

વૃત્ર, પું૦ એક રાક્ષસ. એને ને ઇન્દ્રને લડાઈ થઇ હતી.

વૃથા, અ૦ [સં.] મિથ્યા; નિરર્થક; ફોગટ. (૨) નકામું; નિષ્ફળ.

વૃદ્ધ, વિ૦ [સં.] ઘરડું; ઉમ્મરે પહોંચેલું; જરઠ; જૈફ. (૨)વડીલ; વડવાઓ.:–વૃદ્ધોના પુણ્યપ્રતાપે પરિવાર સારો છે.

વૃદ્ધતા, સ્ત્રી૦ ઘરડપણ; જરા; જૈફી.

વૃદ્ધત્વ, ન૦ [સં.] ઘડપણ; જૈફી.

વૃદ્ધા, સ્ત્રી૦ [સં.] ઉમ્મરે પહોંચેલી સ્ત્રી; ડોસી.

વૃદ્ધાવસ્થા, સ્ત્રી૦ [સં.] ઘરડપણ; મોટી અવસ્થા; જરાવસ્થા; જૈફી.

વૃદ્ધિ, સ્ત્રી૦ [સં.] વધારો; ઉમેરો. (૨) અભ્યુદય; આબાદી. વૃદ્ધિશ્રાદ્ધ=પુત્ર જન્મ વગેરે મંગળ પ્રસંગે કરવામાં આવતી પિતૃતર્પણની ક્રિયા તે.

વૃદ્ધિંગત, વિ૦ વધી ગયેલું; વિસ્તાર પામેલું.

વૃશ્ચિક, પું૦ [સં.] વિંછી; ઝેરી ડંખવાળો એક જીવ. (૨) આઠમી રાશિ.

વૃષણ, ન૦ અંડ; ગોળીની કોથળી; આંડવો.

વૃષભ, પું૦ [સં.] ગોધો; પોઠિયો; આખલો; સાંઢ. (૨) બીજી રાશિ.

વૃષભધ્વજ, પું૦ મહાદેવ; શિવ; શંકર.

વૃષલી, સ્ત્રી૦ પતિત સ્ત્રી; શૂદ્રા, ધર્મભ્રષ્ટ સ્ત્રી.

વૃષ્ટિ, સ્ત્રી૦ [સં.] વરસાદ; ઉંચેથી–આકાશમાંથી વિખરાતું પાણી પડવું તે. (૨) કોઇ પણ વસ્તુનું ખૂબ આવી પડવું તે; મોટો પ્રપાત.:–પુષ્પવૃષ્ટિ.

વૃંદ, ન૦ [સં.] ટોળું; જથો; સમુદાય.

વૃંદા, સ્ત્રી૦ [સં.] ઘણું કરીને ઉગતી એક વનસ્પતિ; તુળસી.

વૃંદારક, વિ૦ [સં.] સુંદર; મનોહર; રમણીય. (૨) ઉત્તમ; શ્રેષ્ઠ; મુખ્ય.

વૃંદાવન, ન૦ [સં.] તુળસીનું વન. (૨) મથુરાં પાસેનું એક ધામ

વૃંતાક, ન૦ રિંગણું.

વે, પું૦ [સં.વેધ] વેહ; છિદ્ર; કાણું; નાકું; વ્હે. (૨) દર; પોલ; વિવર.

વે, સ્ત્રી૦ વય; ઉમ્મર.

વેકળો, પું૦ વહેળો; વહેળિયું. (૨) નાળું; વરસાદના પાણીના પ્રવાહે પડેલું વહેળુ તે.

વેખળ, વિ૦ સ્વભાવ રહિત; ઠપકો દેતાં ખડખડ હસી પડે એવું અને ગાંભીર્યરહિત. (૨) અસભ્ય; મશ્કરું; નિર્લજ્જ; ઢંઢ વગરનું.

વેખંડ, સ્ત્રી૦ એક ઓષધિ; કાષ્ઠદવા.

વેગ, પું૦ ગતિ–આવનની ઝડપ તે; દોડનો ધસારો–જોસ તે; ઝડપ; જવ; ત્વરિતપણું. (૨) ગતિનો ઉભરો; જોસ. (૩) ગતિ; દોડ. (૪) અંચળાઇ; ભાવનો ઉછાળો. (૫) ધક્કો; આંચકો. મલનનો સપાટો.

વેગ, પું૦ માથાના અમુક; શળના જેવા વાયુના બોધ.:–માથે વેગ થયા છે; ચસક.

વેગણુ, ન૦ વંત્યાક; રિંગણું; એક જાતનું શાક ફળ; વેંગણુ.

વેગણી, સ્ત્રી૦ વંત્યાકડી; રિંગણી, વેંગણી.

વેગણું, ન૦ વંત્યાક; રિંગણું. વેંગણું.

વેગરવું, ક્રિ૦ સ૦ વેઠવું; સહન કરવું. (૨) પાળવું; નિભાવવું.

વેગળાઈ, સ્ત્રી૦ છેટું; અંતર. (૨) દૂર હોવું તે. (૩) જુદાઇ.

વેગળું, વિ૦ દૂર; છેટે; આઘું. ઉ૦ વેગળો રેની વરણાગિયા. (૨) છુટું;જુદું.ક્રિ૦ પ્ર૦ વેગળું રહેવું. વેગળું પડવું. વેગળું બેસવું= અડકાવું; અભડાવું.

વેગળે, એ૦ આઘે; છેટે; લાંબે અંતરે.

વેંગુ, વિ૦ વંગ; જડસું.

વેચતું, વિ૦ કિમ્મત આપ્યે મળે એવું; વેચાતું.

વેચવું, ક્રિ૦ સ૦ કિમ્મત લઇને આપવું; બદલો લઇને આપી દેવું. (૨) ગુમાવવું.

વેચાઉ, વિ૦ વેચવા મૂકેલું; કિમ્મત અથવા બદલો લઇને આપી દેવાનું હોય એવું. આ વેચાઉ અનાજ છે, બાકીનું ઘર વાપર માટે છે. વેચાઉ માલ. (૨) વેચવાનું જે તે.

વેચાણ, ન૦ વેચવું તે; કિમ્મત અથવા બદલો લઇને આપવું તે. (૨) જેટલું વેચેલું હોય તેટલું તે; વેચાવું તે.

વેચાણિયું, વિ૦ વેચાણ લીધેલું; અઘાટિયું; ખરીદેલું;

વેચાતું, વિ૦ વેચાઉ, વેચવા મૂકેલું.

વેચાવું, ક્રિ૦ અ૦ કિમ્મતે મળવું; પ્રાપ્તથવું; ખરીદાવું;

વેજ, પું૦ નિશાનઃ નેજા. (૨) હરકત; દુઃખ; વિપતઃ–વેજા વિતાડયા.

વેજાં, ન૦ ધાંધાં; વળખાં.

વેજાણું, ન૦ પાણી અટકાવવાનો બંધ; આડસર.

વેઠ, સ્ત્રી૦ વગર દામનું વૈતરું; જેમાં કંઇ મળતર ન હોય એવી મહેનત. વગર દામ મજુરી આપવે ફરજિયાત વૈતરું–કામસેવા કરાવવાં તે.:–સરકારી વેઠ. (૨) નડતર; હરકત; પીડા. (૩) ખાલી મહેનત–માથાકુટ તે; નકામો ભાર વહેવો તે. ઉ૦ અંધો થઇને ધંધે ધાયો, વેઠ ઉપાડી ભાર વહ્યો. ઉઠવેઠ=ચાકરી; બરદાસ.

વેઠવું, ક્રિ૦ સ૦ સહન કરવું; ખમવું; માથે પડેલું ભોગવ્યા કરવું; દુઃખે નિભાવવું.

વેઠાવું, ક્રિ૦ અ૦ સહન થવું; સહેવાવું; ખમાવું; સંખાવું. ઉ૦ આ દુઃખ હવે નથી વેઠાતાં.

વેઠિયાવાડ, વિ૦ વેઠ કરવાની માફક જેમ તેમ ન ચાલે ફરજિયાત કરેલું એવું તે; ઢંગ વગરનું; ક્રમને ઘસી–કરી નાંખેલું: બળાત્કારે કરેલું–કરવાનું હોય એવું: મન કે ઉત્સાહથી કર્તવ્ય સમજી કરવાનું કે કરેલું નહિ એવું તે.

વેઠિયો, પું૦ વેઠ કરનારો; વગર લવાજમનો નોકર; બળાત્કારે જેની પાસેથી મહેનત મજુરી કરાવવામાં આવતી હોય તે. (૨) વૈતરો; મજુર; ભાર–બોજો ઉપાડનારો કે કામ કરનારો તે.

વેડ, પું૦ વેઢ; બેથી વધારે આંટાની વિંટી; મોટી અંગુઠી.

વેડફવું, ક્રિ૦ સ૦ ઉડાડી દેવું; જેમ તેમ ખરચી નાંખવું. (૨) ગુમાવવું; અકારણ જતું કરવું.

વેડમી, સ્ત્રી૦ તુવેર કે ચણા દાળમાં ગળપણ નાંખી બનાવેલો માવો કે પુરણ બે પડની વચ્ચે આવે એવી રીતે કરેલી રોટલી; પુરણપોળી; ગળી રોટલી.

વેડવું, ક્રિ૦ સ૦ વિંણવું; ઉતારવું; તોડી લેવું; ચુંટવું; ઝાડપરથી લાંબા ઓજારે ફળ તોડી–વીણી લેવાં. (૨) ફળ મેળવવું;

પ્રાપ્ત કરવું; પામવું; લણવું; લાભ કાઢવો:—આવળ વાવીને શું વેઢયું? કાંટાને!

વેઢાવવું, ક્રિ૦ પ્રે૦ ફળ ઉતરાવવાં; ચુંટાવવું, વિણાવી લેવું:—આંબો વેઢાવવો.

વેઢાંગ, પું૦ ઘોડો; અશ્વ; હય.

વેડી, સ્ત્રી૦ કેરી તોડી લેવાની છેડે જાળીદાર ઝોળીવાળી લાંબી લાકડી-આંકડીવાળો-વાંસ.

વેડુંર, વિ૦ ફાંકડું; સુંદર.

વેડો, પું૦ કેરી વગેરે ફળ ઉતારનારો; ઉંચા ઝાડ ઉપરથી ફળ તોડી આપનારો.

વેઢ, પું૦ વેડ; મોટી બેથી વધારે આંટાની અંગુઠી. (૨) વેઢો; કાપો; આંકો.

વેઢવવું, ક્રિ૦ સ૦ મુકાબલો કરવો; સરખાવવું; મેળવવું.

વેઢો, પું૦ આંગળાં પરનો કાપો; આંગળાંની એક એક સાંધા લગીની પેર. (૨) ઝટ ફાટે નહિ એવી લાકડાની ગાંઠ; ગુંચવાળી ભારે ને ટુંકી ચિતાળ.

વેણ, ન૦ વચન; બોલ. (૨) વેણુ; વાંસળી; મોરલી. (૩) ગુંથેલો ચોટલો; લાંબા વાળની લટરો તે. (૪) વહેણ; પાણીનું વહેવું તે; પ્રવાહ માર્ગ; ખેંચાઇ જવાય એવું પાણીનું જોરભેર વહેવું તે. (૫) નાળું. (૬) જનનનો દુખાવો; ગર્ભને બહાર ધકેલવાને થતું આકુંચન તે. (૭) કપાસનો છોડ.

વેણા, સ્ત્રી૦ વીણા; તંબુરો; એક તંતુવાદ્ય.

વેણાચુંટા, પું૦ વાયવાય; મનની મુઝવણ—ગભરામણ; આતુર અકળામણ; વિંણાચુંટા. (૨) ભૂખને લીધે થતી મુઝવણ; ભૂખને લીધે થતાં વળખાં ને દુઃખ.

વેણી, સ્ત્રી૦ [સં.] સ્ત્રીઓના માથાના વાળની ગુંથેલી લટરો તે; ચોટલો. (૨) વાળની લટો ગુંથીને વાળેલી ગાંઠ—અંબોડા પર બાંધવાનો ફુલનો કે ઉનનો સુંદર ગજરો તે. ઉ૦ મઘમઘી રહી છે મેંદી સારી, તારી વેણીની વાસે પ્યારી. (૩) કમાડના ઉભા પાટિયા પર જડવામાં આવતી લાંબી ચીપ; ઉભો ખુસો:—વેણી ફાંગવા તો સારાં કરજો ઠાર!

વેણુ, સ્ત્રી૦ વાંસળી; મોરલી. (૨) વાંસ.

વેણુક—વાવું, ક્રિ૦ અ૦ વહાણું વાવું; સવાર થવું.

વેણુકા, સ્ત્રી૦ વાંસળી. (૨) પાતળા નક્કર વાંસની ઝાડી.

વેણું, ન૦ પાણી ભરી લાવવાની ગાડી.

વેત, પું૦ વેંત; વ્હેંત (૨) ઘાટ; મોખ; ત્રેવડ.

વેતન, ન૦ [સં.] મહેનતાણું; રોજ. (૨) દરમાયો; પગાર. (૩) જીવાઇ; વરખાસન.

વેતર, ન૦ વિયાવું તે; એક એક વારનું જનન તે; દરેક વખતનું વિયાણુ તે. ક્રિ૦ પ્ર૦ વેતરે આવવું=પશુમાદાને આધાન કાળ આવવો; સવાણે આવવું.

વેતરણ, સ્ત્રી૦ જુગતી; ગોઠવણ; તજવીજ; ત્રેવડ. (૨) વલે; શિક્ષા કરવાનો ઘાટ.

વેતરવું, ક્રિ૦ સ૦ શરીરને બેસતું આવે એવી રીતે માપસર કપડાં વગેરેને કાતરવાં તે; બંધબેસતો ઘાટ થવા માટે કપડાને કાતરવું. (૨) કાપીકુપીને ઘાટમાં લાવવું; બેસતું—અનુકૂળ—ગોઠતું આવે તેમ કરવું. (૩) વ્યંગમાં—બગાડવું; છિન્નભિન્ન કરી નાંખવું; બગાડી નાંખવું.

વેતસ, ન૦ નેતર. (૨) બરૂ.

વેતા, પું૦ ઢાકળો; ઢંગ; ભલીવાર. (૨) સારી સમજ; ડહાપણ. (૩) આવડ; કાર્યચાતુર્ય.

વેતાળ, પું૦ [સં. वेताल] એક ઉપદેવ. (૨) પિશાચનો રાજા. (૩) ભૂતની એક જાતિ. આગિયો વેતાળ. (૨) દ્વારપાળ; હજુરિયો.

વેત્તા, વિ૦ [સં.] જાણનાર:—તત્ત્વવેત્તા.

વેત્ર, ન૦ [સં.] નેતર; વેતસ; બરૂ. (૨) છડી.

વેત્રધર, પું૦ [સં] છડીદાર; દ્વારપાળ.

વેત્રાસન, ન૦ [સં] નેતરનું ગુંથીને બનાવેલું આસન; ખુરસી; બેઠકિયું.

વેદ, પું૦ [सं.] જ્ઞાન. (૨) આર્ય પ્રજાનું આદિ ધર્મ પુસ્તક. વેદ ચાર છે, ઋક્, યજુ, સામ અને અથર્વવેદ. વેદત્રયી, એમ પણ કહેવાય છે.

વેદના, સ્ત્રી૦ [सं.] પીડા; દુ:ખ; કળતર.

વેદમૂર્તિ, વિ૦ જાણે વેદજ ન હોય એવું; વેદની પ્રતિકૃતિ રૂપ. વેદ ભણેલો હોવાથી તેના જેવો, એમ.

વેદાંત, ન૦ [सं.] વેદમાંનું તત્ત્વજ્ઞાન તે; ઉપનિષદનું જ્ઞાન; તત્ત્વ વિચારણાનાં છ દર્શનમાંનું છેલ્લું દર્શન તે; 'જગત મિથ્યા છે અને જ્ઞાનથીજ મોક્ષ મળે છે' એમ બતાવનારૂં વેદમાંનું જે રહસ્ય જ્ઞાન તે; એક બ્રહ્મ સિવાય બીજું બધું ખોટું છે, એવો મત તે.

વેદાંતી, વિ૦ વેદાંતના મતને માનનાર; અદ્વૈતવાદી; તત્ત્વજ્ઞાની; બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એવું માનનાર; અદ્વૈત મત પ્રતિપાદન કરનાર.

વેદિકા, સ્ત્રી૦ [सं] વેદી; યજ્ઞ, હોમ કરવાને બનાવેલી માટીની ઓટલી અથવા કુંડ જેવી રચના તે.

વેદિયો, પું૦ વેદનો પાઠ કરનારો; વૈદિક કર્મકાંડ કરાવનારો; વેદપાઠી. (૨) દુનિયાદારીથી અજ્ઞાત; વ્યવહારની સમજ વગરનો માણસ.

વેદી, સ્ત્રી૦ [सं.] હોમ કરવાનો અગ્નિ સળગાવવાની માટીની ઓટલી અથવા નાનો કુંડ તે. (૨) જમીનની સપાટીથી સહેજ ઉંચી માટીની ઓટલી ચોરો તે. ઉ૦ સુતી જે સુખ સેજમાં ગિરિસુતા, તે વેદિએ પોઢતી. પાર્વતીપરિણય.

વેદોક્ત, વિ૦ [सं] વેદમાં કહેલું હોય તે; વેદભાષિત; વેદમાં ફરમાવેલું.

વેદ્ય, વિ૦ [सं.] જાણવા જેવું; વેદિતવ્ય.

વેધ, પું૦ [सं.] વિંધેલું તે; છિદ્ર; વેહ. (૨) સૂર્ય ચંદ્રનું જેટલું આ ગ્રહણ થાય તે; ગ્રહાદિકના બિંબનો છેદાયેલો ભાગ તે. (૩) રાહુ. (૪) સુતાર કડિયાના કામમાં સમાન્તરતાનો દોષ તે; બાધ; દોષ; નડતર. (૫) ગ્રહાદિકની ગતિ અને તેમના ભ્રમણ વગેરેનું પ્રમાણ–કાળ માપણી તે; વખતનું પરિમાણ.

વેધન, ન૦ [सं] વિંધવું તે; વિંધ. (૨) વિંધવાનું ઓજાર; સુઆ; વિંઝણું.

વેધલો, પું૦ કાનના ઉપલા વેહમાં પહેરવાનું ઘરેણું.

વેધવું, ક્રિ૦ સ૦ [सं. विध्] વિંધવું; ભોંકવું; છિદ્ર–કાણું પાડવું. (૨) મનમાં ઉંડી અસર કરવી.

વેધશાળા, સ્ત્રી૦ [सं] ગ્રહાદિકની ગતિ અને તેમના ભ્રમણનો કાળ વગેરે ગ્રહ–સ્થાન તે; ગ્રહાવલોકન ગ્રહશાળા. observatory.

વેધા, પું૦ [सं.] બ્રહ્મદેવ; પ્રજાપતિ; બ્રહ્મા.

વેધી, વિ૦ વેધવાળું; દોષવાળું. (૨) વિંધે એવું; ચોટ–નિશાન પર જઇ વાગે એવું; વિંધી નાંખે એવું:—શબ્દવેધી. હૃદયવેધી.

વેન, ન૦ [सं. वेण्] વહન; વહેવું તે. (૨) વાહન; યાન; વહેણ. (૩) લંગાર; હાર; જૂથ; પરંપરા. (૪) એક પ્રાચીન સુધારક રાજા. મનુનો પૌત્ર; એણે વર્ણભેદ વગેરેમાં સુધારો દાખલ કરવાથી પ્રજામાં મોટી હોહા થઇ હતી, ને બ્રાહ્મણોએ એને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો હતો.

વેપથુ, ન૦ [सं.] કંપ; ધ્રૂજ; થરથરાટ.

વેપલો, પું૦ વેપાર. (તિરસ્કારમાં)

વેપાર, પું૦ માલ વેચવા સાટવાનો ધંધો તે; રોજગાર; ઉદ્યમ; લેવડ દેવડનું કામકાજ કરવું તે. (૨) જીવન વ્યવહાર ચલાવવો તે; સંસારની પ્રવૃત્તિમાં રહેવું–વર્તવું તે; જીવન વ્યવહાર સંબંધી વ્યવસાય. રૂ૦ પ્ર૦ વેપાર માંડવો=સ્ત્રીપુરૂષ થઇને સંસાર ચલાવવો તે.

વેપારી, વિ૦ વેપાર કરનાર; ધંધાદારી; ક્રય વિક્રય કરનાર. (૨) વ્યવહારવાળો; સંસારી; ઉદ્યમી; વ્યવસાયી.

વેર, ન૦ [સં. वैर] દુશ્મનાઇ; શત્રુવટ. (૨) ખાર; ઝેર; અદાવત; દ્વેષ. (૩) વહેરતાં કે કોતરતાં થયેલો લાકડાનો ભુકો તે; વહેર. (૪) અ૦ લગી; સુધી; પર્યંત.:–અત્યારવેર–સાંજવેર આવ્યો નહિ.

વેરણ, સ્ત્રી૦ વેરી : શત્રુ; દુશ્મન; દુઃખ દેનારી–નડનારી, પીડાકારી સ્ત્રી. (૨) વિ૦ ખારીલી–દ્વેષ કરનારી,સ્ત્રીઃ–રાતવેરણ ક્યમે નવ ખૂટે. (૩) વિ૦ વેરાયેલું; વિખરાઇ ગયેલું એવું:–વેરણખેરણ. (૪) વહેરવું તે.

વેરણખેરણ, વિ૦ વેરાયેલું; આમ તેમ વેરાઇ ગયેલું; અસ્તવ્યસ્ત; વેરાયેલું તે; આમતેમ ખરેલું એવું તે.

વેરણિયો, પું૦ વહેરવાનું કામ કરનારો; વહેરણિયો સુતાર.

વેરભાવ, પું૦ વેર લેવાની બુદ્ધિ તે; ખાર.

વેરવી, પું૦ વેરી; દુશ્મન; શત્રુ. (૪) વિ૦ દુશ્મનાઇ રાખનાર; ઝેરીલું; દ્વેષી.

વેરવું, ક્રિ૦ સ૦ આમ તેમ પડી જાય એમ કરવું; છુટું છુટું પડે તેમ કરવું; વિખેરી નાંખવું; વિખરાતું પડે એમ કરવું. (૨) ઢોળવું. (૩) પાથરવું. (૪) ઉડાડી દેવું; વાવરી નાંખવું; જુદે જુદે ઠેકાણે નાંખવું. (૫) વહેરવું; કરવતથી કાપવું.

વેરાગ, પું૦ સંસાર ઉપરથી પ્રીતિ ઉતારી નાંખવી તે; ત્યાગ; સંસારાભાવ; ગૃહસ્થાશ્રમથી અલગ થઇ જવું તે; માયામમતાનો ત્યાગ તે.

વેરાગણ, સ્ત્રી૦ ત્યાગી સ્ત્રી; બાવી; સાધુડી.

વેરાગી, પું૦ ત્યાગી; બાવો; સાધુ. જેણે સંસારની માયામમતા છોડી દીધી હોય તેઃ–ત્યાગી વેરાગી ક્યમ થયા.

વેરાતું, વિખરાતું; આમ તેમ છુટું છુટું ખરતું–ઢળતું હોય તેવું; પથરાતું.

વેરાન, વિ૦ ઉજડ; નિર્જન; જ્યાં કોઇનો વાસ હોય નહિ એવું; વસ્તી વગરનું. (૨) ના. જંગલ; રાન.

વેરી, વિ૦ વેર રાખે એવું; ઝેરીલું; ડંખીલું. (૨) દુશ્મન; શત્રુ. ઉ૦ કુંવરી મારા કિયા વેરીએ વેર સાધ્યાં.

વેરે, અ૦ સાથે; સંગાથે; જોડે.:–ચકુવેરે પરણશે તો સુખી થશે.

વેરો, પું૦ રાજ્ય તરફનો કર; માલમિલકત ઉપરની સરકારી જકાત. (૨) મહેસુલ; રાજ્ય ઉપજ. (૩) વહેરો; અંતર; ભેદ; ફરક રાખવો તે:–વેરોઆંતરો.

વેલ, સ્ત્રી૦ [સં वल्लि] વેલી; લતા. (૨) વેલી જેવી ફૂલપાનની ભાત; ભરત–છાપ વગેરેની; ફૂલ પાનવાળી લતાના જેવી છાપ –તરેહ તે. (૩) વહેલ; રથ; માફો. ઉ૦ વેલ કરી સજ્જ છે. પ્રતિમા. ના.:–ઘોડવેલ.

વેલણ, ન૦ રોટલી વણવાનું વતરણું (૨) માલ વગરની વસ્તુ; વ્યર્થ–ખરાબ અર્થે વપરાય છે:–શું મળવાનું છે ? વેલણ !

વેલણિયું, વિ૦ વેલણ જેવું.

વેલા, સ્ત્રી૦ આપદા; વિપત્તિ. (૨) વેળા; વખત; મુકરર સમય. (૩) ખરાબ વખત; પડતીનો દુર્દશાનો વખત, દુર્ભાગ્ય. (૪) સમુદ્ર કિનારો; હદ; સીમા.

વેલિયું, ન૦ વેલિયું; સોના રૂપાના તારની કડી–કાનનું ઘરેણું. વેલા જેવો વિંટલો તે. (૨) અરધો રૂપિયો; અડધો. (૩) વિ૦ ઢંગવગરનું; વલુકડું; બોલવે ચાલવે ને પહેરવેશે સાદું રહેનાર.

વેલી, સ્ત્રી૦ જમીન ઉપર પથરાય અથવા છોડ કે ઝાડનો આધાર હોય તો તે ઉપર વિંટાતી વિંટાતી ચઢે એવી વનસ્પતિ; નાનો વેલો; લતા.

વેલું, વિ૰ વહેલું; અમુક નિશ્ચિત સમય પૂર્વે તે.–વેલા ઉઠવું. (૨) ઉતાવળું. (૩) અ૰ જલદી; ઝડપથી; વગર વિલંબે. ઉ૰ ચાલ ચાલ ઝટ વે'લી, તજ તુજ મનથી તમામ લજ્જાને. ઉ. રા. ચ.

વેલો, પું૰ મોટી વેલ; જેની શાખાઓ જમીન ઉપર પથરાય અથવા ઝાડને વળગી ઉંચે ચઢે એવી જાતની વનસ્પતિ; શાખા પ્રતિ શાખાવડે પથરાનારી વનસ્પતિની શાખા તે. વેલાતોડ વરસાદ–ચોમાસાના અંતનો વરસાદ.

વેવ, સ્ત્રી૰ એક જાતની વેલ. એનાં પાન મસળીને કાઢેલો રસ થોડીજ વારે દૂધની માફક જામી જાય છે. વેવનું દહિં બળતા સોજા ઉપર લગાડાય છે.

વેવડાવવું, ક્રિ૰ સ૰ વહે–પ્રવાહે ચાલે એમ કરવું; રેલો ચલાવવો. (૨) બહેકાવવું; ફૂટાડવું; લડાવ્યાથી છકી જાય એમ કરવું.

વેવણ, સ્ત્રી૰ વેવાણ; વહેવાણ; વર કન્યાની માતાઓ–એકબીજાને સામસામે ઓળખેતે.

વેવરામણ, ન૰ વહી–ઉપાડી–ઉંચકી લઇ જવું તે. (૨) વહી–લઈ જવાની મજુરી. ગામડે ઇંટો સોંઘી મળે ખરી પણ વેવરામણ ભારે પડે. (૨) સસ્તે મળવું તે; લાભ–નફો થવો તે.:–એમાં કંઈ વેવરામણ નથી, તેમ છેતરામણ પણ નથી, ઠીકઠીક છે.

વેવલાં, ન૰ ફાંફાં; વળખાં. (૨) તુચ્છ–નમાલી વસ્તુની કામના કરવી વગેરે તે.:–એમ વેવલાં વિણે કંઈ અર્થ સરશે નહિ, તરણાં; વેવનાં ડાંખળાં.

વેવલું, વિ૰ બોલવે ચાલવે તેમજ પહેરવે ઓઢવે–સાદું–ટાપટીપ વગરનું; હાથારેંગું; સાબડભોળું. (૨) લપૂડું; વલવલતું; અસંસ્કૃત; અચતુર.

વેવાઈ, વહેવાઇ; વરકન્યાના બાપ–એક બીજાને સામસામે ઓળખે તે. ઉ૰ મળિયા વેવાઇને દીધાં માન. છોકરાંના વિવાહથી થયેલા સંબંધી.

વેવાણ, સ્ત્રી૰ વરકન્યાની માતાઓ; વહેવાણ; વેવણ.

વેવાર, પું૰ વહેવાર; વ્યવહાર; આપવા લેવાનો, બોલવા જમવાનો–વ્યવહરવાનો બીજા સાથેનો સંબંધ તે. (૨) લોક નાત વગેરેએ ચલાવેલો નૈતિક આચાર; વર્તન; ચાલ. (૩) સાખ; આબરૂ.

વેવારિયો, પું૰ નૈતિક વહેવારે ચાલનારો; પૈસા ટકાની બાબતમાં પ્રમાણિકપણે વર્તનારો; સાખવાળો; સાહુકાર; શાહ.

વેવીશાળ, ન૰ વિવાહ કરવાથી થયેલો સંબંધ તે; વાગ્દાન; સગાઇ. (૨) જ્યાં છોકરો છોકરી દીધેલાં હોય તે કુટુંબ સાથેનો સંબંધ.:–વેવીશાળમાં નોતરાં દેજો. વેવીશાળિયો=વિવાહ કરનારો.

વેવું, ક્રિ૰ સ૰ [સં. વહ્] વહેવું; ઉંચકીને લઈજવું; ઉપાડવું; તાણવું; ખેંચવું. (૨) સહન કરવું; વેઠવું; સહેવું. (૩) ક્રિ૰ અ૰ રેલો ચાલવો; પ્રવાહ ચાલવો; નિકળવું; લુંઠવું; ધારપડવી:–નદી વે'છે. લોહી વે'છે. (૪) વંઠીજવું; બહેકવું; ફાટીજવું; હદ બહાર જવું:–છોકરો વઇ (વહી) ગયો. (૫) ઠગવું; છેતરવું.

વેશ્યા, સ્ત્રી૰ [સં. ગણિકા; વારાંગના; પુંશ્ચલી; પાતર. વેશ્યાચારજ=ભડવો.

વેષ, પું૰ [સં.] વેશ; કપડાં ઘરેણાંવાળા પહેરવેશનો દેખાવ; શોભીતો દેખાવ તે. (૨) પહેરવેશ, લિબાસ; પરિધાન; પોષાક. (૩) બીજાના જેવું બનવું તે; સોંગ; બરોબરી કરી દેખાડવી તે:–કાબાનો વેષ ભજવ્યો. નાટક–ભવાઇ વગેરેમાં. (૪) સુહાગણના ચિહ્ન રૂપ શણગાર તે; સૌભાગ્યવતીનો પોષાક તે. વાળ, ચુડો, ચાંલ્લો વગેરે.:–વેષ ઉતારવો; વેષરાખવો.

વેષધારી, વિ૰ બીજાના જેવા પોશાક, બોલી ચાલી વગેરે વાળું; સોંગ લેનાર; ઢોંગી. (૨) ઠગ; ધુરતું.

વેષ્ટન, ન૰ [સં.] ઢાંકણું; આચ્છાદન; પડ; ખોલ-ફેટલું; પરબીડિયું. (૨) બાંધણ. (૩) વિંટાળવું તે; બીજાપર વિંટાયેલું હોય એવું તે.

વેષ્ટિત, વિ૰ [સં.] વિંટાએલું; છવાયેલું; આચ્છાદિત. (૨) ઘેરાયેલું.

વેસણ, ન૰ ચણાનો લોટ; કઠોળનો આટો. (૨) ચણા અથવા કઠોળના આટાનું ખીરું, ભજિયાં, પાતરાં ઉપર ચોપડવામાં આવે છે. પાણીમાં અડવાળેલો બાજરી-કઠોળ વગેરેનો લોટ. દાળમાં વેસણ ઘાલશો તોજ મેળ ખાશે.

વેસર, સ્ત્રી૰ નથ; વાળી; વીંટલી; બુલાખ. ઉ૰ નકવેસર મોતી લળકે.-(૨) ન૰ ઘોડા ગધેડામાંથી ઉપજેલું સંકરપ્રાણી; ખચ્ચર; અશ્વતર.:—એ તો વેહર ગધેડા છે.

વેસરી, સ્ત્રી૰ વાળી; નથ.

વેસવાળ, ન૰ વિવાહ સંબંધ; સગાઈ; વાગ્દાન.:—આ છોકરાનું વેસવાળ ક્યાં કરશો ?

વેહ, પું૰ વે; વિંધ; વેધ; કાણું; શાર. (૨) નાકું.:—સોયનો વેહ. (૩) દર.

વેળ, સ્ત્રી૰ વેળા; સમય; અમુક નિશ્ચિત વખત તે. (૨) તાણ; આંકડી. (૩) તરંગી ભાવના; વિચારનો ઉછાળો; અમુક કરવાનું જોર-જોસ.:—કોણ જાણે એને શી વેળ આવે છે. (વેએળ).

વેળા, સ્ત્રી૰ વખત; સમય. (૨) અમુક નિશ્ચિત સમય. (૩) જરૂર સંભાળવા જેવું ટાણું; સંધિ; પ્રસંગ. (૪) ઢીલ; વાર; વિલંબ. (૫) મુશ્કેલીનો વખત, દુર્ભાગ્ય. ક્રિ૰ પ્ર૰ વેળા વટાવવી=નિશ્ચિત સમય જવા દેવો; ખોટી કરવું; સમય વીતી જાય એમ કરવું. વેળાવળવી=સારા-સુખી દિવસો આવવા; ભાગ્ય ઉઘડવું.:—હમણાં છોકરા ભણ્યાગણ્યા ત્યારે એની વેળાવળી. કહે૰ પડી વેળાએ પાદ.

વેળાસર, અ૰ વખતસર; સમય ઉપર. (૨) ઉતાવળે; જલદી; વહેલાં; નક્કી કરેલો વખત થાય તે પહેલાં એમ.:—સવારમાં વેળાસર ઉઠવાની છોકરાંને ટેવ પાડવી.

વેળિયું, ન૰ કાને પહેરવાનું વિંટી-વાળાની કડી જેવું ઘરેણું; વાળાનું ગુંછળું. (૨) વહેળિયું; પાણીના વહેણથી પડેલો લાંબો જળમાર્ગ; ઝરણું; નાળું.

વેળુ, સ્ત્રી૰ રેતી; ધૂળ.

વેળો, પું૰ વહેળો; નાળું.

વેંગણ, ન૰ વંત્તાક; રિંગણું.

વેંચણ, સ્ત્રી૰ વહેંચાણ; વાંટણી. (૨) ભાગ; ફાળો.

વેંચવું, ક્રિ૰ સ૰ વહેંચવું; ભાગ પાડવા; નોખું કરવું; વાટવું.

વેંત, સ્ત્રી૰ અંગુઠાના ટેરવાથી ટચલી આંગળીના ટેરવા જેટલી લંબાઇ તે; બિલ્લસ. રૂ. પ્ર૰ વેંત ભુંઇ સુઝતી નથી=બીજાની સલાહ વગર ગમ પડતી નથી. (૨) કર્તવ્ય નહિ સુઝવું તે; પોતાની અક્કલે કામનો ઉકેલ નહિ થવો તે.

વેંતિયું, વિ૰ વેંત જેવડું; ટુંકું. (૨) ઠિંગણું.:—વેંતિયાં માણસ.

વૈ, સ્ત્રી૰ વાઇ; વાયુનો રોગ. આ રોગ અસાધ્ય છે. મોઢે ફેણ આવી માણસ બેભાન થઇ જાય છે અને અંગો તણાઇ ખેંચાઈ જાય છે. (૨) શરદીને લીધે થયેલી બાદી; એમાં પેટમાં આંકડી આવે છે અને ઉલટી થાય છે. (૩) તાણ, આંચકીનો રોગ. વૈના બધા રોગ વાતરોગમાં આવે છે.

વૈ, સ્ત્રી૰ વહી; હિસાબ અને વંશાવળી વગેરેની નોંધપોથી; ચોપડો.:—વૈપૂજા દિવાળીને દહાડે થાય છે. ક્રિ૰ પ્ર૰ વૈ બાચવી=

ગબગુજરી–સારી ખોટી બાબતોનું ગ્રાયલું કરવું; ભુલાઇ ગયેલી લાંછનવાળી જુની વાતો કાઢી ચંચુા મારવા. વૈવંશા=વંશાવળીની નોંધ રાખી વખતો વખત તે તે વંશના કુટુંબીઓ આગળ વાંચનાર એક જાતિ–ભાટ, ચારણ વગેરે:–વૈવંચાના ચોપડા ઉપરથી તારવેલી વંશાવળી.

વૈ, સ્ત્રી૦ મોટું અને ઉંડું દર; ભોંયમાં પાડેલો ઉંડો ખાડ–ભોંક તે. (૨) કોળ પકડવાનો ફાંદો; ઝાળવેં; ઉંઝરિયું.

વૈકલ, વિ૦ વિકળ; ગાયેલ; ઘેલું.

વૈકલ્પિક, વિ૦ [સં.] વિકલ્પવાળું; આમ તેમ બેઉ પ્રકારે લખાય–થાય એવું તે; વિકલ્પયુત; અડુકદડુકિયું.

વૈકલ્ય, ન૦ [સં.] વિકળતા; ઘેલછા; મનની અસ્થિર અવસ્થા તે. (૨) ગુંચવાડો; ગડબડ.

વૈકુંઠ, ન૦ [સં.] વિષ્ણુનું નિવાસસ્થાન; વિષ્ણુનું ધામ. વૈકુંઠવાસ–મરતાં વૈકુંઠમાં વાસ મળવો તે. મરણ; સદ્ગતિ.:–એનો વૈકુંઠવાસ થજો.

વૈકુંઠવાસી, વિ૦ મરણ થતાં વૈકુંઠ પામેલું; વૈકુંઠમાં જઈ વસેલું; અર્થાત્ મુએલું; મરનાર; મરી ગયેલું; સદ્ગતિ પામેલું.

વૈકૃત, વિ૦ વિકૃતિ પામેલું; બગડી ગયેલું–મન અને આકાર ખરાબ થઇ ગયાં હોય એવું; અસલ રૂપરંગ ને વિચાર બદલાઇ ગયેલા હોય એવું.

વૈખરી, વિ૦ [સં.] સ્પષ્ટ ઉચ્ચારવાળું; ચોખ્ખું. (૨) વાણી–શબ્દોચ્ચારની ચાર રીતિઓમાંની ચોથી રીતિ તે.–વૈખરી વાણી. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી; ધડધડાટ–વાણી છૂટે તેમ બોલાતી વાણી તે.

વૈચિત્ર્ય, ન૦ [સં.] વિચિત્રતા; વિચિત્રપણું. (૨) નવાઇ; આશ્ચર્યતા. (૩) તરેહવારપણું; નવું અને આશ્ચર્યકારક લાગે એવું તે.

વૈજયંત, પું૦ [સં.] ઇન્દ્રનો વાવટો; ધ્વજ.

વૈજયંતિક, પું૦ વાવટો ધરનાર–ફરકાવનાર; ધ્વજા પકડનાર.

વૈજયંતી સ્ત્રી૦ કાળી તુળસી. (૨) તુલસીની મંજરીઓની વિષ્ણુની માળા તે. વિષ્ણુની આ માળામાં પાંચ ભૂતનાં તત્ત્વ અને જુદી જુદી જાતનાં રત્નો હોય છે. ઉ૦ શોભે લાંછન પર્વત માળ, કૌસ્તુભ કંઠે વૈજયંતી. ગિરધર.

વૈજવું, ક્રિ૦ અ૦ વહીજવું; નિર્લજ્જ ને ઉદ્ધત થઇ જવું; વંઠીજવું; બહેકીજવું.

વૈજાત્ય, વિ૦ [સં.] વિજાતીયતા; માણસ, પ્રાણી અને વનસ્પતિ વગેરેના વર્ગમાં થયેલો સંકર. (૨) અસામ્ય; ફેરફાર.

વૈજ્ઞાનિક, વિ૦ [સં.] વિજ્ઞાન સંબંધી; ઉચ્ચ જ્ઞાનનું; શાસ્ત્રીય.

વૈતનિક, વિ૦ [સં.] વેતન–પગાર લઇને કામ કરનાર; પગારદાર; દાડિયું; દરમાયાદાર. (૨) મજુર; રોજદાર.

વૈતરણી, સ્ત્રી૦ યમલોકના માર્ગમાં આવતી એક નદી. (૨)જગદીશ તરફ જતાં મહાનદી આગળ આવેલી બંગાળના ઉપસાગરને મળતી એક નદી અને તે નામનું તીર્થ. હિંદુઓમાં એવી માન્યતા છે કે, દાનમાં આપેલી ગાયનું પુંછડું પકડીને મુએલાનો જીવ એ નદી ઉતરી–પાર જાય છે. ઉ૦ ગોદાન દો બહુ વિપ્રને, જો તરવી હોય વૈતરણી.

વૈતરું, ન૦ ખુબ મહેનત–કકુટ પડવી તે; શક્તિ ઉપરાંત કામ કરવું પડે તે; મજુરી; વેઠ; થાકી જવાય એવું સખત કામ તે.

વૈતરો, પું૦ સખત મહેનત કરનારો મજુર; વેઠ ઉપાડનારો.

વૈતાલિક, પું૦ [સં.] સ્તુતિ પાઠથી રાજાને જાગ્રત કરનારો; માગધ; ભાટ, ચારણ; સ્તુતિપાઠક.

વૈતાલ, પું૦ વેતાલ; એક બળવાન પિશાચ; પિશાચનો વડો. (૨) શિવનો ગણ.

વૈદ, પું૦ વૈદ્ય; રોગની પરીક્ષા કરી તે મટે એવો ઉપાય કરનારો; ચિકિત્સક; હકીમ; તબીબ; દાક્તર.

વૈદક, ન૦ રોગ પારખવાની ને તે મટાડવાની વિદ્યા તે. (૨) વૈદ્યનું કામ તે. વ્યાધિની પરીક્ષા કરવી અને દ્રવ્ય ગુણ જાણી તેનો રોગ ઉપર ઉપયોગ કરવો વગેરે નિદાન અને ચિકિત્સાને લગતું કામકાજ તે.

વૈદગ્ધ્ય, ન૦ [સં.] ચતુરાઇ; પ્રવીણતા; સારી આવડ. (૨) કારીગરી. (૩) ધૂર્ત્તતા. ઉ૦ વૈદગ્ધ્ય વાપર્યું બધું વણસીજ જાશે. માલતીમાધવ.

વૈદર્ભ, વિ૦ વિદર્ભનું-વિદર્ભને લગતું. (૨) વિદર્ભ દેશ-પ્રજાનો રાજા તે; દમયંતીનો પિતા. વૈદર્ભી=દમયંતી. રુક્મિણી. ઉ૦ વૈદર્ભ દેશ વિખ્યાતરે રાજાજી.

વૈદિક, વિ૦ [સં.] વેદનું-વેદ સંબંધી. (૨) વેદ ભણેલો; વેદ વિધિએ ક્રિયા કરાવનાર; વેદિયો.

વૈદું, ન૦ વૈદ્યનું કામ-ધંધો તે: રોગ પારખી દવા આપવાનો ધંધો તે. કહે૦ ના આવડે ભીખ તો વૈદું શીખ.

વૈડૂર્ય, ન૦ [સં.] નીલુંરત્ન; લીલા કંઇક કાળા રંગનો કિમતી પત્થર તે; આસમાની હીરો-મણિ.

વૈદેશિક, વિ૦ [સં.] પરદેશનું; પરદેશી; વિદેશી.

વૈદેહી, સ્રી૦ [સં.] જાનકી; સીતા; વિદેહના રાજાની પુત્રી.

વૈદ્ય, પું૦ [સં.] રોગની પરીક્ષા કરી દવા આપવાનો ધંધો કરનારો; ચિકિત્સક; હકીમ; તબીબ; દાક્તર; કવિ (બંગાળીમાં.)

વૈદ્યુત, વિ૦ [સં.] વિજળીનું-સંબંધી. વૈદ્યુતાગ્નિ=વિજળીનો દેવતા.

વૈધરત, ન૦ એક યોગ; વૈધૃતિ.

વૈધર્મ્ય, ન૦ [સં.] વિધર્મતા; પરધર્મપણું; અધર્મતા. (૨) આચારભેદ. (૩) ગુણમાં-મૂળ સ્વરૂપમાં ભિન્નતા તે.

વૈધવ્ય, ન૦ [સં.] રંડાપો; વિધવાપણું; વિધવાવસ્થા.

વૈધૃતિ, સ્રી૦ [સં.] પંચાંગ પ્રમાણે સત્તાવીસમો યોગ. આ યોગ અશુભ ગણાય છે. વૈધરત.

વૈનીતક, ન૦ [સં.] પાલખી, સુખપાલ; ડોળી. ઉ૦ વૈનીતકમાં બેસી ધર્યે. રત્નો.

વૈપરીત્ય, ન૦ [સં.] વિપરીતપણું; ઉલટાઇ. (૨) ખરાબી.

વૈપુલ્ય, ન૦ [સં.] વિપુલતા; પુષ્કળપણું;

વૈભવ, પું૦ [સં.] ભોગ્ય વસ્તુઓની જોઇતી સગવડ-સાધન તે; સાહેબી; ઠાઠમાઠ; સુખકર સાહિત્યનાં અનુકૂળ સર્વ સાધન તે. (૨) ધન સામગ્રી વગેરેનો ખૂબ ભરાવ; સમૃદ્ધિનો ઝળકાટ; સરસ ભોગ્ય સાધનોવાળી ભભક તે. (૩) ઐશ્વર્ય; પ્રતાપ; કીર્તિ. ભોગ્ય સામગ્રીનું પુષ્કળપણું.

વૈભવી, વિ૦ વૈભવવાળું; સારાં સુખકર સાહિત્યનો ઉપભોગ કરી જાણનાર; સાહેબીવાળું; ઠાઠમાઠથી રહેનારૂં; સુખોપભોગી; ભોગી; અમીરી; ગૃહસ્થાઇ માણનાર.

વૈભોગ, પું૦ વૈભવ; ભોગ્ય સાહિત્યનું પ્રાચૂર્યતે. (૨) મોજમઝા; સાહેબી; ઠાઠ.

વૈમાન, ન૦ વિમાન; વાયુવાહન, આકાશમાં ચાલનારૂં યાન-વાહન તે.

વૈમાનિક, વિ૦ [સં.] વિમાન સંબંધી. (૨) વિમાન ચલાવનાર.

વૈયાકરણ, વિ૦ [સં.] વ્યાકરણ સંબંધી.(૨) પું૦ વ્યાકરણ શાસ્ત્ર જાણનાર.

વૈયાકરણી, વિ૦ વ્યાકરણ શાસ્ત્રી.

વૈર, ન૦ [સં.] વેર; દ્વેષ; દુશ્મનાઇ. (૨) કીનો.

વૈરકૃત્ય, ન૦ [સં.] જુદાઇ; વિરક્તિ; નહિ આસક્તિ તે; નહિ આસક્તપણું.

વૈરલ્ય, ન૦ [સં] વિરલતા; આછાપણું. (૨) ઓછપ; ખોટ; અછત.

વૈરાગ, પું૦ વૈરાગ્ય.

વૈરાગી, પું૦ વેરાગી; બાવો; જોગી; સાધુ.

વૈરાગ્ય, પું૦ [સં] સંસારની માયા મમતા રહિતપણું; આસક્તિનો અભાવ તે; સંસાર ઉપરની પ્રીતિનો ત્યાગ–અભાવ તે. અનાસક્તિ.

વૈરાટ, વિ૦ [સં.] વિરાટ સંબંધી. (૨) ખોટું; અતલીબળ.

વૈરી, વિ૦ [સં] વેરી; દુશ્મન. ઉ૦ મોટાનો વૈરી ને ચોર, દેવાદાર લુંટાયલા.

વૈરૂપ્ય, ન૦ [સં] અસુંદરતા; નહિ રૂપાળા પણું તે; વરવાપણું; બેડોળપણું.

વૈવટ, જુ૦ વહીવટ, શિરસ્તો; વહેવાર.

વૈવર્ણ્ય, ન૦ [સં.] વિવર્ણતા તે; ફિકાશ. (૨) કદરૂપાપણું.

વૈવર્ત, પું૦ [સં] ફેર; પલટો; સ્થિતિ, કાળ, અને સ્વરૂપમાં થતો ફેરફાર તે; સ્વરૂપાન્તર; રંગ–વાતાવરણ–આકારનું પલટાઇ જવું તે. (૨) નવું–બીજું સ્વરૂપ (ઉદ્ભવવું) તે; ચક્કર.

વૈવસ્વત, પું૦ [સં.] હાલ ચાલતા મન્વન્તર–ખોટા કાળ વિભાગનો આદિ કર્તા; સાતમો મનુ. હાલ જે મનુ–મોટા કાળ વિભાગ ચાલે છે તેમાંનો વૈવસ્વત મનુનો કાળ છે. આગળ એવા છ કાળ થઇ ગયા છે.

વૈવાહિક, વિ૦ [સં] વિવાહ સંબંધી; લગ્ન બાબત.:–વૈવાહિક સંબંધી=વિવાહથી થયેલો સંબંધ–જોડાણ તે.

વૈશંપાયન, પું૦ [સં] વ્યાસનો એક વિદ્વાન શિષ્ય; જનમેજય રાજાને એણે મહા ભારત સંભળાવ્યું હતું.

વૈશાખ, પું૦ [સં.] કાર્તિકથી સાતમો મહીનો તે; ઉનાળાનો ત્રીજો મહીનો.

વૈશેષિક, ન૦ [સં.] કણાદ મુનિએ બનાવેલું એકશાસ્ત્ર. ન્યાયશાસ્ત્રથી એમાં ઓછા પદાર્થ માનેલા છે, એટલે માત્ર સાત પદાર્થ વૈશેષિક શાસ્ત્રે માનેલા છે.

વૈશ્ય, વિ૦ [સં] આર્યોના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ત્રીજી વર્ણના લોક તે; વેપાર ધંધો કરનાર એક જાતિ–વર્ણ તે; વણિક. ૧ વર્ણ બ્રાહ્મણ, ૨ વર્ણ ક્ષત્રિય, ૩ વર્ણ વૈશ્ય અને ૪ વર્ણ શૂદ્ર.

વૈશ્વદેવ, ન૦ [સં.] ગૃહસ્થાશ્રમી આર્ય પોતે જમતા પહેલાં વિશ્વેદેવાને જે બલિ આપે છે તે કર્મ; નિત્ય બલિ આપવો તે.

વૈશ્વદેવિયું, ન૦ વૈશ્વદેવને બલિ આપવાને અગ્નિ રાખવાનું પાત્ર; યજ્ઞકુંડના જેવા આકારની તાંબાની શગડી.

વૈશ્વાનર, પું૦ [સં.] દેવતા; અગ્નિ. ઉ૦ વૈશ્વાનર નિપાવે પાક, ખટરસ ભોજન સઘળાં શાક. ઉદ્ધવ.

વૈશ્વાસિક, વિ૦ [સં] વિશ્વાસનું; વિશ્વાસુ.

વૈષમ્ય, ન૦ [સં.] વિષમતા; અસમતા; ભેદભાવ; ન્યૂનાધિકતા. (૨) કઠણાશ; મુસ્કેલી.

વૈષ્ણવ, વિ૦ [સં.] વિષ્ણુ ભક્તિના સંપ્રદાયને માનનારો તે; વિષ્ણુભક્ત; વિષ્ણુને માનનાર. (૨) વિષ્ણુ સંબંધી.

વૈષ્ણવી, સ્ત્રી૦ લક્ષ્મી.

વૈહાયસ, વિ૦ [સં.] આકાશી; હવામાં ચાલે એવું; આકાશ માર્ગે જાય એવું. ઉ૦ જુઓ વૈહાયસ આ યાનો, સુર વૈભવ ભોગવવાશો; મુનિ ! અમને મુકી કહિં જાશો ? બો ! અત્ર પધારો યોગી.

વૈહાસિક, પું૦ [સં] મસ્કરો; હસાવનારો; જાુઠાણું; ભાંડ.

વો, પું૦ વોહ, જોસભેર પાણીનું વહેવું તે; વહેણ, પાણીનો આગળ ને આગળ વધતો ધસારો તે. (૨) ધોધ; ધારાવહન.

વોકળો, પું૦ વોહકળો; વહોકળો; પાણીનું નાનું વહેણ; નાળું.

વોડકી, સ્ત્રી૦ જુવાન ગાય—ભેંશ; જોટડી.
વોડકું, ન૦ જોટકું; જુવાન ગાય—ભેંશ.
વોણ, ન૦ વહોણું; જ્યાંથી પાણી વહી જતું હોય તે; નાળું; વહેણ. (૨) નાળા જેવો સીમમાં વહેતું પાણી ભરાઇ રહે એવો લાંબો ખાડો.
વોણું, અ૦ વિનાનું; વિહોણું.
વોરત, સ્ત્રી૦ વહોરત; ખરીદી; વેચાતી લીધેલું—લેવું તે.
વોરતિયો, પું૦ વહોરતિયો; ખરીદ કરનારો; વહોરનારો; લેનારો.
વોરવું, ક્રિ૦ સ૦ વહોરવું; ખરીદ કરવું; વેચાતી લેવું. (૨) એકઠું કરવું; સંઘરવું. (૩) ઘેર ઘેર ફરી પકવાન ભિક્ષા કરવી તે; માધુકરી.
વોરો, પું૦ વોહરો, વહોરો; બોરો; ઇસ્લામ ધર્મની અમુક શાખાના અનુયાયી મુસલમાનોની એક જાત—ન્યાત.
વોહ, પું૦ જોરથી વહેતા પાણીનો પ્રવાહ તે; વહેણ. (૨) પાણીને વહી જવાનો વેગદાર માર્ગ તે.:—અહિં પાણીનો વોહ છે માટે ખરાબો ગણાય.
વોહોરવું, ક્રિ૦ સ૦ ખરીદવું; વેચાતું લેવું. (૨) સંઘરવું; એકઠું કરવું. (૩) જૈનમાં માધુકરી એકઠી કરવી:—જે સાધુ આવે તેને વોહોરાવજો—ભિક્ષા—(તૈયાર રસોઇની) આપજો.
વ્યક્ત, િ [સં.] સમજી શકાય એવું; સ્પષ્ટ; ખુલ્લું; સ્ફુટ; ઉઘાડું.
વ્યક્તિ, સ્ત્રી૦ [સં.] એક જણ; એકત્વ; અવયવ વિશેષ; પૃથક્—ત્વતા. ઘણામાંનું અમુક એક તે; એક માણસ એમ.:—વ્યક્તિ અને સમાજ.
વ્યગ્ર, વિ૦ [સં.] મુશ્કેલી, ભય અને દુઃખ વગેરેથી અસ્થિર મનવાળું; માનસિક ગભરામણમાં પડેલું; વ્યાકુળ; ભય, દુઃખ અને મુશ્કેલ પ્રશ્નમાં શું ચવાયેલું; ચિંતાતુર, વિહ્વલ.
વ્યગ્રતા, સ્ત્રી૦ વિહ્વલતા; માનસિક અસ્વસ્થતા.
વ્યજન, પું૦ [સં] વિંઝણો; પંખો.
વ્યતિક્રમ, પું૦ [સં] વિપર્યાસ; વ્યત્યાસ; ઉલટાઇ; પલટો. (૨) આજ્ઞા વગેરેનું ઉલ્લંઘન તે; ઉલટો ક્રમ.
વ્યતિરિક્ત, વિ૦ [સં.] જુદું; અળગું. (૨) બીજાકું છતર; ભિન્ન. (૩) વગર; સિવાય.
વ્યતિરેક, પું૦ [સં.] ભિન્નત્વ; જુદાપણું; પૃથગ્ત્વ. (૨) ત્યાગ; વર્જન. (૩) નહિ મળતાપણું;
વ્યતીપાત, પું૦ [સં] સત્તાવીસ યોગમાંનો એક યોગ. આ યોગ અશુભ ગણાય છે. (૨) આડખીલી; ધાંસ.
વ્યતીપાતિયું, વિ૦ જંપીને બેસે નહિ એવું; સનેપાતિયું; તોફાની; મસ્તીખોર.
વ્યત્યય, પું૦ [સં.] ઉલટાઈ; વિરૂદ્ધતા. (૨) આડખીલી. (૩) ઉલટસુલટપણું. અવળાઇ.
વ્યથા, સ્ત્રી૦ [સં.] પીડા; દુઃખ. (૨) મનસ્તાપ.
વ્યથિત, વિ૦ [સં.] પીડિત; દુઃખી. (૨) ખિન્ન; ક્લાન્ત. (૩) ગભરાયેલું.
વ્યભિચાર, પું૦ [સં] સ્વીકારેલા નિયમની વિરૂદ્ધ જવું તે; સ્વીકૃતાચાર ભંગ. એક બીજાને પર હોય એવાં સ્ત્રી પુરૂષનો સંબંધ તે; છિનાળું; જારકર્મ.
વ્યભિચારિણી, સ્ત્રી૦ વ્યભિચારી સ્ત્રી; છિનાળ; પર પુરૂષ સંગી સ્ત્રી.
વ્યભિચારી, વિ૦ છિનાળવું; સોદું; વિષયાસક્ત. (૨) રસને સહાયક ભાવ તે.
વ્યય, પું૦ [સં.] ખરચ; ખપત. (૨) વાપરા.
વ્યર્થ, વિ૦ [સં.] નકામું; નિરર્થક; ફોગટ; મિથ્યા; અપ્રયાજનનું.

વ્યલીક, વિ૦ [સં.] ખોટું; ખરાબ. (૧) નહિ કરવા યોગ્ય; અકાર્ય. (૨) કૃત્રિમ; બનાવટી; અસત્ય.

વ્યવસાય, પું૦ [સં.] ક્રયવિક્રય રૂપ વ્યાપાર તે; ધંધો; ઉદ્યોગ; બહોળું કામકાજ; રોકાણ; પ્રવૃત્તિ. (૨) નિશ્ચય; ઠરાવ.

વ્યવસ્થા, સ્ત્રી૦ [સં.] બંદોબસ્ત; રીતસર ગોઠવણ કરવી તે; વ્યવસ્થિતિ, નિયમસર મૂકવું, ચલાવવું અને રાખવું તે.

વ્યવસ્થાપક, પું૦ [સં.] વ્યવસ્થા કરનારો; બંદોબસ્ત રાખનારો; નિયમસર ચલાવનારો.

વ્યવસ્થિત, વિ૦ યથાક્રમ; ઠીકઠાક; રીતસરનું; સારા બંદોબસ્તવાળું.

વ્યવહાર, પું૦ [સં] વહેવાર; વહીવટ; રૂઢિ; રવૈયો. (૨) ધંધો; આપલેનો સંબંધ તે; ઉદ્યોગ. (૩) ધારો; નિયમ.

વ્યવહારિક, વિ૦ વહેવાર સંબંધી; વ્યવહારને અનુકૂળ. (૨) આપલેની રૂઢિએ નીભતું–ચાલતું હોય એવું; આચરવા યોગ્ય.

વ્યવહાર્ય, વિ૦ [સં.] વહેવારમાં મુકાય એવું; આચરવા યોગ્ય. (૨) નિયમસર ચલાવવા જેવું; સંબંધ-ક્રયવિક્રય–આપલે કરી શકાય એવું.

વ્યષ્ટિ, સ્ત્રી૦ [સં.] જુદી જુદી ઘણી વસ્તુઓમાંનું એકાદ જુદું અંગ–અવયવ તે; એકપણું; એકાંક; ઘણામાંનું એક સ્વરૂપ તે; સમષ્ટિથી ઉલટું.

વ્યસન, ન૦ [સં.] દુઃખ; આપદા: સંકટ. (૨) માદક પદાર્થ સેવાની હેળ તે; કેફ કરવાની ટેવ; આદત તે. (૩) છંદ; લત; હવશ.

વ્યસની, વિ૦ દુઃખી; સંકટમાં પડેલું. (૨) માદક પદાર્થ સેવાની હેળવાળું; બંધાણી; કેફ કરનારૂં; ગાંજો, અફીણ અને દારૂ વગેરે પીવાની કુટેવવાળું.

વ્યસ્ત, વિ૦ [સં.] આમતેમ ફેંકાયેલું; વિખેરી નાંખેલું; વેરાયેલું (૨) ઉલટું વિપરીત. (૩) વહેંચીનાંખેલું; છુટુંપાડેલું.

વ્યાકરણ, ન૦ [સં.] કોઇ પણ ભાષા બોલવાના અને લખવાના નિયમોનું શાસ્ત્ર તે; શુદ્ધ બોલવા લખવાની રીતિનું શાસ્ત્ર, અથવા ભાષાના નિયમોને લગતી વિદ્યા તે.

વ્યાકરણી, વિ૦ વ્યાકરણ જાણનાર; કોઇપણ ભાષાના નિયમો વગેરેનો જાણકાર તે; ભાષાશાસ્ત્ર; ભાષાના શબ્દ, વાક્ય અને રચના વગેરેનો પ્રબંધ કરનાર તથા જાણનાર તે.

વ્યાકુળ, વિ૦ [સં. **व्याकुल**] દુઃખ, શોક, ક્રોધ અને ભય વગેરેથી ક્ષુબ્ધ મનવાળું–ગભરાયેલું; બાવરૂં; વિહ્વલ; આકુળ; મુશ્કેલીમાં મુંઝાયેલા મનનું; અસ્થિર–અશાંત ચિત્તવાળું.

વ્યાકુળતા, સ્ત્રી૦ વિહ્વલતા; મુશ્કેલીની ગભરામણ; મુંઝવણ.

વ્યાખ્યા, સ્ત્રી૦ [સં.] શબ્દ, વાક્ય અને વિષયનો ખુલ્લો–સ્પષ્ટ અર્થ સમજાવનારૂં વિવેચન–બ્યાન તે; ટીકા; સમજુતી.

વ્યાખ્યાન, ન૦ [સં.] વિવેચન; કોઇ પણ વિષયને વધારે સ્પષ્ટ કરી બતાવવો તે. ટીકા; સમજુતી. (૨) ભાષણ; વિગતવાર એકાદો વિષય પ્રતિપાદન કરવો તે. (૩) વ્યાખ્યા કરવી તે.

વ્યાઘ્ર, પું૦ [સં.] માંસાહારી અને જંગલી ક્રૂર પ્રાણી; વાઘ; શેર.

વ્યાજ, ન૦ ધીરેલાં નાણાં ઉપર મુદતના પ્રમાણે લેવામાં આવતો બદલો તે; અમુક મુદત અને અમુક રકમ ઉછીની લેનારને લીધેલી રકમ ઉપરાંત આપવો પડતો વધારો તે; વૃદ્ધિ. (૨) સં. બહાનું; મિષ; ઢોંગ. (૩) યુક્તિ: તદબીર; કપટ; છેતરપિંડી.

વ્યાજખાઉ, વિ૦ મોટે વ્યાજે નાણાંની ધીરધાર કરનાર; વ્યાજલોભી; વ્યાજ ઉપર કમાઇ કરનાર; આકરૂં વ્યાજ લેનાર; વ્યાજ ખાવાની વૃત્તિવાળું.

વ્યાજવટંતર, ન૦ વ્યાજ અને હકસાઈ વ-ટાવ વગેરે નાણાંની ધીરધારનો બદલો અને આપલેનો વટાવ વગેરે ઉપજ તે.:—આ વરસે વ્યાજ વટંતરમાંથી કંઈ ઝાઝું મળ્યું નથી. વ્યાજવટંતરનો ધંધો-નાણાં ફેરવવાનો ધંધો તે.

વ્યાજવટું, ન૦ વ્યાજ અને વટાવ મળે એવો ધંધો; નાણાંની આપલે ને ધીરનો ધંધો.:—વ્યાજવટાના ધંધામાં સારું કમાયો.

વ્યાજુચીઠી, સ્ત્રી૦ વ્યાજ લેવાની સરતે ધીરેલી રકમ માટેનું લખાણ તે.

વ્યાધ, પું૦ [સં.] પારધી; શિકારી; હિંસા કરનારો. (૨) વિ૦ દુષ્ટ; ક્રૂર.

વ્યાધિ, પું૦ [સં.] રોગ; આજાર; મરજ; દરદ. (૨) દુઃખ; પીડા; શારીરિક બગાડ; વિકૃતિ.

વ્યાન, પું૦ [સં.] શરીરમાંના પાંચ વાયુઓ-માંનો ત્રીજો વાયુ. શરીરમાંના પાંચ વાયુઃ—પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન.

વ્યાપક, વિ૦ [સં.] સર્વ ઠેકાણે વ્યાપી રહે-નાર; જેની હાજરી દરેક ઠેકાણે હોય એવું; બહોળા ફેલાવવાળું; જેનો પ્રસર સર્વત્ર હોય એવું વિસ્તૃત.

વ્યાપવું, ક્રિ૦ અ૦ ફેલાવું; સર્વત્ર હોવું; પ-થરાઈ રહેવું; પ્રસરવું; સર્વત્ર અંદર અને બહાર પેસીને રહેવું.

વ્યાપાર, પું૦ [સં.] પદાર્થ પ્રાણીની ક્રિયા-પ્રવૃત્તિ; એક બીજા સાથેનો વ્યવહાર. (૨) ઇંદ્રિયો દ્વારા ચાલતો પ્રવૃત્તિ ક્ષોભ તે; માનસિક ગડમથલ. (૩) ધંધો; રોજગાર; ક્રયવિક્રયાદિકનો વ્યવસાય; વેપાર.:—વ્યા-પારે વસતી લક્ષ્મી. આજીવિકા સંબંધી ઉદ્યોગ; કોઈ પણ જાતની ક્રિયા–કાર્ય પ્રવૃત્તિ તે.

વ્યાપ્ત, વિ૦ [સં.] સર્વત્ર ફેલાઈ ગયેલું; ચારે તરફ પ્રસરી રહેલું; બધે જે ભરેલું હોય તે; વ્યાપેલું. (૨) પૂર્ણ. (૩) ખ્યાત.

વ્યાપ્તિ, સ્ત્રી૦ [સં.] ફેલાવ; પ્રસર; વ્યાપકતા. કોઈ પદાર્થની બીજા કોઈ પણ પદાર્થમાં અંશતઃ વ્યાપકતા હોવી તે; જેનો બહોળો પ્રસાર હોય તે; જ્યાં ત્યાં હોવાપણું; ભરપૂરતા.

વ્યામોહ, પું૦ [સં.] અજ્ઞાન; મૂર્ખપણું.

વ્યાયામ, પું૦ [સં.] શરીરને લાગતો શ્રમ; કસરત; અવયવોને મહેનતથી કસવા તે. (૨) થાક.

વ્યાયોગ, પું૦ [સં.] નાટક–રૂપકનો એક પ્ર-કાર તે. મધ્યમવ્યાયોગ.

વ્યાલ, પું૦ [સં.] સાપ; નાગ; અહિ. (૨) ચિત્તો, વાઘ.

વ્યાવહારિક, વિ૦ [સં.] વહેવારું; વ્યવહાર સંબંધી.

વ્યાવું, ક્રિ૦ અ૦ વિયાવું; પ્રસૂત થવું; જણવું.

વ્યાસ, પું૦ [સં.] પરાશર અને સત્યવતીના પુત્ર, પુરાણો બનાવનાર ઋષિ. (૨) મધ્ય રેખા. ગર્ભસૂત્ર. (૩) જાડાઈ. (૪) વિસ્તાર.

વ્યાસંગ, પું૦ [સં.] બહુ આસક્તિ; આસંગો; હેળ; હેડો. (૨) વિદ્યાકળાનો ઘણો પરિ-ચય તે; મહાવરો; ઘણો અભ્યાસ. (૩) પૂર્ણભક્તિ.

વ્યુત્ક્રમ, પું૦ [સં.] ઉલટો ક્રમ તે; ગોટાળો; અવળો ક્રમ.

વ્યુત્પત્તિ, સ્ત્રી૦ [સં.] સારી રીતે જાણવું તે; સમજવા જેટલું જ્ઞાન; જાણપણું. (૨) શબ્દ અને અર્થ વગેરેની મૂલોત્પત્તિ સં-બંધી જ્ઞાન તે; શબ્દની ઉત્પત્તિ ઘટના અને અર્થ સંબંધી યથાર્થ જ્ઞાન તે.

વ્યુત્પન્ન, વિ૦ [સં.] વિદ્યાકળા સંબંધી પૂર્ણ જ્ઞાનવાળું; જાણકાર; જાણીતું; માહિતગાર; નિષ્ણાત; સારું જ્ઞાન પ્રાપ્ત કરેલું હોય એવું. (૨) પૂર્ણ.

વ્યૂહ, પું૦ [સં.] શત્રુના સૈન્યથી ઝટ આક્ર-મણ થાય નહિ એવી લશ્કરી ગોઠવણ;

સૈનિકોની અમુક હાર રચના તે; લશ્કરને ગોઠવવાની રીત, વ્યૂહ રચના ઘણી જાતની છે અને તે જુદે જુદે નામે ઓળખાય છે.:–શ્યેનવ્યૂહ, શકટવ્યૂહ, વગેરે.

વ્યોમ, ન૦ [સં.] આકાશ; ગગન; નભ.

વ્યોમચર, ન૦ આકાશમાં ફરનાર–ઉડનાર; પંખી.

વ્રજ, ન૦ [સં.] ગાયો અને ગોવાળનું સ્થાન –ગામ તે; ગોસ્થાન; ગોપગ્રામ. (૨) પોતાનાં ઢોર લઇને ફરતા ગોપાળવૃત્તિના લોકો જે ઠેકાણે પડાવ નાંખે છે તે સ્થાન.

વ્રજવું, ક્રિ૦ અ૦ જવું; ગમન કરવું.

વ્રણ, ન૦ [સં.] ચામડી પર ગડગુમડથી અથવા વાગવાથી પડેલો ક્ષત–કાપ–ચાંદું તે; ઘા; છિદ્ર; કાણું; નારૂં.

વ્રત, ન૦ [સં.] ઇશ્વર પ્રસાદન, પાપક્ષય અથવા ફળ પ્રાપ્તિને માટે ઉપોષણાદિક નિયમ પાળવા તે; બાધા. (૨) પણ; અમુક કરવા ન કરવાનો આગ્રહ તે.

વ્રતાળ, જુ૦ વ્રતી.

વ્રતી, વિ૦ [સં.] જેણે વ્રત લીધેલું હોય એવું; વ્રત પાળનારૂં. (૨) બ્રહ્મચારી; નિયમવાળું; તપસ્વી; સાધુ; અમુક નિયમથી દેહદમન કરનાર.

વ્રાત્ય, વિ૦ [સં.] સોળ વર્ષ લગી જેને ઉપવીત સંસ્કાર થયો ન હોય તેવો ત્રિવર્ણિક; સંસ્કાર વગરનો; બહિષ્કૃત. (૨) શુદ્રથી ક્ષત્રિયાણીને પેટ જન્મેલો તે.

વ્રીડા, સ્ત્રી૦ [સં.] લાજ; શરમ.

વ્રીહિ, પું૦ [સં.] ચોખા; ભાત; ચાવળ.

વ્રેહ, પું૦ વિરહ; વિયોગ.

વ્હાર, સ્ત્રી૦ વહાર; મદદ; કુમક; સહાય. ક્રિ૦ પ્ર૦ વ્હારે ધાવું=કુમકે જવું; બચાવ કરવો.

વ્હેલ, સ્ત્રી૦ વહેલ; રથ; સુંદર ગાડી. (૨) ન૦ [અં.] મોટું ચરબીદાર મગરમચ્છ.

શ્રી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં શા. મોહનલાલ ભીખાભાઈએ છાપ્યું.

[illegible]—અમદાવાદ